ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૧

ગુરૂવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯
ફાલ્ગુન ૭, ૧૯૩૦ શાકે

થી

શુક્રવાર, તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯
ફાલ્ગુન ૮, ૧૯૩૦ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ત્રીજું અધિવેશન**


**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **ગુરૂવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯ / ફાલ્ગુન ૭, ૧૯૩૦ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન | ૧ - ૩૦ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૧ - ૪૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩ - ૧૬૭ |
| શોકદર્શક ઉલ્લેખ | ૧૬૮ - ૧૬૯ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૭૦ - ૧૭૦ |
| ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન નિયમ- ૪૪ | ૧૭૧ - ૧૭૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૨ - ૧૭૨ |
| લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન | ૧૭૩ - ૧૭૮ |
| નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ | ૧૭૯ - ૧૮૬ |
| બિન સરકારી સંકલ્પો | ૧૮૭ - ૨૦૪ |
| **શુક્રવાર, તા.૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯ / ફાલ્ગુન ૮, ૧૯૩૦ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૫ - ૨૧૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૮ - ૨૩૧ |
| કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ - ૪૪) | ૨૩૨ - ૨૩૨ |
| ઉધોગમંત્રીશ્રી નિવેદન (નિયમ-૪૪) | ૨૩૩ - ૨૩૪ |
| શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન, નિયમ-૪૪ | ૨૩૫ - ૨૩૫ |

# અ નુ ક્ર મ ણિ કા

| વિષય | પાના નંબર |
|---|---|
| આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૨૩૬ - ૨૩૬ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૨૩૭ - ૨૩૮ |
| ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિધેયક, ૨૦૦૯ | ૨૩૯ - ૨૫૨ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૫૩ - ૨૫૩ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક,૨૦૦૯ | ૨૫૪ - ૨૫૭ |
| ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક,૨૦૦૯ | ૨૫૮ - ૨૫૮ |
| સરકારી સંકલ્પ(નિયમ-૧૨૦) | ૨૫૯ - ૨૬૩ |
| વિશેષાધિકારભંગનો મુદ્દો | ૨૬૪ - ૨૬૪ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) | ૨૬૫ - ૨૭૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૭૨ - ૪૮૭ |
| સભ્યશ્રીઓનું હાજરીપત્રક | ૪૮૮ - ૪૯૨ |

***

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**ફાલ્ગુન ૭, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**પહેલી બેઠક**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને.**

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૯,૮૫,૭૭,૯૯,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૦૦૦ ની * પૂરક માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી વેજસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**ગૃહ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૬૦,૩૦,૧૮,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક: ૪૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**કૃષિ અને સહકાર વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૪૪,૨૮,૭૩,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી વેજસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શિક્ષણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૬૨,૯૨,૫૭,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠો સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૪૨,૨૮,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

---

* પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણા મંત્રીશ્રીએ બધી પૂરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩૯,૨૧,૯૮,૦૦૦ ની અને મૂડીખર્ચ માટેની રૂ. ૧૯,૯૯,૧૦,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ અને ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ અને ૨૦ રજૂ કરવામાં આવી.**

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૨,૪૦,૦૦,૦૦૦ ની અને મૂડીખર્ચ માટેની રૂ. ૩૭,૬૦,૦૦,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ અને ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ અને ૨૩ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩૩,૦૬,૧૬,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પૂલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૪૬,૮૧,૧૬,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૫,૫૦,૩૫,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪,૯૨,૨૮,૯૮,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક : ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૨૬-૨-૨૦૦૯ (પહેલી બેઠક)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં.૧૩** | | |
| ૧. | ૨૮૦૧વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૬ પી ડબલ્યુઆર-૦૬<br>શહેરી....સહાયકી<br>રકમ રૂા.૪૦,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૭ | ૧૦૦ | શહેરી અને ગ્રામીણ વિસ્તારોની ઝુંપડપટ્ટીઓમાં વીજળીકરણનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૨ | ૨૮૦૧વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૮૦૦ અન્ય ખર્ચ<br>(૨૩) બળતણ કિંમત .....સહાયકી<br>રૂા.૫,૫૬,૯૭,૯૯,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૮ | ૧૦૦ | સસ્તી વીજળી મળતી હોવા છતાં ખાનગી ઉત્પાદકો પાસેથી ઉંચી કિંમતે વીજળી ખરીદાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૩ * | ૨૮૦૧વીજળી શકિત<br>૮૦ સામાન્ય<br>૮૦૦ અન્ય ખર્ચ<br>(૨૬)સાગર ખેડુ ....સહાયકી<br>રકમ રૂા.૪૬,૮૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૨૮ | ૧૦૦ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ને સહાય મળતી હોવા છતાં સાગરખેડૂ વિકાસ માટે ઝડપી કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૪૩** | | |
| ૪ | ૨૦૫૫-પોલીસ<br>૦૦૩-શિક્ષણ અને તાલીમ<br>૦૧- પોલીસ.... શાળાઓ<br>રૂા.૧,૯૩,૫૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૭૭ | ૧૦૦ | પોલીસ અને પ્રજા વચ્ચે એક- સુત્રતા જળવાય તેવી તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીકુંવરજીભાઈ બાવળીયા |
| ૫ * | ૨૦૫૫-પોલીસ | ૧૦૦ | છૂપી પોલીસ ધ્વારા જૂના ગુન્હાઓનો ભેદ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧-ગુના....તકેદારી<br>૦૧-છુપી પોલીસ ખાતુ<br>રૂ.૩,૦૨,૩૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૭૭ | | ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | છૂપી પોલીસને અદ્યતન ટેકનોલોજીનો લાભ અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **કૃષિ વિભાગ**<br>**માગણી નં. ૨** | | | | |
| ૭. | ૨૪૦૧ પાક અને કૃષિ વ્યવસ્થા<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૧૭-તાલીમ ....બનાવવું<br>રૂ.૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૩-૪ | ૧૦૦ | તાલીમ પરીક્ષણ અને નિર્દેશન ધ્વારા કૃષિ પ્રોત્સાહનો માટે કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૮ | ૨૪૦૧ પાક અને કૃષિ વ્યવસ્થા<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૧૮- રાષ્ટ્રીય ... યોજના<br>રૂ.૧,૪૪,૨૮,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં૩-૪ | ૧૦૦ | રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના માટે ભારત સરકાર તરફથી મળતી રકમનો યોગ્ય રીતે ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં.૯** | | | | |
| ૯. * | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧- પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬- શિક્ષણ....સેવાઓ<br>(૧૨) ઈડીએન-૬૮ સર્વ શિક્ષા અભિયાન<br>રૂ.૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૦ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતી વ્યાપક ગેરરીતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨- માધ્યમિક શિક્ષણ<br>૧૦૯- સરકારી માધ્યમિક શાળાઓ<br>૦૧-ઈડીએન-૧૯ સરકારી માધ્યમિક શાળાઓ<br>રૂ.૩,૦૮,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૦ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૧. | --"-- | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના કથળેલા વહીવટને સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| **અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં.૨૨** | | | | |
| ૧૨ * | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૪-ગ્રાહક તકરાર નિવારણ પંચ<br>રૂ.૫૮,૨૫,૦૦૦<br>પૂરક પાના નં. ૩૮ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૩ | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૧૯૦-જાહેર....સહાય<br>૦૨-વ્યાજબી .....ખાદ્ય<br>રૂ.૨,૦૫,૦૦,૦૦૦<br>પૂરક પાના નં. ૩૮ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનો મારફતે ખાદ્યતેલના વિતરણમાં થતી ખાદ્ય અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૪ | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૧૯૦-જાહેર....સહાય<br>૦૬-રાજય.... નિધિ<br>રૂ.૪૧,૦૩,૦૦૦<br>પૂરક પાના નં. ૩૮ | ૧૦૦ | ભારત સરકાર ધ્વારા કન્ઝયુમર્સ હેલ્પ લાઈન કાર્યક્રમ હેઠળ અપાયેલ ભંડોળનો ખર્ચ સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં.૩૯** | | | | |
| ૧૫. | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૧-શહેરી......એલોપથી<br>૧૧૦-હોસ્પિટલો...દવાખાના<br>૦૫ ગુજરાત....સોસાયટી<br>રૂ.૬,૪૮,૨૫,૦૦૦ | ૧૦૦ | કેન્સરના દર્દીઓને ઓછા ખર્ચે સારી સારવાર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |

| | | | | |
|---|---|---|---|---|
| | પૂરક પત્રક પા.નં.૬૭-૬૮ | | | |
| ૧૬ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૩-ગ્રામીણ ....એલોપથી<br>૧૦૪-સામૂહિક આરોગ્ય કેન્દ્રો<br>૦૧-સામૂહિક આરોગ્ય કેન્દ્રો<br>રૂ.૩,૧૬,૫૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૬૭-૬૮ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારના આરોગ્ય કેન્દ્રોમાં સમયસર જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૭ | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી દીતાભાઈ મછાર |
| ૧૮ | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના દવાખાનાઓમાં દર્દીઓને પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૧૯ | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૪-ગ્રામીણ.... અન્ય<br>૧૦૧-આયુર્વેદ<br>૦૧-તબીબી ....દવાખાના<br>રૂ.૧૮,૫૫,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૬૭-૬૮ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આયુર્વેદ ડોકટરોની પૂરતી નિમણૂંકો કરી જનતાને જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૨૦ | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના બંધ હાલતના આયુર્વેદ દવાખાનાઓ પુનઃ કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | **નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં.૬૭** | | | |
| ૨૧. | ૨૨૧૫-પાણી..સ્વચ્છતા<br>૮૦૦ - અન્ય ખર્ચ<br>૦૩ ગ્રામીણ પાણી પુરવઠો<br>રૂ.૩૨, ૪૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૩૯ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૨૨ | ૪૨૧૫-પાણી પુરવઠો.....જોગવાઈ<br>૧૦૨-ગ્રામીણ, પાણી પુરવઠા<br>૦૪- પાઈપ........યોજનાઓ<br>રૂ.૩૭,૬૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૪૦ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પાણીની પાઈપ લાઈનો યોગ્ય રીતે કાર્યરત રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૩ | --"-- | ૧૦૦ | હલકી ગુણવત્તાવાળી પાઈપોને કારણે ગ્રામીણ વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૮** | | | |
| ૨૪ | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૪- અન્ય કર્મચારી વર્ગ<br>૦૧- પેટા .......અધિકારીઓ<br>રૂ.૩૦, ૭૬,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૭૨ | ૧૦૦ | તલાટીઓ તેમજ મામલતદારોની ગેરહાજરીના કારણે જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૫ | --"-- | ૧૦૦ | તલાટીઓ ઉપરના વધુ કાર્યભારણના લીધે વહીવટી કામોમાં થતી ઢીલ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પોપટભાઈ જીંજરીયા |
| ૨૬ | --"-- | ૧૦૦ | તલાટીઓ-મામલતદારો દવારા જુદા જુદા પ્રમાણપત્રો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં.૮૬** | | | |
| ૨૭ | ૫૦૫૪-માર્ગ ....જોગવાઈ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૬-ગ્રામીણ માર્ગો<br>રૂ.૭,૧૪,૭૦,૦૦૦<br>પૂરક પાના નં. ૧૯૪ | ૧૦૦ | ગ્રામીણ માર્ગોને તાલુકા માર્ગો સાથે જોડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૮ | --"-- | ૧૦૦ | વારંવાર તૂટતા ગ્રામીણ માર્ગોની સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૯ | --"-- | ૧૦૦ | ચોમાસા દરમ્યાન તૂટી જતા ગ્રામીણ માર્ગોની સત્વરે મરામત કરી જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૩૦ | --"-- | ૧૦૦ | ગ્રામીણ માર્ગો ઉપર ડામર સપાટીના કામ પૂરા કરવામાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ડો. અનીલ જોષીયારા |
| | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૨** | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ * | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>(૦૨)પ્રાદેશિક...યોજના<br>રૂા.૧૪,૯૦,૦૦૦<br>પૂરક પાના નં. ૨૫૮ | ૧૦૦ | ટાઉન પ્લાનીંગ સ્કીમોના વિકાસ નકશા તૈયાર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>(૦૩) મુખ્ય નગર નિયોજક<br>રૂા.૧,૭૫,૮૦,૦૦૦<br>પૂરક પાના નં. ૨૫૮ | ૧૦૦ | ગેરકાયદેસર બાંધકામોને મંજૂરી આપવામાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીકુંવરજીભાઈ હળપતિ |
| ૩૩ | --"-- | ૧૦૦ | વિકાસ પરવાનગી અને ભોગવટા પ્રમાણપત્રો આપવામાં થતી ગેરરીતીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩૪ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૧૯૧-સ્થાનિક....સહાય<br>(૨૮) વાજપાઈ નગર વિકાસ યોજના<br>રૂા.૩,૫૨,૬૧,૦૦,૦૦૦<br>પૂરક પાના નં. ૨૫૯ | ૧૦૦ | વાજપાઈનગર વિકાસ યોજના માટે ફાળવેલ નાણાનો પૂરતો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૩૫ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૧૯૧-સ્થાનિક....સહાય<br>(૪૨) પૂર્વ....અભિયાન<br>રૂા. ૧,૩૬,૭૧,૮૮,૦૦૦<br>પૂરક પાના નં. ૨૫૯ | ૧૦૦ | જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય શહેરી નવીનીકરણ અભિયાન હેઠળ ફાળવેલ રકમનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૩૬ * | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>(૦૧) નગર પાલિકા ..... કચેરી<br>રૂા.૪,૪૦,૦૦૦<br>પૂરક પાના નં. ૨૫૯ | ૧૦૦ | નગરપાલિકાઓમાં અધિકારીઓને નિયમ બહાર અપાતી નિમણૂકો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૭ | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓને સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૩૮ | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસ કામોની ગ્રાન્ટ યોગ્ય રીતે વાપરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## પૂરક માગણીઓ ઉપરની ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની કે, પૂરક માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ- ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઈઓ મુજબ પૂરક માગણીઓ ઉપરની ચર્ચા વખતે મૂળ ગ્રાન્ટ કે તે ગ્રાન્ટની લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય એ બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ બાબતે ધ્યાન રાખવાનું કે, તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહમાં મત લેવાનો છે એ બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. માનનીય સભ્યશ્રીઓએ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ખાસ ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું.

બીજું કે સભાગૃહની આજની બેઠકનો સમય ૮.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ :૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચા માટે ઠરાવેલ દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા એટલે કે ૧૨.૦૦ વાગ્યે પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થશે અને જે પૂરક માગણીઓ ઉપરની ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બીજી પૂરક માગણીઓની ચર્ચા માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. હવે આ બધી પૂરક માગણીઓ પર એક સાથે ચર્ચા થશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સરકાર બજૅટ બનાવે છે ત્યારે એનો એક અંદાજો હોય છે એ અંદાજો મુજબ, નાણાકીય શિસ્ત મુજબ સરકાર કામ કરે, માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ ઓછામાં ઓછી આવે. માનનીય અધ્યક્ષશ્રી હું જોઈ ગયો કોઈ નવી સેવા એવી સેવા જે પ્રજા લક્ષી હોય, જેનું ખર્ચ આવકારદાયક હોય છે, જે કરવાની જરૂરિયાત ઊભી થઈ હોય અને પછી આ ગૃહ

સમક્ષ સરકાર એ પૂરક માગણી લઈને આવી હોય, વાંધો ન હોઈ શકે પરંતુ એવી કેવી પૂરક માગણીઓ આવી છે? આપના બજેટના અંદાજોથી ઘણી મોટી રકમો, એ શું બતાવે છે? It is a financial indiscipline of the State Government એ કારણે ન કલ્પના કરી હોય એવી જગ્યાઓની પૂરક માગણીઓની મોટી રકમો ગૃહમાં લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજું શકું કે, આપ જ્યારે પ્લાનીંગ કરવા બેઠા હોય ત્યારે જે વિચાર્યુ ન હોય અને નવી વસ્તુ આવી હોય આપ એના માટે પૈસાની પૂરક માગણીઓ લઈને આવો, કારણ કે, આ ગૃહનો નાણાકીય અંકુશ છે, આપે મંજૂરી લેવી પડે. પરંતુ શું આપણને એ ખબર ન હોય કે આપણા કેટલા તહેવારો આવે? આપણે એને કેવી રીતે ઉજવવાના છે, એનું શું આયોજન કરવાનું છે, એ શું આપણને ખ્યાલ ન હોય? તહેવારોની ઉજવણી માટે શું આપણે જો આપણે જરૂરિયાતમંદને જો રાહત આપીશું, તો એ પોતાની રીતે, આ ગુજરાતીઓના સંસ્કારો અને સંસ્કૃતિ રહી છે કે, તહેવારોની જબરજસ્ત સરસ રીતે ઉજવણી, કોઈના કારણે નહીં પોતાના કારણે, સંસ્કારોના કારણે, સંસ્કૃતિના કારણે વર્ષોથી આ ગુજરાત તહેવારોને ઉજવતું આવ્યું છે અને ઉજવી શકે.

આપણે એમના આંસુ લુછવાનો પ્રયત્ન કરવાને બદલે સરકારી નાણા પ્રજાના કલ્યાણ માટેના નાણા એને આપણે આપણા અહમના પોષણ માટે વાપર્યા. નાણાકીય જોગવાઈ બહુ મોટી કરવાની, તહેવારના નામે એકત્રિત કરવાના, બસો હોય એ રોકી લેવાની મુસાફરોનું જે થવાનું હોય તે થાય. મારામાં ક્રાઉડ ભેગું થયું છે. મારે ભાષણ કરવાનો મોકો છે. મારે આ પૈસા સરકારમાંથી વાપરવા છે. એની પૂરક માગણી કેટલી છે? જે પૂરક માગણીઓ માટેનું પત્રક વ્હાઈટ પેપર બુક આપી છે એની અંદર મુખ્ય સદર-૨૫૧૫ ગ્રામીણ વિકાસ કાર્યક્રમ. આપે આયોજન તો કરેલું જ હતું. તહેવારો માટે પૈસા આ વિધાનસભાગૃહે આપને મંજૂર કરી જ આપ્યા હતા. એટલાથી સંતોષ નથી. વધારાની માગણી છે અને આ ગૃહને અને ગુજરાતની જનતાને જાણીને નવાઈ લાગશે. કેટલી રકમની માગણી છે. ૩૪૯૬૧૦૦૦ રૂપિયા જો ખરા અર્થમાં ગુજરાતના જરૂરિયાતમંદ વ્યકિતને આપણે મદદ કરવા માટે આપ્યા હોત, એમના ખરેખર ઉપયોગમાં આ પૈસા અપાયા હોતને તો તહેવાર તો એ આપણા અહમના પોષણ કરતાં એ વધારે સારી રીતે ઉજવી શકે. માહિતી અને પ્રસારણ વિભાગમાં જે ચાલે છે તો આવું તો ભૂતકાળમાં કયારેય જોયું નથી અને મને લાગે છે કે " ન ભૂતો ન ભવિષ્યતિ" ભવિષ્યમાં બીજી સરકાર આવશે એ પણ પ્રજાના પૈસે પોતાની પ્રસિદ્ધિ માટે એવા લખલુંટ ખર્ચાઓ તો નહીં કરે કે જયાં પૂરક માગણીની રકમ પણ કેટલી છે. એક કરોડ છત્રીસ લાખ રૂપિયા તો ગુજરાત માસિક માટે પૂરક માગણી લઈને આવ્યા છે. શું આપને ખબર નહોતી કે આમાં આપણે કેટલી પબ્લિસિટી કરી લેવી છે? શું આપણને ખબર નહોતી કે આના અંક કેટલા વધારી દેવા છે? શું આપણે આની લહાણી કરવા બેઠા છીએ એટલા માટે કે આપણા ફોટાઓ અને આપણી પ્રસિદ્ધિઓ ગુજરાતના અંક આવતા હતા અને મારી ખુલ્લી ચેલેન્જ છે કે કદાચ કહેશે કે કોંગ્રેસના શાસનમાં જોઈ લેજો મુખ્યમંત્રીના ફોટા. ખુલ્લી ચેલેન્જ કરીને કહું છું આ વિધાનસભા ગૃહમાં કે એ વખતના અંકો કાઢજો. મુખ્યમંત્રીશ્રીના ફોટાઓ અને પ્રજાને ઉપયોગી માહિતી જોજો. (અંતરાય) હા. હતું ફકીરભાઈ, આપને યાદ નહીં હોય.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મને એ ડિસ્ટર્બ કરે છે.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, તમને એમણે કીધું નથી. તમે તમારું વકતવ્ય આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ શું છે? " સ્વયં પ્રશંસા, અહો રૂપમ, અહો ધ્વનિમ" આ સિવાય ગુજરાતના અંકમાં કંઈ ન આવે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે એક ગંભીર બાબત તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. જે ગુજરાતનો અંક છપાય છે એની છાપણી કરવા માટેનું એક વ્યવસ્થિત પ્લાનીંગ થઈ ગયું છે. બીજો કોઈ કોમ્પીટીટર આ ગુજરાતનો અંક છાપી જ ન શકે, એ કોમ્પીટીશનમાં જ ન આવી શકે, આપણે એક માણસ સાથે એડજસ્ટમેન્ટ કરી શકીએ એટલા માટે ફેર કોમ્પીટીશન નહીં થવા દેવાનું, એક માણસને જ લાભ આપવાનો, ન કલ્પી હોય એવી કિંમત આપવાની. મેં એ અંક લઈને અનેક પ્રિન્ટીંગ પ્રેસના મિત્રોને બતાવ્યો છે. એમણે કહ્યું સાહેબ, જો ફેર કોમ્પીટીશન થાય ને તો આ પૂરક માગણીની જરૂર ન રહે. પ્રજાના લાખો રૂપિયા બચી શકે. આપણે શું કરીએ છીએ? દર વખતે ટેન્ડર બહાર પાડવાનું હોય ત્યારે જાહેરાતમાં લખીએ કે મેગેઝીન ગુજરાતી છાપવાનો આટલા લાખનો અનુભવ. સરકારના ગુજરાત મેગેઝીન સિવાય બીજું કોઈપણ મેગેઝીન ગુજરાતમાં હોય એની એટલી આવૃત્તિ નીકળતી જ ન હોય એટલે અનુભવ કોઈ પાસે હોય જ નહીં. એક જ માણસ પાસે હોય જે ગુજરાતનો અંક છાપતો હોય એટલે બીજો કોઈ કોમ્પીટીટર જે છે એ અંદર આવી જ ન શકે. આની અંદર ન આવે એટલે આપણું બધું બરાબર, આપણે ઈચ્છીએ એ ઈચ્છે દલાતરવાડીની વાર્તા જેવું ગોઠવાય.એના કારણે ૧ કરોડ ૩૬ લાખ રૂપિયા. આપે અંદાજમાં એ પૈસા લઈ લીધા હતા કે અમારે આટલા પૈસા જોઈશે. આટલા અમારે વાપરવાના છે. એ એસ્ટીમેટ સિવાયના ઉપરાંતના વધારાના ૧ કરોડ અને ૩૬ લાખ રૂપિયા માગવા માટે આપ આવ્યા છો. હું માનું છું કે કોઈ કાળે આવી પૂરક માગણી મંજૂર ન કરી શકાય અને આ સમગ્ર બાબતની તપાસ થવી જોઈએ.

આ વિધાનસભા ગૃહમાં સ્વર્ણિમ જયંતીના ઉજવણીનો પ્રસ્તાવ આવ્યો. મેં અને મારા પક્ષના સભ્યશ્રીઓએ એમ કહ્યું કે ગુજરાતનું ગૌરવ આપણા સૌના હિતમાં છે. સ્વર્ણિમ જયંતીની એવી ઉજવણી કરો કે સમગ્ર દેશમાં

ગુજરાતીઓનું માથું વધારે ઊંચું થાય, ગૌરવભેર ઉજવણી કરીએ અને ત્યારે એ પણ વાત કરાઈ હતી કે પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરીશું. ૧૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થશે તેવી વાત કરી હતી આપણે. એ પણ કહ્યું હતું કે તમે જે પણ કરવું હોય તે કરો, પણ એ ભૂતકાળની પરંપરા હતી કે જેમ નર્મદા યોજના માટે ગુજરાત એક છે, એવી છાપ આખા દેશમાં ઊભી થઈ હતી, તેમ સ્વર્ણિમ જયંતીમાં સૌ એક છીએ એવી છાપ ઊભી કરીએ. અમારા કોઈપણ અહંમ પ્રોટોકોલને બાજુએ મૂકીને પણ મેં અને મારા પક્ષના સભ્યશ્રીઓએ નક્કી કર્યુ કે સ્વર્ણિમ જયંતીની ઉજવણી થશે તેમાં આપણે ભાગ લેવાનો છે. કારણ કે ટોપ લેવલ ઉપરથી સરકારમાં જ્યારે ખાતરી અપાય છે કે આની રાજકીય બાબતો નહિ કરવામાં આવે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે માનનીય મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમની વાત નથી કરતો, કેમ કે એમની હાજરી દરેક જગ્યાએ નહિ હોય, પરંતુ મંત્રીશ્રીઓના કાર્યક્રમોમાં બે-ચાર મિત્રોએ આ વાતને જાળવી છે અને મારે મુંખ્યમંત્રીશ્રીને પણ કહેવું પડેલ હતું કે આપણે આ વાત થયા પછી જો બદલાવાની ભૂમિકા હોય તો મારા પક્ષના સભ્યશ્રીઓ સ્વર્ણિમ જયંતીના દિવસે તમારી પાસે સ્થાનિક પ્રશ્નો લઈને, ટોળા લઈને રજૂઆત કરવા આવશે. શું આપણે આ કરવાનું હોય તો અમારી આ પણ તૈયારી છે. એમણે કહ્યું હતું કે હું મારા મંત્રીમંડળના સભ્યશ્રીઓને કહીશ કે સ્વર્ણિમ જયંતીના પ્રસંગે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓનું કાર્ડમાં નામ, સ્ટેજ ઉપર સ્થાન અને માઈક આપવાનું છે. અમારા લોકોએ પણ રાજકીય ભાષણ નથી કરવાના, આપના પક્ષે પણ ગુજરાતના ગૌરવ સિવાયની વાત નહિ કરીએ. શું આ પરંપરા આપણે જાળવી શક્યા ખરા? મારો આ પ્રશ્ન છે અને એમ છતાં પરંપરા જળવાઈ નથી એને પૂરક માગણી આવી. કેટલાની પૂરક માગણી આવી એ ખેલકૂદ યુવક સેવા અને સાંસ્કૃતિક મુખ્ય સદર ૨૨૦૪. ૧૮ કરોડ ૧૦ લાખ ૩૮ હજાર રૂપિયા સ્વર્ણિમ જયંતીની ઉજવણી માટે મંજૂર કરેલા પૈસાઓની ઉપરાંતના આ પૈસા. આટલા પૈસા ખર્ચાય કદાચ કોઈ પ્રાઇવેટ વ્યકિતને જો આટલા કરોડોથી સ્વર્ણિમ જયંતીની ઉજવણી કરવાનું સોંપ્યુ હોત તો મને લાગે છે કે કદાચ ઇન્ટરનૅશનલ લેવલ પર સ્વર્ણિમ જયંતીની ઉજવણી છે તેને એક સારી રીતે ઉપસાવી શક્યા હોત. આ તંત્રે આટલા પૈસા મંજૂર કરેલા એ તો જુદા, પણ પૂરક માગણીના માત્ર ૧૮ કરોડ રૂપિયા વાપરવાના હતા. એને અનુરૂપ ઉજવણી કરી શક્યા છીએ ખરા આપણે? કોઈક જગ્યાએ સરકારે પોતે પ્રજાની તિજોરીના ટ્રસ્ટી છે, એ ટ્રસ્ટીશિપની ભાવના તો રાખવી પડશે. હું મંત્રી છું, સત્તાધારી પક્ષનો છું, વિપક્ષ ટીકા કરે એટલે મારા વિભાગને બચાવવાની મારી જવાબદારી છે. કેમ એવું નથી આપણે જોતા કે હું પણ વિભાગમાં ઊંડો ઊતરું. ગુજરાતના ગૌરવ માટે વપરાતા પૈસાના પ્રમાણમાં ગૌરવ ન દેખાતું હોય તો મારી જવાબદારી છે કે મારા તંત્રમાં પણ ક્યાંક કોઈ ખાઈ જતો હશે. અને જો હું એમાં ભાગીદાર ન હોઉ તો મારી જવાબદારી છે કે એ ખાઈ જનારાને યોગ્ય નશ્યત કરવી જોઈએ. સ્ટેટ ગેસ્ટ માટે રાજ્યના મહેમાનો માટે એક ધોરણ નક્કી થયેલ હતું.માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોની આ પરંપરા છે. સવાલ સ્ટેટસનો પણ રહે. કોઈ આપણને ગમતો હોય કે આપણા વખાણ કરતો હોય તેને આપણો મહેમાન ન બનાવી શકાય. બનાવો આપ. આપના પોકેટના પૈસાથી આપને ત્યાં કોઈક આવકના સ્ત્રોત્ર જાઈજ, નાજાઈજ જે હોય એનાથી મહેમાન બનાવો મને વાંધો નથી. પણ પ્રજાના પૈસે તમે માત્ર એટલા માટે તમને સ્ટેટ ગેસ્ટ બનાવો તે માણસ તમારી વાહ વાહ કરવા આવે છે એટલા માટે. જેનું લેવલ સ્ટેટ ગેસ્ટ માટે છે ખરું? આપણા સામાન્ય વહીવટ વિભાગના જે પરિપત્રોમાં કોણ સ્ટેટ ગેસ્ટ બને તેના ધોરણોને આપણે વારંવાર તોડીએ અને તોડયા પછી પરિસ્થિતિ શું થઈ છે. આજે પૂરક માગણી આવી છે. પૂરક માગણીમાં .. સોરી, નથી તબિયત બરાબર ભાઈ. (અંતરાય) એવું છે ભાઈ કે સત્ય લઈને લડવા નીકળનાર ગાંધીજીને ઘણી તકલીફોનો સામનો કરવો પડયો હતો અને બિમાર પડવું પડયું હતું. અમે તો એમના આદર્શોને લઈને ચાલીએ છીએ. બ્રિટનની સરકાર સામે એમને ઝઝુમવું પડયું હતું કઈક એવી જ વાત..

**અધ્યક્ષશ્રી** : માનનીય ફકીરભાઈ ચર્ચા જે દિશામાં જે ચાલે તે ચાલવા દો અને મહેરબાની કરીને વચ્ચે કોઈ કોમેન્ટ ન કરે. એમનું પ્રવચન પૂરું કરવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ગાંધીજીની વાત કરીને..

**અધ્યક્ષશ્રી** : આપ એમના ઉપર ધ્યાન ન આપો નહીં તો વિષયાંતર થશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અને આજે માનનીય અધ્યક્ષશ્રી, બિલકુલ એ વાતમાં રસ નથી.

**અધ્યક્ષશ્રી** : આપ જે વિષય ઉપર છો તેમાં જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : રાજય સરકારના મહેમાનો માટે આપે પ્રજાની તિજોરીને કેવી ખુલ્લી મૂકી. આપે ગયા વર્ષે બજેટ રજૂ કર્યુ ત્યારે આપની અપેક્ષા હતી કે અમે રાજયમાં જે મહેમાનો આવશે તેના માટે આ રાજયની તિજોરીના ૧ કરોડ ૨૦ લાખ રૂપિયા વાપરશું. હું સમજી શકું કે તમારા બે-પાંચ, દસ મહેમાન વધે તો પાંચ દસ ટકા આમતેમ થાય. અહીં પૂરક માગણી કેટલાની છે? આ ગૃહને નવાઈ લાગશે. બજેટમાં ૧ કરોડની ૨૦ લાખની વાત કર્યા પછી પૂરક માગણી આવી છે ૪ કરોડ ૮૦ લાખ રૂપિયાની. તમારો અંદાજ બે પાંચ ટકા આમતેમ થાય આવો કેવો અંદાજ તમારો થયો?

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર આપની વાત ચાલુ રાખો. આપના નેતા બોલી રહયા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી,એટલા માટે કારણકે લોકો આવે તો પોતાના પૈસે આવે, પોતાના ખર્ચે આવે. પ્રજાની તિજારીને લૂંટીને નહીં. તેનો વિરોધ છે.

**અધ્યક્ષશ્રી** : બેઠા બેઠા મહેરબાની કરીને કોમેન્ટ ન કરો. આપનો સમય આવે ત્યારે બોલજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ લઈ જાઓ આપના પૈસે રાખો. બધું જ કરાવો. પ્રજાની તિજોરી લૂંટીને ૪ કરોડ ૮૦ લાખ મંજૂર કરાવવા આવ્યા છો અને ૧ કરોડ ૨૦ લાખની માગણી હતી. ૪ કરોડ અને ૮૦ લાખ રૂપિયા. ભલે આવે અને વાપરો, વપરાવો, જે કરવું હોય તે કરો...

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ તમને જવાબ આપવાની તક મળશે તે વખતે બોલજો. બેઠા બેઠા મહેરબાની કરીને દખલ ન કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં અને ગૃહની બહાર વારંવાર એ વાત કરવામાં આવે છે કે કેન્દ્ર સરકાર અન્યાય કરે છે. આ સરકારે આપેલો દસ્તાવેજ બતાવે છે કે ભૂતકાળમાં ગુજરાતમાં કયારેય ન મળ્યા હોય એવા નાણાં યુ.પી.એ.ની કેન્દ્ર સરકાર આવ્યા પછી જે આપ્યા છે તેના દાખલાઓ અહીંથી નીકળે છે. વ્હાઈટ પેપર બુકના પેજ નં.૨૨૧ ઉપર બે દિવસ પહેલાં ખૂબ ઉત્સાહભેર કહેવાતું હતું. ઈ-ગવર્નન્સ, ઈ લાવ્યા તેમ કરીને. કેન્દ્ર સરકારે ફાળો તો આમાં આપ્યો પણ જે પૈસા મળવાપાત્ર હતા તે આપ્યા પછી વધારાના પૈસા ઈ-ગવર્નન્સ માટે મંજૂર કર્યા અને કેટલી રકમ મંજૂર કરી. ટકો, બે ટકા નહીં સાહેબ આમાં લખેલું વાંચું છું. ભારત સરકારે નેશનલ ઈ-ગર્વનન્સ પ્લાન હેઠળ ક્ષમતા નિર્માણ યોજના માટે વધારાની કેન્દ્રીય સહાય તરીકે ૧૦,૨૬,૨૫,૦૦૦ રૂપિયા મંજૂર કર્યા છે. ઈ-ગર્વનન્સ માટે આપેલ પૈસા ઉપરાંતના વધારાના આ પૈસા મંજૂર કર્યા છે. માનનીય અર્જુનભાઈ તે દિવસે અહીંયાં આંકડા સાથે વાત કરવા માગતા હતા ત્યારે ખોટી વાત છે, અર્જુનભાઈની વાત બરાબર નથી એમ કહેવામાં આવતું હતું અને આજે તેમની વાઈટ પેપર બૂક કરે છે કે ઈ-ગર્વનન્સમાં ૧૦, ૨૬,૨૫,૦૦૦ રૂપિયા તો વધારાના ભારત સરકારે તેમને આપ્યા છે અને અમારા માટે પણ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક લોકો મંદિરમાં વધારે ડંકા વગાડતા હોય કારણ કે ભૂતકાળમાં કલાઈમેટની સાથે સાથે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, પછી આપનો જે વિષય છે એ રહી જશે કારણ કે હવે આપને જે સમય આપેલ હતો, આપે જે સમય માગ્યો હતો એટલો સમય પૂરો થયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરીને....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જુનભાઈ, આપનો વારો પછી આવે ત્યારે જે કહેવું હોય તે કહેજો. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર, ફકીરભાઈ, પ્લીઝ, (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણીઓ ઉપરની મારી વાત પૂરી કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** મેં તેમને રોકયા છે, માનનીય શ્રી પ્રાગજીભાઈ, આપ ચાલુ કરો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક-૧૩, વીજળી શકિત અને પરિયોજના મહેસૂલી ખર્ચ માટે ૯,૮૫૭૭,૯૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટે ૧૦૦૦ની જે પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં જ્યોતિ ગ્રામ યોજના મારફત ૨૪ કલાક વીજળી ચાલે છે પરંતુ હજુ ગામડાંના ઘણા એવા ગરીબ માણસો, શહેરના ઘણા એવા ઝૂંપડા છે કે એમના ઘરની અંદર કોંગ્રેસના ૪૦ વર્ષના શાસનથી અંધારા હતાં. એ ગામડાંના અને શહેરના ગરીબ લોકો માટે તેમના ઝૂંપડામાં વીજળીકરણ કરવા માટે જે જોગવાઈ કરવામાં આવેલી હતી એ ૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલી હતી. આ ચાલુ સત્રમાં અંદાજપત્રમાં, તેનાથી ૮૫,૨૦૦ લોકોને લાભ થતો હતો. તેમના ઘરમાં વીજળીકરણ થતું હતું. પરંતુ આ ચાલુ વર્ષના અંતમાં આવા લાભાર્થીઓ ૧,૯૩,૦૦૦ થયા, જેના કારણે બજૅટનો સુધારેલો અંદાજ ૭૧ કરોડ થયો છે. એટલે વધારની જે ૪૦ કરોડની પૂરક માગણી છે એ ખરેખર વ્યાજબી માગણી છે અને મારે માનનીય વિરોધપક્ષના નેતાને પૂછવું છે, શું આ પ્રજાલક્ષી કામ નથી? લોકોના ઘરની અંદર અજવાળા થતાં હોય, ગરીબ લોકોના ઘરમાં વીજળી આવતી હોય એના માટે જો પૂરક માગણી લઈને ઉર્જા મંત્રી આવે તો હું માનું છું કે ખરેખર એ વ્યાજબી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખૂબ જ પછાત વિસ્તાર કહેવાય, આદિજાતિ વિસ્તાર તેમના કૂવા અને તેમના પંપના વીજળીકરણ માટે ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં માગણી ક્રમાંક-૯૬થી ૧૦૦ કરોડની જોગવાઈ કરેલી હતી. જેના કારણે આદિજાતિ વિસ્તારના ૧૦,૪૫૦ કૂવાઓ ઉપર વીજળીકરણ અને ૧૮૦ પેટા પરાં જે ગામડાંથી દૂર વસે છે. એવા પેટા પરાના વીજળીકરણ માટેની સવલતનું આયોજન હતું. પરંતુ એની અંદર પણ પ્લાન આઉટલે વધતા કૂવા અને પંપના વીજળીકરણ માટે ૪૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. આજે નાણા વિભાગ જે ૧૪૦ કરોડની, મંજૂરી પણ આપી છે. આ ખરેખર આદિજાતિના આવા વિસ્તાર માટે લોકોની આવક વધે, ગરીબ લોકોની સમૃદ્ધિ વધે અને રાજયમાં આવા વિસ્તારનો પણ સર્વાંગી વિકાસ થાય તેના માટેની સરકારની આ નીતિ છે. ભૂતકાળમાં સરકારો માત્ર શહેરોની જ ચિંતા કરતી હતી. આ અમારી સરકારે ગામડાંના પેટા પરાંઓ અને આદિજાતિ વિસ્તારોની જ્યારે માગણી કરી છે ત્યારે હું માનું છું કે આ પૂરક માગણી પણ વ્યાજબી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વીજ નિયમન પંચે તા. ૨૫-૬-૨૦૦૪ના રોજ હુકમ કર્યો હતો. એમનો ચુકાદો આવ્યો હતો કે પાવર સ્ટેશનની અંદર જે બળતણ વપરાય છે એનાથી જે ભાવ વધારો એ બળતણમાં થયો અને વીજળીની ખરીદીમાં પણ જે ભાવવધારો થયો અને બીજાં અન્ય કેટલાક ધોરણો બદલાતા જે ભાવવધારો થયો એના કારણે આ બધો જ ભાવવધારો બધી જ કક્ષાના વીજ વપરાશ ધારકો પાસેથી વસૂલ કરવાની મંજૂરી આપી હતી. તેના અમલ માટે પાવર પર્ચેઝ કોસ્ટ, એનો એડજેસ્ટમેન્ટ ચાર્જીસ વસૂલ કરવા ગુજરાત ઉર્જા વિકાસ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ કંપનીઓને અમલ કરવાનો થતો હતો. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે આ આખેઆખો બોજો આ વીજ કક્ષાના બધા વપરાશકારો ઉપર હતો. તેની અંદર ખેતી વિષયકના વીજ ગ્રાહકો પાસેથી ૫૦ ટકા અને ફયુઅલ ચાર્જના બાકીના ૫૦ ટકા કૃષિ વિષયક સિવાયના વીજ ગ્રાહકો પાસેથી વસૂલ ન કરવાનો સરકારે નિર્ણય કર્યો હતો. તેના કારણે ૩૪૨ કરોડ રૂપિયાની જોગવાઈની જરૂરિયાત અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ છે એ વ્યાજબી છે. આના કારણે જ્યારે આખેઆખો ભાર સરકાર પોતે વહન કરે. આ નુકસાન, ત્યારે મારું એવું માનવું છે કે આ માગણી ખરેખર વ્યાજબી છે. જેનાથી ખેડૂતની આવક વધે, ખેડૂત પગભર થાય અને ખેતીની આવક વધે તેના માટે આ માગણી વ્યાજબી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરકાંઠા વિકાસની વાત માટે ઉર્જા મંત્રી પૂરક માગણી લઈને આવ્યા છે. સાગરખેડૂ વિકાસ, સર્વાંગી વિકાસ કાર્યક્રમ માટે. સાગર કાંઠાના ૧૩ જિલ્લા અને ૩૮ તાલુકાઓ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમના વિકાસ માટેનો સર્વાંગી વિકાસ કાર્યક્રમ જાહેર કર્યો છે તેના અંતર્ગત ઉર્જા વિભાગે પણ આ કામગીરી હાથ ધરી છે. પૂરક માગણીમાં, કારણ કે સાગરકાંઠામાં હવામાન ખરાબ હોવાના કારણે ત્યાંના વીજળીના વાયરોને કાટ લાગે, ત્યાંના થાંભલાઓ ખવાઈ જાય, તેની ડીશ અને પીન અને ઈન્સ્ટોલેટરો પણ ફેઈલ થઈ જતા હતા. ખરાબ લાઈનો, તેની સર્વીસ લાઈનો પણ બદલવી પડે તેવી હતી. કેટલાય નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો ઉભા કરવાની જરૂરિયાત હતી અને ૨૭ જેટલા ટ્રાન્સમિશનોની લાઈનોનું સમારકામ કરવાનું હતું. આના માટે આધુનિકરણ કરવા માટે આ બિન અંદાજકીયપત્રની જોગવાઈ હતી તેના માટે ૮૦ કરોડની માગણી જે ઉર્જા વિભાગે કરી છે અને માનનીય મંત્રીશ્રી ઉર્જા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એ ખરેખર વ્યાજબી છે. તેને હું સમર્થન આપું છું. તેને મંજૂર કરવી જોઈએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની ૨૦૦૮-૦૯ના વર્ષની પૂરક માગણી ક્રમાંક-૪૩ એના મુખ્ય સદર ૨૦૫૫ના કુલ સાઈઠ કરોડ જેટલી વધારાની માગણી લઈને આવ્યા છે એના સમર્થનમાં વાત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કુલ ૬૦ કરોડની વધારાની જરૂરિયાત ઉપસ્થિત થઈ. એ એટલા માટે ઊભી થઈ કે, રાજયના પોલીસ તંત્રે રાજયની પ્રજાની સલામતી અને સુખાકારી માટે એણે જે ફરજ બજાવી છે અને એ ફરજની અંદર એને પગાર, રજાના ભથ્થાં ઉપરાંત અન્ય જે વળતર ચૂકવવા પડે એના ઉપરાંત પોલીસ દળના વાહનો, શસ્ત્રો અને એના માટેની જે સામગ્રી એ બન્ને માટે થઈને કુલ ૫૪ કરોડ અને કુલ ૬ કરોડ અને એમાં ગુજરાતની અંદર પહેલીવાર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની આપણે સ્થાપના કરી આ બધાનો સમાવેશ કરીને કુલ ૬૦ કરોડની માગણી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું. આપણી રાજય સરકારને કયાં એવી ખબર હતી કે, આ યુ.પી.એ.ની સરકાર એ તૃષ્ટીકરણ કરશે અને એના કારણે એની અસરો આ રાજયની શાંતિ અને સલામતી ઉપર પડવાની છે. આપણે ગુજકોકનો કાયદો માગ્યો હતો અને ગુજકોકનો કાયદો એટલા માટે માગ્યો હતો કે, ગુજરાતની ધરતી ઉપર આવીને કોઈ આંતકવાદી કોઈ કૃત્ય કરી જાય તો તેની સામે તંત્ર દ્વારા પગલાં લઈ શકાય. (અંતરાય) હું આના સંદર્ભમાં કહું છું. આની આવશ્યકતા કેમ ઊભી થઈ. જો એમણે આપણને ગુજકોકનો કાયદો આપ્યો હોત તો ખર્ચમાં આપણે ઘટાડો કરી શક્યા હોત. એટલા માટે હું કહું છું. દિલ્હીમાં જ્યારે બ્લાસ્ટ થયો એ બ્લાસ્ટની આપણી ગુજરાતની પોલીસે દિલ્હી જઈને આગોતરી જાણ કરી હતી અને એ જાણ કર્યા પછી આ રુમ નંબરમાં આ મોબાઈલ સાથે આ આંતકવાદીઓ આતંકવાદી ષડયંત્ર સાથે સંકાળયેલા હતા એની માહિતી આ ગુજરાતની પોલીસે આપી હતી. જેના કારણે દિલ્હીની પોલીસે ત્યાં એટૅક કર્યા અને આવા પ્રસંગ ઊભા થાય એટલે વધારાનો ખર્ચ થાય. ગુજરાતની સરકારનો ગુજરાતમાં કોઈપણ ગુનેગાર કે કોઈપણ આતંકવાદીને પકડવાનો મક્કમ નિર્ધાર છે. ગુજરાતની અંદર જ્યારે બૉમ્બ બ્લાસ્ટ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રબળ રાજકીય ઇચ્છાશકિતના આધાર ઉપર ગુજરાતની પોલીસને કેરળથી આઝમગઢ સુધી દસ રાજયોની અંદર મોકલી. ગુજરાતની પોલીસ આખા દેશમાં પહેલીવાર એ આંતકવાદીઓને પકડીને, એની બોડમાં જઈને પકડીને જેલના હવાલે કરવાનું કામ કર્યું હોય તો એ ગુજરાતની પોલીસે કર્યું છે. આજે સ્વાતંત્ર્ય વીર સાવરકરની પુણ્યતિથિ છે. આ સ્વાતંત્ર્ય વીર સાવરકરે આ દેશની આઝાદી માટે લડત આપી. એમનું આખું આયખું એમણે જેલમાં કાઢ્યું. જેમણે આપણી આઝાદી માટે પ્રયાસ કર્યો છે, આપણી આઝાદીની રક્ષા માટે અને આપણી શાંતિ અને સલામતી માટે આ પોલીસ તંત્રે કામ કર્યું છે. પોલીસ તંત્ર દ્વારા એની કામગીરીથી શાંતિ, સલામતી અને સુરક્ષા રહે તો ગુજરાતની અંદર ઉદ્યોગો આવે તો, ગુજરાતની અંદર રોજગારી આવે તો, ગુજરાતની અંદર સમૃદ્ધિ આવે. આ આખી ઘટનાનો આધાર એ ગુજરાતના પોલીસ તંત્ર ઉપર છે. આ તો માત્ર પાંચ ટકા જેટલા જ પૈસા ગૃહ વિભાગે આ માગણીઓના સંદર્ભમાં લઈને આવ્યા છે.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યપદ્ધતિ જોઈએ તો હું ચોક્કસ કહી શકીશ કે, if there is a will, there is a way કોઈપણ પ્રબળ રાજકીય ઇચ્છાશકિતનો નિર્ધાર કરે તો આપણે આજે ૧૯મી સદીની પદ્ધતિથી ૨૧મી સદીમાં ગુનાનું ડિટેક્શન ન કરી શકાય. માત્ર વ્યથા નહીં પણ એના માટે વ્યવસ્થા કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજી, તમે માગણી ક્રમાંક-૪૩ ઉપર બોલો છો. પૂરક માગણીઓની ચર્ચાની મર્યાદા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જરાય બહાર જવા નથી માગતો. ૬૩૨ લાખના ખર્ચે ન્યાય સહાયક યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું છે એના સંદર્ભમાં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ વાત કરવા માગું છું. હું એટલા માટે કહું છું કે, માત્ર વ્યથા નહીં પણ વ્યવસ્થા કરવી જોઈએ. ગુનાખોરી અને આતંકવાદીના મુળ સુધી પહોંચવું હોય તો પ્રબળ રાજકીય ઇચ્છા શકિત જોઈએ અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની આપણા ગુજરાત રાજયમાં પ્રથમ વખત સ્થાપના થઈ છે. આ હાઈફાઈના યુગમાં વાયફાઈનો ઉપયોગ કરતાં શિક્ષિત અને ગુનાની દુનિયામાં જે પ્રશિક્ષિત છે એવા આતંકવાદીઓને પકડવા હોય તો એની સમક્ષ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા આનું આપણે નિર્માણ કરી શકીશું. આનું ઈન્ફ્રાસ્ટ્રકચર, આનો સ્કિલ્ડ મેન પાવર એ ગુજરાતને આગામી દિવસમાં અનેક રીતે ઉપયોગી થવાનો. આનાથી દેશ હિત માટે જયુડિશરી, ઇન્વૅસ્ટીગેશન એજન્સીઓને પણ લાભ થવાનો છે. હું છેલ્લે એટલું કહીશ કે ક્રોસ બૉર્ડર ટેરરીઝમ અને એનાથી જે તૃષ્ટીકરણની નીતિ ઊભી થઈ છે અને એનાથી દેશને ખોખલો કરવાની આ યુ.પી.એ. સરકારની લાગણી છે અને યુ.પી.એ. સરકાર જે રીતે કામ કરી રહી છે એના માટે મોર્ડન ટૅક્નૉલૉજીથી એજયુકેટ ટેકનોક્રેટ આતંકવાદીઓ આ દેશની ધરતી ઉપર હુમલો કરે તો આપણે સમયસર સિસ્ટમ અપડેટ નહીં કરીએ તો આ દેશમાં મોટી સમસ્યા સર્જાશે અને જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. (અંતરાય) હું સાચું જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : દિનુભાઈ આપ હાજર છો તેની હાજરી પૂરાઈ ગઈ છે. આપની હાજરી પૂરાઈ ગઈ છે. આપ આપની વાત ઉપર રહો અર્જુનભાઈ. દિનુભાઈ આપની હાજરી પૂરાઈ ગઈ છે એટલે હવે હાજરી પૂરાવવાની જરૂર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને બહુ આનંદ થયો. દિનુભાઈની હાજરી પુરાણી. મારા પડોશી છે. પૂરક માગણીઓ લઈને આવ્યા

**અધ્યક્ષશ્રી** : આપ આપનો આનંદ વ્યકત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા અને માનનીય પ્રદિપસિંહજી આતંકવાદની ચિંતા કરતા હતા અને તેમાં ઈચ્છાશકિતની વાત કરતા હતા પણ એક પૂરક માગણીની અંદર એક બાબત નથી આવી તેનો ઉલ્લેખ ફરી પાછો આજે કરું છું. આતંકવાદીઓ જે ઈન્ફર્મેશનના આધારે પકડાયા તેના માટે ૫૦ લાખ રૂપિયાની ઈનામની જોગવાઈ સી.આઈ.ડી., આઈ.બી. માટે જો કરી હોત તો અભિનંદન આપવા માટે અમે પણ ભેગા થયા હોત. પણ તે નથી કરી શકાયું એટલા માટે, પકડાયા જરૂર છે પણ આ સરકારને માહિતી હતી એટલા માટે આ આંકડો આ મિસીંગ છે. હું આજે ખૂબ ઝીણી નજરથી જોતો હતો પણ ૫૦ લાખ રૂપિયાનું ઈનામ કયાંય દેખાતું નથી. કૃષિ વિભાગની અંદર વૈજનાથન કમિટિની જોગવાઈઓ માટે ૨૩ કરોડ ૭૫ લાખની જોગવાઈ વધારાની પૂરક માગણીઓ સાથે અહીં આવ્યા છે. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવી અને આ સરકાર આવ્યા પછી જે નબળી સહકારી મંડળીઓ હતી, નબળી બેન્કો હતી તેના માટેનું ખાસ પેકેજ લઈ આવ્યા. અને એ અનુસાર ગુજરાતને ૧૩૦૦ કરોડ રૂપિયા મળવા માટે ઉપલબ્ધ હતા. એમની શરત હતી કે આ જે સહકારી કાયદાઓ છે તેમાં રીલેવન્ટ સુધારા કરવા જોઈએ. જો રાજય સરકારની એ બાબતમાં ખરેખર સહકારી પ્રવૃત્તિઓને મદદ કરવાની ઈચ્છા હોત તો આ વૈદ્યનાથન કમિટિ હેઠળના ૧૩૦૦ કરોડ રૂપિયા આજથી ચાર વર્ષ પહેલાં ગુજરાતની સરકારી મંડળીઓને મળી શકયા હોત. પરંતુ પાછલે બારણેથી જે લોકોને આ સહકારી પ્રવૃત્તિની મલાઈ ખાવી છે તેમણે ચાર વર્ષ સુધી આ કાયદો આવવા દીધો નહી અને એટલા માટે આ વૈદ્યનાથન કમિટિની જે જોગવાઈઓ મુજબના જે લાભ મળવા જોઈએ તે ચાર વર્ષ પછી ગુજરાતને મળ્યો. મારે આપનું ધ્યાન દોરવું છે કે આ જોગવાઈઓમાં આખા ભારતની અંદર સૌથી વધારે જો વૈદ્યનાથન કમિટિ હેઠળ જોગવાઈ થઈ હોય તો તે ગુજરાત માટે થઈ હતી. પરંતુ તેનો અમલ મોડો થયો. સહકારી સંસ્થાઓ મારા હાથમાં આવી જાય તે પછી જ હું વહેંચણી કરું તે વૃત્તિ ન હોત તો સહકારી પ્રવૃત્તિ જે મારા મિત્રોના હાથમાં હતી શહેરી અર્બન બેન્કો તેને તો પૂરી કરી નાંખી અને હવે ગામડાની બેન્કોને નિશાન બનાવવામાં આવી રહયું છે. આ વૈદ્યનાથન કમિટિની સાથે સાથે ભારત સરકારે નકકી કરેલું છે કે આ દેશના ખેડૂતોને સાત ટકા વ્યાજે ઋણ આપવું જોઈએ. દેશની અંદર ટાર્ગેટ હતો જયારે યુ.પી.એ. સરકાર આવી ત્યારે કે ત્રણગણું ઋણ આપણા ખેડૂતોને ઉપલબ્ધ કરાવવું છે. તે ત્યાં સુધી અઢીગણા ઋણ સુધી આપણે પહોંચી શકયા. પરંતુ મહારાષ્ટ્ર સહિતના તમામ રાજયોએ રાજય સરકારને ભાગે આવતી આ સાત ટકા વ્યાજે જો લોન આપવી હોય તો બે ટકા ફાળો રાજય સરકારોએ આપવો જોઈએ. કેન્દ્ર સરકાર પાંચ ટકા ફાળો આપે છે. બેન્કો પણ

તેમના માટેનો હિસ્સો ભોગવે છે પરંતુ રાજય સરકારે ફાળો નથી આપવો એટલા માટે જે થોડી આર્થિકરીતે સક્ષમ બેન્કો નથી તેને જે સાત ટકા વ્યાજે આપણા ખેડૂતોને જે ઋણ મળી શકયું હોત તે માત્ર રાજય સરકારને કારણે નથી મળી શકયું. માનનીય શકિતસિંહભાઈ સાચી વાત કરતા હતા કે આપણે ઉત્સવો ઉજવીએ તેમાં થોડા ઓછા પૈસા આપીએ પણ અહીં આપ્યા હોત તો વાંધો ન હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી આંગણવાડી બહેનો જે છે તે આપણા બાળકોની સેવા કરે છે અને તેના માટેના તમામ ખર્ચ છે તે કેન્દ્ર સરકાર ભોગવે છે. મને આનંદ થાત જો આ બહેનોને માત્ર આપણા બાળકોની રખેવાળી કરવાનું કામ સોપ્યું હોત અને તેના માટેનો જે કાર્યક્રમ છે એના અમલીકરણ કરવાનું કામ સોપ્યું હોત તો વાંધો ન હતો. બીજા અનેક કામ કરાવાય છે. પણ સૌથી મોટામાં મોટો માનસિક ત્રાસ આ બહેનો ઉપર થાય છે તે એ થાય છે કે માનનીય મુખ્યમંત્રીના કાર્યક્રમ હોય કે મંત્રીશ્રીઓના કાર્યક્રમ હોય બહેનોની સંખ્યા કરાવવાનો ટાર્ગેટ આ જે આંગણવાડી બહેનો છે તેના ઉપર મૂકવામાં આવે છે. પોલીસ ઈન્સપેકટરો, કલેકટરોને આ જવાબદારી અપાય, કદાચ સહન થઈ શકે.. આ તો કોઈપણ માણસથી સહન ન થઈ શકે તેવી વાત છે. બાળકોને એક બાજુ પડતા મૂકી અને એને એમ કહેવામાં આવે કે તમે તૈયારી કરો, આંગણવાડીઓ બંધ રહે તો વાંધો નહીં પરંતુ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં બહેનોની સંખ્યા થવી જોઈએ. એને કારણે બાળકોનું ભવિષ્ય તો જોખમાય છે પણ સાથે સાથે જે પૈસા મળે છે કેન્દ્ર સરકાર તરફથી તેનો સદુપયોગ થતો નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણીઓ પહેલાં એમ વાત કરી હતી કે અમે માનદ વેતન વધારાવાના છીએ. મારે આપના મારફત કહેવું છે કે કેન્દ્ર સરકારે હજાર રૂપિયા બહેનોનું માનદ વેતન હતું તેના પંદરસો કર્યા. તેડાગર બહેનોના પાંચસો રૂપિયા હતા તેના સાડા સાતસો કર્યા  પણ મુખ્યમંત્રીએ જે જાહેરાત કરી હતી બહેનોના સંમેલનોમાં તમે બહેનોની સંખ્યા લઈ આવી દો તમારા બધાના પગાર વધારા કરી આપીશું. તેમણે એક ફૂટી કોડી આપી નથી હજી. એમના બજેટમાંથી. આજે ૩૫ કરોડ રૂપિયાની વધારાની જોગવાઈ લઈને આવ્યા છે તે તો માત્ર કેન્દ્ર સરકારે જે એનો વેતન વધારો આપ્યો છે તેના માટેની જોગવાઈ લઈને આવ્યા છે. એ સિવાય સૌથી વધારે જે રકમ આમાંથી ચૂકવવાની છે તે રસ્તા અને મકાન વિભાગ અને સિંચાઈ વિભાગની અંદર મોટેભાગે જે ખેડૂતોની જમીન લઈ લેવામાં આવે છે તે ખેડૂતોની જમીન લીધા પછી તેને પૂરું વળતર ન અપાય અને તેને કારણે કોર્ટ કેસીસ થાય. સરકારના કિમતી સમય બગડે. ખર્ચ થાય, ખેડૂતોને ખર્ચ થાય અને કયાંક કયાંક કોઈક અપ્રમાણિક વ્યવસ્થાને કારણે ખૂબ મોટી રકમ આપવી પડે અને જે ખેડૂતો કોર્ટમાં ન જાય, માગણી ન કરે તેના માટે કોઈ જોગવાઈ ન થાય. મારે આપના મારફત વિનંતી કરવાની છે કે આ લેન્ડ એકવીઝીશનના જે રૂલ્સ છે તેને ખૂબ મોટેપાયે સુધારો કરવાની જરૂર છે. આપણે એક તરફ ઉદ્યોગગૃહોને જમીનો એવી સસ્તા ભાવે આપી દઈએ અને ખેડૂતોની પાસેથી જયારે જમીનો, એની રોજીરોટી છીનવાતી હોય ત્યારે સરકારની તિજોરી ઉપર મોટો ભાર પડે છે એમ વાત કરી અને તેને અટકાવવામાં આવે તે અન્યાય છે આ ખેડૂતો ઉપર તે પણ કરવું જોઈએ. પૂરક માગણી જે છે. પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મને એવું હતું કે આ તકનો લાભ લઈ અને નાણાંમંત્રી પણ છે અને શ્રમમંત્રીનો હવાલો સંભાળે છે અને શ્રમ મંત્રાલયની અંદર મેં જોયું કોઈ લીસ્ટની અંદર મારા હીરા ઉદ્યોગના કામદારો માટેની કોઈ જોગવાઈઓ લઈને આવ્યા છે કોઈ જગ્યાએ? ઘણી બધી જોગવાઈઓ લઈને આવ્યા અને એમાં ઉત્સવોની જોગવાઈઓ ખૂબ મોટેપાયે કરી પણ થોડાઘણા આ શ્રમ મંત્રાલયને થોડીક વધારાની જોગવાઈ કરી અને તેને આઠ દસ મહિના માટે એની રોજીરોટી ચાલુ રહે..

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ શ્રમ મંત્રાલયની કોઈ માગણી નથી. એટલે આપણે આજે જે છે જે માગણીઓ ઉપર બોલવાનું છે., જે આવેલી માગણીઓ છે તેના ઉપર.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ જ કહું છું કે માગણી નથી તેમાં માગણી લઈને આવ્યા હોત તો સારું થાત. મારી વાત એટલી જ છે. પરંતુ એમાં નાણાંમંત્રી પાસે પૈસા નથી. પણ બીજી બધી બાબતોમાં નાણાંમંત્રી પાછા ખૂબ ઉદાર થઈ જાય છે. ફકીરભાઈ આપમાં ઘણો સુધારો થયો છે.

**અધ્યક્ષશ્રી** : આપ ક્રોસ ટોક ન કરો. તેના કારણે બાકીનાને ડીસ્ટર્બન્સ થાય છે. આપને વિનંતી કરું છું. તમારે બોલવાનો, જવાબ આપવો હોય તો અર્જુનભાઈ પછી આપને તક આપું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં દરવખતે રીપીટેશન થાય છે એટલા માટે કહું છું. આપણે જોગવાઈઓ કરીએ અને જોગવાઈઓ એક તરફ જોગવાઈઓ મુજબ ખર્ચ ન થાય અને ફરી પાછા જયારે વર્ષના અંતે અબજો રૂપિયાની નવી માગણીઓ લઈને આવીએ. કારણ એ બને છે કે આકસ્મિક ખર્ચ થાય, હીરા ઉદ્યોગ મુશ્કેલીમાં હોય, નવી જાહેરાત આવે, દુષ્કાળ આવે, ધરતીકંપ આવે સમજી શકાય તેના માટે પૂરક માગણીઓ લઈને આવવું પડે. પરંતુ રાજય સરકારે જે બજેટની ફાળવણી  જે વિભાગ માટે કરી હોય તે વિભાગમાં પૂરો ખર્ચ ન થાય અને કોઈક દિવસ કોઈક મુખ્યમંત્રીશ્રીને એવી ઈચ્છા થઈ કે મારે આમાં વધારે ખર્ચ કરવો છે તો એ કારણસર લઈ આવે તો એને નાણાંકીય શિસ્ત ન કહી શકાય. આપના મારફત માનનીય નાણાંમંત્રીશ્રીને કહેવા માગું છું કે આપે જો શરૂઆતથી જ વ્યવસ્થિત મોનીટરીંગ કર્યુ હોત અને તે મોનીટીરીંગ કરવાની તમને પરવાનગી મળી હોત તો હું માનું છું કે

આટલી બધી મોટી પૂરક માગણીઓ લઈને આપે ન આવવું પડત. હું માનનીય નાણાંમંત્રીશ્રીની આ દરખાસ્ત સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, ૧૪૪ કરોડ ૨૮ લાખ ૭૩ હજારની એમાં મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. થોડી વાર પહેલા વિરોધ પક્ષના નેતા અને વિરોધ પક્ષના માજી નેતા, આ બે નેતાઓ જે વાત કરી રહ્યા હતા કે જાહેરાતો અને ફોટા છપાવવાનો મુખ્યમંત્રીને શોખ છે. મારે એમને યાદ અપાવવી છે કે આજે ગુજરાતના ન્યૂઝ પેપર ખોલીને જુઓ તો ત્રણ ત્રણ આપના નેતાઓના ખાલી ફોટા જ દેખાય છે. આ તમે છેલ્લા દસ દિવસના ફોટા જુઓ અને એની પાછળ કેટલો ખર્ચ કર્યો એટલો જો ગુજરાતના ખેડૂતના કૃષિ પાછળ જો ખર્ચ કર્યો હોત તો ગુજરાતના ખેડૂતો આબાદ થઈ જાય. કૃષિ ક્ષેત્રે જે આ ગુજરાત રાજ્યે પ્રગતિ કરી છે એ આપણે બધા જોઈ શકીએ છીએ. કારણ કે ખેતીની અંદર જે ઉત્પાદનમાં વૃદ્ધિ અને વધારો થઈ રહ્યો છે અને એની પાછળ થતો ખર્ચ કેમ બચે એના માટે આ સરકારે અને કૃષિ વિભાગે જે પ્રયત્નો કર્યા છે કે અત્યારના ખેડૂતોને પોતાના ખેતરની અંદર કયો પાક વાવવો જોઈએ, એમાં કયા પ્રકારનું કેટલા પ્રમાણમાં ખાતર નાખવું જોઈએ એના માટેના કૃષિ વર્ગ, કૃષિ રથ અને માર્ગદર્શનના કારણે જે ગામડાની અંદર ખેડૂતોને જે પાકની અંદર પહેલા ખર્ચ આવતો હતો એના કરતાં ઘટાડો થયો છે. વીઘા દીઠ ઉત્પાદનમાં અતિ વધારો થયો છે એ આપણે જોઈ શકીએ છીએ. ખાસ કરીને આ ગુજરાતની અંદર ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન હોય, સ્પ્રીન્કલર પદ્ધતિ હોય એના માટે ૫૦ ટકા સબસિડી આપી અને વધારેમાં વધારે પિયત થઈ શકે એના માટે થઈને ગુજરાતના કૃષિ વિભાગ અને સરકારે પ્રયત્નો કર્યા છે. ગામડાનો ખેડૂત શહેરની અંદર જાય અને પોતાને ઈચ્છા થાય કે મારે જંતુનાશક દવા લેવી છે, ખાતર લેવું છે એના માટેના કિસાન ક્રેડિટ કાર્ડ આપવાના પ્રયત્ન કર્યા હોય તો આ ભા.જ.પ.ની સરકારે કર્યા છે. ગામડાના ખેડૂતોને પોતાના પાકને વેચવા માટે માર્કેટ યાર્ડ સુધી જવું હોય તો એના માટેના કૃષિપથ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા. કોઈપણ માર્કેટીંગ યાર્ડ હોય એની અંદર માલની સુધારણા અને સારી રીતે રાખી શકે એના માટે પણ સબસિડીનું આયોજન કરી માર્કેટીંગ યાર્ડોને પણ અદ્યતન કરવા માટેના પ્રયત્ન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. મારે એક સૂચન પણ કરવું છે. જે ગામડાની અંદર ડામરના રોડ છે એની રોડની સાઈડમાં જે રસ્તાની જમીન ઘણી પડી હોય છે, જો રાજ્ય સરકાર એક નિર્ણય કરે કે સાઈડમાં પડેલ જમીનમાં નિલગિરિના કે સાગના ઝાડ વાવવાની છૂટ આપે અને જ્યારે રસ્તાનું કામ કરવાનું હોય કે રસ્તો પહોળો કરવાનું હોય ત્યારે આ ઝાડ કાપે તો ખેડૂતોને એની આવક મળી શકે. ગુજરાતની અંદર હાલમાં હજારો કિલોમિટરના જે રસ્તા છે, આ રસ્તાની બાજુમાં પડેલી જમીનનો જો ખેડૂતોને પૂરો ઉપયોગ કરવા દેવામાં આવે અને વન વિભાગ આમાં સંકળાઈને જો રોપા આપવામાં આવે અને આ કાર્ય કરવામાં આવે તો પ્રદૂષણની દ્રષ્ટિએ આપણને ફાયદો થાય તો આના માટે આ મારું એક સૂચન છે. આને રાજ્ય સરકાર આગળ વધારે એવી મારી લાગણી છે. ખાસ કરીને આ ગુજરાતની અંદર આ કૃષિ ઉત્પાદન વધવા પાછળના કારણો કે સિંચાઈ પદ્ધત્તિ અને ચેકડેમ અને જ્યારે ગામડામાં પહેલાના વખતમાં જે ચેકડેમો હતા એના કરતાં હજારો નવા ચેકડેમો બન્યા. આ ચેકડેમોના કારણે કૃષિ આવક અને ઉત્પાદનમાં વધારો થયો છે. ગામડાના ખેડૂતોને અદ્યતન ખેતી કરવા માટે ટ્રેકટરમાં પણ સબસિડી આપવા માટેના રાજ્ય સરકારે પ્રયત્નો કર્યા. અત્યારે પહેલા અને અત્યારના ગામડામાં કેટલો ફરક છે એ આપણે જોઈ શકીએ છીએ. મારા ટંકારા તાલુકાનું એક ગામ છે. ઉમિયાનગર આ ગામનું નામ છે. એમાં ૧૫૦ ઘર ખેડૂતોના છે. ૧૫૦ ઘરમાં દરેક પાસે એક ટ્રેકટર છે અને ઓછામાં ઓછા ૨૦૦ હીરોહોન્ડા મોટર સાઈકલ છે. તો આપણે જોઈ શકીએ છીએ કે છેલ્લા દસ વર્ષમાં ગામડામાં જે આબાદી આવી છે. કૃષિ ઉત્પાદન અને આવક વધ્યા છે. આપણે નજરે જોઈ શકીએ છીએ છતાં આ સામેના મિત્રોને એક જ દેખાય કે કાંઈ નથી, કાંઈ નથી. પણ હકીકતમાં એ વાત સાચી છે કે સામે કોંગ્રેસમાં કાંઈ નથી. તમે વિચાર કરો કે અહીંયા ગુજરાતમાં નેતાઓ ઓછા પડે છે. * (xxxxx)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## નિયમોની મર્યાદામાં ચર્ચા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન વિધાનસભાના નિયમો ૨૩૪(૩) તરફ દોરવા માગું છું. આપે પણ જાહેરાત કરી અને ૨૩૪(૩) બહુ સ્પષ્ટ છે. પૂરક અનુદાનની ચર્ચા તે અનુદાનમાં આવી જતી બાબતો પૂરતી જ મર્યાદિત રહેશે. અસલ અનુદાનો અથવા તો અનુદાનોની પાછળ અંતર્ગત નીતિ ઉપર કોઈપણ ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. માનનીય મોહનભાઈ ભાગ્યે જ બોલતા હોય છે એટલે મને થયું કે હમણાં અટકશે. પણ એ તો વન, પર્યાવરણ, વૃક્ષો, ખેડૂતો, ટ્રેકટર, હોન્ડા. આપ જોશો તો જે પૂરક માગણીઓ છે એમાં એમના આખા પ્રવચનના સ્કોપની બહાર સમગ્ર કૃષિ નીતિ ઉપર આવ્યું છે. ત્યારે એમને બીજી તકો

---

*** (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

મળવાની છે. મુખ્યમંત્રીશ્રીના વખાણ એમના એ પ્રવચનમાં કરી શકે છે. પૂરક માગણીઓમાં આપણા જે નિયમો છે એનું સન્માન થાય એ જરૂરી છે. માનનીય અર્જુનભાઈ જ્યારે એક શબ્દ બોલ્યા તો એમને રોક્યા છે તો આ અહીં પણ માનનીય પ્રદિપસિંહભાઈ અને પછી આ મોહનભાઈ આ બન્નેના પ્રવચન આપ જોશો તો આ નિયમથી વિપરીત વાતો થઈ રહી છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોહનભાઈએ કૃષિ વિકાસથી થતા ફાયદા અને એ આનુષંગિક બાબત જ છે. એમણે કોઈની ટીકા-ટિપ્પણ કરી નથી. કૃષિ વિષયકની અનુદાનની વધારાની માગણી છે એને આનુષંગિક વાત કરી છે. એટલે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનો વાંધો ગ્રાહ્ય રાખવો જોઈએ નહીં.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન વિરોધપક્ષના નેતાનો વાંધો ગ્રાહ્ય રાખવા કરતાં આ ચર્ચાની જ્યારે શરૂઆત થઈ ત્યારે મેં જે જાહેરાત કરી હતી એ જાહેરાતનો અર્થ, એ જાહેરાત નિયમ ૨૩૪(૩)ની અંદર મળેલી ચર્ચાઓ છે. પ્રશ્ન એ છે કે આપણે કયાં? પૂરક માગણીઓની ચર્ચાઓની જે મર્યાદાઓ છે એમાં પૂરક માગણીઓ માત્ર દસ જ આપણે ચર્ચામાં લેવાનું નક્કી કર્યું છે અને ૧૦ માગણીઓની અંદરથી જ એના વિષયની અંદર જે જે માગણીઓ સરકારશ્રીએ રજૂ કરી છે એ માગણીઓ ઉપર તમારે એના ટેકામાં અથવા એના વિરુદ્ધમાં વાત કરવાની છે. માનનીય નીતિનભાઈ, આપ ખૂબ અનુભવી છો અને એટલા માટે હું આપને વિનંતી કરું છું કે મારા આ આલેખન પછી આપે જે કાંઈ કહેવું હશે એની હું છૂટ આપી. પરંતુ આ વિષય એક એકેડેમિક એપ્રોચનો છે અને એકેડેમિક એપ્રોચ એ છે કે પૂરક માગણીઓ ઉપરની ચર્ચાની મર્યાદા જે નક્કી થયેલી છે તે ચર્ચાની શરૂઆતમાં એ જાહેર કરી છે. એ જ ૨૩૪-(૩)માં કહી છે અને ૨૩૪(૩) ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર રેઈસ કર્યો છે એટલા માટે ૨૩૪(૩) ઉપર આપે કંઈ કહેવાનું હોય તો હું આપને તક આપું છું. એની મર્યાદાઓની બહાર જાય ત્યારે મેં કહ્યું તેમ અર્જુનભાઈનું મેં ધ્યાન દોર્યું હતું કે આજે શ્રમ અને રોજગારની પૂરક માગણીઓમાં નથી. તેથી તમે ચર્ચામાં ન લઈ શકો. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ હતો કે જે માગણી ચર્ચા ઉપર નથી એની ચર્ચાની મર્યાદાને વિસ્તૃત કરીશું તો એની કોઈ લક્ષ્મણ રેખા રહેશે નહીં. એટલે મોહનભાઈ, આપે જે ચર્ચાની જે માગણીઓ હતી એનાથી બહાર જવાની જરૂર ન હતી.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### કોંગ્રેસ પક્ષ અને * (xxxxx) વિશે ઉલ્લેખ કરવા અંગે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય મોહનભાઈએ એમના પ્રવચનમાં કોંગ્રેસ પક્ષ અને (xxxxx) ઉલ્લેખ કર્યો અને કેટલાક વિધાનો કર્યા છે. (xxxxx) દેશના સંસદસભ્ય છે. અહીંયા ઉપસ્થિત નથી. એ એમાંથી રદ કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સિદ્ધાર્થભાઈ, પક્ષ વિશેની ટીકાઓ આ બાજુથી પણ થાય છે અને પક્ષ વિશેની વાતો આ બાજુથી થાય છે. (xxxxx) વિશેના વિશેની જે કાંઈ ઉલ્લેખ કર્યા હશે એ હું જોઈ લઈશ અને ત્યાર પછી નિર્ણય કરીશ. મોહનભાઈ, આપનો સમય પૂરો થાય છે. (અંતરાય) એક મિનિટ પણ નહીં. આપને પૂરતો સમય મળ્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણી ૯ લઈને આવ્યા છે. એને હું અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોતે પોતાના વિચારો અને દરેક વ્યકિતને, અહીં બેઠેલા સભ્યોને એનો અધિકાર છે. પરંતુ બંને બાજુથી પોત પોતાના વિચારો રજૂ થાય છે તેમાં પૂરક માગણીઓ વિષે ચર્ચા થતી હોય ત્યારે હમણાં અર્જુનભાઈએ વાત કરી હતી કે નાણા મંત્રી મોનિટરીંગ બરાબર કરતા હોત તો આ વાત ના આવત પણ મારે અર્જુનભાઈ વાત એટલા માટે યાદ અપાવવી છે કે નાણાખાતાનો હવાલો અને ગુજરાત સરકારના મંત્રી તરીકેનું બરોબર મોનિટરીંગ કરે છે ત્યારે ૧૪-૧૪ વખત બજેટ રજૂ કરી શકયા છે બાકી ના થઈ શકત. એટલા માટે હું જે વાત શિક્ષણની લઈને ઊભો થયો છું એમાં જે પૂરક માગણીઓ આવી છે એમાં ગુજરાત રાજ્યનો ભૂતકાળ જુઓ અને આજનો વર્તમાન સમય જુઓ બંનેમાં ખાસો ફરક દેખાશે. એક કુટુંબનો વડો જો કોઈ વહીવટ ચલાવતો હોય, એ ઘરની અંદર કોઈ મિલકત ઊભી કરતો હોય વધારાના પૈસા માગે તો એ કુટુંબને પૈસા પણ આપે છે. કારણ કે એની મિલકત ઊભી થતી હોય છે. એવી રીતે ગુજરાતની અંદર અમારા શિક્ષણ મંત્રી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્યના શિક્ષણ અને બાળકો માટે અને ગુજરાતની અંદર સારી મિલકત ઊભી કરી અને સારું શિક્ષણ આપવાના પ્રયત્ન કરે છે ત્યારે હું આ સરકારને અભિનંદન આપું છું અને આ માગણીઓને અનુમોદન આપું છું.

અર્જુનભાઈ આપણે બધા ગામડાઓમાંથી આવીએ છીએ, છેક છેવાડાના દરિયા કાંઠેથી આવીએ છીએ. ભૂતકાળમાં ૧૯૯૫ની અંદર મારો મત વિસ્તાર વેરાવળ છે એના બાજુના ગામની અંદર ફકત વેરાવળથી બે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કિલોમીટર હું એક ગામની મુલાકાતે ગયો ત્યારે એ ગામની અંદર મેં પૂછયું કે ભાઈ, પ્રાથમિક શાળા ક્યાં છે? ત્યારે ગામના આગેવાનો મને પ્રાથમિક શાળા બતાવવા માટે લઈ ગયા ત્યારે એક જૂનો રૂમ જર્જરિત હાલતમાં ઉપર નળિયા અને ઝાળા ચોટેલાં અને પાછલી દીવાલમાં એક મોટું બાકોરું હતું. એમ પૂછવામાં આવ્યું કે અહીંયા બાળકો કઈ રીતે બેસી શકે? ત્યારે એમ કહ્યું કે દિવસના સાફ કરીને બાળકો બેસે અને રાતના અહીંયા કૂતરા અને ભૂંડડા બેસે છે. આ હાલત આપણે આપણા બાળકોની જોઈ હતી એટલે મિત્રો કોઈ ટીકા-ટિપ્પણ કરવાનો તમારો કોઈ અધિકાર નથી. કારણે તમે ૪૦ વર્ષ શું કર્યુ છે તેનો કહેવાનો મારો મતલબ નથી. અમે કોઈની ટીકા-ટિપ્પણ કરવા ઊભા થયા નથી. અમે વાસ્તવિકતામાં જ કહેવા માગીએ છીએ. એટલા માટે કે આજે કોઈ ગામડાની અંદર જાવ તો મિત્રો નિશાળ ગોતવી ના પડે. બહારનો માણસ આવેને તો ત્યાં જ ઊભો રહે કે નિશાળનું મકાન છેને એ અલગ પ્રકારનું છે અને એ સીધો આવીને ત્યાં ઊભો રહે છે. આ મકાન છે ને એ ભાઈ નિશાળનું છે. કોઈને ગોતવાની જરૂર નથી. આ ખર્ચો થાય છે એ યોગ્ય ખર્ચો થાય છે. આજનું બાળક ૧ થી ૭ ધોરણમાં ભણતું હોય ત્યારે સ્કૂલની અંદર તમે શિક્ષક છો તો તમને બધો ખ્યાલ હશે. એટલે મારે કહેવાનું કે તમારી સ્કૂલની અંદર કોઈ બાળક આવતું હોય એમાં દીકરી હોય કે દીકરો હોય એના ટોઈલેટ માટેની કોઈ વ્યવસ્થા હતી નહિ. એને કયાં જવું એના માટેની ચિંતા હતી અને રિસેસ પડે ત્યારે કોઈને દૂર જવું પડતું હતું તો કોઈને ઘરે જવું પડતું હતું. આજની આ સરકારે દરેક સ્કૂલની અંદર સેનીટેશન ફરજિયાત બનાવ્યું છે. બાળક છે એ શાંતિથી ભણી શકે અને એની રોજી ક્રિયા છે એ વ્યવસ્થિત કરી શકે એના માટેના આ સરકારે પ્રયોગો કર્યા છે એના ભાગરૂપે કોઈ પણ સ્કૂલની અંદર જાવ ત્યારે ફર્સ્ટ કલાસ પાણીનો ટાંકો બનાવેલો હોય અને પાણીના ટાંકાની અંદર સીધું ફિલ્ટર પાણી આવતું હોય છે ત્યારે ચોખ્ખા પાણી ત્યાંના બાળકો માટે વ્યવસ્થા કરવામાં આવી છે અને બાળક આનંદથી હસતું રમતું ત્યાં પાણી પીવે છે. આજે આંખે ઊડીને આંખમાં જે કણું ખૂંચે એવો વહીવટ આપ્યો છે. તમને ખૂંચતું હોય તો મુબારક. સરકારે પારદર્શક વહીવટ આપ્યો છે. કોઈ ક્ષતિ નીકળી શકે એટલા માટે કોઈ પણ દીકરી હોય એ સાત ધોરણ એ ભણી ના શકી હોય તો એમને કદાચ અધવચ્ચેથી ઉઠી ગઈ હોય તો સરકારે એની પણ ચિંતા કરી છે એના માટે એક કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જેને આપણે કે.જી.બી..વી. તરીકે કહીએ છીએ અને એનો ગામડાઓની અંદર આ સંસ્થાઓ શરૂ થઈ છે અને આ સરકાર સો ટકા ગ્રાન્ટથી કરી છે એના ૧૦૦ ટકા સરવે થયા છે અને એની અંદર એ પૈસાઓ વપરાવાના છે ત્યારે કોઈ દીકરી ઉઠી ગઈ હશે એને કન્યા કેળવણીને જ્યારે મુખ્યમંત્રી પ્રોત્સાહન આપી રહ્યાં છે ત્યારે એ જે ત્યાં ભણી નથી શકતી એટલે ઘરના દરવાજે આવી દીકરીઓને ભણાવવા માટેની એક અલગ વ્યવસ્થા આ સરકાર કરી રહી છે. મિત્રો મારે તમને એક વાત એ પણ યાદ આપવી છે કે ગુજરાતના સમગ્ર પ્રાથમિક શિક્ષણનો સ્ટાફ કેટલો મિત્રો? ત્યારે ૧,૯૬,૦૦૦ જેવો સ્ટાફ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણી વિશે મારા વિચારો રજૂ કરવા અને આ માગણીને અનુમોદન આપવા હું ઉપસ્થિતિ થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત રાજયનો વિકાસ એ આખાય દેશમાં જ નહીં પણ દુનિયામાં પણ નોંધ લેવી પડે એ રીતે બધા ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ક્ષેત્ર છે એ એમાંનું એક બહું જ મહત્ત્વનું ક્ષેત્ર છે, અને આરોગ્યનું ક્ષેત્ર જ્યારે લોકોનું આરોગ્ય સારું હશે તો જ બીજા ક્ષેત્રોનો વિકાસ છે, એમાં લોકો પોતાનું યોગદાન આપી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યના ક્ષેત્રમાં પણ જ્યારે નિરોગી બાળ વર્ષ રાજય સરકાર ઉજવી રહી છે. તો આજનું બાળક એ આવતી કાલનો નાગરિક છે અને જો બાળકનું આરોગ્ય સારું હશે તો આપણે સૌ જાણીએ છીએ કે બાળક એ પ્રભુનું પયગંબર એવો સંદેશો લઈને આવતો હોય છે. બાળક એ એક પરમાત્માનું સ્વરૂપ હોય છે એનાથી આપણે સૌ પરિચિત છીએ અને એક કિલ્લોક કરતું બાળક જ્યારે ઘરમાં હોય છે ત્યારે આખાય ઘરનું આરોગ્ય એની તરફ કેન્દ્રીત હોય છે અને એના લીધે હૂંફાળું બનતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે થઈને બાળક ઉપર વિશેષ લક્ષ આ સરકારે અને આરોગ્ય વિભાગે આપ્યું છે એ તદ્દન યોગ્ય છે અને એના માટેની એક યોજના જે યોજના માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ સફળ થઈ છે એ યોજના છે એ ચિરંજીવી યોજના. અગાઉ સરકારી હૉસ્પિટલોમાં સુવાવડો થતી હતી અને ગરીબ માણસો પણ ત્યાં જઈ શકતા હતા. કેટલાક ગરીબ લોકોને એવું થતું હતું કે સરકારી હૉસ્પિટલમાં પૂરું લક્ષ ન અપાય, વ્યકિતગત ધ્યાન ન અપાય અને એના કારણે એ લોકોને મનમાં થતું હતું કે પ્રાયવેટ સારવાર લઈએ તો વધારે સારું થાય. અને કેટલીક જગ્યાએ સરકારી હૉસ્પિટલો ન પણ હોય એવી સ્થળો ઘણા બધા હતા તો આ ચિરંજીવી યોજના ધ્વારા પ્રાયવેટ ડૉકટરોને આમાં જોડીને કુલ મળીને ૮૬૭ જેટલા ગાયનેકોલોજીસ્ટ આખાય ગુજરાતમાં આ યોજનામાં જોડાયા છે. આ યોજનામાં જોડાઈને એ ડૉકટરો પાસે જ્યારે પ્રસૂતા બહેન જાય છે ત્યારે એને તદ્દન બધી જ સારવાર સાવ ફ્રી કરવામાં આવે છે અને સાથે સાથે આવવા જવાનું ભાડું ચૂકવવામાં આવે છે, એની સાથે એક એટેન્ડન્ટને પણ પચાસ રૂપિયા ચૂકવવામાં આવે છે. આ રીતે કુલ ૧૭૫૦/- રૂપિયા જેટલી મદદ એક સુસાવડ માટે આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે ગરીબ લોકો પણ હૉસ્પિટલમાં સુવાવડ કરવવા માટે

ગરીબ બહેનો પણ જાય છે અને આના કારણે હૉસ્પિટલ ડિલિવરીનું પ્રમાણ ખૂબ જ નોંધપાત્ર રીતે વધ્યું છે. અગાઉ ૫૭ ટકાથી વધીને ૭૭ ટકા જેટલો હૉસ્પિટલ ડિલિવરીનું પ્રમાણ થયું છે અને માનનીય અધ્યક્ષશ્રી બહુ જ મહત્ત્વની વાત એ છે કે, હૉસ્પિટલ ડિલિવરી એજ એક માત્ર ઉપાય છે કે માતા મૃત્યુંનું પ્રમાણ અને બાળ મૃત્યુંનું પ્રમાણ ઘટાડી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા એમ.બી.બી.એસ.ની. પરીક્ષા દરમિયાનનો એક કિસ્સો કહેવો છે. જ્યારે હું એમ.બી.બી.એસ.ની ગાયનેક વિભાગની પરીક્ષા આપતો હતો ત્યારે એક પ્રસૂતા બહેનની તપાસ કરવાનો કેસ મને સોંપવામાં આવ્યો. મારા જ્ઞાન પ્રમાણે મેં બધી તપાસ કરી અને પછી જ્યારે એકઝામીનર મૅડમ, ગાયનેકોલોજીસ્ટ બહેન મારી પરીક્ષા લેવા  આવ્યા અને પછી મને પૂછયું કે ડૉ. કળસરીયા તમને શું લાગે છે આ કેસમાં ? મેં કહ્યું કે બહેન બધું જ નૉર્મલ છે અને એ બહેનને ૧૫ દિવસ પછી સુવાવડ થાય એવી શક્યતા છે. તો બધું જ નૉર્મલ છે તો હવે પછી તમે શું સલાહ આપશો? એવું મને પૂછયું. મેં એમને કહ્યું કે, બધું જ બરાબર છે એટલે ઘરે સુસાવડ થાય તો કોઈ વાંધો નહીં. માનનીય અધ્યક્ષશ્રી ત્યારે તરત જ એમણે મને કહ્યું કે, ડૉ. કળસરીયા યુ કેન પ્રિડીકટ ધ હેમરેજ, પોસ્ટ પાર્ટમ ઓર પ્રી પાર્ટ હેમરેજ? એટલે એનો અર્થ એ કે સુવાવડ પહેલા કે  સુવાવડ પછી જે બ્લીડીંગ થાય ક્યારેક ખૂબ જ વધારે પ્રમાણમાં આકસ્મિક તો એ તમે જજ કરી શકો છો અત્યારે? તરત જ મારે મૅડમને કહેવું પડ્યું કે મૅડમ સોરી મારી ભૂલ છે, હું હૉસ્પિટલમાં જ સુવાવડ કરવાની સલાહ આપીશ. કારણે કે, છેલ્લી ઘડીએ ક્યારે કયા કેસમાં આવું બ્લીડીંગ થાય અને જાનનું જોખમ આવી પડે એ કહી શકાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, તો આ જે ૭૭ ટકા હૉસ્પિટલ ડિલિવરીનું પ્રમાણ થયું છે એના કારણે ઘણી બધી માતાઓના મૃત્યું થતાં અટક્યાં છે અને માતા મૃત્યું દર જે એક લાખે ૩૮૯ હતો એ ઘટીને અત્યારે ૧૭૨ સુધી આવ્યો છે અને એને સો સુધી લઈ જવાની આ સરકારની નેમ છે ૨૦૧૦ સુધીમાં. તો માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ ઘણા બધા પાસાંઓમાં આરોગ્ય ક્ષેત્રે જે કામ થયું છે, એમાં બેટી બચાવો અભિયાન, એ પણ ખૂબ જ આપણે સૌ જાણીએ છીએ કે આ કામ છે એ ખરેખર તો સામાજિક જાગૃતિનું કામ છે. સરકારે પોતાના હાથમાં લીધું અને કાયદાનું અમલીકરણ અને સાથે સાથે લોક જાગૃતિ. આપણે માનનીય અધ્યક્ષશ્રી જાણીએ છીએ કે માત્ર કડક કાયદો બનાવવાથી બધા દૂષણોને ડામી શકાતાં નથી. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો બનાવીને સોનોગ્રાફી મશીન સીલ કર્યા તો પણ છૂપી રીતે ક્યારેક ને ક્યારેક ધંધાના અર્થે, પૈસા કમાવવાના અર્થે કોઈક તબીબો પોતાની ફરજ ચૂકી અને આ રીતે જાતિ પરીક્ષણ કરતા હોય તો એને પણ કાબૂમાં લાવવા માટે લોકજાગૃતિનું અભિયાન ચલાવ્યું. આખાય રાજયમાં બેટી બચાવો યાત્રાઓ થઈ, સાયકલ યાત્રા, સ્કૂટર યાત્રા અને ફૉર વ્હીલની અંદર યાત્રાઓ અને મોટા મોટા સંમેલનો થયા અને આના કારણે જે જાગૃતિ આવી એ જાગૃતિથી ૨૦૦૪ થી ૨૦૦૮ના જે આંકડાઓ મળ્યા છે તો ૮૨૪નું પ્રમાણ હતું ૧૦૦૦ દીકરાઓની સામે ૮૨૪ દીકરીઓ જન્મ વખતે તો એમાં ૧૦૦૦ની સામે ૨૦૦૮માં ૮૮૨ એટલે આટલો નોંધપાત્ર સુધારો આપણને જોવા મળ્યો છે. એ ખરેખર બિરદાવવા જેવી રાજય સરકારની આરોગ્ય વિભાગની કામગીરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે શાળા આરોગ્ય તપાસણીમાં પણ બાળકોનું આરોગ્ય શાળાની અંદર જ તપાસાય એમાં એને કીડની, હદય અને કૅન્સર જેવી જે જીવલેણ બીમારીઓ છે એ વહેલા નોંધાય અને એ બધાજ ની તદ્દન મફત સારવાર, બીજા રાજયમાં મોકલવા પડે તો પણ બીજા રાજયમાં મોકલીને આ સારવાર કરવામાં આવી રહી છે, આ બધાને હું બિરદાવુ છું અને જે માગણીઓ લઈને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. પૂરક માગણીઓ એ આપણી આ પરંપરા દરેક સરકારોમાં હોય છે કયારેક જરૂરી ખર્ચ હોય એનો અંદાજ બાંધવામાં ન આવે મુળ બજેટમાં ત્યારે પરંતુ આ વખતે માનનીય નાણામંત્રીશ્રી જે ૬૬૬૨કરોડની પૂરક માગણીઓ લાવ્યા છે અને એમાં ૩૪૯૦કરોડના મહેસૂલી ખર્ચનો એમણે સ્વીકાર કર્યો છે નોન પ્લાનમાં અને જેની અંદર ૩૧૭૨કરોડ રૂપિયા કેપીટલ એકસપેન્ડીચરનો અંદાજ કાઢયો છે એની અંદર પણ ૨૭૦૦ કરોડ રૂપિયા નર્મદા બોન્ડને કારણે જાય તો બાકીના ૪૦૦ કરોડ રૂપિયા કરતા વધુ ખર્ચ એ કેપીટલ માટે નથી થવાનો. મહેસૂલી ખર્ચ જે નિવારી શકાય એવું હોય એ ઠેકાણે ન કરતા રાજયની પ્રજા ઉપર પૂરક બજેટ લાવી અને આ જે બોજો નાખવાનો પ્રયાસ કર્યો છે એના માટે અને હંમેશા નાણામંત્રી કહેતા હોય છે વજુભાઈ સાહેબ, કે તમે શું કર્યું હતું, તમે શું કર્યું હતું જવાબ હું આપીશ. ગયા વખતે મેં આંકડા આપ્યા હતા પછી એ સ્વીકારી લીધા હતા કે જયારે જે નિવાર્ય ખર્ચ હોય એ ખર્ચ ન કરી અને આવતા વખતે બજેટની અંદર એની કાળજી રાખવામાં આવે. ગયા વર્ષે સામાન્ય કાળજી રાખવામાં ન આવી એની જો મુલવણી કરીએ તો આ વારંવાર આપણે પૂરક બજેટની અંદર આટલું મોટું ખર્ચ સભાગૃહ સમક્ષ મંજૂરી માટે લાવવાનું ટાળી શકાય. હમણાં જ અમારા નેતાશ્રીએ કહયું કે આ કર્યું હોત તો કેમ? એટલા માટે કે આજે ધારાસભ્યની ગ્રાન્ટ વધારવા માટેની રકમ છુટી કરી હોત અને એ માગણી લઈને આવ્યા હોત તો અમે સ્વીકારત. પ્લાનીંગના સાત ટકા સુધી વિકેન્દ્રિત આયોજન માટે ખર્ચ કરવાનું હોય છે પણ આપણે બે ટકા પણ વિકેન્દ્રિત આયોજન માટે ખર્ચ કરતા નથી અને બીજા રાજયોની અંદર ધારાસભ્યોને એક કરોડ કરતાં વધુની ગ્રાન્ટ એમના વિસ્તારમાં કામ કરવા માટે સરકારી નિયમો અનુસાર આપવામાં આવે છે. એ કરતા નથી. વિધવા બહેનોના પેન્શન વધારવા માટેની માગણી નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, આપ તો નાણામંત્રી રહયા છો. પૂરક માગણીઓ અને એના ખર્ચ ઉપરની મર્યાદા ખૂબ નિશ્ચિત થયેલી છે અને એ મર્યાદાની અંદર અંદાજપત્રની સામાન્ય ચર્ચાઓ વખતે જે મુદ્દાઓ આવે એ ગઈ વખતે આપે ઉપસ્થિત કર્યા હતા એ જ મુદ્દાઓ ફરી ઉપસ્થિત થાય છે એટલે હું આપનું ધ્યાન દોરું છું કે આપ સ્પેસીફીક કઈ પૂરક માગણી ઉપર બોલો છો અને એની જ વાત કરીને એ મર્યાદામાં રહો. બાકી આ માગણીઓ રહી ગઈ અને આ બાકી રહી એ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે આપણે ચોકકસ કરીશું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ખાતાની જે પૂરક માગણીઓ છે એની અંદર માત્ર શહેરી વિસ્તાર કે મોટી સિવિલ હોસ્પિટલ માટેના જ ખર્ચની માગણીઓ આવી છે. ગ્રામ્ય વિસ્તારની આરોગ્ય સેવાઓ એટલી બધી નબળી છે અને આરોગ્ય મંત્રી હંમેશા આ ગૃહમાં સ્વીકાર કરે છે કે કેટલી જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ પૂરવા માટેની પૂરક માગણીઓ લાવવામાં આવી હોય તો અમે એને ટેકો આપીએ. ગ્રામ્ય વિસ્તારની અંદર આરોગ્ય ખાતું અગાઉના વકતાઓએ જે રીતે આરોગ્ય વિભાગના વખાણ કર્યા આજે રાજયની અંદર જે રીતે કમળાના રોગને કારણે જે ગ્રામ્ય વિસ્તારની અંદર કે અર્ધ શહેરી વિસ્તારની અંદર જે રીતે ટપોટપ મૃત્યુ થતા જાય છે એ ચિંતાનો વિષય છે. એ વિસ્તારની અંદર પુરતા પ્રમાણમાં આરોગયની સેવાઓની કાળજી લેવાઈ ન હોય તો એના કારણે પ્રીકોશન્સ લેવાયા ન હોય અને આજે એનું પ્રમાણ વધતું જાય છે અને એ પછી એના માટે થઈને વધારાના ખર્ચ માટેની આરોગ્ય વિભાગે કયારેય માગણી કરી નથી. ગયા વખતે પણ કહેવું પડયું હતું અને આ વખતે પણ કહું છું. એ જ પ્રમાણે પાણી પુરવઠાની માગણીઓમાં પણ ૭૦કરોડ રૂપિયાની વધારાના ખર્ચની માગણી એની અંદર ગ્રામીણ પાણી પુરવઠા માટે થઈને ૩૨,૪૦,૦૦,૦૦૦ રૂપિયા રેવન્યુ, મહેસૂલી ખર્ચ માટે થઈને. ગ્રામ્ય પાણી પુરવઠાની પરિસ્થિતિ એટલી બધી ખરાબ છે. આજે નર્મદાની પાઈપલાઈન એ અમારી સરકારની દેન છે. એનું ખાતમૂહુર્ત બોટાદમાં અમે કરેલું હતું. આજે ગામડાંની અંદર આ નર્મદાની પાઈપલાઈનનું પાણી દિવસો સુધી ન પહોંચી શકે અને એની વૈકલ્પિક કોઈ વ્યવસ્થા ન થાય એના માટે વધારાનું ટેન્કરનું ખર્ચ જો કરવામાં આવ્યું હોત અને એની કોઈ આમાં રજૂઆત કરવામાં આવી હોત તો અમે કહી શકત પણ એની કોઈ કાળજી લેવાતી નથી. નાગરિક પુરવઠાની અંદર ૫,૪૨,૦૦,૦૦૦ રૂપિયાની માગણી આવી છે. મારા વિસ્તારમાં ૨૦૦૨માં શ્રમજીવીઓના ઘઉં આપવા માટે હું વારંવાર રજૂઆત કરું છું એ ઘઉં આપીને જો એટલી ડિમાન્ડ આ ગૃહમાં લાવવામાં આવી હોત કારણકે શ્રમજીવીઓને દસ રૂપિયા રોજના પાંચ કિલો ઘઉંના કાપી લેવામાં આવેલા છે અને ૨૦૦૨થી હજી આ શ્રમજીવીઓને ઘઉં નાગરિક પુરવઠા વિભાગે જે પહોંચાડવાના છે, નિગમે જે પહોંચાડવાના છે એ પહોંચાડયા નથી. આપના મારફતે નાણામંત્રીશ્રીને કહેવા માગું છું કે વિભાગની સાથે તમે પરામર્શ કરો અને આવતા વખતે બજેટની અંદર આની જોગવાઈ કરીને એ ઘઉં આપવામાં આવે એવું આપના મારફત એમને સૂચન કરું છું કારણકે આ પૂરક માગણીની અંદર આ બધી વસ્તુ આવી શકે છે. કેટલીક બાબતો ડિમાન્ડમાં લખવામાં આવી નથી. કેલીમીટીઝની બાબતમાં ભુકંપ વખતે જે પાંજરાપોળોને મકાનો બનાવવા માટેની સરકારે જે કબૂલાત આપી હતી એનું પણ ગ્રાન્ટ ન હોવાને કારણે ચૂકવણું થઈ શકતું નથી તો આ ગ્રાન્ટ ચૂકવવા માટે પૂરક માગણીની અંદર લાવી શકાય. કેટલીક બાબતો અમે ધ્યાનમાં મુકીએ છીએ કે ગ્રાન્ટ જેની ન હોય એ પૂરક માગણીની અંદર માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ લાવે. આપણે એને મંજૂર કરીએ, એપ્રોપ્રીએશન બીલ પાસ કરીએ અને પછી છુટી થતી હોય છે એટલે આ વખતે એ ન આવી હોય તો પણ એના માટેની કોઈ માગણી મૂકવામાં આવે એવી આપના મારફત હું રજૂઆત કરું છું.

મહેસુલ વિભાગ તરફથી પણ જે માગણીઓ આવેલી છે એ માગણીઓમાં મહેસૂલ વિભાગ માટેની જે જમીનના વળતર માટેની કોઈ જરૂરિયાત ઉભી થઈ છે એને કારણે જુનાગઢ જિલ્લામાંથી અને એ માટે થઈને જે માગણી મૂકવામાં આવી છે. આ જમીનોનું વળતર આપવા માટેની આપણી ફરજ બની જતી હોય છે પરંતુ સાથે આ જમીનો માટેના જે પૈસા આપણે ઉઘરાવવાના હોય છે એ આપણે ઉઘરાવીએ છીએ ખરા? કેટલા ઉઘ ?રાવીએ છીએ. હમણાં જ મારા એક સવાલના જવાબમાં કચ્છનો સવાલ હતો, કચ્છ ભુજનો હતો ત્યાં જે જમીનોની ફાળવણી કરી છે એ કેટલા નીચા ભાવે કરેલી છે અને એને લીધે એની ફાળવણી કરી અને આપીએ તો એને લીધે આપણે સ્ટેમ્પડયુટીની પણ આવક થાય એટલે રાજયની આવકો આ રીતે વધી શકે. આજે કેટલીક વખત અહીંયા આવે છે કે આટલી બચત અમારી પાસે છે જેથી નવી માગણી આટલી ઓછી કરીને અમે માગણી કરીએ છીએ તો આ પણ થઈ શકયું હોત. આ રાજયની અંદર આ પરંપરા આપણી ન બની રહે અને આવતા દિવસોમાં એની કાળજી રાખવામાં આવે એવો આપના મારફતે હું અનુરોધ કરું છું અને કેટલોક નિવાર્ય ખર્ચ જે છે એ નિવારી શકાયો નથી અને એટલા માટે થઈને આ માગણી મૂકવામાં આવી છે એવું સ્પષ્ટપણે કહેવા માગું છું. એ જ રીતે અહિંયા માગણીઓની અંદર તમે સ્વર્ણીમ ગુજરાત માટે થઈ અને ખુબ મોટી માગણી મુકેલી છે. ડિમાન્ડસની અંદર ચર્ચામાં ભલે ન આવી હોય પરંતુ આ ચર્ચાની અંદર એની માગણીમાં તો આપે મુકેલી છે સ્વર્ણીમ ગુજરાત માટેની માગણીમાં અને એ ગયા વખતે બજેટમાં લઈ શકયા હોત કે આવતા વખતે. બધાને ખબર છે કે ૫૦ વર્ષ કયારે પુરા થવાનાં છે પણ એ ન લેવાય અને આ ગૃહ સમક્ષ એના માટે પણ માનનીય નાણામંત્રીશ્રીએ આવવું પડયું છે એ બજેટ બનાવતી વખતે કચાશો રાખવામાં આવતી હોય એ કચાશો ન રાખવામાં આવે કારણકે બજેટ ઉપરની વિસ્તૃત ચર્ચા જયારે થાય, અત્યારે અમારો સ્કોપ બહુ લીમીટેડ બની જતો હોય છે.

આજે ગૃહ માગણીઓ લઈને આવેલું હોય છે અને માગણીઓ લઈને આવેલું હોય છે અને પરંપરા પ્રમાણે આપણે એને ચર્ચા પછી મંજૂરી પણ આપતા હોઈએ છીએ.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી લઈએ આવ્યા છે. એમાં માગણી નં. ૬૭ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણી ઉપર હું ચર્ચા કરવા માટે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી નં. ૬૭ માં મહેસૂલી ખર્ચ ૩૨ કરોડ ૪૦ લાખ અને મૂડી ખર્ચ ૩૭ કરોડ ૬૦ લાખ જે છે એ આ માગણી પૂરક માગણીની જરૂર એટલા માટે પડી કે રાજ્યમાં અનેક એવા વિસ્તારો હતા, કે જેમાં પીવાના પાણીની ખૂબ જ મુશ્કેલીઓ હતી અને એમાં જે ચાલુ યોજના છે, એ યોજનાઓ સમયસર પૂર્ણ થાય, એટલા માટે જે પૂરક માગણી નં. ૬૭ છે, એમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ એમાં પાણી પુરવઠાની જે કામગીરી છે એમાં વાત કરવાની છે. માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહ કહેતા હતા કે આ નર્મદા કેનાલ આધારિત પાઈપલાઈન યોજના છે એ અમારી દેણ છે. તમારી દેણ એવી છે કે વર્ષોથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના લોકો નર્મદાના પાણી આવશે, આવશે એની રાહ જોવામાં થાકી ગયા. વર્ષોથી વાતો થતી હતી, પણ એમાં કોઈપણ જાતની કામગીરી કરી નહોતી અને છતા એમ કહે અમારી દેણ છે. આ સરકારે ૧૬૯૦ કિ.મી. ની લાંબી ૫૩૧૫ ગામો અને ૧૦૧ શહેરો સરદાર સરોવર કેનાલ આધારિત યોજના હેઠળ ૪૩૧૮ ગામોને સુઝલામ સુફલામ યોજના હેઠળ આવરી લઈને આ ગામોને ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં પીવાના પાણીની તકલીફ હતી, એવા વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે તા. ૩૧-૧-૨૦૦૯ ની સ્થિતિએ એવા ૧૬૯૦ કિ.મી. જેટલી લાંબી પાઈપલાઈનની કામગીરી વર્તમાન સરકારે પૂરી કરી છે અને ૪૭૯૯ ગામોને આવરી લેતી એંસી ગ્રૂપ યોજનાનાં કામ શરૂ કર્યાં છે. સુઝલામ સુફલામ યોજના પણ રાજ્યના ૧૦ જિલ્લાઓ કે જ્યાં અતિ પીવાના પાણીની મુશ્કેલીવાળા જિલ્લા છે એવા જિલ્લાઓના ૪૩૧૮ ગામોની ૩૨ જેટલી યોજનાઓમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા માટે ૨૪૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને કચ્છ જિલ્લાને આવરી લેવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ સુખડિયા. વજુભાઈ આપને કુલ કેટલી મિનિટ જોઈશે? એટલે મને સમય ફાળવતાં ફાવે. તમારે કેટલો સમય જોઈશે.

**શ્રી વજુભાઈ વાળા** : ૨૦ મિનિટ.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને મહેસુલ મંત્રીશ્રી જિલ્લા વહીવટ માટે ૩૩કરોડ ૬ લાખ અને ૬હજારની પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમને હું મારું પૂરું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ મારે આ જ વાંધો છે કે તમે એમને ઉશ્કેરો અને ઠપકો મારે નીતિનભાઈને આપવો પડે છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાગરિકોને સમગ્ર રાજયના જિલ્લા વહીવટીતંત્રમાં જે ચેતનવંતી કામગીરી થઈ રહી છે તેનો અહેસાસ થઈ રહયો છે તેનાથી સમગ્ર રાજયની જનતાને ખૂબ આનંદ અને એક સારા વહીવટની લાગણી દેખાઈ રહી છે. પ્રજાના કામોના ઝડપથી નિકાલ માટે તથા ઝડપી સમયમર્યાદામાં પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે ચોકકસ વ્યવસ્થાઓ જિલ્લાતંત્રમાં ગોઠવવામાં આવી છે. સાથેસાથે દરેક જિલ્લા કેન્દ્ર ઉપર આધુનિક જનસેવા કેન્દ્રો રચવામાં આવ્યા છે અને સાથે જીસ્વાન પર પણ વિસ્તૃત સમજ મળી રહે એ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને આના કારણે થઈને જ તલાટીઓ કે મામલતદારો જેના માટે કાપ દરખાસ્ત મૂકવામાં આવી છે તેના ઉપર મિત્રોનો હું ધ્યાન દોરું છું કે આ બધી કામગીરી સુગમ થઈ પડે તે માટે થઈને ઈ-ધરા, જીસ્વાન વગેરે સિસ્ટમનો લાભ લઈને પ્રજાને ઝડપથી આપણે તમામ સગવડો આપી રહયા છે ત્યારે આ જે પૂરક માગણીઓ મહેસૂલ વિભાગ પરની લઈને માનનીય નાણામંતીશ્રી આવ્યા છે, તેમને હું સમર્થન કરું છું, આ ઈ-ધરા, જીસ્વાન અને જનસેવાના કેન્દ્રના માધ્યમથી જે પ્રકારની કામગીરી અગાઉ તલાટીઓ અને મામલતદારોને કરવી પડતી હતી એમાં ઘણી રાહત મળી છે અને તેઓ પોતાની કામગીરી વિસ્તૃત રીતે કરી શકે એ માટે થઈને પણ વધારે સારી કામગીરી એ લોકો તંત્રમાં આપી શકે છે. સાથેસાથે આ કામ માટે થઈને નવી ૧૮૦૦ જગ્યા ઉભી કરવામાં આવી રહી છે એના માટે પણ ફંડની જરૂર છે અને તેના માટે થઈને આ પૂરક માગણીઓનું હું સમર્થન કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક ૮૬ માર્ગ અને મકાન વિભાગની લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ગયા વર્ષોમાં પૂરથી રસ્તાઓને નુકસાન થયું હતું એ રસ્તાઓને બારમાસી રસ્તા કરવા માટે ડૂબમાં જતા રસ્તાઓને ઉંચા કરવા અને ત્યાં પૂલો અને કોઝવે બનાવીને પ્રજાને હાલાકી ના પડે અને આ રસ્તા બારમાસી થાય તે માટેની વ્યવસ્થા ઉભી કરી. સાથે સાથે ટીસ્યુ ૧૦ હજાર હોય અથવા તેથી વધુ હોય તો ત્યાં ૭ મિટરની પહોળાઈના રસ્તા કરવા માટેનો જે નિર્ણય કર્યો, બીજું નાણામંત્રીશ્રીએ

ડેન્સિટી જાણવા માટે ખાસ કરીને એની ઘનતા જાણવા માટે વ્યવસ્થા કરી અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડેન્સિટોમિટરની વ્યવસ્થા કરી અને ખાસ કરીને એની કવોલિટી જળવાય એ માટે રિબાઉન્ડ હેમર નામની ગન કે જે રસ્તા ઉપર મૂકવાને કારણે એને તોડવો ના પડે અને એની કવોલિટી એટલે કે એમાં સિમેન્ટ, કોંન્ક્રીટ અને ડામરનો કેટલો ભાગ છે એ જાણી શકાય એ માટેની વ્યવસ્થા કરી  એ હું માનું છું કે આ સમય પ્રમાણે એની ખૂબ જ જરૂરિયાત હતી.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાંક સરકારી બિલ્ડિંગોમાં સોલરનો પ્રોગ્રામ કરીને સોલર આધારિત સરકારી મકાનો બને, સાથો સાથે આ મકાનોમાં કમ્પાઉન્ડમાં અને મકાનોમાંથી આવતું વરસાદી પાણી રોકવા માટે પોઝિટીવ કામો કર્યા એ બધાં પ્રજાહિતનાં કામો હતાં અને આ બાબતમાં નાણાંની વધારે જરૂરિયાત પડી અને તેમાં હું માનું છું કે આપણે બિલકૂલ સંમત થવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક ધારાસભ્યના મત વિસ્તાર દીઠ ૨૫-૨૫ લાખના રાજય અને પંચાયતના જોબ નંબર આપવામાં આવતા હતા એના કારણે પૂરતા પ્રમાણમાં કામો થઈ શકતાં નહોતાં. એટલે હવે ૭ વર્ષનો સમયગાળો જે રસ્તાઓને થયો હોય તો એ ઓટોમેટિકલી એ રસ્તાને અપગ્રેડ કરવા માટે અને એને રિપેરિંગ કરવા માટેનો સમય આવી જાય છે આ નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સાથે બીજો વિષય એ છે કે અત્યારે અત્યારે આપણી પાસે બહુ મોટા પ્રમાણમાં દરિયાકાંઠો છે અને દેશના મોટાભાગના સમુદ્ર કિનારાને પેરેરલ નેશલ હાઈવે પસાર થતા હોય છે. આપણા રાજયમાં હજુપણ ૧૦૪૦ કિલોમિટર જેટલો કોસ્ટલ હાઈવે કે જેને નેશનલ હાઈવેની અંદર અપગ્રેડ કરવા માટે માગણી કરી છે, પરંતુ ભારત સરકારે હજુસુધી એ માગણી મંજૂર કરી નથી. એને રિપેરિંગ કરવા માટે બાકીની વ્યવસ્થા તો પછી રાજય સરકારે જ કરવી પડે. સાથેસાથે રાજયના અગત્યના એવા ધોરીમાર્ગો ૪૧ જેટલા જે ૫૪૮૦ કિલોમિટર લંબાઈના રસ્તાઓ જેને વારંવાર રાજય સરકારે ભારત સરકારમાં રજૂઆત કરી છે કે આને અપગ્રેડ કરવા માટે તાકીદ કરો, પરંતુ એ પણ હજુસુધી થઈ શકયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોસ્ટલ હાઈવે સિવાય બંદરો અને એને કનેકિટવીટીવાળા જે રસ્તાઓ છે એ રસ્તાઓને પણ અપગ્રેડ કરવા માટે ભારત સરકાર પાસે રજૂઆત કરી છે તો એ પણ થઈ શકયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું રાષ્ટ્રીય ધોરી માર્ગો માટે જે રાષ્ટ્રીય સંસાધનની જે ફાળવણી હોય એની અપ્રમાણસર ફાળવણીના કારણે ગુજરાતને મોટા પ્રમાણમાં અન્યાય થઈ રહ્યો છે જેના કારણે પણ આપણા રસ્તાઓ જે છે એ પ્રમાણમાં જેટલા પ્રમાણમાં જોઈએ એ પ્રમાણમાં આપણે એમાં આગળ વધી શકતા નથી અને એની નાણાકીય જોગવાઈ વધારાની માગણી કરવી પડે છે. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે આ પૂરક માગણી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

**શ્રી સી.કે. રાઉલજી (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારા વિચારો વાસ્તવિક રીતે સ્વીકારે એવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ દરેક સરકાર લાવી શકે, સ્વાભાવિક છે. ગૃહના અમારા વિરોધપક્ષના નેતાએ જે વાત કરી છે તેને હું અનુમોદન આપું છું. પૂરક માગણીઓ ૫ ટકા, ૧૦ ટકા હોઈ શકે, પણ પૂરક માગણીઓ અનુક્રમ નંબર ૧૩, ૪૩, ૨, ૯, ૨૨, ૩૯, ૬૭ તેમાં લગભગ ત્રણથી ચાર વિભાગોમાં જ્યાં પૂરક માગણી વધુ બતાવવાની હોય ત્યાં ઓછી બતાવી છે અને જ્યાં ઓછી બતાવવાની હોય ત્યાં વધુ બતાવી છે. આ સરકારમાં આડેધડ ખર્ચા, ખોટું આયોજન અને વાહ-વાહ કરવા પાછળના ખોટા ખર્ચા કરવાને કારણે અમુક વિભાગોમાં આ પૂરક માગણીનું પ્રમાણ વધારે છે. મારું એ કહેવું છે કે જો કેન્દ્રની યુ.પી.એ. સરકાર સબસિડીથી માંડીને જે પૅકેજો જાહેર ન કર્યા હોત તો હું એમ માનું છું કે આ દરેક વિભાગોની પૂરક માગણીઓમાં અતિશય વધારો થાત. મારે એ જણાવવું છે કે યુ.પી.એ. સરકારે ૭૨,૦૦ જેટલી માતબર રકમનું ખેડૂતોના માટે રાહત પૅકૅજ જાહેર કર્યું. ૧૩૦૦ કરોડ વૈજનાથ કમિટીના જાહેર કર્યા. હું મારા જિલ્લાની વાત કરીશ, કારણ કે આ માગણી ક્રમાંક-૨ કૃષિ અને સહકાર વિભાગમાં છેલ્લા પાંચ વર્ષથી પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંક જે આખા હિંદુસ્તાનમાં એવો કોઈ બનાવ નથી કે સહકારી બેંક બંધ થઈ હોય. હું મુદ્દા ઉપર એટલા માટે આવું છું કે આ એ જ છે કે (અંતરાય) આ મારો સમય ખોટો બગાડે છે. વારંવાર, આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. જ્યારે માનનીય શંકરભાઈ ચૌધરી જો સરકારની વાહ વાહ કરતા હોય પણ જ્યારે યુ.પી.એ. સરકારે આટલી રકમ આપી હોય અને અમારી પંચમહાલ ડિસ્ટ્રીકટ બેંક શરૂ ન થાય, તેના માટેના કારણો શું છે? તેના માટે હું આ કહેવા માગું છું કે વૈજનાથ કમિટીના પૂરક માગણીમાં ૨૩ કરોડ અને ૭૫ લાખ રૂપિયા, હું માનનીય ગૃહને જણાવીશ કે કેન્દ્ર સરકાર તરફથી ૨૬૪ કરોડ અને ૭૬ લાખ રૂપિયા ખેડૂતોના દેવા નાબૂદીના અને ૧૪૫ કરોડ રૂપિયા જે હું પંચમહાલ જિલ્લાની વાત કરું છું. આખા ગુજરાતની વાત પછી કરીશ. ૩૪ કરોડ જેટલું સ્પેશિયલ પૅકૅજ વૈજનાથ કમિટીનું. માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી ક્રમાંક-૨માં ૧૪૪ કરોડ ૨૮ લાખ ૭૩ હજાર છે. અમારા પંચમહાલ જિલ્લાનું એકનું યુ.પી.એ.ની સરકારનું પૅકૅજ છે એ ૪૪૩ કરોડ અને ૭૬ લાખ અને એમાં આ ગુજરાત સરકારને ૭ કરોડ

રૂપિયા જેટલી રકમ જ આ બેંકમાં જમા કરવાની છે. તેમ છતાંય આ પૂરક માગણીઓમાં તેનો સમાવેશ ન થયો તેનું મને દુ:ખ છે. મારો કહેવાનો મતલબ આ ૧૪૪ ગુણ્યા ૩ કરીએ તો પણ જે યુ.પી.એ.ની સરકારનું અમારા પંચમહાલ જિલ્લામાં ૪૪૩ કરોડ અને ૭૬ કરોડનું પૅકેજ છે. તેમાં ૧૫૦ કરોડ જમા છે. તેમ છતાં આ બેંક પાંચ વર્ષથી બંધ હતી..

**અધ્યક્ષશ્રી** : આપની વાત પૂરી થાય છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી એમના વિભાગની રૂ.૪૯૨.૨૮ લાખની પૂરક માગણી લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ના વર્ષમાં આ વિભાગ માટે રૂ.૩૩૯૭.૫૫ કરોડની કુલ માગણી મંજૂર થયેલ છે. એના ઉપર રૂ. ૪૯૨.૨૯ કરોડની વધારાની પૂરક માગણી લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. શહેરી વિકાસની જે કુલ માગણી છે તે પૈકીની ૩૫૨.૬૧ કરોડની માગણીઓ રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને તેના વિકાસના કામો માટે પ્રોત્સાહિત કરવા માટેની ગ્રાન્ટ અને Urban Infrastrcuture Development Scheme for Small and Medium Towns તથા Integreated Slum and Housing Development માટેના અમલીકરણ માટેના વધારાના ખર્ચને પહોંચી વળવા માટે આ માગણી મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ રાજયની ૧૫૯ નગરપાલિકાઓને લોન અને ગ્રાન્ટ સ્વરૂપે નાણાં ઉપલબ્ધ કરાવીને આ નગપાલિકાઓની સેવાઓને વધુને વધુ કાર્યક્ષમ રીતે અમલમાં મૂકવા માટે આ રાજય સરકાર મદદ કરી રહી છે. આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં ૧૫૫.૬૧ કરોડ રૂપિયા અને બીજા તબક્કામાં ૨૮૭.૬૩ કરોડ રૂપિયા મળીને કુલ ૪૪૩.૨૪ કરોડ રૂપિયાની ગ્રાન્ટ નગરપાલિકાઓને ફાળવવામાં આવી છે. રાજયની તમામ નગરપાલિકાઓ રાજયની ગ્રાન્ટના સથવારે વિકાસના કામો કરી રહી છે. રાજય સરકાર દરેક જિલ્લામાં એક નગરપાલિકાને મોડેલ નગરપાલિકા તરીકે વિકાસ કરવા માગે છે. આ નગરપાલિકાને પ્રોત્સાહિત કરવા માટે નગરપાલિકાને ૨૫ જિલ્લામાં ૨૫ નગરપાલિકાને દરેકને રૂપિયા ત્રણ કરોડની ખાસ ગ્રાન્ટ આપીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાસ પ્રોત્સાહન આપ્યું છે. દરેક નગરપાલિકાનું સ્વપ્ન હોય છે, નગરચરોનું સ્વપ્ન હોય છે કે, એનું નગર સ્વચ્છ હોય, સુંદર હોય, સ્વસ્થ હોય, સુશિક્ષિત હોય, હરિયાળું હોય, તૃપ્ત હોય, નંદનવન હોય આ સ્વપ્નને, આ નગરપાલિકાઓના સ્વપ્નને સાકાર કરવા માટે માનનીય મંત્રીશ્રીએ રૂ.૭૫ કરોડ જેટલી ગ્રાન્ટ ફાળવી છે તે બદલ સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. નગરપાલિકાઓની સાથે સાથે મંત્રીશ્રીએ રાજયની સાત મહાનગરપાલિકાઓની આંતર માળખાકીય સુવિધા માટે પણ ચિંતા રાખી છે. રાજયમાં થઈ રહેલા ઔદ્યોગિકકરણના કારણે આ મહાનગરો વસ્તીથી ઊભરાઈ રહ્યા છે. (સમયસૂચક ઘંટડી) ૨૦૧૧ સુધીમાં શહેરી વસ્તી ૫૦ ટકા સુધી પહોંચે એવો અંદાજ છે. શહેરીકરણના ઊંચા દરના કારણે રાજયની સાત મહાનગરપાલિકાઓ આજે મોટા પડકારો ઝીલી રહી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારે બે-ત્રણ વાતો કહેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ૧૯૬૦-૬૧માં રાજયની વીજક્ષમતા ૩૧૫ મેગાવોટ હતી અને ૨૦૦૮ના અંતે ૯૮૦૦ મેગાવોટ ક્ષમતા થઈ છે ત્યારે વીજ ઉત્પાદન કરવા માટે પણ નાણાકીય જોગવાઈ ખૂબ જરૂરી છે અને આજે ૨૦૦૯માં વાઈબ્રંટ ગુજરાતમાં ૫૧૬૪૮ મેગાવોટ વીજળી ઉત્પાદન માટે ૯૯ જેટલા સમજૂતી કરાર થયા છે. માનનીય અર્જુનભાઈ પોતાના વકતવ્યમાં કહેતા હતા કે મોનીટરીંગ કર્યુ નથી. આપના દ્વારા હું જણાવવા માગું છું કે જો મોનીટરીંગ ના થયું હોય તો આ ૨૪ કલાક જયોતિગ્રામ ગામડાઓમાં ના હોત. અર્જુનભાઈ, આપનો પોપટ હજી પણ રામ બોલતો નથી. હવે કલાયમેટ ચેંજ થવાનો વારો આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રોડ અને રસ્તા હોય કે પીવાના પાણીની બાબત હોય કે ઉર્જાશકિત હોય એ બધામાં નંબર-વન થી રહ્યું છે ત્યારે ગુજરાતનો એક એક માણસ એમ કહે છે કે માનનીય મોદી સાહેબ પ્રત્યે અમને માન છે, સમગ્ર રાષ્ટ્રને પણ ઈમાન છે. પ્રજામાં વહાલું એમનું નામ છે એનું અમને સૌને પણ ગુમાન છે. આ ગુજરાતની પ્રજા કહી રહી છે. એ પ્રજા એટલા માટે કહી રહી છે કે ૨ મહીના પછી આપનું કલાયમેટ પાછું ચેંજ થવાનું છે. વાતવાતમાં આપે કેન્દ્ર સરકારે આમ કર્યુ, કેન્દ્ર સરકારે આમ કર્યુ, એમ કહો છો. હું આપના દ્વારા જણાવવા માગુ છું કે કેન્દ્ર સરકારે ગરીબોના હાડકા ચૂસી નાખ્યા છે. અટલજીની એ સરકાર હતી કે જેમાં ઘઉ ૮ રૂપિયે ગરીબોને મળતા હતા અત્યારે ૧૬ રૂપિયે કિલો ઘઉ મળતા નથી.

**અધ્યક્ષશ્રી** : જયંતીભાઈ, આપ માગણી ઉપર મર્યાદિત રહો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી એટલા માટે મૂકવા માગું છું કે આ પ્રજા કયાં પહોંચી છે એટલા માટે કહું છું.

**અધ્યક્ષશ્રી** : આપ પૂરક માગણીની અંદર જે વિષયો છે તેમાં વીજળી ઉપર બોલતા હતા, વીજળી ઉપર ચાલુ રાખો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવવધારો થયો છે એટલા માટે.. ..

**અધ્યક્ષશ્રી** : ભાવવધારાની માગણી નથી. આપ મૂળ વાત ઉપર આવો નહીં તો આપનો સમય પૂરો થાય છે .. આપનો સમય પૂરો થાય છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં શિક્ષણની પૂરક માગણી લઈને આવેલા નાણામંત્રીશ્રીના સમર્થનમાં હું મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ અપાવવું છે કે વિશ્વમાં ભારતને ગૌરવ અપાવનાર સ્વામી વિવેકાનંદજી, જેમણે યુવાનો માટે પણ બહુ સારો આદર્શ પૂરો પાડ્યો છે. સાથે સાથે મહિલા શિક્ષણ માટે પણ એમણે બહુ જ સારી વાત કરી છે. એમણે કહ્યું છે કે, " Man should not come out for imencipation for the woman. Only do one thing, give them education, leave them alone and let them solve their own problem. એટલે કે મહિલાઓના પ્રશ્નોને સુલજાવવા માટે પુરુષોએ માત્ર મહિલાઓને શિક્ષણ આપવાની જરૂર છે. પછી તેઓ પોતાની જાતે જ પોતાના પ્રશ્નો સુલજાવી શકવાની તાકાત ધરાવે છે. આવી વાત સ્વામી વિવેકાનંદજીએ કરી છે. આ જ વાતને સમર્થન આપતા આપણા આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને આદરણીય આનંદીબેન પટેલે પણ શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણીને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. મને યાદ કરાવવા દો કે આ સ્વામી વિવેકાનંદનું પૂર્વાશ્રમનું નામ હતું નરેન્દ્ર. આ એ જ નરેન્દ્ર છે કે જેમણે યુવાનો માટે આદર્શ પૂરો પાડ્યો છે. આ એ જ નરેન્દ્ર છે કે જેમણે મહિલાના શિક્ષણને પ્રાધાન્ય આપવા માટે કન્યા કેળવણી નિધિ, કન્યા કેળવણી રથ, વિદ્યા લક્ષ્મી બૉન્ડ જેવા અવનવા કાર્યક્રમો હાથ ધરી અને મહિલાને શિક્ષિત બનાવીને આજે ગુજરાતમાં ગૌરવ પ્રદાન કર્યું છે. આ વિદ્યાલક્ષ્મી બૉન્ડની વાત કરીશ. કારણ કે કન્યા કેળવણી અંગે આ ગૃહમાં ઘ ણી બધી ચર્ચાઓ થઈ ગઈ છે. પરંતુ વિદ્યાલક્ષ્મી બૉન્ડની વાત કરું તો અત્યાર સુધીમાં ૯.૬૭ લાખ જેટલા બૉન્ડ એટલે આશરે ૧૦ લાખ જેટલા બોન્ડ આપવામાં આવ્યા છે. એના માટે થઈને ૯૩.૬૭ કરોડ જેવી રકમ એટલે કે ૧૦૦ કરોડ જેવી રકમનો આ સરકારે ઉપયોગ કર્યો છે. મેં ગઈકાલે એક પેપરમાં વાંચ્યું અને એની જાહેરાતમાં લખ્યું હતું કે શોષણથી શિક્ષણ તરફ. કેન્દ્ર સરકારની એક જાહેરાત હતી. શોષણથી શિક્ષણ તરફ તો અત્યાર સુધી ૬૦-૬૦ વર્ષ સુધી શોષણ થયું હતું? હવે આ લોકોને શિક્ષણ યાદ આવ્યું છે. આ ગુજરાત સરકાર શિક્ષણ માટે પ્રતિબદ્ધ છે. મને યાદ કરાવવા દો કે ગાંધીજીના વિચારો માટે મત માગતા લોકો, જ્યારે સ્વતંત્રતા મળી અને પોતાની શિક્ષણ નીતિ બનાવી એ ગાંધીજીના વિચારો અનુસારની ન લીધી. પરંતુ મેકેલો એ જે શિક્ષણ પદ્ધતિ અપનાવી હતી એ શિક્ષણ પદ્ધતિ પોતાની સરકારની અંદર, કેન્દ્ર સરકારમાં અમલમાં મૂકી. આ મેકેલોની શિક્ષણ પદ્ધતિ કારકૂનો પેદા કરતી ફૅક્ટરી છે. આ પરીક્ષા લક્ષી શિક્ષા પદ્ધતિ બાળકોને માનસિક તનાવ આપતી શિક્ષણ પદ્ધતિ, વૈશ્વિક સ્વીકૃતિ પ્રાપ્ત નથી એવી શિક્ષણ પદ્ધતિ, રોજગાર પૂરો પાડી શકતી નથી એવી શિક્ષણ પદ્ધતિને કેન્દ્ર સરકારે પોતે અપનાવી. મને એ વાતનું ગૌરવ છે કે આ ગૃહની હું પ્રતિનિધિ અને સભ્ય છું. આની અંદર હમણાં જ શિક્ષણ નવીનીકરણ આયોગની રચના કરવામાં આવી. આ શિક્ષણ નવીનીકરણ આયોગના કારણે આપણો ગુજરાતનો યુવાન, ગુજરાતનો શિક્ષણ ચાહતો યુવાન જે શિક્ષણ પ્રાપ્ત કરવાનો છે એ સ્કીલ ઓરીએન્ટેડ હશે. બાળક કેન્દ્રિત હશે અને તમામ ક્ષેત્રે આગળ વધી શકતું હશે. હું પૂરક માગણીઓને મારું સમર્થન આપું છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણીઓ આવી છે એનો વિરોધ શા માટે કરું છું એ કહું. ખરેખર સાહેબ કૃષિક્ષેત્રે રથયાત્રાઓ કાઢે અને આ પૂરક માગણીઓ હોય તો હું તેની સાથે સંમત નથી. માત્ર કૃષિ રથયાત્રાથી ખેડૂતોનું ભલું નહિ થાય. ખેડૂતોના દેવા માફીથી ઉદ્ધાર થશે. બાકીના ખેડૂતોના જે દેવા બાકી છે એ માફ થવા જોઈએ. ખેડૂતોને ઓજારો આપવામાં આવે છે. તાલુકા પંચાયતમાં ઈલેક્ટ્રીક મોટર અને ખેતીના ઓજારો માટે જે સબસિડીઓ છે એ ૩-૩ વર્ષ સુધી અને ૪-૪ વર્ષ સુધી ચૂકવાતી નથી. આજે તાલુકા પંચાયતમાં આવી સબસિડીઓને આધારે ખેડૂતો દેવાદાર થઈ રહ્યા છે. ખેત ઓજારો ખરીદ્યાં પછી સબસિડી નથી એના માટે જો આ પૂરક માગણીઓ હોતને તો હું સંમત થતા. પણ આ થતું નથી. પંચમહાલ ડિસ્ટ્રીકટ બેંક માટે જો આમાં પૂરક માગણી હોત તો હું સંમત થાત. સી.કે. રાઉલજી સાહેબે પણ આમાં કહ્યું એમાં સૂર પુરાવું છું કારણ કે એમનું જીવન મંડળીઓ અને બેંક સાથે સંકળાયેલું છે. એટલે ખેડૂતોનું જો હિત હોત તો અમે સંમત થાત. ખેડૂતના કૂવા ઊંડા કરવાની વાત પણ કોઈ સરકાર વિચારતી નથી. ખેડૂતોની પિયત સહકારી મંડળીઓમાં હું આ વીજળી ઉપર વાત કરું છું, મંડળીમાં ૧૦૦ થી ૧૫૦ ખેડૂતો હોય છે એને ૮ કલાક વીજળી મળે તો એક ખેડૂતના ભાગે કેટલી વીજળી આવે? એની ઊર્જા મંત્રીને ખબર નથી. મહિનામાં એકવારો આવે કે બેવારો ખેડૂતનો આવે અને ખેડૂતોના પાક સુકાઈ જાય એ પંચમહાલના ખેડૂતો શું દશા છે કે દાહોદના ખેડૂતોની શું દશા છે? એની ઊર્જા મંત્રીને ખબર નથી. આ માટે ખરેખર માગણી લાવવાની જરૂર હતી. શહેરોમાં અને ગામડામાં જે આદિવાસીઓ અને ગરીબો જે વસી રહ્યાં છે એમના જે ઝૂંપડા છે એમાં વીજળી આપવાની વાત નથી. એમને સુવિધા આપવાની વાત નથી. એમને રહેવા માટેની વાત છે નહિ.

બીજું સાહેબ, દાહોદ જિલ્લામાં આનાવારી પણ થતી નથી અને આજે પરિસ્થિતિ એવી છે કે લોકોને પીવાના પાણીના ફાં ફાં પડે, હેન્ડપંપ રિપેર થતા નથી એની પણ આમાં વાત નથી. એ સિવાયની પોલીસોમાં, ચોરી-લૂંટફાટ રોકવા માટે પોલીસની ભરતી કરવામાં આવી નથી. આ જે પૂરક માગણીઓ આવી છે એનો વિરોધ કરીને હું બેસું છું.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**
**સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરે એકવાર ભારતીય સંસદમાં કહ્યું હતું કે હમ ચિલ્લા ચિલ્લાકર કહતે હૈ કી મેરા ભારત મહાન, અગર મેરા ભારત મહાન તો ઈસ દેશમે ક્યું હોતા હે ઔરતકા અપમાન. જિસ દેશમે નારી જાતિકો જન્મ લેનેસે પહેલે હી ખત્મ કર દિયા જાતા હો, જિસ દેશમે નારી સ્વતંત્રતા કે નારે લગાયે જાતે હો, ઓર ઔરત કો જિંદા જલાયા જાતા હો, જિસ દેશમે મા કી પુજા હોતી હો ઓર બહુ કો ઝેર દિયા જાતા હો, અરે, જિસ દેશમે ઔરતકો શિક્ષા દેને સે બજાએ, પતિકી મોત પર સતી હોનેકી સજા દિ જાતી હો, ઊસ દેશ કો મહાન કહેના દુર્ભાગ્યકી બાત હોગી, અગર હિન્દુસ્તાન કો વાસ્તવિક તૌર પર મહાન બનના હૈ, તો ઈસ દેશ કી નારી શક્તિકી રક્ષા, ઉત્થાન ઔર પ્રગતિ, વિકાસકે લિયે ઠોસ કદમ ઉઠાને હોંગે. દલિતો, પીડિતો અને શોષિતોના મસીહા સ્ત્રીઓના મુકિતદાતા અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની આ વેદનાને સંવેદનામાં ફેરવવાનું પુણ્યશાળી કામ જો ભારત દેશમાં કોઈએ કર્યુ હોય તો તે અમારી ભારતીય જનતા પાર્ટીના ગુજરાત સરકારના દીર્ઘદ્રષ્ટા માનનીય નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. શિક્ષણથી વંચિત અને અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકતા ગરીબ, દલિત, પીડિત અને શોષિત સમગ્ર શિક્ષણરૂપી જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું સૌથી વધુ શ્રેય જો કોઈના ફાળે જાય તો એ ગુજરાતના ક્રાંતિકારી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કે જેણે દલિતોના મસીહા, ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા 'શિક્ષત બનો' સૂત્રને વાસ્તવિક અર્થમાં સાકાર કરવાની પહેલ ગુજરાતમાં કરી સમગ્ર ભારત વર્ષને નવી પ્રેરણા પૂરી પાડી છે. શિક્ષણના માધ્યમથી દરેક સમાજના ઉત્થાન, પ્રગતિ અને વિકાસ માટે અમારી સરકારે ઘણી ક્રાંતિકારી અને કલ્યાણકારી યોજના અમલી બનાવી છે. ગુજરાતના ગામડાના ગરીબ ઘરના દીકરા, દીકરીઓને પૈસાના અભાવે અભ્યાસ છોડી દેવો પડતો આ વાતની ચિંતા અત્યાર સુધીની કોઈ સરકારે કયારેય કરી નહોતી. અમારી સરકારે અભ્યાસ અર્થે વિદેશ જવા માટે રૂપિયા ૧૦ લાખ જેટલી મોટી રકમની લોન યોજનાના કારણે આજે ગુજરાતના દલિત સમાજના ૩૦૫ વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં ૬૧ મહિલાઓનો સમાવેશ થાય છે. આટલું જ નહિ અમારી સરકારે કોમર્શિયલ પાયલોટના અભ્યાસ માટે રૂપિયા ૧૫ લાખ જેટલી માતબર રકમની લોન યોજનાનું સુંદર આયોજન કર્યુ છે, માનનીય નાણામંત્રીશ્રી જે શિક્ષણ વિભાગની પૂરક માગણી લઈને આવ્યા છે તેને હું અભિનંદન આપું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ૩૯,૨૧,૯૮,૦૦૦ ની પૂરક માગણી લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું. સર્વે ભવન્તુ સુખીનાહ, સર્વ સંતો નિરામય. એટલે કે વિશ્વના સર્વે માણસો સુખી, તંદુરસ્ત જીવન જીવે અને સૌનું આરોગ્ય સારું રહે. પ્રિવન્સન ઈઝ બેટર ધેન ક્યોર. એટલે કે રોગ થાય નહિ તેની સાવચેતી રાખવી અને આપણા મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે નિર્મળ ગુજરાત અને સ્વચ્છ ગુજરાત એવું સૂત્ર આપ્યું છે. અનાદી કાળથી ચાલતો ટી.બી. રોગ એ રાજરોગ ગણાય છે. અભિસાધ્ય એવો લેપ્રોસી, મચ્છરોથી ફેલાતો મેલરીયા, વાયરસથી ફેલાતો પોલિયો જેવા રોગોથી બચવા આપણી સરકારે કટિબદ્ધ પ્રયાસો કર્યા છે. બીજું ખાસ એ કે આપણી સરકાર ચિરંજીવી યોજના દાખલ કરી છે. તેમાં કુપોષણ બહેનોને સુખડીનો આહાર અપાય છે. આપણા મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે ચિરંજીવી યોજનામાં મહિલાઓની સલામતી માટે ડૉક્ટરો સ્ત્રીઓની સલામત પ્રસૂતિ કરાવે અને સિઝેરિયન મફત થાય છે. ૧૦૮ એમ્બ્યુલન્સ એ માનવ સેવા માટે મસીહા સાબિત થઈ છે. લોકજાગૃતિનું અભિયાન છેડી આ લોકો આ યજ્ઞમાં જોડાય છે, તે બદલ હું માનનીય મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબે તંદુરસ્ત બાળક જન્મે એવું સૂત્ર આપ્યું છે અને તંદુરસ્ત બાળક આવતીકાલનું દેશનું ભવિષ્ય છે. માટે જો માતા જ કુપોષણ વાળી હોય, એનીમીક હોય અને તેનું સ્વાસ્થ્ય નબળું હોય તો તંદુરસ્ત બાળકને કેવી રીતે જન્મ આપી શકે? તેના માટે સરકારે પૌષ્ટિક આહાર અને આર્યનની ગોળીઓ પણ મફત આપવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા એક વર્ષમાં ૧૧ લાખ બાળકોને બી.સી.જી, ડી.પી.ટી અને પોલીયોની રસી અપાઈ છે. સ્ત્રી ભૃણ હત્યા તે પાપ છે. સેવ ધી ગર્લ ચાઈલ્ડ એટલે કે બેટી બચાવો એવું સૂત્ર આપ્યું છે. તેના માટે આપણી સરકારે તબીબોના સોનોગ્રાફી મશીનો સીલ કર્યા છે અને આનું પુણ્ય માનનીય મોદી સાહેબ કમાઈ રહયા છે. જટીલ ગણાતા રોગો જેવા કે કેન્સર, બી.પી., ડાયાબીટીશ, અંધત્વ, માનસિક બિમારી જેવા રોગોને કાબૂમાં લેવા આપણી જિલ્લાની સરકારી હોસ્પિટલો કાર્યરત છે. કેન્સરમાં લગભગ ૯૭૦ દર્દીઓને મફત દવા અપાય છે અને કેન્સરના મોટા મોટા ઓપરેશન પણ થયા છે. ખાસ એ કહેવાનું કે થેલેસેમીયા, એટલે

કે બાળકને જન્મથી એના શરીરમાં લોહી ન બનતું હોય તે માટે દર મહિને, અઠવાડિયે, લોહી આપવામાં આવે છે અને બાળકને જીવીત રાખવામાં આવે છે. તેના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે આ માગણીઓમાં મુખ્યત્વે ઉર્જા વિભાગની ૯૮૫ કરોડની માગણી છે. ઉર્જા વિભાગની સ્થિતિ ગુજરાતમાં જોઈએ તો એક તો વીજળીનું ઉત્પાદન ખૂબ ઓછું થવાના કારણે રાજયમાં ખેડૂતોને સાત કલાકથી વધુ વીજળી આપવામાં આવતી નથી. આખા રાષ્ટ્રમાં સૌથી વધારે મોંઘી વીજળી જો કોઈ રાજયમાં હોય તો તે ગુજરાતમાં આપવામાં આવે છે. એ સિવાય વીજ જોડાણો ખેડૂતોને આપવામાં આવતા નથી. ડાર્કઝોનના નામે ખેડૂતોને વીજ જોડાણોથી વંચિત રાખવામાં આવે છે અને એક હજાર કરોડ જેટલી માગણી હોવા છતાં પણ રાજયના કિસાનોની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો જોવા મળતો નથી. બીજી બાજુ ખાનગી ક્ષેત્રોમાંથી મોંઘી વીજળી ખરીદવામા આવે છે અને રાજયને મોંઘીદાટ વીજળી પૂરી પાડવામાં આવે છે. આજે ગરીબી રેખા હેઠળના પરિવારો માટે વીજબીલોમાં રાહત જયારે સરકાર જાહેર કરવા તરફ જઈ રહેલી છે ત્યારે માત્ર જાહેરાત સાબીત થવાની છે. કારણકે દેશના ૨૨ કરોડ ગરીબ પરિવારો જે છે, બી.પી.એલ. હેઠળના પરિવારો છે તેના ઘરોમાં ગુજરાતમાં આજે પણ એકપણ યોજના નથી કે તેને વીજળી આપી શકાય. તેના ઘરોમાં ઈલેકટ્રીકસીટીના કનેકશન નથી તેના માટેની કોઈ યોજના આમાં જાહેર કરેલી નથી અને જયારે પૂરક માગણી આવેલી છે ત્યારે એટલી જ મારી વિનંતી છે કે આવા પરિવારોને જયાં સુધી કેન્દ્રની રાજીવ ગાંધી વિદ્યુતકરણ યોજનાની જેમ કોઈ મહત્વાકાંક્ષી યોજના ગુજરાત સરકાર આપે નહીં ત્યાં સુધી તેનો કોઈ અર્થ સાબીત થવાનો નથી. એ જ પ્રમાણે કૃષિક્ષેત્રની ૧૪૪ કરોડની પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવેલા છે. કૃષિક્ષેત્રની પરિસ્થિતિમાં જે ઉત્પાદન થયેલ છે તે ખેડૂતની મહેનત, પસીના, શકિતને આભારી છે. રાજયની સરકારે એકપણ યોજના ખેડૂત માટે બનાવેલી નથી કે તેનો સીધો ફાયદો થાય. ઓન ધી કોન્ટરરી ૭૨ હજાર કરોડની જંગી રકમ આપી અને રાજયના ખેડૂતોને કેન્દ્રની મનમોહનસિંઘની સરકારે મદદ કરવાનો પ્રયાસ કરેલો છે. એટલું જ નહીં વૈદ્યનાથન કમિટિના આધારે બંધ પડેલી મંડળીઓને પુનઃ ચાલુ કરેલ છે અને એ પ્રમાણે ભાવો આપીને રાજયના ખેડૂતોને બેઠા કરવાનો પ્રયાસ કર્યો છે. કૃષિક્ષેત્રે જે માંગણી છે તે ખૂબ જ ઓછી છે અને કિસાનો માટેની કોઈ વિચારણા રાજય સરકારે કરેલી નથી. આરોગ્ય અને તબીબી ક્ષેત્રે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ કેન્દ્રએ આપેલી છે અને અન્ય રાજયોમાં પણ પૂરી પાડેલી છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય એ એક એવું રાજય છે કે જે રાજયમાં આજે ઓછામાં ઓછા ગુના બને છે. અગાઉની સરકારો કરતાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ઓછામાં ઓછા ક્રાઈમ બને છે, ગુજરાતમાં શાંતિ રહી છે, હડતાલો બંધ થઈ છે, કારખાનાં વધારે ચાલુ થયાં છે, રોજગારી વધી છે, વિકાસ થયો છે અને આ બધું ધમધમાટ રીતે અને સારી રીતે ચાલું થયું હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આવ્યા પછી થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ ખાતાને સારી અને સુદૃઢ વ્યવસ્થા પૂરી પાડવાનું કામ કર્યુ હોય તો ગુજરાતમાં સૌ પ્રથમ નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. વર્ષો સુધી ગુનાઓનું ડિટેકશન થતું નહોતું અને આ સરકારે એના માટેનાં સારાં સાધનો વિકસાવ્યાં, લાઈ ડિટેકટર, ફોરેન્સિક લેબોરેટરીની સારામાં સારી સુવિધાથી નારકોટીકસથી કેસો શોધી કાઢવાનું કામ થતું હોય તો આ ગુજરાતની પોલીસ મારફતે આ રીતે પ્રસંશનીય કામગીરી થઈ રહી છે. આજસુધી પોલીસને જે સવલતો નહોતી અપાતી એ સવલતો પૂરતા પ્રમાણમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસવાળાને પહેલાં મોટર સાયકલ પણ નહોતી એ મોટર સાયકલ અને વાયરલેસ સેટ, પિસ્તોલ આ બધું અતંકવાદ જયારે આજે કૂદકેને ભૂસકે વધી રહ્યો છે ત્યારે ગુજરાત રાજય એક એવું રાજય છે કે એનો સક્ષમ રીતે સામનો કરવા માટે પોલીસને આ બધાં સાધનો આપીને પૂરી રીતે તૈયાર કરેલ છે. ગુજરાતની પોલીસે જે કામગીરી કરી છે એ કામગીરીના અનુસંધાનમાં આપણે એમને અભિનંદન આપીએ એટલા ઓછાં છે કારણ કે આપણે અહીંયાં બેઠેલાઓની જે રીતે સલામતી રાતદિવસ આ પોલીસના માણસો કરે છે ત્યારે તેઓ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય નાણામંત્રીશ્રીને એક વિનંતી છે કે હું જયારે આ ખાતામાંથી આવું છું ત્યારે મારું સૂચન છે કે જયારે મિલિટરીમાં સૈનિક સ્કૂલો ઉભી કરીને બાળકોને પ્રોત્સાહિત કરીને ભણવા માટેની વ્યવસ્થા કરવામા આવે છે. તથા મારી વિનંતી છે કે જયાં પોલીસ વસાહતની પોલીસ લાઈનો હોય ત્યાં સરકારે સ્કૂલો ઉભી કરીને બાળકોને સારું શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરવામાં આવે તો ખૂબ સારી રીતે ગુજરાતમાં પોલીસનું નામ ઉજજવળ થશે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નંબર ૭૮ હેઠળ જિલ્લા વહીવટ માટે ૩૩, ૧૬, ૯૬,૦૦૦/- રૂપિયાની માગણી લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે મહેસૂલ વિભાગનો પ્રશ્ન આવ્યો ત્યારે મને કહેતાં ખૂબ જ આનંદ થાય છે કે મધ્યમ વર્ગના લોકોને જે લોકો હાઉસિંગની વસાહતમાં રહેતા હતા તેવા હાઉસિંગના ૫૦ હજાર વસાહતીઓને માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જયારે આ હાઉસિંગના વસાહતીઓને પોતાની મૂળ કિંમતની રકમ ઉપર દસ્તાવેજ કરવાની વાત કરી છે અને પાવર ઓફ એટર્નીમાંથી મકાન માલિક બનાવાની વાત કરવામાં આવી છે ત્યારે એમની આ રજૂઆતને ધ્યાનમાં લીધી છે અને ૫૦ હજાર હાઉસિંગના વસાહતીઓને તેમણે જૂની જંત્રી પ્રમાણે દસ્તાવેજ કરાવી આપવાની જે મોટી તક આપી છે અને એનાથી સરકારને અગાઉ પ્રમાણે ૧૬ કરોડ મળવાના હતા તેમાં ૭ કરોડ રૂપિયાની આવા વસાહતીઓને માફ કરીને જે લાભ આપ્યો છે તે માટે માનનીય મંખ્યમંત્રીશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે અને આ સરકારને હું બિરદાવું છું કે આવા મધ્યમવર્ગ માટેનું જે કામ કરીને જનહિતનું એક કાર્ય કર્યુ છે એ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે પ્રજાને વહીવટ સરળ બનાવવા માટે મહેસૂલ વિભાગમાંથી નાગરિક અધિકાર પત્ર અને જનસેવા કેન્દ્રની સુવિધા ઉભી કરી છે અને નાગરિકોને તેના અધિકારની જાણકારી મળી રહે તે માટે અને એમના પ્રશ્નોનો સમય મર્યાદામાં નિકાલ લાવી શકાય તે માટે જિલ્લા કક્ષાએ નાગરિક અધિકાર પત્ર તૈયાર કરવામાં આવેલ છે અને પ્રજાના કામો માટે એમના પ્રશ્નોના નિકાલ માટેની સમય મર્યાદા નકકી કરવામાં આવેલ છે અને એની જાણકારી એમને ત્યાંથી મળી રહે છે અને જનસેવા કેન્દ્રમાંથી પણ આ બધી તેમને વ્યવસ્થા મળી રહે છે. જિલ્લા કલેકટરશ્રી, પ્રાંત અધિકારી અને મામલતદાર તરફથી તેમની કામગીરી અંગેની એમની અરજીઓની માહિતી એમને સરળતાથી મળી રહે એ માટે જીસ્વાન ઉપર પણ વિસ્તૃત માહિતી મૂકવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ સેવા જેમાં તલાટી, મંત્રી અને સરપંચને પણ કૉમ્પ્યુટરની ઈ-ગ્રામની ખાસ તાલીમ આપવામાં આવે છે. તેનાથી કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થતાં તેનો સીધો લાભ ગામ લોકોને થયો છે. આના માટે ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેકટીવીટી પૂરી પાડવામાં આવી છે. ઈ-ધરા કેન્દ્રો કાર્યરત થતાં ગામના ૭/૧૨ અને હક્ક પત્ર નં. ૬ કોમ્પ્યુટરાઈઝ કરેલ છે. રાજય સરકારે કરેલી સિદ્ધિઓને જોતાં રાજયના તમામ ૨૨૫ તાલુકાઓમાં તાલુકા કક્ષાએ સિટી સિવિક સૅન્ટર શરૂ કરીને તેમાં ૧૫ જેટલી જુદી જુદી બાબતોના ઉપયોગી કામો એક જ મુલાકાતમાં થાય એવી સુવિધાસભર વ્યવસ્થા કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તલાટીઓ દ્વારા પ્રજાના કામો સમયસર થાય તે માટે જરૂરી તકેદારી રાખી તલાટી સંવર્ગના કર્મચારીઓના કાર્યભારણને ધ્યાનમાં રાખીને...

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રભુભાઈ વસાવા..

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. અમારો વિસ્તાર આદિવાસી વિસ્તાર છે. ૮૫ ટકા જેટલી આદિવાસી વસતિ ધરાવે છે. અમારા આદિવાસી વિસ્તારમાં લોકો પાસે હજારો હેકટર જમીનો આવેલી છે. પરંતુ પિયતની સુવિધા ન હોવાથી આ જમીન બિન ઉપયોગી પડી રહે છે. વરસાદ ઓછો પડે ત્યારે ખેડૂતોને પારાવાર મુશ્કેલી થાય છે. અન્ય જગ્યાએ કામ ન મળવાથી આ લોકોને શહેર તરફ સ્થળાંતર કરવું પડે છે. આ લોકો સાથે એમના જે નાના બાળકો હોય છે તેમને પણ મજબૂરીથી મા-બાપ સાથે જઈને બાળ મજૂરી કરવાની ફરજ પડે છે. આવી ગંભીર પ્રકારની સમસ્યામાંથી બહાર આવવા માટે અમારા વિસ્તારના ખેડૂતો, આગેવાનો અને સરપંચશ્રીઓ વગેરેએ મળીને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. માનનીય સિંચાઈ મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. કલેક્ટર અને મામલતદારશ્રીને પણ આ સિંચાઈની સુવિધા ઉભી કરવા માટેની રજૂઆત કરી છે. અમારી મુખ્ય એક રજૂઆત ઉકાઈ ડૅમમાંથી શેરલા-ગોળધા લીંક કેનાલ જો થાય તો અમારા વિસ્તારમાં ૧૦,૦૦૦ હેકટર જમીન પિયત થઈ શકે અને કાયાપલટ થાય. આ પ્રકારની માગણી અમે કરતા આવ્યા છીએ. પણ આ સરકાર આ અમારી આદિવાસીઓની કે આદિવાસી વિસ્તારની કે આદિવાસી ખેડૂતોની કોઈ દરકાર કરતી નથી એવું લાગે છે. અમારી આ જીવાદોરી સમાન યોજનાને સિંચાઈ ખાતા મારફત પ્રાપ્ત થતી માહિતી મુજબ ૧૯૯૭માં વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, પરંતુ આ વહીવટી મંજૂરીને ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમય થવા છતાં આજ દિન સુધી બજૅટમાં કોઈ જોગવાઈ કરી નથી. આ રીતે મને લાગે છે કે અમારા આદિવાસીઓની મશ્કરી કરવામાં આવી છે. આ રીતે માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે. અમારી સમસ્યા સોલ્વ થતી નથી એટલા માટે સમર્થન આપી શકતો નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે, માગણી નં. ૧૩, ૪૩, ૨, ૯, ૨૨, ૩૯, ૬૭, ૭૮, ૮૬, ૧૦૨. આંકડાની માયાજાળમાં તો નથી પડવું પણ કુલ ૨,૫૩૫ કરોડ ૫૯ લાખ ૪૯ હજાર જેટલી પૂરક માગણીઓ લાવ્યા છે. એટલે સામાન્ય રીતે કહીએ તો મીની બજૅટ જેવું જ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાત અને વલસાડ જિલ્લાનો છેવાડાનો વિસ્તાર એટલે કે ટ્રાઈબલ પટ્ટીમાં ખાસ કરીને ગરીબોને મળતી વીજળી એટલે કે સામાન્યમાં સામાન્ય ગરીબ માણસ જેમને કુટિર જ્યોત, રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ તેમને કનેકશનો આપવામાં આવે છે. કનેકશનો આપ્યા બાદ સામાન્ય રીતે મોટી

ઈન્ડસ્ટ્રીઝ હોય તેમને ત્યાં દરોડો ન પડે પણ ગરીબ માણસોને ત્યાં જી.ઈ.બી. દ્વારા વારંવાર દરોડા પાડીને તેમને ભય ઉભો કરવામાં આવે છે. સામાન્ય રીતે એ ગરીબમાં ગરીબ માણસ વધારેમાં વધારે એક બલ્બ બાળતો હોય કે એની એક ટયૂબલાઈટ સળગતી હોય પરંતુ એમને એવો ભય ઉભો કરવામાં આવે છે કે ખૂબ મોટા ચોર હોય એવી રીતે એ લોકોના ઉપર અડધી રાતે, મળસ્કે ત્રણ-ચાર વાગ્યે આવીને એમના ઉપર દરોડા પાડવામાં આવે છે. એટલે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ બાબત સામાન્યમાં સામાન્ય ગરીબ કદાચ એક બલ્બની ચોરી કરી શકે પણ ઝાઝા યુનિટોની ચોરી કરી શકતો નથી. તે જ પ્રમાણે માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ટ્રાઈબલ આદિજાતિ વિકાસ મંડળ એટલે કે પાણી પુરવઠા ૨૨-૧૫, ૪૨-૧૫ની જે યોજનાઓ છે એ યોજનાઓ થકી આદિજાતિ વિકાસ મંડળની અંદર મિટિંગ કરવામાં આવે.અને એના કામો સરકારમાં વહિવટી પ્રક્રિયા માટે મોકલવામાં આવે છે. તો કમસે કમ બે-બે વર્ષ વીતી જાય છે. એ કામમાં ખૂબજ વિલંબ થાય છે. એના કારણે ગામડાના આદિવાસીઓને પીવાના પાણીની સુવિધા મળવી જોઈએ એ મળતી નથી. હું એમ માનું છું કે, આ સરકારને એક નવો વિભાગ ઊભો કરવાની જરૂર પડશે. કારણ કે, અધિકારીઓ છે એ મંડપ ઉતારવામાંથી ઊંચા આવતા નથી. એની નવી શાખા ઊભી કરવાની જરૂર પડશે.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક-૮૬ માર્ગ અને પુલની મહેસૂલ માટે રૂ.૧,૪૬,૮૧,૧૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૨૫,૫૦,૩૫,૦૦૦/-ની જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નાણામંત્રીશ્રી માગણીઓ લઈને આવતા હોય ત્યારે સ્વાભાવિક છે કે આખા રાજયમાં ખૂબ સારાં કામ થતાં હોય, માર્ગ અને મકાનના કામ જોર શોરથી ચાલતા હોય ત્યારે દુ:ખની વાત છે કે, અમારા વિરોધપક્ષના મિત્રો કાપદરખાસ્તો લાવે. કાપદરખાસ્તો શું કામ? માર્ગ અને મકાન વિભાગ જ્યારે આટલું સારું કામ કરી રહ્યું છે ત્યારે મને ગૌરવ સાથે કહેવાનું મન થાય છે કે, વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ એમનું પ્રવચન આપી રહ્યા હતા ત્યારે ગાંધીજીની મુલવણી પોતે કરતા હતા. ગાંધીજીનું પુસ્તક વાંચીને ગાંધીજીની ચિંતા હતી એ ચિંતા ૪૫ વર્ષમાં પણ આ લોકોએ પાર પાડી શક્યા નથી. ફક્ત એવી વાતો કરીને ગરીબોની પાસે મત માગતા હતા.

**અધ્યક્ષશ્રી** : જનરલ પ્રવચનના બદલે આપ માગણીઓ ઉપર બોલો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ જ્યારે રાજયના નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે માર્ગોના વિકાસ માટેનું આયોજન કર્યું છે. થોડા દિવસો પહેલાં માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ મારા વિસ્તારમાં અને જિલ્લામાં આવ્યા હતા ત્યારે એમણે એક સાથે રૂપિયા સિત્તેર કરોડના કામોનો શુભારંભ કરાવ્યો હતો. (અંતરાય) આમ રાજયના વિકાસમાં માર્ગોનું ખૂબ જ મહત્ત્વ રહેલ છે એટલે આ પૂરક માગણીઓને હું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંક- ૧૦૨ માટે મહેસૂલ ખર્ચના રૂ.૪,૯૨,૨૮,૯૮,૦૦૦/- લઈને આવ્યા છે, એનું સમર્થન કરવા અને તેના વિશે ચર્ચા કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે કે, ગુજરાત રાજય છે એ વિકસિત દેશોની હરોળમાં આવે અને ગુજરાતના શહેરોનો વિકાસ થાય. નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં ગુજરાત રાજયના શહેરોનો સુનિયોજીત વિકાસ થાય અને એની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે આ બજૅટની પૂરક માગણીઓ આવી છે એ વાજબી છે. ગુજરાતની ૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૯ નગરપાલિકાઓનો વિકાસ થાય એવું એમાં આયોજન છે. આ ૧૫૯ જે નગરપાલિકાઓ છે એ દરેકમાં એક સુંદર તળાવનું માળખું વિકાસ પામે, અને એ માટે દરેક તળાવ માટે ૨૫ લાખની યોજના અને જિલ્લાના એક તળાવને ૨૫ લાખના ખર્ચે સુવિધાયુકત તળાવ બને એ માટે જ્યારે આ યોજના લઈને આવ્યા છે ત્યારે ગુજરાતના નગરો સુનીયોજિત થાય એ માટે માનનીય શહેરી વિકાસ મંત્રી સપ્ટેંબર મહીનામાં ટેકનોસાથીનો જે પ્રોગ્રામ લઈને આવ્યા છે એનાથી ગુજરાતની જે નગરપાલિકાઓ છે એ નગરપાલિકાઓનો સુનીયોજિત વિકાસ થશે અને જે ટૅક્નૉલૉજીના વિદ્યાર્થીઓ છે. એમને અભ્યાસની સાથેસાથે એમને આ અનુભવ પણ મળશે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક બજૅટ લઈને આવ્યા છે એમને હું અનુમોદન આપુ છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વજુભાઈ કૃષિ વિભાગની ૧૪૪ કરોડ ૨૮લાખ ૭૩હજારની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમના સમર્થનમાં હું બોલવા ઉભો થયો છું. એવા કોર્ટોમાં કેસ થતા હોય એના માટે પણ જોગવાઈ કરવી પડતી હોય ત્યારે કોર્ટના હુકમનામાની ચૂકવણી કરવા માટે પણ પૂરક બજેટમાં ૧૫હજારની રકમ ફાળવી છે. પાક વીમા માટે મોટામાં મોટો મુંઝવતો પ્રશ્ન પાક વીમાનો હોય અને એમાં પણ ૧૪૬ કરોડ ૪૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે એમાં પાક જ્યારે નિષ્ફળ જતો હોય, ખેડૂત નિરાશ થતો હોય ત્યારે વીમો ઉતરાવ્યો હોય ત્યારે એને એક આશાના કેન્દ્રરૂપે મળતું હોય છે એના પ્રોત્સાહન રૂપે જોઈએ તો આ રાજયમાં ૨૦૦૧-૦૨માં ૧૪હજાર કરોડનું ઉત્પાદન હતું પણ સરકારના પ્રોત્સાહન નીતિથી ૨૦૦૭-૦૮માં આપણે ૪૮કરોડ સુધી પહોંચી શક્યા છીએ એ નાની સૂની વાત નથી. હંમેશા કોઈપણ

ખેડૂત સદ્ધર હશે, ખેતી સદ્ધર હશે તો વૃદ્ધિદર પણ ગુજરાત રાજયનો વધવાનો, આપણે બીજા રાજયો કરતાં ખેતીમાં ખૂબ જ આગળ હરણફાળ કરી છે. ૧૪ટકાના વૃદ્ધિદરે ભારતના કોઈપણ રાજયો કરતા આપણો વૃદ્ધિદર વધુ છે. ભારત સરકારે ખેતી, તાલીમ અને પરીક્ષણ માટે પણ જોગવાઈ કરી છે કારણ કે જો એમાં જોગવાઈ ના હોય તો આપણે આ કૃષિરથ દ્વારા ખેડૂતોને જ્ઞાન આપવાની .. તાલીમ આપવાની (સમય સૂચક ઘંટડી)

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : સાહેબ, એક મિનિટ થઈ છે. તાલીમ આપવાની એમાં પણ .. ..

**અધ્યક્ષશ્રી** : અઢી મિનિટ થઈ છે. ત્રણ આપેલી છે આપને. શ્રી લાખાવાલા

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોની પૂરક માગણી નં. ૨૨ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું. ૧૯૮૬થી ગ્રાહક સુરક્ષા અધિનિયમ તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રાહકોની માગણી હતી કે એમને ન્યાયી નિર્ણયો મળે, અને એને ધ્યાનમાં રાખીને રાજય સરકારે આ ઝડપી નિર્ણય માટે અદાલતોની શરૂઆત કરી છે. આ ગ્રાહક અદાલતો પાછળનો મુખ્ય આશય એ જ છે કે ગ્રાહકોને પોતાના જે પ્રશ્નો છે એ ઓછા ખર્ચે અને ઝડપી ન્યાય મળે એ માટેનો નિર્ણય લેવામાં આવ્યો અને એના કારણે અદાલતોનું જે માળખું છે એને ત્રીસ્તરીય રીતે રાજય સરકારે કર્યુ છે. જિલ્લા ફોરમમાં સામાન્ય રીતે જે કેસો ચાલતા હોય છે એ ૨૦ લાખથી અંદરના જે કસો છે એ જિલ્લા ગ્રાહક ફોરમમાં ચાલતા હોય છે. રાજ્ય કમિશનની મુખ્ય બેન્ચ હોય છે એમાં જે કેસ ચાલતા હોય છે એ ૨૦ લાખથી એક કરોડ વચ્ચેના ચાલે છે અને ખાસ કરીને નેશનલ કમિશન જે હોય છે એ સુપ્રીમ કોર્ટના બેઝ ઉપર બનેલું હોય છે. ત્યાં એક કરોડથી ઉપરના કેસો ચાલે છે. એમાં જજની નિમણૂંક કરવામાં આવે છે એ નિવૃત્ત જજ હોય છે અથવા જિલ્લા ગ્રાહક ફોરમ હોય તો જિલ્લાના જજ એના કાર્યકારી પ્રમુખ હોય છે. ખાસ કરીને રાજ્યની કોર્ટ છે એમાં હાઈકોર્ટના જજ હોય અથવા તો હાઈકોર્ટના રિટાયર્ડ જજ હોય અને નેશનલ કોર્ટ હોય તો એમાં સુપ્રીમ કોર્ટના જજ હોય અથવા તો રિટાયર્ડ જજ હોય છે. આમાં ચાર સભ્યોની સહાયથી તેઓ કામ કરતા હોય છે. ૨૦૦૬માં ૨૬ જેટલા જિલ્લાઓમાં આ ફોરમ કાર્યરત થયાં છે અને એના કારણે ગ્રાહકોના કેસોમાં વધારો થયો છે. રાજ્ય સરકારની સૂચનાઓના કારણે એનો ઝડપી નિકાલ થઈ રહ્યો છે. ખાસ તો એ કહેવું છે કે જિલ્લા ફોરમમાં દાખલ કેસોની સંખ્યા ૧,૩૯,૩૯૨ હતી એમાંથી ૧,૧૩,૪૬૦ કેસોનો નિકાલ થયો. ૮૪ ટકા જેટલા કેસોનો નિકાલ થયો છે. રાજ્ય કમિશન છે એમાં ૨૯,૯૬૩ કેસો હતા એમાંથી ૨૪,૫૩૯ કેસોનો નિકાલ થયો એટલે ૮૧ ટકા જેટલા કેસોનો નિકાલ થયો છે. હું માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ વિશે આ સભાગૃહના ૨૭ જેટલા સન્માનનીય સભ્યશ્રીઓએ જે પોતાનાં સૂચનો અથવા તો પ્રજા માટે રાજ્ય સરકારે શું કરવું જોઈએ અથવા તો જે કાંઈ કરેલ છે એની અંદર ક્ષતિઓ છે એમાં સુધારો કરવો જોઈએ એ બાબતનું જે કહ્યું છે એમાં મારે એટલી જ સ્પષ્ટતા કરવાની કે શરૂઆતમાં આ સન્માનનીય સભાગૃહના વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહજીએ વાત કરી કે ઉત્સવોની ઉજવણી માટે પૂરક માગણી જે ૩,૪૯,૫૦,૦૦૦ ની લઈને આવ્યા છે એ માગણી બહુ વધારે છે. બજૅટ કરતી વખતે પહેલા કેમ ન લઈ આવ્યા? ગુજરાત રાજ્ય દર વર્ષે ગુજરાતના જુદા જુદા જિલ્લાઓની અંદર બે રાષ્ટ્રીય ઉત્સવો, ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઑગસ્ટ ઉજવે છે અને ગુજરાતના સ્થાપના દિન ૧લી મે પણ જુદા જુદા જિલ્લાના તાલુકા કક્ષાએ જુદી એની ઉજવણી થાય છે. જ્યારે આ ઉજવણીઓ થતી હોય ત્યારે આ રાષ્ટ્રીય પર્વની જે જગ્યાએ ઉજવણી થાય એ વિસ્તારમાં, એ જિલ્લામાં આવેલ નગરપાલિકાઓના વિકાસ માટે એક કરોડ રૂપિયા આપણે આપીએ છીએ અને એક કરોડ રૂપિયા ગ્રામ્ય વિસ્તારના લોકોની જે કાંઈ જરૂરિયાત હોય એને પૂર્ણ કરવા માટે આપણે ડી.ડી.ઓ.ના હવાલે મૂકીએ છીએ. નગરપાલિકાઓ માટે એક કરોડ રૂપિયા આપણે કલેકટરશ્રીના હવાલે મૂકીએ છીએ. આ જે રકમો મૂકીએ છીએ એમાં ચાલુ વર્ષમાં ત્રુટી રહી ગઈ હોય અને આપણે કન્ટીજન્સી ફંડમાંથી એ રકમો આપી હોય એની ક્ષતિપૂર્તિ કરવા માટે અથવા માગણીઓ છે એને રાખવા માટે આપણે ૩.૪૯ કરોડની માગણીઓ લાવ્યા છીએ. એની અંદર કોઈ ખર્ચ નથી. જે ખર્ચ છે એ વિકાસ માટે વપરાવાનો છે. બીજી વાત કરી કે માહિતી અને પ્રસારણમાં ૧.૩૬ કરોડની પૂરક માગણી લઈને આવ્યા છે. ગુજરાત રાજ્યની અંદર ગુજરાત પાક્ષિક નીકળે છે એની માગ આ વર્ષે એટલી બધી વધી ગઈ, ડિમાન્ડને પૂરી કરવા માટે થઈને એ વધુ કોપીઓ અને એનો વિસ્તાર જે વધ્યો છે, એનો પ્રસાર વધ્યો છે એને મીડ વીથ કરવા માટે થઈને ૧,૩૬,૦૦,૦૦૦ ની માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે સ્વર્ણિમ જયંતીની ઉજવણી માટે થઈને પક્ષાપક્ષીથી પર રહીને આપણે કામ કરવું જોઈએ અને જે ૧૮,૧૦,૩૮,૦૦૦ ની માગણી જે આવી છે, અમે કયારેય એવું નથી કહ્યું કે સ્વર્ણિમ ગુજરાતની અંદર ફક્ત શાસક પક્ષના લોકો જ આવે અને વિરોધપક્ષના ના આવે. ઘણી જગ્યાએ સામા પક્ષના લોકો પણ આવ્યા છે એને પણ સ્ટેજ ઉપર બેસાડયા છે એના પણ પ્રવચન થયેલા છે અને હજુ પણ હું કહ્યું છું કે જે પ્રમાણે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂચન કર્યુ છે કે નર્મદા યોજના છે એ પક્ષાપક્ષીથી પર રહી અને આ ગુજરાતના વિકાસ માટે આ યોજનામાં એક થઈને કામ કરીએ છીએ એવી રીતે સ્વર્ણિમ જયંતીની અંદર પણ એક થઈને કામ કરવું જોઈએ. એમના સૂચનને અમે આવકારીએ છીએ અને આ ગુજરાત રાજ્ય

સંસ્કારી બને અને એકને એક પ્રજાજન કાંઈક ને કાંઈક સંકલ્પ લે અને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા સાડા પાંચ કરોડ સંકલ્પ લે તો ગુજરાતની અંદર આર્થિક વિકાસ માટેની આ બાબત નથી. આ બાબત છે એ ગુજરાતની પ્રજાની સંસ્કારિતામાં વધારો કરવા માટેની છે અને એકવાર માણસે જે સંકલ્પ લીધો હોય એ સંકલ્પના આધારે એની જિંદગીભરનું જીવન સુધરી જાય છે એ નિર્વિવાદ વાત છે અને આ સંકલ્પને કારણે સમાજને પણ ફાયદો થાય છે. આપણે દાખલો આપીને ગઈકાલે જ માનનીય ફકીરભાઈએ વાત કરી કે મહાત્મા ગાંધીજીએ એક સંકલ્પ લીધો કે જ્યાં સુધી હું આ દેશને સ્વતંત્રતા નહિ અપાવું ત્યાં સુધી હું સાબરમતી આશ્રમમાં પાછો ફરીશ નહિ અને આ સંકલ્પના કારણે માણસે જે કઠિનતા ભોગવી અને કાર્ય કર્યુ તેના સારા પરિણામ આખા દેશને મળ્યા છે એવી રીતે આ સંકલ્પ યાત્રાની અંદર કોઈ શાસક પક્ષનો ઈજારો નથી, કોઈ વિરોધપક્ષ સામે વાંધો નથી. આપણે સૌ સાથે મળીને આ રીતે આનું કામ કરીએ અને એના માટે થઈને પ્રજાએ જે આવકાર આપ્યો છે, એ આવકારને પૂર પાડવા માટેની જેટલી ખર્ચની જોગવાઈ છે એ ખર્ચની જોગવાઈ એ સાર્થક નીવડવાની છે એમાં કોઈ નિરર્થક ખર્ચ નથી થવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે જે પ્રજાના પૈસે જે સ્ટેજ ગેસ્ટ હાઉસ બનાવવા માટેની વાત છે, તે અત્યારે મૂળ માગણી ૧,૨૦,૦૦,૦૦૦ ની હતી એના બદલે ૪,૮૦,૦૦,૦૦૦ ની પૂરક માગણી છે. આ જે હેડ છે એ હેડની અંદર વી.આઈ.પી અને વી.વી.આઈ.પી. માટેનું હેડ છે. પરંતુ જે ઉત્સવો આપણે ઉજવીએ છીએ એના માટેનું જે કોઈ ડાયસ હાય, પેડોલ હોય, સાઉન્ડ સિસ્ટમ હોય વગેરેનો ખર્ચ પણ આ જ હેડની અંદર જાય છે. કચ્છની અંદર રણોત્સવ કરો ત્યારે જે કાર્યક્રમના ખર્ચ થાય છે એ ખર્ચ આની અંદર પડે છે એટલે આની અંદર કોઈ બિનજરૂરી ખર્ચ વપરાય છે એવું કોઈ નથી. એ જ રીતે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે યુ.પી.એ.ની સરકારે ક્યારેય ના આપેલ રકમ આ વર્ષે આપી છે. ઈ-ગવર્નન્સ પ્લાન માટે થઈને કેન્દ્ર સરકાર પાસે આપણે આ કામગીરીનો આરંભ તો કરેલો એના માટે થઈને જે રકમની માગણી વારંવાર કરતા હતા અને આ રકમનો આપણે આપણા કન્ટીજન્સી ફંડમાંથી ખર્ચ કર્યો હતો એ રકમ ઈ-ગવર્નન્સના પ્લાન માટે થઈને ૧૦,૨૬,૨૫,૦૦૦ આ રકમ કેન્દ્ર સરકારે આપણને આપી એટલે આપણે આપેલા કન્ટજન્સી ફંડમાંથી આ રકમને હિસાબમાં સરભર કરવા માટે થઈને આ રકમ અહીં મૂકવામાં આવી છે. માનનીય અર્જુનભાઈએ પણ પોતાની વાત કરી એમાં કહ્યું કે પૂરક માગણીથી અંદર કાંઈ ૫૦ લાખના ઈનામની વાત નથી આવી, સહકાર ક્ષેત્રના વૈદ્યનાથ કમિશન માટેની વાત નથી આવી. નથી આવી એનો આપે કહ્યું એ પ્રમાણે એનો ઉલ્લેખ્ નથી. જે વાત મેં મૂકી છે એમાં કહું કે આ દેશના ખેડૂત માટેની વાત કરી કે ૭ ટકાના દરે લોન આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાત ટકાના દરે લોન આપવામાં આજની તારીખે પણ ગુજરાત રાજયમાં ઘણી સહકારી બૅન્કો જે, સદ્ધર છે એ લોકો સાત ટકાના વ્યાજે આપે છે લોન. પણ હું માનનીય અર્જુનભાઈને પણ વિનંતી કરીશ કે આપણે સાત ટકાની જાહેરાત કરે કેન્દ્ર સરકાર અને આજે જો ખેડૂતોને ધીરાણ નવ ટકાએ મળતું હોય તો બે ટકાની રાહત એ કેન્દ્ર સરકારે આપવી જોઈએ. જાહેરાત એમ કહે કે અમે ખેડૂતોને સાત ટકાએ લોન આપીશું અને પછી એ ભારણ રાજય સરકાર ઉપર મૂકે કે તમે આનું ભારણ ઉઠાવો એ રીતે નહીં. આમાં નાબાર્ડ સાથે પણ વાત થઈ છે અને એમાંથી ખેડૂતોના હિત માટે થઈને આમાંથી કોઈ રસ્તો નીકળતો હોય કે ગુજરાત રાજય સરકારે આ રકમ ભોગવીને કાંઈક આપવાનું કરવું પડે તો પણ ખેડૂતોના હિત માટે આ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બંને મળીને એ રીતે કરવું જોઈએ એમ નથી કહેતા. ઘણી યોજનાઓ છે કે, યોજનાઓમાં કેન્દ્ર સરકાર ૭૫ ટકા ભોગવે છે અને રાજય સરકાર ૨૫ ટકા ભોગવે છે. આવી યોજનાઓ હોય તો કેન્દ્ર સરકાર આ નિમિત્તે જો કોઈ રકમની જાહેરાત કરે કે આટલા જે કાંઈ તમે રાહતો આપો એ રાહતોના આટલા ટકા અમે ભોગવીશું, તો રાજય સરકાર ચોક્કસ એના માટે વિચાર કરશે. માનનીય અધ્યક્ષશ્રી, જે આંગણવાડીના બહેનો માટેની વાત કરી તો પહેલા આ યોજના છે એ રાજય સરકારની યોજના હતી. (અંતરાય) ( આ તબક્કે પ્રેક્ષક દીર્ઘામાંથી કેટલાક પ્રેક્ષકોએ પત્રિકા ફેંકી, ન્યાય આપોનો સૂત્રોચ્ચાર કરતાં)

## સભાગૃહના અવમાન અંગે

### પ્રેક્ષક ગેલેરીમાંથી પત્રિકા ફેંકવા અંગે

**અધ્યક્ષશ્રી** : જેમણે ગેલેરીમાંથી પત્રિકા ફેંકીને સભાગૃહનું અવમાન કર્યું છે. તેમને આજનો દિવસ પૂરો થતાં સુધીની સજા કરવામાં આવે અને સાર્જન્ટ એટ આર્મ્સની કસ્ટડીમાં લેવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના બહેનો માટેની આ કેન્દ્ર માટેની યોજના એ રીતે થઈ છે ચોક્કસ કોઈ પણ વ્યકિત પાસેથી કામ લેવું અને ૧૫૦૦/- રૂપિયા એને પગાર આપવો (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં ગેલીરીમાં બેસીને આ જે પત્રિકા ફેંકવામાં આવી છે એ કેવી રીતે અંદર આવ્યા, કોના નામે, કયા સભ્યના આધારે આવ્યા આ બધી જ તપાસ કરવી જોઈએ અને સભ્યશ્રી આવા લોકોને જાણી જોઈને અંદર લાવ્યા હોય તો ખૂબ ખરાબ વાત કહેવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જે કોઈ હોય તે, તપાસનો તો ચોક્કસ પ્રશ્ન છે પણ એની તપાસ ર્ક્યા પહેલાં આપણે કહેવું કે જાણી જોઈને મોકલ્યા એ યોગ્ય નથી. આ પ્રશ્ન તુરત જ આપ ઉઠાવી શક્યા હોત પરંતુ જેવું મેં નજરે જોયું હતું અને નજરે જોઈને મારા અધિકાર પ્રમાણે મેં સજા જાહેર પણ કરી છે અને આપ કહો છો એ પ્રમાણે જે સભ્ય દ્વારા પાસ અપાયા હશે એની તપાસ કરીને તેમના નામ હું સભાગૃહમાં જાહેર કરીશ.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, જે બહેનો, આંગણવાડીના બહેનો પાસેથી કામ લેવાય છે, હું તો એટલું કહીશ કે કેન્દ્ર સરકારે જે પોતાની યોજનાઓ છે એમાં કેન્દ્ર સરકારે છઠ્ઠા પગાર પંચની જ્યારે જાહેરાત કરી ત્યારે સાથો સાથ આવી યોજનાઓ હતી કે જે પાર્ટ ટાઈમ કામ કરવાવાળા હોય એને પણ કાંઈક ને કાંઈક જો વધારાની જાહેરાત કેન્દ્ર સરકારે કરી હોત જે તે વખતે તો રાજય સરકાર પણ એમાં ચોક્કસ વિચાર કરશે. પરંતુ આ સરકારનો જે અભિગમ રહ્યો છે કે, આવી રીતે જે રોજમદાર લોકો કામ કરે છે જેને ઓછો પગાર મળે છે એના માટે શું વધારો કરવો, કેટલો વધારો કરવો, ક્યારે વધારો કરવો એના માટે ચોક્કસ રાજય સરકાર આગળ પગલાં લેશે.

બીજી વાત કરી શ્રમ ઉદ્યોગ અને માટે હીરા ઉદ્યોગ માટે થઈને. માનનીય અધ્યક્ષશ્રી, જે અત્યારે મંદીના વાતાવરણમાં જે વધુ ઈફેકટેડ છે એ હીરા ઉદ્યોગ છે પણ બાકીના ઉદ્યોગો પણ ઈફેકટેડ છે જ, પરંતુ મારે એટલું જ કહેવાનું કે, હીરા ઉદ્યોગ માટે થઈને ગુજરાત રાજયમાં સમસ્ત હિન્દુસ્તાનમાં આના ઉપર વેટ લેવા માટે એક ટકાનો ટેકસ હીરા ઉદ્યોગ ઉપર નાખવો એવી વાત આખા હિન્દુસ્તાનમાં છે, પરંતુ આપણે આ એક બાબત એવી છે કે, જેની પાસે આપણે કેન્દ્ર સરકારની ભલામણ કે હાઈ પાવર કમિટિની ભલામણનો પણ સ્વીકાર નથી કર્યો. હીરા ઉદ્યોગની અંદર એક ટકો ટેકસ લાવવાને માટે સંપૂર્ણપણે આપણે ગુજરાત રાજયે આમાં માફી આપી છે. આપણે એની પાસેથી કોઈ ટેકસ નથી લેતા. હવે સવાલ એ છે કે આ હીરા ઉદ્યોગ છે એ લોકલ માર્કેટની અંદર કોઈ એનું વેચાણ નથી થતું. વેચાણ થતું હોય તો ગુજરાત રાજયની અંદર આપણને મળે તો વેટ ટેકસ મળે પણ વેટની અંદર 'ઝીરો' ટેકસ હોવાથી આપણને કોઈ રાજય સરકારને આવક નથી પરંતુ આ બાબતની અંદર હીરા ઉદ્યોગનો મોટા પ્રમાણમાં ૯૦ટકા ઉપરાંત નિકાસ થાય છે. કેન્દ્ર સરકારને કરોડો રૂપિયાનું હૂંડિયામણ આમાં મળે છે, તો કેન્દ્ર સરકારે આ એક સંપૂર્ણ યોજના જે રીતે એ ડીકલેર કરે અને એમાં રાજય સરકારે શું યોગદાન આપવાનું છે એ જો નકકી કરશે તો ચોકકસ રાજય સરકાર પણ એના માટે થઈને વિચાર કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, બાકીના સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારની અંદર અને એના માટે થઈને જે કાંઈ સૂચનો કર્યા છે એની મેં નોંધ લીધી છે, પરંતુ આ પૂરક માગણીની અંદર ન આવતા મારે વિશેષ કહેવાનું નથી. જે મુળ વાત છે કે ૨૦૦૮-૦૯ની અંદર કુલ ૯૦ પૂરક માગણી માટે થઈને ૬૭૨૯.૭૧કરોડ રૂપિયાની આ પૂરક માગણીઓ આવી છે. જે ચાલુ વર્ષનું મુળ અંદાજપત્ર હતું એ મુળ અંદાજપત્રની અંદર ૫૦૨૧૫ કરોડનું આયોજન કરવામાં આવેલું અને એમાં જયારે સુધારેલો અંદાજ કરીએ અને કુલ જે આયોજન છે એ ૫૩૬૦૨ કરોડ રૂપિયાનું અત્યારે કરવામાં આવ્યું છે એટલે અંદાજે ત્રણેક હજાર કરોડ રૂપિયાનો જે વધારો થયો એમાં ખાસ કરીને કહીએ કે આપણે જે મહેસૂલી આવક ધારી હતી. મહેસૂલી આવકનો મુળ અંદાજ હતો ૩૮૨૨૫કરોડ રૂપિયા એને બદલે આપણો જે સુધારેલો અંદાજ છે એ ૩૯૪૧૪ કરોડ એટલે કે ૧૧૮૯ કરોડ અંદાજે ૧૨૦૦કરોડ રૂપિયા આપણી મહેસૂલી આવકની અંદર વધારો થાય એટલે ટોટલ આની અંદર વધારો થાય અને પ્લાન કમિશન પાસે આપણે જે ૧૯૦૩૦ કરોડ રૂપિયાનો જે મુળ પ્લાન હતો એ પ્લાનની અંદર પ્લાનીંગ કમિશન પાસે આપણે ગયા ત્યારે એ પ્લાન છે એ ૨૧૮૬૬ કરોડનો પ્લાનીંગ કમિશને એને મંજૂરી આપી એટલે અંદાજે ૨૦૦૦કરોડ રૂપિયાની જે વધારાની મંજૂરી આપણને મળી એના કારણે પણ આ બધા જે આપણા ખર્ચના અંદાજો છે એની અંદર આપણે વધારાની રીતે એ દર્શાવેલ છે. હું ચોકકસ એટલું કહીશ કે મારી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એની અંદર

મોટાભાગની માગણીઓની અંદર ૨૭૨૦ કરોડ રૂપિયા એ નર્મદા નિગમને બોન્ડની ચૂકવણી માટે છે. આપણે હાઉસની અંદર જે બોન્ડ પરત કરવા માટેનું બીલ સર્વાનુમતે મંજૂર કર્યું હતું એના જે પૈસા ચૂકવવાના છે. જે ચૂકવાયેલા છે અને ચૂકવવાના છે એના માટે થઈને આયોજન કર્યું છે ૨૭૨૦ કરોડ રૂપિયાનું પછી વચ્ચેના સમયની અંદર ઈલેકટ્રીસીટીની અંદર ફયુઅલ જે હતું એનો ભાવ વધારો થયો, બળતણનો ભાવ વધારો થયો ત્યારે આપણે જે બળતણના ભાવ વધારાની રકમ ગ્રાહક પાસેથી લેવી જોઈએ એ ગ્રાહક પાસેથી લીધી નહીં અને એના કારણે ૫૫૬.૯૭કરોડ ગુજરાત ઉર્જા વિકાસ નિગમને કૃષિ વીજ વપરાશકારો માટે બળતણની કિંમત અને વીજ ખરીદ કરી એના માટે થઈને ચૂકવવા માટે આ પૂરક માગણીમાં સમાવેશ છે. બીજી જે વાત છે ૩૪૨કરોડ એ આપણે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને બીન કૃષિ વિષયક વીજ વપરાશકારો માટે. એક કૃષિ વિષયક વીજ વપરાશકારો અને બીન કૃષિ વપરાશકારો આ બંને માટે થઈને અંદાજે લગભગ ૯૦૦કરોડ રૂપિયાનો જે ખર્ચ વધારો હતો એ આપણે પ્રજા પાસેથી લીધો નહીં અને રાજય સરકારે જે ભોગવવો પડયો એની અંદર આનો સમાવેશ થાય છે. બાકી જે નગરપાલિકાઓના વિકાસ માટે થઈ અને બાજપાઈ નગર વિકાસ યોજના છે એના માટે થઈને૩૫૨.૬૧કરોડ રૂપિયા આપણે નગરપાલિકાઓ અને એના વિકાસ માટે આપીએ છીએ એનું આયોજન છે. ૨૬૪.૭૬કરોડ રૂપિયા એ પ્રાથમિક શિક્ષણ માટેના નિભાવ માટેના અનુદાન માટેની માગણીઓ છે.૨૭૦ કરોડ રૂપિયા સરદાર સરોવર નર્મદા નિગમને મૂડી કામ કરવા માટે થઈને એટલે એના ડેમના કામ માટે થઈને કેપિટલ કોસ્ટ માટે થઈને આપણે આપેલા છે. ૧૪૪.૨૮ કરોડ રૂપિયા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના માટે થઈને એના માટે થઈને આપ્યા છે. ૧૪૮.૮૮ કરોડ રૂપિયા પ્રાથમિક શિક્ષકોના પેન્શન અને નિવૃત્તિના લાભો માટે થઈને આ રીતે આપેલા છે અને ૧૩૬.૭૨ કરોડ રૂપિયા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશન છે, એના માટે આપ્યા છે. આ રકમ કેન્દ્ર સરકારની પણ આવેલી રકમ જે પ્લાનમાં હતી નહિ, પણ વધારાની રકમ આવી છે. એનો પણ આમાં સમાવેશ છે. કેન્દ્ર સરકારે જે કઈ રકમ વધારો આપણને આપ્યો એ વધારા ઉપરાંત જે પ્લાનિંગ માટે થઈને નવો પ્લાન માટે થઈને ગુજરાત સરકાર નવો પ્લાન મૂકે તેમ કેન્દ્ર સરકાર નવો પ્લાનિંગ મૂકે અને રાજય સરકાર એમાં સહભાગી બને તો કેન્દ્ર સરકારે આપેલી રકમ અને રાજય સરકારની સહભાગી રકમ એ બંનેનો સમાવેશ આની અંદર કરવાનો હોય છે, એટલે આ દ્રષ્ટિએ આમાં હું ચોક્કસ કહી શકું કે એક પણ પૈસો બીજા કોઈ માટે થઈને ખોટી રીતે વપરાયો નથી, જેટલા પૈસા વપરાયા છે, એ તમામ પ્રજાકીય કામ માટે થઈને વપરાયા છે. આ રીતે ૪૯૩૬.૨૨ કરોડની ઉપરાંત જે આપણે કન્ટીજન્સી ફંડ ૨૦૦ કરોડ રૂપિયાનું હોય અને આકસ્મિક રીતે કોઈ કામ માટે થઈને પૈસાની જરૂર પડે તો કન્ટીજન્સી ફંડમાંથી પૈસા ઉપાડીએ છીએ એ કન્ટીજન્સી ફંડમાંથી રકમ ઉપાડેલી હોય એને સરભર કરવા માટે થઈને ૧૪૧ કરોડ રૂપિયાની પણ આની અંદર સરભર કરવા માટે આપીએ છીએ. આ પ્રમાણે જે ૬૭૨૯ કરોડમાંથી લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયા આવી રીતે છે. બાકીની રકમ છે, એની અંદર મેં સ્પષ્ટ રીતે મારી ગ્રીન બુકમાં આપ્યું છે. આમાં એક પણ પૈસો કયાંય ગેરવલ્લે વપરાયો હોય એ આ બુકમાં નહિ. પણ ધારાસભ્યને એ ગમે ત્યારે લાગે ત્યારે ચોક્કસ કરી તમામ આ જે પૈસા પ્રજાનાં કામ માટે છે. વધારાની માગણી લઈને આવ્યો છું, એમાં આપણો પ્લાન વધારો થયો, પ્લાન સાઈઝમાં ૨૦૦૦ કરોડ રૂપિયાનો અંદાજે વધારો થયો. આપણે ૧૨૦૦ કરોડ રૂપિયાની મહેસૂલી આવકમાં વધારો થયો. કેન્દ્ર સરકારે નવા પૈસા આપ્યા એ તમામનો સમાવેશ કરી પ્રજાલક્ષી કામ માટે થઈને આ પૈસા વાપરવામાં આવે છે, એટલે માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપે જે કાપ દરખાસ્ત મૂકી છે. એ એકે એક કાપ દરખાસ્તોનું મેં રીડિંગ કર્યુ છે. હું વિશેષ કોઈપણ કાપ દરખાસ્તનો ઉલ્લેખ નથી કરતો. માનનીય સભ્યશ્રીઓએ જે પ્રવચન કર્યા છે, તેના સંતોષકારક રીતે મેં જવાબો આપ્યા છે. ગુજરાત રાજયના વિકાસ માટે થઈને આ રાજયની આવક કેમ વધે તેના માટે થઈને આપણા સૌનો સહિયારો પ્રયત્ન હોવો જોઈએ. ગુજરાત રાજયના વિકાસની અંદર જરૂરિયાત સિવાય ખોટી રીતે પૈસો જો વપરાતો હોય તો તેને માટે થઈને કાન પકડવા માટે દરેક સભ્યશ્રીનો હક્ક, અધિકાર છે. ખોટું થતું હોય તો રોકવું અને વધુ સારું થાય એ દ્રષ્ટિએ હું જે પૂરક માગણી લઈને આવ્યો છું. એ પૂરક માગણી માટે થઈને તમામ કાપ દરખાસ્તો આપ પાછી ખેંચી લેશો તેવી વિનંતી કરું છું. મારી આ માગણીઓ સ્વીકારશો તેવી પણ વિનંતી કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૧, ૨, ૪, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨. ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭ અને ૩૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક: ૨, ૯, ૧૩, ૨૨, ૩૯, ૪૩, ૬૭, ૭૮, ૮૬ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા : માનનીય અધ્યક્ષશ્રી,** સન ૨૦૦૭-૦૮ના વર્ષની પૂરક માગણી ક્રમાંક: ૧, ૩, ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૧,૧૨, ૧૫, ૧૬, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૬, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૫, અને ૧૦૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૧, ૩, ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૧,૧૨, ૧૫, ૧૬, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૬, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૫, અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી**

**અધ્યક્ષશ્રી** : હવે હું રાજય વિધાનમંડળને લગતી પૂરક માગણી ક્રમાંક: ૩૬ મત માટે મૂકું છું.
**માગણી ક્રમાંક: ૩૬ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૧.૫૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૨૬ મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**ફાલ્ગુન ૭, ૧૯૩૦ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

***૬૬૭૫ શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલાં મકાનો છે, અને

(૨) ખૂટતા રહેણાંકના મકાનો બનાવવા અંગે કોઈ આયોજન છે કે નહીં?

**પોલીસ આવાસ મંત્રીશ્રી:**

(૧) ૧૬૭૧.

(૨) ૩૧૬ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે અને ૫૦ આવાસોનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થનાર છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૩૧૬ આવાસો તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ ઉપલબ્ધ હતાં, પરંતુ હું જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ અને ચાલુ નાણાકીય વર્ષમાં કેટલાં પોલીસ ખાતાના કેટલા લોકોને રહેણાંક મકાનો  તેમજ બિન રહેણાંક મકાનોના કામો કયા કયા સ્થળે નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે અને તે પૈકી કેટલો ખર્ચ થયેલ છે?

બીજો મારો પ્રશ્ન છે કે જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક મકાનો તેમજ બિન રહેણાંક મકાનોના મરામત અને નિભાવ માટે છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં અને ચાલુ નાણાકીય વષર્માં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે? તેમજ આ રકમમાંથી કેટલા મકાનોની મરામત કરવામાં આવેલ છે?

**શ્રી અમીત શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫-૦૬ માં બિન રહેણાંક મકાનોમાં  ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ૧૬.૨૭ લાખનો ખર્ચ અને રહેણાંકમાં ૧૧૨ કવાર્ટર જૂનાગઢ ખાતે અને ૩૨ કવાર્ટર ભેંસાણ ખાતે અનુક્રમે ૪૬૬  અને ૧૧૬ લાખના ખર્ચે બાંધવામાં આવ્યા છે, વર્ષ ૨૦૦૬-૦૭ માં ત્રણ પોલીસ સ્ટેશન સોમનાથ, સૂત્રાપાડા અને વેરાવલ કુલ ૭૮.૫૫ લાખનો ખર્ચ અને રહેણાંકમાં ૨૮૦ કવાર્ટર વેરાવલ, ચોરવાડ, જૂનાગઢ, કોડીનાર અને માંગરોલ ખાતે ૧૨૧૬ લાખના ખર્ચે બાંધ્યા છે, વર્ષ ૨૦૦૭-૦૮ માં ૩ પોલીસ સ્ટેશનન અને એક એફ.એસ.એલ. માટેનું મકાન જેમાં દેલવાડા, લીલીયા અને પ્રભાસ પાટણ અને જૂનાગઢના એફ.એસ.એલ.ના મકાનમાં ૩૪૫ લાખનો ખર્ચ અને ૧૯૪ લાખનો ખર્ચ, જૂનાગઢ, ભેંસાણ, સૂત્રાપાડા, કેશોદ, લિલીયા, માળીયા તથા વેરાવલ કરવામાં આવ્યો છે અને ૨૦૦૮-૦૯ માં કોમ્યુનિટી હોલ, જૂનાગઢ ૭૮ લાખના ખર્ચે આયોજન છે અને ૨૦૧ મકાનો જૂનાગઢ, બીલખા રોડ, સોરઠ ચોકી, વંથલી અને બાંટવા અને  માણાવદર ખાતે ૧ લાખ ૫ હજારનું આયોજન છે અને મરામતનો સવાલ છે ત્યાં સુધી ૨૦૦૫-૦૬ માં કુલ ૪૩ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૭૦ મકાનોનું મરામત કામ થયું છે, ૨૦૦૬-૦૭ માં ૩૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૭૫ મકાનોનું મરામત કામ થયું છે અને ૨૦૦૭-૦૮ માં ૫૨.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૧૧૬ મકાનોનું મરામત કામ થયું છે અને ૨૦૦૮-૦૯ માં ૬૮.૨૦ લાખના ખર્ચે ૧૩૦ મકાનાનું મરામત કામ કરવામાં આવ્યું છે.

**શ્રી ભગવાનભાઈ કરગટીયા:** માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે જૂનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક અને બિન રહેણાંક મકાનો અપૂરતા હોવાની હકીકત કે ફરિયાદ મળેલ છે કે કેમ અને હા તો એના ઉકેલ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

**શ્રી અમીત શાહ:** માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢમાં પોલીસ રહેણાંક માટેના મકાનો અપૂરતા હોવાની કોઈ ફરિયાદ મળી નથી. કુલ મંજૂર મહેકમ ૧૮૭૧ નું છે અને હાજર મહેકમ ૧૬૫૦ નું છે અને એમાંથી  ૧૬૭૦ મકાનો તો આપણી પાસે ઉપલબ્ધ છે. એટલે ઉપલબ્ધ કર્મચારી કરતાં મકાનોની સંખ્યા વધારે છે એટલે અપૂરતાં મકાનોની સંખ્યા હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કૉન્સ્ટેબલ તથા હેડ કૉન્સ્ટેબલને બી ગ્રેડ, જેમાં બે રૂમ રસોડું, પોલીસ સબ ઈન્સ્પૅક્ટરને સી ગ્રેડ જેમાં ત્રણ રૂમ રસોડું, પોલીસ ઈન્સ્પૅક્ટરને ડી ગ્રેડ તેમાં ચાર રૂમ તથા રસોડું, નાયબ પોલીસ અધિક્ષકને ઈ ગ્રેડ જેમાં પાંચ રૂમ તથા રસોડું, પોલીસ અધિક્ષક અને તેનાથી ઉપરના અધિકારી-કર્મચારીઓ માટે ઈ-૧ જેમાં છ રૂમ થતા રસોડું અને પૉર્ચની જોગવાઈ હોય છે.

**ખેતી વિષયક વીજ જોડાણ ઉપર પૂરતા દબાણે વીજ પુરવઠો આપવા અંગે**

*** ૬૬૯૨ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણ ઉપર પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે અને

(૨) જો હા, તો તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) હા,જી. કિસાનોના ખેતી વિષયક વીજ જોડાણોને પૂરતા દબાણે વીજ પુરવઠો મળી રહે તે માટે કિસાન હિત ઉર્જા શકિત યોજના " ખુશી" (KHUSHY- Kishan Heet Urja Shakti Yojna) બનાવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિસાન હિત ઉર્જા શકિત યોજના " ખુશી" (KHUSHY- Kishan Heet Urja Shakti Yojna) અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

| **કિસાન હિત ઉર્જા શકિત યોજના અમલી** | **૧૦/૧૬/૨૫ કેવીના લગાવેલ ટ્રાન્સ્ફોર્મર** |
|---|---|
| હયાત ખેતી વિષયક ફીડરો પર | ૩૫૮૫ |
| નવા ખેતી વિષયક વીજજોડાણો પર | ૧૧૨૮૨ |
| કુલ | ૧૪૮૬૭ |

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે "ખુશી" યોજના હેઠળની કામગીરી કઈ રીતે કરવામાં આવે છે? તેના લાભો શું છે અને અત્યાર સુધીમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિ ગ્રામ યોજના જે પ્રમાણે ગામડાંઓમાં ૨૪ કલાક વીજળી આપીને જેમ ક્રાંતિકારી પગલું આ રાજય સરકારે ભર્યું છે એવી રીતે " ખુશી" યોજના દ્વારા ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી આપવાનો સરકારે નિર્ણય લીધો છે. તેના કારણે આ યોજના લાવ્યા છીએ. યોજનાની થોડી વિગત આપું કે અત્યારે આપણી જૂની સિસ્ટમ હતી તેમાં ગૃપ ટ્રાન્સ્ફોર્મર દ્વારા વીજળી આપવામાં આવતી હતી. એટલે ગૃપ ટ્રાન્સ્ફોર્મર એટલે ૬૩ કે.વી.એ.નું ટ્રાન્સ્ફોર્મર હોય કે ૧૦૦ કે.વી.એ.નું ટ્રાન્સ્ફોર્મર હોય તેમાં ૮-૧૦-૧૫-૨૦ ખેડૂતોને એક સાથે જોડાણ આપવામાં આવે. ત્યાંથી એલ.ટી. લાઈન નીકળે અને ખેડૂતોના ખેતર સુધી પહોંચે. કદાચ ખેડૂતોનું ખેતર નજીક હોય, કોઈક એક કિલોમીટર દૂર હોય તો તેને ત્યાં વીજળી પહોંચાડવામાં વચ્ચે ટેપીંગ થતું હતું અને તેને લો વૉલ્ટેજના પ્રશ્નો ઉભા થતા હતા. આ બધું જ દૂર કરવા માટે આ "ખુશી" યોજનામાં નિર્ણય લીધો છે કે દરેક ખેડૂતને પોતાનું ટ્રાન્સ્ફોર્મર બને ત્યાં સુધી આપવું. તેનો અર્થ એ થયો કે વ્યકિતગત ગ્રાહકને બને ત્યાં સુધી વ્યકિતગત ટ્રાન્સ્ફોર્મર આપવું એટલે આપણે જે નાના નાના ટ્રાન્સ્ફોર્મર હોય ૧૦ કે.વી.એ.ના ૧૬ કે.વી.એ.ના ટ્રાન્સ્ફોર્મર હોય, તેના ખેતરમાં મૂકાય તેવી વ્યવસ્થા કરી છે. બીજું, જે એલ.ટી. લાઈન છે તે સંપૂર્ણપણે કાઢી નાખી એટલે ટ્રાન્સ્ફોર્મર સુધી એચ.ટી. લાઈન દ્વારા જ વીજળી આપવાનો નિર્ણય લીધો છે. એટલે તેના કારણે પણ ગુણવત્તાવાળી વીજળી મળે અને આમાં પુષ્કળ લાભ છે. સૌથી મોટો લાભ તો એ છે કે ખેડૂતને વચ્ચે કોઈ જગ્યાએ ટેપીંગ ન થવાને કારણે હાઈ કવોલિટી પાવર સપ્લાય મળતો હોય છે. બીજું વૉલ્ટેજ જોઈએ તે પ્રમાણે high quality and having adequate voltage હોય, ટેપીંગ ન થવાને કારણે ચોરી અટકી જાય છે અને જે અન ઓથોરાઈઝ લોડ હોય છે. ઘણી વખત ૧૦૦ કે.વી.એ.નું ટ્રાન્સ્ફોર્મર હોય તો લોડ ૧૨૦, ૧૩૦, ૧૪૦ પહોંચી જાય છે. તેના કારણે ટ્રાન્સ્ફોર્મર બળી જતું હોય છે. આની અંદર લોડ પણ ઓછો થઈ જાય છે. એટલે જે ટ્રાન્સ્ફોર્મરનું ફેઈલ્યોર થાય છે તેનું પ્રમાણ પણ ઘણું બધું ઘટી જશે. બીજું, જ્યારે લો વૉલ્ટેજના પ્રશ્નો ઉભા થાય ત્યારે ખેડૂતોની મોટરો બળતી હોય છે અને ટ્રાન્સ્ફોર્મર ફેઈલ્યોરનો રેઈટ પણ બહુ ઉંચો હોય છે. આ બધા જ કારણો અને reduction in T & D losses. અકસ્માત ઓછા થવાના, બધા જ તેના લાભ છે અને રાજય સરકારે ખાસ કરીને જ્યાં સૌરાષ્ટ્રમાં, પશ્ચિમ ગુજરાત વીજ કંપની અને મધ્ય ગુજરાત વીજ કંપનીમાં કામગીરી ખૂબ જોરદાર ઉપાડી છે. ખાલી તા. ૩૧-૧-૨૦૦૯ સુધીમાં કુલ ૨૨,૨૦૨ ટ્રાન્સ્ફોર્મર અત્યાર સુધી આ યોજનામાં કરવામાં આવ્યા છે. તેમાં ૨૩૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એટલે માત્ર એક જ મહિનામાં જે આમાં માહિતી આપી છે તા. ૩૧-૧૨ની અને હું ૩૧-૧ની કહું તો એક મહિનામાં ૮૦૦૦ ટ્રાન્સ્ફોર્મર નવા આપવામાં આવ્યા. આપણે જે દરેક નવો ખેડૂત આવે છે એ નવા ખેડૂતને જેટલી લાઈનો આપીએ છીએ એ આ નવી યોજના દ્વારા જ આપીએ છીએ અને જે જૂના ખેડૂતો છે, તેનું ધીમે ધીમે આખું ફીડર

એલ.ટી.થી એચ.ટી. લાઈન ઉપર કરવાની પણ સાથે સાથે ઝૂંબેશ ઉપાડી છે. એટલે આ યોજના જ્યારે સંપૂર્ણપણે થશે ત્યારે ગુજરાત એક માત્ર રાજય થશે કે જેમાં ખેડૂતોને બને તો પોતાના ખેતર સુધી ટ્રાન્સ્ફૉર્મર અને એચ.ટી. લાઈન દ્વારા પાવર આપવાની આ યોજના મૂકેલી છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અત્યાર સુધીમાં રાજયમાં આ યોજના હેઠળ કેટલી કામગીરી થઈ છે અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**અધ્યક્ષશ્રી** : જવાબ એકદમ ટૂંકો. કારણ કે પ્રસ્તુત માહિતી આવી ગઈ છે.

**શ્રી સૌરભ પટેલ** : દરેક જિલ્લામાં આ કામગીરી થઈ છે. Existing Agricultural Network હાલમાં ૩૭૨૭ ટ્રાન્સ્ફૉર્મર બદલવામાં આવ્યા છે. અને એના અંદર ૩૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને નવા કનૅક્શન નવા ખેડૂતોને આપવાની કામગીરી ચાલુ છે. ૧૮૪૭૫ ટ્રાન્સફરમર બદલવામાં આવ્યા છે અને એની અંદર ૧૯૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એકલા ટી.સી. ૨૨૨૦૨ અને એનો ખર્ચ ૨૩૩.૩૦ કરોડનો આ પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યો છે. આવતા દિવસોમાં જેમ ફિડરો લેતા જઈશું એમ બદલતા જઈશું. જ્યાં લો વૉલ્ટેજનો ઇસ્યુ હશે તેને પ્રાધાન્ય આપીશું.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ખેતી માટે જેખુશી યોજના જાહેર કરી છે અને જે ડાર્ક ઝોન વિસ્તાર છે, એ વિસ્તારમાં ખેડૂતોને કનૅક્શન આપવા માટે કેન્દ્ર સરકારની મંજૂરીની જરૂરિયાત નથી. આવા વિસ્તારના ખેડૂતોને કનૅક્શન આપવા માગો છો કે કેમ? અને બીજું અગાઉની જેમ ૧૪ કલાક વીજળી ફરી પાછી આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીજા વિભાગનો પ્રશ્ન છે. આ એમનું સૂચન છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જ્યોતિ ગ્રામ યોજના હતી એના કરતાં વિશેષ સારી યોજના આ ખુશી યોજના છે. મારા પડધરી તાલુકામાં એક ફિડરમાં ટી.સી. બદલવામાં આવે છે. મારે એટલી વિનંતી કરવી છે કે, જે ફિડરોમાં લાંબુ અંતર હોય એના પહેલા અને છેલ્લા ગામડાઓમાં લો વૉલ્ટેજનો પ્રશ્ન રહેતો હોય છે. તો આ યોજનામાં જ્યાં લાંબા ફિડરો છે, દા.ત.અમારા સનાડાથી ખાનપુર સુધીનું અંતર ૨૮ કિ.મી. જેટલું છે. એટલે છેલ્લા ગામડા સુધી પૂરતી વીજળી મળતી નથી અને લો વૉલ્ટેજનો પ્રશ્ન આવે છે. એટલે પહેલાં આવા ટ્રાન્સફરમર મૂકી આવા ખેડૂતોને લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન સારું છે. આ યોજના એપ્રિલ ૨૦૦૮માં શરૂ કરી છે અને એ ટ્રાયલ લેતા હતા કે હકીકતમાં ખેડૂતોને કેટલો લાભ થાય છે અને એનું કમ્પ્લીશન સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં આવી ગયું છે. એ પછી આપણે ઑર્ડર પ્રેસ કર્યો છે. લાંબા ફિડરો પહેલાં કરવામાં આવશે. જ્યાં લો વૉલ્ટેજનો પ્રશ્ન છે ત્યાં પહેલાં કરવામાં આવશે અને હવે આવતા દિવસોમાં દર મહિને ઓછામાં ઓછા પાંચથી સાત હજાર નવા ફિડર મૂકવામાં આવશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ખુશી યોજના છે એનાથી ખાસ કરીને અમારા સૌરાષ્ટ્રમાં બહુ મોટો પ્રશ્ન ઊભો થયો છે એમાં રાહત મળશે. જૂના ટ્રાન્સફરમર ઓવરલોડના કારણે બળી જાય છે. હજુ પણ આવા જૂના ટ્રાન્સફરમર છે એના માટે આગામી દિવસોમાં કોઈ ચોક્કસ કાર્યક્રમ ઘડી તમામને બદલવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં પણ ઓવરલોડના કારણે ટ્રાન્સફરમર બળી જાય છે. બને ત્યાં સુધી ૪૮ કલાકમાં આ ટ્રાન્સફરમર બદલવાની કોશિશ કરીએ છીએ અને આ યોજના આવશે ત્યારે ગુજરાતમાં બધા જ ખેડૂતોના પોતાના ટ્રાન્સફરમર હોય, અને જો લોડ ઓછો હોય તો બે ખેડૂતો વચ્ચે એક ટ્રાન્સફરમર આપીએ એ એની પોતાની પ્રોપર્ટીમાં હોય. ચોક્કસપણે રાજયમાં જે જૂના ટ્રાન્સફરમર છે એ આગામી દિવસોમાં બદલાઈ જવાના છે.

## રાજકોટ જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો

*** ૬૭૭૩ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**પોલીસ આવાસ મંત્રીશ્રી :**

(૧) ૧૪૬૦.

(૨) ઉપલબ્ધ નાણાંકીય જોગવાઈના આધારે મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવે છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષ અને ચાલુ નાણાકીય વર્ષમાં કેટલી રકમના પોલીસ ખાતાના કયા કયા

રહેણાંકના, બીન રહેણાંકના કામો કયા કયા સ્થળે નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. તે પેટે કેટલો ખર્ચ થયો છે કે થનાર છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૦૦૫-૦૬માં ઘંટેશ્વર ખાતે બિન રહેણાંકમાં ૩૦.૯ લાખના ખર્ચે, રહેણાંકના ૭૨ ક્વાર્ટર ધોરાજી ખાતે ૨૬૯ લાખના ખર્ચે, ૩૩ ક્વાર્ટર જસદણ ખાતે ૧૩૪ લાખના ખર્ચે, મોરબીમાં ૨૪ ક્વાર્ટર ૧૦૦ લાખના ખર્ચે, વાંકાનેર ખાતે ૧૬ ક્વાર્ટર ૬૭ લાખના ખર્ચે. ૨૦૦૬-૦૭માં ઘંટેશ્વર ખાતે દવાખાનું, બેરેજ આ બધું બનાવવા માટે ૨૮૬ લાખનો ખર્ચ કર્યો છે. ૨૦૦૭માં ઘંટેશ્વર ખાતે ૧.૬૫ કરોડનો ખર્ચ કર્યો છે. ૨૦૦૮-૦૯માં નવલખી ખાતે ૫.૯૬ લાખનો ખર્ચ અને ગોંડલ ખાતે ૩૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દેશના રાષ્ટ્રીય સ્તરે પોલીસ આવાસમાં ગુજરાતના પોલીસ આવાસનું સેટીસ્ફેકશનનું સ્થાન કયાં છે અને રાજકોટ જિલ્લામાં પોલીસ આવાસમાં કે બીન પોલીસ આવાસની કોઈ ફરિયાદો છે કે કેમ અને જો હા, તો એ અંગે શા શા પગલાઓ લેવામાં આવેલ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે સમગ્ર દેશની અંદર પોલીસમાં આવાસોની બાબતમાં સેટીસ્ફેકશન રેશીયો ૪૫ ટકા છે અને ગુજરાતમાં ૮૦ ટકા સેટીસ્ફેકશન રેશીયો ઓલરેડી એચીવ કરી ચૂકયા છીએ અને ૨૦૧૦માં જ્યારે આપણી સુવર્ણ જયંતી ઉજવવાના હોય એ વર્ષ માટે આપણે ગોલ્ડન ગોલ પણ રાખ્યું છે કે ૯૦ ટકા કરતા વધુ પાકા રહેવાના મકાનો પૂરા પાડી દેવા અને આશરે ૧૦ થી ૧૫ ટકો જોડે પોતાના રહેવાના મકાનો હોય જ છે એટલે આમ જોવા જાવ તો ૯૦ ટકા મકાનો બનાવીએ એ દિવસે ૧૦૦ ટકા મકાનોની સિદ્ધિ આપણે કરવાના છીએ અને મોટા રાજયોની અંદર દેશમાં પોલીસોને રહેવાના પાકા મકાનો આપવાની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં નિગમ દ્વારા હાથ ધરાયેલા કામોમાં કોઈ ગેરરીતિ મળી છે, કોઈ કોન્ટ્રાકટરની સામે કોઈ ફરિયાદ મળી છે તો એની સામે શું પગલાં લેવામાં આવ્યાં છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ ફરિયાદ મળી નથી એટલે પગલાં લેવાનો પ્રશ્ન નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે હમણા નવલખી બંદરે પોલીસ સ્ટેશનનું ખાતમુહૂર્ત થયું , પોલીસ સ્ટેશન તો થવાનું પણ રેસીડેંટ માટે કોઈ મકાન બનાવવા માગો છો કે નહીં?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષનું જે અમારું આયોજન છે એમાં નવલખીના રહેણાકના મકાનોના પણ અમે કામમાં લઈ જ લીધા છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પોલીસ આવાસ નિગમની જે કાર્યવાહી છે એમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનની બાબતે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪થી પોલીસ આવાસ નિગમના જે કામો છે એમાં કવોલીટીમાં સુધારો થાય એના માટે અને જવાબદારી નક્કી થાય એના માટે ૫ કરોડથી વધુ કામનું જે યુનિટ હોય એ દરેક કામમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકટીંગ એજન્સી નક્કી કરવામાં આવે છે. એન્જીનીયરીંગ ઈન્ડીયા લિમિટેડને આ પ્રકારની તજજ્ઞોની કોઈપણ એક થર્ડપાર્ટી ઈન્સ્પેકટીંગ એજન્સી જે ટેન્ડરની અંદર જ એનું નામ આપેલ હોય છે અને એના દ્વારા આ કામની કવોલીટી માટેનું ઈન્સ્પેકશન થતું હોય છે એના પરિણામે ગુણવત્તાની અંદર ખાસ્સો સુધારો જોવા મળતો હોય છે.

## નર્મદા યોજનાની ઝીંઝુવાડા શાખા કેનાલમાં પાણી વહેવડાવવા અંગે

*** ૬૬૦૪ શ્રીરજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે :-

(૧) નર્મદા યોજનાની ઝીંઝુવાડા બ્રાંચમાં પાણી ક્યારે વહેવડાવવાનું આયોજન છે, અને

(૨) આમ થતાં કયા તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે?

**મુખ્યમંત્રીશ્રી** :

(૧) હાલમાં ૩.૦૦ કિ.મી. સુધીની લંબાઈમાં પાણી વહેવડાવવામાં આવી રહેલ છે. બાકીની લંબાઈમાં ઑકટોબર-૨૦૦૯ થી શરૂ કરી તબક્કાવાર પાણી વહેવડાવવાનું આયોજન છે.

(૨) ઝીંઝુવાડા શાખા નહેરની વિશાખાઓ અને પ્રશાખાઓ પૂર્ણ થયા બાદ ૯૪,૭૭૯ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | લાભિત તાલુકાનું નામ | લાભિતસિંચાઈ વિસ્તાર(હેકટરમાં) |
|---|---|---|
| ૧ | માંડલ | ૨૨૩૫૪ |
| ૨ | દેત્રોજ | ૧૩૦૪ |

| | | |
|---|---|---|
| ૩ | દસાડા | ૫૩૩૪૨ |
| ૪ | બેચરાજી | ૧૨૬૯૩ |
| ૫ | મહેસાણા | ૭૭૪ |
| ૬ | સમી | ૪૩૧૨ |
| | કુલ : | ૯૪૭૭૯ |

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. વર્તમાન સમયમાં નર્મદા મુખ્ય કેનાલમાંથી મારા વિસ્તારની રુપેણ, ખારી, પુષ્પાવતી વગરે નદીઓમાં પાણી છોડાતા છેક મહેસાણાથી લઈને શંખેશ્વર સુધીના ખેડૂતોએ એમાંથી પિયત કરી અને ખૂબ મોટી કૃષિ ક્ષેત્રે આવક એમાંથી ઉત્પન્ન થઈ છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સિંચાઈ મંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનુ છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે નર્મદા યોજનાની ઝીંઝુવાડા બ્રાંચ અને બોલેરો બ્રાંચનું કામ કયા તબક્કે પહોંચ્યું છે, એમાં કેટલા સમયમાં પાણી છોડવાનું આયોજન છે અને આમ થતા કયા તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે. **શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા મેઈન કેનાલની કેવડીયા કોલોનીથી કેવડીયા ડેમસાઈટથી શરૂ કરી છે ક રાજસ્થાન સરહદ સુધી રાજય સરકારે સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. રાજસ્થાન સુધી પાણી આપણે પહોંચાડી દીધું છે ત્યારે હવે રાજય સરકાર આ મેઈન કેનાલમાંથી જે શાખા કેનાલો છે એના કામો મોટા પ્રમાણમાં હાથ ઉપર લીધા છે અને એના દ્વારા ખેડૂતોને પાણી પહોંચાડવાનું મોટું કામ રાજય સરકારે જ્યારે ઉપાડ્યું છે ત્યારે માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે ઝીંઝુવાડા શાખા નહેર એ નર્મદા યોજનાની મેઈન કેનાલની ૩૦૧ કિલોમીટરથી એનો ફાંટો નીકળે છે અને છેક ઝીંઝુવાડા સુધી એ કેનાલ જાય છે.આ કેનાલની કુલ લંબાઈ ૫૭.૭૮ કિલોમિટર છે. આ તમામ કેનાલોનું ખોદકામ અને લાઈનીંગ કામ વગેરે પતી ગયું છે. ૩ કિલોમિટર સુધી એમાં અત્યારે પાણી પણ આપીએ છીએ અને ત્યાંથી ખેડૂતો લિફ્ટ ઈરીગેશન દ્વારા પાણી પણ ઉપાડે છે. બાકીની કેનાલોમાં એચ.આર. વગેરે બેસાડવાનું એટલે કે દરવાજા બેસાડવાનું કામ હાથ ઉપર લીધું છે. એના ટેન્ડર બહાર પાડી દીધા છે અને ટૂંક સમયમાં આ સમગ્ર કામગીરી પૂર્ણ કરી આખી ૫૭.૭૮ કિલોમિટરની કેનાલમાં પાણી પહોંચાડવાનું શરૂ કરીશું. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન બોલેરા શાખાનો પૂછ્યો. આ કેનાલ મુખ્ય કેનાલથી ૩૨૬ કિલોમિટર નીકળે છે અને એમાં પાટણ જિલ્લાના ચાણસ્મા, હારીજ અને સમી અને મહેસાણા જિલ્લાના બેચરાજી અને સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી એમ કુલ ૩૭૮૦૪ હેકટર જમીનને પાણી આપવાનો અંદાજ છે. આ કામગીરી અત્યારે ચાલી રહી છે અને એમાં પણ ટૂંક સમયમાં બાકીના કામો પૂર્ણ કરી આ વર્ષના આખરે પાણી આપવાનું આયોજન છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા, બેચરાજી આ વિસ્તારની અંદર ભૂતળના પાણી ખૂબ નીચે ગયેલા છે ત્યારે ચોમાસામાં જ્યારે નર્મદાના પાણીનો વપરાશ ઓછો હોય ત્યારે આ નહેરના પાણીથી રિચાર્જીંગ માટે એ વિસ્તારના ભૂતળના પાણીને ઊંચા લાવવા માટે કોઈ આયોજન વિભાગે વિચારેલ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નર્મદા મેઈન કેનાલમાં અને શાખા કેનાલમાં આપણે જ્યાં નદી આવતી હોય, નજીકમાં નદી આવતી હોય ત્યાં દરેક જગ્યાએ એસ્કેપ મૂક્યા છે. વધારાનું પાણી ઉપલબ્ધ હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર ગુજરાતમાં એક મિલિયન એકર ફીટ પાણી, સૌરાષ્ટ્ર માટે એક મિલિયન એકર ફીટ પાણી અને કચ્છ માટે એક મિલિયન એકર ફીટ પાણી ફાળવી આપ્યું છે. એ ઉપલબ્ધીના ધોરણે એસ્કેપ દ્વારા નદીમાં નાખીએ છીએ. આ વખતે અમે મોટા પ્રમાણમાં નદીઓમાં પાણી નાખ્યું એના કારણે રિચાર્જ થવાના કારણે ખેડૂતોના કૂવા અને બોર રિચાર્જ થયા અને એમને કરોડો રૂપિયાનું વધારાનું ઉત્પાદન પ્રાપ્ત થયું છે. જ્યારે જ્યારે આવું પાણી પ્રાપ્ત થશે ત્યારે ચોક્કસ પાણી વહેવડાવાશે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : આ જે ઝીંઝુવાડા શાખા નહેર છે એ મારા મત વિસ્તારમાંથી પસાર થાય છે. એ વિસ્તાર રણકાંઠાનો વિસ્તાર હોવાના કારણે આ વિસ્તારના ખેડૂતોને આ કેનાલની પ્રશાખાઓના કારણે ખૂબ જ હર્ષની લાગણી થઈ છે ત્યારે રાજ્ય સરકારને અને માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું. ઝીંઝુવાડા શાખા નહેરની કુલ લંબાઈ કેટલી છે? એની વહન ક્ષમતા કેટલી છે અને આ કેનાલ પાકી છે કે કાચી છે? જો કાચી હોય તો પાકી ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં કહ્યું એ પ્રમાણે મેઈન કેનાલ છે સાથો સાથ પેટા શાખાઓ છે એની લાઈનીંગનું કામ પૂરું થઈ ગયું છે. એની પ્રશાખાઓ અને પ્રપ્રશાખાઓ છે એને લાઈનીંગ કરવાના ટેન્ડર ઈન્વાઈટ કરી દીધા છે. આથી આ વર્ષના આખર સુધીમાં આ કામ પ્રગતિ હેઠળ આવશે અને કુલ ૨૧૧૮ કયુસેકની આ કેનાલ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : હું એ જાણવા માગું છું કે આ જે કેનાલ છે એ માળીયાની મેઈન કેનાલ કહેવાય છે એમાં હજારો મશીનો લાગે અને ઉત્પાદન મેળવે એના કરતાં આમાં મંડળીઓ કરીને ડ્રીપ ઈરીગેશન કરીને ખેડૂતોને પાણી આપવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ સૂચન છે.

**અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

*૬૬૭૧ **શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**પોલીસ આવાસ મંત્રીશ્રી :**

(૧) ૫૧૫.

(૨) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા કુલ-૩૪૬ મકાનોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે તો એનો જવાબ છે ૫૧૫. મારા અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ અને છેલ્લા નાણાકીય વર્ષમાં કેટલા રહેણાંકના પોલીસ ખાતાના કયા કયા રહેણાંક અને બીન રહેણાંકના કામો કયા કયા સ્થળે નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે અને તે પેટે કેટલો ખર્ચ થયેલ છે અને થનાર છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬ માં દેત્રોજ પોલીસ સ્ટેશન ૧૩ લાખના ખર્ચે બાંધ્યું છે. ૨૦૦૬-૦૭ માં રાણપુર પોલીસ સ્ટેશન ૧૪ લાખના ખર્ચે બાંધ્યું છે. ૨૦૦૭-૦૮ માં સાણંદ અને માધવનગર ખાતે બેરેકો ૪૦ લાખના ખર્ચે બાંધી છે અને ૨૦૦૮-૦૯ માં અશ્લાલી અને મકરબા પોલીસ સ્ટેશનનો વહીવટી બ્લોક ૮૦ લાખના ખર્ચે બે જગ્યાએ બાંધ્યા છે અને જ્યાં સુધી નિવાસનો સવાલ છે ત્યાં સુધી ૨૫ કવાટર રાણપુર ખાતે એક કરોડના ખર્ચે, ૧૨૮ કવાટર મકરબા ખાતે ૪૭૯ લાખના ખર્ચે, ૧૮ કવાટર અશ્લાલી ખાતે ૧૦૮ લાખના ખર્ચે, બાવળા ખાતે ૪૮ કવાટર ૨૬૨ લાખના ખર્ચે, સાણંદ ખાતે ૩૩ કવાટર ૧૫૫ લાખના ખર્ચે, વિરમગામ ખાતે ૭૪ કવાટર ૩૩૯.૯૧ લાખના ખર્ચે, દેત્રોજ ખાતે ૨૫ કવાટર ૧૨૦ લાખના ખર્ચે બાંધવામાં આવનાર છે અને આ વર્ષે કુલ ૩૪૬ મકાનો બીજા આ ૫૫૦ ઉપરાંતના નવા બાંધવા માટે હાથ ઉપર ધરવાના છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે પોલીસ આવાસ નિગમની રચના ક્યારે અને શા માટે કરવામાં આવી છે અને છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની સરખામણીમાં અગાઉના ત્રણ વર્ષમાં રહેણાંકના મકાનોના ક્ષેત્રે સંતોષનું સ્તર વર્ષ દીઠ કેટલા ટકા હતું? (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આવાસ નિગમની રચનાથી માંડીને હિસ્ટ્રી પૂછે છે. આવાસ નિગમની રચનાની વાત કરે છે (અંતરાય)

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં પણ પોલીસ આવાસ નિગમ જ બાંધકામ કરે છે. એમાં બીજી એજન્સી નથી એટલે પોલીસ આવાસ નિગમની સ્થાપના ક્યારે થઈ, અમદાવાદ જિલ્લામાં પોલીસ આવાસ નિગમ જ બાંધકામ કરે છે, ભાઈ.

**અધ્યક્ષશ્રી** : જવાબ આવવા દો પછી અર્જુનભાઈ આપનો કોઈપણ પોઈન્ટ ઓફ ઓર્ડર હોય તો પ્રશ્નોત્તરી પછી ચોક્કસ ઊઠાવી શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ હિસ્ટ્રીની ચર્ચા કરવી હોય તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, એ હિસ્ટ્રી કહેવાના નથી.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકામાં ટૂંકા જવાબ આપું છું છતાં કેમ અકળાય છે. ખરેખર સાહેબ, હું ટૂંકામાં ટૂંકા જવાબ આપું છું છતાં અકળાય જાય છે. સૌથી ટૂંકા હું જવાબ આપું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સમયની સાથે ચાલી રહ્યું છે, આપ બીજી રીતે એ ના કરો.

**શ્રી અમિત શાહ** : સાહેબ, એ બેઠા બેઠા બોલે છે. સાહેબ, આપ એમને ટોકો, આ તો મારો વિભાગ ગૃહ છેને.

**અધ્યક્ષશ્રી** : મેં કહ્યું એમને.

**શ્રી અમિત શાહ** : પોરબંદરથી આવે છે અને અકળામણ મારી ઉપર શું કામ કાઢે છે સાહેબ? ગૃહ વિભાગ પર પોરબંદરવાળાએ અકળાવવું નહિ.

**અધ્યક્ષશ્રી** :તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૬ ચાલે છે અને શ્રી કાંતિભાઈનો પ્રશ્ન છે, અમદાવાદ જિલ્લા પૂરતી માહિતી આપો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં પોલીસ આવાસ નિગમના જે મકાનો બાંધવામાં આવે છે, એમાં એમણે પૂછયું છે કે પોલીસ આવાસ નિગમની સ્થાપના ક્યારે થઈ એ સ્થપાયેલું નિગમ

જ અમદાવાદ જિલ્લામાં બાંધે છે. એટલે જવાબ આપું છું. તા.૧-૧-૮૮ના દિવસે આ પોલીસ આવાસ નિગમની સ્થાપના થઈ છે અને સંતોષના સ્તરનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી ૨૦૦૨માં આ ૬૦ ટકાએ હતું, અત્યારે ૮૦ ટકા ક્રોસ કરી ગયું છે. એટલે પાંચ વર્ષની અંદર ૨૦ ટકા સંતોષના સ્તરની અંદર વધારો થયો છે.

**ચોટીલા અને સાયલા તાલુકામાંથી પોષડોડા અને દારૂના પરવાનાની અરજીઓ**

***૬૭૨૦ શ્રીપોપટભાઈ સ. જીંજરીયા(ચોટીલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાંથી પોષડોડા અને દારૂના પરવાના માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે,

(૩) કેટલી અરજીઓમાં સિવિલ સર્જન દ્વારા હકારાત્મક અભિપ્રાય મળ્યો અને કેટલી અરજીઓમાં નકારાત્મક અભિપ્રાય મળ્યો,

(૪) નકારાત્મક અભિપ્રાયના કારણો શાં છે, અને

(૫) અરજીઓ પડતર રહેવાનાં કારણો શાં છે?

**નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) :

(૧) તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાંથી પોષડોડા માટે કોઈ અરજી મળેલ નથી અને દારૂની પરમીટો માટે ચોટીલા તાલુકામાંથી ૧૪ અને સાયલા તાલુકામાંથી ૭ અરજીઓ આવી.

(૨) તે પૈકી ચોટીલા તાલુકામાં દારૂની ૧૩ પરમીટો અને સાયલા તાલુકામાં ૭ પરમીટો મંજૂર કરવામાં આવી, એક અરજી સિવિલ સર્જન પાસે અભિપ્રાય માટે પડતર છે.

(૩) ચોટીલા તાલુકાની ૧૩ અને સાયલા તાલુકાની ૭ અરજીઓમાં સિવિલ સર્જન દ્વારા હકારાત્મક અભિપ્રાય મળ્યો, એક અરજીમાં અભિપ્રાય મળ્યો નથી, કોઈ અરજીમાં નકારાત્મક અભિપ્રાય મળેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) અરજદાર સિવિલ સર્જનશ્રી સમક્ષ હાજર રહેલ ન હોવાથી.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે ચોટીલા અને સાયલા તાલુકામાં પોષડોડાના પરવાના આપવામાં આવે છે એ બેય તાલુકામાં કેટલા પરવાના આપવામાં આવ્યા છે એને દર વર્ષે રીન્યુ કરવાના હોય છે એને બદલે ત્રણ વર્ષે રીન્યુ કરવા માટેની સૂચના આપવા માગો છો કે નહિ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સાયલા અને ચોટીલા તાલુકાની અંદર પરમીટનો સવાલ છે ત્યાં સુધી સાયલા તાલુકામાં ૩૦ પરમીટો આપવામાં આવે છે અને ચોટીલા તાલુકામાં ૩૬૯ પરમીટો આપવામાં આવી છે. બીજું, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે પહેલા આ દર વર્ષે રીન્યુ કરવાની પ્રથા હતી, કામનું ભારણ ઘટાડવા માટે દર ત્રણ વર્ષે રીન્યુ કરવાની પ્રથા રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૬ થી અખત્યાર કરવામાં આવી છે. પરંતુ એ સાથે અમે એક બીજું પૉલિસી ડિસીસન પણ લીધું છે કે ૨૦૦૬ થી અમે નવા પરવાના આપવાના બંધ કર્યા છે ફક્ત રીન્યુ કરવાના જ ચાલુ કર્યા છે એટલે ૨૦૦૬ થી પોષ ડોડાના નવા પરવાના આપવાનું રાજ્ય સરકારે નીતિ વિષયક નિર્ણય લઈને બંધ કર્યુ છે અને રીન્યુઅલનું કામ એક વર્ષની જગ્યાએ ત્રણ વર્ષ કર્યુ છે.

**બનાસકાંઠા જિલ્લાને આંતરરાષ્ટ્રીય સરહદની સુરક્ષા**

*** ૫૧૦૦ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય સરહદી સુરક્ષા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) બનાસકાંઠા જિલ્લો આંતરરાષ્ટ્રીય સરહદો સાથે સંકળાયેલ હોઈ, હાલની સરહદી સુરક્ષામાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**સરહદી સુરક્ષા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** :

(૧) હા, જી.

(૨) (૧) સ્થાનિક પોલીસ તેમજ બોર્ડરવિંગ હોમગાર્ડઝ દ્વારા સરહદી વિસ્તારમાં પેટ્રોલીંગ તથા જરૂર પડ્યે નાકાબંધી કરવામાં આવે છે.

(૨) રાજ્યના આઈ.બી. દ્વારા પણ સરહદી વિસ્તારોમાં જાસુસી તંત્ર સુદ્રઢ કરવામાં આવેલ છે.

(૩) ભારત સરકાર દ્વારા બોર્ડર ફેન્સીંગની કામગીરી ચાલે છે.

(૪) સરહદ વિકાસ વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત વાવ તાલુકામાં આંતરમાળખાકિય સુવિધા ઉભી કરીને સુરક્ષાની કામગીરી સુદ્રઢ બનાવવામાં આવેલ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, વિકાસમાં પૂરા ભારતમાં ગુજરાતને મોડેલ સ્ટેટ બનાવનાર આપણા આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ રાજયની સુરક્ષા માટે પણ ખૂબ જાગૃત છે અને

એટલા માટે તાજેતરમાં એમણે બનાસકાંઠા અને કચ્છની સરહદ ઉપર જઈને સૈનિકોની સાથે ઘણો સમય વિતાવ્યો અને એ વખતે એમણે કેટલાંક સૂચનો સલામતીની દ્રષ્ટિથી એમણે કર્યા છે તો એ સૂચનો શું હતા અને એના માટે શું કાર્યવાહી વિભાગે કરી છે?

બીજો એક પ્રશ્ન, મારા બનાસકાંઠા જિલ્લામાં કયા તાલુકાના પોલીસ સ્ટેશનને અપ ગ્રેડ કરવાની દરખાસ્ત આવી છે અને એ બાબતે સરકાર શું કરવા માગે છે. ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ પહેલી જાન્યુઆરીના દિવસે જ્યારે આખું વિશ્વ નવું વર્ષ ઉજવતું હતું પરિવાર સાથે રહી, એ વખતે દેશની સરહદ જે રાજય અંતર્ગત આવી છે ત્યાં આગળ દેશની સરહદની સુરક્ષા કરતા જવાનો વચ્ચે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નવું વર્ષ ઉજવવાનો બહુ સ્તુત્ય નિર્ણય કર્યો હતો અને એના કારણે જવાનોની હિંમત ખૂબ વધી અને હોંશલામાં વધારો જોવા મળ્યો છે અને એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ત્યાંનું સ્થળ નિરીક્ષણ કર્યા પછી કુલ ચાર જગ્યાએ માનનીય મુખ્ય મંત્રીશ્રી ગયા હતા અને બધી જગ્યાએ જે એમને પડતી હાડમારીઓ હતી એ હાડમારીઓના નિવારણ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બંને સંયુક્ત રીતે શું શું પગલા લઈ શકે ? એના માટે રાજય સરકારના કાર્યક્ષેત્રમાં હતું ત્યાં પગલાંઓ ભર્યા છે અને કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં હતું ત્યાં કેન્દ્ર સરકારે દેશના મુખ્ય મંત્રીશ્રીઓનું સંમેલન બોલાવ્યું હતું એમાં સૂચનો કર્યા છે.

સૌથી પહેલા તો રાજય સરકાર તરફથી બી.એસ.એફ.ના જવાનોને લાઈટ અને પાણી છેક પીલ્લર નંબર ૧૧૦૧૧ સુધી પહોંચી જાય તે એ માટેની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિભાગોને સૂચના આપી હતી અને મને કહેતાં આનંદ થાય છે કે, ફક્ત ૩.૨ કિલોમીટરનું કામ બાકી છે. સમ્પનું કામ પણ પૂરું થવામાં છે અને અત્યારે જે પ્રગતિ છે એ જોતાં કહેવાય કે માર્ચ મહિના પહેલા પાણી પહોંચાડવાનું કામ પૂરું કરી દેવામાં આવશે અને દેશની રક્ષા કરી રહેલા જવાનોને ચોખ્ખું પીવાનું શુદ્ધ પાણી મળે અને સ્નાન અને બીજા ઉપયોગો માટે પણ ચોખ્ખું પાણી એમણે મળે એના માટે આ વ્યવસ્થા કરી છે. એક પી.જી.વી.એલ.તરફથી લાઈટ કનૅક્શન આપવાની પણ મુખ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી, એનું કામ પણ પુરજોશથી ચાલુ છે, તા. ૨-૧-૦૯ના રોજ નવું ટ્રાન્સફોમર બેસાડી દીધું છે એટલે અડધા વિસ્તારમાં તો પુરવઠો પહોંચી ગયો છે અને ભેડિયા બેટ અને વિઘા કોટ આ બે જગ્યાએ ૧૧ કે.વી.ના ફીડર સ્ટેશનનું કામ ચાલુ છે એ પણ આવનારા દિવસોમાં બે મહિનામાં પૂરું થઈ જાય એ ગતિથી ચાલી રહ્યું છે. એમણે બીજી તકલીફ પોતાના પરિવારોની અંદર વાત કરવાની હતી. આખું જીવન જે બૉર્ડર ઉપર કાઢતા હોય એમને સમયાંતરે પરિવારની ખબરઅંતર પૂછવા માટે અથવા તો એમના હાલહવાલ જાણવા માટે વાત કરવાની જરૂર પડે, એના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને બી.એસ.એન.એલ. કમ સે કમ ત્યાં આગળ એક ટેલિફોનની સુવિધા છેક સુધી પહોંચાડે એ રીતની રજૂઆત કરી છે અને મને કહેતા આનંદ થાય છે કે, આ વાતમાં કેન્દ્ર સરકારે પણ હકારાત્મક પ્રતિભાવ આપ્યો છે અને એની પણ કામગીરી ચાલુ છે.

વીજળીકરણમાં જે બનાસકાંઠાની બૉર્ડર ઉપર વીજળીના પ્રશ્નો હતા એના માટે પણ ૬૬ કે.વી. જલોયા સબ સ્ટેશનમાંથી સતત વીજળી આપવાનું કામ પણ પૂરું કરી લેવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ધર્મશાળા સુધી જે લેન્ડ લાઈન કનૅક્શન છે એનાથી આગળ વધી મોબાઈલ નૅટવર્કનું કવરેજ પણ દેશની સુરક્ષા ના જોખમાય એ રીતે કોઈ વિશિષ્ઠ ટૅક્નીકથી ઊભા કરવાની દરખાસ્ત કરી છે અને એ પણ બી.એસ.એન.એલ.માં અન્ડર કન્સીડરેશનમાં છે.

### વલસાડ જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ.

*** ૬૪૫૩ શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલા એમ.ઓ.યુ. થયા, અને

(૨) તે પૈકી કેટલા ઉત્પાદનમાં ગયા ?

**મુખ્ય મંત્રીશ્રી :**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭ દરમિયાન કુલ ૨૯ એમ.ઓ.યુ. થયા. અને

(૨) પ્રોજૅક્ટ અમલીકરણના વિવિધ તબક્કામાં હોય તેવા ઉત્પાદક પ્રોજૅક્ટો ત્રણ વર્ષ જેટલા સમયમાં કાર્યન્વિત થતાં હોય છે. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજૅક્ટોમાં આ સમયગાળો પાંચ વર્ષ કે તેથી વધુ સમયનો હોય છે. ૨૩ પ્રોજૅક્ટ વિવિધ તબક્કામાં છે. તે પૈકી ૮ પ્રોજૅક્ટ પ્રાથમિક તબક્કામાં, ૧૧ પ્રોજૅક્ટ અમલીકરણના તબકક્ામાં છે અને ૪ પ્રોજૅક્ટ ઉત્પાદનમાં ગયેલ છે.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મંત્રીશ્રીએ આપ્યો છે એમાં વાઈબ્રન્ટ સમીટ ૨૦૦૫ અને ૨૦૦૭ના બંને એમ.ઓ.યુ. સાથે ગણીએ તો ૨૯ પૈકી માત્ર ચાર યુનિટો ઉત્પાદનમાં ગયા છે એટલે કે માંડ ૧૫ ટકા યુનિટો અમલીકરણમાં ગયાં છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે કુલ ૨૯ એમ.ઓ.યુ. થયા તેમાં કુલ કેટલું મૂડીરોકાણ કરવાનું હતું અને તે પૈકી ઉત્પાદનમાં ગયેલ યુનિટોમાં કેટલું

મૂડીરોકાણ કરવામાં આવ્યું છે? બીજો પ્રશ્ન, ઉત્પાદનમાં ગયેલ યુનિટોનું મૂડીરોકાણ કુલ કરવા ધારેલ મૂડીરોકાણના કેટલા ટકા છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને થોડી માહિતી આપવી છે કે વાઈબ્રન્ટ ગુજરાતની અંદર જયારે એમ.ઓ.યુ. થયાં આખા રાજયમાં થયા એવી રીતે વલસાડમાં થયા. ઉદ્યોગપતિ ગુજરાતને પસંદ કરે છે. પોતાનું મૂડીરોકાણ ગુજરાતમાં કરવા તૈયાર થાય છે અને એના માટે એને ગુજરાત ઉપર ભરોસો છે. ગુજરાતની પોલીસી ઉપર ભરોસો છે. અહીંના વહીવટ ઉપર ભરોસો છે, મુખ્યમંત્રીશ્રી ઉપર ભરોસો છે એટલે એમણે ગુજરાતની પસંદગી કરી છે. આવા પસંદગી કરવામાં વલસાડની અંદર ૨૦૦૫ અને ૨૦૦૭ની અંદર કુલ ૨૯ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. એકવાર એમ.ઓ.યુ. થાય પછી પાર્ટી ઘણી વખતે પ્રોજેકટનો ટોટલ અભ્યાસ કરતી હોય છે. કન્સલ્ટન્ટને પ્રોજેકટ આપતી હોય છે અને એ પ્રોજેકટ આપ્યા પછી પ્રોજેકટ નાખી શકાય કે ન નાખી શકાય એ ઘણી વખત કન્સલ્ટન્ટ નકકી કરતા હોય છે અને પછી ઉદ્યોગકાર નકકી કરતા હોય છે. ઉદ્યોગકાર એકવાર નકકી કરે કે મારે હવે પ્રોજેકટ નાખવો છે પછી ઘણી વખત જગ્યા પણ બદલતો હોય છે કે આ જગ્યા નથી ફાવે એવી, આ જગ્યા રાખવી છે અને એ પછી એની કામગીરી ચાલુ કરે છે એટલે સૌથી પહેલા આપણે જોવા જઈએ તો એને એક પ્રાઈમરી સ્ટેજ આવે છે. એ પ્રાઈમરી સ્ટેજની અંદર એ જમીન અને એ બધું લેવાનું ચાલુ કરે છે. રાજય સરકારને ભલામણ કરે છે કે એને કઈ જગ્યાએ જમીન જોઈએ છે કે પ્રાઈવેટ જમીન ખરીદતો હોય છે પછી એનું ઈમ્પ્લીમેન્ટેશન સ્ટેજ આવે છે અને ઈમ્પ્લીમેન્ટેશન સ્ટેજની અંદર એણે ઘણીબધી મંજુરીઓ લેવી પડે છે. ફેકટરીનું બિલ્ડીંગનું બાંધકામ કરે છે. એન્વાયરમેન્ટ કલીયરન્સ લેવું પડે છે. રોમટીરીયલ માટે ઘણી વખતે એણે દેશ અને વિદેશની જોડે કરાર કરવા પડે છે અને એ સંપૂર્ણપણે થાય પછી એ કમિશન ગણાય છે એટલે જયારે એનું કોમર્શિયલ પ્રોડકશન ચાલુ કરે ત્યારે કમિશન પ્રોજેકટ ગણાય ત્યાં સુધી કમિશન પ્રોજેકટમાં ગણાતું નથી એટલે વલસાડ જિલ્લાની અંદર જે ૨૯ એમ.ઓ.યુ. થયા એમાં ૨૩ એમ.ઓ.યુ.ની અંદર પ્રગતિ થઈ છે. ૨૩ એમ.ઓ.યુ.માં પ્રગતિ થઈ એ પ્રીલીમીનરી સ્ટેજમાં, ઈમ્પ્લીમેન્ટેશન સ્ટેજમાં અને કમિશન એટલે કમિશન ૬ જ લોકોએ સંપૂર્ણપણે એની પ્રગતિ ચાલુ કરી અને પ્રોડકશન ચાલુ કર્યું. જે ઉદ્યોગો આવે છે એ ઉદ્યોગો રોકાણ કરવા આવે છે એ ઉદ્યોગો સંપૂર્ણપણે આપણે કહી શકાય કે એનું બેકગ્રાઉન્ડ પણ ઉદ્યોગો નાખવાની એની ઈચ્છા હોય છે એટલે એવું નથી કે રાજય સરકાર એને એમ.ઓ.યુ. સાઈન કરાવે છે. હું ખાલી ૨૯માંથી દાખલા આપું કે આ બધી કંપનીઓએ જે ઉદ્યોગો સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા છે એ રેપ્યુટેડ કંપનીઓ છે. દા.ત. ઉમરગામની અંદર ઓ.એચ.એમ.ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ પાર્ક પછી બીજું ટોટલ થર્મોવેસ્ટ પોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેશન એનું અંડર ઈમ્પ્લીમેન્ટેશન છે. જે.બી.એફ. ઈન્ડસ્ટ્રીઝ એ ખૂબ મોટી વલસાડની પાર્ટી છે. એણે પ્રોજેકટ કમિશન કર્યો. તુલસી હર્બલ પ્રોડકટ પ્લાનીંગ સ્ટેજ ઉપર છે. વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ એણે અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે એટલે કામ ચાલુ છે એનું રેમન્ડ લીમીટેડ એ કમિશન થયું એટલે કામ ચાલુ છે. યુનાઈટેડ ફોસ્ફરસમાં પ્લાનીંગ છે. મારે કહેવાનું એ છે કે રાજયની અંદર જયારે એમ.ઓ.યુ. કરવામાં આવે છે ત્યારે કંપની રીસ્પેકટેડ હોય છે. અમારી જવાબદારી એટલી છે કે અમે એને પૂરેપૂરું ઉદ્દીપક તીરીકે મદદ કરીએ. એને જમીન આપવાની કોશિષ કરીએ. નીતિ પ્રમાણે એને મદદ કરીએ અને જોઈએ કેટલી સફળતા થાય આના કારણે ગુજરાતની અંદર જે પ્રમાણે પ્રોએકટીવ સરકારે રોલ કર્યો છે. એના કારણે જેટલા વાઈબ્રન્ટ થયા છે ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭માં એમાં ૬૦ ટકા જેટલી સફળતા મળી છે. જયારે આખા દેશની અંદર ૨૦-૨૫ટકા સફળતા મળી છે. મારે માનનીય અર્જુનભાઈને એટલું કહેવું છે કે આપણે જયારે વૃક્ષ વાવીએ, આંબો વાવીએ તો આંબો જે દિવસે વાવતા હોઈએ છીએ એ દિવસે કેરી નથી આપતો. આંબાને થતા પાંચ દસ વર્ષ થાય છે એટલે ઉદ્યોગને નાખવા માટે ત્રણથી પાંચ વર્ષની પ્રક્રિયા હોય છે અને તમે કહો છો કે કેટલા ટકા રોકાણ. બીજું, સીધો દાખલો આપું.પહેલા એણે નક્કી કર્યુ કે ૨૦૦ કરોડનું રોકાણ કરવું પડે છે.

**અધ્યક્ષશ્રી** : આપણો પ્રશ્ન વલસાડ જિલ્લા પૂરતો છે, એટલે પૂરતો જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : મારી પાસે એકેએક યુનિટની વિગતો છે, જે ૪ યુનિટ છે. એ અતુલ લિ.નો છે. પ્રપોઝ ઈન્વેસ્ટમેન્ટના ૨૦૦ કરોડ, એમ.સી. લેબ ફાર્માસ્યુટિકલ્સ ૪૦ કરોડ અને જે.બી.એફ. ઈન્ડસ્ટ્રિઝ ૧૫૦ કરોડ..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સભ્યશ્રીનો પ્રશ્ન એટલો હતો કે વલસાડ જિલ્લામાં યુનિટમાં કેટલું મૂડીરોકાણ થવાનું હતું. ૪ યુનિટમાં કેટલું થયું? આટલો પ્રશ્ન છે. ૨૯ યુનિટમાં કેટલું મૂડીરોકાણ થવાનું હતું. ૪ યુનિટમાં કેટલું થયું? કેટલા ટકા છે. ભાષણ કરવાની કયાં જરૂર છે.

**અધ્યક્ષશ્રી** : બાકી બધી વિગતો રહેવા દો. આપે ૨૯ યુનિટ અને ૪ યુનિટની વિગત આપી દીધી?

**શ્રી સૌરભ પટેલ** : ૪ યુનિટ છે એ અતુલ લિમિટેડ....

**અધ્યક્ષશ્રી** : તમે આપી દીધી તો ફરી રિપીટ કરવાની જરૂર નથી.

**શ્રી સૌરભ પટેલ** : ફરીથી આપી દઉં. ૪ યુનિટનું કમિશન થયું. કોમર્શિયલ પ્રોડકશન ચાલુ થયું છે. એમાં અતુલ લિમિટેડ ૨૦૦ કરોડ રૂપિયા, એમ.સી.લેબ ફાર્માસ્યુટિકલ્સ ૪૦ કરોડ, જે.બી.એફ. ઈન્ડસ્ટ્રિઝ, ૧૫૦ કરોડ

અને રેમન લિમિટેડ ૧૯૭ કરોડ આ ૪ યુનિટ કમિશન થયા છે. બાકીના યુનિટ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે, એટલે આવતા બે વર્ષમાં વિધાનસભામાં સવાલ પૂછજો. ત્યારે ૨૩ યુનિટ ચાલતા હશે તેવો જવાબ આપીશ.

**શ્રી રમણલાલ ના. પાટકર** : વાયબ્રન્ટ ગુજરાત એમાં ખાસ કરીને વલસાડ જિલ્લામાં ખૂબ એમ.ઓ.યુ. થયા છે તે બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો એક સીધો પ્રશ્ન છે કે વાયબ્રન્ટ ગુજરાતમાં બાગાયતી ખેતીની જમીન આપવામાં સરકારની નીતિ છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રેવન્યુ ડિપાર્ટમેન્ટનો છે.

**અધ્યક્ષશ્રી** : આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ જે એમ.ઓ.યુ. થાય છે. ૨૦૦૫ માં થયા અને ૨૦૦૭ માં થયા. ૨૦૦૫ માં થયા એને ૪ વર્ષ થયાં અને ૨૦૦૭ માં થયા એને ૨ વર્ષ થયાં, છતાં માત્ર ૪ જ યુનિટ ઉત્પાદનમાં ગયા છે, તો આ સામાન્ય રીતે તો ઉદ્યોગ ગૃહને પંચવર્ષીય યોજના હોતી નથી. જે દિવસે એમ.ઓ.યુ. થયા તે દિવસે ઉદ્યોગનું અમલીકરણનું સ્ટેજે શરૂ થઈ જવું જોઈએ. એના બદલે આટલો વખત થયા પછી...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર....ઑર્ડર... કોઈએ આ બાજુથી ગરબડ કરવાની જરૂર નથી. જયંતિભાઈ આપે ઊભા થવાની જરૂર ન હતી. જવાબ આપનાર મંત્રીશ્રી સક્ષમ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એના પછી જે લોકો સરવે કરવાની શરૂઆત કરતા હોય છે. એમ.ઓ.યુ. શું છે એ તો એમણે બતાવી દીધું. મારો ટૂંકો પ્રશ્ન છે. આ ૨૯ એમ.ઓ.યુ. થયા એ ૨૯ એમ.ઓ.યુ. માં કુલ કેટલું મૂડીરોકાણ થવાનું હતું અને ૪ એમ.ઓ.યુ. અમલીકરણના સ્ટેજમાં ગયા એ અમલીકરણના સ્ટેજના એમ.ઓ.યુ. કેટલા કરોડના કુલ થાય છે. ૨૯ કરોડના મૂડીરોકાણના કેટલા ટકા થાય છે. માત્ર બે લીટીમાં જવાબ જોઈએ છીએ. માત્ર બે લીટીમાં.

**અધ્યક્ષશ્રી** : સૌરભભાઈ, એમ.ઓ.યુ. એ સરળ સામાજિક ભાષામાં સમજીએ ને તો વર કન્યા એકબીજાને પસંદ કરે, પછી વિવાહ અને પછી બાકીનું સ્ટેજ આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ તો છોકરી જોવા જવાની વાત છે. પસંદ થાય કે ન થાય. ચાંદલો થયો હોત તો સમજાત.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાત કે માનનીય અર્જુનભાઈ કહેતા કે આટલા સારા એમ.ઓ.યુ. થયા, રોકાણ આવે છે તે બદલ અભિનંદન આપત. પણ સવાલમાં પૂછયું છે તે પ્રમાણે કમીશન ઈમ્પ્લીમેન્ટેશન એટલે આખી વ્યાખ્યા અને ઈન્વેસ્ટમેન્ટ કેવી રીતે થાય.

**અધ્યક્ષશ્રી** : સીધો જવાબ આપો. બાકીનું રહેવા દો. બાકીની પરિસ્થિતિમાં ન પડો. ૨૯ માટે પ્રશ્ન પૂછયો છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સીધો જવાબ આપું ૨૦૦૭ની અંદર ૨૦ એમ.ઓ.યુ. થયા તેની અંદર એગ્રો અને ફૂટ પ્રોસેસીગના ૩ એમાં ૩૭ કરોડ, કેમીકલ અને પેટ્રોકેમીકલના ૭ તેમાં ૪૪૦ કરોડ, એન્જિનિયરીંગ ઓટોના ૨ તેમાં ૧૬૬ કરોડ, પેપર ઈન્ડસ્ટ્રીઝના ૪, ૬૧૫ કરોડ, એસ.ઈ.ઝેડ-૨ તેમાં ૧૧૬૫૦ કરોડ, ટેકસટાઈલ-૧ તેમાં ૯૭ કરોડ, ૨૦ એમ.ઓ.યુ. એટલે ૧૩૧૦૫ કરોડ. આ થયા ૨૦૦૭ના હવે આપ કહો તો ૨૦૦૫ની વિગત આપું. એગ્રો અને ફૂડ પ્રોસેસીંગના-૨ તેમાં ૨૯૪ કરોડ, કેમીકલ અને પેટ્રોકેમિકલનો-૧ તેમાં ૨૦૦ કરોડ, ઈન્ફર્મેશન ટેકનોલોજીના-૧ તેમાં ૬૦ કરોડ, ફાર્માસ્યુટીકલ્સ-૧ તેમાં ૪૦ કરોડ, પોર્ટ ક્ષેત્રે-૧ તેમાં ૬૦૦૦ કરોડ, ટેકસટાઈલ અને એપરલ્સ-૨ તેમાં ૨૭૫ કરોડ, ટુરિઝમ-૧ તેમાં ૩૬૦૦ કરોડ આમ ટોટલ -૯ ૧૦૪૬૯ કરોડનું મૂડી રોકાણ થવાનું છે.

### રાજય સરકાર દ્વારા ખનીજ નીતિ જાહેર કરવામાં વિલંબ

*** ૬૮૩૩ શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે..,

(૧) ખનીજ અંગેની નીતિ જાહેર કરવામાં રાજય સરકાર દ્વારા વિલંબ થઈ રહ્યો છે તે હકીકત સાચી છે,

(૨) આ વિલંબના કારણો, અને

(૩) રાજય સરકારની ખનીજ અંગેની નીતિ સ્પષ્ટ ન હોવાને કારણે નિકાસ થતાં કેટલાંક ખનીજોની નિકાસ પ્રક્રિયા/વ્યાપાર ઘટતી જાય છે તે સરકારના ધ્યાનમાં છે?

**મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ):**

(૧), (૨) અને (૩) રાજય સરકારની ખનીજ નીતિ ૨૦૦૩ સ્પષ્ટ છે તેથી અન્ય પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા સવાલના જવાબમાં કહયું છે કે રાજય સરકારની ખનીજ નીતિ ૨૦૦૩ સ્પષ્ટ છે તેથી અન્ય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મેં સ્પષ્ટ પૂછયું છે કે

ખનીજ નીતિ નવી જાહેર થવાની છે એમ કહીને કેટલાક એકસપોર્ટર જે છે ખનીજના તેમને પરવાના આપવામાં નથી આવતા કે તેમની પાસેથી રોયલ્ટી લેવામાં નથી આવતી તેમ કહીને ૨૦૦૮ના ફેબ્રુઆરી પછી જામનગર જિલ્લામાં બોકસાઈટ ખોદવાની કોઈ રજા આપવામાં નથી આવતી તે વાત સાચી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર આ હાઉસને જણાવવું છે કે મિનરલ પોલીસી ગુજરાતની સ્થાપના પછી ૧૯૬૦ થી પહેલીવાર બની હોય તો તે ૨૦૦૩ની અંદર બની છે અને આ સરકાર અને આદરણીય મુખ્યમંત્રીશ્રીની નીચે બની છે અને તે પોલીસી બહુ સ્પષ્ટ અને કલીયર છે. તે પોલીસી આધાર ઉપર આ રાજયની અંદર જે એની એકટીવનેસ છે તે સંપૂર્ણપણે કરવામાં આવી છે. બીજી વાત કરી કે બોકસાઈટની. તેની અંદર ખૂબ કલીયર છે. જામનગરની વાત કરી તેમાં બોકસાઈટની જે લીઝ આપી હતી તે લીઝ કેપ્ટીવ કન્ઝમશન માટે આપી હતી અને તે કેપ્ટીવ કન્ઝમશનમાં માલ વેચવો હોય તો સરકારની મંજૂરી લઈને એકસપોર્ટ કરી શકે. તે કેપ્ટીવ કન્ઝમશનની જે માઈન્સ આપી હતી તેમાં સ્પષ્ટ લખ્યું છે કે તમારે પહેલાં પોતા માટે વાપરવું પડે. પછી આ સરકારની નીતિ આવી અને આપણે જયારે ચેકીંગ કરાવ્યા કે એકસપોર્ટ માટે વધારે મંજૂરી કેમ આવે છે? ત્યારે જોયું કે ઘણી માઈન્સો હતી જે પ્રોડકશન કરતા ન હતા અને એકસપોર્ટ કરતા હતા. હવે નીતિની બહાર મંજૂરી આપી ન શકીએ. એટલે નીતિ પ્રમાણે સ્પષ્ટ નિર્ણય લીધો કે એને એકસપોર્ટ માટે મંજૂરી ન આપવી જોઈએ. બીજું કે ઘણા એવા હતા કે જેના પ્રોડકશનની અંદર એકસાઈઝના રેકર્ડ ચેક કર્યા, ટેકસીસના રેકર્ડ ચેક કર્યા તો પ્લાન ગ્રેડ મટીરીયલ અને નોન પ્લાન ગ્રેડ મટીરીયલ એમ બે ગ્રેડ હોય, પ્લાન ગ્રેડ મટીરીયલ તેમણે વાપરવું પડે અને નોન પ્લાન ગ્રેડ મટીરીયલ ન વપરાય એટલે તે ગ્રેડનું વેચાણ કરી શકે. યુઝયુઅલી તેની ફોર્મ્યુલાની અંદર ૧:૬ અને ૧:૭ નો રેસીયો આવે. આપણે જયારે એવરેઝ કાઢી ત્યારે ૧:૧૦નો રેસીયો આવ્યો. આપણે એટલે નિર્ણય લીધો કે ૧:૧૦ની અંદર પછી વધે તે એકસપોર્ટ કરવાની છૂટ આપવી જોઈએ. એનાથી વધારે થાય એટલે સ્પષ્ટ બતાવે છે કે એ વ્યકિત તેના માટે વાપરતો નથી. માઈનીંગ કરે છે તે માઈનીંગ માત્રને માત્ર એકસપોર્ટ કરવા માટે કરે છે. પોલીસી બહુ સ્પષ્ટ છે. કેપ્ટીવ પોલીસી વેલ્યુ એડીશન માટેની પોલીસી છે. જેને નામંજૂર કરી છે તેની અંદર એવા દાખલા છે કે પોતાની માઈન્સમાંથી ખોદેલો માલ નહીં પણ બીજાની માઈન્સનો લીઝ વગરનો ચોરેલો માલ આના માટે એકસપોર્ટની મંજૂરી માગી છે. મારે જાણ કરવાની કે આ સ્પષ્ટ નીતિના કારણે આ પ્રમાણે કડકમાં કડક નિર્ણય લઈ અને વધારાનું એકસપોર્ટ કરતા હતા તે બંધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : તમે પૂરક પ્રશ્ન પૂછયો એમાંથી ઉપસ્થિત થતો નથી. જામનગરનો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત ના થાય છતાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. હવે એ પ્રશ્ન રહેવા દો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : કચ્છ જિલ્લામાં આવેલ લોકલ ઉદ્યોગોને લોકલ ખાણમાંથી લિગ્નાઈટ સરકાર આપવા માગે છે કે નહીં અને બીજું મારા મત વિસ્તારમાં માતાના મઢની બાજુમાં આવેલ ઉમરસરની નવી ખાણ કયારે ચાલુ કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આમાંથી ઉપસ્થિત થતો ખનીજ નીતિનો પ્રશ્ન હોય તો જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ** : લિગ્નાઈટના ઉત્પાદનમાં ગયા વર્ષના પ્રમાણમાં નજીક આવી ગયા છીએ. માતાનો મઢ, ભાવનગર અને રાજપારડીની માઈન્સમાં પહેલાં નાના ઉદ્યોગોને પરવાનગી આપવામાં આવે છે અને જોઈએ એટલો માલ આજની તારીખે આપવામાં આવે છે. અને બીજી વાત કરી એ સેન્ટરમાં પડેલ છે, એનું હિયરિંગ ચાલે છે અને બને તેટલી ઝડપથી મંજૂરી મળશે અને થાય એ પ્રમાણે ચાલુ કરીશું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પૂછવાનું હાર્દ એ હતું કે બોકસાઈટ ખોદાણને કારણે અનેક લોકોને રોજગારી મળે છે. તળપદા વિકાસ વ્યાખ્યામાં જે તે જિલ્લામાં ખનીજ હોય એને આધારિત આ કામ થતું હોય છે. આજે નવી કોઈ કેન્સલ કરી નથી, પરંતુ લીઝ ચાલુ હોય અને એની અંદરથી માઈન્સ ખોદવા માટે મંજૂરી ન અપાતી હોય, એકસપોર્ટ માટે ભારત સરકારની નીતિ હોઈ એ પ્રતિબંધ મૂકશે, ગુજરાત સરકાર એ પ્રતિબધ મૂકે એ યોગ્ય નથી તેમ છતાં આ બોકસાઈટ ખોદવા માટે મંજૂરી નહીં આપવાથી ૨૦૦૩ ની પોલિસી આને અંતર્ગત કયાં આવે છે? તેમાં નવી પોલિસી જાહેર કરીને કહો કે કેપ્ટિવ માઈન્સ સિવાયનો બોકસાઈટ ખોદવામાં આવે છે અને જી.એમ.ડી.સી. એનો પોતાનો કેપ્ટિવ બોસાઈટ છે....

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપનો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, છતાં જવાબ આપું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે જવાબ હોય તો પણ એમણે જુદો પ્રશ્ન પૂછવો જોઈએ આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, બાબુભાઈ... (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ પ્રશ્નના જવાબમાંથી ઉપસ્થિત થાય છે. બોકસાઈટ જી.એમ.ડી.સી. પણ આ બાકસાઈટના ખોદાણની પરવાનગી આપે છે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપ તો સિનિયર મેમ્બર છો, તમારો પ્રશ્ન જે છે એ નવી નીતિ જાહેર કરવામાં રાજય સરકાર દ્વારા વિલંબ થઈ રહયો છે. હવે ખનીજ નીતિમાં વિલંબ થયો નથી એ જવાબ મળ્યો છે. એના જવાબમાંથી પ્રશ્ન એકવાર મેં અલાઉ કર્યો અને પછી પૂરક પ્રશ્નમાં વિલંબનાં કારણો પૂછો તો હું સ્વીકાર રાખું,

ખનીજ નીતિ વિશે પૂછો તો હું સ્વીકાર રાખું, પરંતુ કોઈ એક ખાણ કે એક જિલ્લાની ખાણ ઉપર પૂછો તો એ હું સ્વીકાર રાખું નહીં. નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક ૧૧..

**વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલા એમ.ઓ.યુ.**

*** ૫૧૯૭ શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાતમાં છેલ્લા ત્રણ માસમાં કુલ કેટલાં એમ.ઓ.યુ. થયાં,

(૨) તે પૈકી કચ્છ જિલ્લામાં કેટલાં એમ.ઓ.યુ. થયાં, અને

(૩) તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ):

(૧) તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકોરોની પરિષદ ૨૦૦૯ દરમ્યાન કુલ ૮૬૬૩ એમ.ઓ.યુ. થયાં.

(૨) અને (૩) ઘણાખરા એમ.ઓ.યુ. માં ઉદ્યોગકાર સ્થળ બતાવતા નથી અથવા એકથી વધારે સ્થળ બતાવે છે. આવા કેસોમાં ઉદ્યોગકાર દ્વારા સ્થળ અંગે નિર્ણય થયા બાદ કચ્છ જિલ્લા માટે કેટલાંક વધુ પ્રોજેકટો સ્થપાય તેવી પૂરેપૂરી શકયતાઓ છે. સ્થળ બતાવેલ એમ.ઓ.યુ. પૈકી હાલના તબકકે ૧૧૩ એમ.ઓ.યુ. કચ્છ જિલ્લા માટે છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આવડી મોટી મહાકાય મંદીમાં પણ ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાતમાં ૧૨ લાખ કરોડ રૂપિયાનાં એમ.ઓ.યુ. થયાં અને એમાં પણ કચ્છ જિલ્લામાં આટલાં બધાં એમ.ઓ.યુ. કર્યા એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગુજરાત સરકારને લાખલાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી મારફતે પ્રશ્ન પૂછવો છે કે વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ માં કયા કયા ક્ષેત્રમાં એમ.ઓ.યુ. થયાં છે, એમાં નાના ઉદ્યોગો માટે કોઈ એમ.ઓ.યુ. થયાં છે કે નહીં અને થયાં હોય તો કયા ક્ષેત્રમાં અને એમ.ઓ.યુ. ની પ્રગતિનું નિરીક્ષણ કઈ રીતે કરવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતમાં ૨૦૦૯ વાયબ્રન્ટ ગુજરાત ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ૮૬૬૮ એમ.ઓ.યુ. થયાં છે અને એની કુલ રકમ ૧૨,૨૪,૪૮૨ કરોડ રૂપિયાની છે. આખા દેશમાં અને દુનિયામાં ગુજરાતના વાયબ્રન્ટની ચર્ચા થાય છે અને ખાસ કરીને જે સભ્યશ્રીએ પૂછયું છે કે કયા સેકટર્સમાં, અને આપ જોઈ શકો કે મેન્યુફેકચરીંગ સેકટર્સમાં ૫૪૭ એમ.ઓ.યુ. અને ઈન્વેસ્ટમેન્ટ ૨,૩૮,૮૮૯. ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરમાં ૧૯૪ એમ.ઓ.યુ. ૪,૮૨,૩૩૬ કરોડ, investment region જે આપણે કરવા માગીએ છીએ SIRથી માંડીને different investment region તેમાં ૧૦૭, ૨ લાખ કરોડ, અર્બન ડૅવલપમેન્ટમાં ૨૫૯, એક લાખ કરોડ, social service, HDI જે આપણે ઈન્ડેક્ષ સુધારાની વાત કરી તેમાં ૧૫૧, ૩૧ હજાર કરોડ. ટુરીઝમની અંદર ૯૬, ૪ લાખ ૩૧ હજાર કરોડ, સ્પેશિયલ સેકટર્સ ૪૭, ૭ લાખ ૨૧ હજાર કરોડ, આમ મળીને જોવા જઈએ તો મોટા ઉદ્યોગો ૧૪૦૧, ૧૧ લાખ ૭૩ હજાર. આ વાઈબ્રન્ટની અંદર પહેલી વખત આપણે નાના-મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું અને નાના ઉદ્યોગોમાં બેલેન્સ ગ્રોથ થાય એ માટે રાજકોટ, જામનગર, અમદાવાદ, બરોડા, બધી જગ્યાએ દરેક એસોસિએશનો સાથે મિટિંગ કરીને એ લોકોને કહ્યું કે તમે cluster formation કરો અને અમે તમને મદદ કરીશું. આના કારણે સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝીસમાં ગાર્મેન્ટ ઉદ્યોગે ખૂબ સારો પ્રતિભાવ અમદાવાદમાં આપ્યો છે. એ પ્રમાણે આખું જ ફાઉન્ડ્રી ઉદ્યોગ અને એન્જિનિયરીંગ ઉદ્યોગ, નેનો આવ્યા પછી જે ઉત્સાહ આવ્યો છે એ પ્રમાણે એ લોકોએ પણ ખૂબ સારો રીસ્પોન્સ આપ્યો છે. તે પ્રમાણે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ છે, ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ છે, રાજકોટની ઑટોમોબાઇલ ઈન્ડસ્ટ્રીઝ છે, આ બધા જ ઉદ્યોગો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસમાં total કરીને ૭૨૫૨ એમ.ઓ.યુ. સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝમાં થયાં છે. જે એમણે વાત કરી કે એમ.ઓ.યુ. થયા પછી રાજય સરકાર કરે છે શું, માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર જે ઈન્વેસ્ટમેન્ટ આવે છે એનું એક કારણ એ છે કે આપણે સીંગલ વીન્ડો કલીયરન્સ અને એટલા પૉઝિટીવ એપ્રોચથી investorsને આપણે બોલાવીએ છીએ. સ્વાગત કરીએ છીએ અને કામ કરવાની કોશિશ કરીએ છીએ. આપણે રીવ્યુ દર ત્રણ લેવલ ઉપર રાખવામાં આવ્યો છે. પહેલું લેવલ છે કે દરેક જિલ્લાની અંદર ડિસ્ટ્રિકટ નોડલ ઑફિસરની રચના કરવામાં આવી છે. આ ડિસ્ટ્રિકટ નોડલ ઑફિસર ડિસ્ટ્રિકટ કલેક્ટર દર મહિને એ ડિસ્ટ્રિકટમાં જેટલા એમ.ઓ.યુ. થયા એનો રીવ્યુ કરતા હોય છે અને પ્રોબ્લેમ સોલ્વ કરતા હોય છે. એવી જ રીતે દરેક વિભાગમાં પ્રિન્સીપલ સેક્રેટરી તેના ડિપાર્ટમૅન્ટનું દર મહિને એમ.ઓ.યુ.ના રીવ્યુ કરતા હોય છે અને તેમાં નોડલ ઑફિસર્સ પણ હાજર રહેતા હોય છે. એવી રીતે I.C. Office માં જેની આ બેઝીક જવાબદારી છે એ બધા જ પ્રોજૅકટ હજાર કરોડ રૂપિયા સુધીના હોય, એની અંદર પણ દર મહિને રીવ્યુ કરતા હોય છે. સી.એસ.ની કક્ષાએ પણ દર બે મહિને આનો રીવ્યુ થતો હોય છે અને દરેક ડિપાર્ટમૅન્ટના સી.એસ.ના લેવલ ઉપર રીવ્યુ થતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીના લેવલ ઉપર પણ આનો રીવ્યુ દર ત્રણ મહિને થતો હોય છે અને મુખ્યમંત્રીશ્રીને કક્ષાએ પણ આનો રીવ્યુ થતો હોય છે. એટલે એક આખી

પ્રોસેસ છે અને આ પ્રોસેસમાં જે મેં આગલા સવાલના જવાબમાં જણાવ્યું કે કેટલા પ્રોજૅક્ટ કયા સ્ટેજ ઉપર આવ્યા અને તેને એક સ્ટેજ ઉપરથી બીજા સ્ટેજ ઉપર લઈ જવા માટે કેટલી ઝડપ થઈ શકે એના માટે રાજય સરકાર catalystનો રોલ પ્લે કરે. રોકાણકારો તો મૂડી રોકે છે. આખો વહીવટ અને ઈમ્પ્લીમેન્ટેશન એ કરે છે. માત્રને માત્ર રાજય સરકાર એને ટેકો આપે છે જેથી તેનો પ્રોજૅક્ટ ઝડપથી થાય.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વાઈબ્રન્ટ ગુજરાતના એમ.ઓ.યુ.માં અમારા પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કોઈ ઉદ્યોગો સ્થાપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લાની અંદર આપણે ગોધરાની અંદર ૧૮ યુનિટ ઈન્વેસ્ટમેન્ટ ૧૫.૪૭ કરોડનું આવેલું છે અને જી.આઈ.ડી.સી.માં ૯૨ એમ કરીને જી.આઈ.ડી.સી.નું પણ આવ્યું છે એમ કુલ ૧૧૦ યુનિટનું ઈન્વેસ્ટમેન્ટ ૨૨ કરોડ ૧૮ લાખનું આવેલું છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૮૬૬૩ એમ.ઓ.યુ. થયા છે. ધારાસભ્યોના અભ્યાસ માટે એની પુસ્તિકા રૂપે એમ.ઓ.યુ. કરનારના નામ-સરનામા સાથેની યાદી આપ આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખ્યાલ પ્રમાણે વેબસાઈટ ઉપર છે. આપ વેબસાઈટ ઉપર જોઈ લો અને બધી જ માહિતી આની અંદર સંપૂર્ણપણે માહિતી છે, આપનું આ સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. આઠમી અતારંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો

૬૬૬૫ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને | (૧) ૧૩૪૭. |
| (૨) જો ખૂટતા હોય તો નવા રહેણાંકના મકાન બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ૧૯૭ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જ્યારે ૩૮ આવાસોનું બાંધકામ ટુંક સમયમાં શરૂ થનાર છે. |

------------

### રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ન બને તે માટે વ્યવસ્થા

૫૯૨૭ **શ્રીમતી ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આતંકવાદી ઘટના ન બને તે માટેની તકેદારીના પગલાંરૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી સુસજ્જ એવા સ્પેશિયલ ઓપરેશન ગૃપની જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ગૃહ વિભાગના તા. ૧૪-૮-૨૦૦૬ના ઠરાવથી શહેર વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીના અને જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકશ્રીઓના નિયંત્રણ હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવામાં આવેલ છે. તેની કામગીરીની વિગતો નીચે મુજબ છે :<br>(૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તેની તકેદારી રાખવી.<br>(૨) આતંક્વાદી સંગઠનો સાથે જોડાયેલ ઇસમોના નામ સરનામાની વિગતો મેળવવી.<br>(૩) વિદેશી એજન્ટોને આશરો આપતાં |

ઇસમો/સંસ્થાની યાદી તૈયાર કરવી.
(૪) હવાલાકાંડમાં સંડોવાયેલ કે પકડાયેલ વ્યક્તિઓની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવી.
(૫) વિદેશમાંથી ફંડ લાવી તેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરતી સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવી.
(૬) શકમંદ ટ્રાવેલ એજન્ટોના નામ સરનામા તૈયાર કરવા.

ગૃહ વિભાગના તા. ૯-૭-૨૦૦૮ના ઠરાવથી રાજ્યના તમામ શહેરી વિસ્તારો તથા જિલ્લાઓમાં કાર્યરત સ્પેશિયલ ઓપરેશન ગૃપને આતંક્વાદ વિરોધી દળના નિયંત્રણ હેઠળ તથા આતંક્વાદ વિરોધી દળને રાજ્યના ઇન્ટેલીજન્સ બ્યુરોના નિયંત્રણ હેઠળ મુકવામાં આવેલ છે.

------------

**ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને સહાયતા**

૬૫૯૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઇ., એન.સી.બી., રેલ્વે, કસ્ટમ એક્સાઇઝ જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને-૨૦૦૭ના વર્ષમાં કુલ-૨૭૨ તથા સને ૨૦૦૮ના વર્ષમાં કુલ-૨૪૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ.દ્વાર મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં અમરમણી ત્રિપાઠી કેસ (મધુમીતા શુક્લા ખુન કેસ), ઉજ્જૈન ખાતેનો સીરીયલ મર્ડર કેસ, કસ્ટમ અને એક્સાઇઝના કમિશ્નર સામેનો લાંચ રૂશ્વતનો કેસ, અનારા ગુપ્તા સી.ડી. કેસ, પ્રોફેસર ગિલાની (પાર્લામેન્ટ ઉપરનો હુમલો) કેસ, ગુટકા કીંગ કેસ, મહારાષ્ટ્રના એક ડોક્ટરે પોતાની પત્નિને એચ.આઇ.વી. ઇન્જેકશન આપેલ તેની તપાસ, નીઠારીકાંડ જેવા સીરીયલ કિલીંગનો અતિ સંવેદનશીલ કેસ, રાજસ્થાનમાંથી પકડાયેલા ખૂંખાર આતંકવાદીનો કેસ, આરુસિ મર્ડર કેસ, હિજ્જબુલ મુજાહુદ્દિનનના ત્રાસવાદીનો કેસ, મણીપુરના મંત્રીશ્રીની દિકરીના અપહરણના કિસ્સા જેવા અસંખ્ય મહત્વના અને સંવેદનશીલ કેસોમાં આ ખાતાએ ગુન્હાઓ ઉકેલવામાં મદદ પુરી પાડેલ છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮ માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ-૨૦૦૭ તેમજ ૨૦૦૮ માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**સને ૨૦૦૭**

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તર પ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |

| | | |
|---|---|---|
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્ય પ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરિયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પશ્ચિમ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |

**કેન્દ્રીય સંસ્થાઓ**

| | | |
|---|---|---|
| ૧૫ | સી.બી.આઇ. | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એર ફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઇ. | ૫ |
| | **કુલ ...** | **૨૭૨** |

**સને ૨૦૦૮**

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | દિલ્હી | ૨૮ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૧૫ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૨ |
| ૫ | રાજસ્થાન | ૫ |
| ૬ | ચંદીગઢ | ૨ |
| ૭ | પશ્ચિમ બંગાળ | ૩ |
| ૮ | ઝારખંડ | ૩ |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૨ |

**કેન્દ્રીય સંસ્થાઓ**

| | | |
|---|---|---|
| ૧૦ | દાદરાનગર હવેલી | ૮૩ |
| ૧૧ | દમણ | ૨૯ |
| ૧૨ | સી.બી.આઇ. | ૨૬ |
| ૧૩ | કસ્ટમ અને એક્સાઇઝ | ૫ |
| ૧૪ | ડાયરેક્ટર રેવન્યુ ઇન્ટે. | ૨૩ |
| ૧૫ | ઇન્સ્યોરન્સ કંપની | ૯ |
| ૧૬ | નારકોટીક્સ કંટ્રોલ બ્યુરો | ૨ |
| ૧૭ | વેસ્ટર્ન રેલ્વે | ૪ |
| | **કુલ :-** | **૨૪૨** |

------------

## વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ

૬૬૮૦ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની કોઇ વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ ?

**જવાબ**

હા, જી. રાજ્ય સરકાર અને રાજ્યની વીજ કંપીનીઓને મળેલ એવોર્ડની વિગતો **પરિશિષ્ટ-૧** મુજબ છે.

## પરિશિષ્ટ-૧
## ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર, ૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો.

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઇ હાઇડ્રો) |

| | | | |
|---|---|---|---|
| ૩. | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઇન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪. | વીજ ક્ષેત્રે સર્વ શ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઇ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫. | ઉર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમા ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિદ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઇ | રાજ્ય સરકાર |

------------

**સાબરમતી સેન્ટ્રલ જેલના કેદીઓ પાસે મોબાઈલ ફોન**

૪૭૬૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીઓ પાસેથી પરવાનગી વગરના કેટલા મોબાઈલો તેમજ અન્ય પ્રતિબંધિત વસ્તુઓ દરોડાઓ દરમ્યાન જપ્ત કરવામાં આવી,

(૨) સઘન સુરક્ષા વચ્ચે કેદીઓ પાસે આવી ગેરકાનુની પ્રવૃત્તિઓના સાધનો પહોંચી જાય છે તે સંબંધમાં જેલના સ્ટાફ સામે કોઈ તપાસ કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જેલોમાં કેદીઓ પાસે પ્રતિબંધિત વસ્તુઓ પહોંચે નહીં તે માટે કેદીઓને ઘરનું જમવાનું આપવામાં આવે છે તે બંધ કરી જેલનું જ ખાવાનું આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં ૪૪ મોબાઇલ ફોન તેમજ વીસીડી/ડીવીડી કેસેટો અને વીસીડી/ડીવીડી પ્લેયર ઝડતી દરમ્યાન મળી આવેલ છે.

(૨) આ બાબતે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ફરજ બજાવતા બે કર્મચારીઓની ધરપકડ કરવામાં આવેલ છે અને તેમની સામે સઘન તપાસ ચાલુ છે.

(૩) જે વ્યક્તિઓ કાયદાની દૃષ્ટિએ ગુનેગાર નથી તેવા અંડર ટ્રાયલ અને અટકાયતીઓ જેલ મેન્યુઅલના નિયમોનુસાર બહારનું જમવાનું મેળવવાપાત્ર છે. પરંતુ જેલની સુરક્ષા સુદૃઢ બનાવવા ચોક્કસ પ્રકારના આરોપીઓને બહારના ખોરાકથી વંચિત રાખવા વિચારણા હેઠળ છે.

------------

**ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનોને સનદી સેવાની તાલીમ**

૬૨૦૪ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાઓની તાલીમ માટે સ્પીપા ખાતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દર વર્ષે કેટલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે,

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે કેવા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૪) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઉમેદવારો સનદી સેવાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૦.

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે વિષય નિષ્ણાંતો દ્વારા પ્રિલિમ, મેઇન્સ અને ઇન્ટરવ્યુની વિના મુલ્યે તાલીમ અને લાયબ્રેરી તેમજ રીડીંગ રૂમની સવલત આપવામાં આવે છે.

(૪)

| | |
|---|---|
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| ૨૦૦૭ | ૪ |
| **કુલ :-** | **૧૩** |

વર્ષ ૨૦૦૮માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

------------

**રાજ્યમાં ગૃહરક્ષક દળને માનદવેતન વધારવા બાબત**

૬૦૮૬ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૃહ રક્ષક દળ(હોમગાર્ડઝ) ના જવાનોને તા.૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ કેટલું માસિક માનદ્ વેતન ચૂકવવામાં આવે છે, | (૧) રૂા. ૫૦/- દૈનિક. |
| (૨) આ વેતન વધારવા સરકારે વિચારેલ છે કે કેમ, અને | (૨) હા, જી. તા. ૧-૧-૨૦૦૯થી માનદ્ વેતન દૈનિક રૂા. ૫૦/- થી વધારીને રૂા. ૮૦ કરવામાં આવેલ છે. |
| (૩) આ જવાનોને નિયમિત વેતન ચૂકવાય, તે માટે શી વ્યવસ્થા ગોઠવેલ છે ? | (૩) ગૃહ રક્ષક દળ તથા ગ્રામ રક્ષક દળના જવાનોના માનદ્ ફરજ ભથ્થા તથા મુસાફરી ભથ્થાના બાકી બિલો નિયમિત ચૂકવાય જાય તે માટે અધિક સચિવશ્રી (કાXવ્ય)ની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિ ધ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. |

------------

**બારડોલી તાલુકામાં કડોદ આઉટ પોલીસ સ્ટેશનનું મહેકમ**

૬૭૩૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ આઉટ પોલીસ સ્ટેશનની હદમાં અઢાર જેટલા ગામો માટે માત્ર એકજ જમાદાર અને બે કોન્સ્ટેબલ ફરજ બજાવે છે એ હકીક્ત સાચી છે, | (૧) કડોદ આઉટ પોસ્ટમાં એક હેડ કોન્સ્ટેબલ અને ચાર પોલીસ કોન્સ્ટેબલનું મહેકમ મંજુર થયેલ છે. |
| (૨) જો હા, તો આ આઉટ પોલીસ સ્ટેશનનું પોલીસ મહેકમ સરકાર વધારવા માંગે છે કે કેમ, અને | (૨) હાલનું મંજુર મહેકમ પૂરતું જ છે. |
| (૩) જો હા, તો સરકાર ક્યારે મહેકમ વધારવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં નવા વીજ સબસ્ટેશનો સ્થાપવા અંગે**

૪૮૪૭ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) : તા.૨૫-૯-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * : ૪૫૪૭ (અગ્રતા-૧૩)ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૮-૦૯ દરમ્યાન ૬૦ વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન હતું તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં આ વીજ સબસ્ટેશનો બાંધવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને<br>(૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૧)<br>અને<br>(૨) સને ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં આયોજન કરેલ તમામ ૬૦ સબસ્ટેશનોની કામગીરી પ્રગતિમાં છે. તે પૈકી ૨૭ સબસ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકીના સબસ્ટેશનોની કામગીરી ૩૧મી માર્ચ, ૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. |

------------

**ખેડૂતોને વીજ બચતનું મહત્વ**

૬૬૯૪ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (જામ ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહક યોજના બનાવેલ છે, અને | (૧) હા જી. રાજ્યનાં કૃષિ ક્ષેત્રે વીજળી વાપરતા ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે તા. ૧૬-૦૭-૨૦૦૮ નાં ઠરાવથી ""ઉર્જા સંરક્ષણ યોજના હેઠળ |

ખેતીવાડી વીજ ગ્રાહકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા (એનર્જી એફીસીયન્ટ) પમ્પ સેટ્સ બેસાડવાની યોજના"" અમલી બનાવવામાં આવેલ છે. અને તા. ૧૨-૧૧-૨૦૦૮ નાં ઠરાવથી આ યોજના અપનાવનાર કૃષિ વીજ ગ્રાહકોને આપવામાં આવતી સબસીડીની રકમમાં વધારો કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો આ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે ?

(૨) આ યોજના હેઠળ ખેડૂતોને નવા વીજ કાર્યક્ષમ પમ્પ સેટ્સ બેસાડવા માટે પમ્પ સેટ્સની કિંમતની ૨/૩ રકમ સબસીડી રૂપે ચૂકવવામાં આવે છે.

## સુપ્રિમ કોર્ટના આદેશથી તોફાનોના કેસોની પુનઃતપાસ

૬૧૬૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુપ્રિમ કોર્ટના આદેશથી ગુજરાત સરકારે કોમી તોફાનોના કેટલા કેસો તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રીઓપન કર્યા,

(૨) તે પૈકીના કેટલા કેસોમાં કેટલા આરોપીઓ સામે ચાર્જશીટ મુક્યા, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કેટલા કેસોની તપાસ પૂરી કરી અને કેટલા કેસોની તપાસ બાકી છે ?

**જવાબ**

(૧),
(૨)
અને
(૩) ૧૯૫૮ કેસો રીઓપન થયાં. ૯૩ કેસોમાં ૮૧૦ આરોપીઓ સામે ચાર્જશીટ મુક્યા. અન્ય કેસોમાં કાર્યવાહી ગતિમાં છે.

------------

## શિહોર અને ગારીયાધાર તાલુકામાં ઝુંપડપટ્ટીઓમાં વીજ જોડાણ

૬૭૨૭ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકામાં ઝુંપડપટ્ટીઓમાં વીજ ક્નેક્શનો મેળવવા માટેની કેટલી અરજી પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો નિકાલ કરી કેટલા સમયમાં વીજ ક્નેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧)
અને
(૨) હાલ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકામાં કોઈ અરજી પડતર નથી અને શિહોર તાલુકાની ૧૮ પડતર અરજીઓને ફેબ્રુઆરી, ૦૯ના અંત સુધીમાં વિજ ક્નેક્શન આપવામાં આવશે.

------------

## રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થાપવા થયેલ એમ.ઓ.યુ.

૫૯૫૨ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત અન્વયે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ હેઠળ તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૮ સુધીમાં રાજ્યમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ઉક્ત સમય દરમિયાન થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો શર થયા અને કેટલા ઉદ્યોગો શરુ થઈ શક્યા નથી, અને

(૩) જે ઉદ્યોગો શરુ થઈ શક્યા નથી તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત અન્વયે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ હેઠળ તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૮ સુધીમાં રાજ્યમાં ૩૬૩ એમ.ઓ.યુ. ૪૫૪ પ્રોજેક્ટો સ્થાપવા માટે કરવામાં આવ્યા,

(૨) તા.૩૧-૧૨-૦૮સુધીમાં ૪૧૮ પ્રોજેક્ટો વિવિધ તબક્કામાં અમલવારી હેઠળ છે. તે પૈકી ૧૧૮ પ્રોજેક્ટો પ્રાથમિક તબક્કે છે, ૨૧૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે જે થોડા સમયમાં ઉત્પાદનમાં આવવાની શક્યતા છે અને ૮૬ ઉત્પાદન શરૂ થઈ ગયેલ છે.

(૩) પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કામાં હોય તેવા ઉત્પાદક પ્રોજેક્ટો ૩ વર્ષ જેટલા સમયમાં કાર્યન્વિત થતાં હોય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં આ સમય ગાળો પાંચ વર્ષ કે તેથી વધુ સમયનો હોય છે.

------------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં હથિયારના પરવાના મેળવવા અંગે**

૬૭૧૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર ત્રણે તાલુકાઓમાં હથિયારના પરવાના મેળવવા માટે કેટલી અરજીઓ સરકારમાં પડતર છે,

(૨) આ પૈકી કેટલા અરજદારોને પરવાના ફાળવવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે ?

**જવાબ**

(૧),
(૨)
અને
(૩) હથિયારનો પરવાનો મેળવવા માટે સરકારમાં અરજી કરવાની હોતી નથી, પરંતુ જિલ્લા મેજીસ્ટેટશ્રી, અમદાવાદ સમક્ષ ૧૨ અરજીઓ પડતર છે.

------------

**આણંદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓને રહેઠાણના મકાનો પૂરા પાડવા બાબત**

૪૯૬૪ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલા પોલીસ સ્ટેશન કાર્યરત છે,

(૨) ઉક્ત દરેક પોલીસ સ્ટેશનમાં કેટલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે,

(૩) તે દરેક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે ક્વાર્ટરની પૂરતી સગવડ છે કે કેમ,

(૪) જો ના, તો જરૂરીયાત મુજબના રહેઠાણ સરકાર દ્વારા પૂરા પાડવા માંગે છે કે કેમ, અને

(૫) જો હા, તો કેટલા સમયમાં આવા રહેઠાણ પૂરા પાડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) કુલ-૧૮ પોલીસ સ્ટેશનો કાર્યરત છે.

(૨)
અને
(૩) દરેક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ ક્વાટર્સની સંખ્યા નીચે મુજબ છે :-

| અ.નં. | પો.સ્ટે.નું નામ | કર્મચારીઓની સંખ્યા | ઉપલબ્ધ મકાન |
|---|---|---|---|
| ૧ | આણંદ ટાઉન | ૯૨ | ૫૪ |
| ૨ | આણંદ રૂરલ | ૪૦ | ૩૯ |
| ૩ | વિદ્યાનગર | ૫૦ | ૫૦ |
| ૪ | ઉમરેઠ | ૫૭ | ૧૨ |
| ૫ | વાસદ | ૨૮ | ૨૪ |
| ૬ | ખંભોળજ | ૩૭ | ૦ |
| ૭ | મહીલા પો. સ્ટે. | ૧૨ | ૧૨ |
| ૮ | મહેલાવ | ૩૩ | ૨૪ |
| ૯ | પેટલાદ ટાઉન | ૧૧૨ | ૭૨ |
| ૧૦ | પેટલાદ રૂરલ | ૩૬ | ૨૦ |
| ૧૧ | તારાપુર | ૨૪ | ૨૪ |
| ૧૨ | સોજીત્રા | ૩૫ | ૩૨ |
| ૧૩ | ખંભાત સીટી | ૧૨૫ | ૨૪ |
| ૧૪ | ખંભાત રૂરલ | ૪૦ | ૨૪ |
| ૧૫ | વિરસદ | ૩૦ | ૨૪ |
| ૧૬ | બોરસદ | ૧૦૨ | ૮૦ |
| ૧૭ | ભાદરણ | ૪૩ | ૨૪ |
| ૧૮ | આંકલાવ | ૩૦ | ૨૪ |
| | **કુલ :-** | **૯૨૬** | **૫૬૩** |

(૪)
અને
(૫) પોલીસ કર્મચારીઓને રહેઠાણોની અપુરતી સગવડ માટે સરકાર ખુબ જ ચિંતિત છે. તેથી પોલીસ કર્મચારીઓને જરૂરીયાત મુજબના રહેઠાણો પુરા પાડવાનો તબક્કાવાર કાર્યક્રમ હાથ ધરાયેલ છે. જે સત્વરે પુરો કરવાનું આયોજન છે.

------------

**ભરૂચ જિલ્લાના આમોદ, ભરૂચ અને વાગરા તાલુકાની નર્મદા કેનાલોમાં પડેલ ગાબડાં**

૪૯૮૧ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના આમોદ, ભરૂચ અને વાગરા તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલો, બ્રાન્ચ ડીસ્ટ્રીબ્યુટરી અને માઈનોર કેનાલોમાં વારંવાર ગાબડાં પડવાની અને મરામતની માંગણી કરતી કેટલી ફરિયાદો મળી, | (૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ દરમ્યાન કુલ ૨૬ ફરીયાદો અને સન ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૧૬ ફરીયાદો મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત કેનાલોની મરામત પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૨) રૂા. ૩૭૭.૬૭ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૩) મરામતની આ કામગીરી ક્યારે શરુ કરવામાં આવશે? | (૩) સન ૨૦૦૭-૦૮ના મરામતના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે સન ૨૦૦૮-૦૯ના મરામતના કામોની કામગીરી નવેમ્બર-૨૦૦૮થી શરૂ કરવામાં આવેલ છે. |

------------

**સરદાર સરોવર યોજનાની વેજપુર અને માલસણ શાખાના કામો અંગે**

૬૬૦૨ **શ્રી અનિલભાઈ માળી (દિયેદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરદાર સરોવર યોજનાની વેજપુર અને માલસણ શાખાના કામો શરૂ કરવાનું શું આયોજન છે, અને | (૧) વેજપુર અને માલસણ શાખા નહેરના કામો ૨૦૦૯માં શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) તે ક્યારે પૂર્ણ થશે ? | (૨) કામો ચાલુ થયા પછી શક્ય તેટલાં ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. |

------------

**જેલ, કોર્ટ વીડિયો કોન્ફરન્સીંગ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા બાબત**

૬૬૦૧ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ જેલ, કોર્ટ વીડિયો કોન્ફરન્સીંગ દ્વારા છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૦૭માં ૫૨૭૫ તથા વર્ષ-૨૦૦૮માં ૫૧૩૭ કેદીઓને વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા છે. |
| (૨) આ પ્રકારની સુવિધાથી સરકારને નાણાકીય તથા સુરક્ષાની દ્દષ્ટિએ કોઈ પ્રકારનો લાભ થયેલ છે કે કેમ, અને | (૨)<br>અને |
| (૩) જો હા, તો શું લાભ થયેલ છે ? | (૩) હા, જી.<br>વિડીયો કોન્ફરન્સીંગની સુવિધાના કારણે કાચા કામના કેદીઓને રીમાન્ડ એક્ષ્ટેન્શન અર્થે ભોતિક રીતે કોર્ટમાં રજુ કરવાના રહેતા ન હોઈ, પોલીસ એસ્કોર્ટ અને વાહનોના ખર્ચમાં બચત થાય છે. પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાની અને અનધિકૃત સવલતો ભોગવવાની બાબત નિયંત્રિત બને છે. કેદીઓના માનવીય ગોરવની વધુ સારી જાળવણી શક્ય બને છે. |

------------

**રાજ્યના દરિયાકાંઠા વિસ્તારમાં વીજ વાયરો બદલવા પાછળ ખર્ચ**

૬૧૪૪ **ડૉ. કનુભાઈ કલસરીયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠા વિસ્તારમાં જર્જરીત વીજ વાયરો બદલવા માટે કોઈ યોજના અમલી બનાવાઈ છે કે કેમ, | (૧) હા, જી. રાજ્ય સરકારની ""સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના"" અંતર્ગત દરિયાકાંઠા વિસ્તારમાં જર્જરીત વીજ વાયરો બદલવામાં આવે છે. |
| (૨) તે અંતર્ગત ભાવનગર જિલ્લામાં નાણાકીય | (૨) તે અંતર્ગત ભાવનગર જિલ્લામાં નાણાંકીય |

વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલા કિ.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો ?

વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન તા.૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૩૧૪.૫૮ કિ.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવ્યા.

(૩) તે માટે રૂા. ૮૪.૯૬ લાખનો ખર્ચ થયો.

------------

**રાજ્યમાં બોમ્બ ધડાકાથી થયેલ મૃત્યુ**

૫૯૪૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્યમાં થયેલ બોમ્બ ધડાકાઓમાં કેટલા ઈસમોના મૃત્યુ થયેલ છે, કેટલા ઘવાયા છે, અને

(૨) કેટલા શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૫૭ વ્યક્તિઓના મૃત્યુ થયેલ છે, ૨૭૬ ઘ ાવાયા છે, અને

(૨) ૮૩ શખ્સોની ધરપકડ કરવામાં આવેલ છે.

------------

**રાજ્યની જેલોમાં ક્ષમતા કરતાં વધારે કેદીઓના પ્રમાણની સમસ્યા**

૫૯૨૬ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની જેલોમાં ક્ષમતા કરતા વધારે કેદીઓને રાખવાની સમસ્યા દુર કરવા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨) રાજ્યની જેલોમાં પ્રવર્તી રહેલ ઓવરક્રાઉડીંગની સમસ્યા દુર કરવા રૂા. ૬૫.૮૮ કરોડના ખર્ચે જુદા જુદા સ્થળોએ ૧૦ નવી જેલોના બાંધકામની કામગીરી હાથ ધરેલ છે, તથા હયાત અને નવી જેલોમાં ૫૯ નવી બેરેકોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત દાહોદ, પાટણ અને ગળપાદર (ગાંધીધામ) ખાતે ૩ નવી જેલોના બાંધકામની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓના તાબા હેઠળની તમામ જિલ્લાની તાલુકા સબ જેલોના નવા બાંધકામ તથા રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ તમામ કામ પૂર્ણ થયેથી ઓવરક્રાઉડીંગનો પ્રશ્ન હલ થશે.

--------------

**રાજ્યમાં નોટરીની મંજૂર થયેલ જગ્યાઓ**

૬૬૧૨ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) નોટરીની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કુલ ૧૪૦૭ જગ્યાઓ છે. જેમાં કેન્દ્ર સરકારના તા. ૩-૯-૨૦૦૮ના જાહેરનામાંથી મંજૂર થયેલ ૪૬૯ જગ્યાઓનો સમાવેશ થાય છે.

(૨) ૮૮૮ જગ્યાઓ.

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ પૈકી ૪૧૯ જગ્યાઓ પર નિમણૂંકની કાર્યવાહી પૂર્ણ થવામાં છે અને બાકી રહેતી ૪૬૯ જગ્યાઓ પણ ત્વરિતપણે ભરવાનો સરકારનો આશય છે.

-------------

## દાહોદ જિલ્લામાં પિયત સહકારી મંડળીઓના ખેડૂતોને વીજળી આપવા અંગે

૬૭૨૮ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૪ (ચાર) માસમાં પિયત સહકારી મંડળીઓના ખેડૂતોને સરેરાશ ૨૦ (વીસ) થી ૩૦(ત્રીસ) મિનિટ દૈનિક વીજળી આપવામાં આવી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ ખેડૂતોને સરેરાશ ૮ (આઠ) કલાક વિજળી આપવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ખેતીવાડી વીજ ક્નેકશનોને છેલ્લા ચાર માસ દરમિયાન આઠ ક્લાક વીજ પુરવઠો પુરો પાડવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## અધિક નિયામકશ્રી, ખાણ અને ખનીજ પાસે પડતર અપીલો

૬૭૩૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં અધિક નિયામકશ્રી, ખાણ અને ખનીજ ખાતા પાસે કેટલી અપીલો પડતર રહેવા પામી છે ?

**જવાબ**

| કેલેન્ડર વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૦૬ | ૧૩૪૦ |
| ૨૦૦૭ | ૧૨૭૨ |
| ૨૦૦૮ | ૧૭૨૭ |

--------------

## વડોદરા બ્રાન્ચ કેનાલમાં મૂકેલ સાયફન

૫૧૮૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાની વડોદરા બ્રાન્ચ કેનાલમાં કેટ કેટલા કિ.મી. ના અંતરે કેનાલમાં સાઈફન મૂકવાનું પ્રયોજન છે,

(૨) નિયમ પ્રમાણે કેનાલમાં સાઈફન મૂકેલ છે કે કે, અને

(૩) જો હા, તો કેટલા મૂકેલ છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાની જંબુસર તાલુકાની વડોદરા બ્રાન્ચ કેનાલમાં સ્થળ સ્થિતિ અનુસાર જરૂરિયાત મુજબ પાણીના નિકાલ માટે કેનાલ સાયફન મુકવામાં આવેલ છે.

(૨) સ્થળસ્થિતિ અનુસાર જરૂરિયાત પ્રમાણે પાણીના નિકાલ તથા અવર-જવર માટે કેનાલ સાયફન મુકવામાં આવેલ છે.

(૩) જંબુસર તાલુકા વડોદરા શાખા નહેરની લંબાઈ ૩૮.૦૯ કી.મી.માં છે જેમાં કુલ ૧૩ કેનાલ સાયફન મુકવામાં આવેલ છે.

--------------

## બંદરો પર પોર્ટ કેપેસીટી

૬૬૭૯ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના બંદરો પર વર્ષ-૨૦૧૨-૧૩ સુધીમાં કેટલી ક્ષમતા વધારવાનું આયોજન છે ?

**જવાબ**

વર્ષ ૨૦૧૨-૧૩ સુધીમાં વાર્ષિક ૩૨૫ મીલીયન ટન કાર્ગો હેન્ડલીંગની ક્ષમતા વધારવાનું આયોજન છે.

## ભરૂચ જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો

૬૬૬૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય પોલિસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે, અને

**જવાબ**

(૧) ૧૩૩૩.

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૨) ૧૬ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

--------------

**ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનોને સનદી સેવાની તાલીમ**

૬૭૭૫ **શ્રી પ્રફુલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાઓની તાલીમ માટે સ્પીપા ખાતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો દર વર્ષે કેટલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે,

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે કેવા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઉમેદવારો સનદી સેવાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૦.

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે વિષય નિષ્ણાતો દ્વારા પ્રિલિમ, મેઈન્સ અને ઈન્ટરવ્યુની વિના મૂલ્યે તાલીમ અને લાયબ્રેરી તેમજ રીડીંગ રૂમની સવલત આપવામાં આવે છે.

(૪)

| | |
|---|---|
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| ૨૦૦૭ | ૪ |
| **કુલ :** | **૧૩** |

વર્ષ ૨૦૦૮માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

--------------

**કઠલાલ તાલુકા સબ માઈનોર નહેર દ્વારા ખેડૂતોને ખેતરે પાણી આપવા બાબત**

૫૧૮૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કઠલાલ તાલુકામાં સબ માઈનોર નહેરથી ખેડૂતોના ખેતરે પાણી આપવા બનાવેલ ઢાળિયા તૂટી ગયેલ છે, તો આ ખેડૂતોના ખેતરે પાણી આપવા માટે કોઈ વ્યવસ્થા કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તૂટી ગયેલ સબમાઈનોર નહેરોની મરામતની કાર્યવાહી જુન-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરીને ત્યારબાદ ખરીફ પાક માટે પાણી આપવાનું આયોજન છે.

--------------

**સરકારી વાહન વ્યવહાર સેવાના વાહનોની હરાજી**

૬૯૧૬ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી વાહન વ્યવહાર સેવા (જી.ટી.એસ.) પાસે તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ કેટલા અને ક્યા

**જવાબ**

(૧) જી.ટી.એસ. ખાતે તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ કુલ ૫૪ વાહનો કે જેમાં ૧૧૮ એનઈ, સેલો,

પ્રકારના વાહનો હરાજી કરવાપાત્ર, કેટલા વખતથી પડેલા છે, અને

ટોયેટો (ડીઝલ), મેટાડોર (ડીઝલ), એમ્બેસેડર (ડીઝલ), એમ્બેસેડર (પેટ્રોલ), કોન્ટેસા અને શેવરેલેટ ઓપ્ટ્રાનો સમાવેશ થાય છે. તે પૈકી ૧૦ વાહનો ૧૩ મહિના અને ૪૪ વાહનો ૧૨ મહિના અને ૧૫ દિવસથી હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

(૨) આ વાહનોનો નિકાલ કરવામાં વિલંબ થવાના કારણો શાં છે ?

(૨) નિયત વહીવટી પ્રક્રિયા અનુસરવામાં જરૂરી સમય લાગતો હોય છે.

**મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૬૬૭૪ **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૧૩૨.

(૨) ૨૮૮ મકાનોનું બાંધકામ હાલ ચાલુ છે.

--------------

**અમરેલી જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો**

૬૮૩૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યમાં કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરાયેલ છે, અને

(૨) તે પૈકી અમરેલી જિલ્લામાં કેટલા નવિન સબ-સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરાયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦ (સાઇઠ) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) તે પૈકી અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કુલ ૬ (છ) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

--------------

**વીજ કંપનીઓ પાસેથી વિજળી ખરીદવા બાબત**

૪૮૨૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૧-૧-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા માસવાર કઈ કઈ ખાનગી કંપનીઓ પાસેથી શા ભાવે, કુલ કેટલી વિજળી ખરીદવામાં આવી ?

**જવાબ**

તા. ૧-૧-૨૦૦૮થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા માસવાર ખાનગી કંપનીઓ પાસેથી ખરીદ કરવામાં આવેલ વીજળીની વિગતો પત્રક (અ) મુજબ છે.

**પત્રક-અ**

**ખાનગી કંપનીઓ પાસેથી જાન્યુઆરી-૦૮ થી જુન-૦૮ દરમ્યાન પાવર ખરીદીની વિગતો દર્શાવતું પત્રક**

| | જાન્યુઆરી-૦૮ | | ફેબ્રુઆરી-૦૮ | | માર્ચ-૦૮ | | એપ્રિલ-૦૮ | | મે-૦૮ | | જુન-૦૮ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ |
| લાંબા ગાળાની વીજ ખરીદી (આ કરારો વર્ષ ૧૯૯૪ તથા ૧૯૯૬માં ૨૦ વર્ષના સમયગાળા માટે કરેલ છે.) | | | | | | | | | | | | |
| એસ્સાર | ૧૪૪ | ૨.૭૯ | ૧૬૧ | ૨.૯૦ | ૧૮૫ | ૩.૫૯ | ૧૯૩ | ૩.૫૩ | ૧૭૪ | ૩.૨૨ | ૧૬૦ | ૩.૨૩ |
| જીપેક | ૪૨૬ | ૫.૭૧ | ૩૯૫ | ૬.૪૦ | ૨૬૬ | ૬.૬૫ | ૫૦૦ | ૫.૩૩ | ૩૦૯ | ૫.૩૫ | ૨૨૯ | ૫.૪૪ |
| ટુંકા ગાળાની વીજ ખરીદી | | | | | | | | | | | | |
| (અ) વીજ ઉત્પાદકો | | | | | | | | | | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | - | - | - | - | - | - | ૩ | ૯.૦૭ | - | - | - | - |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| લાન્કો ઇલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| અદાની એન્ટર પ્રાઇઝ લી. | - | - | - | - | - | - | - | - | ૨૩ | ૭.૬૨ | ૭ | ૮.૦૨ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગમ લી. | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| જે.એસ.ડબલ્યુ. પી.ટી.સી. લી. | | | | | | | ૦.૩ | ૬.૭૯ | | | ૦.૫ | ૭.૩૫ |
| ક્લ્યાની પાવર ડેવ. કો.પો. લી. | | | | | | | | | | | | |
| **કુલ** | | | | | | | **૩.૩૦** | **૮.૮૬** | **૨૩.૦૦** | **૭.૬૨** | **૭.૫૦** | **૭.૯૮** |
| સીપીપી | | | | | | | | | | | | |
| રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી. | ૧૧.૫૧૭ | ૨.૮૦૦ | ૧૬.૨૭૬ | ૨.૮૦૦ | ૧૬.૯૭૩ | ૨.૮૦૦ | ૧૪.૬૩૭ | ૨.૮૦૦ | ૧૫.૯૯૩ | ૨.૮૦૦ | ૧૫.૫૩૯ | ૨.૮૦૦ |
| ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૦.૦૨૦ | ૨.૧૪૦ | - | - | ૦.૧૮૫ | ૨.૧૪૦ | ૦.૦૪૬ | ૨.૧૪૦ | ૦.૧૯૨ | ૨.૧૪૦ | ૦.૨૪૬ | ૨.૧૪૦ |
| ઓ.એન.જી.સી. અંકલેશ્વર | ૫.૧૬૨ | ૧.૯ | ૪.૫૬૭ | ૧.૯ | ૩.૮૨૯ | ૧.૯ | ૧.૧૦૮ | ૧.૯ | ૧.૯૧૮ | ૧.૯ | ૨.૯૬૬ | ૧.૯ |
| ઓ.એન.જી.સી. હજીરા | ૫.૨૯૧ | ૧.૯ | ૨.૮૮૯ | ૧.૯ | ૦.૯૩૭ | ૧.૯ | ૧.૪૯૫ | ૧.૯ | - | - | ૨.૩૦૯ | ૧.૯ |
| અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૫.૯૭ | ૨.૮ | ૪.૮૧૭ | ૨.૮ | ૬.૭૯ | ૨.૮ | ૫.૯૯૨ | ૨.૮ | ૫.૮૮૮ | ૨.૮ | ૫.૧૩ | ૨.૮ |
| આઇ.પી.સી.એલ. વડોદરા | ૫.૨૮૬ | ૪ | ૪.૭૬ | ૪ | ૨.૬ | ૪ | ૦.૦૫૮ | ૪ | - | - | - | - |
| હીન્ડાલકો | ૧૦.૫૦૮ | ૩.૭ | - | - | - | - | ૬.૩૬૨ | ૪.૭૮ | ૪.૬૬૮ | ૪.૭૮ | ૭.૮૪૨ | ૫.૬૯ |
| ગેલેન્ટ મેટલ લી. | ૦.૩૭૨ | ૨.૫ | ૦.૩૯૩ | ૨.૫ | ૨.૦૯૯ | ૨.૫ | ૨.૨૭૮ | ૨.૫ | ૩.૨૧૨ | ૨.૫ | ૨.૨૭૧ | ૨.૫ |
| ઝઘડીયા કોપર લી. | ૧.૯૬૨ | ૫.૪૫ | ૨.૩૭૬ | ૫.૦૮ | ૧.૯૭૬ | ૫.૪૯ | ૧.૯૭૬ | ૫.૮૭ | ૧.૮૨૪ | ૬.૨૯ | ૦.૨૭૩ | ૭.૧ |
| વેલસ્પન ગુ. સથલ રોહરેન લી. | ૧૦.૪૩૯ | ૨.૬૬ | ૫.૯૩૯ | ૨.૨ | ૬.૮૩૭ | ૨.૨ | ૩.૫૫૪ | ૨.૩૪ | ૪.૮૯૮ | ૨.૭૮ | ૬.૬૧૮ | ૩.૨૯ |
| ભન્ડેર પાવર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | **૫૬.૫૨૭** | **૨.૯૮** | **૪૨.૦૧૭** | **૨.૮૨** | **૪૧.૬૧૫** | **૨.૭૮** | **૩૭.૫૦૬** | **૩.૧૭** | **૩૮.૫૩૩** | **૩.૧૩** | **૪૩.૧૯૪** | **૩.૩** |

## પત્રક-અ

## ખાનગી કંપનીઓ પાસેથી જુલાઈ-૦૮ થી ડિસેમ્બર-૦૮ દરમ્યાન પાવર ખરીદીની વિગતો દર્શાવતું પત્રક

| | જુલાઈ-૦૮ | | ઓગષ્ટ-૦૮ | | સપ્ટેમ્બર-૦૮ | | ઓકટોબર-૦૮ | | નવેમ્બર-૦૮ | | ડિસેમ્બર-૦૮ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂા. પ્રતિ યુનિટ |
| એસ્સાર | ૧૨૦ | ૨.૮૨ | ૧૪ | ૩.૪૭ | ૧૨૮ | ૩.૪૧ | ૧૮૬ | ૪.૪૬ | ૧૯૨ | ૩.૬૮ | ૧૫૧ | ૪.૧૩ |
| જીપેક | ૧૮૪ | ૫.૭૩ | ૨૬૨ | ૫.૩૬ | ૨૫૮ | ૭.૮૯ | ૩૮૮ | ૬.૯૦ | ૩૯૨ | ૫.૨૯ | ૪૨૦ | ૪.૬૧ |
| (અ) વીજ ઉત્પાદકો | | | | | | | | | | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | - | - | - | - | - | - | - | - | ૨૬ | ૯.૩૧ | - | - |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૦ | ૪.૫૪ | - | - | - | - | ૬૪ | ૭.૧૯ | ૫૮ | ૭.૭૦ | ૬૨ | ૭.૭૦ |
| લાન્કો ઇલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૫ | ૪.૨૯ | - | - | - | - | - | - | - | - | - | - |
| અદાની એન્ટર પ્રાઇઝ લી. | ૨૪૧ | ૬.૦૪ | ૧૨૭ | ૫.૧૯ | ૯૬ | ૬.૭૫ | ૭૪ | ૯.૦૯ | ૭ | ૭.૭૮ | - | - |
| એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૨૦ | ૬.૫૪ | ૨૧ | ૬.૫૪ | ૩૦ | ૬.૫૪ | ૧૫ | ૬.૫૪ | - | - | - | - |
| જે.એસ.ડબલ્યુ. પી.ટી.સી. લી. | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| [illegible] ડેવ. કો.પો. લી. | - | - | - | - | - | - | - | - | ૫ | ૮.૪૧ | - | - |
| **કુલ** | ૨૭૬.૦૦ | ૫.૯૯ | ૧૪૮ | ૫.૩૮ | ૧૨૬ | ૬.૭૦ | ૧૫૩ | ૮.૦૬ | ૯૬ | ૮.૧૮ | ૬૨ | ૭.૭૦ |
| સીપીપી | | | | | | | | | | | | |
| રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી. | ૧૪.૭૬૧ | ૨.૮૦૦ | ૧૩.૮૦૨ | ૨.૮૦૦ | ૧૩.૨૩૬ | ૨.૮૦૦ | ૧૩.૦૮૦ | ૨.૮૦૦ | ૧૨.૦૧૯ | ૨.૮૦૦ | ૧૦.૧૯૭ | ૨.૮૮૦ |
| ગુજરાત અલ્કાલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૦.૧૨૫ | ૨.૧૪૦ | ૦.૧૯૮ | ૨.૧૪૦ | ૦.૨૫૯ | ૨.૧૪૦ | ૦.૮૩૮ | ૨.૧૪૦ | ૨.૬૩૯ | ૨.૧૪૦ | - | - |
| ઓ.એન.જી.સી. અંકલેશ્વર | ૨.૫૮૧ | ૧.૯ | ૨.૯૪ | ૧.૯ | - | - | ૩.૨૧૩ | ૧.૯ | ૨.૫૨૨ | ૧.૯ | - | - |
| ઓ.એન.જી.સી. હજીરા | ૧.૦૩૭ | ૧.૯ | ૦.૩૫૫ | ૧.૯ | ૦.૨૧૮ | ૧.૯ | ૦.૦૮ | ૧.૯ | ૧.૪૯૮ | ૧.૯ | - | - |
| અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૬.૧૦૬ | ૨.૮ | ૪.૫૬૨ | ૨.૮ | ૫.૩૦૭ | ૨.૮ | ૬.૦૭૬ | ૨.૮ | ૨.૭૨૯ | ૨.૮ | ૪.૫૭૭ | ૨.૭૭ |
| આઇ.પી.સી.એલ. વડોદરા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| હીન્ડાલકો | ૧.૭૨૯ | ૫.૧૬ | ૪.૫૧૮ | ૫.૫૭ | ૪.૪૨૩ | ૫.૨૨ | ૮.૬૭ | ૫.૯૪ | ૯.૭૫૫ | ૬ | - | - |
| ગેલેન્ટ મેટલ લી. | ૧.૩૨૧ | ૨.૫ | ૧.૨૩૨ | ૨.૫ | ૨.૮૫૭ | ૨.૫ | ૧.૬૧૨ | ૩.૮૫ | - | - | - | - |
| ઝઘડીયા કોપર લી. | - | - | ૦.૦૦૫ | ૮.૦૨ | - | - | - | - | - | - | - | - |
| વેલસ્પન ગુ. સથલ રોહરેન લી. | ૬.૨૦૯ | ૩.૮૮ | ૩.૫૭૫ | ૪.૨૩ | ૪.૪૪૩ | ૪.૩૨ | ૬.૬૫૧ | ૪.૪૭ | ૮.૧૮૫ | ૪.૪૬ | ૧૩.૫૧૨ | ૪.૨૮ |
| ભન્ડેર પાવર | - | - | - | - | - | - | - | - | ૩૧.૪૫૩ | ૫.૭૬ | ૨૬.૬૧૯ | ૩.૭૫ |
| **કુલ** | **૩૩.૮૬૯** | **૩.૦૧** | **૩૧.૧૮૭** | **૩.૪૯** | **૩૦.૭૪૩** | **૩.૩૩** | **૪૦.૨૨૦** | **૩.૭૧** | **૭૦.૮૦૦** | **૪.૬૭** | **૫૪.૯૦૫** | **૩.૬૪** |

--------------

**ક્લોલ અને કડી તાલુકાની બંધ મિલોના કામદારોના લેણાં ચૂકવવાનાં બાકી**

૬૪૨૫ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લોલ અને કડી તાલુકાની બંધ મિલોના કેટલા કામદારોને કેટલા નાણાં તેઓના લેણાં પેટે ચૂકવવાના બાકી છે, અને

(૨) ઉક્ત બંધ મિલોના કામદારોના લેણાં ચુકવવા કેન્દ્ર સરકારે આપેલ સહાય ચુકવાઈ છે કે બાકી છે, અને

(૩) બંધ મિલોના કામદારોના લેણાં ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારની યોજના અન્વયે કડી અને ક્લોલ તાલુકાની બંધ મીલના કામદારોને લેણાં પેટે કોઇ રકમ ચૂકવવાની બાકી નથી. ભારત સરકારની ટેક્ષટાઇલ લેબર રીહેબીલીટેશન ફંડ યોજના અન્વયે ભારત સરકાર ધ્વારા નીચે મુજબ રકમ ચુકવવાની થાય છે.

| મીલનું નામ | બાકી કામદારોની સંખ્યા | લેણાંની રકમ |
|---|---|---|
| મધુ ટેક્ષટાઇલ, કડી | ૩૯ | અરજીઓ ચકાસણી હેઠળ છે. |
| નવજ્યોત મીલ્સ, કડી | ૫૭૫ | |
| મહેન્દ્રા મીલ્સ, ક્લોલ | ૯૩ | |

(૨) કામદારોને ચૂકવેલ સહાય તથા પડતર દાવાઓની વિગતો નીચે મુજબ છે.

| મીલનું નામ | સહાય ચુકવેલ કામદારોની સંખ્યા | ચુકવવામાં આવેલ સહાયની રકમ(રૂપિયા) | સહાય ચુકવવામાં બાકી કામદારોની સંખ્યા | ચુકવણી બાબત |
|---|---|---|---|---|
| મધુ ટેક્ષટાઇલ, કડી | ૨૨૬ | ૪૪,૫૮,૫૬૪/- | ૩૯ | અરજીઓ ચકાસણીમાં છે. |
| નવજ્યોત મીલ્સ, કડી | ૧૭૩ | ૧૭,૦૮,૫૪૮/- | ૫૭૫ | |
| મહેન્દ્રા મીલ્સ, ક્લોલ | ૧૦૪૩ | ૪,૬૧,૨૨,૨૮૧/- | ૯૩ | |

(૩) રીજીયોનલ ટેક્ષટાઇલ કમિશ્નરશ્રીની ક્ચેરી ધ્વારા અરજીઓની ચકાસણી પૂર્ણ ક્ર્યા બાદ તેઓ ધ્વારા ચુકવવાની રહે છે.

--------------

**ડાયરેકટર ઓફ ફોરેન્સિક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને સહાયતા**

૬૫૯૬ **શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સિક સહાયતા આપવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી,

રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઇ., એન.સી.બી., રેલ્વે, કસ્ટમ એક્સાઇઝ જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં

મદદ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૭ના વર્ષમાં કુલ-૨૭૨ તથા સને ૨૦૦૮ના વર્ષમાં કુલ-૨૪૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પૂરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પૂરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં અમરમણી ત્રિપાઠી કેસ (મધુમીતા શુક્લા ખુન કેસ), ઉજ્જૈન ખાતેનો સીરીયલ મર્ડર કેસ, કસ્ટમ અને એક્સાઇઝના કમિશ્નર સામેનો લાંચ રૂશ્વતનો કેસ, અનારા ગુ?ા સી.ડી. કેસ, પ્રોફેસર ગિલાની (પાર્લામેન્ટ ઉપરનો હુમલો) કેસ, ગુટકા કીંગ કેસ, મહારાષ્ટ્રના એક ડોક્ટરે પોતાની પત્નિને એચ.આઇ.વી. ઇન્જેકશન આપેલ તેની તપાસ, નીઠારી કાંડ જેવા સીરીયલ ક્લીંગનો અતિસંવેદનશીલ કેસ, રાજસ્થાનમાંથી પકડાયેલ ખૂંખાર આંતકવાદીનો કેસ, આરુસિ મર્ડર કેસ, હિજ્જબુલ મુજાહિદ્દીનના ત્રાસવાદીનો કેસ, મણીપુરના મંત્રીશ્રીની દિકરીના અપહરણના કિસ્સા જેવા અસંખ્ય મહત્વના અને સંવેદનશીલ કેસોમાં આ ખાતાએ ગુન્હાઓ ઉકેલવામાં મદદ પૂરી પાડેલ છે.

(૨) જો, હા. તો વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮માં ક્યા ક્યા રાજ્યોને ઉક્ત સહાય આપવામાં આવી ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૭ તેમજ ૨૦૦૮માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

**સને ૨૦૦૭**

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧. | ઉત્તર પ્રદેશ | ૧૫ |
| ૨. | રાજસ્થાન | ૧૨ |
| ૩. | દિલ્હી | ૪૮ |
| ૪. | ગોવા | ૬ |
| ૫. | મધ્ય પ્રદેશ | ૧૯ |
| ૬. | બિહાર | ૧૦ |
| ૭. | મહારાષ્ટ્ર | ૩ |
| ૮. | નાગાલેન્ડ | ૧ |
| ૯. | હરિયાણા | ૧૧ |
| ૧૦. | ઝારખંડ | ૪ |
| ૧૧. | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨. | તામીલનાડુ | ૧ |
| ૧૩. | પશ્ચિમ બંગાળ | ૫ |
| ૧૪. | કર્ણાટક | ૧ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૫. | સી.બી.આઇ. | ૫ |
| ૧૬. | રેલ્વે | ૭ |
| ૧૭. | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮. | દમણ | ૧૦૧ |
| ૧૯. | દીવ | ૫ |
| ૨૦. | એરફોર્સ | ૨ |
| ૨૧. | ડી.આર.આઇ. | ૫ |
| | **કુલ** | **૨૭૨** |

**સને ૨૦૦૮**

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧. | દિલ્હી | ૨૮ |
| ૨. | જમ્મુ -કાશ્મીર | ૧ |
| ૩. | મધ્ય પ્રદેશ | ૧૫ |
| ૪. | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૫. | રાજસ્થાન | ૫ |
| ૬. | ચંદીગઢ | ૨ |
| ૭. | પશ્ચિમ બંગાળ | ૩ |
| ૮. | ઝારખંડ | ૩ |
| ૯. | હિમાચલ પ્રદેશ | ૨ |

**કેન્દ્રીય સંસ્થાઓ**

| | | |
|---|---|---|
| ૧૦. | દાદરાનગર હવેલી | ૮૩ |
| ૧૧. | દમણ | ૨૯ |
| ૧૨. | સી.બી.આઇ. | ૨૬ |
| ૧૩. | કસ્ટમ અને એક્સાઇઝ | ૫ |
| ૧૪. | ડાયરેક્ટર રેવન્યુ ઇન્ટે. | ૨૩ |
| ૧૫. | ઇન્સ્યોરન્સ કંપની | ૯ |
| ૧૬. | નારકોટીક્સ કંટ્રોલ બ્યુરો | ૨ |
| ૧૭. | વેસ્ટર્ન રેલ્વે | ૪ |
| | **કુલ** | **૨૪૨** |

**ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદી**

૫૫૮૯ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વીજળી, ક્યા ક્યા દરે, કઈ કઈ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદી,

(૧) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગતો

| કંપનીનું નામ | ૨૦૦૬ | | ૨૦૦૭ | | ૨૦૦૮ | |
|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનિટ | દર રૂ. પ્રતિ યુનિટ |
| લાંબા ગાળાની વીજ ખરીદી (આ કરારો વર્ષ ૧૯૯૪ તથા ૧૯૯૬માં ૨૦ વર્ષના સમયગાળા માટે કરેલ છે.) | | | | | | |
| એસ્સાર | ૧૭૭૯ | ૨.૭૨ | ૧૯૮૯ | ૨.૬૩ | ૧૮૦૮ | ૩.૪૭ |
| જીપેક | ૪૨૫૦ | ૨.૮૭ | ૪૦૫૩ | ૩.૮૭ | ૪૦૨૯ | ૫.૮૨ |
| ટુંકા ગાળાની વીજ ખરીદી | | | | | | |
| (અ) નીજી વીજ ઉત્પાદકો | | | | | | |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૧૬૧ | ૨.૨૫ | ૨૧૩ | ૨.૮૬ | ૧૬૮ | ૨.૮૦ |
| યુનાઈટેડ ફોસ્ફરસ લી. | - | - | ૭ | ૩.૪૭ | - | - |
| ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમીકલ્સ લી. | ૯૯ | ૧.૮૯ | ૧૩ | ૨.૧૪ | ૫ | ૨.૧૪ |
| ઓએનજીસી, અન્કલેશ્વર | ૪૩ | ૧.૯૦ | ૪૩ | ૧.૯૦ | ૩૧ | ૧.૯૦ |
| ઓએનજીસી, હજીરા | ૨૮ | ૧.૯૦ | ૪ | ૧.૯૦ | ૧૬ | ૧.૯૦ |
| અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૫૨ | ૧.૯૭ | ૫૮ | ૨.૪૪ | ૬૩ | ૨.૮૦ |
| અરવીંદ મીલ્સ | ૪ | ૧.૯૭ | ૩ | ૪.૮૬ | - | - |
| જીએનએફસી, ભરૂચ | **૪** | **૨.૫૦** | - | - | - | - |
| આઇપીસીએલ, વડોદરા | - | - | ૧૭ | ૪.૦૦ | ૧૩ | ૪.૦૦ |
| હીન્ડાલ્કો | - | - | ૨૩ | ૩.૭૦ | ૫૮ | ૫.૧૯ |
| ગેલન્ટ મેટલ લી. | - | - | ૧૬ | ૨.૫૦ | ૧૮ | ૨.૬૨ |
| ઝઘડીયા કોપર લી. | - | - | ૫ | ૫.૨૨ | ૧૦ | ૫.૬૫ |
| વેલ્સ્પન ગુજ. સથલ રોહરેન લી. | - | - | ૨૨ | ૨.૬૧ | ૮૧ | ૩.૪૯ |
| ભન્ડેર પાવર | - | - | - | - | ૫૮ | ૪.૮૪ |
| (બ) વિજ વેચાણકારો | | | | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૦ | ૫.૧૫ | ૬૫ | ૫.૭૦ | ૨૯ | ૯.૨૮ |
| પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | - | - | ૧૬ | ૫.૯૫ | - | - |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૯૩ | ૩.૮૦ | ૧ | ૪.૯૧ | ૧૯૪ | ૭.૩૭ |
| એમ.પી. પાવર ટ્રેડીંગ કંપની લી. | - | - | ૬૮ | ૬.૧૮ | - | - |
| લાનકો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪૧ | ૪.૨૯ | ૧૧ | ૩.૨૫ | ૫ | ૪.૨૯ |
| અદાની એન્ટર પ્રાઇઝ | ૫૧૫ | ૫.૩૫ | ૩૧૮ | ૫.૮૨ | ૫૭૫ | ૬.૪૮ |
| એનટીસીપી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૩ | ૪.૬૯ | ૧ | ૪.૪૦ | ૮૬ | ૬.૫૪ |
| કરમચંદ થાપર એન્ડ બ્રોસ | ૪ | ૫.૦૬ | ૫ | ૫.૮૫ | - | - |
| જેએસડબલ્યુ પીટીસી લી. | - | - | ૧૫ | ૫.૨૮ | ૧ | ૭.૧૩ |
| કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | - | - | - | - | ૫ | ૮.૪૧ |
| સુભાષ કબીની | ૩૭ | ૩.૮૪ | - | - | - | - |

(૨) સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનો દ્વારા ઉત્પાદન થયું, અને

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક - બ**

**તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનો દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો (મીલીયન યુનીટ્સમાં)**

| પાવર સ્ટેશન | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ |
|---|---|---|---|
| **(અ) થર્મલ** | | | |
| ઉકાઈ | ૫૧૬૪.૦૬૫ | ૪૮૮૭.૦૯૯ | ૪૮૪૧.૬૧૯ |
| ગાંધીનગર | ૪૬૮૨.૪૪૨ | ૫૬૫૦.૮૦૩ | ૫૮૪૫.૦૨૨ |
| વણાકબોરી | ૧૧૦૫૩.૭૩૩ | ૧૦૮૮૮.૬૫૯ | ૧૧૦૮૬.૧૯૩ |
| સિક્કા | ૧૫૮૧.૧૯૪ | ૧૫૧૫.૬૯ | ૧૪૫૮.૬૮૭ |
| કચ્છ | ૧૧૧૫.૦૬૬ | ૧૪૭૯.૩૩૧ | ૧૩૩૦.૯૦૯ |
| ધુવારણ (ઓઈલ) | ૧૩૬૫.૫૮૯ | ૧૩૦૦.૮૩૨ | ૧૩૯૧.૫૩૭ |
| ધુવારણ (ગેસ-૧) | ૪૫૭.૧૩૯ | ૫૨૧.૩૦૯ | ૬૧૮.૦૫૮ |
| ધુવારણ (ગેસ-૨) | ૦ | ૧૩૫.૫૭૨ | ૬૧૯.૩૧૮ |
| ઉત્રાણ | ૧૦૫૭.૭૪ | ૯૯૫.૪૯૯ | ૯૦૨.૧૮૩ |
| **કુલ (અ)** | **૨૬૪૭૬.૯૬૮** | **૨૭૩૭૪.૭૯૪** | **૨૮૧૬૫.૫૨૬** |
| **(બ) હાઈડ્રો** | | | |
| ઉકાઈ હાઈડ્રો | ૯૨૧.૧૮૯ | ૯૨૯.૪૩૪ | ૪૭૯.૫૭૮ |
| કડાણા હાઈડ્રો | ૩૨૮.૪૦૫ | ૩૦૦.૫૦૯ | ૧૫૫.૭૯૧ |
| **કુલ (બ)** | ૧૨૪૯.૫૯૪ | ૧૨૨૯.૯૪૩ | ૬૩૫.૩૬૯ |
| **(ક) પવન ઊર્જા** | ૦ | ૦ | ૧૨.૯૧ |
| કુલ (ક) | ૦ | ૦ | ૧૨.૯૧ |
| **કુલ=(અ) + (બ) + (ક)** | **૨૭૭૨૬.૫૬૨** | **૨૮૬૦૪.૭૩૭** | **૨૮૮૧૩.૮૧૦** |

(૩) આ ઉત્પાદન પાછળ યુનિટ દીઠ કેટલો ખર્ચ થાય છે ?

(૩) પત્રક-ક મુજબ.

**પત્રક - ક**

**તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનો વીજ ઉત્પાદન માટે થયેલ યુનીટ દીઠ ખર્ચની વિગતો (રૂપિયામાં)**

| પાવર સ્ટેશન | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ |
|---|---|---|---|
| ઉકાઈ | ૧.૬૩ | ૧.૬૭ | ૧.૯૬ |
| ગાંધીનગર | ૨.૦૪ | ૨.૧૨ | ૨.૩૫ |
| વણાકબોરી | ૧.૭૫ | ૧.૮૪ | ૧.૯૯ |
| સિક્કા | ૨.૩૮ | ૨.૪૧ | ૩.૪૪ |
| કચ્છ લિગ્નાઈટ | ૧.૯૨ | ૧.૯૫ | ૨.૦૪ |
| ધુવારણ (ઓઈલ) | ૩.૫૩ | ૩.૮૦ | ૪.૬૨ |
| ધુવારણ (ગેસ-૧) | ૨.૭૬ | ૩.૦૧ | ૪.૨૭ |
| ધુવારણ (ગેસ-૨) | ૦.૦૦ | ૩.૭૬ | ૪.૭૦ |
| ઉત્રાણ | ૨.૪૦ | ૨.૭૮ | ૩.૫૧ |
| ઉકાઈ હાઈડ્રો | ૦.૧૮ | ૦.૨૧ | ૦.૪૨ |
| કડાણા હાઈડ્રો | ૦.૯૬ | ૧.૫૦ | ૩.૦૪ |
| **કુલ (સરેરાશ)** | **૧.૯૩** | **૨.૦૧** | **૨.૫૦** |

--------------

**ઈંધણ ખર્ચમાં વધારો કે ઘટાડો થતા વીજ દરમાં વધારો કે ઘટાડો કરવા અંગે**

૬૯૩૯ **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈંધણ ખર્ચમાં વધારો કે ઘટાડો થાય ત્યારે ત્રિમાસિક ફોર્મ્યુલા હેઠળ વીજદરમાં વધારો કે ઘટાડો કરવાની વિચારણા કરવાની થાય તેવી રાજ્ય સરકારની નીતિ છે તે વાત સાચી છે, અને

**જવાબ**

(૧) અને

(૨) ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ જોગવાઈ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નકકી કરવાની બાબત નામ

(૨) જો હા તો તા. ૨૯-૧-૨૦૦૯થી પેટ્રોલ વિ. ઈંધણના ભાવો કેન્દ્ર સરકારે ઘટાડ્યા છે તે ધ્યાનમાં લઈને વીજદરમાં ઘટાડા બાબતે કોઈ વિચારણા હાથ ધરવામાં આવી છે કે કેમ ?

ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. જે કાયદા હેઠળ રચાયેલ સ્વાયત્ત સંસ્થા છે. વાસ્તવમાં વીજદરો કે ફ્યુઅલ કોસ્ટ વધારવાની બાબતમાં રાજ્ય સરકારની કોઈ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે

(૧) આયોગના તા : ૨૫-૬-૨૦૦૪ ના આદેશથી આયોગે બળતણ ખર્ચ / વીજ ખરીદીના ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસુલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોના પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવારનવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવાં પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા ફ્યુઅલ સરચાર્જ, નામ. આયોગની ફોર્મ્યુલા મુજબ વસુલ કરવામાં આવે છે.

(૨) કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ માં અને વર્ષ ૨૦૦૮-૦૯ માં ડિસેમ્બર સુધીમાં અનુક્રમે રૂા.૧૧૫ કરોડ અને રૂા. ૮૨૫ કરોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૩) ડીસેમ્બર-૨૦૦૭ સુધી ફ્યુઅલ સરચાર્જ ૧૨ પૈસા પ્રતિ યુનિટ હતો તે વધીને જાન્યુ-માર્ચ ૨૦૦૮ માં ૩૦ પૈસા પ્રતિ યુનિટ એપ્રિલ જૂન ૨૦૦૮માં ૧૦૦ પૈસા પ્રતિ યુનિટ જુલાઇ-સપ્ટે. ૨૦૦૮માં ૮૪ પૈસા પ્રતિ યુનિટ તેમજ ઓક્ટો-ડીસે. ૨૦૦૮માં ૯૧ પૈસા પ્રતિ યુનિટ થયો.

આ અસામાન્ય ભાવ વધારો ગ્રાહકોએ ન ભોગવવો પડે તે માટે એપ્રિલ-જૂન ૨૦૦૮ અને જુલાઇ-સપ્ટે. ૨૦૦૮ના બે ક્વાર્ટરમાં અનુક્રમે ૩૫ પૈસા પ્રતિ યુનિટ અને ૯ પૈસા પ્રતિ યુનિટ ની રકમ રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. બંને ક્વાર્ટર મળી કુલ બોજ રૂા.૩૬૪ કરોડ રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૪) સામાન્ય રીતે વીજ ઉત્પાદનમાં બળતણ તરીકે કોલસો, ગેસ અને નેપ્થાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ત્રણેય બળતણનો ભાવ કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવે છે. પરંતુ તા.૨૯-૧-૨૦૦૯ના રોજ કેન્દ્ર સરકારે પેટ્રોલના ભાવમાં કરેલ ઘ ટાડાથી ફ્યુઅલ કોસ્ટમાં ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમ કે પેટ્રોલ જેવા ઇંધણો વીજ ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવતા નથી. આથી કોલસો, ગેસ કે નેપ્થા જેવા બળતણોના ભાવોમાં તેમજ કોલસો વગેરેના પરિવહન દરોમાં જ કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ઘટાડો કરવામાં આવશે તો નામ. વીજ નિયમન પંચની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ કોસ્ટમાં આપોઆપ ઘટાડો થઇ શકશે. પરંતુ તાજેતરમાં કેન્દ્ર સરકારના રેલ્વે વિભાગે તા.૮-૧૨-૨૦૦૮થી કોલસાના પરિવહનનો ક્લાસ ટેબલ-૧૪૦ થી ટેબલ- ૧૫૦ માં ફેરફાર કરતાં પરિવહન ખર્ચ પ્રતિ મેટ્રીક ટન રૂા.૧૨૬૦ થી રૂા.૧૩૫૭ સુધી વધેલ છે. જેને કારણે પ્રતિ યુનિટ ખર્ચ રૂા.૧.૪૯ થી વધી રૂા.૧.૫૬ થયેલ છે. એટલે કે પ્રતિ યુનિટ ૭ પૈસાનો વધારો થયેલ છે.

(૫) પીએલએલના ગેસના ભાવો ડીસેમ્બર, ૨૦૦૮માં રૂા.૯.૩૧ પ્રતિ ક્યુબીક મીટર હતા. જે ૧લી જાન્યુઆરી, ૨૦૦૯થી રૂા.૧૨.૩૬ પ્રતિ ક્યુબીક મીટર થતાં, માસિક રૂા.૨૪.૦૨ કરોડનું એટલે કે ૩૨.૩% નું વધારાનું ભારણ જાન્યુ.-૨૦૦૯થી થશે.

**કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે તજજ્ઞોની નિમણૂક**

૪૮૧૯ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટના અભ્યાસ માટે કેટલા તજજ્ઞોની નિમણૂક થયેલ છે, અને | (૧) પેનલ ઉપર ૫૧ (એકાવન) તજજ્ઞો રાખેલ છે. |
| (૨) તેઓને વેતન અને ભથ્થાં આપવા માટે શી જોગવાઇ છે ? | (૨) દૈનિક ધોરણે કન્સલ્ટન્સી ફી નીચે દર્શાવ્યા મુજબ ચૂકવવામાં આવે છે.<br>જુથ-એ- રૂ. ૪૦૦૦ પ્રતિ દિવસ<br>જુથ-બી-રૂ. ૩૦૦૦ પ્રતિ દિવસ<br>જુથ-સી-રૂ. ૨૦૦૦ પ્રતિ દિવસ<br>તજજ્ઞોના રહેઠાણના સ્થળથી કલ્પસર યોજનાના કામના સ્થળે આવવા જવાની મુસાફરી તેમજ રહેઠાણ-ભોજનની સવલત પૂરી પાડવામાં આવે છે. |

------------

**વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ**

૬૬૮૧**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની કોઇ વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ કોઇ એવોર્ડ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકાર અને રાજ્યની વીજ કંપનીઓને ૩૧મી ડિસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો **પરિશિષ્ટ-૧** મુજબ છે. |

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર, ૦૮ની સ્થિતિએ**

**છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો.**

| ક્રમ | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઇ હાઇડ્રો) |
| ૩. | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઇન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮-જ્યુરી એવોર્ડ) | કાઉન્સીલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪. | વીજ ક્ષેત્રે સર્વ શ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલ્કન મીડીયા, મુંબઇ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫. | ઉર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઉર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કાર્ય સિદ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલ્કન મીડીયા, મુંબઇ | રાજ્ય સરકાર |

------------

**નર્મદા યોજનાની મોરબી શાખાના કામો**

૬૬૦૬ **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની મોરબી શાખાના કામો શરુ કરવા અંગે શું આયોજન છે, અને | (૧) નર્મદા યોજનાની મોરબી શાખાના કામો શરુ કરવા ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે, આ શાખા નહેરના કામો વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન શરુ કરવાનું આયોજન છે. |
| (૨) આ શાખા થતા કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૨) આ શાખા થતાં ૬૧,૭૫૭ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

------------

**હોમગાર્ડઝના જવાનો માટે દૈનિક ભથ્થામાં વધારો**

૬૫૯૯ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય ગૃહરક્ષકદળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હોમગાર્ડઝના જવાનોને તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કેટલું દૈનિક ભથ્થું આપવામાં આવે છે, અને | (૧)<br>અને |
| (૨) આ દૈનિક ભથ્થાંની રકમમાં વધારો કરવાનું કોઈ આયોજન છે કે કેમ? | (૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના પૂરક દળ તરીકે હોમગાર્ડઝ જવાનોની કામગીરી ખૂબ જ પ્રસંશનીય છે. આ બાબતને ધ્યાને રાખી તાજેતરમાં તા. ૧-૦૧-૨૦૦૯થી અમલમાં આવે તે રીતે હોમગાર્ડઝ દળના જવાનોને આપવામાં આવતા દૈનિક ફરજ ભથ્થાના દરમાં રૂા. ૫૦/-થી વધારીને રૂા. ૮૦/- કરવામાં આવેલ છે.<br>૮ કિ.મી.ની બહાર ફરજ સોંપવામાં આવે ત્યારે ૧૨ કલાકથી વધુ રોકાણ માટે રૂા. ૫૫/- દૈનિક ભથ્થું અને ખરેખર ચૂકવેલ વાહન ભાડાનો ખર્ચ ચુકવવામાં આવે છે. |

---------

**રાજકોટ જિલ્લામાં પોલિસના રહેઠાણના કામ**

૬૭૨૩ **શ્રી મોહંમદજાવેદ પીરજાદા (વાંકાનેર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતા માટે રહેઠાણના કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ગોંડલ ખાતે રહેણાંક્ના ૯૬ મકાનોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) આ કામ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂા. ૩૯૫.૫૭ લાખ. |

**રાજ્યના ભૂકંપીય વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે આયોજન**

૬૬૨૦ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ભૂકંપીય હિલચાલ વાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીક્લ રિસર્ચ (આઈ.એસ.આર.) દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે? | રાજ્યમાં ભૂંકપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે, ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીક્લ રીસર્ચ દ્વારા<br>૧. ૨૨ સિસ્મોલોજીક્લ વેધશાળાઓ.<br>૨. ૪૦ સ્ટ્રોંગમોશનએસેલરોગ્રાફ (એસ.એમ.એ.).<br>૩. ૩૦ અસ્થાયી સ્ટેશનો.<br>૪. કચ્છમાં વામ્કા, ત્રાંબાઉ તથા દેશલપર ખાતે મલ્ટી પેરામેટ્રીક ભૂભોતિકી પ્રયોગશાળા.<br>૫. ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમનું આયોજન કરેલ છે. |

### ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને નવા વીજ જોડાણ

૬૬૮૩ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યના ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને નવીન વીજ જોડાણો આપવા માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી. ઝુંપડા વીજળીકરણ યોજના.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીને, આ યોજના અંતગર્ત વીજ જોડાણો આપવામાં આવ્યા?

(૨) ૧,૨૨,૫૦૬.

---------

### વાયબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગ પતિઓને સવલતો આપવા અંગે

૫૨૪૫ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ સન ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯માં કેટલા ઉદ્યોગોના કેટલી રકમના એમ.ઓ.યુ કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ

| વર્ષ | એમ.ઓ.યુ. ની સંખ્યા | પ્રોજેક્ટની સંખ્યા | મૂડી રોકાણ (રૂા.કરોડમાં) |
|---|---|---|---|
| ૨૦૦૫ | ૨૨૬ | ૨૨૬ | ૧૦૬,૧૬૦ |
| ૨૦૦૭ | ૩૬૩ | ૪૫૪ | ૪૬૧,૮૩૫ |

વર્ષ ૨૦૦૯ની સમિટ જાન્યુ. ૨૦૦૯માં યોજાયેલ હોઇ તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ કોઇ એમ.ઓ.યુ. થયા નથી.

(૨) ઉક્ત એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગના કામો ચાલુ થયા અને કેટલા ઉદ્યોગોના કામો બાકી છે,

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સન ૨૦૦૫, ૨૦૦૭ પૈકી ૪૫૦ પ્રોજેક્ટોના કામો ચાલુ થયા.

(૩) વાયબ્રન્ટ ૨૦૦૭ અને ૨૦૦૯ થયા પછી ઉદ્યોગપતિઓને ક્યા ક્યા પ્રકારની સવલતો આપવામાં આવેલ છે, અને

(૩) અને (૪) સરકારશ્રીની પ્રવર્તમાન યોજનાઓ સિવાય કોઇ પ્રકારની સવલત ઉદ્યોગપતિઓને આપવામાં આવતી નથી. એમ.ઓ.યુ. કરેલ હોય અને તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં ઉત્પાદન શરૂ કરેલ હોય તેવા ૧૮૪ પ્રોજેક્ટોમાં ૮૭૦૨૬ રોજગારી ઉભી થયેલ છે.

(૪) ઉક્ત સવલતો આપ્યા બાદ કેટલા ઉદ્યોગો ચાલુ થયા અને કેટલા લોકોને રોજી આપવામાં આવી?

---------

### વલસાડ જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં દાખલ ગુનાઓ

૬૩૦૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કુલ કેટલા ગુનાઓ દાખલ થયા,

(૧) ૧૨૯૫.

(૨) આ ગુનાઓ પૈકીના કેટલા ગુનાઓમાં ચાર્જશીટ ફાઈલ કરવાની બાકી છે,

(૨) ૮૧.

(૩) તે પૈકી ચાર્જશીટ ફાઈલ કરવાનું ત્રણ મહિના કે તેથી વધુ સમયથી બાકી હોય તેવા કેસો કેટલા છે,

(૩) ૨૯.

અને

| | |
|---|---|
| (૪) નિયત સમયગાળામાં ચાર્જશીટ ફાઈલ ન થઈ હોય તેના કારણો શાં છે? | (૪)<br>-૨૩ કેસોમાં આરોપીઓના નામો ખુલેલ છે પરંતુ ગુનો કર્યા બાદ આરોપીઓ નાસતા ફરતા હોઇ તેઓને પકડવા ઉપર.<br>-૪ કેસોમાં આરોપીઓના નામો પ્રથમથી જ ખુલેલ નથી તેવા આરોપીઓની તપાસ ઉપર.<br>-૧ કેસ હાઇકોર્ટ સ્ટે ઉપર.<br>-૧ કેસ એફ.એસ.એલ. સર્ટીફીકેટ સમય-મર્યાદામાં ન મળવાના કારણે. |

---------

## રાજ્યમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવા બાબત

૫૯૨૫ **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે રાજ્યમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવા નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી.<br>ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બનેલ છે. આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દ્રષ્ટ્રિએ પણ ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાંતો તેયાર કરવાની ખૂબ મોટી જરૂરીયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઇ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તેયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્વની વેશ્વિક પહેલ કરેલ છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સીક સાયન્સ ઉપરાંત બિહેવરીયલ સાયન્સને લગતા કોર્ષો તેમજ ડોકટરલ તથા પોસ્ટ ડોકટરલ ડીગ્રી માટેના સંશોધનોની કાર્યવાહી મુખ્યત્વે હાથ ધરવામાં આવશે. |
| (૨) જો હા, તો સરકાર ઉક્ત યુનિવર્સિટી શરૂ કરવા માંગે છે? | (૨) આ યુનિવર્સિટી આવતા શેક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવશે. |

---------

## પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન

૬૬૮૫ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન મેળવવા માટે કેટલા મેગાવોટ ક્ષમતાના પ્લાન્ટ કાર્યરત છે, અને | (૧) ૧૩૫૬.૧૯૫ મે.વો. ના. |
| (૨) સન ૨૦૦૯-૧૦ સુધીમાં આ ક્ષમતામાં કેટલો વધારો કરવાનું આયોજન છે? | (૨) ૫૦૦ મે.વો. જેટલો વધારો થવાની શક્યતા છે. |

---------

## દાહોદ આર.ટી.ઓ. ક્ચેરીની આવક

૬૪૧૧ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની દાહોદ આર.ટી.ઓ. ક્ચેરીની ૨૦૦૬-૦૭ અને ૨૦૦૮ ની કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આ આવકમાં ઘટાડો થયો હોય તો, તેનાં કારણો શાં છે?

**જવાબ**

(૧)

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૭૩૧.૦૪ |
| ૨૦૦૮ | ૭૧૮.૯૬ |

(૨) આવક જુદા જુદા સમયગાળાની એટલે કે નાણાકીય વર્ષ અને કેલેન્ડર વર્ષની હોવાથી તેની તુલના શક્ય નથી.

## ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનોને સનદી સેવાની તાલીમ

૬૨૧૮ **શ્રી ભરતભાઈ બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાઓની તાલીમ માટે સ્પીપા ખાતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો દર વર્ષે કેટલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે,

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે કેવા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઉમેદવારો સનદી સેવાની પરીક્ષામાં ઉર્ત્તીણ થયા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૬૦.

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે વિષય નિષ્ણાંતો દ્વારા પ્રિલિમ, મેઇન્સ અને ઇન્ટરવ્યુની વિના મુલ્યે તાલીમ અને લાયબ્રેરી તેમજ રીડીંગ રૂમની સવલત આપવામાં આવે છે.

(૪)

| | |
|---|---|
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| ૨૦૦૭ | ૪ |
| કુલ | ૧૩ |

વર્ષ ૨૦૦૮માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

## હળવદ અને મુળી તાલુકાના ખેતી વિજ કનેક્શનો

૫૫૮૮ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા. (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૧/૦૮ થી તા. ૩૧/૧૨/૦૮ ની સ્થિતિએ હળવદ અને મુળી તાલુકામાં ખેતી માટેના કેટલા વીજ કનેક્શન માટે અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલીનો નિકાલ થયો અને કેટલી બાકી છે, અને

**જવાબ**

(૧)

અને

(૨) તા. ૧-૧-૦૮થી તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ મળેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| હળવદ | ૧૬૫ |
| મુળી | ૩૨૪ |

તે પૈકી તમામ અરજદારોને વીજ જોડાણ આપવાના બાકી છે.

(૩) બાકી અરજદારોને ક્યારે વીજ કનેકશન આપવામાં આવશે ?

(૩) નાણાંકીય જોગવાઈ, વીજ ઉત્પાદન, વીજ માંગ ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ તથા વીજ તંત્ર પર પડનાર બોજાને લક્ષ્યમાં લઈ પ્રતિવર્ષ પડતર અરજીઓના સમપ્રમાણમાં લક્ષ્યાંકો નક્કી કરી જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

## જૂનાગઢ જિલ્લામાં એમ.ઓ.યુ. દ્વારા મૂડી રોકાણ

૬૩૭૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમીટ ૨૦૦૯માં જુનાગઢ જિલ્લા માટે કેટલાં એમ.ઓ.યુ. થયા, અને

(૨) ક્યા ક્યા ઉદ્યોગો જુનાગઢ જિલ્લામાં કેટલુ મૂડી રોકાણ કરશે ?

**જવાબ**

(૧) અને

(૨) ઘણાખરા એમ.ઓ.યુ.માં ઉદ્યોગકાર સ્થળ બતાવતા નથી અથવા એકથી વધારે સ્થળ બતાવે છે. આવા કેસોમાં ઉદ્યોગકાર દ્વારા સ્થળ અંગે નિર્ણય થયા બાદ જુનાગઢ જિલ્લા માટે કેટલાંક વધુ પ્રોજેક્ટો સ્થપાય તેવી પુરેપુરી શક્યતાઓ છે. સ્થળ બતાવેલ એમ.ઓ.યુ. પૈકી હાલના તબક્કે કુલ સૂચિત મૂડી રોકાણ રૂ. ૧૬,૬૭૭.૦૮ કરોડ સાથે ૭૧ એમ.ઓ.યુ. જુનાગઢ જિલ્લા માટે છે.

## રાજ્યના મહાનગરોમાં ખાનગી ટ્રાન્સપોર્ટને મંજૂરી

૫૯૩૪ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ. છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલા મહાનગરોમાં ખાનગી ટ્રાન્સપોર્ટ સીસ્ટમને મંજૂરી આપી છે ?

**જવાબ**

૪ (ચાર)

## રાજ્યમાં વિજ કંપનીઓ દ્વારા વિજળીનું ઉત્પાદન

૫૦૭૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કઈ કઈ વિજ કંપની દ્વારા કેટલા મેગાવોટ વિજળીનું ઉત્પાદન વર્ષવાર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વીજ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ વીજળીના ઉત્પાદનની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

| કંપનીનું નામ | વર્ષ ૨૦૦૬ (મીલીયન યુનિટ) | વર્ષ ૨૦૦૭ (મીલીયન યુનિટ) | વર્ષ ૨૦૦૮ (મીલીયન યુનિટ) |
|---|---|---|---|
| ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. | ૨૭૮૪૦ | ૨૮૭૨૩ | ૨૮૮૦૨ |
| ટોરેન્ટ પાવર લી. | ૩૭૭૮ | ૪૦૫૪ | ૩૯૯૮ |
| જી.આઈપી.સી.એલ-૧ | ૧૧૬૯ | ૧૧૧૨ | ૧૦૭૯ |
| જી.આઈપી.સી.એલ-૨ | ૧૧૬૬ | ૧૦૩૩ | ૧૧૧૩ |
| જી.આઈપી.સી.એલ (એસ.એલ.પી.પી.) | ૧૭૯૪ | ૧૮૩૭ | ૧૭૪૪ |
| જી. એમ. ડી. સી. (અક્રીમોટા) | ૩૭૦ | ૮૨૮ | ૧૦૫૨ |
| એસ્સાર | ૩૨૪૬ | ૩૬૩૮ | ૩૦૮૧ |
| જીપેક | ૪૨૮૬ | ૪૦૭૮ | ૪૦૬૪ |
| જીસેગ (ગુજરાત સ્ટેટ અનર્જી જનરેશન લી.) | ૧૧૧૫ | ૧૦૬૦ | ૯૮૫ |
| સુજેન | -- | -- | ૧૦ |
| સીપીપી | ૫૨૧ | ૪૯૫ | ૫૯૬ |
| પવન આધારિત | -- | ૫૭૩ | ૨૦૭૯ |
| કેન્દ્રમાંથી મળેલ વીજળી | ૧૫૩૫૨ | ૧૭૯૪૮ | ૨૦૧૨૪ |

(૨) તે અન્વયે કેટલી પીક અવર ડીમાન્ડ છે અને તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ કેટલી વિજ ઉત્પાદન કરવાની ક્ષમતા છે ?

(૨) તા. ૩૧/૧૨/૨૦૦૬ની સ્થિતિએ પીક અવર્સ ડિમાન્ડ ૧૦,૧૮૧ મેગાવોટ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પીક અવર્સ ડીમાન્ડ ૧૨૧૭૭ મેગાવોટ તથા તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પીક અવર્સ ડીમાન્ડ ૯૫૦૬ મેગાવોટ હતી. તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત રાજ્યની વીજ ઉત્પાદન કરવાની સ્થાપીત ક્ષમતા ૧૦૫૯૯ મેગાવોટ હતી.

------------

**જામનગર અને કચ્છ જિલ્લામાં વીન્ડ ફાર્મ આધારિત ઉર્જા**

૬૭૧૫ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર અને કચ્છ જિલ્લામાં વીન્ડ ફાર્મ આધારિત ઉર્જા ઉત્પન્ન કરવા માટે સરકાર કોઈ આયોજન હાથ ધરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં આવું આયોજન કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે પવન ઉર્જા ઉત્પન્ન કરવા માટેની નીતિ વર્ષ ૨૦૦૭માં જાહેર કરેલ છે. તેમાં જાન્યુઆરી-૨૦૦૯માં સુધારા જાહેર કરેલ છે.

(૨) પવન ઉર્જા નીતિ મુજબ જુન-૨૦૧૨ સુધી ખાનગી રોકાણકારો જામનગર, કચ્છ તથા અન્ય જિલ્લામાં વિન્ડ ફાર્મ સ્થાપી શકે છે.

------------

**આણંદ જિલ્લાના પોલિસ સ્ટેશનમાં સંવર્ગ વાર મંજૂર થયેલ મહેકમ**

૬૭૦૩ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટ કેટલું છે,

**જવાબ**

(૧) સામેલ **પત્રક-૧** મુજબ

**પત્રક-૧**

**આણંદ જિલ્લાના પોલીસ મહેકમની પોલીસ સ્ટેશનવાર માહિતી**

| ક્રમ | પોલીસ સ્ટેશન | મંજુર મહેકમ | | | | | | ખાલી મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનાર્મ | | | | આર્મ | | અનાર્મ | | | | આર્મ | |
| | | પોઈ | પોસઈ | હેકો | પોકો | હેકો | પોકો | પોઈ | પોસઈ | હેકો | પોકો | હેકો | પોકો |
| ૧ | આણંદ ટાઉન | ૧ | ૧ | ૩૧ | ૬૧ | - | - | - | +૨ | - | ૫ | - | +૩ |
| ૨ | આણંદ રુરલ | - | ૧ | ૧૫ | ૨૮ | - | - | - | - | - | ૩ | ૧ | ૧ |
| ૩ | વિદ્યાનગર | - | ૧ | ૧૨ | ૨૧ | ૪ | ૧૩ | - | - | - | - | - | ૪ |
| ૪ | વાસદ | - | ૧ | ૬ | ૧૮ | ૧ | ૩ | - | - | - | ૨ | - | - |
| ૫ | ઉમરેઠ | - | ૨ | ૧૭ | ૩૪ | ૪ | ૧૪ | - | - | - | ૭ | ૧ | ૫ |
| ૬ | ખંભોળજ | - | ૨ | ૧ | ૨૪ | ૧ | ૭ | - | ૧ | - | ૨ | - | ૪ |
| ૭ | મહિલા પો. સ્ટે. | - | ૨ | ૩ | ૯ | - | - | - | ૨ | - | - | - | - |
| ૮ | પેટલાદ ટાઉન | ૧ | ૧ | ૨૯ | ૪૮ | ૭ | ૨૮ | - | - | ૪ | ૨૪ | ૨ | ૪ |
| ૯ | પેટલાદ રુરલ | - | ૨ | ૧૩ | ૨૭ | ૧ | ૩ | - | ૧ | - | ૭ | - | +3 |
| ૧૦ | મહેળાવ | - | ૧ | ૧૧ | ૧૮ | ૧ | ૩ | - | - | - | ૮ | - | ૧ |
| ૧૧ | બોરસદ | ૧ | ૧ | ૨૭ | ૪૧ | ૭ | ૨૬ | - | - | ૩ | ૧૩ | ૨ | ૧૧ |
| ૧૨ | આંકલાવ | - | ૧ | ૧૩ | ૨૦ | ૧ | ૩ | - | - | ૨ | ૪ | - | - |
| ૧૩ | ભાદરણ | - | ૧ | ૧૩ | ૨૦ | ૩ | ૧૧ | - | - | ૧ | ૭ | ૧ | ૫ |
| ૧૪ | ખંભાત સીટી | ૧ | ૧ | ૨૯ | ૫૮ | ૮ | ૩૦ | - | - | ૬ | ૩૦ | ૨ | ૬ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ખંભાત રુરલ | - | ૨ | ૧૮ | ૩૪ | ૧ | ૩ | - | ૧ | ૩ | ૯ | - | ૧ |
| ૧૬ | તારાપુર | - | ૧ | ૧૧ | ૧૩ | ૧ | ૩ | - | - | ૧ | - | - | - |
| ૧૭ | સોજીત્રા | - | ૨ | ૧૨ | ૨૩ | ૧ | ૩ | - | ૧ | ૩ | ૭ | - | ૧ |
| ૧૮ | વિરસદ | - | ૧ | ૧૨ | ૨૨ | ૧ | ૩ | - | - | ૨ | ૯ | ૧ | ૧ |
| ૧૯ | હેડ ક્વાર્ટસ | ૧ | ૫ | ૨૯ | ૩૫ | ૮૮ | ૨૧૨ | ૧ | - | +૨૫ | ૧૯ | - | ૨૧ |

(૨) સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સામેલ પત્રક-૨ મુજબ

**પત્રક-૨**

**આણંદ જિલ્લાના પોલીસ મહેકમની માહિતી**

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | **ખાલી જગ્યા** | **ક્યારથી ખાલી** | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **૬ માસ સુધી** | **૬ થી ૧૨ માસ સુધી** | **૧૨ માસ થી ૨ વર્ષ સુધી** | **૨ વર્ષ ઉપરથી** |
| ૧ | પોલીસ ઈન્સ્પેક્ટર | ૫ | ૧ | - | - | ૧ | - |
| ૨ | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૪૫ | ૧૪ | ૨ | ૧ | ૨ | ૯ |
| ૩ | આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૧૭૮ | ૩ | ૩ | - | - | - |
| ૪ | હેડ કોન્સ્ટેબલ | ૧૭૦ | ૬ | ૨ | - | - | ૪ |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ | ૯૪૫ | ૨૪૮ | ૫૫ | ૨૬ | ૩૬ | ૧૩૧ |

(૩) આ ખાલી જગ્યા ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની કુલ ૧૨૨૪ જગ્યાઓ તથા લોકરક્ષકની કુલ ૮૨૮૭ જગ્યાઓની ભરતી કરવાની કાર્યવાહી ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લાના પોલિસ કર્મચારીઓના રહેણાંક્ના મકાનો**

૬૬૬૯ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા (વડોદરા શહેર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના ૧૬૫૬ મકાનો છે.

(૨) હાલ ૨૬ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જ્યારે ૦૩ આવાસોનું બાંધકામ ટુંક સમયમાં શરૂ થનાર છે.

------------

**ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી**

૬૭૦૧ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ સરકારે ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી પીકઅપ અર્વસમાં કેટલી વીજળી ક્યા ક્યા દરે ખરીદી, અને

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ સરકારે ખાનગી વીજ કંપનીઓ કે જેમના માટે પીક અવર્સ માટે જુદો વીજ દર હતો તે કંપનીઓ પાસેથી પીક અવર્સ દરમ્યાન નીચે મુજબની વીજળી ખરીદી.

| વીજળી ઉત્પાદક/કંપની | ખરીદાયેલ વીજળી | |
|---|---|---|
| | મીલીયન યુનીટ | વીજદર રૂ. પ્રતિ યુનીટ |
| જેએસડબલ્યુ પીટીસી લી. | ૦.૧૧ | ૮.૪૦ |
| ક્લ્યાની પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | ૦.૬૪ | ૯.૦૭ |

(૨) પીકઅપ અર્વસ સિવાયના બાકીના સમયગાળામાં તે અન્વયે કેટલી વીજળી ખાનગી કંપનીઓ પાસેથી ક્યા ક્યા દરે ખરીદી ?

(૨) ખાનગી કંપનીઓ કે જેમના માટે પીક અવર્સ અને ઓફ પીક અવર્સ માટે કોઈ જુદો વીજદર નથી તેની વિગતો પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

**ખાનગી કંપનીઓ કે જેમના માટે પીક અવર્સ અને ઓફ પીક અવર્સ માટે કોઈ જુદો વીજ દર નથી તે કંપનીઓ પાસેથી ખરીદાયેલ વીજળીની વિગતો**

| કંપનીનું નામ | ૨૦૦૮ | |
|---|---|---|
| | મીલીયન યુનીટ | દર રૂ. પ્રતિ યુનીટ |
| લાંબાગાળાની વીજ ખરીદી (આ કરારો વર્ષ ૧૯૯૪ તથા ૧૯૯૬માં ૨૦ વર્ષના સમયગાળા માટે કરેલ છે.) | | |
| એસ્સાર | ૧૮૦૮ | ૩.૪૭ |
| જીપેક | ૪૦૨૯ | ૫.૮૨ |
| ટુંકાગાળાની વીજ ખરીદી | | |
| (અ) નીજી વિજ ઉત્પાદકો | | |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૧૬૮ | ૨.૮૦ |
| ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૫ | ૨.૧૪ |
| ઓએનજીસી, અંકલેશ્વર | ૩૧ | ૧.૯૦ |
| ઓએનજીસી, હજીરા | ૧૬ | ૧.૯૦ |
| અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૬૩ | ૨.૮૦ |
| આઈપીસીએલ, વડોદરા | ૧૩ | ૪.૦૦ |
| હીન્ડાલ્કો | ૫૮ | ૫.૧૯ |
| ગેલન્ટ મેટલ લી. | ૧૮ | ૨.૬૨ |
| ઝઘડીયા કોપર લી. | ૧૦ | ૫.૬૫ |
| વેલ્સ્પન ગુજ. સથલ રોહરેન લી. | ૮૧ | ૩.૪૯ |
| ભન્ડેર પાવર | ૫૮ | ૪.૮૪ |
| (બ) વિજ વેચાણકારો | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૯ | ૯.૨૮ |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧૯૪ | ૭.૩૭ |
| લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૫ | ૪.૨૯ |
| અદાની એન્ટરપ્રાઈઝ લી. | ૫૭૫ | ૬.૪૮ |
| એનટીસીપી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૮૬ | ૬.૫૪ |
| જેએસડબલ્યુ પીટીસી લી. | ૦.૮૯ | ૬.૯૭ |
| કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | ૪.૩૬ | ૮.૩૧ |

------------

## અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવાનું આયોજન

૫૯૨૮ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યના ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની

સી.બી.આઈ., એન.સી.બી., રેલ્વે, કસ્ટમ એક્સાઈઝ જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૭ના વર્ષમા કુલ-૨૭૨ તથા સને ૨૦૦૮ના વર્ષમાં કુલ ૨૪૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં અમરમણી ત્રિપાઠી કેસ (મધુમીતા શુક્લા ખુન કેસ), ઉજ્જૈન ખાતેનો સીરીયલ મર્ડર કેસ, કસ્ટમ અને એક્સાઈઝના કમિશ્નર સામેનો લાંચ રૂશ્વતનો કેસ, અનારા ગુપ્તા સીડી કેસ, પ્રોફેસર ગિલાની (પાર્લામેન્ટ ઉપરનો હુમલો) કેસ, ગુટકા કીંગ કેસ, મહારાષ્ટ્રના એક ડોકટરે પોતાની પત્નિને એચ.આઈ.વી. ઈન્જેકશન આપેલ તેની તપાસ, નીઠારીકાંડ જેવા સીરીયલ કિલીંગનો અતિસંવેદનશીલ કેસ, રાજસ્થાનમાંથી પકડાયેલા ખૂંખાર આંતકવાદીનો કેસ, આરુસિ મર્ડર કેસ, હિજ્જબુલ મુજાહિદ્દિનના ત્રાસવાદીનો કેસ, મણીપુરના મંત્રીશ્રીની દિકરીના અપહરણના કિસ્સા જેવા અસંખ્ય મહત્વના અને સંવેદનશીલ કેસોમાં આ ખાતાએ ગુન્હાઓ ઉકેલવામાં મદદ પુરી પાડેલ છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૭ તેમજ ૨૦૦૮માં બહારના રાજ્યો / કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પૂરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| સને ૨૦૦૭ | | |
|---|---|---|
| **અ.નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
| ૧. | ઉત્તર પ્રદેશ | ૧૫ |
| ૨. | રાજસ્થાન | ૧૨ |
| ૩. | દિલ્હી | ૪૮ |
| ૪. | ગોવા | ૬ |
| ૫. | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૬. | બિહાર | ૧૦ |
| ૭. | મહારાષ્ટ્ર | ૩ |
| ૮. | નાગાલેન્ડ | ૧ |
| ૯. | હરિયાણા | ૧૧ |
| ૧૦. | ઝારખંડ | ૪ |
| ૧૧. | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨. | તામીલનાડુ | ૧ |
| ૧૩. | પશ્ચિમ બંગાળ | ૫ |
| ૧૪. | કર્ણાટક | ૧ |
| **કેન્દ્રીય સંસ્થાઓ** | | |
| ૧૫. | સી. બી. આઈ. | ૫ |
| ૧૬. | રેલ્વે | ૭ |
| ૧૭. | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮. | દમણ | ૧૦૧ |
| ૧૯. | દીવ | ૫ |
| ૨૦. | એર ફોર્સ | ૨ |
| ૨૧. | ડી. આર. આઈ. | ૫ |
| | **કુલ :** | **૨૭૨** |

| સને ૨૦૦૮ | | |
|---|---|---|
| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
| ૧. | દિલ્હી | ૨૮ |

| | | |
|---|---|---|
| ૧. | દિલ્હી | ૨૮ |
| ૨. | જમ્મુ-કાશ્મીર | ૧ |
| ૩. | મધ્યપ્રદેશ | ૧૫ |
| ૪. | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૫. | રાજસ્થાન | ૫ |
| ૬. | ચંદીગઢ | ૨ |
| ૭. | પશ્ચિમ બંગાળ | ૩ |
| ૮. | ઝારખંડ | ૩ |
| ૯. | હિમાચલ પ્રદેશ | ૨ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૦. | દાદરાનગર હવેલી | ૮૩ |
| ૧૧. | દમણ | ૨૯ |
| ૧૨. | સી. બી. આઈ. | ૨૬ |
| ૧૩. | કસ્ટમ અને એક્સાઈઝ | ૫ |
| ૧૪. | ડાયરેક્ટર રેવન્યુ ઈન્ટે. | ૨૩ |
| ૧૫. | ઈન્સ્યોરન્સ કંપની | ૯ |
| ૧૬. | નારકોટીક્સ કંટ્રોલ બ્યુરો | ૨ |
| ૧૭. | વેસ્ટર્ન રેલ્વે | ૪ |
| | કુલ :- | ૨૪૨ |

------------

**જૂનાગઢ જિલ્લામાં પોલિસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૬૬૭૬ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને | (૧) ૧૬૭૧. |
| (૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ૩૧૬ આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જ્યારે ૫૦ આવાસોનું બાંધકામ ટુંક સમયમાં શરૂ થનાર છે. આમ, કુલ ૩૬૬ આવાસોના બાંધકામનું આયોજન કરેલ છે. |

------------

**પંચમહાલ જિલ્લાના તાલુકામાં જ્યુડીશિયલ કોર્ટના મકાનો બનાવવા અંગે**

૫૦૬૬ **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા તાલુકાઓમાં જ્યુડિશિયલ કોર્ટના મકાન બનાવવાના બાકી છે, | (૧) ૪- તાલુકાઓમાં |
| (૨) કોર્ટના આ બાકી મકાનો બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) ત્રણ તાલુકામાં મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૦૮-૦૯ ના બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. એક તાલુકા કડાણા માટે આ કામનો અગ્રતાક્રમે બજેટમાં સમાવેશ કરવા હાઈકોર્ટની દરખાસ્ત મળ્યા બાદ વિચારણા કરવામાં આવશે. |
| (૩) જો હા, તો મકાનો બનાવવાનું કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

-------------

**વાયબ્રન્ટ સમીટમાં બંદર ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૬૬૬૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૯ વાયબ્રન્ટ સમીટ દરમ્યાન બંદર ક્ષેત્રે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (૧)<br>અને |

(૨) ઉક્ત એમ.ઓ.યુ. ધ્વારા કેટલું મૂડી રોકાણ આવવાની સંભાવના છે ?

(૨) વાયબ્રન્ટ ગુજરાતની પહેલની સફળતાના પ્રતિસાદ રૂપે ૨૦૦૯ સમીટમાં બંદર ક્ષેત્રે ૫૦ એમઓયુ કરવામાં આવ્યા જેના ધ્વારા ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનો અંદાજ છે જે પેકી નવા ગ્રીન ફીલ્ડ બંદરોના વિકાસ, ખાનગી બંદરોનું વિસ્તૃતીકરણ, ખાનગી જેટીઓનો વિકાસ, શીપયાર્ડ, SBM ઈન્સટોલેશન (પ્રવાહી કાર્ગોની ઝડપી પરિવહન માટે) રો-રો પેસેન્જર સર્વીસ, ક્રુઝ શીપ અને બીચ ફ્રંટ વિકાસ જેવા પ્રોજેકટનો સમાવેશ થાય છે.

--------------

**કચ્છમાં ""જીઓકેમ"" પ્રોજેક્ટ**

૬૩૮૦ **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક્ની ગુજરાત મીનરલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીએ કચ્છમાં ""જીઓકેમ"" પ્રોજેક્ટ હાથ ધરેલ છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ પ્રોજેક્ટમાં કેટલા સેમ્પલની ચકાસણી હાથ ધરવામાં આવી છે, અને

(૨) ૬૦૦૨ સેમ્પલ એકત્રિત કરવામાં આવેલ છે અને ચકાસણી કરાવવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) આ પ્રોજેક્ટમાં ક્યા ક્યા મીનરલની પ્રાપ્તિ થઈ શકે તેમ છે ?

(૩) બોક્સાઈટ, વિવિધ પ્રકારની માટી, લાઈમસ્ટોન, કોપર તથા નિકલ સમૂહની ધાતુઓ.

--------------

**સરદાર સરોવર યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં જમીન સંપાદન અંગે**

૬૦૫૪ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સરદાર સરોવર યોજના હેઠળ કેટલી જમીન સરકારે સંપાદન કરેલ હતી,

(૧) ભરૂચ જિલ્લામાં સરદાર સરોવર યોજના હેઠળ કુલ ૬૭૧૧.૨૫.૪૩ હેકટર જમીન સરકારે સંપાદન કરેલ હતી.

(૨) આ જમીનો પેકી ક્યા ક્યા તાલુકામાં પુનઃ વસવાટ વાળા લાભાર્થીઓને ફાળવવામાં આવેલ હતી, અને

(૨) આ જમીનો પેકી આમોદ, ભરૂચ, જંબુસર, વાગરા, વાલીયા અને ઝઘડીયા તાલુકામાં પુનઃવસવાટ વાળા લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે.

(૩) બાકી રહેતી જમીનો પર હાલ કોનો કબજો છે ?

(૩) (૧) અસરગ્રસ્તોને ફાળવેલ જમીનો પર અસરગ્રસ્તોનો કબજો છે.

(૨) અસરગ્રસ્તોને ફાળવ્યા સિવાયની પુનઃવસવાટ માટે સંપાદિત કરેલ જમીન સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી હસ્તક છે.

(૩) કેનાલ માટે સંપાદિત કરેલ જમીન સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ હસ્તક છે.

--------------

**ખેતી વિષયક વિજ જોડાણ ઉપર પુરતો વિજ પૂરવઠો**

૬૬૯૧ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેતી વિષયક વિજ જોડાણ ઉપર પૂરતા દબાણે વિજ પૂરવઠો મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તે અંતર્ગત શું કાર્યવાહી થયેલ છે ?

(૨) કિસાનોના ખેતી વિષયક વીજ જોડાણને પૂરતા દબાણે વીજપૂરવઠો મળી રહે એ માટે ""ખુશી""

(Kishan Heet Urja Shakti Yojana KHUSHY) કિસાન હિત ઉર્જા શક્તિ યોજના બનાવેલ છે.

આ યોજના અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવામાં આવેલી છે.

| ""ખુશી"" (Kishan Heet Urja Shakti Yojana) કિસાન હિત ઉર્જા શક્તિ યોજના | ૧૦/૧૬/૨૫ કેવીએના ટ્રાન્સફોર્મર લગાવ્યા |
|---|---|
| હયાત ખેતી વિષયક ફીડરો પર | ૩૫૮૫ |
| નવા ખેતી વિષયક વીજજોડાણો પર | ૧૧૨૮૨ |
| કુલ : | ૧૪૮૬૭ |

--------------

## સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના

૬૭૦૭ **શ્રી મહેન્દ્રસિહ વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા વિજ જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનામાં આદિજાતિ, અનુ. જાતિ અને ઓ.બી.સી. પરિવારના કેટલા લાભાર્થીઓને વીજ કનેકશન આપ્યા,

(૩) કેટલી અરજીઓ હાલની સ્થિતિએ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવગાંધી વિજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર આપવામાં આવેલ વિજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | માત્ર આદિજાતિ વિસ્તાર માટેની ""કુટિર જ્યોતિ યોજના"" હેઠળ આપવામાં આવેલ જોડાણો | ""રાજીવગાંધી વિજળીકરણ યોજના"" હેઠળ આપવામાં આવેલ જોડાણો | |
|---|---|---|---|
| માલપૂર | આદિજાતિ તાલુકો નથી | ૪૯૮ | રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાંટનો પ્રથમ હપ્તો તા.૫-૫-૨૦૦૮ ના રોજ મળ્યો છે. જે અન્વયે કામગીરી પ્રગતિમાં છે. કેન્દ્ર સરકારના રૂરલ ઈલેકટ્રીફીકેશન કોર્પોરિશન તરફથી જેમજેમ ગ્રાંટ મળતી જશે તેમતેમ વીજજોડાણ આપવામાં આવશે. |
| મેઘરજ | ૬૪ | ૫૭ | |
| મોડાસા | આદિજાતિ તાલુકો નથી | ૪૯૨ | |
| વિજયનગર | ૧૨૯૭ | ૦૦ | |
| ભીલોડા | ૧૫૦૯ | ૦૦ | |
| ખેડબ્રહ્મા | ૧૭૯૫ | ૦૦ | |
| તલોદ | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| હિંમતનગર | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| પ્રાંતીજ | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| બાયડ | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| ધનસુરા | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| ઈડર | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| વડાલી | આદિજાતિ તાલુકો નથી | ૦૦ | |
| કુલ : | ૪૬૬૫ | ૧૦૪૭ | |

(૨) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત આદિજાતિના ૪૬૬૫, રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત આદિજાતિના ૧૩૭ અને અનુસૂચિતજાતિના ૮૨ અને ઓ.બી.સી. ના ૭૨૫ લાભાર્થીઓને ઘર વપરાશના વીજજોડાણો આપવામાં આવેલ છે.

(૩) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૧૬૪૮ અરજીઓ પડતર અને રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત ૭૫૬૪૧ અરજીઓ પડતર છે.

(૪) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત પડતર અરજીઓનો તા. ૩૦-૬-૦૯ સુધીમાં જ્યારે રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના રૂરલ ઈલેકટ્રીફીકેશન કોર્પોરિશન તરફથી જેમજેમ ગ્રાંટ

ઉપલબ્ધ થશે તેમતેમ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

--------------

**રાજ્યના ભૂકંપીય વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે આયોજન**

૬૬૧૯ **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીક્લ રિસર્ચ (આઈ.એસ.આર.) ધ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા વિસ્તારોમાં સતત નિરીક્ષણ માટે, ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા

(૧) ૨૨ સિસ્મોલોજીક્લ વેધશાળાઓ

(૨) ૪૦ સ્ટ્રોંગમોશન એસેલરોગ્રાફ (એસ.એમ.એ.)

(૩) ૩૦ અસ્થાયી સ્ટેશનો

(૪) કચ્છમાં વામ્કા, ત્રાંબાઉ તથા દેશલપર ખાતે મલ્ટી પેરામેટ્રીક ભૂભૌતિકી પ્રયોગશાળા

(૫) ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમનું આયોજન કરેલ છે.

--------------

**વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯માં પાટણ જિલ્લાના એમ.ઓ.યુ.**

૫૫૯૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ સમિટ-૨૦૦૯ દરમિયાન પાટણ જિલ્લા માટે કોઈ એમ.ઓ.યુ. થયા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા અને તેની રકમ કેટલી, અને

(૩) તેનાથી કેટલા લોકોને રોજગારી મળશે ?

**જવાબ**

(૧)

અને

(૨) ઘણાખરા એમ.ઓ.યુ. માં ઉદ્યોગકાર સ્થળ બતાવતા નથી અથવા એકથી વધારે સ્થળ બતાવે છે. આવા કેસોમાં ઉદ્યોગકાર દ્વારા સ્થળ અંગે નિર્ણય થયા બાદ પાટણ જિલ્લા માટે કેટલાંક વધુ પ્રોજેકટો સ્થપાય તેવી પુરેપુરી શક્યતાઓ છે. સ્થળ બતાવેલ એમ.ઓ.યુ. પૈકી હાલના તબક્કે કુલ સૂચિત મૂડી રોકાણ રૂા. ૧૧૩૫.૪૭૫ કરોડ સાથે ૧૧ એમ.ઓ.યુ. પાટણ જિલ્લા માટે છે.

(૩) તેનાથી સુચિત કુલ ૧૫૬૪૯૫ લોકોને રોજગારી મળવા સંભાવના છે.

--------------

**સાણંદ ખાતે સ્થપાનાર નેનો કારના એકમમાં રોજગારી અંગે**

૪૭૯૧ **શ્રી રામસિંહભાઈ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થપાતા ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોને ૮૫ ટકા રોજગારી આપવાના ઠરાવ અન્વયે સાણંદ ખાતે સ્થપાનાર નેનો કાર મોટર પ્રોજેક્ટમાં આ ઠરાવનો અમલ થાય તે માટે સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કાર્યવાહી કરી, અને

(૨) સરકાર સાથે કરાર કરતી વખતે આ બાબતનો કરાર થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧)

અને

(૨) સ્થાનિક ભરતી અંગે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩૧-૩-૯૫ ના ઠરાવ ક્ર.રગર/૧૦૯૫/૬૪૪/૨(૨) સર્વે ઉદ્યોગોને લાગુ પડે છે.

--------------

## રાજ્યમાં વીજ ઉત્પાદન

૪૯૪૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વીજળીનું ઉત્પાદન કેટલું થયું, તેની સામે વીજ માંગ કેટલી હતી, અને

(૨) વીજ માંગ, વીજ ઉત્પાદન કરતા વધુ હોવાના કારણે આ વીજ ખાદ્ય પૂરી પાડવા સરકારે કેટલી વીજળી શા ભાવે ખરીદ કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન ૮૪૨૦ મેગાવોટ અને તેની સામે અનિયંત્રીત મહત્તમ વીજમાંગ ૧૨૧૭૭ મેગાવોટ તથા તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન ૮૨૪૫ મેગાવોટ અને તેની સામે અનિયંત્રિત મહત્તમ વીજમાંગ ૯૫૦૬ મેગાવોટ હતી.

(૨) છેલ્લા બે વર્ષમાં વિજખાદ્ય પૂરી પાડવા ખરીદ કરેલ વીજળી અને તેના ભાવની વિગતો **પત્રક (અ)** મુજબ છે.

**પત્રક-અ**

**સને ૨૦૦૭-૦૮ દરમિયાન ખરીદવામાં આવેલ વીજળી અંગેની માહિતી**

| કંપનીનું નામ | ૨૦૦૭ | | ૨૦૦૮ | |
|---|---|---|---|---|
| | મીલીયન યુનીટ | દર. રૂ. પ્રતિ યુનિટ | મીલીયન યુનીટ | દર. રૂ. પ્રતિ યુનિટ |
| **નીજી વિજ ઉત્પાદકો** | | | | |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૨૧૩ | ૨.૮૬ | ૧૬૮ | ૨.૮૦ |
| યુનાઈટેડ ફોસ્ફરસ લી. | ૭ | ૩.૪૭ | - | - |
| ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમીકલ્સ લી. | ૧૩ | ૨.૧૪ | ૫ | ૨.૧૪ |
| ઓ.એન.જી.સી., અંકલેશ્વર | ૪૩ | ૧.૯૦ | ૩૧ | ૧.૯૦ |
| ઓએનજીસી, હજીરા | ૪ | ૧.૯૦ | ૧૬ | ૧.૯૦ |
| અદ્યાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૫૮ | ૨.૪૪ | ૬૩ | ૨.૮૦ |
| અરવીંદ મીલ્સ | ૩ | ૪.૮૬ | - | - |
| જીએનએફસી, ભરૂચ | - | - | - | - |
| આઈપીસીએલ, વડોદરા | ૧૭ | ૪.૦૦ | ૧૩ | ૪.૦૦ |
| હીન્ડાલ્કો | ૨૩ | ૩.૭૦ | ૫૮ | ૫.૧૯ |
| ગેલન્ટ મેટલ લી. | ૧૬ | ૨.૫૦ | ૧૮ | ૨.૬૨ |
| ઝઘડીયા કોપર લી. | ૫ | ૫.૨૨ | ૧૦ | ૫.૬૫ |
| વેલ્સ્પન ગુજ. સથલ રોહરેન લી. | ૨૨ | ૨.૬૧ | ૮૧ | ૩.૪૯ |
| ભન્ડેર પાવર | - | - | ૫૮ | ૪.૮૪ |
| | | | | |
| **વિજ વેચાણકારો** | | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૬૫ | ૫.૭૦ | ૨૯ | ૯.૨૮ |
| પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | ૧૬ | ૫.૯૫ | - | - |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧ | ૪.૯૧ | ૧૯૪ | ૭.૩૭ |
| એમ.પી.પાવર ટ્રેડીંગ કંપની લી. | ૬૮ | ૬.૧૮ | - | - |
| લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૧૧ | ૩.૨૫ | ૫ | ૪.૨૯ |
| અદ્યાની એન્ટરપ્રાઈઝ લી. | ૩૧૮ | ૫.૮૨ | ૫૭૫ | ૬.૪૮ |
| એનટીસીપી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૧ | ૪.૪૦ | ૮૬ | ૬.૫૪ |
| ક્રમચંદ થાપર એન્ડ બ્રોસ | ૫ | ૫.૮૫ | - | - |
| જેએસડબલ્યુ પીટીસી લી. | ૧૫ | ૫.૨૮ | ૧ | ૭.૧૩ |
| કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | - | - | ૫ | ૮.૪૧ |
| સુભાષ ક્બીની | - | - | - | - |

-------------

## સુરત જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો

૬૬૭૨ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

**જવાબ**

(૧) ૪૩૮.

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

(૨) ખુટતા મકાનો પેકી ૧૧૬ મકાનોના બાંધકામનું આયોજન વિચારેલ છે. જે પેકી ૧૯ મકાનોનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે.

------------

**કલ્પસર યોજનાને આગળ વધારવા આયોજન**

૬૧૧૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના તા. ૩૧-૧-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તેને આગળ વધારવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) શક્યતાદર્શી અહેવાલ આખરી થયેથી તથા યોજના તાંત્રિક તેમજ આર્થિક રીતે સક્ષમ જણાયેથી યોજનાની કામગીરી હાથ ધરવાનું આયોજન વિચારાયેલ છે.

------------

**હીરા વિકાસ બોર્ડની રચના**

૪૮૯૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હીરા વિકાસ બોર્ડની રચના ક્યારે કરવામાં આવી, અને

(૨) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં રાજ્ય સરકારે આ હીરા વિકાસ બોર્ડને કેટલી રકમ ફાળવી?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગના તા.૧૬-૧-૯૦ના ઠરાવથી ગુજરાત હીરા વિકાસ બોર્ડની રચના કરેલ હતી.

(૨) સને ૧૯૯૦માં હીરા વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ હતી. પરંતુ તેની કામગીરી સંતોષકારક ન જણાતા અને બોર્ડની રચનાના ઉદ્દેશો પરીપૂર્ણ થયેલ ના હોવાના કારણોસર સરકારશ્રીએ તા.૩૧-૩-૨૦૦૬થી હીરા વિકાસ બોર્ડને બંધ કરવાનો નિર્ણય લીધેલ હતો અને તેની સઘળી પ્રવૃત્તિઓ ઉદ્યોગ કમિશ્નરશ્રીની ક્ચેરી મરફત કરવા નિર્ણય લીધેલ. આ પ્રવૃત્તિ માટે વર્ષ ૨૦૦૭-૦૮ નાણાક્યિ વર્ષમાં ૪૩૪ લાખ રૂપિયા કરેલ અને ૨૦૦૮-૦૯ના નાણાક્યિ વર્ષમાં ૨૪૦૦ લાખ રૂપિયાની બજેટ જોગવાઈ છે. વધુમાં હીરા અને જેમ્સ એન્ડ જેવલરીના ઉદ્યોગને વિક્સાવવાનો સરકારનો ધ્યેય છે અને સરકારશ્રીએ આને ફોક્સ સેકટર તરીકે ગણેલ છે. તાજેતરમાં સરકારશ્રીએ સૂરત ખાતે ડિસેમ્બર-૨૦૦૮માં !!સ્પાર્કલ!! નામનું આંતરરાષ્ટ્રીય પરિષદ અને પ્રદર્શનનું આયોજન કરેલ જેને સારો પ્રતિસાદ સાંપડેલ હતો. આના પરિણામ સ્વરૂપે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૯માં જેમ્સ એન્ડ જ્વેલરી સેકટરમાં રૂપિયા ૯૦૦૦ કરોડના એમ.ઓ.યુ. થયેલ છે જમાં એસ.ઈ.ઝેડ અને ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ સ્થપવાનો સમાવેશ થાય છે.

------------

**સરદાર સરોવર નર્મદા નિગમના બોન્ડ ધારકોને રોકાણના પ્રમાણમાં વળતર ચૂકવવા સામે ફરિયાદો**

૬૦૦૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર નર્મદા નિગમના બોન્ડ ધારકોને તેના રોકાણના પ્રમાણમાં વળતર ચૂકવવા સામે વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે તે હકીક્ત ખરી છે, અને

**જવાબ**

(૧) ફેબ્રુઆરી ૨૦૦૮ના વિધાનસભા સત્ર દરમ્યાન જાહેર હિતમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડના રીડીમ્પશનની સત્તા આપતો) અધિનિયમ ૨૦૦૮ અન્વયે

નિગમ દ્વારા ડીપ ડીસ્કાઉન્ટ બોન્ડની પરત ચૂકવણી હાથ ધરવામાં આવેલ છે. તે બાબતે કેટલીક ફરીયાદો મળેલ છે તથા કોર્ટ કેસો પણ થયેલ છે.

(૨) જો હા, તો આ બોન્ડ ધારકોને પૂરી રકમના ચૂકવણાં માટે સરકાર કોઈ બાંહેધરી આપવા માંગે છે કે કેમ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્ય સરકારને ઉર્જા ક્ષેત્રે એવોર્ડ**

૬૬૮૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકારને કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્ય સરકાર અને રાજ્યની વીજ કંપનીઓને ૩૧મી ડીસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

**ઉર્જા ક્ષેત્રની કામગીરી બદલ રાજ્યની વીજ કંપનીઓને ડીસેમ્બર, ૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ એવોર્ડની વિગતો**

| ક્રમ. | એવોર્ડનું નામ | એવોર્ડ આપનાર | એવોર્ડ મેળવનાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (ગોલ્ડ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | મધ્ય ગુજરાત વીજ કંપની લી. |
| ૨ | નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ પરફોર્મન્સ (બ્રોન્ઝ શીલ્ડ) | મીનીસ્ટ્રી ઓફ પાવર, કેન્દ્ર સરકાર | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (ઉકાઈ હાઈડ્રો) |
| ૩ | ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે નમૂનેદાર કામગીરી કરવા બદલ જ્યોતિગ્રામ યોજનાને (ઈન્ડીયા પાવર એવોર્ડ, ૨૦૦૮ જ્યુરી એવોર્ડ) | કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ | રાજ્ય સરકાર |
| ૪ | વીજ ક્ષેત્રે સર્વ શ્રેષ્ઠ કામગીરી તથા વીજ કંપનીએ વીજ વ્યયમાં કરેલા ઘટાડાની શ્રેષ્ઠ કામગીરી અને ગ્રાહકલક્ષી સેવાઓ માટે (નેશનલ અનેર્શિયા એવોર્ડ, ૨૦૦૮) | ફાલક્ન મીડીયા, મુંબઈ | દક્ષિણ ગુજરાત વીજ કંપની |
| ૫ | ઉર્જા શક્તિના ગુણાત્મક વિકાસ માટે તથા સમગ્ર દેશમાં ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય સિધ્ધિ માટે (અનેર્શિયા એવોર્ડ) | ફાલક્ન મીડીયા, મુંબઈ | રાજ્ય સરકાર |
| ૬ | અન્ય રાજ્યોની સરખામણીમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન સોથી વધુ પવન ઉર્જાની ક્ષમતાનો ઉમેરો કરવા માટે(એવોર્ડ) | વર્લ્ડ ઈન્સ્ટીટયુટ ઓફ સસ્ટેનેબલ એનર્જી, પૂના | ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા |

------------

**૭૭/page>ઓ.એન.જી.સી.ના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનોની માંગણી**

૬૬૦૦ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માંગણી કરવામાં આવી હોવાની હકીકત ખરી છે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી. ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માંગણી કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકાર અને ઓ.એન.જી.સી. કંપની વચ્ચે થયેલ સમજુતી કરાર મુજબ ઓ.એન.જી.સી.ને એક એસ.આર.પી. બટાલીયન પુરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. ઓ.એન.જી.સી. કંપની તરફથી બટાલીયનના ખર્ચ પેટે રૂપિયા ૨૦ કરોડ રાજ્ય સરકારને ચુકવવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં રેતીની લીઝ આપવા અંગે**

૫૧૯૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર રેતીની કેટલી લીઝ આપવામાં આવેલ છે,

(૨) સરકારને રોયલ્ટીનું નુકસાન ન થાય તે માટે વર્ષમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું, અને

(૩) ચેકીંગ દરમ્યાન કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યાં?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં રેતી ખનિજની ૭૩ લીઝો આપવામાં આવેલ. જેની તાલુકાવાર સંખ્યા નીચે મજબ છે.

| તાલુકો | લીઝોની સંખ્યા. |
|---|---|
| છોટાઉદેપુર | ૨ |
| જેતપુર પાવી | ૧૦ |
| સંખેડા | ૩૫ |
| ડભોઈ | ૪ |
| શિનોર | ૧ |
| કરજણ | ૧૧ |
| સાવલી | ૬ |
| વડોદરા | ૨ |
| પાદરા | ૧ |
| વાઘોડીયા | ૧ |
| કુલ | ૭૩ |

(૨) ૬૭ વખત

(૩) ચેકીંગ દરમ્યાન કોઈપણ ઈસમની ધરપકડ કરવામાં આવેલ નથી. બિન અધિકૃત ખનિજ વહનના ૨૮૨ કેસ કરીને દંડનીય ખનિજ કિંમત રૂા.૯.૬૮ લાખ સમાધાન પેટે વસુલાત કરેલ છે.

------------

**પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન**

૬૬૮૭ **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન મેળવવા સારુ કેટલા મેગાવોટ ક્ષમતાના પ્લાન્ટ કાર્યરત છે, અને

(૨) સન ૨૦૦૯-૧૦ સુધીમાં આ ક્ષમતામાં કેટલો વધારો કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ૧૩૫૬.૧૯૫ મે.વો. ના

(૨) ૫૦૦ મે.વો. જેટલો વધારો થવાની શક્યતા છે.

------------

**રાજકોટ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૬૬૯૦ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરાયેલ છે, અને

(૨) તે પૈકી રાજકોટ જિલ્લામાં સબસ્ટેશન બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યમાં કુલ ૬૦(સાઈઠ) નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) તે પૈકી રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૭ (સાત) નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

------------

## બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો

૬૬૬૭ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને | (૧) ૧૩૪૭ |
| (૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૨) ૧૯૭ આવસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, જ્યારે ૩૮ આવાસોનું બાંધકામ ટુંક સમયમાં શરુ થનાર છે. |

------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પર વાહન અકસ્માત

**૭૯/page>** ૬૭૨૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પર તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વાહન અકસ્માત થયા, | (૧) ચોટીલા - ૭૪ અકસ્માત<br>સાયલા - ૭૬ અકસ્માત |
| (૨) તેમાં કેટલા માણસોના મૃત્યુ થયા, | (૨) કુલ - ૩૭ મૃત્યુ થયા |
| (૩) અવસાન પામનારના વારસદારોને કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) માત્ર હીટ એન્ડ રન કેસમાં સોલેશ્યમ ફંડમાંથી સહાય ચુકવવામાં આવે છે. આ બે તાલુકામાં આ સમય દરમિયાન આવો કેસ બનેલ નથી. |
| (૪) આવા અકસ્માતો અટકાવવા શાં પગલાં લીધા ? | (૪) અકસ્માતના બનાવો અટકાવવા મોટર વાહન અધિનિયમ અનુસાર પગલાં લઇ સાયલા પોલીસ સ્ટેશનમાં ૧૨૭૨ કેસોમાં રૂપિયા ૪૮૭૦૬૭/-નો દંડ વસુલ કરવામાં આવેલ છે. તથા ચોટીલા પોલીસ સ્ટેશનમાં ૨૫૫૦/- કેસોમાં રૂપિયા ૨૭૮૧૭૮/-દંડ વસુલ કરાયેલ છે આ ઉપરાંત અકસ્માત નિવારણ માટેઃ-<br>(I) ઇન્ટર સેપ્ટર વાનનો ઉપયોગ કરાય છે<br>(II) ટ્રાફીક બ્રાન્ચ દ્વારા બ્રેક ડાઉન થયેલા/ અકસ્માતોનો ભોગ બનેલા વાહનોને રોડ ઉપરથી ત્વરિત ધોરણે ખસેડવામાં આવે છે.<br>(III) ટ્રાફીક બ્રાન્ચના અધિકારીઓ શાળાઓમાં મુલાકાત લઇ ટ્રાફીક જાગૃતિ માટે પ્રાથમિક જ્ઞાન આપે છે, આ અંગેની પુસ્તિકાઓનું પણ વિતરણ કરવામાં આવેલ છે.<br>(IV) રોડ સલામતી સપ્તાહની ઉજવણી દરમ્યાન રેડિયમ રીફ્લેક્ટર લગાડવાની, બ્રેક, ચેકીંગ કરવાની અને ડ્રાઇવરોની આંખોની ચકાસણી જેવી કામગીરી કરવામાં આવે છે. |

------------

**ઇંધણ ખર્ચમાં વધારો-ઘટાડો થવાથી વીજ દરમાં વધારો-ઘટાડો કરવા બાબત**

૬૯૬૩ **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઇંધણ ખર્ચમાં વધારો કે ઘટાડો થાય ત્યારે ત્રિમાસીક ફોર્મ્યુલા હેઠળ વીજદરમાં વધારો કે ઘટાડો કરવાની વિચારણા કરવાની થાય તેવી રાજ્ય સરકારની નીતિ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૨૯-૧-૨૦૦૯ થી પેટ્રોલ વિ. ઇંધણના ભાવો કેન્દ્ર સરકારે ઘટાડ્યા છે તે ધ્યાનમાં લઇને વીજદરમાં ઘટાડા બાબતે કોઇ વિચારણા હાથ ધરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧)

અને

(૨) ઇલેકટ્રીક્સીટી એક્ટ, ૨૦૦૩ જોગવાઇ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નકકી કરવાની બાબત નામ ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. જે કાયદા હેઠળ રચાયેલ સ્વાયત્ત સંસ્થા છે. વાસ્તવમાં વીજદરો કે ફ્યુઅલ કોસ્ટ વધારવાની બાબતમાં રાજ્ય સરકારની કોઇ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં આ અંગેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

(૧) આયોગના તા. ૨૫-૬-૨૦૦૪ ના આદેશથી આયોગે બળતણ ખર્ચ/વીજ ખરીદીના ભાવ વધારાને કારણે થતાં વધારાના ખર્ચને વસુલ કરવાની ફોર્મ્યુલા પણ નક્કી કરી છે. વીજ દરો નક્કી થયા બાદ વિવિધ બળતણ એટલે કે, કોલસો, ગેસ અને નેપ્થાના ભાવોમાં કેન્દ્ર સરકાર દ્વારા અને આંતરરાષ્ટ્રીય બજારમાં થતો ભાવ વધારો તેમજ આ બળતણોનો પરિવહન દરોમાં કેન્દ્ર સરકાર દ્વારા અવાર નવાર થતાં વધારાને કારણે વીજ કંપનીઓએ ભોગવવાં પડતાં વધારાનાં ખર્ચને પહોંચી વળવા ફ્યુઅલ સરચાર્જ, નામ. આયોગની ફોર્મ્યુલા મુજબ વસુલ કરવામાં આવે છે.

(૨) કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સરકાર ભોગવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ માં અને વર્ષ ૨૦૦૮-૦૯માં ડિસેમ્બર સુધીમાં અનુક્રમે રૂા. ૧૧૫ કરોડ અને રૂા. ૮૨૫ કરોડનો બોજો રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૩) ડીસેમ્બર-૨૦૦૭ સુધી ફ્યુઅલ સરચાર્જ ૧૨ પેસા પ્રતિ યુનિટ હતો તે વધીને જાન્યુ-માર્ચ ૨૦૦૮માં ૩૦ પેસા પ્રતિ યુનિટ, એપ્રિલ જૂન ૨૦૦૮ માં ૧૦૦ પેસા પ્રતિ યુનિટ, જુલાઇ-સપ્ટે ૨૦૦૮માં ૮૪ પેસા પ્રતિ યુનિટ તેમજ ઓક્ટો-ડીસે. ૨૦૦૮માં ૯૧ પેસા પ્રતિ યુનિટ થયો.

આ અસામાન્ય ભાવ વધારો ગ્રાહકોએ ન ભોગવવો પડે તે માટે એપ્રિલ-જૂન ૨૦૦૮ અને જુલાઇ - સપ્ટે ૨૦૦૮ ના બે ક્વાર્ટરમાં અનુક્રમે ૩૫ પેસા પ્રતિ યુનિટ અને ૯ પેસા પ્રતિ યુનિટ ની રકમ રાજ્ય સરકારે પોતે ભોગવેલ છે. બન્ને ક્વાર્ટર મળી કુલ બોજ રૂા. ૩૬૪ કરોડ રાજ્ય સરકારે ભોગવેલ છે.

(૪) સામાન્ય રીતે વીજ ઉત્પાદનમાં બળતણ તરીકે કોલસો, ગેસ અને નેપ્થાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ત્રણે બળતણનો ભાવ કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવે છે. પરંતુ તા. ૨૯-૧-૨૦૦૯ ના રોજ કેન્દ્ર સરકારે પેટ્રોલના ભાવોમાં કરેલ ઘટાડાથી ફ્યુઅલ કોસ્ટમાં ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે પેટ્રોલ જેવા ઇંધણો વીજ ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવતા નથી. આથી કોલસો, ગેસ કે નેપ્થા જેવા બળતણોના ભાવોમાં તેમજ કોલસો વગેરેના પરિવહન દરોમાં જ કેન્દ્ર સરકાર દ્વારા કોઇ ઘટાડો કરવામાં આવશે તો નામ. વીજ નિયમન પંચની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ કોસ્ટમાં આપોઆપ ઘટાડો થઇ શકશે. પરંતુ તાજેતરમાં કેન્દ્ર સરકારના રેલ્વે વિભાગે તા. ૮-૧૨-૨૦૦૮ થી કોલસાના પરિવહનનો ક્લાસ ટેબલ-૧૪૦ થી ટેબલ-૧૫૦ માં ફેરફાર કરતાં પરિવહન ખર્ચ પ્રતિ મેટ્રીક ટન રૂા. ૧૨૬૦ થી રૂા. ૧૩૫૭ સુધી વધેલ છે. જેને કારણે પ્રતિ યુનિટ ખર્ચ રૂા. ૧.૪૯ થી વધી રૂા. ૧.૫૬ થયેલ છે. એટલે કે પ્રતિ યુનિટ ૭ પેસાનો વધારો થયેલ છે.

(૫) પીએલએલના ગેસના ભાવો ડીસેમ્બર, ૨૦૦૮માં રૂા. ૯.૩૧ પ્રતિ ક્યુબીક મીટર હતા. જે ૧લી જાન્યુઆરી, ૨૦૦૯થી રૂા. ૧૨.૩૬ પ્રતિ ક્યુબીક મીટર થતાં, માસિક રૂા. ૨૪.૦૨ કરોડનું એટલે કે ૩૨.૩% નું વધારાનું ભારણ જાન્યુ-૨૦૦૯ થી થશે.

## નોટરીની ખાલી જગ્યાઓ

૫૯૪૦ **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કેટલી જગ્યાઓ છે,

(૨) તે પેકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) નોટરીની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ નોટરીની મંજૂર થયેલી કુલ ૧૪૦૭ જગ્યાઓ છે. જેમાં કેન્દ્ર સરકારના તા. ૩-૯-૦૮ ના જાહેરનામાથી મંજૂર થયેલ ૪૬૯ જગ્યાઓનો સમાવેશ થાય છે.

(૨) ૮૮૮ જગ્યાઓ.

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ પેકી ૪૧૯ જગ્યાઓ પર નિમણૂંકની કાર્યવાહી પૂર્ણ થવામાં છે. અને બાકી રહેતી ૪૬૯ જગ્યાઓ પણ ત્વરિત પણે ભરવાનો સરકારનો આશય છે.

------------

## જામનગર જિલ્લામાં વિન્ડફાર્મ આધારિત ઉર્જા

૬૭૧૧ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વિન્ડફાર્મ આધારિત ઉર્જા ઉત્પન્ન કરવા માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં આ યોજના કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે પવન ઊર્જા ઉત્પન્ન કરવા માટેની નીતિ જૂન-૨૦૦૭માં જાહેર કરેલ છે અને તેમાં જાન્યુઆરી-૨૦૦૯માં સુધારો જાહેર કરેલ છે.

(૨) પવન ઊર્જા નીતિ મુજબ જૂન-૨૦૧૨ સુધી ખાનગી રોકાણકારો જામનગર, કચ્છ તથા અન્ય જિલ્લામાં વિન્ડ ફાર્મ સ્થાપી શકે છે.

------------

## અમદાવાદ શહેરમાં ભાડૂઆતોની પોલીસ સ્ટેશનમાં નોંધ

૪૭૬૩ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ગુન્હાખોરી ડામવા માટે ભાડુઆતોની નોંધ પોલીસ સ્ટેશનમાં કરાવવી ફરજીયાત છે તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ અમદાવાદ પોલીસ કમિશનરની હકુમત હેઠળના પોલીસ સ્ટેશન દીઠ કેટલા ભાડુઆતોની નોંધ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| | પોલીસ સ્ટેશનનું નામ | તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિ નોંધાયેલા ભાડુઆતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વેજલપુર | ૨૨૦ |
| ૨ | એલીસબ્રીજ | ૨૪૬ |
| ૩ | વસ્ત્રાપુર | - |
| ૪ | સેટેલાઇટ | ૪૪૩ |
| ૫ | નવરંગપુરા | ૧૦૦ |
| ૬ | નારણપુરા | ૧૬૧ |
| ૭ | ઘાટલોડીયા | ૧૪૯ |
| ૮ | સોલા | ૨૧૭ |
| ૯ | ગુજરાત યુનિ. | ૬૪ |
| ૧૦ | કારંજ | ૦૪ |
| ૧૧ | શાહપુર | ૧૩ |
| ૧૨ | માધવપુરા | ૪૬ |
| ૧૩ | સાબરમતી | ૮૦ |
| ૧૪ | ગાયકવાડ હવેલી | ૧૫ |
| ૧૫ | ખાડિયા | ૩૮ |
| ૧૬ | કાલુપુર | ૧૪ |
| ૧૭ | શહેર કોટડા | ૧૬ |
| ૧૮ | મેઘાણીનગર | ૦૧ |
| ૧૯ | સરદારનગર | ૪૩ |
| ૨૦ | નરોડા | ૧૦ |
| ૨૧ | દરિયાપુર | ૪૯ |
| ૨૨ | શાહીબાગ | ૧૨૦ |
| ૨૩ | ગોમતીપુર | ૪૨ |
| ૨૪ | રખિયાલ | ૧૪ |

| | | |
|---|---|---|
| ૨૫ | રામોલ | ૬૩ |
| ૨૬ | અમરાઇવાડી | ૪૮ |
| ૨૭ | બાપુનગર | ૧૨૫ |
| ૨૮ | ઓઢવ | ૨૯૬ |
| ૨૯ | કાગડાપીઠ | ૨૧ |
| ૩૦ | ઘાણીલીમડા | ૩૮ |
| ૩૧ | મણીનગર | ૧૧૪ |
| ૩૨ | વટવા | ૩૧૭ |
| ૩૩ | જીઆઇડીસી વટવા | ૨૪ |
| ૩૪ | ઇસનપુર | ૯૦ |

(૨) આ અંગેનો રીવ્યુ પોલીસ અધિકારીઓ દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત કરવામાં આવ્યો ?

(૨) આ અંગેનો રિવ્યુ પોલીસ અધિકારીઓ દ્વારા અવારનવાર કરવામાં આવે છે.

------------

**ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિ. ને વીજળીના દરોમાં વધારો કરવાની મંજૂરી**

૬૯૬૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિ. ને વીજળીના દરોમાં ભાવ વધારો કરવા માટે તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત ક્યારે ક્યારે મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઇ મુજબ ટ્રાન્સમિશન ચાર્જીસ સહિત વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની છે. તેમાં સરકારની કોઇ પ્રત્યક્ષ ભૂમિકા નથી. તેમ છતાં, વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ના. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા પ્રવહન કંપનીને એક વખત તા. ૩૧-૩-૨૦૦૭ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.

------------

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩માં થયેલ એમ.ઓ.યુ. નું અમલીકરણ**

૪૮૪૮ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩માં થયેલ ૭૬ એમ.ઓ.યુ. હેઠળ રૂા. ૨૬૮૧૩ કરોડના પ્રોજેક્ટ જાન્યુઆરી-૦૮ સુધીમાં શરૂ થયેલા છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ઉક્ત વાયબ્રન્ટ સમીટને કેટલી સિધ્ધિ હાંસલ થઇ ?

**જવાબ**

(૧) હા, સાચી વાત છે.

(૨) તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં સને ૨૦૦૩ના સમીટમાંના ૩૩ પ્રોજેક્ટો કમીશન્ડ થયા છે તથા ૧૪ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. આમ ૮૦ પ્રોજેક્ટ સામે ૪૭ પ્રોજેક્ટ પ્રમાણે સિધ્ધિ ૫૮.૭૫ ટકા ગણી શકાય.

------------

**અમદાવાદ સાયન્સ સીટી ખાતે થયેલ ગ્લોબલ ઇન્વેટર્સ સમીટનો ખર્ચ**

૫૯૫૪ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સાયન્સ સીટી ખાતે જાન્યુઆરી-૨૦૦૯માં થયેલ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ હેઠળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો,

(૨) ક્યા સદર હેઠળ આ ખર્ચ અંગે કેટલા રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી, અને

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૯ અમદાવાદ સાયન્સ સીટી ખાતે થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૯ માટે તા. ૩૧-૧-૨૦૦૯ સુધીમાં થયેલ ચુકવણાના આધારે હાલ સુધી ખર્ચ રૂા. ૧૩.૨૪ કરોડ થયેલ છે.

(૨)

(૩) જોગવાઇ કરતા કેટલો વધારાનો ખર્ચ કરવામાં આવ્યો ?

અને

(૩) રાજ્ય સરકાર ઇન્ડસ્ટ્રીયલ પ્રમોશન માટેના બજેટ હેડ

માંગણી ક્રમાંક; ૪૯

મુખ્ય સદર-૨૮૫૨ ઉદ્યોગો

પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય

ગૌણ સદર (૮૦૦) અન્ય ખર્ચ

પેટા સદર - (૨૪) આઇ એન ડી-૫-ઓદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો (આયોજન) હેઠળ રાજ્ય સરકાર દ્વારા કુલ રૂા. ૨૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખર્ચના હિસાબો હજુ આખરી થયા નથી.

------------

**આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની જેલ**

૬૩૮૪ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લાકક્ષાની જેલ બનાવવાનું સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ઉક્ત જેલ બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

અને

(૨) આણંદ ખેડા જિલ્લાનો એક તાલુકો હતો ત્યારે ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે એક જિલ્લા જેલ આવેલી હતી અને હાલમાં પણ તે કાર્યરત છે. આ ઉપરાંત, આણંદ જિલ્લાની નજીક વડોદરા જિલ્લામાં મધ્યસ્થ જેલ અને અમદાવાદ જિલ્લામાં મધ્યસ્થ જેલ આવેલ છે. આમ, આણંદ જિલ્લાની આસપાસ મધ્યસ્થ તથા જિલ્લા કક્ષાની મોટી જેલો આવેલી છે, તેમજ આણંદ જિલ્લામાં આણંદ (પ્રોપર), બોરસદ, પેટલાદ અને ખંભાત એમ કુલ ૪ (ચાર) તાલુકા સબ જેલો આવેલી છે. વધુમાં આણંદ જિલ્લામાં આંકલાવ તાલુકા ખાતે નવી સબ જેલ બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ સંજોગોમાં આણંદ ખાતે જિલ્લા કક્ષાની જેલ બનાવવાની જરૂરિયાત નથી.

------------

**ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં માટી ખોદકામની રોયલ્ટીની આવક**

૮૪/page> ૪૯૮૨ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં માટી ખોદકામની રોયલ્ટી પેટે કેટલી આવક મળી,

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન રોયલ્ટીની ચોરીના કેટલા કેસો પકડવામાં આવ્યા, અને રોયલ્ટી ચોરી બાબતે કેટલી ફરિયાદો મળી, અને

(૩) મળેલ ફરિયાદ અંગે સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) સને ૨૦૦૭-૦૮માં રૂા. ૪૪.૫૧ લાખ અને
સને ૨૦૦૮-૦૯માં રૂા. ૨૭.૧૯ લાખ.

(૨) રોયલ્ટી ચોરીના ત્રણ કેસો પકડવામાં આવ્યા અને રોયલ્ટી ચોરી બાબતે એક ફરીયાદ મળેલ.

(૩) આ ફરીયાદ અંગે પગલાં લઇને કલેકટરશ્રી, ભરૂચ દ્વારા દંડકીય ખનિજ કિંમત રૂા. ૧,૮૦,૦૦૦/- અને વ્યાજ રૂા. ૮,૯૭૦/- વસુલ કરવામાં આવેલ છે.

**નર્મદા યોજનાની મડકા ઢીમા અને ગડશિલા શાખા નહેરોના કામ**

૬૬૦૩ **શ્રી અનિલભાઈ માળી (દિયેદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની છેવાડાની મડકા, ઢીમા અને ગડશીલા શાખા નહેરોના કામો ક્યારે હાથ પર લેવામાં આવશે, અને | (૧) નર્મદા યોજનાની છેવાડાની મડકા, ઢીમા અને ગડશીલા શાખા નહેરોના કામો સને ૨૦૦૯-૧૦માં હાથ પર લેવાનું આયોજન છે. |
| (૨) આ કામો ક્યારે પૂરા થશે ? | (૨) ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**કિસાનોને વીજ બચતનું મહત્વ**

૬૬૯૩ **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કિસાનો વીજ બચતનું મહત્વ સમજે તે માટે રાજ્ય સરકારે કોઈ પ્રોત્સાહક યોજના બનાવેલ છે, અને | (૧) હા, જી. રાજ્યના કૃષિ ક્ષેત્રે વીજળી વાપરતા કિસાનો વિજ બચતનું મહત્વ સમજે તે માટે તા.૧૬-૦૭-૨૦૦૮નાં ઠરાવથી ""ઉર્જા સંરક્ષણ યોજના હેઠળ ખેતીવાડી વીજ ગ્રાહકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા (એનર્જી એફીસીયન્ટ) પમ્પ સેટસ બેસાડવાની યોજના"" અમલી બનાવવામાં આવેલ છે. અને તા.૧૨-૧૧-૨૦૦૮ના ઠરાવથી આ યોજના અપનાવનાર કૃષિ વીજ ગ્રાહકોને આપવામાં આવતી સબસીડીની રકમમાં વધારો કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવેલ છે ? | (૨) આ યોજના હેઠળ ખેડૂતોને નવા વીજ કાર્યક્ષમ પમ્પ સેટસ બેસાડવા માટે પમ્પ સેટસની કિંમતની ૨/૩ રકમ સબસીડી રૂપે ચૂકવવામાં આવે છે. |

-------------

**અમદાવાદમાં બોંબ ધડાકામાં સીમીની સંડોવણી**

૫૯૪૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તાજેતરમાં અમદાવાદમાં થયેલ બોંબ ધડાકાઓમાં સીમીની સંડોવણી છે એ હકીકત સાચી છે ? | હાજી, તાજેતરમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાઓના કેસોમાં થયેલ પોલીસ તપાસ દરમિયાન આરોપીઓએ પોતે સ્વીકારેલ છે કે તેઓ સીમીના કાર્યકરો છે.<br>ઉપરાંત બોમ્બ ધડાકાઓના ગુનાઓની તપાસ દરમિયાન પોલીસને જે પુરાવાઓ ઉપલબ્ધ થયા છે, તેના પરથી પણ સ્પષ્ટ થાય છે કે તેઓ સીમી સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.<br>તમામ આરોપીઓના ઈતિહાસ જોતાં તેઓ સીમી સંસ્થા સાથે સંકળાયેલા છે, તેવું સ્પષ્ટ થાય છે. |

-------------

**ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ દરમિયાન ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદનના એમ.ઓ.યુ.**

૬૬૮૮ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ દરમિયાન ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન વધારવા માટેના કુલ કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને તેમાં કુલ કેટલી રકમનું રોકાણ કરવામાં આવનાર છે. અને તેના ધ્વારા કેટલું વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે ? | તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ એમ.ઓ.યુ. કરવામાં આવેલ નથી. પરંતુ ગ્લોબલ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૯ માં ૯૯ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જેના થકી રૂા. ૩૧૩૧૪૪/-કરોડના મૂડીરોકાણ થશે અને ૫૧૬૪૮ મેગાવોટ વીજ ઉત્પાદન વધવાનો અંદાજ છે. |

-------------

**દાહોદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા આપવામાં આવેલ લોન**

૬૭૨૯ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ દાહોદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટે છેલ્લા ૨ (બે) વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવેલ છે, અને

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા અરજદારોને બેંકોમાંથી લોન આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૮૦૨ |
| ૨ | ઝાલોદ | ૬૭૭ |
| ૩ | દેવગઢબારીયા | ૨૫૭ |
| ૪ | ધાનપુર | ૬૭ |
| ૫ | ગરબાડા | ૨૮૮ |
| ૬ | ફતેપુરા | ૩૭૬ |
| ૭ | લીમખેડા | ૨૪૫ |
| | કુલ : | ૨૭૧૨ |

(૨) ૮૦૬

(૩) ૮૦૬

--------------

**જંબુસર તાલુકાની કેનાલોમાં પાણી આપવા બાબત**

૫૧૮૧ **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકામાં બનાવેલ કેનાલો પૈકી તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં છેલ્લા બે વર્ષ દરમિયાન કઈ કઈ કેનાલોમાં પાણી આપવામાં આવેલ છે,

(૨) આ કેનાલોમાં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં પાણી ન મળ્યુ હોય એવી કેટલી ફરિયાદો મળી છે, અને

(૩) તેનો નિકાલ કરવામાં આવ્યો કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની કેનાલોમાં પાણી આપવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| વડોદરા શાખા | જંબુસર શાખા | વાઓલી વિશાખા | વેડચ વિશાખા | જાફરપુર વિશાખા |
| કુંદલ વિશાખા | જંબુસર વિશાખા | ઉમરા વિશાખા | કરમાડ વિશાખા | ટુંડજ વિશાખા |
| ભોદર વિશાખા | રામપુર વિશાખા | વાંસેય વિશાખા | કાઓલી વિશાખા | એટીંબી વિશાખા |
| કાવિ-દહેગામ વિશાખા | કનગામ વિશાખા | નેજા-સાગરી વિશાખા | ડાભા | જંબુસર |
| ઉબેર-૧ | ઉબેર-૨ | ઉમરા ટેઈલ | નોંધણા | ઉમરા |
| કોટેશ્વર | જંબુસર-૧ | જંબુસર-૨ | કલક-૧ | કલક-૨ |
| અમનપુર-૧ | સામોજ | અમનપુર-૨ | ટુંડજ | કોરા |
| નોબાર | ભોર-૧ | ભોર-૨ | રામપુર | રામપુર |
| કાવા | ટુંડજ | લીમજ | કાવા-૧ | કાવા-૨ |
| નડિયા | વાંસેટા | સારો ડાયરેક્ટ | કાવલી | કોરા-૧ |
| નહાર | કાવી-૧ | કાવી-૨ | કાવી-૩ | કંબોઈ |
| કાવી-૪ | હેગામ-૧ | હેગામ-૨ | ગુલાલ | નહાર |
| કનગામ-૧ | કનગામ-૩ | કનગામ-૨ | કંથારીયા | સીંગમ |
| નેજા | કિમોજ-૧ | કિમોજ-૨ | સાંગરી | રુઆડ |
| વડલા-૧ | વડલા-૨ | વેડચ માઈનોર | ગજેરા માઈનોર-૧ | ગજેરા માઈનોર-૨ |
| ગજેરા માઈનોર-૩ | ગજેરા માઈનોર-૪ | ડાભા માઈનોર-૧ | ડાભા માઈનોર-૨ | વાવલી માઈનોર |
| પિલુન્દ્રા માઈનોર-૧ | પિલુન્દ્રા માઈનોર-૨ | વેડચ માઈનોર-૧ | વેડચ માઈનોર-૨ | ઉબેર ટેઈલ માઈનોર |

(૨) સન ૨૦૦૭-૦૮ દરમ્યાન ફરીયાદ મળેલ નથી તથા સને ૨૦૦૮-૦૯ દરમ્યાન પાંચ (૫) ફરીયાદ મળેલ છે.

(૩) હા, જી.

**કઠલાલ તાલુકા માઈનોર નહેરમાં પાણી છોડવા બાબત**

૫૧૮૮ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કઠલાલ તાલુકા પાસે આવેલ માઈનોર નહેરમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પાણી છોડવામાં આવતું નથી તેના કારણો શાં છે, અને | (૧) કઠલાલ તાલુકા પાસેની કુલ ૧૪૧.૪૫ કી.મી. લંબાઈની માઈનોરો પૈકી ૧૧૦.૧૯ કી.મી.ની લંબાઈમાં પાણી છોડવામાં આવે છે. જ્યારે કાણીયેલ વિશાખા અને તેમાંથી નીકળતા માઈનોરોના કામો પૂર્ણ થયેલ ન હોઈ પાણી આપી શકાતું નથી. |
| (૨) હવે આ નહેરમાં ક્યારે પાણી આપવામાં આવશે ? | (૨) ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે. |

**રાજ્યના માનવ અધિકાર પંચના સભ્યોની ખાલી જગ્યા**

૬૯૧૯ **શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય માનવ અધિકાર પંચ ફક્ત ચેરમેનની જગ્યા વડેજ ચાલે છે અને તેના કારણે પંચ અધૂરું ગણાય છે તે સરકાર જાણે છે,<br>(૨) આ અત્યંત મહત્વના પંચમાં ચેરમેન સિવાય બીજા સભ્યોની જગ્યા પહેલેથી આજસુધી ખાલી રાખવાના શાં કારણો છે, અને | (૧)<br>અને<br>(૨) પ્રોટેકશન ઓફ હયુમન રાઈટ એકટ ૧૯૯૩ની કલમ-૨૧ હેઠળ રાજ્ય સરકારે તા. ૧૨-૭-૨૦૦૬ની અધિસુચના અન્વયે ગુજરાત માનવ અધિકાર આયોગની રચના કરી છે. જ્યારે પ્રોટેકશન ઓફ હયુમન રાઈટ એક્ટ ૧૯૯૩ની કલમ-૨૨(૧) હેઠળ ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચમાં ચેરપરસન અને સભ્યોની નિમણૂંક કરવા એક સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિએ રાજ્ય માનવ અધિકાર પંચના ચેરપરસન તરીકે નિવૃત ચીફ જસ્ટીસ શ્રી ડી.એસ. સિન્હાના નામની ભલામણ કરી છે અને રાજ્ય સરકારના તા.૧૮-૮-૦૬ની અધિસુચનાથી ચેરપરસન તરીકે તેમની નિમણૂંક કરવામાં આવેલ છે.<br>રાજ્ય માનવ અધિકાર આયોગમાં ચેરમેનની નિમણૂંક ર્ક્યા પછી આયોગ તેની કામગીરી કરી રહેલ છે. |
| (૩) સભ્યોની આ ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે ? | (૩) પ્રોટેકશન ઓફ હયુમન રાઈટ એકટ ૧૯૯૩ની કલમ-૨૨(૧) હેઠળ ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચમાં સભ્યોની નિમણૂંક કરવા રચાયેલ સમિતિ તરફથી સભ્યોની નિમણૂંક માટે નામોની ભલામણ મળ્યેથી નિમણૂંક કરવામાં આવશે. |

-------------

**ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯માં થયેલ રાજકોટ જિલ્લાના એમ. ઓ. યુ.**

૪૮૨૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ અન્વયે રાજકોટ જિલ્લામાં ક્યા ક્યા ઉદ્યોગોએ કેટલી રકમના એમ.ઓ.યુ. ર્ક્યા, અને<br>(૨) તેની વિગતો શી છે ? | (૧)<br>અને<br>(૨) વાયયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૯ તા.૧૨-૧૩/૦૧/૨૦૦૯ના રોજ યોજાયેલ હોઈ તા.૩૧-૧૨-૨૦૦૮ની માહિતી ""શૂન્ય"" છે. |

-------------

## ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીની સ્થાપના

૬૫૯૮ **શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર યુનિવર્સિટી ક્યારે શરુ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી ગુન્હેગારો દ્વારા ગુન્હાઓ કરવા માટે વધુ અને વધુ આધુનિક ટેક્નોલોજીઓ વાપરવામાં આવતી હોય આવા ગુન્હા શોધવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી બનેલ છે, આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી સરળતાથી ગુન્હો ઉકેલી શકે તેવા નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. આમ દેશની આંતરિક સુરક્ષાની દ્રષ્ટિએ પણ ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રના મોટી સંખ્યામાં નિષ્ણાતો તેયાર કરવાની ખુબ મોટી જરૂરીયાત ઉભી થયેલ છે. આ બાબત લક્ષમાં લઈ ગુજરાત સરકારે ગુન્હાની તપાસ માટે જરૂરી વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તેયાર કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્વની વેશ્વિક પહેલ કરેલ છે. આ યુનિવર્સિટીમાં ફોરેન્સીક સાયન્સ ઉપરાંત બિહેવરીયલ સાયન્સને લગતા કોર્ષો તેમજ ડોકટરલ તથા પોસ્ટ ડોકટરલ ડીગ્રી માટેના સંશોધનોની કાર્યવાહી મુખ્યત્વે હાથ ધરવામાં આવશે.

(૨) આ યુનિવર્સિટી આવતા શેક્ષણિક વર્ષમાં શરૂ કરવામાં આવશે.

--------------

## વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ હેઠળ થયેલ એમ.ઓ. યુ.

૫૫૯૦ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત કેટલા ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજવામાં આવ્યા અને ક્યારે ક્યારે યોજવામાં આવ્યા,

(૨) ઉક્ત સમિટમાં કેટ-કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

(૩) તે પેકીના ખરેખર કેટલા પ્રોજેક્ટો, કેટલી રકમના તા. ૩૧-૧-૦૯ સુધીમાં કાર્યરત થયા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ રાજ્યમાં વર્ષ-૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯માં એમ કુલ ચાર સમીટ થઈ.

(૨) તા. ૩૧-૦૧-૦૯ની સ્થિતિએ

| વર્ષ | મૂડી રોકાણ રૂ. કરોડમાં |
|---|---|
| ૨૦૦૩ | ૬૬,૦૬૮ |
| ૨૦૦૫ | ૧૦૬,૧૬૦ |
| ૨૦૦૭ | ૪૬૧,૮૩૫ |
| ૨૦૦૯ | ૧૨,૧૦,૭૫૫ |
| **કુલ** | **૧૮, ૪૪, ૮૧૮** |

(૩)

| કુલ | પ્રોજેક્ટસ | કમિશન્ડ પ્રોજેક્ટસ | અમલીકરણ હેઠળના પ્રોજેક્ટસ | કુલ અમલી કરણના પ્રોજેક્ટસ (૩+૪) | ટકા | કમિશન્ડ પ્રોજેક્ટસનું મૂડી રોકાણ કરોડમાં |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૩ | ૮૦ | ૩૩ | ૧૪ | ૪૭ | ૫૮.૭૫ | ૨૬૭૯૯. |
| ૨૦૦૫ | ૨૨૬ | ૯૮ | ૫૨ | ૧૫૦ | ૬૬.૦૮ | ૧૭૮૭૪ |
| ૨૦૦૭ | ૪૫૪ | ૮૬ | ૨૧૪ | ૩૦૦ | ૬૬.૦૮ | ૪૭૫૫૦ |
| કુલ | ૭૬૦ | ૨૧૭ | ૨૮૦ | ૪૯૭ | ૬૫.૩૧ | ૯૨૨૨૩ |

---------

## કોમી તોફાનોના કેસો રીઓપન કરવા અંગે

૬૯૪૦ **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુપ્રિમ કોર્ટના આદેશથી ગુજરાત સરકારે કોમી તોફાનોના કેટલા કેસો તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં રીઓપન કર્યા,

(૨) તે પૈકીના કેટલા કેસોમાં કેટલા આરોપીઓ સામે ચાર્જશીટ મુક્યા, અને

(૩) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ કેટલા કેસોની તપાસ પૂરી કરી અને કેટલા કેસોની તપાસ બાકી છે?

**જવાબ**

(૧),
(૨)
અને
(૩)

૧૯૫૮ કેસો રીઓપન થયાં. ૯૩ કેસોમાં ૮૧૦ આરોપીઓ સામે ચાર્જશીટ મુક્યા. અન્ય કેસોમાં કાર્યવાહી ગતિમાં છે.

---------

## રાજ્યની જેલોમાં કેદીઓની સંખ્યા અંગે

૪૮૨૦ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં રાજ્યની કઈ કઈ જેલોમાં કેટ કેટલા કેદીઓને રાખવામાં આવેલા છે, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

**રાજ્યની જેલોમાં રાખવામાં આવેલ કેદીઓની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | જેલનું નામ | જાન્યુ.-૦૮ | ફેબ્રુ-૦૮ | માર્ચ-૦૮ | એપ્રિલ-૦૮ | મે-૦૮ | જુન-૦૮ | જુલાઈ-૦૮ | ઓગસ્ટ-૦૮ | સપ્ટે.-૦૮ | ઓકટો.-૦૮ | નવે.-૦૮ | ડીસે.-૦૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમ. મધ્યસ્થ જેલ | ૩૮૧૬ | ૩૬૬૯ | ૩૭૧૬ | ૪૩૦૨ | ૪૩૫૭ | ૪૩૫૫ | ૪૪૨૧ | ૪૪૪૭ | ૪૩૮૦ | ૪૩૦૮ | ૪૨૧૯ | ૪૩૪૪ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૨૩૦૦ | ૨૨૪૬ | ૨૨૩૧ | ૨૨૪૮ | ૨૨૫૯ | ૨૨૮૯ | ૨૩૨૦ | ૨૩૩૦ | ૨૩૮૩ | ૨૩૮૯ | ૨૪૨૬ | ૨૪૭૧ |
| ૩ | ભાવનગર જિલ્લા જેલ | ૪૩૬ | ૩૯૫ | ૪૦૦ | ૪૦૯ | ૪૨૫ | ૪૨૭ | ૪૧૦ | ૩૯૭ | ૪૦૦ | ૪૧૮ | ૪૦૧ | ૪૫૨ |
| ૪ | રાજકોટ જિલ્લા જેલ | ૬૬૫ | ૬૮૭ | ૬૬૭ | ૭૧૯ | ૭૨૨ | ૭૯૬ | ૭૮૮ | ૭૬૩ | ૭૪૯ | ૭૩૨ | ૬૩૩ | ૬૪૮ |
| ૫ | જામનગર જિલ્લા જેલ | ૪૩૪ | ૪૦૫ | ૩૯૬ | ૪૪૨ | ૪૪૮ | ૪૨૮ | ૪૩૨ | ૪૩૩ | ૪૧૬ | ૪૧૧ | ૩૮૨ | ૩૮૮ |
| ૬ | સુરત જિલ્લા જેલ | ૯૧૭ | ૮૬૪ | ૮૪૧ | ૮૭૩ | ૯૭૨ | ૯૫૯ | ૯૪૪ | ૯૪૨ | ૯૧૮ | ૯૬૫ | ૯૬૩ | ૯૫૮ |
| ૭ | જુનાગઢ જિલ્લા જેલ | ૫૧૦ | ૪૮૨ | ૪૩૭ | ૫૧૨ | ૫૨૪ | ૫૩૪ | ૫૧૯ | ૪૮૯ | ૫૦૪ | ૫૪૬ | ૫૩૭ | ૫૧૪ |
| ૮ | નડિયાદ જિલ્લા જેલ | ૩૪૯ | ૩૪૮ | ૩૩૯ | ૩૫૭ | ૩૬૨ | ૩૫૨ | ૩૮૩ | ૩૯૦ | ૩૭૦ | ૪૧૦ | ૩૫૫ | ૩૬૪ |
| ૯ | પાલનપુર જિલ્લા જેલ | ૩૨૭ | ૩૦૦ | ૨૯૬ | ૩૧૪ | ૩૭૯ | ૪૦૧ | ૩૭૬ | ૩૯૩ | ૩૭૫ | ૩૮૭ | ૩૭૬ | ૩૭૩ |
| ૧૦ | મહેસાણા જિલ્લા જેલ | ૧૬૬ | ૧૫૮ | ૧૬૪ | ૧૫૭ | ૧૭૧ | ૧૪૦ | ૧૫૫ | ૧૫૭ | ૧૬૯ | ૧૭૮ | ૧૭૫ | ૧૭૬ |
| ૧૧ | પોરબંદર ખાસ જેલ | ૧૭૧ | ૧૪૬ | ૧૫૩ | ૧૨૫ | ૧૨૮ | ૧૨૫ | ૧૪૪ | ૧૫૬ | ૧૪૫ | ૧૪૮ | ૧૧૭ | ૧૪૮ |
| ૧૨ | ભૂજ ખાસ જેલ | ૯૩ | ૧૦૪ | ૧૨૪ | ૧૧૭ | ૧૨૦ | ૧૦૫ | ૧૧૦ | ૧૦૭ | ૧૧૯ | ૧૧૬ | ૯૦ | ૧૧૧ |
| ૧૩ | અમદાવાદ ઓપન જેલ | ૪૮ | ૪૨ | ૪૩ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ | ૪૪ | ૪૩ | ૪૧ | ૪૬ | ૫૨ |
| ૧૪ | અમરેલી ઓપન જેલ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૮ | ૨૦ | ૨૩ | ૨૩ | ૨૩ | ૨૦ | ૧૯ | ૧૯ |
| ૧૫ | નવસારી સબ જેલ | ૨૦૦ | ૧૮૧ | ૧૮૪ | ૧૯૪ | ૨૦૫ | ૧૯૨ | ૧૯૪ | ૨૦૫ | ૧૯૪ | ૨૦૦ | ૧૯૯ | ૨૫૬ |
| ૧૬ | ભરૂચ સબ જેલ | ૨૩૮ | ૨૧૧ | ૨૧૨ | ૨૨૬ | ૨૧૩ | ૨૪૦ | ૨૫૩ | ૨૬૫ | ૩૧૭ | ૩૦૫ | ૨૮૦ | ૨૯૪ |
| ૧૭ | છોટાઉદેપુર સબ જેલ | ૫૭ | ૫૭ | ૫૪ | ૭૦ | ૧૦૪ | ૯૮ | ૧૦૯ | ૧૧૮ | ૧૩૨ | ૧૩૨ | ૧૧૩ | ૧૦૨ |
| ૧૮ | ગોધરા સબ જેલ | ૨૩૫ | ૧૮૩ | ૧૯૩ | ૧૯૧ | ૧૮૯ | ૧૮૪ | ૨૦૬ | ૨૦૯ | ૨૦૮ | ૨૦૫ | ૧૯૫ | ૧૮૩ |
| ૧૯ | રાજપીપળા સબ જેલ | ૪૫ | ૫૦ | ૪૮ | ૫૭ | ૪૯ | ૪૭ | ૫૭ | ૫૦ | ૪૩ | ૫૬ | ૪૭ | ૫૨ |
| ૨૦ | હિંમતનગર સબ જેલ | ૧૫૬ | ૧૫૧ | ૧૬૬ | ૧૯૧ | ૨૧૯ | ૨૨૩ | ૧૯૪ | ૧૮૧ | ૧૮૧ | ૧૫૯ | ૧૪૭ | ૧૫૧ |
| ૨૧ | અમરેલી સબ જેલ | ૧૩૨ | ૧૪૨ | ૧૪૮ | ૧૫૭ | ૧૫૭ | ૧૫૬ | ૧૬૭ | ૧૫૧ | ૧૫૬ | ૧૫૮ | ૧૪૪ | ૧૪૭ |
| ૨૨ | સુરેન્દ્રનગર સબ જેલ | ૧૮૩ | ૧૯૪ | ૨૦૨ | ૨૦૫ | ૨૨૩ | ૨૫૦ | ૨૩૦ | ૨૨૭ | ૧૯૯ | ૨૧૫ | ૧૭૫ | ૨૦૮ |
| ૨૩ | મોરબી સબ જેલ | ૨૪૦ | ૨૩૫ | ૨૩૮ | ૨૩૧ | ૨૪૩ | ૨૪૬ | ૨૭૯ | ૨૭૬ | ૨૭૬ | ૨૬૭ | ૨૭૯ | ૨૫૩ |
| ૨૪ | મોડાસા સબ જેલ | ૬૪ | ૭૫ | ૬૮ | ૬૫ | ૫૦ | ૫૦ | ૬૫ | ૪૭ | ૪૭ | ૪૬ | ૪૫ | ૪૧ |
| ૨૫ | ગોંડલ સબ જેલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦૦ | ૧૧૬ |
| | કુલ | ૧૧૭૯૮ | ૧૧૩૪૧ | ૧૧૩૩૬ | ૧૨૨૧૭ | ૧૨૫૭૫ | ૧૨૬૫૮ | ૧૨૮૨૧ | ૧૨૮૦૦ | ૧૨૭૫૪ | ૧૨૮૧૨ | ૧૨૪૬૩ | ૧૨૮૨૧ |

(૨) તે પૈકી કઈ કઈ જેલોમાં ક્ષમતા કરતા વધારાના કેટલા કેદીઓ રાખવામાં આવેલ છે?

(૨) **પત્રક-૨** મુજબ

રાજ્યની જેલોમાં પ્રવર્તી રહેલ ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા રૂા. ૬૫.૮૮ કરોડના ખર્ચે જુદા જુદા સ્થળોએ ૧૦ નવી જેલોના બાંધકામની કામગીરી હાથ ધરેલ છે, તથા હયાત અને નવી જેલોમાં ૫૯ નવી બેરેકોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત દાહોદ, પાટણ અને ગળપાદર(ગાંધીધામ) ખાતે

૩ નવી જેલોના બાંધકામની કામગીરી પણ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓના તાબા હેઠળની તમામ જિલ્લાની તાલુકા સબ જેલોના નવા બાંધકામ તથા રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ તમામ કામપૂર્ણ થયેથી ઓવરક્રાઉડીંગનો પ્રશ્ન હલ થશે.

**પત્રક-૨**

**રાજ્યની જેલોમાં ક્ષમતા કરતા વધારે રાખવામાં આવેલ કેદીઓની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | જેલનું નામ | જાન્યુ. ૦૮ | ફેબ્રુ- ૦૮ | માર્ચ- ૦૮ | એપ્રિલ-૦૮ | મે- ૦૮ | જુન- ૦૮ | જુલાઈ-૦૮ | ઓગસ્ટ-૦૮ | સપ્ટે.- ૦૮ | ઓકટો.-૦૮ | નવે.- ૦૮ | ડીસે.- ૦૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમ. મધ્યસ્થ જેલ | ૧૯૨૦ | ૧૭૭૩ | ૧૮૨૦ | ૨૪૦૬ | ૨૪૬૧ | ૨૪૫૯ | ૨૫૨૫ | ૨૫૫૧ | ૨૪૮૪ | ૨૪૧૨ | ૨૩૨૩ | ૨૪૪૮ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૧૫૦૫ | ૧૪૫૧ | ૧૪૩૬ | ૧૪૫૩ | ૧૪૬૪ | ૧૪૯૪ | ૧૫૨૫ | ૧૫૩૫ | ૧૫૮૮ | ૧૫૯૪ | ૧૬૩૧ | ૧૬૭૬ |
| ૩ | ભાવનગર જિલ્લા જેલ | ૧૧૬ | ૭૫ | ૮૦ | ૮૯ | ૧૦૫ | ૧૦૭ | ૯૦ | ૭૭ | ૮૦ | ૯૮ | ૮૧ | ૧૩૨ |
| ૪ | રાજકોટ જિલ્લા જેલ | ૪૩૫ | ૪૭૫ | ૪૫૫ | ૫૦૭ | ૫૧૦ | ૫૮૪ | ૫૭૬ | ૫૫૧ | ૫૩૭ | ૫૨૦ | ૪૨૧ | ૪૩૬ |
| ૫ | જામનગર જિલ્લા જેલ | ૧૧૪ | ૮૫ | ૭૬ | ૧૨૨ | ૧૨૮ | ૧૦૮ | ૧૧૨ | ૧૧૩ | ૯૬ | ૯૧ | ૬૨ | ૬૮ |
| ૬ | સુરત જિલ્લા જેલ | ૫૫૨ | ૪૯૯ | ૪૭૬ | ૫૦૮ | ૬૦૭ | ૫૯૪ | ૫૭૯ | ૫૭૭ | ૫૫૩ | ૬૦૦ | ૫૯૮ | ૫૯૩ |
| ૭ | જુનાગઢ જિલ્લા જેલ | ૨૪૫ | ૨૧૭ | ૧૭૨ | ૨૪૭ | ૨૫૯ | ૨૬૯ | ૨૫૪ | ૨૨૪ | ૨૩૯ | ૨૮૧ | ૨૭૨ | ૨૪૯ |
| ૮ | નડિયાદ જિલ્લા જેલ | ૭૪ | ૭૩ | ૬૪ | ૮૨ | ૮૭ | ૭૭ | ૧૦૮ | ૧૧૫ | ૯૫ | ૧૩૫ | ૮૦ | ૮૯ |
| ૯ | પાલનપુર જિલ્લા જેલ | ૫૯ | ૩૨ | ૨૮ | ૪૬ | ૧૧૧ | ૧૩૩ | ૧૦૮ | ૧૨૫ | ૧૦૭ | ૧૧૯ | ૧૦૮ | ૧૦૫ |
| ૧૦ | મહેસાણા જિલ્લા જેલ | ૪૨ | ૩૪ | ૮૦ | ૩૩ | ૪૭ | ૧૬ | ૩૧ | -- | ૬૫ | ૫૪ | ૫૧ | ૫૨ |
| ૧૧ | પોરબંદર ખાસ જેલ | ૫૧ | ૨૬ | ૩૬ | ૫ | ૮ | ૫ | ૨૪ | ૩૬ | ૨૫ | ૨૮ | ૩ | ૨૮ |
| ૧૨ | ભૂજ ખાસ જેલ | ૨૫ | ૩૬ | ૫૬ | ૪૯ | ૫૨ | ૩૭ | ૩૨ | ૩૯ | ૫૧ | ૪૮ | ૨૨ | ૪૩ |
| ૧૩ | અમદાવાદ ઓપન જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૪ | અમરેલી ઓપન જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૫ | નવસારી સબ જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૬ | ભરૂચ સબ જેલ | -- | -- | ૭ | ૨૧ | ૮ | ૩૫ | ૪૮ | ૬૦ | ૧૧૨ | ૧૦૦ | ૭૫ | ૮૯ |
| ૧૭ | છોટાઉદેપુર સબ જેલ | -- | -- | ૩ | -- | -- | -- | -- | ૧૧ | ૨૫ | ૨૫ | -- | -- |
| ૧૮ | ગોધરા સબ જેલ | ૭૦ | ૪૨ | ૫૨ | ૫૦ | ૪૮ | ૪૩ | ૬૫ | ૬૮ | ૭૬ | ૬૪ | ૫૪ | ૪૨ |
| ૧૯ | રાજપીપળા સબ જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨૦ | હિંમતનગર સબ જેલ | ૩૩ | ૨૮ | ૪૩ | ૬૮ | ૯૬ | ૧૦૦ | ૭૧ | ૫૮ | ૫૮ | ૩૬ | ૨૪ | ૨૮ |
| ૨૧ | અમરેલી સબ જેલ | ૪૨ | ૫૨ | ૫૮ | ૬૭ | ૬૭ | ૬૬ | ૭૭ | ૬૧ | ૬૬ | ૬૮ | ૫૪ | ૫૭ |
| ૨૨ | સુરેન્દ્રનગર સબ જેલ | ૫૮ | ૬૯ | ૭૭ | ૮૦ | ૯૮ | ૧૨૫ | ૧૦૫ | ૧૦૨ | ૭૪ | ૧૫૮ | ૫૦ | ૮૩ |
| ૨૩ | મોરબી સબ જેલ | ૬૪ | ૫૯ | ૬૨ | ૫૫ | ૬૭ | ૭૦ | ૧૦૩ | ૧૦૦ | ૧૦૦ | ૯૧ | ૧૦૩ | ૭૭ |
| ૨૪ | મોડાસા સબ જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨૫ | ગોંડલ સબ જેલ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| | કુલ | ૫૪૦૫ | ૫૧૦૬ | ૫૦૮૧ | ૫૮૮૮ | ૬૨૨૩ | ૨૩૨૨ | ૬૪૯૮ | ૬૪૦૩ | ૬૪૩૧ | ૬૫૨૨ | ૬૦૧૨ | ૬૨૯૫ |

---------

**બાઈસેગ સંસ્થા દ્વારા એજ્યુકેશન સેટેલાઈટનો ઉપયોગ અને પ્રવૃત્તિઓ**

૬૬૧૪ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા** (ધારી) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાઈસેગ સંસ્થા એજ્યુકેશનલ સેટેલાઈટનો ઉપયોગ કઈ કઈ પ્રવૃત્તિઓ માટે અને કોના માટે કરે છે, અને

(૨) તેના ઉપયોગનો વ્યાપ વધારવા શું આયોજન છે?

**જવાબ**

(૧) બાયસેગ સંસ્થા એજ્યુસેટ સેટેલાઈટનો ઉપયોગ રાજ્યના જુદા જુદા વિભાગો દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમો તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતા દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણ માટે કરવામાં આવે છે.

(૨) એજ્યુકેશન સેટેલાઈટ કોમ્યુનીકેશનની સગવડનો ઉપયોગ વધારવા માટે બાયસેગ સંસ્થા દ્વારા

૧) સને ૨000ના વર્ષમાં એક્સ્ટેન્ડેડ સી બેન્ડની એક ચેનલ શરૂ કરવામાં આવેલ ત્યારબાદ,
૨) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેયુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ તથા સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં બીજી વધારાની કેયુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ છે.
૩) રાજ્ય સરકારના શૈક્ષણિક વિભાગો-સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ વધુમાં વધુ શૈક્ષણિક કાર્યક્રમો

યોજવા માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

૪) આવા પ્રસારણની સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

૫) પ્રસારણના રીસીવીંગ કેન્દ્રોની સંખ્યા વધારવા માટે જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવે છે.

---------

**રાજકોટ આર.ટી.ઓ. કચેરીની આવક**

૬૭૨૪ **શ્રી મોહંમદજાવેદ પીરજાદા (વાંકાનેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ આર.ટી.ઓ. કચેરીની સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વર્ષ આવક (રૂા. લાખમાં)<br>૨૦૦૬-૦૭ ૭૨૬૭.૨૬<br>૨૦૦૭-૦૮ ૭૯૦૬.૭૯ |
| (૨) જો આવકનો ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |

---------

**ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનોને સનદી સેવાની તાલીમ**

૬૮૨૧ **શ્રીમતી જશુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાઓની તાલીમ માટે સ્પીપા ખાતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દર વર્ષે કેટલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે, | (૨) ૬૦ |
| (૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે કેવા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને | (૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે વિષય નિષ્ણાતો દ્વારા પ્રિલિમ, મેઈન્સ અને ઈન્ટરવ્યુની વિના મુલ્યે તાલીમ અને લાયબ્રેરી તેમજ રીડીંગ રૂમની સવલત આપવામાં આવે છે. |
| (૪) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઉમેદવારો સનદી સેવાની પરીક્ષામાં ઉર્ત્તીણ થયા? | (૪) |

| | |
|---|---|
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| ૨૦૦૭ | ૪ |
| કુલ :- | ૧૩ |

વર્ષ ૨૦૦૮માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

**ગુજરાતમાં નેનો ગાડીનો ઉદ્યોગ**

૫૨૪૬ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં તાજેતરમાં ટાટા કંપની દ્વારા નેનો કાર પ્રોજેક્ટ લાવ્યા પછી રાજ્ય સરકારે આ કંપનીને ક્યા ક્યા પ્રકારની સવલતો આપેલ છે? | રાજ્ય સરકારે તા. ૭-૧૧-૨૦૦૮ અને તા. ૧-૧-૨૦૦૯ના ઠરાવથી ટાટા કંપનીને સવલતો આપવા નક્કી કરેલ છે. સરકારે આ કંપનીને રૂ. ૪૦૦,૬૫,૩૦,૦૦૦/-માં જમીન ફાળવેલ છે. આ જમીનની કિંમત કબજો લીધા તારીખથી બે વર્ષ બાદ ૮ વર્ષમાં ૮ ટકાના ચક્રવૃધ્ધિ વ્યાજસહ વસુલ લેવાનો |

નિર્ણય થયેલ છે.

---------

**રાજ્યમાં ઊભી કરેલ ફાસ્ટ ટ્રેક કોર્ટો**

૫૯૩૭ **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરકાર દ્વારા રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઊભી કરવામાં આવી? | દશ. |

---------

**દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક**

૬૪૧૨ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ ખાતા માટે કુલ કેટલા રહેણાંક્ના કામ હાથ ઉપર લેવામાં આવેલ છે, અને<br>(૨) આ કામ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૧)<br>અને<br>(૨) દાહોદ જિલ્લામાં પોલીસ ખાતાના મહેકમની સામે ઉપલબ્ધ આવાસોની સંખ્યા સંતોષકારક હોઈ છેલ્લા એક વર્ષમાં રહેણાંક્ના મકાનોના કોઈ કામ હાથ પર લેવામાં આવેલ નથી. |

---------

**ગાંધીનગરમાં નેશનલ લો. યુનિવર્સિટીના બિલ્ડીંગ માટે જમીન**

૬૬૧૧ **શ્રી ભરતભાઈ બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગરમાં નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઈ અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે ક્યા સ્થાને જમીનની ફાળવણી કરવામાં આવી છે, અને | (૧) ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના તારીખ ૧૭ જુલાઈ, ૨૦૦૪ના રોજ કરવામાં આવેલ છે. અને તેના અધતન બિલ્ડીંગ માટે સર્વે નં. ૨૪૨, મુ. કોબા, તા. જી. ગાંધીનગર ખાતે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ યુનિવર્સિટીના નવા મકાનનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

--------

**રાજ્યની જેલો અને કોર્ટો વચ્ચે વિડીયો કોન્ફરન્સીંગની સુવિધા**

૫૯૪૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જેલો અને કોર્ટો વચ્ચે તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, | (૧) વર્ષ-૨૦૦૭માં ૫૨૭૫ તથા<br>વર્ષ-૨૦૦૮માં ૫૧૩૭ કેદીઓને વિડીયો કોન્ફરન્સીંગ ધ્વારા કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા છે. |
| (૨) આ સુવિધાના કારણે કોઈ લાભ થયેલ છે કે કેમ, અને | (૨)<br>અને |

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

(૩) હા, જી.
વિડીયો કોન્ફરન્સીંગની સુવિધાના કારણે કાચા કામના કેદીઓને રીમાન્ડ એક્ષ્ટેન્શન અર્થે ભોતિક રીતે કોર્ટમાં રજૂ કરવાના રહેતા ન હોઈ, પોલીસ એસ્કોર્ટ અને વાહનોના ખર્ચમાં બચત થાય છે. પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાની અને અનધિકૃત સવલતો ભોગવવાની બાબત નિયંત્રિત બને છે. કેદીઓના માનવીય ગોરવની વધુ સારી જાળવણી શક્ય બને છે.

------------

## ટાટા મોટર્સ લિ. ને નેનો કારના ઉત્પાદન માટેના પ્રોત્સાહનો

૫૦૮૦ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ટાટા મોટર્સ લીમીટેડને નેનો કારના ઉત્પાદન માટે કેટલા રૂપિયાની લોન ક્યા દરે કેટલા વર્ષ માટે આપવામાં આવશે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધી ટાટા કંપનીને જમીન અને તે લગતી રાહત સિવાય કોઈ રાહત આપવામાં આવેલ નથી. |
| (૨) રાજ્ય સરકારે ટાટા મોટર્સને ક્યા ક્યા મહત્વના પ્રોત્સાહનો આપવાનું ઠરાવેલ છે, અને | (૨) રાજ્ય સરકારે તા. ૭-૧૧-૨૦૦૮ અને તા. ૧-૧-૨૦૦૯ ના ઠરાવથી ટાટા મોટર્સને પ્રોત્સાહન આપવા નક્કી કરેલ છે. સરકારે આ કંપનીને બજાર ભાવે રૂા. ૪૦૦,૬૫,૩૦,૦૦૦/- માં જમીન ફાળવેલ છે. આ જમીનની કિંમત કબજો લીધાના તારીખથી બે વર્ષ બાદ ૮ વર્ષમાં ૮ ટકા ના ચક્રવૃધ્ધિ વ્યાજ સહ વસુલ લેવાનો નિર્ણય થયેલ છે. |
| (૩) આ પ્રકારના પ્રોત્સાહનો ડાયમન્ડ ટેક્સટાઈલ્સ કે બીજા નાના ઉદ્યોગોને આપવા માંગે છે કે કેમ? | (૩) જેમ અને જવેલરી અને ટેક્સટાઈલ માટે જુદી યોજના વિચારાધિન છે. |

------------

## ગાંધીનગરમાં નેશનલ લો. યુનિવર્સિટીના બિલ્ડીંગ માટે જમીન

૬૬૧૦ **પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઈ અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે ક્યા સ્થાને જમીનની ફાળવણી કરવામાં આવી, અને | (૧) ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના તારીખ ૧૭ જુલાઈ, ૨૦૦૪ના રોજ કરવામાં આવેલ છે. અને તેના અદ્યતન બિલ્ડીંગ માટે સર્વે નં. ૨૪૨, મુ. કોબા, તા.જી. ગાંધીનગર ખાતે જમીનની ફાળવમી કરવામાં આવેલ છે. |
| (૨) આ યુનિવર્સિટીના નવા મકાનનું બાંધકામ ક્યારે શરુ કરવામાં આવશે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

## આણંદ જિલ્લાની આર.ટી.ઓ. ક્ચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૬૭૦૪ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આર.ટી.ઓ. ક્ચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ જ્ગ્યા |
|---|---|---|
| ૧. | સહા.પ્રાદેશિક વા.વ્ય.અધિ. | ૦૧ |
| ૨. | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૩. | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૪. | સહા.મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૫. | હેડક્લાર્ક | ૦૨ |
| ૬. | સીનીયર ક્લાર્ક | ૦૫ |
| ૭. | જુનીયર ક્લાર્ક | ૨૦ |
| ૮. | ટાઈપીસ્ટ | ૦૧ |
| ૯. | સબ ઓડીટર | ૦૧ |
| ૧૦. | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૧. | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૨. | નાયક | ૦૧ |
| ૧૩. | પટાવાળા | ૦૩ |
| ૧૪. | ડ્રાઈવર | ૦૧ |
| | કુલ : | ૪૧ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| અ. નં. | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યા | ખાલી જ્ગ્યા પડયા તારીખ |
|---|---|---|---|
| ૧ | સહા.પ્રાદેશિક વા.વ્ય.અધિ. | ૦૧ | ૩૧-૮-૦૮ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ | ૨-૫-૦૩ |
| ૩ | સબ ઓડીટર | ૦૧ | ૧-૨-૦૮ |
| ૪ | આંકડા મદદનીશ | ૦૧ | ૧-૮-૦૮ |
| | કુલ : | ૦૪ | |

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) બને એટલી જલ્દી.

------------

## ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી

૬૭૦૨ **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧/૧૨/૦૮ની સ્થિતિએ કેટલી વીજળી ક્યા ક્યા દરે કઈ કઈ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદી,

(૧) પત્રક-અ મુજબ.

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન રાજ્ય સરકાર કે સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનો દ્વારા કેટ કેટલું વીજ ઉત્પાદન થયુ, અને

(૨) પત્રક-બ મુજબ.

(૩) આવા ઉત્પાદન પાછળ યુનીટ દીઠ કેટ-કેટલો

(૩) પત્રક-ક મુજબ.

ખર્ચ આવેલ છે?

## પ ત્ર ક - અ

## તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગતો

| કંપનીનું નામ | ૨૦૦૬ | | ૨૦૦૭ | | ૨૦૦૮ | |
|---|---|---|---|---|---|---|
| | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ | મીલીયન યુનીટ | દર રૂા. પ્રતિ યુનીટ |
| લાંબાગાળાની વીજ ખરીદી (આ કરારો વર્ષ ૧૯૯૪ તથા ૧૯૯૬માં ૨૦ વર્ષના સમયગાળા માટે કરેલ છે.) | | | | | | |
| એસ્સાર | ૧૭.૭૯ | ૨.૭૨ | ૧૯૮૯ | ૨.૬૩ | ૧૮૦૮ | ૩.૪૭ |
| જીપેક | ૪૨૫૦ | ૨.૮૭ | ૪૦૫૩ | ૩.૮૭ | ૪૦૨૯ | ૫.૮૨ |
| **ટુંકાગાળાની વીજ ખરીદી** | | | | | | |
| **(અ) નીજી વીજ ઉત્પાદકો** | | | | | | |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. | ૧૬૧ | ૨.૨૫ | ૨૧૩ | ૨.૮૬ | ૧૬૮ | ૨.૮૦ |
| યુનાઈટેડ ફોસ્ફરસ લી. | - | - | ૭ | ૩.૪૭ | - | - |
| ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૯૯ | ૧.૮૯ | ૧૩ | ૨.૧૪ | ૫ | ૨.૧૪ |
| ઓએનજીસી, અંકલેશ્વર | ૪૩ | ૧.૯૦ | ૪૩ | ૧.૯૦ | ૩૧ | ૧.૯૦ |
| ઓએનજીસી, હજીરા | ૨૮ | ૧.૯૦ | ૪ | ૧.૯૦ | ૧૬ | ૧.૯૦ |
| અદાની એક્સપોર્ટ (ફીલીપ્સ કાર્બન બ્લેક લી.) | ૫૨ | ૧.૯૭ | ૫૮ | ૨.૪૪ | ૬૩ | ૨.૮૦ |
| અરવિંદ મીલ્સ | ૪ | ૧.૯૭ | ૩ | ૪.૮૬ | - | - |
| જીએનએફસી, ભરૂચ | ૪ | ૨.૫૦ | - | - | - | - |
| આઈપીસીએલ, વડોદરા | - | - | ૧૭ | ૪.૦૦ | ૧૩ | ૪.૦૦ |
| હીન્ડાલ્કો | - | - | ૨૩ | ૩.૭૦ | ૫૮ | ૫.૧૯ |
| ગેલન્ટ મેટલ લી., | - | - | ૧૬ | ૨.૫૦ | ૧૮ | ૨.૬૨ |
| ઝઘડીયા કોપર લી. | - | - | ૫ | ૨.૨૨ | ૧૦ | ૫.૬૫ |
| વેલ્સ્પન ગુજ. સથલ રોહરેન લી. | - | - | ૨૨ | ૨.૬૧ | ૮૧ | ૩.૪૯ |
| ભન્ડેર પાવર | - | - | - | - | ૫૮ | ૪.૮૪ |
| **(બ) વીજ વેચાણકારો** | | | | | | |
| ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૨૦ | ૫.૧૫ | ૬૫ | ૫.૭૦ | ૨૯ | ૯.૨૮ |
| પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | - | - | ૧૬ | ૫.૯૫ | - | - |
| રિલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૯૩ | ૩.૮૦ | ૧ | ૪.૯૧ | ૧૯૪ | ૭.૩૭ |
| એમ.પી.પાવર ટ્રેડીંગ કંપની લી. | - | - | ૬૮ | ૬.૧૮ | - | - |
| લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૪૧ | ૪.૨૯ | ૧૧ | ૩.૨૫ | ૫ | ૪.૨૯ |
| અદાની એન્ટરપ્રાઈઝ લી. | ૫૧૫ | ૫.૩૫ | ૩૧૮ | ૫.૮૨ | ૫.૭૫ | ૬.૪૮ |
| એનટીસીપી વિદ્યુત વ્યાપાર નિગમ લી. | ૩ | ૪.૬૯ | ૧ | ૪.૪૦ | ૮૬ | ૬.૫૪ |
| કરમચંદ થાપર એન્ડ બ્રોસ | ૪ | ૫.૦૬ | ૫ | ૫.૮૫ | - | - |
| જેએસડબલ્યુ પીટીસી લી. | - | - | ૧૫ | ૫.૨૮ | ૧ | ૭.૧૩ |
| કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | - | - | - | - | ૫ | ૮.૪૧ |
| સુભાષ કબીની | ૩૭ | ૩.૮૪ | - | - | - | - |

## પ ત્ર ક - બ

## તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનો દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો (મીલીયન યુનીટમાં)

| પાવર સ્ટેશન | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ |
|---|---|---|---|
| **(અ) થર્મલ** | | | |
| ઉકાઈ | ૫૧૬૪.૦૬૫ | ૪૮૮૭.૦૯૯ | ૪૮૪૧.૬૧૯ |
| ગાંધીનગર | ૪૬૮૨.૪૪૨ | ૫૬૫૦.૮૦૩ | ૫૮૪૫.૦૨૨ |
| વણાકબોરી | ૧૧૦૫૩.૭૩૩ | ૧૦૮૮૮.૬૫૯ | ૧૧૦૮૬.૧૯૩ |
| સિક્કા | ૧૫૮૧.૧૯૪ | ૧૫૧૫.૬૯ | ૧૪૫૮.૬૮૭ |
| કચ્છ | ૧૧૧૫.૦૬૬ | ૧૪૭૯.૩૩૧ | ૧૩૩૦.૯૦૯ |
| ધુવારણ (ઓઈલ) | ૧૩૬૫.૫૮૯ | ૧૩૦૦.૮૩૨ | ૧૩૯૧.૫૩૭ |
| ધુવારણ (ગેસ-૧) | ૪૫૭.૧૩૯ | ૫૨૧.૩૦૯ | ૬૧૮.૦૫૮ |
| ધુવારણ (ગેસ-૨) | ૦ | ૧૩૫.૫૭૨ | ૬૧૯.૩૧૮ |
| ઉત્રાણ | ૧૦૫૭.૭૪ | ૯૯૫.૪૯૯ | ૯૦૨.૧૮૩ |
| **કુલ (અ)** | ૨૬૪૭૬.૯૬૮ | ૨૭૩૭૪.૭૯૪ | ૨૮૧૬૫.૫૨૬ |
| **(બ) હાઈડ્રો** | | | |
| ઉકાઈ હાઈડ્રો | ૯૨૧.૧૮૯ | ૯૨૯.૪૩૪ | ૪૭૯.૫૭૮ |
| કડાણા હાઈડ્રો | ૩૨૮.૪૦૫ | ૩૦૦.૫૦૯ | ૧૫૫.૭૯૧ |
| **કુલ (બ)** | **૧૨૪૯.૫૯૪** | **૧૨૨૯.૯૪૩** | **૬૩૫.૩૬૯** |
| **(ક) પવન ઊર્જા** | ૦ | ૦ | **૧૨.૯૧** |
| **કુલ (ક)** | **૦** | **૦** | **૧૨.૯૧** |
| **કુલ= (અ) + (બ) + (ક)** | **૨૭૭૨૬.૫૬૨** | **૨૮૬૦૪.૭૩૭** | **૨૮૮૧૩.૮૧૦** |

એચબી-૮૨૬-૧૯

**પ ત્ર ક - ક**

**તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના અંકુશ હેઠળના પાવર સ્ટેશનોના વીજ ઉત્પાદન માટે થયેલ યુનીટ દીઠ ખર્ચની વિગતો (રૂપિયામાં)**

| પાવર સ્ટેશન | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ |
|---|---|---|---|
| ઉકાઈ | ૧.૬૩ | ૧.૬૭ | ૧.૯૬ |
| ગાંધીનગર | ૨.૦૪ | ૨.૧૨ | ૨.૩૫ |
| વણાકબોરી | ૧.૭૫ | ૧.૮૪ | ૧.૯૯ |
| સિક્કા | ૨.૩૮ | ૨.૪૧ | ૩.૪૪ |
| કચ્છ લિગાઈટ | ૧.૯૨ | ૧.૯૫ | ૨.૦૪ |
| ધુવારણ (ઓઈલ) | ૩.૫૩ | ૩.૮૦ | ૪.૬૨ |
| ધુવારણ (ગેસ-૧) | ૨.૭૬ | ૩.૦૧ | ૪.૨૭ |
| ધુવારણ (ગેસ-૨) | ૦.૦૦ | ૩.૭૬ | ૪.૭૦ |
| ઉત્રાણ | ૨.૪૦ | ૨.૭૮ | ૩.૫૧ |
| ઉકાઈ હાઈડ્રો | ૦.૧૮ | ૦.૨૧ | ૦.૪૨ |
| કડાણા હાઈડ્રો | ૦.૯૬ | ૧.૫૦ | ૩.૦૪ |
| **કુલ (સરેરાશ)** | **૧.૯૩** | **૨.૦૧** | **૨.૫૦** |

------------

**વડોદરા જિલ્લાના પોલીસ કર્મચારીઓના રહેણાંકના મકાનો**

૬૬૭૦ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા મકાનો છે, અને

(૨) જો ખૂટતા હોય તો તે બનાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના ૧૬૫૬ મકાનો છે.

(૨) હાલ ૨૬ આવાસોનું બાંધકામ પ્રગિત હેઠળ છે. જ્યારે ૦૩ આવાસોનું બાંધકામ ટુંક સમયમાં શરૂ થનાર છે.

------------

**પંચમહાલ જિલ્લાના તાલુકાઓમાં જ્યુડિશિયલ કોર્ટો શરૂ કરવા બાબત**

૫૦૬૭ **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કેટલા તાલુકાઓમાં જ્યુડિશિયલ કોર્ટ સ્થાપવાનો નિર્ણય કરેલ છે,

(૨) તે પૈકી કેટલા તાલુકાઓમાં કોર્ટ શરૂ કરેલ નથી, અને

(૩) સરકારશ્રી આ કોર્ટ ક્યારથી શરૂ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા, ઘોઘંબા, જાંબુઘોડા, ખાનપુર-બાકોર અને મોરવા (હડફ) તાલુકાઓમાં જ્યુડિશિયલ કોર્ટ સ્થાપવાનો નિર્ણય કરેલ છે.

(૨) તે પૈકી જાંબુઘોડા, ખાનપુર-બાકોર અને મોરવા (હડફ) તાલુકાઓમાં કોર્ટ શરૂ કરેલ નથી.

(૩) અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થયેથી.

------------

**રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાની તાલીમ**

૬૭૬૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ)

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા યુવાનોને સનદી સેવાઓની તાલીમ માટે સ્પીપા ખાતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો દર વર્ષે કેટલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે,

(૨) ૬૦

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે કેવા પ્રકારની સવલતો આપવામાં આવે છે, અને

(૩) તાલીમાર્થીઓને સક્ષમ બનાવવા માટે વિષય નિષ્ણાતો દ્વારા પ્રિલિમ, મેઈન્સ અને ઈન્ટરવ્યુની વિના મુલ્યે તાલીમ અને લાયબ્રેરી તેમજ રીડીંગ રૂમની સવલત આપવામાં આવે છે.

(૪) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઉમેદવારો સનદી સેવાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા?

(૪)

| | |
|---|---|
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| ૨૦૦૭ | ૪ |
| કુલ : | ૧૩ |

વર્ષ ૨૦૦૮માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

------------

**આંતરસુબાથી ખડાલ વચ્ચે નર્મદા મુખ્ય નહેર પર પુલ બાંધવા અંગે**

૬૩૮૮ **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : તા. ૨૫-૯-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૩૧૪ (અગ્રતા-૪૭)ના અનુસંધાને માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરને ક્રોસ કરતા આંતરસુબાથી ખડાલ રસ્તા વચ્ચે કોઈ બ્રિજ બનાવવામાં આવેલ નથી તે વાત સાચી, અને

(૧) ના, જી.

(૨) જો ના, તો ઉક્ત બ્રિજના બન્ને છેડે આવેલા મેટલના એપ્રોચ રોડને ડામરનો કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

(૨) મેટલના એપ્રોચ રોડને ડામરનો કરવા માટેની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**નર્મદા આર.ટી.ઓ. ચેક પોસ્ટની ટેક્ષની આવક**

૬૦૫૭ **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

મોજે સાગબારા જિ. નર્મદામાં આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટ દ્વારા સને ૨૦૦૭ તથા ૨૦૦૮ના વર્ષમાં સરકારે ટેક્ષની આવક કેટલી મેળવેલ છે?

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭ | ૬૭.૮૪ |
| ૨૦૦૮ | ૬૯.૯૭ |

------------

**રાધનપુર, સાંતલપુર અને વાવ તાલુકામાંથી પસાર થતી કચ્છ બ્રાન્ચ કેનાલનું કામ**

૫૪૨૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાધનપુર, સાંતલપુર અને વાવ તાલુકાઓમાંથી પસાર થતી નર્મદા યોજનાની કચ્છ બ્રાન્ચ કેનાલનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું,

(૧) સાંતલપુર અને વાવ તાલુકાઓમાંથી પસાર થતી નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલનું કામ માર્ચ-૨૦૦૫ માં શરુ કરવામાં આવ્યું, રાધનપુર તાલુકામાંથી કચ્છ બ્રાંચ કેનાલ પસાર થતી નથી.

(૨) તે કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું, અને

(૨) તે કામ જૂન-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તેની શું પ્રગતિ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ સાંતલપુર તાલુકામાં ૯.૯૩ કી.મી. તેમજ વાવ તાલુકામાં ૪.૪૫ કી.મી. માં કચ્છ બ્રાંચ કેનાલનું કામ પૂર્ણ થયેલ છે.

-------------

## આણંદ જિલ્લામાં પોલિસ કર્મચારીઓનું મહેકમ

૪૯૪૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસ કર્મચારીઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧)
અને
(૨)

| | મંજૂર | ખાલી | ક્યારથી ખાલી છે | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૬ માસ સુધીની | ૬ થી ૧૨ માસ સુધીની | ૧૨ માસથી બે વર્ષ સુધીની | બે વર્ષ ઉપરની |
| પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૧ | ૧ | - | - | - | ૧ |
| પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૪૫ | ૧૪ | ૨ | ૧ | ૨ | ૯ |
| આસી. સબ ઈન્સ્પેક્ટર | ૧૭૮ | ૩ | ૩ | - | - | - |
| હેડ કોન્સ્ટેબલ | ૨૭૦ | ૬ | ૨ | - | - | ૪ |
| પોલીસ | ૯૪૫ | ૨૪૮ | ૫૫ | ૨૬ | ૩૬ | ૧૩૧ |

--------------

## રાજ્યમાં બસ, ટ્રક અને અન્ય વાહનો પરથી એરહોર્ન દૂર કરવા અંગે

૬૧૧૫ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ટ્રક, બસ અને અન્ય વાહનો ધ્વારા એરહોર્ન બિન કાયદેસર ફીટ કરી વગાડવામાં આવે છે તે વિભાગના ધ્યાનમાં છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યમાં એક સાથે ઝુંબેશ કરી સરકાર આ બિન કાયદેસર એરહોર્ન કેટલા સમયમાં દુર કરાવવા માંગે છે ?

**જવાબ**

(૧) નિયમોમાં મલ્ટીટોન હોર્ન વગાડવા સામે મનાઈ છે.

(૨) આવા કિસ્સામાં કાર્યવાહી કરવામાં આવે છે.

--------------

## "દિપોત્સવી" અંકો છપાવવા બાબત

૪૮૯૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્ય સરકારે ""ગુજરાત"" સામયિકના દિપોત્સવી અંકો ક્યા પ્રેસમાં કેટલા છપાવ્યા,

(૨) આ અંકોના વેચાણથી કેટલી રકમ તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં મળી, અને

(૩) આ અંકોમાં જાહેરાત છપાવવા બદલ કેટલી રકમ સરકારને મળી ?

**જવાબ**

(૧) સરકારી ફોટોલીથો પ્રેસ, અમદાવાદ ખાતે ૨૦,૦૦૦ નકલો.

(૨) રૂા.૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ)

(૩) રૂા.૪૮.૦૦ લાખ (રૂપિયા અડતાલીસ લાખ)

--------------

## જામનગર જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં વીજ કનેક્શનો

૬૭૧૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** (જોડીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૩-૨૦૦૮ થી તા. ૩૧-૧-૨૦૦૯ સુધીમાં જામનગર જિલ્લામાં ઝુંપડપટ્ટીમાં વીજ કનેક્શનોના કાર્યક્રમ અન્વયે કેટલી અરજીઓ આવી, | (૧) ૨૩૪૬ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલાને વીજ કનેક્શનો આપવામાં આવ્યા, અને | (૨) ૧૯૬૫ વીજ કનેક્શનો. |
| (૩) બાકીનાને કેટલા સમયમાં વીજ કનેક્શનો આપવામાં આવશે ? | (૩) ૩૮૧ વીજ કનેક્શનો સંબંધમાં જરૂરી પૂર્તતા થયેથી વીજ કનેક્શન આપવામાં આવશે. |

--------------

## નર્મદા યોજનાની બોટાદ શાખાના કામ

(૧) તા. ૩૦-૬-૦૮ની સ્થિતિએ રાજ્યમાં ત્રણ વર્ષ દરમ્યાન લિગ્નાઈટ આધારીત વીજમથકો દ્વારા ૩૦૦૦ મેગાવોટ વીજળી મેળવવા અંગેની જાહેરાત કોણે અને ક્યારે કરી હતી,

(૨) તે પૈકી આ કામગીરી માટે છેલ્લા ત્રણ વર્ષમાં બજેટમાં કેટ-કેટલી રકમની જોગવાઈ કરી હતી,

(૩) તે પૈકી આ કામગીરી ક્યાં સુધી પૂર્ણ થયેલ છે અને તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલો ખર્ચ કરવો બાકી છે, અને

(૪) તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી અને આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૭-૨-૦૯) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ-૨૦૦૫ દરમ્યાન નીચેના લિગ્નાઈટ આધારીત વીજમથકો માટે સમજુતી કરાર કરવામાં આવ્યા હતા :

- ૨૦૦૦ મે. વો. લિગ્નાઈટ આધારીત વીજમથક દક્ષિણ ગુજરાત ખાતે રાજ્ય ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. દ્વારા.
- ૫૦૦ મે.વો. લિ.-કચ્છ જીલ્લામાં ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા
- ૫૦૦ મે. વો. લિગ્નાઈટ આધારીત વીજમથક ભાવનગર જીલ્લામાં ગુજરાત પાવર કોર્પોરેશન લિ. દ્વારા

(૨), (૩) અને (૪) : આ યોજનાઓમાં થયેલ બજેટ જોગવાઈ અને ખર્ચનો અહેવાલ કામ પૂર્ણ થવાની મુદત વગેરે **પત્રક-અ** મુજબ છે.

**પત્રક-અ**

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | પ્રગતિ અહેવાલ | બજેટ જોગવાઈ | ખર્ચની વિગત | બાકી ખર્ચની વિગતો | રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ | પ્રોજેક્ટ પૂર્ણ થવાની મુદત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૦૦૦ મે.વો. લિગ્નાઈટ આધારીત વીજ મથક (આ પ્રોજેક્ટ માટે MOU ૨૦૦૦ મે.વો.ની ક્ષમતા માટે કરવામાં આવેલ પરંતુ બાદમાં નેવેલી લિગ્નાઈટ કોર્પો.ના સંયુક્ત સાહસમાં પ્રોજેક્ટ કરવાનો નિર્ણય લેતી વખતે પ્રોજેક્ટની કુલ ક્ષમતા ૧૫૦૦ મે.વો.ની રાખવાનો નિર્ણય લેવાયેલ) | સરકારશ્રીએ આ વીજમથકમાંથી ૯૦ ટકા વીજળી ગુજરાતને આપવાનું એનએલસીને સૂચવ્યું હતું, પરંતુ ૯૦ ટકા વીજળી મળે તેવી શક્યતા સરકારશ્રીને ન જણાતાં તા. ૧૦-૮-૨૦૦૭ના સરકારશ્રીના પત્રથી ૧૫૦૦ મે.વો. વીજમથક સ્થાપીત કરવા માટે નીટે મુજબના નિર્ણય કરવામાં આવેલ છે.<br>૧. ૧૦૦૦ મે.વો. વીજમથક માટે ડેવલોપર કોમ્પીટીટીવ બીડીંગ દ્વારા પસંદગી કરવામાં આવશે.<br>૨. બાકીના ૫૦૦ મે.વો. વીજમથક માટે જરૂરી લિગ્નાઈટ જીઆઈપીસીએલ માટે આરક્ષિત કરવામાં આવશે.<br>૩. એનએલસી તથા સરકારશ્રીના એમઓયુને રદ કરવા માટે સરકારશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. | રૂા. ૧૫૦,૦૦/- કરોડ સને ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં (જે પૈકી કોઈ રકમ રીલીઝ કરવામાં આવેલ નથી.) | -- | આશરે રૂા. ૫૯૯૯.૪૦ કરોડ | -- | ફાયનાન્સીયલ ક્લોઝર થયા બાદ આશરે ૪૮ મહિનામાં પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |
| ૨ | ૫૦૦ મે.વો. લિગ્નાઈટ આધારીત વીજ મથક કચ્છ જીલ્લામાં | આ યોજના માટે જરૂરી એવા લિગ્નાઈટ ખનનની લીઝ માટે નારાયણ સરોવર આરક્ષિત વિસ્તારના બફર ઝોનમાં આવતી હોવાથી આ વીજ યોજનાની કાર્યવાહી સ્થગિત કરેલ છે. | -- | શૂન્ય માહિતી | શૂન્ય માહિતી | -- | હાલમાં આ યોજના સ્થગિત છે. |
| ૩ | ૫૦૦ મે.વો. લિગ્નાઈટ આધારીત વીજ મથક ભાવનગર ખાતે | આ યોજનાનું અમલીકરણ ગુજરાત સરકારના વિવિધ સાહસો જેવા કે, જીપીસીએલ, જીઆઈપીસીએલ, જીએમડીસી, જી એસ આઈએલ, જી એન એફ સી, જી એસએફસી, અને જીસીએલના જોડાણથી બનેલ ભાવનગર એનર્જી કંપની લી. દ્વારા થઈ રહેલ છે. ગુજરાત પાવર કોર્પોરેશન લિ. દ્વારા સંપાદીત થયેલ જમીન ભાવનગર એનર્જી કંપની લિ. ને તબદીલ કરવામાં આવી છે. મુખ્ય પ્લાન્ટ અને મશીનરીની ભાવ દરખાસ્તો મંગાવી, તેના પર ચર્ચા વિચારણા ચાલી રહી છે. સ્થળ પરના અભ્યાસો મોટા ભાગે પૂર્ણ થવામાં છે. | સને ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં રૂા. ૫૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ, તે પૈકી રૂા. ૪૩.૪૦ લાખ ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ લી. મારફતે શેરમૂડી ફાળા તરીકે રીલીઝ કરવામાં આવેલ છે. | આશરે રૂા. ૧૫ કરોડ | આશરે રૂા. ૧૯૮૫ કરોડ | -- | ફાયનાન્સીયલ ક્લોઝર થયા બાદ આશરે ૩૯ મહિનામાં કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

**ગાંધીનગરને સોલરસીટી બનાવવાનો પ્રોજેક્ટ**

અતારાંક્તિ : ૧૦૫૯ (૨૮-૧૧-૦૮) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ પાટનગર ગાંધીનગરને સોલરસીટી બનાવવાના પ્રોજેક્ટની જાહેરાત કોણે અને ક્યારે કરી હતી,

(૨) આ માટે કેટલી રકમ ફાળવવામાં આવી અને આ કામગીરી પાછળ તા. ૩૦-૬-૨૦૦૮ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે, અને

(૪) આ કામગીરી ક્યા અધિકારી મારફત થાય છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૪-૨-૦૯) :

(૧) તા. ૧-૨-૨૦૦૫ના રોજ એક ઉદઘાટન પ્રવચનમાં માન. મુખ્ય મંત્રીશ્રીએ ગાંધીનગરને સોલાર સીટી બનાવી શકાય તેવું સુચન કર્યુ હતું.

(૨) આ કામગીરી પાછળ નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૪,૮૬,૯૯૦ |
| ૨૦૦૭-૦૮ | રૂા. ૧૧,૯૮,૨૦૩ |
| ૨૦૦૮-૦૯ | રૂા. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને તા. ૩૧-૩-૦૯ સુધીમાં જરૂરી રકમ ખર્ચાશે. |

(૩) આ પ્રોજેક્ટ લાંબાગાળાના આયોજનનો છે.

(૪) રાજ્ય સરકારના વિવિધ વિભાગ મારફત અમલીકરણ થાય છે અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા તેનું સંકલન થાય છે.

-------------

**અતારાંક્તિ યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૯૩૬, ૧૧૫૧, ૧૧૫૨, ૧૧૫૭, ૧૧૭૫, ૧૨૧૬ | ૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૧૮૪, ૧૧૮૫ | ૨ |
| ૩ | નાણા વિભાગ | ૯૨૦, ૯૨૨, ૧૦૨૩, ૧૧૪૮ | ૪ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯૭, ૬૭૯, ૧૦૮૦, ૧૩૧૩, ૧૩૨૧, ૧૩૨૨ | ૬ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૮૬, ૧૧૯૧ | ૨ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૫૪, ૯૮૩, ૧૦૯૫, ૧૧૨૯ | ૪ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૦૫, ૭૩૫, ૧૨૩૬ | ૩ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૮૩, ૫૮૪, ૬૩૯, ૮૯૨ | ૪ |
| ૯ | કાયદા વિભાગ | ૧૧૬૯ | ૧ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૬૯૩, ૭૮૧, ૧૧૬૧, ૧૧૬૩, ૧૧૬૮, ૧૧૭૨, ૧૨૧૪ | ૭ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૩૮, ૭૪૧, ૮૬૯, ૧૨૪૭ | ૪ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૬૬૧, ૭૬૩, ૮૭૬ | ૩ |
| ૧૩ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૩૦, ૪૭૧, ૧૦૫૮, ૧૦૫૯ | ૪ |
| | | **કુલ** | **૫૦** |

----------------

# શોકદર્શક ઉલ્લેખ

## શ્રી સોમસિહ વજેસિંહ ચૌહાણના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી સોમસિંહ વજેસિંહ ચૌહાણનું તા.૧૧મી ડિસેમ્બર, ૨૦૦૮ના રોજ ૬૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૧૫મી જૂન, ૧૯૩૯ના રોજ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના વિરણીયા મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રીએ વિરણીયા ગામના સરપંચ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના તથા જન કલ્યાણ કેળવણી મંડળના પ્રમુખ, તાલુકા પંચાયત લુણાવાડાના સભ્ય અને ઉપપ્રમુખ તેમજ બક્ષીપંચ નિગમના અધ્યક્ષ તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રી અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓશ્રી સન ૧૯૯૫માં નવમી ગુજરાત વિધાનસભામાં શહેરા મતવિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા. તેઓશ્રીએ તા.૪-૧૨-૧૯૯૭થી તા.૩-૩-૧૯૯૮ સુધી રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રી તરીકે સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી ચૌહાણ ગુજરાતી સાહિત્યના વાંચન અને પ્રવાસમાં રસ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. સ્વ.શ્રી સોમસિંહ ચૌહાણનો લુણાવાડા જેવા પછાત વિસ્તારના એક ગામમાં જન્મ થયો અને લોકપ્રતિનિધિ તરીકે બહાર આવ્યા. સ્વ.શ્રી સોમસિંહ ચૌહાણ ગામડાની સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા, સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા અને સમાજના છેવાડાનો વર્ગ છે એ વર્ગના લોકો સાથે હળીમળીને એમની વર્ષો સુધી સેવા કરી અને આ ગૃહના ૧૯૯૫માં સભ્ય બન્યા. પછાતવર્ગમાં જન્મ હોવા છતાં તે કેળવણી લઈ અને સારા વાચક અને વક્તા પણ બન્યા હતા. એમના જવાથી સમાજે અને તે વિસ્તારના લોકોએ એક ઉમદા સેવક ગુમાવ્યો છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી જે શોક સંદેશો લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. સ્વ.શ્રી સોમસિંહ ચૌહાણ સાથે મારો વર્ષો જૂનો નાતો હતો. ૧૯૭૬માં હું જ્યારે તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે સરપંચ વિભાગમાંથી તાલુકા પંચાયતના સદસ્ય તરીકે ૫ વર્ષ સુધી મારી સાથે કામ કર્યું. ત્યાર પછી ૧૯૮૦થી ૧૯૮૭ સુધી હું તાલુકા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે મારી સાથે એમણે ઉપપ્રમુખ તરીકે કામ કર્યું. તાલુકાની અંદર સહકારી પ્રવૃત્તિમાં, શિક્ષણની પ્રવૃત્તિમાં અને પંચાયતના સરપંચ તરીકે રાજકીય પ્રવૃત્તિની શરૂઆત કરી અને છેક ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા. બક્ષીપંચના અધ્યક્ષ પણ બન્યા અને રાજયકક્ષાના મંત્રી પણ બન્યા, એક બહાદુર વ્યકિત અને એક આદર્શ ખેડૂત હતા. સમાજની અંદર શરૂઆત શિક્ષકથી કરેલી પણ બહુ ઓછા સમયની અંદર એ કામગીરી છોડીને એ જાહેર જીવનમાં આવ્યા અને સતત સંઘર્ષ કરીને પણ સામાન્ય ગરીબ માણસો જે લોકોનું કોઈ ન સાંભળે એની વાત રજૂ કરવાની માટે હરહંમેશ તૈયાર રહેતા એવા એક મારા સાથી મિત્રને ગુમાવવાનું મને દુ:ખ છે. એમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવાની શકિત અર્પે આપના માધ્યમ દ્વારા આ શોકસંદેશો એમના કુટુંબને પહોંચાડશોજી.,

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પૂરાવું છું. માજી મંત્રીશ્રી સોમસિંહ ચૌહાણનો જન્મ લુણાવાડા તાલુકાના વીરણીયા ગામે થયો હતો. તેઓ કયારેય દવાખાનામાં દાખલ નહોતા થયા. ટૂંકી માંદગીના લીધે અઠવાડીયું એપોલો હોસ્પિટલમાં દાખલ કરેલા, અને ૧૧મી ડીસેમ્બરે એમનું મૃત્યુ થયું. તેઓ લુણાવાડા તાલુકાના એક આદર્શ ખેડૂત હતા, ૧૫ વર્ષ સુધી વીરણીયા ગ્રામપંચાયતના સરપંચપદે રહયા, ૧૧ વર્ષ સુધી તેઓ લુણાવાડા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રહયા, એમની સાથે મારી ઓળખાણ ૧૯૭૭માં એક માધ્યમિક શાળાની નોંધણી કરતી વખતે થઈ હતી, તેઓ પછાત વિસ્તારની અંદર સારી એવી માધ્યમિક શાળાઓ શરૂ કરી, આશ્રમશાળા શરૂ કરી, છાત્રાોલયો શરૂ કરી અને એ વિસ્તારની અંદર એક સારા સમાજસેવક તરીકે એમણે નામના મેળવી હતી. એ વિસ્તારની અંદર એવી એમની છાપ હતી કે કયારેય કોઈ ઝગડાની અંદર પોલીસની જરુર ન પડે એવી રીતે એ કામનો નિકાલ કરતા હતા, તેઓ આદર્શ ખેડૂત હતા અને નબળી ખેતી કયારેય એમને નહોતી ગમતી. સારી અને ઉત્તમ ખેતી થાય એના માટે વિસ્તારના ખેડૂતોને પણ એ પોતે ખ્યાલ આપતા હતા. તેઓ જયારે મૃત્યુ પામ્યા ત્યારે એમની પાછળ ત્રણ દીકરાઓ મૂકતા ગયા છે અને એ પણ સમાજની સેવા

કરી રહયા છે. એમના જવાથી એમના કુટુંબીજનો ઉપર એક કારમો ઘા પડયો છે. ભગવાન એમને આ કારમો દ ા સહન કરવાની શકિત આપે અને આપના માધ્યમથી એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. સોમસિંહ વજેસિંહ સાહેબ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે શહેરા મતવિસ્તારમાંથી પ્રથમ વખત ચૂંટાયા હતા. આખા શહેરા મતવિસ્તારમાંથી એમને સોમસિંહ દાદાના હુલામણા નામથી બધા વિસ્તારના મતદારો એમને બોલાવતા હતા. તેઓ ખૂબ ઉમદા સ્વભાવના હતા. જયારે એ ચૂંટણી લડતા હતા ત્યારે અમે એમની સાથે રહી અને પ્રથમ વખત એમને જીતાડયા હતા અને એ ગુજરાત સરકારના વાહન વ્યવહારમંત્રી બન્યા હતા. વીરણીયા જેવા એક નાના એવા ગામમાં એમનો જન્મ થયો, બક્ષીપંચ સમાજમાંથી એ નેતાગીરી કરતા હતા અને બક્ષીપંચ સમાજના લોકો ખૂબ આગળ આવે, એ ખૂબ પ્રોત્સાહિત થઈને આગળ વધે એવા એમના પ્રયત્નો હતા. તેમના જવાથી શહેરા મતવિસ્તાર અને લુણાવાડા , પંચમહાલ જિલ્લામાં એક સારા નેતાની ખોટ પડેલી છે એવા માનનીય સોમસિંહજીના કુટુંબીજનો ઉપર જે આફત આવી પડી છે એ આફત સહન કરવાની ભગવાન શકિત આપે અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી સોમસિંહજી વજેસિંહજી ચૌહાણના અવસાન અંગે ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૯મી ગુજરાત વિધાનસભામાં સોમસિંહભાઈ સાથે રહેવાનું થયું હતું. ખૂબ સાદા અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા એ વ્યક્તિ હતા. હમણાં જ જેઠાભાઈએ કહ્યું એમ એ સોમસિંહદાદાના નામે ઓળખાય. એ અમને બધાને એમની અંગ્રેજી સ્પીચ હતા એની અસરકારકતા બતાવતા અને કહેતા હતા કે હું એ જમાનાનો મૅટ્રિક થયેલ છું. આજે અંગ્રેજીનો મોહ રાખનારાઓને કેવું અંગ્રેજી બોલવું એ શીખવતા અને એ પ્રકારનું એમનું ફ્લુઅન્ટ અંગ્રેજી હતું. સોમસિંહભાઈ આમ તો અમારા મિત્ર છત્રસિંહના સંબંધમાં થાય અને એ નાતે અવાર નવાર મળવાનું થતું. એમનો ઘણા વર્ષોથી મારે સંપર્ક ન હતો પરંતુ એમના આઘાતજનક અવસાનના સમાચાર સાંભળી આઘાત અનુભવું છું. ગ્રામ્ય વિસ્તારમાંથી આવનારા સોમસિંહને પંચમહાલ યાદ કરે પણ વિધાનસભામાં મારા સાથી સભ્ય હતા અને અનેક સંઘર્ષોમાં તેઓ હિંમતથી રહેનારા હતા. એમને હું મારી અંજલિ આપું છું.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતાશ્રી શ્રી સોમસિંહભાઈ વજેસિંહભાઈ ચૌહાણને શ્રદ્ધાંજલિ આપતો પ્રસ્તાવ લાવ્યા છે અને તેને વિપક્ષ તરફથી શ્રી અર્જુનભાઈએ સમર્થિત કર્યો છે. બાકીના સભ્યશ્રીઓને તેમના પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરી છે. ૯મી ગુજરાત વિધાનસભામાં એ મારા પણ સાથી હતા. પંચમહાલ જિલ્લાના છેવાડાના માનવીઓના એ પ્રતિનિધિ હતા. એમની વહીવટ કુશળતાના જોઈએ તો તેઓ ખૂબ ઊંડા અભ્યાસ હતા. આવા શ્રી સોમસિંહભાઈ આપણી વચ્ચે આજે નથી રહ્યા. આપ સૌના વતી એમને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આઘાતની લાગણીમાં મારી લાગણી વ્યક્ત કરું છું. આપણે સૌ આપણા સ્થાન ઉપર ઊભા રહીને બે મિનિટનું મૌન પાળીશું.

**(આ તબક્કે ઊભા થઈને બે મિનિટ મૌન પાળવામાં આવ્યું)**

**અધ્યક્ષશ્રી** : આ ગૃહનો શોક સંદેશ તેમના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## નિયમ-૪૪ હેઠળના નિવેદન અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. નિયમ ૪૪ તરફ હું આપનું ધ્યાન દોરું છું. નિયમ ૪૪ એકદમ સ્પષ્ટ છે કે અધ્યક્ષશ્રીની પરવાનગી લઈને કોઈ મંત્રીશ્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકે છે. નિયમ ૪૪ ના જાહેર અગત્યની બાબતો ઉપરના નિવેદનો પરવાનગી માટે આપની પાસે આવતા હોય ત્યારે આ જાહેર અગત્યની બાબત શા માટે મૂકવાની જરૂર પડી છે એ બાબતે આપનું ધ્યાન દોરવું જરૂરી લાગે છે. જો આ બાબતે આપનું ધ્યાન કારણો સાથે દોર્યું હોત તો આજે ગૃહનો સમય કિંમતી છે અને એમાં રિપીટેશન છે એને આપણે અટકાવી શક્યા હોત. આજનો જે એજન્ડા છે એમાં રાજ્યની જે વીજ કંપનીઓ છે, એને મળેલ એવોર્ડ અંગે છે.માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતો છે એ જ્યારે આ વિભાગની માગણી આવે ત્યારે કહી શકાય. રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્વાવ વખતે પણ આ બાબત કરી શકાય હોત અને કોઈ એવી નવી બાબત નહોતી કે ગૃહને જાણ કરવી પડે અને છતાં એમાં પણ ના થયું. એનાથી આગળ જઈને હું આપનું બીજું ધ્યાન દોરવા માગું છું કે પ્રશ્નોત્તરી સમયની અંદર આ પ્રશ્ન છે એ પ્રશ્નો અનેક સભ્યોએ પૂછયા છે છાપેલી બુકની અંદર આખા એવોર્ડની વિગતો એક કરતાં વધારે વખત આ ગૃહના ધ્યાન ઉપર મૂકાય છે. એટલું જ નહિ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૦૯ની બુધવારની જે પ્રશ્નોત્તરીમાં સ્ટાર કવેશ્ચન તરીકે ચોથા નંબરનો પ્રશ્ન હતો. એટલે ચોથા નંબરના પ્રશ્નના જવાબ વખતે પણ આ પ્રશ્નની વિસ્તૃત ચર્ચા આ ગૃહમાં થઈ હતી એટલે આ બાબતે જો માનનીય મંત્રીશ્રીએ આપણને જણાવ્યું હોત કે આ બાબતની ચર્ચા થઈ ગઈ છે તો હું ચોક્કસપણે માનું છું કે આપે એમને ચોક્કસ રોક્યા હોત કે આ નિયમ-૪૪ ની અંદર આપ બીજી બાબત લઈ આવો આ

બાબતની ચર્ચા આ ગૃહની અંદર ખૂબ વિસ્તૃત તરીકે થઈ છે. પણ એ ધ્યાન દોર્યુ નથી એટલે હું આપનું ધ્યાન દોરું છું કે નિયમ - ૪૪ હેઠળ હવે કોઈ નિવેદન કરવાની જરૂર એટલા માટે નથી રહેતી કે અહીંયા આ સિવાયના પ્રશ્નમાં પણ આવી ગયું છે અને અહીંયા આ પ્રશ્ન તો સ્ટાર કવેશ્ચન તરીકે ચર્ચાય ગયો છે એટલે આ નિવેદન જાહેર અગત્યનું નિવેદન હવે રહેતું નથી એટલા માટે કે એની ચર્ચા વિસ્તૃત રીતે થઈ ગઈ છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એમાં એક તો આપશ્રીએ મંજૂરી આપી હોય એના પછી ડિબેટ મંજૂરી બાબતમાં ના થઈ શકે. બીજી વાત, એમણે પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે બુધવારની પ્રશ્નોત્તરીમાં આવી ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જે નિવેદન માનનીય મંત્રીશ્રી વાંચવાના છે એ ૧૭ મી અને ૨૪-૨ એ મળેલા એવોર્ડો બાબતનું છે. તાજું, એટલે નવા એવોર્ડ ૧૭-૨ અને ૨૪-૨ બાબતના છે એટલે ઉત્સાહ તો હું સમજી શકું છું. માનનીય અધ્યક્ષશ્રી, થોડુંક ઉંડાણમાં જુએ તો આવો * (xxxx) ના થાય સાહેબ.

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ યોગ્ય નથી, એ કાઢી નાખું છું. માનનીય અર્જુનભાઈ નિયમ-૪૪ ની જોગવાઈઓ ઉપર (અંતરાય) મારી મુશ્કેલી છે કે હું જ્યારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર રૂલિંગ આપતો હોઉં ત્યારે વચ્ચે બોલો એટલે મારી લીંક તૂટી જાય છે તેથી મને મુશ્કેલી થાય છે.

માનનીય અર્જુનભાઈ, આપે જે નિયમ-૪૪ માટે પોઈન્ટ ઓફ ઓર્ડર રેઈઝ કર્યો તેમાં આપણે સૌ કોઈ જાણીએ છીએ કે એની મંજૂરી આપવાની જવાબદારી મારી છે. જાહેર અગત્યની બાબત માટે આપણી બીજી એક પરંપરા છે એ તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું કે જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ હોય કે નજીકના દિવસોમાં મળવાનું હોય ત્યારે રાજ્યના મંત્રી મંડળના સભ્યો કોઈ પણ જાહેર અગત્યની બાબત ગૃહની બહાર જાહેર કરે તો આ ગૃહનું ઔચિત્ય જળવાતું નથી અને એવા ઔચિત્ય ભંગના અનેક કિસ્સાઓ આપણી વચ્ચે ઉપસ્થિત થયેલા છે, ત્યારે ભૂતકાળના અધ્યક્ષશ્રીઓએ તેના ઉપર નિર્ણયો આપેલા છે. મેં આ સ્થાન સંભાળ્યા પછી જેના ઉપર ઔચિત્ય ભંગના મુદ્દા ઉપસ્થિત નથી થયા એવી કેટલીક બાબતો આ સભાગૃહમાં આવતા પહેલા પણ માનનીય મંત્રી મંડળના સભ્યોનું મેં ધ્યાન દોર્યુ છે કે સભાગૃહ પ્રત્યે આપણે સન્માન બતાવવાની ફરજ છે, વિધાનસભા ગૃહ જ્યારે ચાલતું હોય અથવા તો નજીકના દિવસામાં મળવાનું હોય ત્યારે એ જાહેરાતો વિધાનસભા ગૃહમાં કરવી જોઈએ અને આ સભાગૃહ પ્રત્યે સન્નમાન દર્શાવવું જોઈએ. સભાગૃહ ચાલતું હોય ત્યારે બહાર જાહેરાતો કરવાના બદલે એ સભાગૃહની અંદર જાહેરાત થાય એમાં ગૃહનું સન્માન છે. નિયમ-૪૪માં પણ એ જ બાબત છે. હવે આજનો જે પ્રશ્ન આપે ઉપસ્થિત કર્યો છે તેની અંદર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે વિગતો આપી છે અને હવે પછી આપની પાસે એ નિવેદનની નકલ મળશે ત્યારે પણ આપ જોઈ શકશો કે તા. ૨૪-૨-૨૦૦૯ના રોજ એક એવોર્ડ મળ્યો છે અને ત્યાર પછી ફેબ્રુઆરીમાં જે આપે બતાવ્યું તે, પ્રશ્નોત્તરીના જવાબમાં નથી આવતા એવા છ એવોર્ડો મળ્યા છે. એ તો આપ પણ જ્યારે નિવેદન આપની પાસે આવે ત્યારે આપને લાગશે, પણ મારે એ કહેવું છે કે, નિયમ-૪૪ના નિવેદનની બાબત જાહેર અગત્યની છે કે નહીં અને એ બાબતની જો માનનીય મંત્રીશ્રીએ જો ગૃહની બહાર જાહેરાત કરી હોત તો આ સભાગૃહનો કોઈ પણ સભ્ય એમની સામે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉઠાવી શકત. આ પરિસ્થિતિ પેદા ન થાય તેની તકેદારી રાખવા મેં એમને સલાહ આપી હતી અને એ સલાહના પરિણામે નિયમ-૪૪ના નિવેદનો થઈ રહયાં છે. જયારે સભાગૃહ મળે ત્યારે સભાગૃહની અંદર જાહેર અગત્યની બાબત કહેવી જોઈએ અને એનો આગ્રહ પૂર્વ અધ્યક્ષોએ પણ રાખ્યો હતો અને એ હું પણ રાખું છું. એટલે આ નિયમ-૪૪ નીચેનું નિવેદન આ સભાગૃહ પ્રત્યે સન્નમાનની લાગણી અને ઔચિત્યનો ભંગ ન થાય એ માટે કરવાનો પ્રસંગ છે એટલા માટે મેં એમને આ અને આ પહેલાંના ૪૪ના નિવેદનો અને હવે પછી જો કોઈ આવે તો એની મેં મંજૂરી આપી છે. હું માનું છું કે, નિયમ-૪૪ નીચે સભાગૃહનો આદર જાળવવા માટે આ સભાગૃહનું સત્ર ચાલતું હોય ત્યારે જાહેર અગત્યની બાબતો પરના નિવેદનો બહાર જાહેર કરવાના બદલે ગૃહમાં આવીને કરવા એમાં ઔચિત્ય છે.

# ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪

### ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાજયની વીજ કંપનીઓને મળેલા એવોર્ડો અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજય શ્રેષ્ઠ રાજય છે અને આ ૨૦૦૯ના વર્ષની શરૂઆત ઊર્જા ક્ષેત્ર માટે ઘણી યશસ્વી, પ્રગતિકારક અને સિમાચિહ્નરૂપ રહી છે. વર્ષના આરંભના ફેબ્રુઆરી-૨૦૦૯ માં ઇન્ડિયન ઈલૅક્ટ્રિકલ એન્ડ ઇલૅક્ટ્રોનિક્સ મેન્યુફેકચર્સ એસોસિએશન (ઈમા) દ્વારા તેમજ ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ઊર્જા ક્ષેત્રે કામગીરી માટે રાજયની વિવિદ્ય વીજ કંપનીઓને ૬ (છ) જેટલા એવોર્ડ તારીખ. ૧૭-૨-૨૦૦૯ અને તારીખ ૨૪-૨-૨૦૦૯ના રોજ એનાયત કરવામાં આવ્યા છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય ગૃહને એ જણાવતાં હું આનંદ અને ગૌરવની લાગતી અનુભવું છું કે, પાવર એવોર્ડઝ-૨૦૦૮, ઇન્ડિયન ઈલૅક્ટ્રિકલ એન્ડ ઇલૅક્ટ્રોનિક્સ મેન્યુફેકચર્સ એસોસિએશન (ઈમા) દ્વારા આપવામાં આવેલ છે અને આ તમામ પાંચ એવોર્ડ રાજયની વીજ કંપનીઓને તથા ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થાને ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ તારીખ ૨૪-૨-૨૦૦૯ના રોજ નવી દિલ્હી ખાતે એનાયત કરવામાં આવેલ છે. આ એવોર્ડની વિગત નીચે મુજબ છે :

આ એવોર્ડ ભારત સરકારના આયોજન પંચના સભ્ય ર્ડા. કિરિટ પરીખ, ભારત સરકારના ઊર્જા મંત્રાલયના બે પૂર્વ સચિવ શ્રી આર. વી. શશી અને શ્રી આર. વી. શાહી તથા સેન્ટ્રલ ઈલૅક્ટ્રીસીટી ઓથોરીટીના અધ્યક્ષ શ્રી રાકેશનાથ, સેન્ટ્રલ ઈલૅક્ટ્રીસીટીના સભ્યશ્રી ભાનુ ભૂષણ તથા આઈ. આઈ. એમ., લખનૌના ડાયરૅક્ટર ર્ડા. શ્રી દેવી સિંઘ જેવા નામાંકિત જ્યુરી દ્વારા એનાયત કરવામાં આવેલ છે.

(૧) ઉત્તર ગુજરાત વીજ કંપનીને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ગ્રામ ઘરોનું વીજળીકરણ, ગ્રામ ગ્રાહકોને મીટરથી વીજ વિતરણ, તેમની ફરિયાદોનું નિવારણ, ભારે દબાણ/ હળવા દબાણના વીજ રેષાઓનું ગુણોત્તર પ્રમાણ, એ ટી એન્ડ સી લોસ અને કલેકશન કાર્યદક્ષતા અને ગ્રામ્ય વીજળીકરણ સુદ્રઢ બનાવવા અમલામાં મૂકેલ નવીન વિચારોની કામગીરી માટે પ્રથમ એવોર્ડ એનાયત થયેલ છે.

(૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડના સફળ નવનિર્માણની શ્રેષ્ઠ કામગીરી બદલ ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ સેવા માટેના એવોર્ડઝની વિવિધ કેટેગરીઓમાં "એકસલન્સ ઈન પાવર સેકટર રિફોર્મ્સ ઈન સ્ટેટ" માટે દ્વિતિય પાવર એવોર્ડ-૨૦૦૮ એનાયત કરાયો છે.

(૩) ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કોરપોરેશન લિમિટેડને ગેસ આધારિત કાર્યદક્ષ વીજ ઉત્પાદન ક્ષેત્રે પ્રસ્તાવિત એવોર્ડ માટે પ્રાથમિક પસંદ કરાયેલ તેમજ સમગ્ર દેશમાં વીજ ઉત્પાદન ક્ષેત્રે ગેસ આધારિત કાર્યરત કંપનીઓની યાદીમાં સામેલ કરવામાં આવેલ. ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કોરપોરેશન લિમિટેડના ગેસ આધારિત વીજ મથક ઉતરાણ તેમજ ધુવારણ (એકમ-૨) ની કામગીરીને લક્ષ્યમાં લઈને ગુજરાત સ્ટેટ ઈલૅક્ટ્રીસીટી કોરપોરેશન લિમિટેડને ગેસ આધારિત વીજ ઉત્પાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્યદક્ષતા બદલ રાષ્ટ્રીય સ્તરે પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

(૪) મધ્ય ગુજરાત વીજ કંપની લી. ને શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ઠ વીજ વિતરણ કામગીરીમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ એવોર્ડ આપવામાં આવેલ છે. આ એવોર્ડ મધ્ય ગુજરાત વીજ કંપનીને ઉર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ સેવા આપતા જાહેર ક્ષેત્રના એકમોની કદર અને શ્રેષ્ઠતાની ઓળખ માટે નિયત કરેલ ઉચ્ચ ધોરણો સિદ્ધ કરવા માટે આપવામાં આવેલ છે.

(૫) ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાને પવન ઉર્જા ક્ષેત્રે નવી દિલ્હી ખાતે "એકસેલન્સ ઈન રીન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ- વીન્ડ" નો પ્રથમ એવોર્ડ મળેલ છે. આ એવોર્ડ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ભારતમાં સૌથી વધુ ૬૧૬ મેગાવોટ ક્ષમતાના વિન્ડ ફાર્મ સ્થાપવા માટે આપવામાં આવેલ છે.

(૬) સન્માનનીય ગૃહને એ જણાવતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું કે ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના વરદ હસ્તે વડોદરા સ્થિત ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડને તારીખ: ૧૭-૦૨-૨૦૦૯ના રોજ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. આ સુવર્ણચંદ્રક સુરેન્દ્રનગર જિલ્લાના ૨૨૦ કે.વી. રાજપર સબસ્ટેશનના નિર્માણના સંદર્ભમાં વીજ પ્રવહન પ્રોજેકટના શ્રેષ્ઠ અમલીકરણ માટે ભારત સરકારના ઉર્જા મંત્રાલયની વીજ નિગમોની શ્રેષ્ઠ કામગીરીઓને બિરદાવવા માટેની પુરસ્કાર યોજના હેઠળ પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ના શરૂઆતના ફેબ્રુઆરી મહિનામાં જ રાજય સરકારની વીજ કંપનીઓને ઉર્જા ક્ષેત્રે કરેલ શ્રેષ્ઠ કામગીરી માટે એનાયત થયેલ કુલ ૬ (છ) એવોર્ડની વિગતોથી હું સન્માનનીય ગૃહને વાકેફ કરું છું.

## રાજયના બી.પી.એલ.પરિવારોને વીજ બિલમાં રાહત આપવા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : રાજય સરકારનો અભિગમ હંમેશા રાજયના તમામ નાગરિકોના વિકાસ અને કલ્યાણનો રહયો છે. ખાસ કરીને છેવાડાના માનવી અને તેમાંય ગરીબી રેખા હેઠળ (બી.પી.એલ.)ના પરિવારો માટે આ સરકાર સતત સંવેદનશીલ રહી છે. ઝુંપડપટ્ટી અને કુટિર જયોત યોજનાના માધ્યમથી સમાજના નીચલા વર્ગના ઘરોમાં પણ આપણે અજવાળા પાથરી શકયા છીએ. આ વર્ગના લોકોને માત્ર વીજ સુવિધા પૂરી પાડવાથી જ સરકાર અટકી નથી પરંતુ તેમના વીજ બિલોમાં પણ રાહતો આપવાનો સરકારનો દ્રઢ નિશ્ચય રહયો છે. ખાસ કરીને ગરીબી રેખા હેઠળના બી.પી.એલ. ગ્રાહકોને શકય તેટલું મદદરૂપ થવાનો રાજય સરકારનો સંકલ્પ રહયો છે. તે દિશામાં રાજય સરકારે લીધેલ પગલાંઓ પૈકીની એક બાબત પરત્વે હું આપના માધ્યમ મારફત આ સન્માનનીય ગૃહને વાકેફ કરવા માગું છું.

રાજય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓએ તાજેતરમાં મલ્ટીફર ટેરીફ રેગ્યુલેશન્સ હેઠળ નામ. વીજ નિયમન આયોગ સમક્ષ ટેરીફ પીટીશનો દાખલ કરી હતી.

રાજય સરકારે ગરીબી રેખા હેઠળના પરિવારોને વીજ વપરાશના ચાર્જીસમાં રાહતો આપવાના ઉદ્દેશથી આ વીજ વિતરણ કંપનીઓને કેટલાક સુચનો/ માર્ગદર્શન આપેલ. સન્માનનીય ગૃહને હું એ જણાવતાં આનંદની લાગણી અનુભવું છું કે, ફેબ્રુઆરી-૨૦૦૯થી રાજયની ગરીબી રેખા હેઠળના પરિવારો એટલે કે બી.પી.એલ. ગ્રાહકોએ પ્રથમ ૩૦ યુનિટના વીજ વપરાશ માટે માત્ર રૂા. ૧.૫૦ પ્રતિ યુનીટના દરે વીજ ચાર્જીસ ચૂકવવાના રહેશે. પરિણામે શહેરી વિસ્તારોના આવા પરિવારોને અન્ય ગ્રાહકોની સરખામણીએ પ્રથમ ૩૦ યુનિટના વીજ વપરાશમાં રૂ. ૧.૨૦ પૈસા પ્રતિ યુનિટની તેમજ ગ્રામ્ય વિસ્તારોના આવા પરિવારોને ૭૦ પૈસા પ્રતિ યુનિટની રાહત મળશે.

વધુમાં, આ સન્માનનીય ગૃહને એ હકીકતથી વાકેફ કરવા માગું છું કે, આવા અંદાજે ૨૦ લાખ બી.પી.એલ. પરિવારોને આ રાહતોનો લાભ મળશે અને ગરીબોના આંસુ લુછવાનો સરકારનો એક આદર્શ સિદ્ધ થશે. આ બાબત ભવિષ્યમાં આવા પરિવારોને પ્રગતિ અને વિકાસની મુળ ધારામાં અન્યોની જોડે સમોલ કરવા માટેના સરકારના કાર્યક્રમો/ યોજનાઓ માટે પથદર્શક ભૂમિકા સમાન રહેશે, તેવી મને શ્રદ્ધા છે.

આમ, રાજયના બી.,પી.એલ. પરિવારોને અપાયેલ આ રાહતો અંગે હું આ સન્માનનીય ગૃહને આપના માધ્યમ મારફત વાકેફ કરું છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૭-૦૮નો સરદાર સરોવર નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો સન ૨૦૦૬-૦૭ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૦૭-૦૮ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૦૬-૦૭ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**હિસાબો, અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૭-૨૦૦૮નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રવાસન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૨૦૦૮ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત મેરીટાઈમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭ નો વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭ અને સન ૨૦૦૭-૨૦૦૮ના ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના વાર્ષિક અહેવાલો

**શ્રી મંગુભાઈ છ. પટેલ (પર્યાવરણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સન ૨૦૦૬-૦૭ અને સન ૨૦૦૭-૦૮ ના વાર્ષિક અહેવાલો તથા સન ૨૦૦૬-૨૦૦૭ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૭-૦૮નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૭-૨૦૦૮ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૧૯૫૮ના બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ અન્વયેની -

(૧) તા. ૨૮-૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૨/એમટીએ/૧૧૨૦૦૮/ ૩૯૪/ખ
(૨) તા. ૭-૩-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૪/એમટીએ/૧૧૨૦૦૮/૩૧૦/ખ
(૩) તા. ૭-૩-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૫/એમટીએ/૧૧૨૦૦૮/૩૨૪/ખ
(૪) તા. ૧૭-૩-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૭/એમટીએ/૧૧૨૦૦૮/૫૦૬/ખ
(૫) તા. ૧૫-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૯/એમટીએ/૧૧૨૦૦૮/૧૧૫૪/ખ
(૬) તા. ૧૭-૪-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૦/એમટીએ/૧૧૨૦૦૮/એમઓએસ(ટી)/૧૧/ખ
(૭) તા. ૨-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૧/એમટીએ/૧૧૨૦૦૮/૧૦૯૮/ખ
(૮) તા. ૨-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૨/એમટીએ/૧૧૨૦૦૮/૧૨૫૬/ખ
(૯) તા. ૨-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૩/એમટીએ/૧૧૨૦૦૮/૧૨૫૫/ખ
(૧૦) તા. ૨-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૪/એમટીએ/૧૧૨૦૦૮/૧૧૯૬/ખ
(૧૧) તા. ૬-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૫/એમટીએ/૧૧૨૦૦૮/૧૩૬૨/ખ
(૧૨) તા. ૧૫-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૭/એમટીએ/૧૧૨૦૦૮/૧૨૯૮/ખ
(૧૩) તા. ૧૫-૫-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧૮/એમટીએ/૧૧૨૦૦૮/૧૪૫૨/ખ
(૧૪) તા. ૨૦-૬-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૨૩/એમટીએ/૧૧૨૦૦૮/એમઓએસ(ટી)/૩૮/ખ
(૧૫) તા. ૭-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૨૬/એમટીએ/૧૧૨૦૦૮/૧૮૬૪/ખ
(૧૬) તા. ૩૦-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૪૯/એમટીએ/૧૧૨૦૦૮/૩૮૩૧/ખ
(૧૭) તા. ૩૦-૯-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૫૦/એમટીએ/૧૧૨૦૦૮/૩૯૬૪/ખ
(૧૮) તા. ૨૪-૧૦-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૫૩/એમટીએ/૧૧૨૦૦૮/વીઆઈપી/૪/ખ
(૧૯) તા. ૫-૧૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૫૫/એમટીએ/૧૧૨૦૦૮/૪૨૦૫/ખ
(૨૦) તા. ૧૦-૧૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૬૮/એમટીએ/૧૧૨૦૦૮/એમએલએ/૨૧/ખ
(૨૧) તા.૧૦-૧૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૭૦/એમટીએ/૧૧૨૦૦૮/એમઓએસ/(ટી)/૮૧/ખ
(૨૨) તા. ૧૨-૧૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૭૧/એમટીએ/૧૧૨૦૦૮/૪૪૯૯/ખ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સમિતિઓની મુદત લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. ગૃહના બંને પક્ષના દંડકોએ મને આપેલી સંમતિ મુજબ આ સભાગૃહની ૨૦૦૮-૦૯ ના વર્ષની ચૂંટાયેલી નીમાયેલી બધી સમિતિઓની મુદત આગામી ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષના અંત સુધી લંબાવવામાં આવે છે.

## લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન

### * લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે અનુસૂચિમાં દર્શાવેલ માગણીઓ મુજબ ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષનો અમુક ભાગ એટલે કે એપ્રિલ ૨૦૦૯ થી જુલાઈ

*લેખાનુદાન માટેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો તે પહેલા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ ના ખંડ(૩) સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૬ થી મળેલા અધિકાર અન્વયે નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ માટેના (અંશતઃ) સમય માટે લેખાનુદાન માટેના પ્રસ્તાવની વિચારણા ગુજરાત વિધાનસભાએ કરવાની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

૨૦૦૯ ના મહિના માટે અંદાજિત ખર્ચ પેટે રૂપિયા ૧,૪૦,૫૦,૩૯,૯૬,૦૦૦/- ની રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી મંજૂર કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે અંદાજપત્ર છે તે અંદાજપત્રમાંથી ફકત ચાર મહિના માટે એટલે કે એક તૃતિયાંશ ભાગનો આ લેખાનુદાન માટેનો પ્રસ્તાવ છે.

**પ્રસ્તાવ રજૂ થાય છે.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## લેખાનુદાન પ્રસ્તાવ પર ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી :** ૨૦૦૯-૨૦૧૦ના અંદાજપત્રને લગતાં પ્રકાશનો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં છે. પરંતુ તેની વિગતવાર ચર્ચા વિચારણા આ સત્રમાં થવાની નથી. આ સત્રમાં સરકાર એપ્રિલથી જુલાઈ સુધીના ચાર મહિનાની મુદત માટે લેખાનુદાન લેવા માગે છે. લેખાનુદાન માટેની જોગવાઈ ભારતના બંધારણની અનુચ્છેદ ૨૦૬માં કરવામાં આવેલી છે. બંધારણની કલમ-૨૦૩ અને ૨૦૪ હેઠળ નિયત થયેલ કાર્યપધ્ધતિ મુજબ અંદાજપત્ર મંજૂર કરવામાં આવ્યું ન હોય ત્યારે રાજયનો વહીવટ ચલાવવા સરકારને જે કઈ પૈસાની જરૂર હોય તે પૈસા લેખાનુદાન પેટે તે મેળવી શકે તેવી જોગવાઈ બંધારણના અનુચ્છેદ ૨૦૬ થી કરવામાં આવી છે. વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૬ માં લેખાનુદાન માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તે મુજબ લેખાનુદાન ઉપર ચર્ચાનું કાર્યક્ષેત્ર ઘણું મર્યાદિત છે. નિયમ-૨૩૬(૪)ની જોગવાઈઓ પ્રમાણે આવા પ્રસ્તાવ ઉપર સામાન્ય રૂપની ચર્ચા કરવા દેવામાં આવે છે. પરંતુ મુદ્દાઓની ચોખવટ માટે જરૂર હોય ત્યારે તેના કરતાં વિશેષ વિગતો ઉપરની ચર્ચા કરી શકાતી નથી. આથી લેખાનુદાન પ્રસ્તાવની ચર્ચા વખતે આ મુદ્દો દરેક સભ્યશ્રીએ ખ્યાલમાં રાખવાનો છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે લેખાનુદાન પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. ગુજરાત રાજયનો જે આર્થિક વહીવટ છે તે આર્થિક વહીવટ છેલ્લા વર્ષોમાં ડેફીશીટને બદલે સરપ્લસ વહીવટ તરીકે આપણે નિહાળ્યો છે. આખા દેશમાં આર્થિક વિકાસદર જે રહે છે તે આર્થિક વિકાસદર સામે ગુજરાત પાછલા વર્ષોમાં વિશેષ આર્થિક વિકાસદર...

**અધ્યક્ષશ્રી :** એક મિનિટ, બંને દંડકશ્રીઓએ ત્રણ ત્રણ નામ આપ્યાં છે. સમય મર્યાદા નકકી કરીશું તો આપણે હજુ એક કલાક બીજો વધારવાનો છે. એક કલાક તો ચર્ચામાં છે. એટલે આની અંદર આપણે રિશેષ પહેલાં પૂરું કરવું હોય તો, ત્રણ નામનો મને વાંધો નથી. પાંચ પાંચ મિનિટમાં પૂરું કરવું પડશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ :** રાજયનો ઝડપથી આર્થિક વિકાસદર હાંસલ કરવાનું શ્રેય તે આ સરકારને જાય છે. તેમાંય વિશેષ કરીને સામાન્ય રીતે જે ડેટ સર્વિસીસ છે, જયારે રાજય નાણાં ધિરાણ તરીકે મેળવે છે ત્યારે એનો સમયસર એને પરત આપવા માટેનું જે ડેટ સર્વિસીસ કહેવાય તે ડેટ સર્વિસીંગ માટે પણ આ સરકારે અને નાણાંમંત્રીશ્રીએ જે સુંદર કામગીરી કરી છે તે સાચે જ ધન્યવાદને પાત્ર છે. કારણકે કોઈપણ અર્થતંત્ર માટે મહત્વની બાબત એ ડેટ સર્વિસીંગ કરવા માટેની જેમાં વધારાનો ઓવર ડ્રાફટ ન લેવો પડે તે પ્રકારનો વહીવટ કરવાની જે કાર્ય પધ્ધતિ છે તેના કારણે આ શકય બન્યું છે. જયારે દસમી પંચવર્ષીય યોજનામાં જે કામગીરી થઈ અને જે વિકાસના કામો થયાં તેના કરણાં પણ વિશેષ એટલે કે ૧ લાખ કરોડ રૂપિયા કરતાં પણ વધારેનું ૧૧મી પંચવર્ષીય યોજનાનું જે આયોજન છે તે આ કરી શકયા છે તે બતાવે છે કે રાજયનું અર્થતંત્ર અને રાજયની આર્થિક આવકમાં સતત સુધારો થયો છે. જે સેલ્સટેકસની જગ્યાએ વેટ જયારે દાખલ કરવામાં આવ્યો ત્યારે પણ આ રાજય સરકારે જે સુંદર કામગીરી કરી તેના કારણે વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે કોઈપણ પ્રકારના પ્રશ્નો થયા નથી. એ કારણે વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે કોઈપણ પ્રકારનો પ્રશ્ન થયો નથી અને વેટના કારણે રાજયની આવકમાં સતત વધારો થઈ રહેલ છે. આ સરકારે મહાનગરપાલિકાઓની ઓકટ્રોય નાબૂદ કરી અને એ નાબૂદ કર્યા પછી પણ આ મહાનગરપાલિકાઓને આર્થિક સહાય આપવાનું સતત ચાલુ રાખ્યું એના કારણે પણ આજે મહાનગરપાલિકાઓમાં જે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે ખૂબ સરળતા આ ઓકટ્રોય નાબૂદીના કારણે થઈ શકી છે. સતત જે ઈન્ટ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એટલે કે ભૌતિક સુવિધાની સુધારણા છે એના ક્ષેત્રમાં પણ આ સરકારે ઉત્તમ કામગીરી કરી છે અને માત્ર ટેન્જેબલ ઈન્ફ્રાસ્ટ્રકચર નહીં, પરંતુ ઈન્ટેન્જેબલ ઈન્ફ્રાસ્ટ્રકચર એટલે કે શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે જે નવા નવા આયામો અને નવી નવી બજેટરી ફાળવણી કરીને કામગીરી કરી છે એના કારણે પણ રાજયમાં પણ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે સુધારો કરી શકયા છીએ. શિક્ષણમાં કન્યા કેળવણી, ખાસ કરીને માતૃશકિતના સશકિતકરણ માટે ગરીબો માટેની કામગીરી ગણી શકાય જેમાં ચિરંજીવી યોજના કે માતૃ વંદના યોજના હોય કે નિરોગી બાળવર્ષની યોજના હોય આ યોજનાઓ મારફતે રાજયના નાગરિકોની તંદુરસ્તીમાં સુધારો કરીને રાજયની ઈન્ટેન્જેબલ એસેટસ છે કારણ કે આપણા નાગરિકો એ આપણી સાચી સંપત્તિ છે અને એ સંપત્તિમાં શિક્ષણ અને આરોગ્યના માધ્યમ મારફતે આ સંપત્તિમાં વધારો કરી શકાય તો એ ક્ષેત્રમાં રાજય સરકાર જે નાણાંની ફાળવણી કરે છે એના કારણે આપણું રાજય વધારે સમૃધ્ધ અને મજબૂત બન્યું છે અને આ રીતે જયારે માનનીય નાણામંત્રીશ્રી આ લેખાનુદાન પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે હું એને મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૯-૧૦ ના ૪ માસ માટે લેખાનુદાન પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે એ ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લેખાનુદાન રજૂ કરવાનું સરકારે નકકી કર્યું, કદાચ સમય હતો અને આખું બજેટ પણ રજૂ થઈ શકયું હોત, પરંતુ કયા સંજોગોમાં આ નિર્ણય કરવામાં આવ્યો એની ચર્ચામાં મારે પડવું નથી. લેખાનુદાનમાં થોડો સ્કોપ લિમિટેડ હોય છે એ વાત પણ સમજી શકાય તેવી છે, પરંતુ લેખાનુદાન પ્રજાને કલ્યાણકારી હોય એવી યોજનાઓની જાહેરાત કરતાં રોકતું નથી, લેખાનુદાનમાં પણ પ્રજાને કલ્યાણકારી હોય, સમાજના જુદા જુદા વર્ગોને ઉપયોગી હોય અને એનાથી એમનું જીવન ધોરણ અને સામાજીક રીતે એમને ઉંચે લાવી શકાય એના માટેની જાહેરાતો કરી શકાતી હોય છે, પરંતુ મારે દુઃખ સાથે નોંધવું પડે છે કે આવી કોઈ જાહેરાત કરવાનું ગુજરાત સરકારે ટાળ્યું છે. હું માનનીય નાણામંત્રીશ્રીનું નિવેદન વાંચી રહ્યો હતો અને એના પ્રથમ પાના ઉપર જ તેમણે બીજા પેરેગ્રાફમાં જ લખ્યું છે એનાથી કદાચ આ પરિસ્થિતિ સ્પષ્ટ થઈ જાય. તેમણે લખ્યું છે કે " કેન્દ્ર સરકારે લેખાનુદાન કરવાનું નકકી કર્યુ છે અને કેન્દ્ર સરકારના આયોજનો અને કેન્દ્ર સરકારની યોજનાઓ અને કેન્દ્ર સરકારની જે આ બધા વર્ગો માટે લાભદાયી અને કલ્યાણકારી યોજનાઓ કરવા માગતી હોય એનો અમને ખ્યાલ નથી અને એ સંદર્ભમાં બજેટના બદલે લેખાનુદાન લાવવામાં આવ્યું છે." તો આ રીતે પરિસ્થિતિ બહુ સ્પષ્ટ છે કે કેન્દ્ર સરકારની યોજનાઓ સિવાય શું ગુજરાત સરકાર બીજી કોઈ યોજનાઓ કરી શકે તેમ નથી? આપણે સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર ઉપર આધારિત છીએ કે તેમની યોજના જાહેર થયા પછી જ આપણે આવી યોજનાઓની જાહેરાત કરીએ? તો એકબાજુ કેન્દ્ર સરકાર ઉપર આધાર રાખીને ચાલવું અને બીજી બાજુ કેન્દ્ર સરકારને વાર તહેવારે ગાળો દેવી અને એ પરિસ્થિતિમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક ગંભીર બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે ૧૫૩.૩૬ કરોડ રૂપિયાના પૂરાંતવાળું આ લેખાનુદાન લઈને માનનીય નાણામંત્રીશ્રી સભાગૃહ સમક્ષ આવ્યા છે. વિશ્વમાં શું પરિસ્થિતિ છે, આપણે સૌ જાણીએ છીએ, વૈશ્વિક મંદીની આ સ્થિતિનો આપણે સામનો કરી રહ્યા છીએ અને આ વૈશ્વિક મંદીની અસર દુનિયાના બીજા દેશો ઉપર તો થઈ છે પણ તેની સાથે સાથે ભારત અને ગુજરાત ઉપર પણ તેની અસરો વર્તાય છે. જ્યારે સમગ્ર વિશ્વ વૈશ્વિક મંદીમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે મંદી સામે લડવાના જે શસ્ત્રો આપણી પાસે હોય છે તેમાંનું એક મહત્ત્વનું શસ્ત્ર છે ડૅફિસિટ બજેટીંગ. ૧૯૩૦ની મંદી હોય કે ત્યાર પછી એક પછી એક આવેલા અનેક મંદીના પડકારો હોય, વિશ્વની સરકારો અને વિશ્વના દેશોએ ડૅફિસિટ બજેટીંગનો ઉપયોગ એક મહત્ત્વના શસ્ત્ર તરીકે કર્યો છે. કેન્દ્ર સરકારનું આ વખતનું બજૅટ, લેખાનુદાન જોઈએ તો દોઢ ટકો ડૅફિસિટથી વધારીને ૪.૪ ટકા ડૅફિસિટ કરતાં કેન્દ્ર સરકાર અચકાઈ નહીં, કેન્દ્ર સરકારે તો આગળ વધીને અનેક કલ્યાણકારી યોજનાઓની પણ જાહેરાત કરી. તેના ઉપરાંત ટેક્સમાં ઘટાડો કર્યો. તેના ઉપરાંત રાજયોને ૩૦ હજાર કરોડ રૂપિયા સુધીની વધારાની રકમ બોરો કરવાની મંજૂરી આપી. આ બધાનું કારણ એક જ. આ બધાનું કારણ એ કે આપણે અર્થતંત્રને મજબૂત બનાવવું છે. અર્થતંત્રની ક્ષમતા વધારવી છે અને આ અર્થતંત્ર અને એમાં રહેલા લોકોનો જો પર્ચેઝીંગ પાવર વધે તો એ પર્ચેઝીંગ પાવરના આધારે આ મંદીની સ્થિતિમાંથી આપણે બહાર નીકળી શકીએ. પણ કમનસીબે એક દિશામાં જે વિચારાવવું જોઈએ એને બદલે આ વખતે આપણે પુરાંતવાળુ બજૅટ લાવીને જે પરિસ્થિતિ પેદા કરી છે, મને લાગે છે કે ગુજરાતના નાગરિકોનો પર્ચેઝીંગ પાવર વધારવા માટેના જે પ્રયત્નો રાજય સરકારે કરવા જોઈતા હતા તે પ્રયત્નો આ લેખાનુદાનમાંથી બહાર આવી શકતા નથી અને એ સંજોગોમાં માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપી શકતો નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે લેખાનુદાન લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની કુશળ વહીવટ શકિત અને દીર્ઘ દ્રષ્ટિના પરિણામે જે અનેક પડકારો આપણી સામે આવ્યા છતાં પણ આપણે જે રીતે અભૂતપૂર્વ સિદ્ધિ તમામ ક્ષેત્રની અંદર પ્રાપ્ત કરી છે. તેની વિશ્વએ પણ નોંધ લીધેલી છે. આપણે બહુ સ્પષ્ટ રીતે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં જોઈ ચૂક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ વાઈબ્રન્ટ ગુજરાત વખતે જે સિનારીયો આપણે જોયો છે, દેશના સર્વશ્રેષ્ઠ ઉદ્યોગકારો ૩૦૦થી પણ વધારે મોટી સંખ્યામાં આ સમીટમાં સતત હાજર રહ્યા અને ગુજરાતના આર્થિક વિકાસની અંદર તેઓએ પોતાની ભાગીદારી નોંધાવી. ૮૦૦૦થી વધારે એમ.ઓ.યુ. થયા, ૧૨ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા અને તેની સાથે સાથે સતત ગુજરાતના વિકાસનું ચિંતન અને મંથન થયું. આ જ બતાવે છે કે ગુજરાત કઈ રીતે પ્રગતિ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર પણ અનેક ઉદ્યોગો આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના ઉદ્યોગો આવી ગયા છે અને અન્ય ઉદ્યોગો પણ આવી રહ્યા છે. ૧૧૩ ઉદ્યોગો માટેના એમ.ઓ.યુ. પણ થઈ ગયા છે. આમ કચ્છનો વિકાસ પણ ઉદ્યોગ આવવાથી ખૂબ સારી રીતે થયો છે. હું ખાસ કરીને એ બાબત પર ધ્યાન દોરવા માગું છું કે જે રીતે આરોગ્યની દ્રષ્ટિએ આપણે ગુજરાત સ્વસ્થ બને અને આરોગ્યપ્રદ બને તેના માટેની તમામ યોજનાઓ જે લેવામાં આવી છે, તેમાં મારે ખાસ એ વાત ઉપર ધ્યાન દોરવું છે કે તબીબી શિક્ષણ અને સંશોધનની અંદર ખૂબ સારી કામગીરી આપણાં આરોગ્ય ક્ષેત્રમાં કરવામાં આવી છે અને તેનું આયોજન

કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે ૭૦૦ મૅડિકલ સીટ આપણે આ વખતે વધારી રહ્યા છીએ અને આ ૭૦૦ સીટ વધવાથી ઘણાં બધા આપણા પ્રશ્નો હલ થવાના છે. મુખ્યત્વે ગામડાંઓમાં આપણે ડૉકટરો પ્રાપ્ત કરી શકતા નથી.

બીજા નંબરે આપણા ૭૦૦ વિદ્યાર્થીઓ જે બહારના રાજયોમાં જઈને શિક્ષણ મેળવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે તે આપણી પાસે બચશે અને સાથોસાથ આ બાળકો જે અસુવિધા સહન કરી રહ્યા છે જેમનું બીજા રાજયોમાં રેગીંગ થાય છે અને એમના માતા-પિતા જે ચિંતાનો ભોગ બને છે એ આ સાતસો સીટો વધવાથી ઘટશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કચ્છની મૅડિકલ કૉલેજની વાત કરવી છે. હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ઘણા વર્ષો જૂની અમારી માગણી હતી કે કચ્છને મૅડિકલ કૉલેજ મળે એ પરિપૂર્ણ થઈ છે. એમાં ૧૫૦ સીટો મંજૂર કરવામાં આવી છે. ૧૫૦ વિદ્યાર્થી અહીં શિક્ષણ લે એનાં કરતાં પણ વધુ મહત્ત્વ મારે મન એ છે કે, કચ્છના પછાત વિસ્તારમાં મૅડિકલ સુવિધાથી વંચિત રહ્યો છે ત્યાં મૅડિકલ સુવિધા પ્રાપ્ત થશે. ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે આ હૉસ્પિટલ બંધાઈ છે એનો સારો ઉપયોગ થશે એના માટે રાજય સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંક સમયમાં આ દેશ ચૂંટણીઓમાં જવાનો છે અને એમાં કેન્દ્ર સરકાર લેખાનુદાન લઈને આવે એ સમજી શકાય એવી વાત છે. પણ આપણી પાસે તો પૂરતો સમય હતો અને પૂરતા સમય દરમિયાન આપણે ધાર્યું હોત તો વિસ્તૃત બજૅટ રજૂ કરી શક્યા હોત. પણ લેખાનુદાન લઈને આવ્યા છે એમાં ગુજરાતની પ્રજાની અપેક્ષાઓ કાંઈક વિશેષ હતી. કેન્દ્ર સરકારનું જ્યારે લેખાનુદાન આવ્યું ત્યારે મારા મિત્ર જયનારાયણભાઈ અત્યારે હાજર નથી. પણ અમે બન્ને ડિબેટમાં સાથે હતા. ત્યારે એમણે એમ કહ્યું હતું કે, ખૂબ મોટી અપેક્ષાઓ લઈને આવ્યા હતા, આખો દેશ રાહ જોઈને બેઠો હતો. કેન્દ્ર સરકારે લેખાનુદાનમાં કોઈ મોટી જાહેરાતો કરશે. ત્યારે મેં તેમનું ધ્યાન દોર્યું હતું કે, આ લેખાનુદાન છે પૂર્ણ બજૅટ નથી અને છતાં જે દેશ માટે દેશના ઉદ્યોગો માટે ૪ લાખ કરોડનું પૅકૅજ આપ્યું. એ એની પહેલાં અપાયું હતું ક્રુડ ઑઈલ, પૅટ્રોલિયમ પેદાશો, ગેસ એના ભાવ ઘટાડવાના હતા એ એના પહેલાં ઓલરેડી ઘટાડી દીધા હતા. અને એના પછી આ બજૅટ સેશન દરમિયાન ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની રાહતો આ વેપાર ઉદ્યોગ માટે જાહેરાત કરી છે. ત્યારે મેં એમને કહ્યું હતું કે, આપણા નાણામંત્રીશ્રી હમણાં લેખાનુદાન લઈને આવશે ત્યારે રાજયના બજૅટની ચર્ચા આપણે બન્ને મિત્રો જરૂર કરીશું. પણ જ્યારે ચર્ચામાં બોલાવવામાં આવ્યા આ લેખાનુદાન રજૂ થયું ત્યારે શ્રી જયનારાયણભાઈ સરકારના પ્રવક્તા તરીકે આવવાની હિંમત નહોતા કરી શકાય. એ એટલા માટે ન કરી શક્યા કે આ લેખાનુદાનમાં પ્રજાને બતાવવા જેવું કાંઈ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિદ્ધાર્થભાઈએ વાત કરી, કેન્દ્રનું બજૅટ આવ્યું લેખાનુદાન હતું પણ છતાંય એમાં ૪૦ વર્ષ કરતાં મોટી વિધવા બહેનો માટે શ્રીમતી ઇન્દિરા ગાંધી વિધવા પેન્શન યોજના દાખલ કરી અને એના માટે માસિક રૂ.૫૦૦/- લેખે એમને આપવાની જાહેરાત કરી. ૧૮થી ૪૦ વર્ષની વિધવા બહેનો માટે આઈ.ટી.આઈ.ની અંદર એને સ્ટાઈપેન્ડ રૂ.૫૦૦/- આપીને એમના માટે બેઠકો અનામત રાખવાની પણ જાહેરાત થઈ. પણ આમાં કાંઈ લાવ્યા નહીં. જ્યારે મારા સાથી મિત્રોને લોકસભાની ચૂંટણીઓમાં જવાનું છે ત્યારે કયાંક જવાબ તો આપવો પડશે. કારણ કે, એમના જે નેતા અહીંથી ચૂંટાય અને વડાપ્રધાન થશે એવી આશાઓ આ દેશની પ્રજાને આપી છે અને જ્યારે એનું રિપૉર્ટ કાર્ડ બતાવીશું, જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી અને ગુજરાતમાંથી સંસદસભ્ય તરીકે ગાંધીનગર વિસ્તારમાંથી ચૂંટાયા અને અડવાણીજી નાયબ વડાપ્રધાન બન્યા હતા * (xxxx)

**અધ્યક્ષશ્રી** : હું એ વાત કાઢી નાખું છું. આપ લેખાનુદાન ઉપર જ બોલો, આ ચર્ચાનો ભાગ ના બને. અર્જુનભાઈ આપ ભૂલો કરો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પાછા ખેંચી લઉ છું આ શબ્દો, હુ કહું છું વિવેકપૂર્ણ રીતે કહું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનું એ છે કે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે ગુજરાતમાં કશું ના થયું અને યુ.પી.એ.ની સરકાર આવી, ટીકા કરો છો મારે ત્રણ જ લીટીની અંદર વાત કરવી છે. ગુજરાતને આઈ.ટી.આઈ. આપી ગુજરાતને સૅન્ટ્રલ યુનિવર્સિટી આપી, ગાંધીનગરને રેલ્વેસ્ટેશન અને ગરીબ રથથી દિલ્હી સાથે જોડયું, એન.આઈ.ડી.ની કેમ્પસ (અંતરાય) આ શબ્દો આપ વડીલ છો આપને શોભે નહીં, નરોતમકાકા આપને ના શોભે, નીતિનભાઈ બોલ્યા હોત તો હું કહેત, આપને ના શોભે આપ મુરબ્બી છો.

**અધ્યક્ષશ્રી** :શ્રી નીતિનભાઈ, નરોત્તમભાઈ, આપ ચર્ચા સાંભળોને આમાં શું થાય છે કે એક નાનકડો શબ્દ પણ ત્યાં પકડાઈ જાય છે એના કરતાં ના બોલીએ તો વધારે સારું શું બોલ્યા એ તમને બે ને ખબર હશે પણ બાકી ચર્ચામાં દખલ થાય છે એ સૌને ખબર પડે છે.

---

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રી, આપ વડીલ છો એટલે વધારે નથી કહેતો. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો હતો કે આ રીપોર્ટકાર્ડ સરકારોનું આપે આપવું પડશે પણ આપે તો આ રીપોર્ટકાર્ડ પણ માનનીય નાણામંત્રીશ્રીએ એવું આપ્યું કે એની અંદર ના આ બાજુ જોવા જેવું છે કે ના આ બાજુ જોવા જેવું છે. હું એક જ મિનિટમાં મારી વાત પૂરો કરવાનો છું. અહીં આતંકવાદની ચિંતા લગભગ વધુ બોલનારા મારા સાથી મિત્રો છે એ બધા લોકોએ કરી. મારે એમને એટલું જ કહેવું છે કે આતંકવાદ સામે લડવા માટે નથી માનનીય મુખ્યમંત્રી જવાના કે નથી હું જવાનો, એ તો આપણા રાજયના પોલીસ જવાનો જવાના છે. આપ માનનીય નાણામંત્રીશ્રી ખાલી આ ૮૮૩૭ પોલીસ સહાયકો છે જે માત્ર ૨૫૦૦ રૂપિયામાં કામ કરે છે અને આપ એને દેશની સુરક્ષાની જવાબદારી સોંપો છો એને જો પૂરો પગાર લઈ આવવાની યોજના લઈ આવ્યા હોત તો હું માનુ છું કે આપનું કમીટમેંટ સારું રહેત. આ જે દરખાસ્ત છે એની સાથે હું સંમત થઈ શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ ભુપેન્દ્રભાઈ, મારી પાસે બંને દંડકોનો પત્ર મળ્યો છે. નાણામંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાર પછી રીસેસ પડશે અને ત્યાર પછી એક કલાકનો સમય આપણે વધારીશું. એટલે આપની સમયમર્યાદાની અંદર આપ પૂરું કરો. ફરીથી કહું નાણામંત્રીશ્રીનો જવાબ પૂરો થાય, મતદાન પૂરું થાય અને એ પહેલા બે સભ્યોની ચર્ચાનો સમય એ પૂરું થાય ત્યાર બાદ રીસેસ પડશે અને ત્યાર પછીની ચર્ચાઓમાં એક કલાક વધશે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૯-૧૦નું લેખાનુદાન લઈને. આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે. તેને હું આવકારવા ઉભો થયો છું. લેખાનુદાન રજૂ કરવામાં પણ વિક્રમ સર્જવાનો શ્રેય માનનીય નાણામંત્રીને મળે છે તે માટે એમને હું અભિનંદન આપુ છું. આ ચારમાસનું લેખાનુદાન છે અને આ લેખાનુદાનમાં રાજયના વિકાસની જે ગતી છે એ કન્ટીન્યુ ચાલુ રહે એ માટેનું આ લેખાનુદાન છે. સમગ્ર વર્ષ માટે કૃષિ અને સહકાર ક્ષેત્રે ૧૨૦૭.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વૈજ્ઞાનિક ખેતીની પદ્ધતિના વિકાસ માટે પણ ૪૧૩.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગરીબો માટે વીજરાહતો પણ આ લેખાનુદાનમાં અપાઈ છે. હમણાં જે વાત કરવામાં આવી કે ૧૮ થી ૪૦ વયજૂથની ૧૦હજાર જેટલી નિરાધાર વિધવાઓને પગભર થઈ શકે તે માટે વિધવા પેન્શન ઉપરાંત ૩હજાર લેખે સાધન સહાય આપવાની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે.હું કહેવા માગું છું કે રાજ્યના આદરણીય નાણામંત્રીશ્રીએ પાક વીમા યોજના અંગે પણ પૂરતી જોગવાઈ કરી છે. આ યોજના હેઠળ ૯૫૧.૩૭ કરોડની યોજના કરી છે. શિક્ષકોની ઘટ ના રહે અને ૩૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી થાય એ માટેનું પણ આમાં આયોજન કરવામાં આવ્યું છે. આદિજાતિ લોકોને વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ન્યુ ગુજરાત પૅટર્ન હેઠળ ૩૨૫.૩ કરોડની જોગવાઈ કરી છે. આવાસન ક્ષેત્રમાં સરદાર પટેલ આવાસ યોજના હોય, ઈન્દિરા આવાસ યોજના હોય, ડૉ. આંબેડકર આવાસ યોજના હોય તેમજ સફાઈ કામદારોને આવાસ મળી રહે તે માટે પૂરતી જોગવાઈ કરી છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના તેમજ રૂરલ સેનિટેશન માટે પણ આયોજન હેઠળ ફાળવણી કરવામાં આવી છે. વિકાસના વિવિધ કાર્યક્રમો માટે ૪૭.૯૮ કરોડની યોજના કરવામાં આવી છે. આદિવાસી વિસ્તાર અને ખાસ કરીને દાહોદ જેવો વિસ્તાર છે જ્યાં ફિઝિયોથેરાપી કૉલેજનું આયોજન કરવામાં આવ્યું છે. એના માટે ૩.૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. કૃષિ વિષયક પ્રશુલ્ક માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને વળતર આપવા માટે ૨૧૨૩ કરોડ અને કૃષિ વિષયક વીજ વપરાશકારોના બળતણ અને વીજ ખરીદી પેટે ૭૫૦ કરોડ સહાય આપવાની કાળજી પણ માનનીય નાણામંત્રીશ્રીએ લીધેલ છે. વધુમાં, મહાન ક્રાંતિકારી શામજીકૃષ્ણ વર્માના સ્મારકની રચના માટે ૧૫૨ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે લેખાનુદાન લઈને આવ્યા છે તેમાં હું એટલા માટે સંમત થઈ શકતો નથી કે લેખાનુદાનમાં ઓ.બી.સી., એસ.ટી., એસ.સી. અને માઈનોરિટી અને જે તેજસ્વી તારલા-વિદ્યાર્થીઓ છે કે જેને આપણે જિલ્લાના ટોપ ટેનમાં જોઈએ છીએ. આ છોકરાઓમાંથી કોઈ શાકભાજી વેચવાવાળાનો છોકરો હશે, કોઈ રીક્ષાવાળાનો છોકરો હશે, કોઈ ૧૩૦૦-૧૪૦૦ રૂપિયામાં નોકરી કરતા પગીનો દીકરો ટોપ ટેનમાં આવ્યો હશે. એની પાસે ઉચ્ચ શિક્ષણ લેવા માટે પૈસા હોતા નથી અને પૈસાના અભાવે એને ક્યાંક ચાની કીટલી કે પાનનો ગલ્લો કરવો પડે છે. આવા વિદ્યાર્થીઓને ભણાવવા માટેની વ્યવસ્થા આ સરકાર લાવી નથી એટલા માટે હું આપના દ્વારા સૂચન કરું છું કે જ્યાં એસ.સી.ના વિદ્યાર્થીઓને લાભ મળે છે એ જ લાભ એસ.ટી. અને ઓ.બી.સી. અને લઘુમતી સમાજના વિદ્યાર્થીને મળે. એનાથી આગળ જઈને કહેવા માગું છું કે આ ટોપ ટેનમાં આવતા અન્ય મધ્યમવર્ગ અને ગરીબ સમાજના એવા વિદ્યાર્થીઓ આવે કે જેને ભણાવવા માટે સરકારની કોઈ વિશિષ્ટ યોજના કરે. કારણ કે શહેરી વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તા, શહેરી વિસ્તારમાં શિક્ષણની સુવિધા, શહેરી વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓની શકિત એને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ સાથે જોડી, બન્નેને પેપર એક જ આપીએ છીએ. બન્નેના પરિણામ એક જ જોઈએ છીએ. એક બાજુ વૈભવશાળી શિક્ષણ અને બીજી બાજુ શિક્ષણ કે જે ત્રુટક-ત્રુટક પોતાની શક્તિથી મેળવતા હોય એવા વિદ્યાર્થીઓ માટે આ સરકાર કંઈ લાવી નથી. આ હરિફાઈના જમાનામાં શક્તિ નથી એવા સમાજને શક્તિ આપવી હોય તો સરકાર કામ કરી શકે છે. આપના દ્વારા કહેવા માગું છું, માનનીય મહેસૂલ મંત્રીશ્રી બેઠા છે, માનનીય નાણામંત્રીશ્રી બેઠા છે. એવી વ્યવસ્થા

ન કરી શકાય કે ઉદ્યોગપતિઓને ૭૦ હજાર હેકટર જમીન આપી એમાં વાંધો નથી પણ ક્યાંક ગરીબ માણસ એના ઘરની બાજુનો વાડો કે જે ૨૫, ૪૯ વાર માગે છે, કોઈક ગામમાં બેન મંદિરની જગ્યા માગે છે, આપ વિભાગમાં જઈને આપના અધિકારીઓને પૂછજો કે આ વાડાની જગ્યા પોતાના ઘરની બાજુમાં છે અને બજાર કિંમતે માગે છે,સાત-સાત વર્ષ સુધી મારા તાલુકામાં ૨૧ કેસમાં એક પણ જમીન એક પણ તાલુકાને નથી આપી શકાય તો શું દશા હશે સાહેબ રાજ્યના અન્ય તાલુકામાં? શું દશા હશે રાજ્યના અન્ય જિલ્લાઓની? આપો જેને આપવું હોય એને આપો પણ સાથે જેનું કોઈ નથી એ પણ તમારી બજાર કિંમતે એની બાજુનો વાડો, એક દીકરો હતો એના બે દીકરા થયા. બીજા દીકારાને ઘર જોઈએ છીએ, એ વાડાની બાજુમાં જગ્યા માગે છે, સંયુકત કુટુંબ પોતાના કુટુંબને જાળવવાની વાત કરે છે તેને પણ આપણે જગ્યાઓ આપી શકતા નથી. કવેરી નીકળ્યા કરે છે. વર્ષોની વર્ષો સુધી એ કવેરીને ક્યાંક બાદ કરી આવા લોકોને જમીનો મળે તેવી આપના દ્વારા સરકારને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મોંઘી વીજળી આપણે લઈએ છીએ. છતીસગઢમાં અને બીજે મોગર અને નૈનીખાતે ૨૭૫૦ અને ૧૭૫૦ વીજળી ઉત્પન્ન કરવા માટે આપણે માગણી કરી છીએ. ભારત સરકારે બે કોલસાની ખાણ રાજ્ય સરકારને આપી. આટલા મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવા માટે આપણે ૨૦૦૬માં ખાણો આપી. કેમ સાહેબ આપણે ઉત્પાદન કરી શકતા નથી? આપણે આપણું ઉત્પાદન એટલા માટે નથી કરવું કે વૈભવશાળી અને ખાનગી વીજ એકમો પાસેથી ખૂબ ઉંચા ભાવે વીજળી લેવી છે. ભારત સરકાર કોલસાની ખાણો આપે ત્યાં કરાર કરીએ અને એ કરાર કર્યા પછી ત્યાં આપણે વીજ મથકો એટલા માટે નથી નાખવા કે આ વીજ મથકો ક્યાંક પાછલા બારણે આપણે કોઈક ઉદ્યોગપતિઓને તો પધરાવી દેવા નથી માગતાને એની ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અસંગઠિત કામદારો પાંચ કરોડ છ લાખની વસ્તી એ આ શ્રમયોગીઓ.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે હું લેખાનુદાન માટે પ્રસ્તાવ લઈને આવ્યો છું એમાં આ સભાગૃહના સન્માનનીય ૬ વ્યકિતઓએ ભાગ લીધો. માનનીય સિદ્ધાર્થભાઈએ કહ્યું કે આ બજેટમાં કે લેખાનુદાનની અંદર કોઈ કલ્યાણકારી યોજનાઓ નથી હોતી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવાનું કે જ્યારે લેખાનુદાન રજૂ કરવાનું હોય ત્યારે જે ચાલુ યોજનાઓ હોય એ બધી યોજનાઓ ચાલુ જ રહે અને એમાંથી આગલા વર્ષમાં ચાર મહિના માટેનો જે કાંઈ ખર્ચ હોય એની મંજરી માટે જ એ હોય છે. અને આપ જોઈ જાશો મારી પહેલા કોંગ્રેસ શાસનમાં હતું ત્યારે ૧૩ નાણામંત્રીશ્રીઓએ અહીં લેખાનુદાન રજૂ કર્યુ હતું એમાં કોઈ નવી યોજના માટેની વાત નથી. યોજના હોવી એ વાત જુદી છે અને થોડી રાહત આપવી એ વાત જુદી છે. માનનીય અર્જુનભાઈ અને માનનીય સિદ્ધાર્થભાઈએ કહ્યું કે કેન્દ્ર સરકારે તો આટલી આટલી રાહત ચાલુ કરી છે, રાહત આપી છે પણ મારે એટલું કહેવાનું કે દીવો જ્યારે ઓલવાઈ જવાનો હોય ને ત્યારે એ વધુ તેજ આપે. એટલે કેન્દ્રમાંથી જ્યારે જાવાનું એ નક્કી છે ને ત્યારે માનનીય અધ્યક્ષશ્રી એ આપે. એમણે કહ્યું કે કાંઈ નથી કર્યુ. હું એટલા માટે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ચૂંટણીના જે પરિણામો આવશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ રીતે એ બિનસંસદીય વાત નથી કરી. એમણે કેન્દ્રની વાત કરી છે મેં કેન્દ્રની વાત કરી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ આપની જગ્યા લઈ લેશો. માનનીય મંત્રીશ્રી જે જવાબ આપે છે એની અંદર એમણે કોઈ એવું અજુગતું નથી કહ્યું. કહેવાનો અધિકાર છે એ કહ્યું છે. આ બાજુથી પણ ટીકા થાય છે, અને આ બાજુથી પણ ટીકા થાય છે. ટીકા સંસદીય રેખાની અંદર હોય એમાં કશો જ, (સતત ઘોંઘાટ) આપના સભ્યોને બેસાડો પછી આપ બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બંને પક્ષ ગુજરાતના હિતની ચિંતા કરતા હોય છે. લેખાનુદાનમાં મારા પક્ષના માનનીય સભ્યશ્રીઓએ રત્નકલાકારો માટેની ચિંતા કર્યા પછી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) આજે એ પ્રશ્ન નથી. (અંતરાય) પ્રશ્ન શ્રી વજુભાઈના પ્રવચનમાં ( અંતરાય) **(આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભા ત્યાગ કરી ગયા )** ( અંતરાય) માનનીય નાણા મંત્રી શ્રી વજુભાઈ જે વિષય ઉપર બોલી રહ્યા હતા અને એમણે જે ઉદ્દગારો કર્યા કે, દીવડો ઓલવાતો હોય ત્યારે વધુ પ્રકાશ આપે, આ સંસદીય મર્યાદાની અંદર રહીને એમણે પોતાની વાત કરી છે અને એની સામે વાંધો લઈ એમણે જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ગાડી ચૂકી ગયા હોય એજ પ્રશ્ન વારંવાર લાવીને વાત કરવી તે યોગ્ય નથી અને એટલા માટે શ્રી વજુભાઈએ જે વાક્યનો ઉચ્ચાર કર્યો હતો અને એના માટે જો વોક આઉટ કર્યો હોય તો વોક આઉટ કરવાનો એમનો અધિકાર છે એને હું રોકી શકતો નથી પણ શ્રી વજુભાઈએ વાપરેલા શબ્દો સંસદીય મર્યાદામાં રહીને એમણે ટીકા કરી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિપક્ષના સભ્યશ્રીઓએ વાત કરી કે, કેન્દ્ર સરકારે આટલી આટલી યોજનાઓ આપી છે, આટલી રાહતો આપી છે. એમાં મારે એટલું જ કહેવાનું કે, એમણે કહ્યું કે વિધવાઓ માટે થઈને પાંચસો રૂપિયાની જાહેરાત કરી. આ ગુજરાત રાજયમાં તો વર્ષોથી પેન્શન આપવામાં આવે છે અને એમ કહેવું હોય તો કહી શકાય કે, ગુજરાતનું જોઈને કેન્દ્ર સરકારે આ નીતિ નક્કી કરી છે. માનનીય

અધ્યક્ષશ્રી, અહીંયા જે કાંઈ કહ્યું હોય કે લોકો તમને પાર્લામેન્ટ વખતે તમે ચૂંટણીમાં જાશો ત્યારે લોકો તમને પૂછશે કે તમે શું આપ્યું? માનનીય અધ્યક્ષશ્રી, શું આપ્યું એ પૂછનાર લોકો આ ગુજરાતની અંદર એવા માયકાંગલા લોકો નિર્માણ ન થાય એ જોવાનું કામ સરકારનું છે. દરેક વ્યકિત આર્થિક રીતે સધ્ધર બને એને કોઈ પાસેથી માંગવા જાવું ન પડે એવા આર્થિક સધ્ધર લોકો નિર્માણ કરવાનું કામ એ ગુજરાત રાજય સરકારનું છે અને રાજયસરકાર કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, એકે એક ક્ષેત્રમાં જોશો તો કૃષિ ક્ષેત્રમાં દરેક ખેડૂત છે એ દરેક ખેડૂતનું ઉત્પાદન કેટલું વધેલું છે. જે આ સાત વર્ષ પહેલાં નવ હજાર કરોડનું કૃષિ ઉત્પાદન હતું એ આજે ૪૯ હજાર કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું છે આજે ખેડૂતોની આવકમાં વધારો થયો છે, એનું ઉત્પાદન વધ્યું છે, ખેડૂત સધ્ધર થયો છે. ગુજરાતમાં એક એક ઉદ્યોગકાર સધ્ધર થાય એટલે હમણાં જ જાન્યુઆરીમાં વાયબ્રન્ટ ગુજરાત વખતે બાર લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને એના કારણે જે ઉદ્યોગો સ્થપાશે તો એ ઉદ્યોગોના કારણે કેટ-કેટલા લોકોને રોજગારી મળવાની છે, એની પાછળ કેટલા લોકોનો વેપાર વધવાનો છે, કેટલાને નોકરી મળશે અને નવો પૈસો ક્રિએટ થશે અને ક્રિએટ થયેલો પૈસો એ રોટેશનમાં આવશે જેના કારણે ગુજરાત રાજયની પ્રજાને વધુ પૈસા મળશે. જે કારીગરોની વાત કરે છે. તો આજે સમસ્ત હિન્દુસ્તાનમાં એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ મારફત પણ જે વધુમાં વધુ રોજગારી અંદાજે ૬૦ટકા કરતાં વધુ રોજગારી આખા હિન્દુસ્તાનમાં જેટલા લોકોને રોજગારી મળે છે એના કરતા ૬૦ ટકા વધુ રોજગારી એ ગુજરાત રાજયમાં એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ મારફત મળે છે. આજે કારીગરો માટે થઈને શિબિરો યોજી છે અને એટલા જ કારીગર લોકોને રોજગારી મળે છે. આજે ગુજરાત રાજયના એક પણ વ્યકિતને લાંબો હાથ કરવો ન પડે, એનું ઓશિયાળુંપણું મટી જાય, એનું માંગવાપણું મટી જાય, આવી પ્રજા નિર્માણ કરવા માટે થઈને આ ભારતીય જનતા પક્ષની સરકાર જે પ્રયત્ન કરે છે એ ખરેખર હિન્દુસ્તાન માટે થઈને આ અદ્વિતિય પ્રયત્ન છે. એટલે કોઈ શું આપ્યું એમ લોકો પૂછશે એની ચિંતા નથી. અમે એક વર્ષ પહેલાં લોકો પાસે ગયા હતા, અમને કોઈને પૂછ્યું નથી કે તમે શું આપ્યું, એને શું મળ્યું છે એ લોકો જાણે છે એટલે આ કોઈ સવાલ જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે રાહતો આપવાની યોજનાઓ છે એવી કોઈ યોજનાઓ અમે કયારેય બંધ કરેલી નથી.માનનીય સભ્યશ્રી જગદીશભાઈએ પણ કહયું કે એસ.સી., એસ.ટી. બક્ષીપંચ અને લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને એના માટે થઈને વધુ મદદરૂપ થવું આજની તારીખે તમામ જગ્યાએ મદદ થાય છે. એસ.સી. હોય, એસ.ટી. હોય, બક્ષીપંચના લોકો હોય, ઓ.બી.સી.ના લોકો હોય એને જે રકમ આપવામાં આવે છે. જે વિદ્યાર્થી હોય છે એને ભણવા માટે પૂરેપૂરી રકમ આપવામાં આવે છે અને એને એક પણ એસ.સી. કે એસ.ટી.નો વિદ્યાર્થી રૂપિયાના અભાવે એ અભ્યાસ ન કરી શકે એવું કોઈ દિવસ ગુજરાત રાજયની અંદર બન્યું નથી અને એના માટે થઈને તમામ યોજનાઓ આપેલ છે. સામાન્ય ભણતર માટે નહીં, ગુજરાત રાજયની અંદર કોઈએ આઈ.એ.એસ. થવું હોય તો ગુજરાત રાજયની અંદર આપણે તાલીમ વર્ગની અંદર ૬૦ સીટ રાખી છે. આ ૬૦ સીટની અંદર ૬૦માંથી એસ.ટી.એસ.સી. બેકવર્ડ કલાસ માટે થઈને ૩૦ સીટ એવા લોકો માટે થઈને રીઝર્વ રાખી. ૫૦ટકા સીટ રીઝર્વ રાખી છે કે એસ.ટી., એસ.સી. અને બક્ષીપંચના લોકો આઈ.એ.એસ. અધિકારી તરીકે નિર્માણ થાય એના માટે થઈને તમામ સગવડતાઓ આ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ ન કહેતાં હું એટલું જ કહીશ કે હું જે આ લેખાનુદાનનો પ્રસ્તાવ લઈને આવ્યો છું એ લેખાનુદાન આપ સૌ મંજુર કરો એવી આપ સૌને વિનંતી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને લેખાનુદાન પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. ગૃહ ૫-૧૭ મિનિટે (૩૦ મિનિટ બાદ) ફરીથી મળશે.

**વિરામ સાંજના ૪-૪૭ થી ૫-૧૭**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ

### રાજયના પશુધનને બચાવવા સેવાભાવી સંસ્થાઓને રાહત દરે જમીન આપવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે રાજયમાં ખાનગી ટ્રસ્ટો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા પશુઓના નિભાવ માટે પાંજરાપોળ, ઢોરવાડા અને હવાડાની જરૂરી વ્યવસ્થા પોતાના ખર્ચે કરવામાં આવી છે. આ હેતુઓ માટે જમીન ફાળવવાની નીતિ નથી કે જેથી રાહત દરે જમીન ખરીદી પાંજરાપોળ કે ઢોરવાડા બનાવી શકાય. આ પરિસ્થિતિમાં પશુધનની સાચવણી માટે રાજય સરકાર રાહત દરે પૂરતી જમીનો આપે, પૂરતી સગવડો આપે અને રાજયના પશુધનને બચાવવા અથાગ પ્રયાસો કરે તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે દુનિયા આખી પર્યાવરણની ચિંતા કરે છે અને પર્યાવરણ અસંતુલીત થવાને કારણે કલાઈમેટ ચેઈન્જની ચિંતા કરે છે પરંતુ ભારતીય વ્યવસ્થાની અંદર આ બધી જ ચિંતાઓ કરી અને એના માટેની વ્યવસ્થા રાખવામાં આવી હતી અને પ્રકૃતિ સાથે અનુકુલન સાધી શકાય

એ પ્રકારની ભારતીય વ્યવસ્થાની અંદર પહેલેથી જોગવાઈ હતી. જીવો અને જીવવા દો એ સિદ્ધાંત શરૂઆતથી આપણી સંસ્કૃતિ સાથે મળેલો હતો અને એટલા માટે આપણે આપણા દેશની અંદર જંગલોની વ્યવસ્થા અને એમની સાથેસાથે પાલક પુશુઓને નિભાવવાની વ્યવસ્થા આપણે સૌએ શરૂઆતથી રાખી હતી. એટલા માટે માત્ર આજની આઝાદી પછીની વાત નથી કરતો. આઝાદી પહેલા પણ આપણે ત્યાં આવી વ્યવસ્થા હતી. ગૌચરની વ્યવસ્થા હોય, પાંજરાપોળની વ્યવસ્થા હોય કે ગૌશાળાની વ્યવસ્થા હોય.એ આઝાદી પછીની વ્યવસ્થા નથી, પણ આઝાદી પહેલાથી પણ એ વ્યવસ્થા આપણને આપેલી હતી. એટલા માટે આપણે ત્યાં જે ગૌચર છે, એનો નિયમ એવો બનાવેલ છે કે ૧૦૦ પશુઓએ ૪૦ એકરનું ગૌચર હોવું જોઈએ. પાંજરાપોળ અને ગૌશાળાની વ્યવસ્થા ઉપરાંતની આ વ્યવસ્થાઓ હતી, એટલું જ નહિ, પણ ગામડું એક સ્થાનિક યુનિટ તરીકે મજબૂતાઈથી ચાલે એટલા માટે એ સિવાયની પણ આપણે જમીનો આપી અને એમના માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામની અંદર જે ગામની ચાકરી કરતો હોય, બહારથી આવે તે મહેમાનોનું સ્વાગત કરતો હોય તો ચાકરિયાતો માટેની જમીન હતી. ગામના દેવસ્થાનની નિભાવ થાય એટલા માટે દેવસ્થાનની વ્યવસ્થા હતી. દેવસ્થાનની જમીન માટેની વ્યવસ્થા હતી. એટલું જ નહિ, જૂનાગઢની અંદર મુસ્લીમ રાજ્ય હતું. મારા મિત્ર મહેન્દ્રભાઈને ખબર હશે કે એ વખતે આ મંદિરોને માટે જે વ્યવસ્થા થાય એના માટેના જાગીરદારો પણ બનાવવામાં આવ્યા હતા. રામાનંદ સંપ્રદાયનું જે મંદિર છે અમદાવાદનું એના માટે મારા ગામની બાજુમાં સીંગડાની આખી જાગીર આ મંદિરો માટે અપાયેલ હતી. દિવેલિયા માટેની જમીન હતી,તળાવો માટેની જમીનો હતી, સ્મશાનો માટેની જમીન હતી, સીમતળાવો માટેની જમીન હતી અને આઝાદી પછી આ બધી વ્યવસ્થાઓ મજબૂત ટકી રહે તો જેમની પાસે કોઈ એક મીટર જગ્યા નહોતી એવા લોકો માટે ૧૦૦ મીટર જમીન આપવાની પણ એસ.સી. એસ.ટી. અને લેન્ડલેસ લેબર માટેની એ વ્યવસ્થા પણ આપણે કરી હતી, પણ એ પછી છેલ્લા ૧૦-૧૨ વર્ષની અંદર સીનારિયો બદલાયો અને સીનારિયો એવો આવ્યો કે એ લોહામ લોકોની વ્યવસ્થાને બદલે એ ઉદ્યોગપતિઓની વ્યવસ્થા કેમ સચવાય એની બધા ચિંતા કરવા મંડ્યા. વડોદરા રાજ્યની અંદર ૨૪ ગામોની અંદર જે રબારી માલધારી ભાઈઓ હતા, એમને જમીનો અપાય એમને વાડાઓ અપાયા, રાજાશાહી વ્યવસ્થાની અંદર વાડાઓ અપાયા અને એના પછી વાડાઓ આપવાનું પણ અત્યારે બંધ કરાયું. ૧૦૦ વારના પ્લૉટની યોજના હતી એ માત્ર ગરીબી રેખાની નીચે આવતા હોય તેમને ધ્યાનમાં રાખી એ સિવાયના બધા લોકો માટે બંધ થઈ. બધા જ મારા સાથી મિત્રો વારંવાર ગાયોની વાત કરે કે ગાયોના નામે ખૂબ રાજનીતિ કરી. ૧૯૯૫ માં સ્વ. છબીલદાસ મહેતા અને એમના સાથી મિત્રોને ધન્યવાદ આપવા છે કે એમણે ગૌવશં હત્યા અટકાવવા માટેનો કાનૂન એ વખતે લઈ આવ્યા. અત્યારે ગાયો રાખનારા લોકો છે, ગાયોની વાતો કરનારા કેટલા ગાયો રાખે છે, એની મને ખબર નથી. મને એટલી ખબર છે કે આ મંત્રીશ્રીના નિવાસસ્થાનોની અંદર સ્વ. અમરસિંહ ચૌધરી અને સ્વ. મહંત વિજયદાસજીના ઘરે ગાયો હતી, એટલું જ નહિ નમૂનેદાર ગાયો હતી. મહંતદાસજી તો બધા લોકોને ગાયો આપતા અને ગાયો જોવા માટે બહારથી આવતા. મને ખુશી થશે જો કોઈના ઘરે હશે તો. કેશુભાઈએ એમ કહ્યું કે બધા ધારાસભ્યોએ એક એક ગાય પાળવી જોઈએ. મને આનંદ થશે, પણ જે ન હોય, વાતો કરતા હોય એના માટેની વાત છે. છેલ્લા દિવસોની અંદર આ સિનારિયો બદલાય છે. ગુજરાતની અંદર ૭૧૯ ગૌ શાળા અને પાંજરાપોળ હતી. ૧૯૮૫-૧૯૮૬ અને ૧૯૮૭ ની અંદર દુષ્કાળ પડ્યો અને એ વખતે હું ગૌરવથી કહીશ કે મારા પોરબંદર તાલુકાની અંદર ૩૦ જેટલી ગૌ શાળા આજે ગામડાની નોંધાયેલ હતી, જે પાઘડીવાળા, ચોરણીવાળા અને આંગળીવાળા એ ગૌશાળાનું સંચાલન કરતા હતા, એના માટે સબસિડીઓ ૩ વર્ષ સુધી આપવાની અને ગૌ શાળા મજબૂત કરાઈ. હવે આ ૭૧૯ ગૌ શાળા માંથી કેટલાક પાંજરાપોળ અને ગૌ શાળા બંને છે. એમની પાસે કેટલી જમીન રહેવા દીધી છે? કેટલી રહી છે? કેટલી રાજ્ય સાત થઈ એમાં મારા જેવા લોકોએ જમીનો પડાવી લીધી તેની તપાસ થવી ખૂબ જરૂરી છે? આ તો જે વ્યવસ્થા આપણને વારસામાં મળી હતી, તે વારસામાં મળેલી વ્યવસ્થા પણ સાચવી નથી શક્યા. આપણા વારસાની અંદર આપણે કદાચ એમાં ઉમેરો ન કરીએ તો વાંધો નહિ , પણ આપણા વડવાઓએ વારસો આપ્યો હતો એમાંથી ગૌચર ઓછું થયું, પાંજરાપોળની જમીનો ઓછી થઈ અને અમદાવાદ શહેરની વચ્ચે કેટલીક પાંજરાપોળની જમીનો હતી. કયાં ગઈ આ જમીન?માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૦૪ની અંદર દુષ્કાળ પડયો અને તે વખતે મુંબઈના ગવર્નર નોર્થ કોટે શ્રેષ્ઠીઓ પાસેથી દાન ઉઘરાવી સાણંદ પાસે જમીન લીઝ ઉપર લીધી અને તે જમીન ઉપર નોર્થ કોર્ટ ફાર્મ બનાવ્યું. પશુઓ નિભાવવા માટેની વ્યવસ્થા અંગ્રેજોએ કરી. ધીમે ધીમે તે જમીન પણ રાજયસાત કરી અને આણંદ યુનિવર્સિટીને આપી. મારે દુ:ખ સાથે કહેવું છે કે આ સરકારે જ એમ કહયું હતું કે અમે કામધેનું યુનિવર્સિટી બનાવવાના છીએ અને તેના માટે સૌથી અનુકૂળ જમીન સાણંદની જમીન હતી. તે જમીન પણ મૂળ ખેડૂતોની માગણી હોવા છતાં એ જમીન પણ ટાટા મોટર્સને અપાઈ. કલોલની બાજુમાં જમીન હતી. પાંજળાપોળ માટેની જમીન હતી ૨૦૦૦ એકર. એ જમીન આ જ રસ્તે ચાલી ગઈ. જુની સાચવી નથી શકતા. નવી જમીનો આપણે આપવી નથી. આ જે ગૌશાળા છે, પાંજળાપોળો છે તેમાંય મારે પાંજળાપોળ બાબતમાં આપને કહેવું છે આખા ગુજરાતની અંદર સૌથી વધારે ગૌશાળા જુનાગઢ જિલ્લામાં છે. કારણકે આ ગૌશાળાને રાજયાશ્રય જે તે વખતના નવાબે આપેલો હતો. આપણે આપણા ધર્મની, આપણી સંસ્કૃત્તિની વાતો કરનારા લોકોએ આ બધી જમીનો એક યા બીજા પ્રકારે ઓછી કરી છે. વધારી નથી. સો પશુએ ૪૦ એકર જમીન જોઈએ. પણ જયારે

ઉદ્યોગગૃહોની માગણી આવે ત્યારે આ ૪૦ એકર જમીનની કોઈ ગણતરી રાખ્યા વગર તે જમીનો ઉદ્યોગગૃહોને પધરાવી દેવાય છે. તેનાથી વિશેષ આ લોકો જયારે જમીન આપણી પાસે માગે કે મારે પાંજળાપોળ કરવી છે, નિરાધાર ગાયો માટેની વ્યવસ્થા કરવી છે તેના માટે જમીનો ન અપાય પણ એવા લોકો પણ છે કે ધર્મના નામે વેપાર કરાવે છે પણ રાજય સરકાર સાથે એમની બરોબરની સાંઠગાંઠ ચાલે છે. તે આશારામ બાપુ જેવા પાસે લાખ એકર, બે લાખ એકર તે પછી અમદાવાદમાં હોય, સુરતમાં હોય કે હિંમતનગરમાં હોય તે ગમે તેટલી જમીન ઉપર એન્ક્રોચમેન્ટ કરે તેનું કઈ ન થાય. આ ગૌચરની જમીન અને બીજી જમીનો કેટલી અપાઈ તેનો માત્ર દાખલો આપીશ. કચ્છની અદર વેલસ્પન કંપની છે તેને પંદર-સોળ અને અઢાર રૂપિયે અલગ અલગ જમીન ૨૫૦ એકર જમીન અપાઈ છે. માન ઈન્ડસ્ટ્રીઝને ૪૫ રૂપિયે નવ હજાર મીટર જમીન અપાઈ, એસ્સાર કંપનીને જામનગર જિલ્લામાં ૪૫૦ રૂપિયે મીટર જમીન ૩ લાખ ૫૦ હજાર મીટર અપાઈ અને એ જ કંપનીને બીજી ૬૪ હજાર મીટર જમીન છે તે ૧૫૦ રૂપિયે આપી. અદાણી મુન્દ્રા સેઝને સરેરાશ એક રૂપિયાથી માંડી અને દસ રૂપિયા સુધી, એટલે સરેરાસ ભાવ આઠ રૂપિયે અને ૩૮ લાખ ૬૭ હજાર મીટર જમીન અપાઈ. આટલી જમીનો અપાય. રાજય સરકાર ભલે તેનું ગૌરવ લે પણ આપણે એમ કહીએ છીએ, માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે ગાયો માટે અમારે હોસ્ટેલો બનાવવી છે. આજે આદિવાસી દીકરા  દીકરીઓ માટે હોસ્ટેલ નથી બનાવતા તો ગાયો માટે કયાંથી બને? આ હોસ્ટેલો બનેલી છે, આ રેસીડેન્સીયલ યુનિવર્સિટીઓ આપણા વડવાઓએ બનાવેલી છે અને તે રેસીડેન્સીયલ યુનિવર્સિટીઓ આપણે બંધ કરીએ છીએ. મારે આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ પાંજળાપોળ, ગૌશાળા બીજું બધું મે અગાઉ કહયું તે પ્રમાણે અત્યારે એવી અપેક્ષા તો નહીં રખાય કે આ સરકાર છે તે ગામડાની અંદર હવાડા બનાવી દે અને હવાડા માટે આપણે તેના નિભાવ માટેની જમીન આપે. આ ઉદ્યોગોને જમીન અપાય, ભલે આપે તેના માટે ગૌરવ પણ લે પણ આના માટેની પાંજળાપોળ, ગૌશાળા માટેની જમીનો જે અત્યારે છે તે જમીનો બિલ્ડરો પાસે ન જતી રહે,  લેન્ડ માફીયા પાસે ન રહી જાય. (સમયસૂચક ઘંટડી) એક જ મિનિટમાં પૂરું કરું.

**અધ્યક્ષશ્રી** : મને કોઈ વાંધો નથી. આપના બે નામ આવ્યા એટલા માટે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં પૂરું કરું છું.  એટલે એ જમીનો એની પાસે ના જાય અને આ ૪૦ એકરનું જે ધોરણ છે એ જળવાય જ અને આ જમીનો જે રીતે જંગલોની જમીનો કોઈપણ સંજોગોમાં આપી શકાતી નથી  અને એના માટેની ખાસ કમિટી હોય છે એમ આ ગૌચર માટેની જમીન પણ કોઈપણ સંજોગોમાં કોઈને ના આપી શકાય અને કોઈ ઉદ્યોગકારને ઉદ્યોગ કરવો હોય તો એ જમીન વેચાતી લઈને કરે અને આવી ગૌચરની જમીનમાં ઉદ્યોગ ના બને, આ પાંજરાપોળ અને ગૌશાળાઓમાં શહેરોમાં જેટલાં ઢોર છે એને સાચવે છે એને મફત જમીન અપાય અને પાંજરાપોળ અને ગૌશાળા વ્યવસ્થિત રીતે ચલાવતી હોય એના માટે અત્યારે રાહત દરે જમીન અપાય એ માટેનો ઠરાવ છે એ હું માનું છું કે મને જેટલી ચિંતા છે એટલી જ ચિંતા બધાને છે અને એટલા માટે આ જે ઠરાવ છે એ ઠરાવને સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવે એવી દરેક સભ્યશ્રીને મારી વિનંતી છે.

**શ્રીપ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા નિયમ ૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પાંજરાપોળો અને ગૌશાળાઓ અનેક જગ્યાએ ચાલે છે એવી સંસ્થાઓમાં બિન વારસી, માંદા ઢોરો, મોટી ઉંમરનાં વૃધ્ધ ઢોરો, કતલખાનેથી બચાવાયેલાં ઢોરો, એ બધાનું આ પાંજરાપોળો અને ગૌશાળાઓમાં પાલન પોષણ કરવામાં આવે છે અને આવી સંસ્થાઓ વર્ષોથી એક સાચી લોક ભાગીદારી જેને કહેવાય કે દાતાઓની મદદથી અને ખાસ કરીને જીવદયાના આધાર ઉપર મહાજનોના ફાળાથી ચાલે છે. એમાં રાજય સરકારે પણ આવી પાંજરાપોળો અને ગૌશાળાઓ ચલાવવા માટે, આવા પશુધનની જાળવણી માટે અનેક પગલાં ભર્યા છે. રાજય સરકારની ઘણીબધી નીતિઓ આજની તારીખે પણ અમલમાં છે એ તરફ હું માનનીય સભાગૃહનું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગનો તા. ૨૫-૫-૦૧ ના ઠરાવમાં અસરગ્રસ્ત ગ્રામ વિસ્તારની પાંજરાપોળ અને ગૌશાળા માટે હોય એના માટે ૩૦ એકર સરકારી પડતર જમીન વાર્ષિક એક રૂપિયાના ટોકન ભાડાથી ૩ વર્ષ માટે આપવાની જોગવાઈ છે અને આ સ્થિતિ પાંજરાપોળ કે ગૌશાળા સારી રીતે ચલાવે તો  ૩ વર્ષનો સમયગાળા પછી પણ ભાડાપટ્ટો વધારી આપવાની જોગવાઈ પણ રાજય સરકારે આ ઠરાવમાં કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પાંજરાપોળ અને ગૌશાળા માટે ખૂબ જ મોટું જો કામ કર્યુ હોય તો જે જમીન ટોચ મર્યાદા ધારો એમાં જે જમીનો જતી હતી એમાંથી મુકિત આપવાનું કામ કર્યુ છે. આ ગુજરાત ખેત જમીન ટોચ કર્યાદા ધારાની કલમ ૩/૧ (ધ) માં રાજય સરકાર દ્વારા પાંજરાપોળ અને ગૌશાળા હસ્તકની જે જમીનો આવતી હોય એની અંદર મુકિત આપવી અને પૂરતા પ્રમાણમાં જે સંસ્થા પાસે જમીન હોય એ ધારણ કરી શકે એવો રાજય સરકારનો પ્રયત્ન હતો. રાજયમાં અત્યારે આવા જમીન ટોચ કર્યાદા ધારામાંથી મુકિતના કેસો ૨૮ રાજય સરકાર સમક્ષ પડતર છે તે પૈકી ૨૦ કેસોમાં અપીલ થઈ છે અને ૭ કેસમાં રિવિઝન અરજી થયેલ છે. મારા વિસ્તારમાં પણ મોટી મોટી પાંજરાપોળ અને આવી સંસ્થાઓ આવેલ છે એમાં વિરમગામ ખોડા ઢોર

પાંજરાપોળ, ઉઘરોજ પાંજરાપોળ, માંડલ પોજરાપોળ, રામપરા પાંજરાપોળ છે તેમની પાસે હજારો ઢોર આજે પણ છે અને લાખો ચોરસ મિટર જમીન છે, પરંતુ મને ખ્યાલ છે કે કોઈ સંસ્થા પાસે ઓછી જમીન હોય કે વધારે જમીન હોય એવા કારણોસર કોઈ સંસ્થા આજે બંધ થઈ નથી અને કોઈ સંસ્થાને કોઈ એવી તકલીફ પણ પડી નથી. આ બધા સિવાય પણ રાજયમાં ગૌ સેવા આયોગ જેવું આયોગ પણ ગુજરાત સરકારે રચ્યું છે અને આ આયોગ રાજયમાં ૪૭૫ જેટલી ગૌશાળા અને ૨૪૪ પાંજરાપોળ જે સહાય આપવાની કામગીરી કરે છે. તે ઉપરાંત રાજયમાં પશુઓનું રસીકરણ ને આ સંસ્થામાં રહેલાં ઢોરોની તપાસણીનું કામ પણ આ ગૌ સેવા આયોગ માર.તે થાય છે. ગાયાના એક મુજબ એના સ્લેબ મુજબ એના ઘાસના ગોડાઉન ભરવા માટે પણ રાજય સરકાર સહાય કરે છે. આવા પશુઓ રાખતી સંસ્થાઓમાં આવા પશુઓની તંદુરસ્તની હરિફાઈ પણ થાય એના માટે પણ રાજય સરકાર પુરસ્કાર રૂપે ૭૫ હજાર, ૫૦ હજાર અને ૨૫ હજારનાં ઈનામોની પણ જાહેરાત કરે છે. ગૌશાળા અને પાંજરાપોળ પાસે ગૌચર અને ખરાબાની ઘણી મોટી જમીનો હોય છે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી:** માનનીય આત્મારામભાઈ....

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા દ્વારા જે પ્રસ્તાવ રજૂ થયો છે, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ અન્વયે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ પ્રસ્તાવ જ્યારે રજૂ થયો ત્યારે અમને આશ્ચર્ય થયું હતું કે આ રાજયમાં તમામ પ્રકારની સુવિધાઓ, આવા ઢોરવાડાઓ, પશુધન માટે તેને સાચવવા માટેની તમામ વ્યવસ્થા છે. તેમાં સરકાર, મહાજન અને લોકોની ભાગીદારી છે. ત્યારે પ્રશ્ન થતો હતો કે ક્યાંક એવો કોઈ પ્રસંગ પણ બન્યો નથી, ટૂંકા સમયમાં કે આવો પ્રસ્તાવ લાવવો પડે એવો કોઈ બનાવ પણ બન્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમારી આ શંકા, પ્રસ્તાવ વખતની શંકા માનનીય અર્જુનભાઈના પ્રવચન પછી સાબિત થઈ ગયું કે એમને પશુ અને ઢોર કરતાં વધારે ચિંતા આ ગુજરાતમાં ઉદ્યોગોને આવતા રોકવાની છે. આ ચિંતા છે. એમણે આપેલા લિસ્ટમાં જોઈ લો કે આ બધા ઉદ્યોગ અહીં ગુજરાતમાં આવે, ગુજરાતનો વિકાસ થાય, ગુજરાતના મુખ્યમંત્રીની વાહ-વાહ થાય, ગુજરાતની પ્રજા અમારી સાથે રહે, એટલે એમને ત્યાં બેસવું પડે. એમાંથી સાહેબ, આ એક અલગ પ્રકારનું, આ પ્રસ્તાવ કયાંય લાવી શકાય એવી માનસિકતા જ નથી સાહેબ. આ ગુજરાતની નહીં, ભારતની સંસ્કૃતિની પરંપરા છે. આ દેશની પરંપરા છે કે આપણે કીડીને માટે પણ કિડિયારું બનાવીએ છીએ. પશુ-પંખી માટે પાણીના પાણિયારા બનાવીએ છીએ. ચબૂતરાઓ બનાવીએ છીએ. ઢોરને માટે પાણીના હવાડા બનાવીએ છીએ. અછતના અને રાહતના કામો વખતે આપણે કેટલ કૅમ્પ ચલાવ્યા છે. એ કેટલ કૅમ્પ જ્યાં જ્યાં ગુજરાતની પ્રજાએ ચલાવ્યા છે ત્યાં કયારેય કોઈ ફરિયાદ નથી આવી પણ રફાળેશ્વરમાં જ્યારે કેટલ કૅમ્પ શરૂ થયો ત્યારે ભ્રષ્ટાચારની આંગળી કોની સામે ચીંધાઈ હતી એ પણ મહત્ત્વનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી જે વાત કરવી છે એ ગુજરાતના વિકાસને રોકવાના પ્રયત્નો આવા નાના નાના તમારા વાંકમાંથી કયારેય થવાના નથી. ગુજરાતની પ્રગતિ એ હાથી છે. ગુજરાતની પ્રગતિ હાથી સમાન પ્રગતિ છે અને એને તમે કયારેય અટકાવી શકવાના નથી અને એટલા માટે મેં પ્રથમથી જ કહ્યું હતું, આ પ્રસ્તાવ આવ્યો ત્યારે જ અને એમના પ્રવચનમાં સાબિત થઈ ગયું કે પશુધન કરતાં પણ વધારે ચિંતા આ જમીનો ઉદ્યોગવાળાને કેમ આપી, ફૅક્ટરીવાળાને કેમ આપી, આ ફૅક્ટરીઓએ રોકાણ કરીને ગુજરાતના યુવાનોને રોજગારી કેમ આપી એમ નથી કહ્યું, એટલું સારું છે. કારણ કે તો બધું સાવ ખુલ્લું થઈ જાય. પણ કોથળામાં પાંચશેરી નાખીને એમણે પ્રયત્ન તો કર્યા જ છે. આટલી વાત કર્યા પછી ગુજરાતમાં તમામ પ્રકારના પ્રયત્નો આ સરકાર દ્વારા અત્યાર સુધી કર્યા છે એમ છેલ્લા સાતેક વર્ષથી આ ગુજરાતની સદ્‌નસીબી છે. આ ગુજરાતમાં એવી સરકાર છે, ગુજરાતમાં એવા શુકનવંતા પગલાવાળા મુખ્યમંત્રી છે કે જેના શુકનવંતા પગલાના લીધે આજે ગુજરાતમાં કયાંય દુષ્કાળ કે કયાંય અછતની પરિસ્થિતિ પેદા થઈ નથી, છેલ્લા સાતેક વર્ષથી આવા કોઈ બનાવો નથી બન્યા અને તેમ છતાં આવો પ્રસ્તાવ લઈને આપણા વિધાનસભાના વિરોધપક્ષના માનનીય સભ્યશ્રી આવે છે ત્યારે એ જ વખતે અમને એમ લાગતું હતું કે. આમાં દાળમાં ક્યાંક કાળું છે અને માનનીય અધ્યક્ષશ્રી, ગાયોની આખી ચિંતા વ્યક્ત થઈ ત્યારે અમને એમ લાગતું હતું કે આ ગાયોની ચિંતા કરનારાઓ ગાયોનો ઘાસચારો ખાઈ જનારાઓની સાથે દિલ્હીમાં સત્તાની ભાગીદારી કરીને બેઠાં છે અને એ સંજોગોમાં એમના આ પ્રસ્તાવને હું સમર્થન આપી શકું તેમ નથી.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે માત્ર પાંચ મિનિટ છે. આપના ત્રણ વક્તાઓના નામ છે. તમારી પાસે પાંચ જ મિનિટ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૦૧ અન્વયેનો માનનીય અર્જુનભાઈ જે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જીવદયાની જે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હજારો લોકો ગુજરાતમાં અને સેંકડો સંસ્થાઓ આ ક્ષેત્રની અંદર કામ કરી રહી છે, તેણે તેની સેવા કરવાની પ્રવૃત્તિને વેગ મળે અને પશુઓને રાહત મળે એટલા માટે પૂરતા પ્રમાણમાં જમીનો સરકારશ્રી આપે એ આ ઠરાવનો હાર્દ છે. ઉદ્યોગો ગમે તે ભાવે જમીનો ખરીદી શકે, કેપિટલ કોસ્ટ પણ બતાવી શકે પણ આ તો પરમાર્થનું કામ છે અને એની અંદર એને સરકારશ્રી તરફથી

વાજબી ભાવે કે મફત જમીન અપાય તો જ આ પ્રવૃત્તિનું કામ સરળ થઈ શકે. મારો પોતાનો અનુભવ છે. ગૌચરની જમીનો આપણે ત્યાં નીમ થયેલ હતી. શ્રી અર્જુનભાઈએ સાચું જ કહ્યું કે આઝાદી પહેલાં. મેં એક રિટ પિટિશન નામદાર હાઈકોર્ટમાં કરેલ અને દુષ્કાળમાં પાંજરાપોળોને સબસિડી સમયસર જાહેર કરો એ માટેની હતી અને એ વખતે એના ઈન્ટ્રોડકશન આપતા જે દસ્તાવેજો હતા એની અંદર ટોડરમલના વખતમાં મહેસૂલ પદ્ધતિ આવી ત્યારથી અને અંગ્રેજોના સમયમાં, સલ્તનતના સમયમાં અને એ પછી ૧૫૧૩ના દુષ્કાળ જગડુશાના સમયમાં થયેલ અને આ બધું ગુજરાતની ધરતી ઉપર થયેલ અને ગુજરાતની અંદર જીવદયાની પ્રવૃત્તિ છે અને અમારા લોકોની અંદર જીવદયાના સંસ્કારો આવેલા છે. મારે ગૌચરની જમીનો જતી હોય ત્યારે અમે અવાજ ઉઠાવીએ. કોઈ મહાજન સંસ્થાએ માહિતી અધિકાર નીચે એક માહિતી મેળવી. કચ્છમાં SEZ માટે ગૌચરમાંથી બીન ગૌચર કરાયેલ અને એના માટે ૩૦ ટકા વધુ દર લેવાયેલ અને આ જિલ્લા પંચાયત પાસે ચાર કરોડ રૂપિયા જમા પડેલ છે. આ ચાર કરોડ રૂપિયાનો કયાં ખર્ચ કરવો એનું માર્ગદર્શન રાજય સરકાર પાસે માગેલ છે. હજુ થઈ શક્યું નથી તો નવા ગૌચર બનાવવા માટે રાજય સરકારની કોઈ તૈયારી ન હોય તો જે સંસ્થાઓ આ ગૌચર માટેની જમીનો માગતા હોય તો સામેથી ચાલીને જમીનો આપવા માટે સરકારશ્રીને અનુરોધ કરું છું અને માનનીય અર્જુનભાઈના પ્રસ્તાવને અનુમોદન આપું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા ઊભો થયો છું. દુવિધાની વાત એ છે કે, જૂની શરત, નવી શરત, ગણોત ધારો કાઢી નાખ્યો. એના કારણે આજે ખેડૂતોની જે હાલત છે એ ગંભીર છે. છેક અંબાજીથી ઉમરગામ સુધી કોઈ ખેડૂત પાસે જમીન રહી નથી. કારણ કે, પૈસા ઉપજે છે તો આપી દઈએ અને પૈસાનું શું કારણ છે કે, તો ચાલો ખાઈ-પીને લહેર કરીશું. એમાં નાના અને સીમાંત ખેડૂતો છે.

ગૌચરનો પ્રશ્ન આવ્યો ત્યારે ગાયો અને પશુઓ માટેની અહીંયાં જગ્યા હતી. મારા ખેડા જિલ્લામાં તો એ પરિસ્થિતિ પેદા થઈ છે કે, શિક્ષણ સંસ્થાઓને ૪૦ એકર, ૫૦ એકર જમીનો આપી. એમાં બાકરોલ હોય, આણંદ હોય, કાસોલ હોય, પલાસણ હોય આ બધાની જમીનો ચાલીસ ચાલીસ એકર, પચાસ એકર જમીન આપી શકીએ. પણ મારો પેલો આદિવાસી, નાનો ગરીબ માણસ એને પ્લૉટ કે જમીન નથી આપી શકતા. ઉદ્યોગપતિઓ પાસે ખૂબ પૈસા હોય, ખૂબ ધન છે એ જમીન સરવે નંબર લઈ શકે. પણ જે પેલા મુંગા પશુ છે એના માટે ગૌચર બન્યા નથી. એને વાચા નથી. આપણા વડવાઓએ, આપણી સંસ્કૃતિએ ગૌચર રાખ્યા હતા. આજે પરિસ્થિતિ એ પેદા થઈ છે કે, જેમ જેમ ગૌચર ઓછું થતું જાય છે એમ, મારા ગામમાં, મારા નડિયાદ તાલુકામાં ખેડૂતોએ જે પાક તૈયાર કર્યો હોય એનું ભેલાણ થઈ જાય છે. ખેડૂતોને મુશ્કેલી પડે છે અને સાથેસાથે આજે કોઈ ગાયો કે પશુ રાખવા તૈયાર નથી. એ જાય કયાં? ગૌચર ઓછા થતા જાય છે. આપણામાં હિન્દુ સંસ્કૃતિ હોય, ગૌ પ્રત્યે હમદર્દી હોય તો ગાયો માટે જમીન આપવી જોઈએ બીજા કોઈ માટે જમીન આપવી જોઈએ નહીં. ફક્ત પશુઓ માટે આ જમીન રાખવી જોઈએ. એ માટે હું આપને ભલામણ કરું છું.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર હું ચર્ચા કરવા માટે ઉભો થયો છું. ગુજરાત સરકાર રાજયના પશુઓની જાળવણી માટે ખૂબ જ ઉંડો રસ લઈને પગલા લઈ રહી છે. તા:૨૫-૫-૨૦૦૧ના ઠરાવથી અસરગ્રસ્ત ગ્રામ્યવિસ્તારોની આવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને ટ્રસ્ટો માટે ૩ એકર જમીન આપવાનું આ ઠરાવથી નકકી કરેલ છે. આ જમીન રૂપિયા ૧ના ટોકન ભાડાથી આપવામાં આવે છે અને એની મુદત ૩ વર્ષની હોય છે અને આવા ટ્રસ્ટો જયારે આ નિયમોનુ પાલન કરતા હોય છે ત્યારે એની મુદત વધારી આપવામાં આવે છે. ગણોતધારાની કલમ-૩-૧ (દ) (ગ) મુજબ આવા ટ્રસ્ટોને જમીનની ટોચમર્યાદામાંથી મુકિત આપવામાં આવે છે. જયારે અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલો હોય ત્યાં ઢોરવાડા શરૂ કરવા માટે પણ પરવાનગી આપવામાં આવે છે. આવા ઢોરવાડા માટે પશુઓની સંખ્યા મુજબ દર પશુદીઠ રૂપિયા. ૧૦ દૈનિક એના ઘાસચારા માટે આપવામાં આવે છે. ગુજરાત સરકારમાં જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ બેઠા છે ત્યારથી ગુજરાત સરકારના આ મુખ્યમંત્રી પ્રમાણિક અને નેક છે. રાજા જયારે પ્રમાણિક અને નેક હોય છે ત્યારે કુદરતના પણ એમના ઉપર ચાર હાથ હોય છે. જયારે આ મુખ્યમંત્રીશ્રી ગાદીએ બેઠા છે ત્યારથી ગુજરાતમાં છેલ્લા ૫-૭ વર્ષથી વરસાદ સારો થયો છે અને ગુજરાતમાં અછતની પરિસ્થિતિ પેદા થઈ નથી ત્યારે આ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ અત્યારે કસમયનો છે અને તેને હું સમર્થન કરી શકતો નથી.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ જે ૧૦૧નો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપુ છું. પાંજરા પોળોમાં એવા અશકત વૃધ્ધ પશુઓને સાચવવામાં આવે છે એ પાંજરાપોળો, ઢોરવાડાઓમાં જે એમને પીવાના પાણીની વ્યવસ્થાઓ હોય એ વ્યવસ્થાના દરમાં પણ આપણે કયાંક રાહત આપી શકીએ એવું વિચારી શકાય. નરોડા, માણસા, અને દહેગામ, ૪-૫ પાંજરાપોળો સાથે સતતનો સંપર્કમાં રહયો છે. પાંજરાપોળો શ્રેષ્ઠીઓ દ્વારા ચલાવવામાં આવે છે. સરકારની આ સહાય અને આ બધી જ વ્યવસ્થાઓ હોવા છતાં દાખલો આપવા માગું છું. આ વિધાનસભાના ધારાસભ્યશ્રી અને અમારા વડીલ આદરણીય મુરબ્બી શ્રી મંગળદાસભાઈ પટેલ સાહેબ અહીં બિરાજમાન છે. માણસાની પાંજરાપોળ મુંબઈના

શ્રેષ્ઠીઓ દ્વારા ચાલે છે. આટલી સરકારની વ્યવસ્થાઓ હોવા છતાં પણ દર વર્ષે ૪૦ થી ૫૦ લાખ રૂપિયાનો ફાળો એકઠો કરી અને મુંગા પશુઓને નિભાવે છે. આ પાંજરાપોળો માટે આપણે વાઈબ્રંટ ગુજરાત કરીએ છીએ, ઉદ્યોગપતિઓને બોલાવીએ છીએ, દેશવિદેશના લોકોને બોલાવીએ છીએ, આ પાંજરાપોળના ટ્રસ્ટીઓને ગાંધીનગરના આંગણે બોલાવીને એમ ના કહી શકીએ કે તમારે કેટલી જમીન જોઈએ છે. લાવો અમારી પાસે અને અમારાથી શકય હોય એટલી અમે તમને મદદ કરીશું. આ વિઝન જોઈએ, આ દ્રષ્ટિ જોઈએ, જય હો ગૌમાતાકી, ગૌમાતાકી જય, ગૌહત્યાના નામે કાયદો કર્યો, જૈનોની વચ્ચે ઉજવણી કરીએ અને શબ્દોથી ગૌમાતાનું રક્ષણ થતું નથી ખરા અર્થમાં આ ગાયો માટે આ પાંજરાપોળો માટે સરકાર કંઈક એવું કરીને બતાવે જેથી આવતી વિધાનસભામાં અમે અહીંથી ઉભા થઈને સેલ્યુટ સરકારને મારીએ એવી વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (ગૌસંવર્ધનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તાવ ઉપર માનનીય સભ્યો સર્વશ્રી પ્રાગજીભાઈ, આત્મારામભાઈ, બાબુભાઈ, શંકરભાઈ, માનનીય જગદીશભાઈ વિગેરેએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે તા. ૨૫-૫-૦૧ના રોજ ત્રણ વર્ષ માટે ભાડા પટ્ટે જમીન આપવાની અને એ પણ માત્ર એક રૂપિયાના ટોકન ભાડાથી અને જરૂર પડે તો એ ભાડા પટ્ટાને લંબાવી આપવાનો પણ ઠરાવ કર્યો છે. એ પહેલા આવો કોઈ ઠરાવ થયેલ નથી. એ ઉપરાંત પાંજરાપોળ, ગૌશાળા હસ્તકની જે જમીનો છે એને ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારાની કલમ ૩(૧)(ગ)(ગ)ની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેના કારણે રાજ્યની પાંજરાપોળો અને ગૌશાળાઓનું સંચાલન કરતી સંસ્થાઓ જરૂર મુજબ પૂરતા પ્રમાણમાં ખેતીની જમીન ધારણ કરી શકે છે. રાજ્યની અંદર ૪૭૫ જેટલી ગૌશાળાઓ અને ૨૪૪ જેટલી પાંજરાપોળોને આ રાજ્ય સરકાર સીધી ગ્રાન્ટ આપીને સહાય કરી રહી છે. આપણે ત્યાં એવો સારો અભિગમ અપનાવેલ છે કે જન ભાગીદારીથી અનેક કામો સમાજના શ્રેષ્ઠીઓ અને મહાજનો કરતા હોય છે. વર્ષોથી આઝાદી પહેલાં અને આઝાદી પછી અને અત્યારે પણ આ કામમાં અનેક લોકો જોડાયેલા છે અને એટલું સુંદર કામ ગુજરાતમાં કરી રહ્યા છે કે આપણને ગૌરવ થાય. પોતાની રીતે ગૌસંવર્ધન, એનો ઉછેર કરવો, એની સેવા કરવી, રોગોમાંથી એને મુક્ત કરાવવા એ પ્રકારના કામો અહીં થતા હોય છે. ગાયોની વાત કરવા માટે અને ગૌસંવર્ધન અને રીસર્ચ વગેરે થાય એના માટે ગૌ સેવા આયોગની રચના આપણે ત્યાં થયેલ છે. ગીર કે કાંકરેજ ઓલાદની ગાયોના સંવર્ધન, કેટલ સીડ, બોર માટે ખર્ચના ૭૫ ટકા રકમ રાજ્ય સરકાર ચૂકવી રહી છે. એક બીજી યોજના છે જેમાં ગૌશાળા અને પાંજરાપોળ જે સુંદર કામ કરતી હોય તો એમને દર ત્રણ વર્ષે ઈનામ આપવામાં આવે છે. પ્રથમ ઈનામ ગૌશાળા માટે ૭૫ હજાર અને પાંજરાપોળ માટે ૭૫ હજાર, બીજું ઈનામ ગૌશાળા માટે ૫૦ હજાર અને પાંજરાપોળ માટે ૫૦ હજાર અને ત્રીજું ઈનામ ગૌશાળા માટે ૨૫ હજાર અને પાંજરાપોળ માટે ૨૫ હજાર આપવામાં આવે છે. આ રીતે એમને પ્રોત્સાહિત કરવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. આ ઉપરાંત ગૌશાળા અને પાંજરાપોળનું જિલ્લા કક્ષાએ અધિવેશન થાય એના માટે રાજ્ય સરકાર સહાય કરી રહી છે. હમણાં જગદીશભાઈ કહેતા હતા કે તમે ઉદ્યોગપતિઓને બોલાવો છો, અમને બોલાવતા નથી. આ તો દરેક જિલ્લામાં અમે બોલાવી રહ્યા છીએ. આપ ઉપસ્થિત ન રહો એમાં અમે શું કરીએ? ગાયોના ઉત્પાદન અને આર્થિક પોષણ માટે પ્રચાર અને પ્રસાર માટે આ ગૌસેવા આયોગ કાર્ય કરી રહ્યું છે. આંતરમાળખાકીય સગવડો ઊભી કરવા માટે સહાય કરી રહ્યું છે. સારું કામ કરતાં હોય અને સેવાકીય પ્રવૃત્તિ કરતા હોય એમને રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ પણ આ પ્રવૃત્તિને એવોર્ડ આપી રહ્યો છે. છાણમાંથી સેન્દ્રિય પદ્ધત્તિથી ખાતર બનાવવાનું પ્રોત્સાહન અને એમાંથી આવક મેળવી શકે એના માટે પણ રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. ગેરકાયદેસર કતલખાના હોય એમાં જે પશુ લઈ જવામાં આવે છે એને છોડાવીને એના નિભાવ માટે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. ગૌચર સુધારણા માટેનું આયોજન ગૌસેવા આયોગમાં છે. રખડતી ગાયો છે એના નિભાવ માટેનું પણ કામ કરે છે. ગોબર ગેસ પ્લાન્ટ અને ગોબર બેંક બનાવવા માટે રાજ્ય સરકારે પહેલ કરી છે અને અનેક ગામડાઓમાં આ કાર્યનો આરંભ થયો છે. હમણાં અર્જુનભાઈ કહેતા હતા કે ગૌવંશ હત્યા પ્રતિબંધ એ એમના સમયમાં આવ્યો. પરંતુ મારે અહીં સ્પષ્ટતા કરવી છે કે ગીતાબેન રાંભીયા ઉપર સી.એન. વિદ્યાલય પાસે હુમલો થયો એ સમયે ગુજરાતમાં એવું વાતાવરણ બન્યું હતું કે તા. ૨૬-૧૦-૦૫ના રોજ આ વિધાનસભામાં ગૌવંશ હત્યા પ્રતિબંધનો ધારો પસાર કરવામાં આવ્યો હતો. આખા દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે કે ગૌવંશ હત્યા ઉપર પ્રતિબંધ ધારો દાખલ કર્યો. એ ઉપરાંત જે કતલખાનામાં ટ્રકો દ્વારા ગાયોનું માંસ લઈ જવામાં આવતું હોય છે એ અટકે એના માટે ગાયોના માંસની તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લૅબૉરેટરી દ્વારા મોબાઈલ વાનની પણ વ્યવસ્થા જૂન-૨૦૦૭થી શરૂ કરવામાં આવી છે અને જ્યાં માંસ લઈ જવામાં આવતું હોય એ ટ્રકમાંથી એ કયા પ્રકારનું માંસ છે એનું ચેકીંગ થતું હોય છે અને એમાં જો ગાયનું માંસ હોય તો એને પકડીને સજા કરવામાં આવે છે. પવિત્ર પર્યુષણ પર્વ નિમિત્તે એ સમયગાળામાં પણ કતલખાનાઓ બંધ રાખવાના હુકમો આ રાજ્ય સરકારે કરેલા છે. આ રીતે ગાયોને બચાવવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. અર્જુનભાઈ, મારે એટલું કહેવું છે કે આપ બધાએ મળીને ૪૦-૪૦ વર્ષ સુધી શાસન કર્યું પણ કામધેનુ યુનિવર્સિટી બનાવવાનો વિચાર તમને આવ્યો ન હતો.

આ રાજ્ય સરકારને કામધેનું પશુપાલન યુનિવસિર્ટી બનાવવાનો વિચાર આવ્યો છે અને સૈધ્ધાંતિક નિર્ણય પણ કરવામાં આવ્યો છે. ટૂંક સમયની અંદર આ કામધેનું પશુપાલન યુનિવર્સિટી પણ આ જ રાજ્ય સરકાર શરૂ કરવાની છે. જે રીતે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી પૂરા દેશની અંદર પહેલી શરૂઆત થઈ રહી છે એ રીતે કામધેનું પશુપાલન યુનિવર્સિટી પણ આ રાજ્ય સરકાર કરશે. એ જ રીતે રાજ્યમાં પશુધન અને પશુસંવર્ધન નિમિતે પણ ટૂંક સમયની અંદર કાયદાનું સ્વરૂપ આપવા માટે રાજ્ય સરકાર તૈયારી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એનિમલ હોસ્ટેલની વાત થતી હતી. શાળામાં બાળકોને રહેવા, ભણવા માટે હોસ્ટેલો અલગ બનાવી રહ્યા છીએ. યુનિવર્સિટીમાં અનેક હોસ્ટેલો બની રહી છે એ રીતે ટ્રાયબલ વિસ્તારમાં અનેક હોસ્ટેલો બનાવી રહી છે. વિદ્યાર્થીઓને અમે કોઈ તકલીફ નથી પડવા દેવાના. પરંતુ એનિમલ હોસ્ટેલ બનાવવાનો એક નવો અભિગમ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે અપનાવ્યો છે અને એની શરૂઆત બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના ભાડોત્રાગામે લોકભાગીદારીથી એનિમલ હોસ્ટેલનું બાંધકામ શરૂ કરવામાં આવી રહ્યું છે અને જેનો ૮૦ ટકા ખર્ચ પૂરો કરવામાં આવ્યો છે. આવું એક સુંદર કામ ગુજરાતની અંદર જ્યારે થઈ રહ્યું છે ત્યારે મને ખાતરી છે કે દેશભરમાંથી અનેક લોકો આ એનિમલ હોસ્ટેલ જોવા માટે આવશે અને જુદા જુદા ગામડાઓની અંદર એનિમલ હોસ્ટેલ ઊભી થશે તો આ રોગોમાંથી મુકત થશે. ગામડાઓ સ્વચ્છ બનશે અને એની અંદરથી ખાતરને વગેરે બનશે. એમાંથી ગોબર ગેસ પેદા થશે, જે નજીકના ગામમાં આપવામાં આવશે તો લોકો એનાથી પ્રભાવિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર જ્યારે અછત રાહત સમિતિ બનેલી હોય છે અને એની નીતિ પણ દ ડવામાં આવી છે અને એમાં પહેલા સાહેબ, ૧૯૮૫-૮૬ ની અંદર પશુદીઠ માત્ર ૩ રૂપિયા આપવામાં આવતા હતા, પણ આ રાજ્ય સરકારે પશુદીઠ રૂપિયા ૧૦ કરી દેવામાં આવ્યાં છે. ઘાસ ડેપો પણ શરૂ કરવામાં આવે છે. નાના સીમાંત ખેડૂતોને પ્રતિ કિલો રૂપિયા ૧ ના દરે ઘાસ અને કડબ પૂરાં પાડવામાં આવે છે. પાંજરાપોળોને પણ પશુદીઠ રૂપિયા ૧૦ દૈનિક સહાય આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શરૂ કરવામાં આવતા કેટલ કેમ્પને પણ રાજ્ય સરકાર સહાય કરતી હોય છે. અછતગ્રસ્ત વિસ્તારમાં ગૌશાળા કે પાંજરાપોળ માટે ૩ એકર સરકારી પડતર જમીન રૂપિયા ૧ ના ટોકન ભાડાથી આપવા માટેનો નિર્ણય રાજ્ય સરકારે કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાંથી નહિ પરંતુ નેનો કાર આવી છે ત્યારથી નેનો નેનો થઈ રહ્યું છે અને આ તો એક બ્રાન્ડ નેઈમ ગુજરાત માટે બની ગયું છે અને મારે આપને કહેવું છે કે ટાટા મોટર્સને નેનો કાર માટે પ્રતિ ચોરસ મિટર ૯૦૦ ના ભાવે ૪૪૫ હેકટર જમીન આપી અને ૪૦૦ કરોડ રૂપિયામાં આપી છે કોઈને મફત જમીન નથી આપી અને એની સામે ૯૬૨ હેકટર જમીન આ આણંદ કૃષિ યુનિવર્સિટીને એના બદલામાં આપી દીધી છે. એટલે અહીં ગૌચરની પડાવી લીધું એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. ઉદ્યોગો માટે જે ગૌચરની જમીન ફાળવવામાં આવે છે એમાં મારે એટલું કહેવું છે કે છેલ્લા ૩ વર્ષમાં ઉદ્યોગોને જે જમીન અપાય, હમણાં અર્જુનભાઈ પેલી યાદી બોલતા હતા પરંતુ એ નહોતા જોતા કે આ જમીન એ સરકારી જમીન છે કે ગૌચરની છે? મારે અહીં કહેવું છે કે છેલ્લા ૩ વર્ષની અંદર આ ઉદ્યોગોને ગૌચરની જમીન માત્ર ૯૦૪ હેકટર અપાય છે અને આ ૯૦૪ હેકટર જમીન અપાય છે એ કાંઈ એમને એમ નથી અપાય. એમને તો જે બજાર કિંમત છે એ તો એમની પાસેથી લીધી. ઉપરાંત ગૌચરની જમીન આપી છે તો બજાર કિંમતના ૩૦ ટકા વધારે પૈસા અમેની પાસેથી લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુ સબસિડીમાં જે વધારો કરાયો છે એ મેં કહી દીધું કે ૧૯૮૫-૮૬માં દોઢ પૈસો જ હતો પશુ સબસિડી આપવામાં આવતી હતી ત્યાર પછી ૧૫-૩-૨૦૦થી એ સબસિડીમાં વધારો કરી આઠ રૂપિયા કરવામાં આવ્યો અને ૨૬-૪-૨૦૦૦થી પશુ સબસિડી દસ કરવામાં આવી પરંતુ ત્યાર પછી ગુજરાતમાં કોઈ અછત આવી નથી, કોઈ દુષ્કાળ પડ્યો જ નથી. ઈશ્વરની કૃપાના કારણે પુરા ગુજરાતમાં એટલો સુંદર વરસાદ પડ્યો છે કે કોઈને નથી પશુ કેટલ કૅમ્પો કરવા પડ્યા કે નથી કોઈએ એક એકર જમીન માગવાની જરૂરિયાત ઊભી થઈ કે નથી કોઈના પોતાના પશુઓને અમે કયાં મૂકીશું એવો પ્રશ્ન ઊભો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક પરિવર્તન ધીરે ધીરે લોકોમાં અને ખાસ કરીને ખેડૂતોમાં આવી રહ્યું છે કે, ડેરી ઉદ્યોગ જેમ જેમ વધતો જાય છે એમ પશુપાલન પ્રવૃત્તિ પણ વધતી ચાલી છે. કારણ કે, એક બાજુ કૃષિ ઉદ્યોગ હોય અને બીજી બાજુ પશુ પાલન પ્રવૃત્તિ હોય અને કોઈ વખતે વરસાદ ઓછો થાય તો પશુપાલનને કારણે એક સાઈડ ઈન્કમ ઊભી થાય અને કોઈ મુશ્કેલીઓ ઊભી ન થાય એટલા માટે પશુ પાલન પ્રવૃત્તિમાં પણ ધીરે ધીરે વેગ આવ્યો છે અને ખેડૂતો પોતે પોતાના ખેતરોમાં, પોતાની માલિકીના જે ખેતરો છે એમાં એ લોકો પોતાના જ પશુઓને રાખતા થયા છે ત્યાં જ ઘાસચારો વાવે છે કારણે હવે તો પાણી ઉપર આવ્યા છે, કૂવાઓ શરૂ થયા છે, રિચાર્જ થયા છે, કેનાલો આવી છે એને કારણે હવે પાણીની કોઈ અછત રહી જ નથી અને એટલા જ માટે પોતાના જ ખેતરમાં પશુ ચારો ઉગાડવો અને પોતાના પશુઓનું સંવર્ધન કરવું એ પ્રયાસો અત્યારે હાલ ખેડૂતો પોતે જ કરી રહ્યા છે એટલે વધારે કોઈ જગ્યાની જરૂરિયાત હોય એવું મને નથી દેખાતું, એવી કોઈની ફરિયાદો પણ નથી આવી, એવી કોઈની માગણી પણ નથી આવી કે અમારે ત્યાં ગૌશાળા બનાવવી છે, અમારે ત્યાં પાંજરા પોળ બનાવવી છે. છેલ્લા આટલા વર્ષોની અંદર એક પાંજરાપોળ માટે કે ગૌશાળા માટે જમીન માગી હોય એવો પ્રશ્ન

ઉપસ્થિત નથી થતો. મેં કહ્યું એમ કે કોઈ અછત નથી આવી કે જેને કારણે કેટલ કૅમ્પ માટે જમીન ટોકન ભાડેથી લેવાનો પ્રશ્ન ઊભો થયો હોય. અને એટલા માટે પશુપાલન વ્યવસાયમાં જે લોકો કામ કરી રહ્યા છે, પોતાની માલિકીની ખેતરોમાં જ કામ કરી રહ્યા છે અને એટલે જ ઢોરવાડાનું ભારણ જે પાંજરાપોળો ઉપર હતું એ પણ ધીરે ધીરે ઓછું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જગદીશભાઈ કહેતા હતા કે, પીવાના પાણીનો બોર, માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે હું પાટણમાંથી જીતીને આવી છું, માંડલમાંથી પણ જીતીને આવી હતી ત્યારે પાંજરાપોળોને મેં આગળ પણ કહ્યું કે, પાંજરાપોળોની અંદર પણ  એમને જ્યારે બોર કરવો હોય ત્યારે પણ રાજય સરકાર એમને સહાય કરતી હોય છે. એમાં ઘણાં ઠેકાણે તો પાંજરાપોળોમાં એમણે તળાવો ખોદયા છે અને તળાવોમાં પાણી ભરાયા છે અને એની અંદરથી પાણીનો ઉપયોગ એ લોકો કરી રહ્યા છે અને સાથે સાથે ઘાસચારો વગેરે વાવતા હોય છે અને જે આરોગ્યની જે સેવાઓ છે એ આરોગ્યની સેવાઓ પણ પશુપાલન જે વિભાગ છે એ પશુપાલન વિભાગ દ્વારા એમને પૂરતા પ્રમાણમાં આરોગ્યની સેવાઓ અને એમને દવાઓ અને વગરે જે જોઈએ એ પણ કામ થતું હોય છે. એ ઉપરાંત જ્યારે આખા રાજયની અંદર સતત એક મહિના સુધી જ્યારે કૃષિ મહોત્સવ ચાલતો હોય છે ત્યારે પણ લગભગ લાખોની સંખ્યામાં પશુઓને ઇન્જૅકશન વગેરે અપાતા હોય છે, એમની સારવાર કરવામાં આવતી હોય છે અને એટલા માટે કે એવા કોઈ રોગો ભયંકર નથી થયા કે જેના કારણે પશુઓ મોટા પ્રમાણમાં મૃત્યું પામ્યા હોય. આ પશુપાલન તરફ આ રાજય સરકારનું વધુમાં વધુ ધ્યાન દોરાયું છે એટલું જ નહીં પણ જે વર્ષોથી સૌરાષ્ટ્રમાં જે ડેરીઓ બંધ પડી ગઈ હતી એ ડેરીઓને પણ સજીવન કરીને એમને જીવતી કરવાનું જો કામ કોઈએ કર્યુ હોય તો એ આ રાજય સરકારે કર્યુ છે એટલે સમગ્ર રાજયની અંદર પશુપાલનની પ્રવૃત્તિ વધે, લોકોનું દૂધ ઉત્પાદન વધે, આર્થિક સંપત્તિ વધે, કૃષિની સાથે આ કામ થાય એના માટેનો રાજય સરકારનો જે અભિગમ છે એમાં પણ ઓર વધારો કરવા આ રાજય સરકાર જઈ રહી છે અને એમાં પણ નવી નવી યોજનાઓ લાવીને આ રાજય સરકાર વધુ સારુ કામ કરવા જઈ રહી છે અને એટલા માટે અર્જુનભાઈને મારી વિનંતી છે કે, આપનો સંકલ્પ પાછો ખેંચો.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ એક  મિનિટ આપને મળશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ બે-ત્રણ મિનિટ મારે.

**અધ્યક્ષશ્રી** : એટલા માટે કે જે તમારા ફાળે આવતી હતી એ બધી મિનિટો આપી દીધી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું ભાષણ નથી કરવાનો, માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પ ઉપર માનનીય પ્રાગજીભાઈ, શ્રી આત્મારામભાઈ, મુ. શ્રી બાબુભાઈ, શ્રી શંકરભાઈ, શ્રી શંભુજીભાઈ અને શ્રી જગદીશભાઈએ સૂચનો કર્યા, રચનાત્મક રીતે આ કૃષિ સંસ્કૃતિની ચિંતા પણ કરી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પણ દ ાણી બધી વાત કરી,પણ મને એવી અપેક્ષા હતી કે માનનીય મંત્રીશ્રી આ જે સંકલ્પ છે એને સકારાત્મક રીતે લેશે અને એમાં અમે કોઈ જગ્યાએ એવી વાત કરી નથી કે ઉદ્યોગ ગૃહોને જમીન ન આપવી પણ આપણા બાપદાદાએ આપેલી જે સંપત્તિ છે એ સંપત્તિ વેચી અને આપણે એમ કહીએ કે હું બહુ સુખી છું એ દેખાવાનું એના કરતાં કમાણી કરીને કર્યું હોત તો સારું રહેત. અહીંયા આપણી સંપત્તિ જે વેચાતી હતી એની અમે ચિંતા કરી. સીડ ફાર્મની જમીન હોય કોઈ જગ્યાએ કે આ પ્રકારના ફાર્મની જમીન હોય. અમારી જે ચિંતા છે એ એ છે કે આ પ્રકારની સંસ્થાઓ એટલા માટે જમીન માગવાની હિંમત નથી કરતી કે સરકાર પાસે એવી કોઈ નીતિ નથી અને સરકાર એમને જમીન આપતી નથી. હું એક જ દાખલો આપીને મારી વાત પૂરી કરી અને પછી અભિપ્રાય આપીશ. મારા ગામની બાજુમાં એક વિંજાણા ગામ છે ત્યાં ત્રણ ચાર યુવાનો છે. માત્ર સેવા ભાવનાથી એમણે ગૌશાળા બનાવી છે અને એ ગૌશાળાની અંદર આખા તાલુકાની અંદર રોગગ્રસ્ત ઢોર છે એને સાચવે છે, એની સારવાર કરે છે અને એણે એમ્બ્યુલન્સ રાખી છે. આખા વિસ્તારનું જે પશુધન છે એની સેવા કરે છે પણ એમને જમીન કોઈ નિયમ હેઠળ મળી શકતી નથી. આ પ્રકારે જો નિયમ હેઠળ જમીન મળવાપાત્ર હોય તો અચૂકપણે એ એના માટે એપ્લાય થાય અને બીજી ખાતરી પણ મને એમ હતું કે આપશે કે આ ૪૦ એકરનું ધોરણ જાળવવા માટે સરકાર બીજી જમીન નીમ પણ કરે અને આ જમીનો જે ગૌચરની છે એ ન અપાય એના માટેની પણ કોઈ જાહેરાત કરે. એવી જાહેરાત કરવાને બદલે માનનીય મંત્રીશ્રીએ તો એમ કીધું કે મને કોઈ ચિંતા કરવાનું જ દેખાતું નથી એટલે આ સંકલ્પ ગૃહ વિના વિરોધે પસાર કરે  એવી હું ગૃહને વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી પણ મોટું મન રાખે અને એના ઉપર આગળના દિવસોમાં વિચારણા કરે એવી હું માનનીય મંત્રીશ્રીને પણ આપના મારફત વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**સચિવશ્રી :** પેટા બાબત ક્રમાંક: ૭ (અ) દાખલ કરવાના બિન સરકારી વિધેયકો.

# બિન સરકારી વિધેયકો

## દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

### સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવાવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધયક દાખલ કરવામાં આવે છે.

**સચિવશ્રી:** પેટા બાબત -૨ માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ,

### સન ૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગનું વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :**માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે. આપણે ત્યાં એવો નિયમ છે, પરંપરા છે બિન સરકારી સભ્યનું બિલ આવે ત્યારે ના કહીને વિરોધ કરાતો નથી.

# બિન સરકારી સંકલ્પો

### ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાના અમલીકરણ અંગે

**શ્રી યોગેશ પટેલ(રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

"૨૧ મી સદીના ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના યુગમાં ગુજરાતના ગ્રામજનોને વિશ્વજનોની હરોળમાં લાવવા વર્તમાન ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ગામડાઓમાં આધુનિકીકરણ કરી ૧૩૬૯૩ ગ્રામ પંચાયતોના લોકોને કૉમ્પ્યુટરના માધ્યમથી ઈન્ટરનેટ કનેક્ટિવિટી દ્વારા સચોટ,સાચી,ઝડપી, પારદર્શક માહિતી અને વહીવટનો લાભ મળી રહે તે હેતુસર ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાનો મેઘધનુષી આદર્શ રજૂ કરી, ભારતભરમાં સૌ પ્રથમ અમલમાં મૂક્યો છે અને ગુજરાતના દરેક ગામડાને વી-સેટ ટૅક્નૉલૉજી મારફત બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડી સમગ્ર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોનું વિશ્વ સાથે જોડાણ કર્યુ છે.

આ યોજના દ્વારા ૨૨ Mbps ની ઝડપથી માહિતી મોકલી શકાય છે. V O I P દ્વારા ગ્રામ પંચાયતો વિનામૂલ્યે વાત કરી શકે છે. મલ્ટી કાસ્ટિંગ તથા વીડિયો કૉન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ કરી શકાય છે. ગ્રામજનોને વિવિધ પ્રમાણપત્ર જેવા કે ૭/૧૨, ૮-અ ઉતારા, જન્મ મરણના પ્રમાણપત્રો વિગેરે ગ્રામ પંચાયત ખાતેથી કૉમ્પ્યુટર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગ્રામ કક્ષાએ શાળામાં ભણતા બાળકોને રાજ્ય કક્ષાએથી તજજ્ઞ શિક્ષકો દ્વારા વિવિધ વિષયોનું શિક્ષણ આપી શકાશે, જે થકી શિક્ષણનું સ્તર સુધરશે. ખેડૂતો ઈન્ટરનેટ મારફત પોતાના ઉત્પાદનની ભાવો જાણી શકશે, તેથી તેઓ મહત્તમ ભાવોથી વેચાણ કરી શકશે. પશુપાલન ખાતા દ્વારા પણ પશુઓને થતા રોગો અને તેના ઉપાયોની માહિતી ટેલિમેડિસીન દ્વારા પૂરી પાડી શકાશે. ખેતી, શિક્ષણ, પશુપાલન ઉપરાંત ગ્રામ વિકાસ, આરોગ્ય, રોજગારી નિર્માણ વિગેરે બધા ક્ષેત્રમાં ગ્રામ જનોને ગ્રામ કક્ષાએ તેમના ઘર આંગણે આ સેવાઓ પૂરી પાડી તેમનું જીવન ધોરણ અને જીવનની ગુણવત્તા ઊંચી લાવી શકાશે. આ ઉપરાંત ઈ-ગ્રામ કેન્દ્ર દ્વારા વીજળી બિલ સ્વીકારવાની વ્યવસ્થા પણ ગોઠવી શકાશે.

ગ્રામજનોને બિઝનૅસ ટુ સિટિઝન ( બી ટુ સી ) અને ગવર્નમૅન્ટ ટુ સિટિઝન ( જી ટુ સી ) સેવાઓ ગ્રામ કક્ષાએથી કૉમન સર્વિસ સૅન્ટરના માધ્યમથી ઉપલબ્ધ કરાવવાનું નક્કી કરેલ છે.

તાજેતરમાં બારડોલી તાલુકાના હરિપુરા ગામેથી ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેકટનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કરી, ગુજરાતના દરેક ગામને બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડી સમગ્ર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોનું વિશ્વ સાથે જોડાણ કર્યુ છે, ત્યારે રાજ્ય સરકારે કરેલ આ પહેલને આ સભાગૃહ આવકારે છે. સાથે સાથે તેનો લાભ રાજ્યની મહત્તમ ગ્રામજનતાને મળે વળી તે ગ્રામજનતામાં દ્રઢિભૂત થાય તે દિશામાં હજુ વિશેષ પ્રયત્નો કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દૂરંદેશી અને દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણું ગુજરાત દેશની આર્થિક રાજધાની અને ભારતનું ઔદ્યોગિક પાટનગર બનવાની દિશામાં આગળ વધી રહયું છે. વિશ્વને જયારે આધુનિક ટેકનોલોજીએ એક મુઠ્ઠી જેટલું સાંકળું બનાવી દીધું છે ત્યારે તેવા આધુનિક વિશ્વ હરોળમાં પોતાની જાતને ખડી કરવા જેટલી સક્ષમ બનાવવાની દૂરંદેશી દિશા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બતાવી છે. સ્વપ્નાં જોવા એ કોઈ અપરાધ નથી પરંતુ સ્વપ્નાંને રોમાંચમાં રાખ્યા કરવું તે અપરાધ છે. સ્વપ્નને સાકાર કરવાની દિશામાં પૂર્ણ નિષ્ઠાથી લાગી જવું અને વાસ્તવિક સ્વરૂપ આપવું તે ઓછા લોકોના હાથમાં હોય છે. આ ભૂમિ પર મહાત્મા ગાંધી જનમ્યા, મહાત્મા ગાંધીનું એક સ્વપ્ન હતું કે આઝાદી અપાવવી. આ ભૂમિ પર સરદાર વલ્લભભાઈ પટેલ જનમ્યા, એમનું સ્વપ્ન હતું કે આ રાષ્ટ્રને એકતા અને અખંડ રાખવું. આ નેતાઆ પોતાના સ્વપ્નને સાકાર કરવા દિનરાત એક કર્યા વગર આઝાદી પછી સ્વપ્ન જોવાનું આ ગુજરાતમાં બંધ થઈ ગયું હતું. પૂજય બાપુ અને સરદારની ધરતીના છોરું માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક સ્વપ્ન જોયું. માનનીય

**અધ્યક્ષશ્રી** : મારી પાસે જે નામો આવ્યા છે તે જોતાં આપનો સમય..

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શશકત બનાવવા માનનીય મુખ્યમંત્રીએ જે સ્વપ્ન જોયું છે અને તે દિશામાં ખંત પૂર્વક એમણે પોતાની જાતને જોતરી દીધી છે. પૃથ્વીના ગોળામાં એક કાંકરી જેવું અમારું શહેર છે. આ શહેરના જે રાજા હતા સયાજીરાવ ગાયકવાડ તે સયાજીરાવ ગાયકવાડે એક સદી પહેલાં એમનું સ્વપ્ન જોયેલું અને શહેરને અન્ડર ગ્રાઉન્ડ ગટર, પાણીની યોજના એવી અનેક યોજનાઓ એક સદી પહેલાં વિચારેલી અને એવી રીતે આપેલી. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અમારા વડોદરાની કર્મભૂમિના છે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : મારો વિષય નથી. આપ દંડકશ્રીએ જે નામો આપ્યા છે તેને તક ન આપો. મને કોઈ વાંધો નથી.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૧૮ હજાર ગામડાઓ છે તેમાં ૧૩૬૯૩ ગ્રામ પંચાયતો આવેલી છે. આ ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ સુધી ૧૭૬.૩૬ કરોડના હાર્ડવેર ખરીદવામાં આવ્યા છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી તેમજ વિશ્વગ્રામ કાર્યક્રમ કરવામાં આવેલ છે. જેનામાં ઈન્ટરનેટ કનેકટીવીટી, વિડીયો કોન્ફરન્સ, હાર્ડવેર, સોફટવેર, ફર્નિચર અને વિવિધ વસ્તુઓ ખરીદવામાં આવી છે. આ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડી ૧૩૬૯૩ ગ્રામ પંચાયતોને વિશ્વ સાથે જોડવા, અમલીકરણ કરવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીના અધ્યક્ષપદ હેઠળ તા. ૪-૧૨-૦૭ના રોજ વિશ્વગ્રામ સોસાયટીની રચના કરવામાં આવી છે. રાજયના ૧૮ હજાર ગામડામાંથી પંચાયતોને બાદ કરતાં ૪૩૦૭ ગામડાં છે આ ગામડાંને આ વિશ્વગ્રામ યોજનાથી વંચિત ન રહી જાય તે માટે પણ મુખ્યમંત્રીના પ્રયત્નો છે. ઈ-ગ્રામ યોજનાનો અમલ કરવા માટેના ખર્ચમાં કેન્દ્રનો એક રૂપિયો પણ નથી. આ ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના છે તેમાં ગામના નાગરિકોને ઘરબેઠાં અનેક સુવિદ્યાઓ મળવાની છે. જેવી કે આજસુધી ૨૦૦૩-૦૪ પછી જન્મના દાખલા ૧૪ લાખ ૨૫ હજાર ૩૯૨ મેળવ્યા છે. ચારિત્ર્યના દાખલા ૭ લાખ ૧૨ હજાર ૭૪૯ મેળવ્યા છે. ટેકસ કલેકશનના ૧ લાખ ૪૫ હજાર ૭૧૨ મેળવ્યા છે અન્ય વિભાગના પણ ૪ લાખ ૪૨ હજાર ૫૬૩ પ્રમાણપત્રો તેમણે ગામડામાં બેસીને મેળવ્યા છે. મને છેલ્લે એટલું કહેવા દો..

**અધ્યક્ષશ્રી** : ૫૫ મિનિટ બધાને કુલ બોલવાની મળે છે. તો આપે એ બધી મિનિટ લેવી હોય તો મને વાંધો નથી. આપની ૮ મિનિટ થઈ ગઈ છે, કુલ ૩૮ મિનિટ બાકી છે અને મંત્રીશ્રીને જવાબ આપવાનો કોઈ સમય રહેશે નહીં. એટલે કહું છું. માનનીય આત્મારામભાઈ આપ ચાલુ કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષી, કેટલાક પ્રસંગો ઐતિહાસિક હોય છે અને કેટલાક અવસરો ચીર સ્મરણીય હોય છે. આ ગુજરાતનાં ગામડાંને વિશ્વ સાથે જોડાયાં એ ઐતિહાસિક બનાવમાં હાજર રહેવાની મને તક મળી છે એના માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ૨૧ મી સદી છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીની સદી છે. અત્યારસુધીમાં અક્ષરજ્ઞાન વિનાની વ્યકિત એ અભણ કહેવાતી, પરંતુ હવે ૨૧ મી સદીમાં એવી પરિસ્થિતિ આવશે કે અક્ષરજ્ઞાનવાળો ભણેલગણેલ વ્યકિત પણ જો એની પાસે ઈન્ફર્મેશન ટેકનોલોજી કે કોમ્પ્યુટરનું જ્ઞાન નહીં હોય તો એ અભણ ગણાશે એ જાતની પરિસ્થિતિ આગામી દિવસોમાં પેદા થાય ત્યારે એવી પરિસ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી એ જયારે પણ વાત કરે છે ત્યારે કહે છે કે ઈ-ગ્રામ વિશ્વગ્રામ એટલે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં કહીએ તો દુનિયા આંગળીને ટેરવે, હાથ લાંબો કરીને કોમ્પ્યટરને આંગળી અડાડો તો વિશ્વ તમારે આંગણે. આ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતના ૧૩૬૮૩ ગામડાંને ઈ-ગ્રામ વિશ્વગ્રામના માધ્યમથી સમગ્ર વિશ્વ સાથે સીધું જોડાણ કરવાનો જે બનાવ બન્યો એણે સમગ્ર રાષ્ટ્રને એક નવી દિશા આપી છે. મારે આ બનાવની વાત એટલા માટે કરવી છે કે આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ગુજરાતની ખૂબ ઉંચી ઈમેજ

ઉભી કરી છે ત્યારે આ આખી યોજનાનું લોન્ચીંગ કોના હાથે થયું, એ એવી વ્યકિતના હાથે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કે જેઓ ગુજરાતના વિકાસના પ્રણેતા છે, ગુજરાતના વંચિતોના વિકાસના સૂત્રધાર છે, ટેકનોલોજીના અમલીકરણ માટે સતત જે ચિંતિત છે અને ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ આખી યોજનાના પથદર્શક અને રાહબર એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ હરિપુરા મુકામેથી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિના દિવસે આ યોજનાનો શુભારંભ કર્યો છે અને આને કહી શકાય કે ઈટ ઈઝ એ હિસ્ટોરિકલ ઈન્સીડન્ટ. ઈતિહાસે આગામી દિવસોમાં આ નોંધ લેવી પડશે. એવા આ બનાવનું માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથે ઉદ્ઘાટન થયું છે ત્યારે મારે એક વાતનો પણ ઉલ્લેખ કરવો છે કે જેમની પાસે આ ખાતું છે તેમણે પણ સતત મહેનત કરીને, રાત દિવસ ઉજાગરા કરીને આ કાર્યક્રમને પૂર્ણ કરવા માટે મહેનત કરી છે ત્યારે એકાદ વ્યકિતએ નરોત્તમભાઈના કોમ્પ્યુટરના જ્ઞાન અંગે થોડોક સંવાદ કર્યો ત્યારે મારે કહેવું છે કે આ નરોત્તમભાઈ એ તો ૧૯૬૧ ની સાલના એન્જિનિયર છે અને એને આજે ૫૦ વર્ષ પૂરાં થાય છે ત્યારે  આવા પ્રકારનો સુભગ સમન્વય થયો છે ત્યારે ગુજરાતનું સદ્ભાગ્ય છે. આ યોજના આપણે લોન્ચીંગ કરેલ છે એના માટે કયું સ્થળ લેન્ચીગ માટે પસંદ કરવામાં આવેલ છે એ પણ એટલો જ મહત્વનો વિષય છે કે આ હરિપુરામાં એક વખત સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસના ત્યાંથી પ્રમુખ બન્યા હતા અને ત્યારપછી તેમણે સમગ્ર રાષ્ટ્રને, નવી દિશા, નવો માર્ગ ચીંધ્યો હતો એ સ્થળેથી ફરીથી વર્ષો પછી ગુજરાતમાં હરિપુરા મુકામે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ એમના સક્ષમ હાથે નવી દિશા સમગ્ર રાષ્ટ્રને આપીને વિશ્વ ગ્રામની યોજના અમલમાં મૂકી છેએક જ મિનિટમાં પૂરું કરું છું. પણ આપણી કમનસીબી એ રહી હતી આઝાદી પછી લોકશાહીના અંચળા હેઠળ વારસાગત લોકશાહી પ્રણાલિમાં આવા દેશભક્તો, દેશ ભક્તોની આવી ભૂમિ અને આવા કર્મોને ભૂલી જઈને આવા લોકોને કોરાણે રાખવાના પ્રયત્નો કર્યા હતા તેમને ગુજરાતના મુખ્યમંત્રીએ યાદ કરીને આવું માન-સન્માન આપવાનું અને ભૂતકાળને ગૌરવ આપવાનો જે પ્રયત્ન કર્યો છે તેને હું આવકારું છું અને એમને હું અભિનંદન પણ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી યોગેશભાઈ જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પને હું પણ આવકારું છું. કારણ કે આ દેશની અંદર સાયન્સ અને ટૅક્નૉલૉજી, એક જમાનો હતો કે માત્ર મુઠ્ઠીભર લોકોના હાથમાં હતી. તેની સગવડતા વધારવા માટે સાયન્સ અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ થતો હતો પરંતુ આ રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ હેઠળ આ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી ગામડાંના છેવાડાના લોકો સુધી, ગ્રામ પંચાયત સુધી પહોંચાડવાનો જે કાર્યક્રમ છે એ કાર્યક્રમ સૌએ આવકારવો રહ્યો એ પ્રકારનો આ કાર્યક્રમ છે. સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીની આ દેશમાં જરૂર છે કે પીવાના પાણી અને બીજાંની જરૂર છે એ ચર્ચા એક જમાનામાં બહુ મોટા પાયે થતી હતી. જ્યારે સ્વ. ઈંદિરાજી વડાપ્રધાન હતા  અને એ વખતે વસંત સાઠેજી ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ મિનિસ્ટર હતા તે વખતે આ દેશમાં ટૅલિવિઝન લઈ આવવાની શરૂઆત થઈ અને જ્યારે ટૅલિવિઝન લાવવાની શરૂઆત થઈ ત્યારે બ્લૅક એન્ડ વ્હાઇટ ટૅલિવિઝન લાવવું કે કલર ટૅલિવિઝન લાવવું તેની ચર્ચાઓ બહુ થઈ હતી. ટીકાકારોએ કહ્યું હતું કે આપણે તેની જરૂર નથી. તેના કરતાં બીજાં કાર્યક્રમોને પ્રાધાન્ય આપવું જોઈએ. ખૂબ ચર્ચાઓ થઈ. ડૉ. સામ પિત્રોડા તે વખતે  વસંત સાઠેની સાથે ઈંદિરાજીની સાથે ચર્ચા કરવા ગયા. ઈંદિરાજીના ગળે આ વાત નહોતી ઉતરતી કે આપણે કલર ટૅલિવિઝનને પ્રાયોરિટી નહીં આપવી જોઈએ. ત્યારે એ ચર્ચાના અંતે એ વાતનો સ્વીકાર થયો કે ટૅક્નૉલૉજી છે એ માત્ર મુઠ્ઠીભર લોકોની સેવાઓ માટે નહીં પરંતુ આ માહિતીના એક ઉત્તમ માધ્યમ તરીકે જ્યારે ટૅલિવિઝન કામ કરવાનું છે ત્યારે તેનો લાભ માત્ર પૈસાવાળા લોકો નહીં, ગરીબ લોકો સુધી પહોંચે તેના માટે કલર ટૅલિવિઝન ભલે થોડો ખર્ચ વધારે થાય પણ એડવાન્સ ટૅક્નૉલૉજી સાથે આપણે ચાલવું જોઈશે. પહેલી વખત નિર્ણય ટીકા સાથે લેવાયો. આજે આપણે જોયું. હું નાનો હતો ત્યારે મારી આજુબાજુમાં આફ્રિકાથી આવનારા લોકો ફિલીપ્સનો સાત બૅન્ડનો રેડિયો લઈને આવતા. હું બાળક તરીકે રેડિયો સાંભળવા જતો ત્યારે મને એમ થતું કે આ રેડિયામાં જે માણસ બોલે છે તે કયાં છૂપાયેલો હશે? આજુ બાજુમાંથી અનેક લોકો થોડા ઘણાં નહીં, ૩૦૦-૩૦૦, ૪૦૦-૪૦૦ લોકો  આ રેડિયો સાંભળવા જતા. પરિસ્થિતિ પલટાઈ. રેડિયો આઉટ ડેટેડ થઈ ગયો અને ટૅલિવિઝન પણ આઉટડેટેડ થઈ ગયું. આજે એન્ટરટેઈનમેન્ટ માટે નેટનું માધ્યમ સૌથી મોટું માધ્યમ થઈ ગયું. આ એક જનરેશનમાં આ ચેઈન્જ લઈ આવ્યા. એ લાવનારને હું અભિનંદન આપું છું. એક જમાનો એવો હતો, આપણે બધાએ અનુભવેલું છે કે પોરબંદરથી ગાંધીનગર ટેલિફોન કરવો હોય  અને બુક કરાવીએ. તે પહેલાં દિવસે લાગવો હોય તો લાગે. નહીં તો બીજાં દિવસે વારો આવે. ડેથ મેસેજ ઈંગ્લેન્ડમાં રહેતા સગા-વહાલાને આપવો હોય, લાઈટનીંગ કોલ લગાવીએ તો ચાર-પાંચ કલાકે વારો આવવો હોય તો આવે અને આજે આપણે સૌ અમૅરિકા અને ઈંગ્લેન્ડ ગયા છીએ. મારે ગૌરવ સાથે કહેવું છે કે ભારતની મોબાઈલ ટૅક્નૉલૉજી એટલી એડવાન્સ છે કે આજે અમૅરિકા છે તેના કરતા મોબાઈલ ટૅક્નૉલૉજીમાં આપણે બે વર્ષ આગળ ચાલીએ છીએ.મારે એના માટે પણ અભિનંદન આપવા છે. માનનીય યોગેશભાઈ આ ઠરાવ લઈને આવ્યા છે એ ખૂબ આવકાર્ય ઠરાવ છે. નેશનલ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ એટલા માટે ભારત સરકારે બનાવ્યો છે કે, ગામડાના લોકોને માહિતી માટે, એમના પ્રાથમિક દસ્તાવેજો મેળવવા માટે, તાલુકા અને જિલ્લા મથકે જવું પડે છે એ ન જવું પડે. ૭/૧૨, ૮/અના દાખલાઓ લેવા માટે પહેલાં તાલુકા મથકે આવવાની વાત થઈ એનો વિરોધ કરનાર અમે હતા. કારણ કે, આ દાખલાઓ લેવા માટે રૂ.૧૫ ભરીને એક

માણસ આખો દિવસ લાઈનમાં ઊભો રહે, એને અપમાનિત થવું પડે અને કદાચ કમ્પ્યુટર બંધ થઈ જાય તો એને બીજા દિવસે પણ જવું પડે આવી પરિસ્થિતિ હતી. સર્વિસ સૅન્ટર ઈ કિયોસ્ક મારફતે તાલુકા મથકે જે માહિતી મળતી હતી એ વધારાની માહિતી ગામડામાં મળવાની છે. ભલે આપણા રાજયમાં આ પહેલાં બન્યું હોય. મારા મિત્રો ઘણી વખત કહે છે કે, આ ઈ-ગવર્નન્સ આપણા રાજયમાં પહેલું છે. આંધ્રની અંદર ૨૨૦૦૦ કિયોસ્ક મારફતે સર્વિસ સૅન્ટરો ચાલે છે, ત્યાં પહેલ વહેલી શરૂઆત થઈ છે. તમામ પંચાયતો ત્યાં જોડાઈ છે. હું ઇચ્છું કે આજે ૬૦૦૦ પંચાયતોને આપણે જોડી છે અને બાકી રહેતી ૧૩૦૦૦ પંચાયતોને નેશનલ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ સાથે જોડવાના છીએ. (અંતરાય) હું બધાનો જવાબ આપીશ. ચિંતા ન કરો.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ, આપ આપનું પ્રવચન આપની રીતે ચાલુ રાખો. એ તમને ડિસ્ટર્બ કરવાનો પ્રયત્ન કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કરે છે. શ્રી જયનારાયણભાઈની હાજરીની જરૂર હતી ત્યારે હતા નહીં. હું કહેવા એ જતો હતો કે, ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ છે એ આપણા ગામડાના ખેડૂતો છે, શ્રમજીવીઓ છે એમનું પરિવર્તન કરનારું માધ્યમ બની રહેવાનો છે. એને એના ઉત્પાદનના સારા ભાવો મળી રહે, એની જાણકારી એને મળે. એને ૭/૧૨ અને ૮/- જેવા દાખલાઓની માહિતી એને ઘેરબેઠાં મળી રહે. એની સાથોસાથ શ્રમજીવીઓ છે એમને દેશની રાષ્ટ્રીય ગૅરન્ટી રોજગાર યોજનાની એને માહિતી પણ મળવાની છે. કેટલી રોજગારી? કોને મળી? એ પણ આ માધ્યમથી એને ઘેર બેઠાં મળવાની છે. એટલે કદાચ કોઈ અધિકારીઓ એવું ઇચ્છતા હોય કે કોઈના નામ લખીને, હાજરી પૂરી દઈશું તો એ શકય બનવાનું નથી. એની અંદર એ પણ ટ્રાન્ફરન્સી આવવાની છે. આ સરકારે આ યોજનાનો અમલ કર્યો એને હું આવકારું છું પણ મારા મિત્રોને એટલું કહેવું છે કે, કેન્દ્ર સરકારનો 'ક' ક્યારેક બોલવો જોઈએ. એટલા માટે કે, ૨૦૦૦થી ૨૦૦૪ સુધી અથવા તો ૧૯૯૯થી ૨૦૦૩-૦૪ સુધી છ વર્ષ એન.ડી.એ.ની સરકાર રહી. આ છ વર્ષમાં શું થયું? આ નેશનલ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ યુ.પી.એ.ની સરકાર આવી અને એણે અમલમાં મૂક્યો. બીજા રાજયોને પણ સહકાર મળ્યો છે. પણ એના પછી આપણો ગુજરાતનો સ્ટેટ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામ છે એમાં ૧૩૦ કરોડ રૂપિયા કરતાં પણ વધારે એલોકેશન ગુજરાતને થયેલું છે. આપે અમલ કર્યો એને હું આવકારું છું. હરીપુરા ખાતેથી શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીના દિવસે, અને હરીપુરા એવું ઐતિહાસિક સ્થળ છે કે ત્યાં ભારતીય રાષ્ટ્રીય કૉન્ગ્રેસનું ઐતિહાસિક મહા અધિવેશન ભરાયું હતું. એ જગ્યાએ કર્યુ, એને પણ આવકારુ છું. પણ સાથે એમ કહ્યું હોત કે આ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીના જે મંત્રી છે જેણે આ ૧૩૨ કરોડ કરતા વધારે સહાય આપી છે એને વિવેક કરીને બોલાવ્યા હોત એના મંત્રીશ્રીને તો હું આવકારેત પણ એને બદલે એના કોન્ટ્રાકટર જે હતા સુનીલ મિત્તલ જેને ઈમ્પલીમેન્ટેશનની જવાબદારી આપી હતી, માત્ર મુખ્યમંત્રીશ્રીને વડાપ્રધાન બોલાવવાનો એજન્ડા સેટ કરી ગયા એટલે બોલાવવાના, સામ પિત્રોડાને બોલાવ્યા હોત, જવા દો કોઈ વૈજ્ઞાનિકને બોલાવ્યા હોત તો પણ આનંદ થાત, બીજું કંઈ નહીં અને મહાન વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ર્ડા. અબ્દુલ કલામને બોલાવ્યા હોત કલામ સાહેબને બોલાવ્યા હોત તો પણ આનંદ થાત, પણ છતાંય આ યોજના છે એ યોજના એવી છે કે એને આવકાર્યા વગર રહેવાતું નથી. અને કેવી યોજના છે (અંતરાય) પ્રફુલભાઈની સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમે કેટલીએ જગ્યાએ ઉદ્દઘાટનો સાથે કરેલા છે. હું માત્ર વાત કરું છું કે જીસ્વાન નૅટવર્ક છે કે જીસ્વાન નૅટવર્કમાં ૯૧ કરોડ રૂપિયાનું એલોકેશન થયેલું છે. સ્ટેટ ડેટા સૅન્ટરની અંદર ૧૮.૩૦ કરોડ રૂપિયા ફાળવાયેલા છે. હિસાબની હું વાત નથી કરતો કે હિસાબ પૂરો થયો છે કે નથી થયો પણ ફાળવણી આટલી થઈ છે. કોમ્પ્યુટરાઈઝેશન ઑફ લૅન્ડ રૅકૉર્ડ, જુનાગઢ જિલ્લાને પાયલોટ પ્રોજૅક્ટ મળેલો છે. ૭૦ લાખ રૂપિયા એમને મળેલા છે. કૉમન સર્વિસ સૅન્ટર જે કીયોસ્ક બનાવવાના છે, ૬હજાર એમાં ૬ કરોડ રૂપિયા મળેલા છે. વિદ્યાવાહિની ઈન્ટરનેટ સ્કૂલ જે સ્કૂલો માટેનો પાયલોટ પ્રોજૅક્ટ છે એના માટે પણ ૬૦ લાખ ફાળવાયેલા છે. આ સિવાય પણ ગુજરાત રસ્તો બતાવી શકે એ પ્રકારનું રાજય છે અને એના માટે વધારે સારા પ્રયાસો સૌ સાથે મળીને કરીએ તો હું માનું છું કે આ ટૅક્નૉલૉજી છે એ ગામડાના છેવાડાના માણસ સુધી સફળતાપૂર્વક પહોંચી શકશે અને એના માટે આ નેટવર્કની કેપેસીટી કદાચ આપણે વધારવી પડે, કારણ કે અત્યારે મોટી ફરિયાદ એવી છે કે કનેકટીવીટી મેળવવામાં તકલીફ પડે છે ત્યાંથી વાત જવા દઈએ પણ જે મારા મિત્રો અહીંયા મીનીસ્ટરીયલ બંગલોમાં રહે છે એમને ખબર હશે કે આપણે ગાંધીનગરની અંદર રહેતા હોવા છતાં પણ બીજાની વાત નથી કરતો પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની વેબસાઈટનો વિડિયો એકસેસ કરવો હોય તો એ પણ નથી થતો ખાસ કરીને એના માટે તો અહીંયા ગાંધીનગરની અંદર આપણે જે કનેકટીવીટી છે એની કેપેસીટી વધારીએ, બીજી જગ્યાએ ગામડાઓમાં વધારીએ અને બધાને સરળતાથી અવેલેબલ થાય, ઈઝીલી એકસેસ થઈ શકે એ પ્રકારની ટેકનોલોજી ત્યાં પહોંચે અને તો જ આ જે પ્રોજેકટ માટેની ભાવના જે નેશનલ ઈગવર્નન્સ પ્રોગ્રામની છે એ સફળ થશે. હું આ સંકલ્પને આવકારુ છું. મારો પક્ષ પણ આવકારે છે અને વધારે સારી રીતે આ પ્રોગ્રામનો અમલ થાય એવી અપેક્ષા પણ વ્યક્ત કરુ છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી યોગેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું. એકવીસમી સદીના ટેકનોલોજીના જ્ઞાન અને માહિતીના યુગમાં ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વ હેઠળ ગુજરાત

આજે નવા નવા શિખરો સર કરી રહ્યું છે . ઇતિહાસ સાક્ષી છે કે જયારે જ્યારે વિશ્વમાં જ્ઞાનનો યુગ આવ્યો છે ત્યારે ભારતે ત્યાંનું નેતૃત્વ લીધું છે, ત્યારે ગુજરાત રાજયે ત્યારે દિશા બતાવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઈગ્રામ વિશ્વગ્રામ યોજના દ્વારા પંચાયતીરાજ વ્યવસ્થામાં પ્રાણ પૂરવાનું વાસ્તવિક કાર્ય કરેલ છે તે બદલ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને લાખ લાખ અભિનંદન પાઠવું છું. કોમ્પ્યુટરોથી ધબકતા શહેરોની હરોળમાં હવે ગામડાઓ આવવા લાગ્યા છે. આ યોજનાથી રાજ્યના પ્રત્યેક ૧૩૬૯૩ ગામડાને હવે પોતાનું અલગ સચિવાલય હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. આ માટે જરૂરી હાર્ડવેર અને સોફ્ટવેર સાથેની અન્ય સાધન-સામગ્રી પણ રાજ્ય સરકાર પૂરી પાડી રહી છે. While the world becomes global village, E-gram panchayat turns villages global. With great pleasure and proud, I would like to say that Gujarat is the first and only State who have provided global level technical facility to every rural area. Gujarat is the first and only State who have implemented inter-net connectivity to every gram panchayat including data voice and video. E-gram.panchayat, Vishwa gram puts Gujarat one step ahead in bridging digital gap betwen rural and urban areas. In the first phase of E-gram panchayat at the end of December ૨૦૦૮ gram panchayats. have issued lakhs of certificates like birth dates, character, tax collection etc., as well as number of certificates of income, caste and different forms and other applications of government departments. માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના આ સન્માનનીય ગૃહમાં પ્રથમ વખત છું. પરંતુ મારું નિરીક્ષણ છે કે જ્યારે માનનીય અર્જુનભાઈ કહેતા હતા કે કેન્દ્ર સરકારનો ફાળો આવે છે. પણ જ્યારે જ્યારે કેન્દ્ર સરકારનું નામ પડે છે ત્યારે જાણે એમની દુખતી નસ ઉપર હાથ મૂક્યો હોય એમ ઊભા થઈ જાય છે. સાચી વાત છે કે ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ યોજનામાં કેન્દ્ર સરકાર નાણા આપે છે. પરંતુ હું આ ગૃહને કહેવા માગું છું કે એમણે આપેલ મદદ એ પાશેરામાં પૂણી સમાન છે. કરોડો રૂપિયા ખાસ કરીને ક્રૂડ ઓઈલ રોયલ્ટીની આવક એન.ડી.એ.ની સરકાર તરફથી ગુજરાતને મળતી હતી એમાં તાજેતરમાં કોઈપણ રાજ્યની સાથે પરામર્શ કર્યા વગર ૧૫૦૦ કરોડ રૂપિયાનું ગુજરાતને નુકસાન કર્યું છે. ૧૫૦૦ કરોડની સામે માત્ર ૧૩૦ કરોડ આપ્યા છે. ગુજરાતને ખૂબ મોટો અન્યાય કર્યો છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ સન્માનનીય સભાગૃહમાં માનનીય યોગેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા અને એને સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ટેકનોલોજીના માધ્યમથી દુનિયા વચ્ચેનું અંતર ઓછું થતું જાય છે અને જે કામ માટે પહેલા માનવ શક્તિ, નાણા અને સમય શક્તિ વેડફવી પડતી હતી એ આપણને આજે પોષાય એમ નથી. આ નાની થતી દુનિયામાં આપણા માટે સમયની સાથે તાલ મિલાવવો ખૂબ જ જરૂરી થઈ ગયો છે. ટેકનોલોજી અને કમ્પ્યુટરના યુગમાં ગુજરાત પાછળ ન રહી જાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનું ગામડું ગ્લોબલ વિલેજ બને અને જે સગવડ ભારતના વડાપ્રધાન પાસે હોય, ઉદ્યોગપતિ પાસે હોય તેવી જ કમ્પ્યુટરની સગવડ ગામડાના છેવાડાના માનવી ભોગવી શકે અને તેના નાણાં, સમય અને શક્તિ વેડફાતી બચાવાય એના માટે ઈ-ગ્રામ, વિશ્વ-ગ્રામ દ્વારા ગુજરાતના ગામડાઓને વિકસિત શહેરોની હરોળમાં મૂકવા માટે તમામ પ્રયત્નો કર્યા છે. એમાં આજે ગુજરાતે ધારી સફળતા મેળવી છે. આજે શહેરોમાં સારા શિક્ષકો મળી રહે છે એ પરિસ્થિતિ ગામડામાં નથી. શિક્ષણ માટેનું સારું વાતાવરણ મળી રહે એવી ફેસિલિટી જે શહેરના બાળકને મળે છે એ આજે પણ છેવાડાના ગામડામાં રહેતા બાળકોને મળતી નથી. આ સગવડ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઈ-ગ્રામ, વિશ્વ-ગ્રામનો બહુ સુંદર રીતે ઉપયોગ કર્યો છે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતો ખાતે ઈન્સ્ટોલ કરવામાં આવેલ કનેક્ટિવિટીનો લાભ ગ્રામ પંચાયતોના કે.યુ.બેન્ડ થકી રંગીન ટી.વી.ના માધ્યમથી ગામડાના બાળકોને શિક્ષણ પૂરું પાડવાનો કાર્યક્રમ શરૂ થનાર છે. આનો લાભ રાજ્યના ૮ લાખ ગ્રામીણ બાળકોને મળી રહે તેવું આયોજન છે. શિક્ષણ તેમજ અનેકવિક પાસાંઓ આ ઈ-ગ્રામ, વિશ્વ-ગ્રામ યોજના સાથે સંકળાયેલ છે. માનનીય યોગેશભાઈ જે આ પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જે સંકલ્પ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ, વિશ્વગ્રામ મિશન દ્વારા આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જ્ઞાનને લોકભોગ્ય બનાવવા માટે કરેલ ટેકનોલોજીનો ઉપયોગ, આખા હિન્દુસ્તાનની અંદર જ માત્ર નહિ. દેશના કોઈ રાજ્યમાં આ પ્રમાણેનું નેટવર્ક ના હોય, પરંતુ એશિયા ખંડમાં પણ આ પ્રમાણેનું નેટવર્ક અમેરિકાની આર્મી પછી બીજા નંબરની આ કનેકટીવીટી નેટવર્ક વિશેષ ટેકનોલોજી મારફત બ્રોડબેન્ડ કનેકટીવીટી જોડી ગુજરાતના તમામ ગામડાને વિશ્વ સાથે જોડ્યા છે. આના ફાયદા શું થાય? જ્ઞાન તો કોઈ પણ ખૂણે પડેલું હોય, પરંતુ એ લોકભોગ્ય બને એ માટે જ્ઞાન અને માહિતી બંનેને ટકનોલોજી સાથે જોડીને સામાન્ય પ્રજા સુધી લઈ જવા માટેનું કામ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. આ જ્ઞાને લોકભોગ્ય બનાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીએ એક આધુનિક ઋષિ તરીકેનું કામ

કર્યુ છે. ગામડામાં બેઠલા સામાન્ય માણસને ૭/૧૨ અને ૮-અ ના ઉતારો તો ત્યાંથી મળતો થઈ ગયો. કયાં કેટલા ભાવ ખેતીના હશે એની જાણકારી ગામડામાં બેઠા બેઠા મળી શકે. પાકનું ઉત્પાદન કયાં વધુ છે, કયાં ઓછું છે તેની માહિતી ત્યાં મોળી શકે. રેલ્વેની ટિકિટ હવે મળતી થશે. બસનું સમયપત્રક ગામની ગ્રામ પંચાયતની અંદરથી મળતું થાય. બેંકો સાથેની કનેકટીવીટી, નાણા જમા કરાવી શકાય, ઉપાડી શકાય માત્ર ગ્રામ પંચાયતની અંદરથી, વીજળીનું બિલ પણ ગ્રામ પંચાયતની ઓફિસની અંદરથી ભરી શકાય. એકે એક વ્યકિતનું ભવિષ્યની અંદર કાર્ડ બનાવીને, એક ચીપ એની અંદર એડ કરી આંગળીનું ફિગર પ્રિન્ટ છે એ એની અંદર જોડીને તેને મળતા તમામ લાભો, દા.ત. બી.પી.એલ. લાભાર્થીની અંદર સમાવિષ્ઠ માણસ હોય એને કયા કયા લાભ મળશે. પોતાનું કાર્ડ એ કોમ્પ્યુટરની અંદર એડ કરે, કયા કયા લાભો એમને મળી શકે એ પણ વ્યવસ્થા આની અંદર થશે. હું માનું છું કે દેશની મોટાભાગની સમસ્યાઓ, નાણા હોય ઉપર પરંતુ એને લાભાર્થી સુધી પહોંચાડવા હોય એ ના પહોંચી શકતા હોય, આ નેટવર્કના માધ્યમથી સાચા અર્થમાં મહાત્મા ગાંધીજીનું, વીર સાવરકરજીનું, સુભાષચંદ્ર બોઝનું સ્વપ્ન હતું સુરાજ્ય માટેનું એ સાચા અર્થની અંદર આ સ્વરાજ્યનું સ્વપ્નુ સાચું થશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસ્તાવને સમર્થન કરું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી યોગેશભાઈ અમારા પક્ષના માનનીય સભ્યશ્રી સંકલ્પ લઈને આવ્યા છે તેની અંદર લગભગ સાત જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. ખાસ તો માનનીય અર્જુનભાઈએ વિપક્ષમાં રહીને પણ આ સંકલ્પને સમર્થન કર્યુ છે અને સરકાર જે દિશામાં જાય છે તેને સહયોગ કર્યો છે તે બદલ અમે નોંધ લઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે ગુજરાતના ગ્રામજનોને વિશ્વજનોની હરોળમાં લાવવા માટે ગુજરાત સરકારે, માનનીય ગુજરાત સરકારના સૂત્રધાર અને અમારા વિઝનરી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈન્ફરમેશન ટેકનોલોજીના માધ્યમથી ઈ-ગ્રામ, વિશ્વગ્રામ યોજના આ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના દ્વારા એ સેવાઓ શહેરી વિસ્તારોમાં છે તે કક્ષાએ ગામડાઓને ઉંચે લઈ જવાની જે કલ્પના છે. સતત શ્રમ કરીને લગભગ ૨૦૦૩ની સાલથી સતત સંશોધન કરીને કેવી રીતે ગુજરાતના ગામડાઓને ઉંચે લઈ જઈ શકાય તેનું એક સિલસિલાબંધ આખું એક આયોજન કર્યુ છે. આપણને ખ્યાલ પણ ના હોય કે આપણે જે ગુજરાતમાં વીજળીકરણ જે થયું ૨૪ કલાક ગામડાઓમાં જે જ્યોતિગ્રામ યોજના આવી એ વખતે પણ કલ્પના હતી કે ગુજરાતના ગામડાઓનો આધુનિક વિકાસ કરવો હશે ઈ-ગ્રામની અંદર લઈ જવું હશે તો ગામડાંઓની અંદર ચોવીસ કલાક વીજળીકરણ જોઈએ અને એના કારણે જયોતિગ્રામ યોજનાનો અમલ કર્યો ત્યારે પણ એમની કલ્પના હતી કે ઈ ગ્રામ વિશ્વ ગ્રામ દ્વારા ગુજરાતના ગામડાંઓને નૅટવર્ક એમને કરવું છે અને એનો અમલ અમે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી આ બધી જે યોજનાનો જે અમલ થઈ રહ્યો છે ત્યારે હરિપુરા ગામે સુભાષચંદ્ર બોઝની યાદમાં એમના જન્મ દિવસે અમે આનું જે આખું આયોજન કર્યુ, એનું ઉદ્‌ઘાટન કર્યુ, એનું લોન્ચીંગ કર્યુ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને એમાં અમે ટેકનોક્રેટસને ઈનવાઈટ કરીને એનું ઉદ્‌ઘાટન કર્યુ એનું લોન્ચીંગ કર્યુ હતું. મારે એ ધ્યાન દોરવું છે ભાઈશ્રી અર્જુનભાઈ ખાસ કરીને એ નોંધ કરતા હતા કે, ઉદ્‌ઘાટનમાં ભારત સરકારમાંથી કોઈ અધિકારીને અગર તો કોઈ મંત્રીશ્રીને નહીં આમંત્ર્યા. ગુજરાત સરકારના કાર્યક્રમો અને કેન્દ્ર સરકારના સંયુક્ત કાર્યક્રમોમાં થોડોક અલગ હોય છે. બોલાવવાનો કોઈ વાંધો ન હોય પરંતુ અર્જુનભાઈનું ધ્યાન દોરું છું કે, અમે જે ઈ ગ્રામ વિશ્વ ગ્રામનું લોન્ચીંગ કર્યુ , ઈ ગ્રામ વિશ્વ ગ્રામની યોજનામાં ફરી વાર આ ગૃહ સમક્ષ હું જાહેર કરું છું કે કેન્દ્ર સરકારનો એક પણ પૈસો ગ્રાન્ટ અમોને મળી નહતી અને એમાં કોઈ અમારું કોઈ આયોજન પણ નથી. સી.એચ.સી. સેન્ટરોની અંદરની વ્યવસ્થા છે એનું લોન્ચીંગ અમે કર્યુ નથી. સી.એચ.સી. સેન્ટરો એક અલગ પ્રકારનો કાર્યક્રમ છે. ગ્રામીણ વિસ્તારોને પોસ્ટ ઑફિસોની જેમ સેન્ટ્રલની ત્રણ કે ચાર ગામોનું એક ગ્રુપ બનાવવાનું અને એનું આખું આયોજન કરીને એના જ દ્વારા એડવાન્સીંગ કરીને વધારે સુવિધાઓ મળે એના માટે સી.એચ.સી. સેન્ટરોનું આયોજન કેન્દ્ર સરકારે કર્યુ છે. કેન્દ્ર સરકારે જે આ આયોજન કર્યુ તે ત્રણ હજાર સી.એચ.સી. સેન્ટરો ગુજરાતને આપ્યા. સમગ્ર દેશમાં આપ્યા છે, ગુજરાતને ત્રણ હજાર આપ્યા છે પરંતુ અમારા વીઝનરી મુખ્ય મંત્રીશ્રીએ ત્રણ હજારમાંથી છ હજાર કર્યા અને કહ્યું કે ત્રણ હજાર સેન્ટ્રલ ગર્વનમેન્ટ ભલે આપણને આપે પરંતુ આપણે છ હજાર સી.એચ.સી. સેન્ટરો કરવા પડશે. માનનીય અધ્યક્ષશ્રી ત્રણ હજાર સેન્ટરો જે ગુજરાત સરકારે કર્યા એનો ખર્ચ ગુજરાત સરકારે ઉપાડવાનો નિર્ણય કર્યો પરંતુ એટલું જ નહી પણ આ માર્કેટીંગમાં પણ અમારી સરકાર સમજે છે અને એનો કેવી રીતે ગુજરાતની પ્રજા ઉપર ભાર ન આવે એટલા માટે જે છ હજાર જે સેન્ટરો ઊભા કર્યા એનું અમે જે બિડિંગ કર્યુ અને જે બહારથી મોટી મોટી કંપનીઓ અહીંયા ગુજરાતમાં આવી, ગુજરાતના વિશ્વાસના આધારે એમાં અમોને નૅગેટિવ બિડિંગ મળ્યું અને નૅગેટિવ બિડિંગ મળ્યું ત્યારે કેન્દ્ર સરકારે અમને છ કરોડ રૂપિયા નહીં બાર કરોડ રૂપિયા અમોને મોકલ્યા છે પરંતુ અમને જે બિડિંગ મળ્યું છે એ બિડિંગ અમારું એવા પ્રકારનું છે કે જેના કારણે આ સી.એચ.સી. સેન્ટરો ચાલુ થાય, ગામડાની જે આપણી ઈ ગ્રામ વિશ્વ ગ્રામની વ્યવસ્થા છે એતો છે જ પણ સી.એચ.સી. સેન્ટરો ચાલુ થતાં અમોને દર વર્ષે ૧૯ કરોડ રૂપિયાની આવક ગુજરાત સરકારને થઈ શકે એ પ્રમાણેનું બિડિંગ અમે મેળવ્યું છે. મતલબ કે કેન્દ્ર સરકારે આપેલા જે નાણાં છે એ આજે પણ અમે ડિપોઝિટ રાખી રાખ્યા છે. એટલે શ્રી અર્જુનભાઈ અમે આના માટે આપનું ધ્યાન દોરૂં કે

સી.એચ.સી. સેન્ટરોનું કોઈ લોન્ચીંગ કે ઉદ્‌ઘાટન કર્યુ નથી, ફક્ત ઈ ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનું લોન્ચીંગ, ઉદ્‌ઘાટન કર્યુ છે એટલે કેન્દ્ર સરકારમાંથી કોઈ મંત્રીશ્રીઓને અહીંયા બોલાવવાનો કોઈ અર્થ નથી. અને એ ન બોલાવ્યા હોય તો એ અનૌપચારિક કર્યુ હોય એવું કહેવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી, જી-સ્વાન, સાયન્સ ટેકનો એન્ડ ટૅક્નૉલૉજી વિભાગમાં ચોક્કસપણે ૯૧ કરોડ મોકલ્યા છે. કારણ કે એ વિભાગ મારી પાસે ન હોવાના કારણે એનો ઉલ્લેખ હું કરી શકતો નથી પરંતુ એ વિભાગના મંત્રીશ્રી જ્યારે મળશે ત્યારે આપને એનો ઉલ્લેખ કરી શકશે. અમે મિત્તલ, ઉદ્યોગપતિને અમે અહીંયા બોલાવ્યા, આપે એમ કહ્યું, કોઈ કોન્ટ્રાકટરની હેસિયતથી બોલાવેલા નહતા. તમને કદાચ ખ્યાલ નહીં હોય કે હમણાં જે વિશ્વમાં, દુનિયામાં જે કોમ્પીટીટીવ જે એમનું સિલેક્શન થયું અને એવોર્ડ આપવામાં આવ્યો, તો મિત્તલ જે છે એમની કંપની એરટેલને દુનિયાની શ્રેષ્ઠ કંપની તરીકેનો એવોર્ડ આપ્યો. આવા ટેકનોક્રેટને આપણે અહીંયા ઈનવાઈટ કરીએ તો એમાંથી પ્રેરણા મળે એટલા માટે એમને બોલાવવા માટે આમંત્રણ આપ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું એ ધ્યાન દોરવું છે કે, ગુજરાતનો ઈગ્રામ વિશ્વગ્રામનો કાર્યક્રમ આગળ વધતો જાય છે. તમામ મિત્રોએ ખૂબ સારું સમર્થન કર્યું છે. ૧૩૬૯૩ ગામોમાં આપણે કનેકટીવીટી આપી છે. મને કહેતાં આનંદ થાય છે કે હવે એની યુટિલીટી શરૂ થઈ છે. ઉપયોગીતા. અમે એનું લોન્ચીંગ કર્યું, પ્રયોગો કર્યા, એની કાર્યવાહી અમે આગળ વધારી અને ઓબ્ઝર્વ કર્યું. ગામડાંઓની અંદર પણ લોન્ચીંગ કર્યું એ દિવસે અમે ચેકીંગ કર્યું કોઈ કોઈ જગ્યાએ ડીફેકટસ દેખાઈ એ ડીફેકટસ માટે તમારા સૌનો સહયોગ મળ્યો અને એનું કરેકશન કર્યું હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમો શરૂ કર્યા છે. શિક્ષણ વિભાગના વર્ગો. સારામાં સારા ટીચર દ્વારા અમુક વર્ગના અમુક વિષયને લઈને તમામ વર્ગો એક સાથે અહીંથી ટીચીંગ કરી શકાય એનો પ્રયોગ ગઈ ૨૦મી ફેબ્રુઆરીએ અમે કર્યો. મને કહેતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું કે હવે શિક્ષણ શરૂ કરી દો. સારામાં સારા શિક્ષકો દ્વારા ગુજરાતના વર્ગો લેવાનું ચાલુ કરો. એનો પ્રયોગ શરૂ કર્યો અને મને કહેતાં આનંદ થાય છે કે એક પણ એવી કોઈ ફરિયાદ નથી મળી કે જેના કારણે ઈગ્રામ વિશ્વ ગ્રામમાં ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને શિક્ષણનો જે હેતુ હતો એ ન સર્યો હોય. મિત્રો, મારે શિક્ષણ વિભાગનો ૨૦ મી તારીખે શિક્ષણના વર્ગ દ્વારા લગભગ ૬લાખ વિદ્યાર્થીઓને એક સાથે અભ્યાસ કરાવી શકાયો અને આનંદીબહેન મારું ધ્યાન દોરે છે કે દર શુક્રવારે શિક્ષણનો એક વર્ગ લેવાય છે આને આવતીકાલે પણ શિક્ષણ મંત્રીશ્રીએ આનું આયોજન ગોઠવ્યું છે. ગણિતનો વર્ગ આવતી કાલે પણ લેવાશે અને એના દ્વારા ગુજરાતના ધોરણ-૫ના લાખો બાળકોને એક સાથે કેળવણી આપી શકાશે. આ શિક્ષણનો ભાગ જ નહી, અન્ય સેવાઓ પણ ગુજરાતમાં આપવાનું કામ આપણે શરૂ કર્યું છે. ઈગ્રામ વિશ્વગ્રામ દ્વારા જન્મ મરણના દાખલાના પ્રમાણપત્રો પણ આપવાના શરૂ થઈ ગયા છે. આવક અને જાતિના પ્રમાણપત્રો પણ શરૂ થઈ ગયા છે. ચારિત્ર અને રહેઠાણના પ્રમાણપત્ર પણ ઈસ્યુ થવા માંડયા છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓના ફોર્મના અરજીપત્રકો પણ હવે ગામડાંઓમાં મળતા થઈ ગયાં છે. સાત બાર અને આઠ-અના ઉતારા પણ ગ્રામીણ વિસ્તારમાં મળે છે. સી.એચ.સી. સેન્ટરમાં પણ મળે. ઈધરામાં પણ તાલુકા કક્ષાએ પણ મળે. ગ્રામીણ વિસ્તારમાં પોતાના ગામમાં જ સાત બારના ઉતારા મેળવી શકાય છે. મારે એ ધ્યાન દોરવું છે ગૃહનું કે ગ્રામીણ વિસ્તારના લોકોને મોટા મોટા ડોકટરોની કોઈ સેવા ઉપલબ્ધ હોતી નથી. એ લોકોને મોટા ડોકટર જોવા પણ મળતા નથી. બિમાર થયેલા લોકો અને મોટા રોગમાં સપડાયેલા લોકોના આરોગ્યનું ચેકીંગ કરવા માટે સારા ડોકટરોનું કન્સલ્ટેશન કરવું હોય તો પોતાના ગામની અંદર ઈગ્રામની અંદર પોતાના ગામની અંદર કોમ્પ્યુટર ઉપર ત્યાંથી જ પોતાનો ડેટા આપી અને ડોકટરોનું કન્સલ્ટેશન કરી શકાશે. વિડિયો દ્વારા પણ એની સાથે ડાયલોગ કરી શકાશે. ખેતી વિષયક બાબતમાં પણ રાજયના ખેડૂતોને ખેતી વિષયક વૈજ્ઞાનિક સિદ્ધિઓ અને સેવાઓનો ઉપયોગ કરી શકાશે. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડુતોને પણ એનું જ્ઞાન આપી શકાશે. કનેકટીવીટી, ડેટા ટ્રાન્સમીશન હોઈ તમામ ગ્રામ પંચાયતો એકબીજા સાથે વિનામુલ્યે વાત કરવાનું પણ શરૂ થઈ ગયું છે. ઈન્ટરનેટ વિડિયો કોન્ફરન્સ પણ શકય બનશે. વિડિયો બ્રોડકાસ્ટીંગના માધ્યમથી પ્રસારણ કક્ષાએ નિહાળી શકાશે આ કનેકટીવીટીના ઉપયોગથી. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે અમે ગ્રામસભાઓ કરી. ગ્રામસભાઓ કર્યા પછી અમારે એના ડેટા મેળવવા હોય કે કેટલા લોકો આવ્યા હતા, કોણ હાજર હતું કોણ નહોતું તમામ ડેટાઓ અમારે લેવા હોય, કેટલા પ્રશ્નો આવ્યા, એ પ્રશ્નો લેવા હોય તો મહીનાઓ નીકળી જતા હતા. આજે ૨૪ કલાકમાં ઈગ્રામ વિશ્વગ્રામનું અમલીકરણ થવાને કારણે જે ગામડાંઓમાં ગ્રામસભા થઈ ત્યાં રાતના દસ વાગ્યા સુધીમાં તમામ ડેટા ગાંધીનગર સુધી આવી ગયો અને આના કારણે આપણી ઝડપ ઘણી વધી ગઈ છે. ૮૨૦૦ ગ્રામ પંચાયતોમાં કેયુબેન્ડની પણ સુવિધા આપણે આપી છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં ડાયરેકટ ડીઝીટલ રીસર્ચ સિસ્ટમ રંગીન ટી.વી. ઉપર પ્રસારણની સુવિધાની પણ વ્યવસ્થા ગોઠવી છે. એક મોટી બાબત એ છે કે આપણા ગાંધીનગરમાં હજુ ઘણા બધા મિત્રોએ નહીં મુલાકાત કરી હોય.પણ હવે અમારો કાર્યક્રમ નોક સૅન્ટર તૈયાર થઈ ગયું છે. ઈ ગ્રામ વિશ્વ ગ્રામ કાર્યક્રમમાં અમારી જોડે જે નૅટવર્ક છે, નૅટવર્ક ઑપરેશન સૅન્ટર આપણા ગાંધીનગરમાં છે. બ્લૉક નં. ૮ માં. એ જે સેટેલાઈટ રિસર્ચ સિસ્ટમ આખી ઊભી કરી છે. અહીયા બેસીને ગુજરાતના તમામ ગામડાઑને ઈ ગ્રામ વિશ્વ ગ્રામની આખી વ્યવસ્થા એક જ જગ્યાએ બેસીને નિહાળી શકાય. કોઈપણ ગામનું રિપેરિંગ કરવાનું હોય, કૉમ્પ્યુટર રિપેરિંગ કરવાના હોય, કે સિસ્ટમમાં ડિફેક્ટ આવી હોય તો એક જ જગ્યાએ બેસીને કન્ટ્રોલ કરી શકાય છે, તેવું સૅન્ટર બનાવ્યું છે. જેમ

આપણા શરીરનું હાર્ટ કહેવાય તેવું નોક સૅન્ટર અહીયા બનાવ્યું છે. એના કારણે ગુજરાતનું આપણું ઈ ગ્રામ વિશ્વ ગ્રામ આપણું કામ કન્ટ્રોલ કરી શકાશે. આપણી ઈ ગ્રામ વિશ્વ ગ્રામની વ્યવસ્થાઓ દ્વારા આપણે ગ્રામ્ય વિકાસ વિભાગની કામગીરી હાથમાં લઈ શકીશું. શિક્ષણ વિભાગનું પણ કામ દશમાં બારમાના પરિણામો પણ અહીથી જાહેર કરી શકાશે, જોઈ શકાશે. ગૃહ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદની ઑન લાઈન નોંધણી અને પાસપોર્ટ અંગેની સુવિધા અહીથી મેળવી શકાશે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બેરોજગારોની નોંધણી પણ આપણે અહીયા જોઈ શકાશે, કાયદા વિભાગ, વાહન વ્યવહાર વિભાગની પણ અહીયા સમીક્ષા કરી શકાશે. આ પ્રમાણે તમામ મિત્રોએ અહીયા જે આ યોગેશભાઈએ જે સંકલ્પ લઈને આવ્યા એ સરકારને સમર્થન કરતો સંકલ્પ છે. એમના વિચારોને હું અભિનંદન આપું છું. એમણે અને તમે સૌએ જે સમર્થન કર્યુ તે બદલ મંત્રી તરીકે મને આનંદ થાય છે. હું આપ સૌને આવકારું છું અને સરકાર જે દિશામાં જાય છે તે દિશામાં વધારે પ્રગતિ કરી શકે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં વધારેમાં વધારે લાભ આપવાની દિશામાં સરકાર જઈ રહી છે, એમાં આપ સૌના સહયોગની અપેક્ષા રાખું છું. યોગેશભાઈએ જે સંકલ્પ મૂક્યો છે, એનો સૈદ્ધાંતિક સરકાર સ્વીકાર કરે છે એટલા માટે એમના સંકલ્પ માટે હું સમર્થન કરું છું.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર સભ્યશ્રીઓ શ્રી આત્મારામભાઈ પરમાર, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાજી, શ્રી દેવીસિંહ ચૌહાણ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના વિચારો વ્યક્ત કરી આવકાર આપ્યો છે, તેમને હું આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીએ પણ મારા સંકલ્પના હાર્દ સાથે સંમત થયા છે. વિસ્તૃત ચર્ચા કરી છે, એમને પણ આભારી છે. માનનીય મંત્રીશ્રીના જવાબથી મને સંતોષ છે, આથી મારા સંકલ્પનો જે સર્વાનુમતે સ્વીકાર કર્યો છે, તેમનો હું આભાર માનું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**બાલસખા યોજનાનો લાભ ગરીબ અને આદિજાતિમાં જન્મેલા તમામ નવજાત શિશુઑને આપવા અંગે**

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે :

" દેશમાં માતા મરણના કારણોમાં પ્રસૂતિ સમયે ઊભી થતી સમસ્યા મુખ્યત્વે જવાબદાર હોય છે. રાજ્યમાં દર વર્ષે ૧૨ લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે, જે પૈકી ૫,૦૦૦ માતાઓ પ્રસૂતિ દરમ્યાન અવસાન પામે છે. જેમાં મોટે ભાગે છેવાડાના, દરિયાકાંઠાના અને આદિવાસી ગ્રામ્ય વિસ્તારની પ્રસૂતા માતાઑનો સમાવેશ થાય છે. રાજ્યમાં સેન્ટ્રલ રજિસ્ટ્રેશન સિસ્ટમ-૨૦૦૬ અનુસાર માતાઑના મૃત્યુનું પ્રમાણ ૧.૩૬ (દર હજાર જીવિત જન્મદીઠ) છે જે વિઝન ૨૦૧૦ મુજબ ઘટાડી ૧ થી નીચે લઈ જવાનું છે.

**સભાપતિશ્રી દોલતરાય ન.દેસાઈ અધ્યક્ષ સ્થાને**

માતાઓના મૃત્યુના પ્રમાણમાં સુધારો લાવવાના આશયથી રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી સમગ્ર રાજયમાં "ચિરંજીવી યોજના" અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ બીપીએલ તથા આદિજાતિ કુટુંબની બહેનોને મળે છે. અત્યાર સુધીમાં ૨,૮૦,૦૦૦ માતાઓએ આ યોજનાઓનો લાભ લીધેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૪૫.૦૦ કરોડની જોગવાઈનું આયોજન છે.

રાજયમાં સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સિસ્ટમ-૨૦૦૬ અનુસાર બાળ મૃત્યુદર ૫૦ (દર હજાર જીવિત જન્મદીઠ) છે, તે ઘટાડીને ૩૦ સુધી લઈ જવાનો રાજય સરકારનો અભિગમ છે. ૧૦૦૦ બાળકો જે જન્મ સમયે જીવતાં હોય છે તેમાંના ૫૦ જેટલા બાળકો તેમની પહેલી વર્ષગાંઠ પહેલાં મૃત્યુ પામે છે. જે પૈકીના લગભગ ૬૦ ટકા જન્મના પહેલા મહિનામાં મૃત્યુ પામે છે અને તે પૈકીના લગભગ ૨/૩ બાળકો જન્મના પહેલાં અઠવાડિયામાં મૃત્યુ પામે છે. આમ જન્મના પહેલાં જ અઠવાડિયામાં મૃત્યુ પામતા બાળકોની સંખ્યા ઘણી વધારે છે.

આ પરિસ્થિતિમાં સુધારો લાવવા રાજય સરકાર જનભાગીદારીથી આગળ વધી રહી છે. આ માટે તબીબી ક્ષેત્રે કામ કરતી સેવાભાવી સંસ્થાઓ, રાજયનું અનુદાન મેળવતી સંસ્થાઓ તથા ખાનગી બાળરોગ નિષ્ણાતો આ પ્રયાસ સાથે જોડાય તો બાળ મૃત્યુંનું પ્રમાણ ઘટાડી શકાય, તેની સાથે સાથે દેશમાં ગુજરાત રાજયના માનવ વિકાસ સૂચકાંકમાં સુધારાત્મક પ્રથમ પગલાંના ભાગરૂપે રાજય સરકારે ચાલુ વર્ષને "નિરોગી બાળ વર્ષ-૨૦૦૮" તરીકે ઉજવવાનો નિર્ધાર કરેલ છે તે અન્વયે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે "બાળ સખા યોજના" સમગ્ર રાજયમાં અમલમાં મૂકી છે. આ યોજના માટે વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં રૂા.૧૪.૩૦ કરોડનું આયોજન કરેલ છે. આ યોજના ચાલુ વર્ષે અમલમાં આવેલ છે અને જરૂરિયાત મુજબ વર્ષોવર્ષ તે ચાલુ રાખવામાં આવશે અને લાભાર્થીઓના વ્યાપને વિસ્તારવામાં આવશે. આ યોજના અંતર્ગત રાજયના ખાનગી બાળરોગ નિષ્ણાતો, તબીબી ક્ષેત્રે કામ કરતી સેવાભાવી સંસ્થાઓ થકી ચિરંજીવી યોજના હેઠળ આવરી લેવાયેલ માતાઓનાં બાળકો તેમજ રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા તેમજ આદિજાતિ કુટુંબના નવજાત શિશુને નિ:શુલ્ક બાળરોગ નિષ્ણાતની સારવાર ઉપલબ્ધ કરાવાશે. આમ સમગ્ર દેશમાં નમૂનારૂપ થઈ શકે તેવી આ બાલસખા યોજના રાજય સરકારે અમલમાં મૂકી છે ત્યારે રાજય સરકારે કરેલ આ પહેલને આ સભાગૃહ આવકારે છે. સાથે સાથે તેનો લાભ સ્વર્ણિમ ગુજરાતના ગરીબ અને આદિજાતિ ઘરોમાં જન્મેલ તમામ નવજાત શિશુઓને મળે એ દિશામાં સઘન પ્રયત્ન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે. "

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી :** માનનીય અધ્યક્ષશ્રી, બિનસરકારી સંકલ્પ રજૂ કરવાનું સદભાગ્ય સાંપડયું છે તે માટે ભારતીય જનતા પાર્ટીની આ રાજય સરકારનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ધરતી પર પહેલો શ્વાસ લેતા નવજાત શિશુને બચાવવા માનનીય મુખ્યમંત્રીશ્રીની હદયસ્પર્શી મૌલિકતા વાળા આ સંકલ્પમાં મતની કોઈ રાજનીતિ નથી. કારણકે આ નવજાત શિશુ એ મત નથી આપવાનો પરંતુ રાજયના એક મુઠ્ઠી ઉંચેરા માનનીય મુખ્યમંત્રીશ્રીએ મતની રાજનીતિથી ઉપર ઉઠી દેશની આવતીકાલને બચાવવા જયારે કટિબધ્ધ છે ત્યારે સમગ્ર નારી જગત વતી નત મસ્તકે રાજય સરકારને વંદન કરું છું. સર્વજન સુખાય, સર્વજન હિતાય બનેલી ચિરંજીવી યોજનાને સંલગ્ન બાળસખા યોજના લાવવામાં આવી છે. માનવીની સુખાકારીનો સાચો માપદંડ એ કેટલું જીવ્યા એ ઉપર નહીં પણ કેવું જીવ્યા તેની પર આધાર રાખે છે. એટલા માટે જ સમગ્ર દેશમાં કોઈપણ રાજયમાં હાથ ન ધરાયા હોય તેવા કાર્યક્રમો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળ ફકત અને ફકત ગુજરાતમાં જ યોજાયા છે અને તેમાં આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન દ્વારા અદ્વિતિય સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પ્રથમ વખતે સ્ત્રીઓ અને પુરુષોથી સરખામણીમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા માટે પ્રથમ વખત જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી બેટી બચાવો અભિયાન આંદોલનના રૂપમાં છેડયું છે. કોઈપણ રાજકીય પક્ષ અને સરકાર સાથે મળી આવું કોઈ અભિયાન કે આંદોલન કરે તે કોઈના માનવામાં આવે ખરું? પરંતુ મારે ગૌરવ સાથે કહેવું છે કે આ અભિયાનની સફળતાની પ્રેરણા બીજા રાજયોએ પણ લેવી પડી છે એ નાની સૂની બાબત નથી.

સમગ્ર સમાજની ચિંતા, કન્યાઓની ચિંતા અને માતાઓની ચિંતા, નાના ભુલકાંઓની ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. આ માટે જ ૨૦૦૮ના વર્ષને નિરોગી બાળવર્ષ તરીકે જાહેર કરેલ હતું. :માનનીય અધ્યક્ષશ્રી, માનવસૂચક આંક અને સમગ્ર સમાજની નિરોગીતા એ ખાસ કરીને બાળકોની નિરોગીતાનો પર્યાય શબ્દ છે. દુનિયાના વિકસીત દેશોમાં સમાજની નિરોગીતા માટે હ્યુમન ઈન્ડેક્ષ જેવા શબ્દનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને દુનિયાના વિકસીત દેશોની હરોળમાં મૂકવા માટે ગુજરાતના હ્યુમન ઈન્ડેક્ષને ઉપર લાવવા પ્રયાસ કર્યો છે. આ માટે નવજાત શિશુની સારસંભાળ માટે જરૂરી એવી બાળસખા યોજના જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું ભાવિ બાળકોના હાથમાં છે. આવતીકાલ સમા બાળકોના આરોગ્યની સુવિધા માટે અગાઉ પણ આ જ સરકારે માતૃવંદના-બાલભોગ યોજનાનો પણ સફળતાપૂર્વક અમલ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ખીલખિલાટ હાસ્ય વેરતાં ફૂલ જેવાં બાળકો કસમયે કરમાઈ ના જાય તે માટે ફૂલોના માળી સમાન માનનીય મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી અને સરકારના પ્રતિનિધિઓએ કમર કસી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય, રાષ્ટ્ર અને આંતર રાષ્ટ્રીય કક્ષાના બાળ આરોગ્ય ક્ષેત્રના બાળમૃત્યુના વૈજ્ઞાનિક પુરાવાઓ ધ્યાનમાં લેતાં જોવા મળે છે કે પાંચ વર્ષથી નાના બાળકોમાં કુલ મૃત્યુ ૬૦ થી ૭૦ ટકા પ્રથમ વર્ષે થાય છે. પહેલા મહિના બાળકના મૃત્યુ ૬૦ થી ૭૦ ટકા પ્રથમ સપ્તાહમાં જ થાય છે. નવજાત શિશુના મૃત્યુ ઓછું વજન કે ખોડખાંપણના લીધે થાય છે. એમાં ૫૭ ટકા મૃત્યુ સીધી કે આડકતરી રીતે અપૂરતા પોષણને લીધે થાય છે અને એટલે જ ભવિષ્યમાં ઉપસ્થિત તનારા સામાજીક પ્રશ્નો તરફ લોકોનું ધ્યાન દોરાય, આરોગ્યલક્ષી યોજનાઓ પ્રત્યે સમાજ જાગૃત થાય તે હેતુથી નવજાત શિશુની સારવાર માટે બાળસખા યોજનાનો ઉદાર અભિગમ આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અપનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના દ્વારા ગરીબ પરિવારોના નવજાત શિશુનો જન્મ સમયે બાળરોગ નિષ્ણાત એટલે કે પિડીયાટ્રિશિયનની સારવાર મળી રહે તેવી સુવિધા મળી રહે તેવો નિર્ણય કર્યો છે. બાળસખા યોજના ચિરંજીવી યોજનાની પૂરક બની રહેશે. આ યોજના મુજબ પ્રત્યેક નવજાત શિશુની સાર-સંભાળ માટે પિડીયાટ્રિશીયનને રૂા. ૩૦૦ ફી પેટે અને પ્રિમચ્યોર ડિલિવરી સમયે અથવા કોઈક કારણોસર નવજાત શિશુને ઈન્કયુબેટરમાં (આપણે દેશી ભાષનામાં પેટી કહીએ છીએ તેમાં) રાખવા પડે તો ૫૦૦૦ સુધીનો ખર્ચ સરકાર ભોગવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, તેમની ટીમ અને પ્રતિનિધિઓને હું વંદન કરું છું કે જેમણે હજારો ગરીબ માતા અને શિશુને નવજીવન આપતી આ યોજના રાજય સમક્ષ મૂકી છે. જે થકી બાળ મૃત્યુ દરમાં ઘટાડો તથા નિરોગી બાળકની વિભાવનાને શારીરિક માનસિક અને સામાજીક સ્વસ્થતા સાકાર કરવા એક માતાના ગર્ભથી લઈ, કુમાર અવસ્થા સુધીના જીવન ચક્રને આવરી લઈ, સ્વસ્થ બાળ અને તંદુરસ્ત સમાજના નિર્માણની યોજના અંગેની ઈંટ મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના આ બાલસખાના બિન સરકારી સંકલ્પને વિપક્ષ મિત્રો સમજે અને સહકાર આપે તેવી લાગણી સાથે વિરમું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી વર્ષાબેન દોશી બિનસરકારી સ્રકલ્પ "બાલસખા" લઈને આવ્યાં છે તે સંદર્ભમાં હું વાત કરી રહી છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં કોઈપણ દેશની આવતીકાલ કેવી હશે તે જાણવું હોય તો તેનાં બાળકો કઈ રીતે ઉછરે છે તે ણવું જોઈએ. આજેજે દેશનું બાળક તંદુરસ્ત  છે, તેની આવતીકાલ ઉજળી છે અને આ માટે નવજાત શિશુની પૂરતી કાળજી મળે, એને રોગ સામે રક્ષણ મળે એ પહેલી જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં દર એક હજારે જન્મતા બાળકોમાંથી ૫૦ બાળકો એની પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતાં નથી એટલે કે મૃત્યુ પામે છે. આ માટે રાજય સરકારે અને આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાતના ભવિષ્ય એવાં બાળકો બચાવી શકાય તેવા શુભ હેતુથી આ માટે ખાસ યોજના એટલે કે "બાલસખા" યોજનાને અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તંદુરસ્ત બાળ તો તંદુરસ્ત સમાજ, તંદુરસ્ત સમાજ તો તંદુરસ્ત ગુજરાત અને તંદુરસ્ત ગુજરાત તો સમૃધ્ધ ગુજરાત આવો જો ગુજરાત રાજયમાં પ્રથમ કોઈએ વિચાર કર્યો હોય તો માત્રને માત્ર ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આરોગ્યવિભાગના માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ છે. આજે હું તેમને લાખલાખ અભિનંદન આપું છું કે તેઓ બાળહિત અને જનહિતની સફળ કામગીરી સાકાર કરી રહ્યા છે.     માનનીય અધ્યક્ષશ્રી, આજનું બાળક એ આવતીકાલનું ભવિષ્ય છે.આવતીકાલનો નાગરિક છે. જો તેનો પાયાનો વિકાસ બરાબર થયો હશે, તેમની બરાબર કાળજી લેવાયેલ હશે, તેની યોગ્ય સારવાર થઈ હશે તોતેનો સર્વાંગી વિકાસ થશે.આવા શુભ હેતુને અનુસરીને ગુજરાત રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરી રહેલી સરકાર દ્વારા સમગ્ર રાજયમાં શિશુ મૃત્યુદરમાં અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે માટે "બાલસખા" યોજના અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, "નારી તુ નારાયણી" "નારી તુ રત્નની ખાણ" અને નારી પોતાના રત્ન સમાન બાળક સાથે યોગ્ય સારવારના અભાવે મૃત્યુ પામતી આ ના થવું જોઈએ. એવો ગુજરાત રાજયમાં પ્રથમ જો કોઈએ વિચાર કર્યો હોય તો માત્રને માત્ર ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે અને તેમણે ગરીબ ગર્ભવતી બહેનો માટે ચિરંજીવી યોજના અમલમાં મૂકી સાકાર કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈ સ્ત્રી માતા બનવાની હોય છે ત્યારે તેના માટે માતા બનવાનું સુખ એ સ્વર્ગના સુખ સમાન હોય છે. પછી તે સ્ત્રી ગરીબ હોય કે પૈસાદાર હોય. બન્ને માટે એ સુખ સરખું હોય છે. જે પણ સ્ત્રી માતા બનવાની હોય, એવf સ્વપ્ન જોતી હોય, એવી ઇચ્છા રાખતી હોય કે તેને ત્યાં જન્મનાર બાળક દુનિયાનું સૌથી શ્રેષ્ઠ બાળક હોય, તંદુરસ્ત બાળક હોય, સૌથી સુંદર બાળક હોય આવા સ્વપ્નો જોતી હોય છે ત્યારે એવી ઇચ્છા રાખતી હોય છે કે તેના ઘરે રામ જેવા, લક્ષ્મણ જેવા કે કૃષ્ણ જેવા બાળકોનો જન્મ થાય, પરંતુ દરેક માતાનું આ સ્વપ્ન સાકાર નથી થતું, કારણ કે છેવાડાની ગરીબ અને આર્થિક રીતે પછાત વર્ગની મારી બહેનો આ મોંઘી સારવાર લઈ શકતી નથી. યોગ્ય દવા લઈ શકતી નથી અને તેના કારણે ઘણી વાર બાળક તથા માતા બન્નેનું જીવન જોખમમાં મૂકાઈ જાય છે. પરંતુ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડવા માટે થઈને ચિરંજીવી યોજના અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના થકી ગરીબ અને પછાત વર્ગની ગર્ભવતી સ્ત્રીને સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટર દ્વારા સ્ત્રીને ગર્ભ રહે ત્યારથી બાળકનો જન્મ થાય ત્યાં સુધી તમામ પ્રકારની યોગ્ય સારવાર, યોગ્ય દવા અને યોગ્ય ટ્રીટમેન્ટ મફત આપવામાં આવે છે. ચિરંજીવી યોજનાની લાભાર્થી ગર્ભવતી સ્ત્રીને સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટર દ્વારા સારવાર મળતી, પરંતુ નવજાત શિશુને બાળ રોગ નિષ્ણાત દ્વારા સેવાઓ ઉપલબ્ધ નહોતી. રાજય સરકારે આ બાબતે ખૂબ ચર્ચા-વિચારણા કરી અને રાજયમાં બાળસખા યોજના અમલમાં મૂકી છે. જે રીતે ચિરંજીવી યોજનામાં ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટરની સેવા આપવામાં આવે છે તે જ રીતે બાળસખા યોજનામાં ખાનગી બાળરોગ નિષ્ણાતોની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. બાળકો, નવજાત શિશુઓમાં ચેપી રોગનું પ્રમાણ ખૂબ ઉંચું હોય છે. જો તેમને સમયસર યોગ્ય સારવાર ન મળે તો તેઓ મૃત્યુ પામે છે. બાળકોના ચેપી રોગોમાં ન્યુમોનિયા, ઝાડા-ઉલ્ટી અને ઓરી જેવા ચેપી રોગ હોય છે. આ ચેપી રોગોમાં ગ્રામ્ય કક્ષાએ સામુહિક સ્તરે નિદાન થાય તે માટે આંગણવાડી વર્કરો, આરોગ્ય કાર્યકરો અને પાયાના કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે. તે ઉપરાંત મૅડિકલના વિદ્યાર્થીઓ, ડૉકટરો, નર્સ વગેરેને તાલીમ આપવામાં આવે છે અને ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક સારવાર ન મળી રહે તો તે બાળકને જિલ્લા કક્ષાએ સારવાર આપવા માટે રીફર કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ કોઈ બાળ રોગ નિષ્ણાત ડૉકટર ન હોય, તો તે ન હોવાને કારણે રાજય સરકારે ખૂબ ચર્ચા-વિચારણા કરીને બાલસખા યોજના અમલમાં મૂકી છે. શ્રીમતી વર્ષાબેન દોશી જે બાળસખાનો બિન સરકાર સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બહેન શ્રીમતી વર્ષાબેન દોશી બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.  માનનીય અધ્યક્ષશ્રી, વર્ષાબેનની જે ચિંતા છે, તે ચિંતામાં હું જરૂર મારો સૂર પુરાવું છું. એટલા માટે કે જેટલી આપણે ઉદ્યોગોની અને એમાંય ઉદ્યોગપતિઓની તેની બેલેન્સશીટની જેટલી ચિંતા કરીએ છીએ એટલી જો આપણાં સાડા પાંચ કરોડ લોકો

છે તેના આરોગ્યની ચિંતા કરતા હોત અને જે મારા મિત્રો ૧૩ વર્ષથી અહીં શાસનમાં બેઠાં છે એમણે જો ખરેખર ચિંતા કરી હોત તો જેમ પેલાના બેલેન્સશીટની ચિંતા કરી અને એના બેલેન્સશીટ જરૂર મજબૂત બન્યા છે. પણ હમણાં હમણાં એકાદ વર્ષથી માનવ સૂચકાંકની વાત થાય છે. માનવ સૂચકાંક આજે આપણાં અસ્તિત્વમાં છે એવું નહીં, પરંતુ જ્યારથી માણસે માણસના જે સર્વાંગી આરોગ્ય અને સર્વાંગી વિકાસની વાત કરી છે ત્યારથી આ સૂચકાંક રહેલો છે. માત્ર માનવ સૂચકાંકની ચિંતા કરવાથી હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્ષની ચિંતા કરવાથી નહીં પતે. માનનીય આરોગ્ય મંત્રીશ્રી એનો જવાબ આપવાના છે. પણ મારે તેના પહેલાં આપના મારફત તેમનું ધ્યાન દોરવાનું છે (અંતરાય) મને કહો તો પણ વાંધો નથી. મારે તેમનું ધ્યાન દોરવાનું છે. એટલા માટે કે તેમના ઉપર આ કડવી જવાબદારી મૂકાઈ છે. ઉદ્યોગપતિઓની જે બેલેન્સ શીટ છે એની જેટલી ચિંતા કરીએ છીએ એ ક્યાંક બીજા ઉપર જવાબદારી છે. માનવ સૂચકાંકની જવાબદારી એમના ઉપર મુકાઈ છે. એટલે કડવી જવાબદારી છે. એટલા માટે જવાબ આપતી વખતે જરૂરથી જણાવે. માનવ સૂચકાંકની અંદર શું સ્થિતિ છે? ખાસ કરીને સેકસ રેશિયો દીકરો-દીકરીનો જન્મદર છે એમાં આપણે કયાં છીએ? શિક્ષણની વાત નથી એટલે પ્રશ્ન નહીં પૂછું. પ્રસૂતા માતાનો મૃત્યુ દર શું છે? ઝીરોથી પાંચ વર્ષની અંદરના બાળકોનો જે મૃત્યુ દર છે એમાં કયાં છીએ? બાળકોનું જે વજન હોવું જોઈએ એમાં આપણે કયાં છીએ? બાળકો અને માતાનો જે દર છે ડેફિશિયન્સી છે, હેલ્થ છે એની અંદર આપણે કયાં છીએ. એમાં આપણે પાછળ હોઈએ તો જરૂરથી ચિંતા કરવાની જરૂર છે. એ ચિંતા કરવી હશે તો આ એક યોજનાથી નહીં ચાલે. એટલા માટે કે, હવે ખાનગીકરણનો જમાનો આવ્યો છે અને એનાથી આગળ શિક્ષણ અને આરોગ્યના ખાનગીકરણનો જમાનો આવ્યો છે. કયા પ્રકારનું ખાનગીકરણ છે? એનો એક દાખલો આપીશ. એ આની સાથે રીલેવન્ટ નથી. ગાંધીનગરની બાજુમાં એક સંસ્થા છે, ફાર્મસી કૉલેજ છે. મારા પોરબંદરની એક દીકરી એમાં ભણતી હતી. એના પિતા ઉપર કરજ વધી ગયું અને એ પિતાએ આપઘાત કર્યો. એણે રૂ.૨૬,૦૦૦/-ની ફી ભરેલ હતી. બીજા ટર્મની ફી ભરવાની બાકી હતી, એ પહેલાં એના પિતાજીનું અવસાન થયું. શ્રી રમણભાઈ આવતીકાલે હું એની વિગતો આપીશ. એને સર્ટિફિકેટ લેવા હતા. એ દીકરીને હવે કોઈ ભણાવી શકે એવી સ્થિતિ ન હતી અને એટલા માટે એ સર્ટિફિકેટ લેવા ગઈ તો એ સર્ટિફિકેટ આપવાનો ઇન્કાર કર્યો કે, તમે બીજા ટર્મની ફી ભરો તો તમને તમારા સર્ટિફિકેટ પાછા મળશે. ત્રણ મહિના સુધી એણે વિનંતી કરી પણ એને સર્ટિફિકેટ આપવામાં આવ્યા નહીં. પરમ દિવસે એને એમ કહેવામાં આવ્યું કે જ્યાં સુધી તમે ફી નહીં ભરો ત્યાં સુધી તમને સર્ટિફિકેટ મળશે નહીં. એ મારી પાસે આવી. મેં એના પ્રિન્સિપાલની સાથે વાત કરી. તો એણે જણાવ્યું કે, અમારા ટ્રસ્ટીને તમે ફોન કરો. તો મેં કહ્યું કે હું ફોન નહીં કરું પણ તમે એમને કહો કે એ મને ફોન કરે. આ માટે જે એકટ બનાવ્યો છે એ મુજબ એને સર્ટિફિકેટ પાછા મળવા જોઈએ. એ દીકરીને એટલી બધી પરેશાન કરવામાં આવી. છેવટે એણે રૂ.૫૦૦૦/- તો આપવા જ પડ્યા. અત્યારે સ્ટર્લીંગ, એપોલો, સાલ જેવી મોટી મોટી હૉસ્પિટલોની અંદર.. (અંતરાય) મારી પાસે એના દાખલા છે કે ડૅડ બોડીને લઈ જઈએ, એના સર્ટિફિકેટ સાથે દાખલ કર્યા હોય અને ૨૪ કલાક સારવાર કર્યા પછી કહે કે આ હવે બચી શકે તેમ નથી. લાઈફ સપોર્ટ સિસ્ટમ કાઢી નાખે અને પછી કહે કે આટલા પૈસા આપો. એટલે આ સ્થિતિની પાછળ આખું આરોગ્ય તંત્ર છે એ લોકાભિમુખ બનાવવું પડશે. (અંતરાય) હું મારી વાત ઉપર આવી જાઉં છું.

**સભાપતિશ્રી** : આપના બે વકતા છે એટલે વધુ વખત મળ્યો છે. આપ બે મિનિટમાં પૂરું કરજો. બધાને પાંચ મિનિટ જ આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે મિનિટમાં જ કહેવું છે. આ સંકલ્પનું હાર્દ છે એની સાથે હું સંમત છું. પણ વાત એ છે કે માત્ર બાળસખા યોજના લઈ આવ્યા, આ માતા આજે આખી યોજનાઓ છે, એમાં માતા અને બાળકનું મરણ ઘટાડવા અને એના આરોગ્યની બાબતમાં ચિંતા કરી અને આ ૨૦૦૫-૦૬ પછી માતા અને બાળમરણ ઘટાડવા, પીવાનું પાણી, જાહેર આરોગ્ય સેવાઓની એકસૂત્રતા જાળવવા, રોગચાળા અટકાવવા અને એ સિવાયની જે યોજનાઓ છે એમાં ૨૦૦૩-૦૪ પહેલા એક પૈસાનું એલોકેશન કેન્દ્ર સરકારનું થતું નહોતું, યુ.પી.એ. સરકાર આવ્યા પછી ૨૦૦૫-૦૬માં ૩૮.૫૦ કરોડ રૂપિયા મળ્યા ૨૦૦૬-૦૭ની અંદર ૪૯.૩૫ કરોડ મળ્યા અને ૨૦૦૭-૦૮માં ૬૭ કરોડ રૂપિયા મળ્યા. કુલ ૧૫૪ કરોડ રૂપિયા મળ્યા, માતા અને બાળકનું મરણ અટકાવવા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી કરીને વાત પૂરી કરીશ કે આ ઠરાવની અંદર એણે માતા અને બાળમરણ અટકાવવા માટે આટલા રૂપિયા આપેલા છે એટલો ઉલ્લેખ કરી દે, તો આ ઠરાવને એના મૂળ સ્વરૂપ સાથે અમે એને ટેકો આપવા તૈયાર છીએ.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વર્ષાબેન દોશી જે આ બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે, તેમને હું મારું સમર્થન આપું છું અને તેના વિશે હું મારા વિચારો વ્યક્ત કરું છું. આપણા દેશમાં માતાના મૃત્યુ મુખ્યત્વે પ્રસૂતિના સમયે ઉદ્દભવતી સમસ્યાને લીધે થતા હોય છે. આપણે ગુજરાત રાજયની વાત કરીએ તો દર વર્ષે ૧૨લાખ જેટલા બાળકો જન્મ લે છે અને ૫હજાર જેટલી માતાઓ પ્રસુતિના સમયે જે મુશ્કેલીઓ ઉભી થાય છે તેના કારણે મૃત્યુ પામે છે. આ જે સમસ્યા પ્રસુતિના સમયે જે ઉભી થાય છે તેને પૂરતી સારવાર નથી મળતી તેના કારણે આ સમસ્યા ઉભી થાય છે. આ મૃત્યુ પામનાર મુખ્યત્વે દરીયાકાંઠે વસતી બહેનો અને આદિજાતિ વિસ્તારની બહેનો હોય છે. હું જે વિસ્તારમાંથી આવુ છું એ

દરિયાકાંઠાનો વિસ્તાર છે અને અતિપછાત વિસ્તાર હોવાને કારણે જે સગર્ભા બહેનો છે એ પૂરતી સારવાર લઈ શકતી નથી. સારા દવાખાનામાં કે સારી હૉસ્પિટલમાં તે સારવાર લેવી હોય છે પણ એની આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તે સારા ડૉકટર પાસે સારવાર કરાવી શકતી નથી. જે આ આપણા ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે પછાત જે બહેનો છે એનો વિચાર કર્યો અને રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬ થી સમગ્ર રાજયમાં આ ચીરંજીવી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ અત્યાર સુધીમાં ૨લાખ,૮૦હજાર માતાઓએ આ યોજનાનો લાભ લીધેલ છે. આ યોજના માટે વર્ષ ૨૦૦૮-૧૦માં રૂા. ૪૫ કરોડની જોગવાઈનું આયોજન છે. રાજય સરકારે આ ૨૦૦૮-૦૯ના વર્ષને નીરોગી બાળક વર્ષ તરીકે જાહેર કર્યુ છે એ અનુસાર બાળકો જન્મે ત્યારથીજ નીરોગી જન્મે અને નીરોગી રહે તે માટે પણ રાજય સરકારે ચિંતા કરી છે. આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. આજનું નીરોગી બાળક આવતીકાલનું દેશનું નાગરિક છે. માતાના કુપોષણના કારણે રાજયમાં અનેક બનાવો એવા બનતા કે બાળક જન્મ પહેલા જ મૃત્યુ પામે અને જીવિત જન્મે તો ખોડખાંપણવાળું જન્મે. બાળક અને માતાનું જન્મ સાથે મૃત્યુના થાય અને ખોડખાંપણવાળું બાળક ના જન્મે એ માટે ભારતીય જનતા પાર્ટીની આપણી સરકારે એવા કાર્યક્રમો ગામડે ગામડે કરીને ધાત્રી અને સગર્ભા માતાને રોજની ૧૦૦ગ્રામ સુખડી મળી રહે એ માટે ગામના સુખીસંપન્ન લોકોને આવા કાર્યક્રમમાં જોડીને એમનો સહયોગ લઈને ગરીબ અને સગર્ભા ધાત્રી માતાઓને સારું પોષણ મળી રહે તે માટે સરકારે ચિંતા કરી છે.ગુજરાત રાજ્યમાં સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સિસ્ટમ ૨૦૦૬ અનુસાર બાળ મૃત્યુ દર ૫૦ એટલે કે એક હજાર બાળકોનો જન્મ થાય છે એ પૈકી ૫૦ બાળકો મૃત્યું પામતા હોય છે. એનો અર્થ એ થયો કે એક હજાર બાળકોમાંથી ૫૦ બાળકો એવા જન્મે છે જે પોતે પોતાની પહેલી વર્ષગાંઠ ઉજવી શકતા નથી અને એક વર્ષમાં જ મૃત્યું પામતા હોય છે. આ જે ૫૦ બાળકો મૃત્યું પામે છે એમાંથી ૬૦ ટકા બાળકોના મૃત્યું જન્મના પહેલા મહિનામાં થાય છે અને ૨/૩ બાળકો એવા છે કે જે જન્મના પહેલા અઠવાડિયામાં મૃત્યું પામે છે. મૃત્યું પામતા જે બાળકોની સંખ્યા છે એ ઘણી જ વધારે કહી શકાય. આ પરિસ્થિતિમાં સુધારો લાવવા રાજ્ય સરકાર જન ભાગીદારીથી આગળ વધી રહી છે. આ માટે તબીબી ક્ષેત્રે કામ કરતી સેવાભાવી સંસ્થાઓ, રાજ્યનું અનુદાન મેળવતી સંસ્થાઓ અને ખાનગી બાળરોગ નિષ્ણાંતોને આ પ્રયોગમાં સાથે જોડવામાં આવે તો બાળ મૃત્યું દરમાં ઘટાડો કરી શકાય તેમ છે. ગુજરાત સરકારે ચાલુ વર્ષ ૨૦૦૮-૦૯ને નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. પ્રસૂતાને હૉસ્પિટલ સુધી લઈ જવાનો તમામ ખર્ચ, હૉસ્પિટલનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે છે. તેની સાથે આવનારને ૫૦ રૂપિયા ભાડા પેટે ચૂકવવામાં આવે છે. રાજ્યમાં ચિરંજીવી યોજના સાથે સંલગ્ન તેમજ સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જિલ્લા હૉસ્પિટલ કે જ્યાં બાળ રોગ નિષ્ણાંત અધિકારી ઉપલબ્ધ નથી એને આનુષંગિક યોજના છે. બાળસખા યોજના રાજ્યમાં અમલમાં રહેલ ચિરંજીવી યોજના હેઠળના લાભાર્થીઓને પણ લાગું પડે છે. ચિરંજીવી યોજના હેઠળના સ્ત્રી રોગ નિષ્ણાંતે એમના બાળ રોગ નિષ્ણાંત સાથે સંકલન કરી એક ટીમ બનાવી સંકલિત કામગીરી કરવાની રહે છે. આ યોજના અંતર્ગત ખાનગી બાળ રોગ નિષ્ણાંતે પોતાની હૉસ્પિટલ ખાતે મોકલવામાં આવતા ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓ નવજાત શિશુઓને જોવાના તેમજ આપાતકાલીન સેવાઓ અને તાત્કાલિક સારવાર આપવાની હોય તો એ આપવાની રહે છે. વૈજ્ઞાનિક સંશોધન અનુસાર રીફર કરવામાં આવેલ શિશુઓ પૈકી અંદાજિત ૭૫ ટકાને ઓ.પી.ડી.ની જરૂર પડે છે. બાકીના ૨૫ ટકાને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવારની જરૂર પડે છે. આ પૈકી પાંચ ટકાને મૅડિકલ કૉલેજ ખાતે રીફર કરવાની જરૂર પડે છે. આ પ્રમાણે મૂળ રોગ નિષ્ણાંતે જરૂરિયાત મુજબ ઓ.પી.ડી. સારવાર આપવાની હોય છે. આદરણીય વર્ષાબેન દોષી જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના લોક લાડીલા અને દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમજ ભારતીય જનતા પાર્ટીની સરકારને નાના બાળકો પ્રત્યે અગાઢ પ્રેમ છે. સમગ્ર રાજ્યમાં નિરોગી બાળ વર્ષ ઉજવણી મૂર્તિમંત થઈ છે. માનનીય મુખ્યમંતીશ્રીએ આખા વર્ષ દરમિયાન બાળકોના આરોગ્ય અંગેની મુશ્કેલીઓ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી અને એ નાના ભૂલકાઓની ચિંતા કરી છે. સરકારે ઘણા ઉપાયો અમલમાં મૂક્યા છે એ ખરેખર પ્રશંસાને પાત્ર છે. સમગ્ર ભારત દેશમાં ગુજરાતના આ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર દ્વારા અનેક જીવલેણ રોગોમાંથી બચાવ માટે રસીકરણના કાર્યક્રમો અમલમાં મૂકેલ છે. બાળકો સાથે સાથે સગર્ભા માતાની પણ ચિંતા કરી અનેક રસીકરણોના કાર્યક્રમો પણ અમલમાં મૂકવામાં આવેલ છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. આ સરકારના અથાગ પ્રયત્નોથી રાજ્યના દરેક ગામમાં મહિનામાં એકવાર મમતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એ મમતા દિવસને ગામ લોકો એક તહેવાર હોય એ રીતે ઉજવે છે. આથી સમગ્ર રાજ્યમાં મમતા દિવસ ઘણો લોકપ્રિય સાબિત થયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે આ મમતા દિવસનું જે આયોજન કરવામાં આવ્યું છે તેના કારણે બાળકોની માંદગી અને મૃત્યું દર ઘટાડવા માટે ખૂબ અસરકારક આ મમતા દિવસ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયત્નથી આ યોજનામાં જીવલેણ બિમારીવાળા બાળકોને બાળકોના નિષ્ણાંત ડૉકટરો પાસે વધુ સારવાર માટે મોકલવામાં આવે છે. હાલની સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે જિલ્લા કક્ષાએ સરકારી સેવામાં સ્ત્રી રોગ નિષ્ણાંત અને બાળ રોગ નિષ્ણાંતની સેવા પૂરતી મળતી નથી. આથી સ્ત્રી રોગ નિષ્ણાંત અને બાળ રોગ નિષ્ણાંત ડૉકટરની સેવા પૂરતી મળી રહે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારશ્રીએ ચિરંજીવી યોજના તેમજ બાળસખા યોજના અમલમાં મૂકેલ છે, તેના સારા પરિણામો મેળવી શક્યા છીએ. એ આપણે જોઈ રહ્યાં છીએ. આ યોજનાથી સ્ત્રી રોગ અને બાળ રોગનું પ્રમાણ દ ટવા પામ્યું છે. પહેલા સગર્ભા બહેનોની સુવાવડ પહેલા કે પછીના પહેલા અઠવાડિયામાં જ બાળ શિશુઓના મૃત્યુ થતાં હતા. પરંતુ આ સરકારશ્રીના અથાગ પ્રયત્નથી બાળસખા યોજના દ્વારા ખાનગી બાળ રોગ નિષ્ણાંતો ઉપલબ્ધ થયા છે જેના કારણે આ મૃત્યુનું પ્રમાણ પણ ઘટશે અને તેને કારણે રાજ્ય સરકારશ્રીની બાળકો પ્રત્યેની લાગણી હતી અને જે ચિંતા છે એ યોજના થકી પ્રતિબિંબિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક આદિવાસી ધારાસભ્ય તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ રાજ્ય સરકારશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું કે આપની દીર્ઘ દ્રષ્ટિને કારણે આ મારા આદિવાસી સમાજમાં પણ જન્મેલ નવજાત શિશુઓને સઘન પ્રયત્નો કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ રાજ્ય સરકારને અનુરોધ કરવા આ સભાગૃહ અનુરોધ કરે છે. જે આ વર્ષાબેન સંકલ્પ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી, પ્રસૂતા માતાની વેદના એક માતા કે એક બહેન જ સમજી શકે છે. શહેરી વિસ્તારોમાં પ્રસૂતા માતાને મળતી આરોગ્યની સગવડો અંતરિયાળ વિસ્તારમાં મળતી પ્રસૂતા માતાની સગવડોમાં ખૂબ ફેર છે. અને એવા સમયે જે વર્ષાબેન આ સંકલ્પ લઈને આવ્યા છે એમાં જે ત્રુટીઓ રહી જતી હોય એ સાથે આ વિધાનસભામાં ચર્ચા કરી અને ત્રુટીઓ દૂર કરવાનો પ્રયત્ન કરીએ. વિધાનસભામાં જ ધારાસભ્યશ્રીઓને કાયદા કેમ ઘડવા, વિધાનસભાની વ્યવસ્થાઓ અને બધા માટે જ્યારે ખૂબ જ સક્ષમ વકતાઓને બોલાવીને જ્યારે એક વિદ્યાર્થી તરીકે જ્યારે પાઠ ભણાવતા હતા ત્યારે આ બાળ મૃત્યુ દર અને પ્રસૂતા માતા મૃત્યુ દરમાં જ્યારે અમને સાહિત્ય દ્વારા અને વકતા દ્વારા આંકડા મળ્યા હતા એ થોડીક ચિંતા થાય તેવા આંકડાઓ મળ્યા. માનનીય જયનારાયણભાઈ ખૂબ સાચી રીતે સમજીને કામ કરવાની ધગશવાળા છે પણ સાથે સાથે જે સિસ્ટમ બની છે એ સિસ્ટમમાં ત્રુટીઓ છે એ ત્રુટીઓને જ્યાં સુધી દૂર નહિ કરીએ ત્યાં સુધી અહીંયા બોલેલું, અહીંયા લખેલું અને અહીંયા લાવેલા સંકલ્પો કે અહીંયા કરેલા કાયદાઓ નિરર્થક થવાના છે. આ એવો ભવ્ય ભારત દેશ જેની સંસ્કૃતિ છે માત્ર પશુ નહિ, પશુ અને પ્રાણીની પણ પ્રસુત્તિ થાય ત્યારે આપણે માનવ જાત પાંચ-પંદર દિવસ કે સવા મહિનો એ પ્રસૂતા પ્રાણીની કે પશુની પણ ચિંતા કરીએ છીએ એને વસાણા કે જે કાંઈ પોષ્ટિક આહાર આપવાનો હોય છે એ આહાર આપવાની આપણે ચિંતા કરતા હોઈએ છીએ.**

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની વ્યવસ્થાઓ એવી બની છે કે સાસરી પક્ષે દીકરીની પ્રસૂત્તિ હોય તો પિયર પક્ષેથી પણ એ પ્રસૂત્તિના સમયે ઘી, ગોળ કે પોષ્ટિક આહાર મળતો હોય એ લઈને જવાના રીતિ રિવાજો પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ બાળ દર્દીઓના વૉર્ડમાં જવાનું થાય ત્યારે આપણને ખબર પડે છે અને કેટલીક વખત તો નાનું બાળક, જન્મેલા બાળકનું વજન ઓછું હોય એટલે ક્યાંક એને પેટીમાં મૂક્યું હોય, જન્મતા બાળકની સાથે જ એને કોઈ ખોડખાંપણ આવી હોય, જન્મતા બાળકની સાથે જ એને ક્યાંક નાકમાં ટોટી ભરાવી હોય, પગમાં એને કાંઈક વ્યવસ્થા કરી હોય, ક્યાંક એના હાથમાં વ્યવસ્થા કરી હોય અને એ દ્રશ્ય જ્યારે જોઈએ છીએ ત્યારે અરેરાટી ઊભી થાય અને મનમાંથી પણ ઉદ્દગાર નીકળે કે હે ભગવાન આ બાળકને જન્મતાની સાથે તેં આવા દર્દો આપ્યાં છે. એ બાળક માટે અમે માનીએ છીએ કે શિક્ષણની વાત હોય, આરોગ્યની વાત હોય, પીવાના પાણીની સમસ્યાઓની વાત હોય, કે સમાજના અવિકસિત લોકોને વિકસિત કરવાની વાત હોય એમાં રાજકીય વર-વાઘા બાજુએ ઉતારી અને આ વિધાનસભા ગૃહમાં ચર્ચાઓ કરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાનું પવિત્ર ગૃહ જ્યારે લાયબ્રેરીમાં જઈએ છીએ ત્યારે અમને જોવા મળે છે. કેવી પ્રણાલિકાઓ. બાળ નીરોગી વર્ષની વાત લઈને જ્યારે માનનીય જયનારાયણભાઈ આવ્યા ત્યારે એક બે અક્ષરનો સુધારો કરવાની વાત કરીને એમણે સંમતિ આપી અને સર્વાનુમતે આપણે બાળ નીરોગી વર્ષને વધાવી લીધું. સાહેબ આ જે વધાવાના જે પ્રસંગો બને છે એના ઉપરથી ક્યાંક વિશ્વની સંસ્થાઓ રાજય સરકારને એવોર્ડ આપે છે, એના હક્કદાર અને એના ભાગીદાર આપણે સૌ છીએ એનું ગૌરવ પણ આપણે લઈ શકીએ છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, એવી પ્રણાલિકાઓ આપણે નથી પાડવી? આગળનું જ સંકલ્પ જાય છે ત્યારે પણ વિપક્ષ એને સ્વીકારે, એને વધાવે અને એ રીતે આપણે ક્યાંક ગૃહની પણ પ્રણાલિકાઓમાં પણ થોડાંક આગળ વધવું પડશે. કેટલાક સમયથી જે સરસ રીતે આ ગૃહની અંદર કાર્યવાહી અને જે વિચારો ચાલે છે, હું માનું છું ત્યાં કેટલીક ટિખળો થતી હોય એ ટિખળોને પણ આપણે બાજુએ મૂકવી પડશે. સમાજના બહોળા વર્ગની ચિંતા કરતા હોઈએ, બાળ રોગીઓની ચિંતા કરતા હોઈએ, જે વિસ્તારમાં પ્રસૂતા માતાઓને આરોગ્યની સેવાઓ મળવી જોઈએ

એની ત્રુટિઓમાં વિવેક સાથે વાત કરતા હોઈએ ત્યારે આપણે એ બાબત ઉપર ધ્યાન રાખીએ કે આ સમાજની વ્યવસ્થાઓની સાથે સાથે રાજય સરકારની વ્યવસ્થાઓમાં માનનીય જયનારાયણભાઈને વિનંતી કરીશ કે સાહેબ આમાં આપણે જેટલું ફંડ ફાળવવું પડે એ ફાળવવામાં એમાં કયાંય કચાશ ન રાખશો. માનનીય અધ્યક્ષશ્રી, આ બાળ રોગીઓને જ્યારે જોઈએ છીએ, પ્રસૂતા માતા સાહેબ એને ખોળામાં નથી લઈ શકતી, એક બાજુ એની પ્રસુતી થઈ હોય છે અને એક બાજુ એનું બાળક હૉસ્પિટલમાં હોય છે. એ જે પરિસ્થિતિ નિર્માણ થાય છે અને અત્યારના સમયમાં ફાઈવ સ્ટાર કલ્ચરનું દવાખાનું જે મોંઘું થતું જાય છે એ દવાખાનાઓને જે કીડની, કૅન્સર અને હ્રદયના જે રોગો મોંઘા થતા જાય છે ત્યારે આપના દ્વારા માનનીય જયનારાયણ ભાઈને વિનંતી કરું છું કે, શહેરનો મધ્યમ વર્ગની પ્રસૂતા માતાને ક્યાંક સારવાર કરવી પડતી હોય, શહેરના મધ્યમ ઘરના જન્મેલા બાળકની સારવાર કરવામાં કોઈ કસર ન રાખે અને એના માટે જે કાંઈ વ્યવસ્થા અને આયોજન કરવાનું થાય એ કરવા માટે પણ માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું. બાળ મૃત્યું દરમાં આપણે જ્યાં છીએ એને ઘટાડતા જતા હતા. ખૂબ ગુજરાતના ગૌરવ તરફ આપણે આગળ જવું છે. પહેલાં કદાચ એવું હશે કે ક્યાંક પ્રસૂતિ વખતે ક્યાંક ગીતો ગવાતા હશે અને એટલે જ શિવાજીના હાલરડાને આપણે યાદ કરીએ છીએ , આભમાં ઊગ્યો ચાંદલો ને જીજાબાઈને આવ્યા બાળ રે. (અંતરાય ) નહીં, આમાં એટલા માટે કે જેનો વિષય ના હોય એણે આમાં ના પડવું, શિવાજીની જીજાબાઈ અને શિવાજીના શૌર્યની જેને કલ્પના ના હોય એ ટીખળ ના કરે એવી વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગરિમા વિધાનસભામાં જે લક્ષણો દેખાવવા જોઈએ એ લક્ષણો, * (xxxxx) એવી વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રણાલિકાઓ તો ઊભી કરીએ.(અંતરાય) સોરી (xxxx) શબ્દ સાહેબ બોલી ગયો છું, વિવેક સાથે પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં પાછું ખેંચશો પણ આપે જે શબ્દો વાપર્યા એ વિધાનસભા ગૃહની વાત કરીને વાપર્યા. આપે એમ કીધું કે વિધાનસભાના લક્ષણના બદલે (xxxx) એ શબ્દો યોગ્ય નહતાં.

**શ્રી જગદીશ ઠાકોર** : સાહેબ ખૂબ વિવેક સાથે મારા શબ્દો પાછા ખેંચુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષાબેન દોશી જે સંકલ્પ લઈને આવ્યા છે. માનનીય જયનારાયણભાઈને વિનંતી કરું છું આપના દ્વારા કે એવી પ્રણાલિકા ઉભી કરીએ આપણે કે આપણા હાઉસના સમય દરમ્યાન કયાંક વિપક્ષની વાત સાચી લાગે તો એને સ્વીકારીને એક અક્ષર ઉમેરતા જઈએ. ભલે સર્વાનુમતે આપણા સંકલ્પો પાસ થાય, આપણા પ્રસ્તાવો પાસ થાય. આપણા ધારા ઘડવાવાળી ધારાસભામાં કયાંક વિપક્ષની સાચી વાતને પણ સ્વીકારીને આપણે આગળ વધીએ એ જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ, આપને કુલ કેટલો સમય જોઈશે? એક સભ્ય વિજયભાઈ આ બાજુથી રહી જાય છે અને એક વાત હું કહું કે મારે એમને શબ્દો પાછા ખેંચાવવા પડયા પરંતુ જેમણે વચ્ચે ટીખળ કરી એમનું હું નામ નથી લેતો પણ એમની સામે હું ગંભીરતાથી લઉં છું કે સ્વભાવ બદલવા માટે આ સભાગૃહની અંદર તમે પ્રયત્ન કરશો તો તમારું સભ્યપદ સારું લાગશે. માનનીય શ્રી વિજયભાઈ,

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી જે બીન સરકારી સંકલ્પ બાળ સખા લઈને આવ્યા છે એમના સમર્થન માટે હું ઊભો થયો છું. આજે રાજયમાં દર વર્ષે

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

બાર લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે. આ બાર લાખ બાળકોમાંથી લગભગ પાંચ હજાર માતાઓનું મૃત્યુ થાય છે અને આ જે માતાઓનું મૃત્યુ થાય છે એ લગભગ મોટાભાગે છેવાડાના દરિયાકાંઠાની માતા અને અમારા જેવા આદિવાસી વિસ્તારની માતાનું પ્રમાણ વધારે હોય છે. આજે બાળમૃત્યુદર એ પણ લગભગ એક હજાર બાળકોની સામે ૫૦ જેટલા બાળકો મૃત્યુ પામે છે અને એમાં પણ ૬૦ટકા જેટલા બાળકો લગભગ પોતાની પહેલી વર્ષગાંઠ પહેલા જ મૃત્યુ પામે છે એ પૈકીના ૨/૩ બાળકો અઠવાડિયાની અંદર જ મૃત્યુ પામે છે. અઠવાડિયામાં જ મૃત્યુ પામનાર બાળકોની સંખ્યા બહુ મોટી છે એટલે જ આપણા દેશના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આ ગુજરાતમાં ૨૦૦૬માં ચિરંજીવી યોજના અમલમાં મૂકી છે અને ચાલુ વર્ષે બાળ સખા યોજના જે અમલમાં મુકી છે એ બદલ ખરેખર આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને ગુજરાત રાજયની સરકારને ખુબ અભિનંદન પાઠવું છું. આ ચિરંજીવી યોજના અંતર્ગત મારા આદિજાતિ વિભાગની બહેનો અને જે બી.પી.એલ. કુટુંબની બહેનો હતી લગભગ ૨૮૦૦૦૦ જેટલી માતાઓએ એનો લાભ મેળવેલ છે. આ સાચું જ કહેવાય છે કે અમને ગમે, તમને ગમે આ રાષ્ટ્રને ગમે, સ્વસ્થ તંદુરસ્ત બાળક સૌને ગમે. આ જે બાળ સખા યોજના અમલમાં મુકી છે એને કારણે આ રાજયમાં જે એક હજાર બાળકોદીઠ જે. ૫૦ બાળકો મૃત્યુ પામે છે એમાં ઘટાડો થશે અને લગભગ ૨૦૧૦ સુધીમાં ૩૦ કે તેથી નીચે દર ઘટશે એવો રાજય સરકારનો અભિગમ છે. આજે માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો થાય એ માટે બાળ સખા યોજના અમલમાં મુકી છે એ બે ભાગમાં વહેંચવામાં આવી છે. પહેલા ભાગમાં જે બાળસખા યોજના અમલમાં મુકી છે એમાં ખાનગી બાળ રોગ નિષ્ણાત અને તબીબી ક્ષેત્રે જે સ્વૈચ્છિક સંસ્થાઓ કામ કરે છે અને રાજય સરકારની અનુદાન લેતી જે સંસ્થાઓ છે આ બધા એક ટીમ બનાવીને સંકલિત કામગીરી કરશે અને ચિરંજીવી યોજના હેઠળ આવરી લેવાયેલ જે માતા છે અને જે નવજાત શીશુ છે એને નિઃશૂલ્ક સેવાઓ આપશે. જયારે પણ ચિરંજીવી યોજના હેઠળ આ નવજાત શીશુ છે એમને સ્ત્રી નિષ્ણાત, બાળ રોગ નિષ્ણાતને હાઈરીસ્ક ડીલીવરી માટે બોલાવે ત્યારે બાળ રોગ નિષ્ણાત આ સ્ત્રીરોગ નિષ્ણાતની હોસ્પિટલે જશે.અને આ જે બાળકો છે, એને નિઃશુલ્ક સારવાર આપશે તથા તેની સારસંભાળ રાખવા માટે યોગ્ય સૂચનો કરશે. આ જે બાળરોગ નિષ્ણાંતો છે, તે બાળરોગ નિષ્ણાંત અને આ જે ટીમ છે તે બાળકોને કાંગારુ કેર, ડીસીજે તથા પોલિયાનું રસીકરણ પણ કરશે. આ જે ભાગ-૧ છે, એમાં આ બાળરોગ નિષ્ણાંતને જે સેવાઓ આપે છે. એમાં ૧૦૦ બાળકો દીઠ સરકારશ્રી ૧,૩૦,૦૦૦ નું પૅકૅજ આપશે. સ્ત્રી રોગ નિષ્ણાંતને ૩૦,૦૦૦ આપવામાં આવશે. આમ લગભગ કુલ મળીને ૧,૬૦,૦૦૦ નું પૅકૅજ ભાગ-૧ માં સમાવવામાં આવેલ છે. આનાથી આદિજાતિ વિસ્તારની જે માતાઓ છે અને જે બાળકો છે, એમને ખૂબ લાભ થવાનો. ખરેખર જે જીવન મરણની વચ્ચે ઝોલા ખાતા બાળકોના જીવનમાં એક હાર્દ નીકળતો હશે કે મને જીવવાની એક તક આપો. હું મારા અસ્તિત્વને સાબિત કરીને બતાવીશ. જે પ્રસ્તાવ આ બિન સરકારી સંકલ્પ બાળસખા લઈને આવ્યા છે, તેમને હું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રી શ્રીમતી વર્ષાબેન દોશી જે સંકલ્પ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂક્યો છે અને એને માનનીય શ્રીમતી ભાનુબેન, શ્રીમતી ભાવનાબેન, શ્રીમતી ભારતીબેન, શ્રી વિજયભાઈ, શ્રી અર્જુનભાઈ, શ્રી જગદીશભાઈએ એના સમર્થનમાં જે વાત કરી છે, તેને હું આવકારું છું.

મારા વિભાગ માટે મારા માટે જે મુદ્દાઓ કહેવાયા છે, એને હું ગંભીરતાથી લઈ આગળ જે કઈ મારે કાર્યવાહી કરવાની થતી હશે એમાં કાર્યવાહી કરવા માટેની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરું છું. જગદીશભાઈનો હું આભારી છું કે ખૂબ જ રચનાત્મક વાત કહી. મને લાગે છે કે ક્યાંક મકર રાશીનું પ્રભુત્વ જગદીશભાઈને સાંભળ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે તેમણે રચનાત્મક વાત કરનાર મકર રાશીવાળા માણસો ક્યારેય પાછા પડતા નથી. જગદીશભાઈએ ખૂબ સારી વાત કરી છે. મારે કેટલાક મુદ્દાઓ જે અર્જુનભાઈએ મૂકયા છે અને તેની રેકર્ડ ઉપર ખોટી વિગતો ન રહે, એટલા માટે મહદઅંશે ઠરાવને લગતી બાબતો કહેવાઈ ગઈ છે. કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કરવાની છે. માનનીય અર્જુનભાઈએ બેલેન્સ શીટની વાત કરી. બેલેન્સશીટની ચિંતા જેને બેલેન્સ હોય તેને કરવાની હોય. અમને ઉધારીવાળી બેલેન્સશીટ મળી હતી. જે કાંઈ આવે છે એમાં ઉત્તરોત્તર બેલેન્સશીટમાં સુધારો કરતા જઈએ છીએ. એટલું મારે અર્જુનભાઈને કહેવું હતું એના સમર્થનમાં કેટલીક વિગતો રેકર્ડ ઉપર મૂકવા માગીશ. અર્જુનભાઈએ માનવ વિકાસ સુચકાંકનો ઉલ્લેખ કર્યો. ચિંતા વ્યક્ત કરી. આપણે ક્યાં જઈ રહ્યા છીએ. એક મુદ્દો એમણે જે ઊભો કર્યો તે સૅક્સ રેશિયાનો હતો. મારે અર્જુનભાઈને કહેવું છે કે ૨૦૦૧ માં

૧,૦૦૦ પુરુષે ૮૦૨ સ્ત્રીની સંખ્યા હતી, જે ૨૦૦૭ માં વધીને ૮૮૦ એ પહોંચી છે. એમાં ગુણાત્મક રીતે સુધારો થયો છે. રાજય સરકારે બેટી બચાવો અભિયાનથી માંડીને જે જે કાર્યવાહી કરી તે સીધી અસર આ સરકારી આંકડામાં જોઈ શકાય છે. ત્યાર પછી મુદાઓ આવ્યા બાળમરણ અને માતૃમરણ અંગેના. ૧૯૯૮ માં ૧ લાખે ૩૮૯ હતો માતૃ મરણનો દર.માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં તે ઘટીને ૧૩૬ પર આવ્યો છે અને બાળ મરણનો દર ઈન્ફન્ટ મોર્ટાલીટી રેટ ૨૦૦૩માં ૫૪ હતો તે અત્યારે ઘટીને ૫૦ પર આવ્યો છે. તેની સીધી વાત એ થાય કે જો આ રાજયમાં ૧૨.૫૦ લાખ પ્રસૂતિ થાય છે તો બાળકના ૪૮૦૦ જીવ બચે અને માતાના ૩૧૦૦ જીવ બચે એમ કરીને ૭૯૦૦ જીવ બચાવવાનું કામ આ જે યોજનાઓ થઈ છે તેની અસરકારકતાના કારણે થયું છે. કોઈપણ રીતે નાની સૂની સિદ્ધિ નથી. મારે ગૌરવ સાથે કહેવું છે કે માનનીય જગદીશભાઈએ જે ચિંતા કરી કે અંતરિયાળ વિસ્તારોમાં સવલતો નથી મળતી. મને લાગે છે કે તેમની ચિંતા સકારણ છે અને તે દિશામાં અમે પ્રયત્નશીલ છીએ. જ્યાં સુધી અંતરિયાળ વિસ્તારોમાં પિડીયાટ્રીક કે ગાયનેકોલોજીસ્ટની સવલતો મળતી થાય ત્યાં સુધી એક વર્ષથી આપણે ૧૦૮ની સેવાઓ થકી એક જ વર્ષમાં ૯૯૦૦૦ જેટલી પ્રસૂતિની ઈમરજન્સી હેન્ડલ કરી છે અને એમાંથી ૩૮૦૦ પ્રસૂતિ તો ઓનબોર્ડ થઈ છે. એટલે જે સવલતો છેલ્લા એક વર્ષમાં ઉભી કરી શકયા છીએ હું અપેક્ષા રાખું માનનીય જગદીશભાઈને સંતોષ થયો હશે. ૧૦૮ની જીવ બચાવવાની ક્ષમતાનો એક દાખલો તાજેતરમાં બહાર આવ્યો છે કે ચાલુ ટ્રેનના લેવટરી બ્લૉકમાં પ્રસૂતિ દરમ્યાન બાળક પાટા પર પડી જાય તેને પણ બચાવી લઈ શકાય અને તે બાળક રાજધાની બેબી તરીકે જાણીતું થાય તે પ્રકારની ચીવટથી આપણે કામ કરીએ છીએ.

માનનીય અર્જુનભાઈએ કેટલીક હૉસ્પિટલો અંગેની ચિંતા વ્યક્ત કરી. મારે કહેવું છે કે આપણે ક્યારેક આ ચિંતા વ્યક્ત કરવામાં આપણી પોતાની હૉસ્પિટલો અને એનો જે સ્ટાફ જે રીતે કામ કરે છે સરકારી હૉસ્પિટલોનો તેને ક્યાંક અન્યાય કરતા હોઈશું. એમણે જે દાખલા આપ્યા હૉસ્પિટલોના નામ દઈને તેને રેકર્ડ પર નથી મૂકવા. હું થોડીક બીજી વાત કહેવા માગું છું કે તેમાં જે સુધારો થયો છે તે પરિસ્થિતિમાં આવનાર સમયમાં આપણે વધુને વધુ લોકો સરકારી હૉસ્પિટલોમાં જાય એટલા માટે આપણે સિવિલ હૉસ્પિટલો, જિલ્લા કક્ષાની હૉસ્પિટલો તેને એન.એ.બી.એચ. નીચે સર્ટિફાઈડ કરાવીને તેને પણ ખાનગી હૉસ્પિટલોની સમકક્ષ તેની સેવાઓની ગુણવત્તા મળતી થાય તે દિશામાં પ્રયત્નશીલ છીએ તે હું કહેવા માગતો હતો. આપ એ વાત સાથે સંમત થશો કે આપણી જે યુ.એન.મહેતા.કાર્ડિયોલોજી ઇન્સ્ટિટ્યૂટ છે તેમાં I am telling it on record કે કોઈપણ પ્રકારનો હૃદયરોગની ઈમરજન્સીનો કેસ આ હૉસ્પિટલમાં લઈ જવામાં આવે છે અથવા આવશે તો પહેલા ચોવીસ કલાક સારવાર દરમ્યાન એક પૈસાની પણ માગણી હૉસ્પિટલ દ્વારા કરવામાં આવતી નથી. ચોવીસ કલાક પછી જ અમે કહીએ છીએ કે આ બિલ થયું છે આપવું હોય તો આપો અને I must say to the credit of the people of Gujarat કે એક વર્ષના અમારા આ અનુભવમાં માત્ર ૩૫ હજાર રૂપિયાની તૂટ પડી છે. બાકી પૈસા પણ જે લોકો સારવાર લે છે તે આપે છે. આ ગુજરાતની પ્રજાનું ખમીર છે, આ ગુજરાતની પ્રજાનું ઝમીર છે. એટલા માટે આ જે સમગ્ર પ્રસ્તાવ સંકલ્પ માનનીય બેનશ્રી લઈ આવ્યા છે તે આ રાજયમાં એક જે પ્રક્રિયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરી છે જેને એમ કહેવાય કે એક પછી એક પગથિયાં ચઢતા જવાની પ્રક્રિયા છે. પહેલાં ચિરંજીવી યોજનાની વાત કરી, પછી એકસ્ટેન્ડેડ ચિરંજીવી યોજના થકી ગાયનેકોલોજીસ્ટની સેવાઓ મળે તે અંગેની વાત થઈ. તે પછી

૧૦૮ની સેવાઓ થકી અંતરિયાળ વિસ્તારોને પ્રસૂતિની સેવા મળે અને તે લોકો વંચિત ન રહી જાય તે રીતે સાંકળી લેવાયા અને હવે આ બાલસખા દ્વારા બાળરોગ નિષ્ણાત...

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સમય લંબાવવામાં આવે છે. મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** :બાલસખા યોજના દ્વારા હવે પ્રસૂતિ નિષ્ણાતની સાથે સાથે હવે બાળકોના નિષ્ણાતને જોડવામાં આવ્યા છે. જેનું કારણ એ છે કે જે અત્યાર સુધી માનનીય સભ્યશ્રીઓએ જે વાત કહી તે સાવ સાચી છે. પહેલા વર્ષમાં જેટલા મરણ થાય છે તેના ૨/૩ મરણ પહેલા મહિનામાં અને તેના ૨/૩ મરણ પહેલાં અઠવાડિયામાં અને તેના ૨/૩ ભાગના મરણ પહેલા દિવસમાં થાય છે. એટલે પહેલો દિવસ, પહેલું અઠવાડિયું, પહેલો મહિનો અને પહેલું વર્ષ આ બાળ મરણ રોકવા માટેના અગત્યના સમયના સૂચક સ્થંભો છે અને એને લક્ષમાં રાખીને આ બાળ સખા યોજના જેના થકી બાળ રોગ નિષ્ણાતની સેવા બે દિવસ વધારે માતાને રાખીને અને માતાને બે દિવસ વધારે રાખવાની છે એટલે માતાને સ્ત્રી રોગ નિષ્ણાંતની સેવાનો લાભ મળશે અને બાળ રોગ નિષ્ણાતની સેવાનો લાભ મળે અને કોઈક કારણસર બાળકને ઈમરજન્સી સેવાઓની જરૂર પડે તો બાળ સખા યોજના-૧ અને બાળસખા યોજના-૨ જાહેર કરવામાં આવી છે. અમારો નિર્ધાર છે, લક્ષાંક છે કે, ચિરંજીવ યોજના, ૧૦૮, આ આખીય શ્રૃંખલા થકી, માતા મૃત્યુનું પ્રમાણ નીચે લઈ જવું અને એના થકી આ રાજયનો માનવ વિકાસ સૂચકાંકને ઉપર લઈ જવા માટેનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો નિર્ધાર છે એ દિશામાં આપણે આગળ વધવાનું છે. મને આનંદ છે કે, આ સન્માનનીય ગૃહમાં કોઈપણ પ્રકારના વાદ-વિવાદ વગર આ સમગ્ર પ્રસ્તાવના હાર્દને સ્વીકાર્યું છે અને આવકાર આપ્યો છે તે સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી આપના થકી મારે બહેનશ્રીને કહેવું છે કે, તેમનો આ જે સંકલ્પ છે એના હાર્દ સાથે અમે સંમત છીએ અને સરકાર એને સ્વીકારે છે અને એ દિશામાં જે કોઈ પ્રયત્નો કરવાના થાય એ દિશામાં હજુ પણ વધારે સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાની થાય એ દિશામાં હજુપણ વધારે સઘન વ્યવથ્સા ઉભી કરવા માટેનો અમારો પણ નિર્ધાર છે. માનનીય બહેનશ્રીના આ પ્રસ્તાવનો અમે સ્વીકાર કરીએ છીએ.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યો બહેન શ્રી ભાનુબેન બાબરીયા, બહેનશ્રી, ભાવનાબેન મકવાણા, બહેનશ્રી ભારતીબેન રાડોડ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી અર્જુનભાઈ મોડવાડીયા અને શ્રી વિજયભાઈ પટેલે સમર્થન આપ્યું છે તે બધાનો હું આભાર માનું છું. આ ઉપરાંત રાજયના માનનીય આરોગ્યમંત્રીશ્રીએ પણ મારા આ સંકલ્પ ઉપર માર્ગદર્શન આપ્યું છે તેમનો પણ હું આભાર માનું છું. આ સંકલ્પનો રાજય સરકાર સ્વીકાર કરે છે એ માટે હું આભારની લાગણી વ્યકત કરું છું અને સન્માનનીય સભાગૃહ આ સંકલ્પનો સ્વીકાર કરે તેવી હું વિનંતી કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સરકાર તરફથી સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે "રાજય સરકાર અને ભારત સરકારના ભગીરથ પ્રયત્નોથી આ જે કાંઈ થઈ રહ્યું છે" એટલા સુધારા સાથે સંમત થાય તો અમે પણ આ સંકલ્પને આવકારીએ છીએ.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : આ રાજય સરકારની યોજના બાલસખા મૂકવામાં આવી છે એટલે એ સાથે હું સંમત નથી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : મારી એટલી જ વિનંતી છે કે આ સંકલ્પ છે એ બાલસખા-૧ અને બાલસખા-૨ પૂરતો જ મર્યાદિત છે. આમાં સંપૂર્ણપણે જે કાંઈ ફંડ અને ફાઈનાન્સ છે એ રાજય સરકારનો છે, સંયુકત યોજના હોય તો હું ખેલદિલીપૂર્વક કહું કે ભારત સરકાર પૈસા આપે છે, પરંતુ આ રાજય સરકારની યોજના છે. આપ તો સાથે મળીને આપ પણ રાજય સરકારનો ભાગ છો તો આવો આગ્રહ શામાટે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : "માતા અને બાળ મરણ અટકાવવા માટે કેન્દ્ર સરકારે જે સહયોગ રાજય સરકારને આપ્યો છે, જે મદદ કરેલી છે એને પણ આ ગૃહ આવકારે છે. રાજય સરકારની આ યોજના બાલસખાને પણ આવકારે છે." એટલા શબ્દો ઉમેરી દો તો અમે સંમત છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફત્તેસિંહભાઈ, આપનો વિષય નથી, આપ ના બોલો. મંત્રીશ્રી અથવા તો મુખ્ય દંડકશ્રી કહેશે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, બહેન શ્રીમતી વર્ષાબેન દોશી જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યાં છે એનું જે મૂળભૂત સ્વરૂપ છે એ પ્રમાણે જ આ સંકલ્પ જળવાઈ રહે.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ રાત્રીના ૮-૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તારીખ ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૦૯**
**ફાલ્ગુન ૮, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## અમરેલી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

*** ૬૮૧૩ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ અમરેલી જિલ્લા રોજગાર વિનિયમ કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૧૯૮૯૧.

(૨) ૩૮૬૨.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છું કે છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કેટલા લોકોને રોજગારી મળી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૮-૦૮ ની સ્થિતિએ નોંધાયેલા કુલ ૧૯૮૯૧ હતા એમાંથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ વિગેરેને નોકરી મળી. અનુસૂચિત જાતિના ૪૧૫૧ લોકો નોંધાયેલા હતા એમાંથી ૨૫૪ને નોકરી મળી. અનુસૂચિત જનજાતિના ૨૬૯ નોંધાયેલા હતા એમાંથી ૮ વ્યકિતઓને નોકરી મળી. બક્ષીપંચના ૭૦૩૨ નોંધાયેલા હતા એમાંથી ૧૮૩૨ લોકોને રોજગારી મળી અને ઓ.બી.સી. છે એમાં ૧૧૭ લોકો નોંધાયેલા હતા એમાંથી કોઈને ના મળી. અન્ય ૮૩૨૨ હતા એમાંથી ૧૭૬૮ લોકોને નોકરી મળી. આ પ્રમાણે કુલ નોંધાયેલા ૧૯૮૯૧ હતા એમાંથી ૩૮૬૨ લોકોને રોજગારી મળી અને એમાં સરકારી રોજગારી મળી ૩૯ લોકોને નોકરી મળી, અર્ધસરકારી રોજગારીમાં ૩૭૦૬ લોકોને નોકરી મળી, ખાનગીમાં ૧૧૭ લોકોને રોજગારી મળી. આ પ્રમાણે ૩૮૬૨ વ્યકિતઓને અહીં રોજગારી મળી.

## માંડવી તાલુકામાં રોજગાર અધિકારીની જગ્યા અંગે

*** ૬૭૫૪ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં રોજગાર અધિકારીની જગ્યા ભરાયેલ છે કે કેમ,

(૨) જો ન હોય તો આ જગ્યા ભરવા માગો છો કે કેમ, અને

(૩) આ જગ્યા કેટલા સમયમાં ભરવા માગો છો?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** :

(૧) ના.

(૨) હા.

(૩) ટૂંક સમયમાં.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલા સમયથી માંડવી રોજગાર અધિકારીની જગ્યા ખાલી છે અને આ જગ્યા ના ભરવાનું શું કારણો છો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યા ૪-૯-૨૦૦૦થી ખાલી હતી અને ૨૪-૨-૦૯ના હુકમથી એટલે આપનો પ્રશ્ન પુછયા પછી આ જગ્યા ભરાય ગઈ છે અને આ વ્યકિત હાજર પણ થઈ ગયા છે એટલેથી અત્યારે કોઈ જગ્યા ખાલી નથી.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાથી મારા આદિવાસીઓને રોજગારી મળી એવી આશાની સાથે આ જગ્યા ભરાય છે તેથી મને આનંદ થયો.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષમાં માંડવી રોજગાર કચેરીમાંથી નોંધાયેલા નામમાંથી કેટલા જણને રોજગારી આપવામાં આવી છે?

**અધ્યક્ષશ્રી** : એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આઈ.ટી.આઈ. સંસ્થાઓને અપગ્રેડ કરવા અંગે

*** ૬૮૨૦ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યની આઈ.ટી.આઈ. સંસ્થાઓ પૈકી વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન કેટલી સંસ્થાઓને સેન્ટર ઓફ એકસેલન્સ (સી.ઓ.ઈ.) તરીકે અપગ્રેડ કરવામાં આવી, અને

(૨) આ સંસ્થાઓ કયા કયા સ્થળે આવેલી છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) ૯.

(૨) (૧) ઉત્તરસંડા (૨) સુરેન્દ્રનગર (૩) પાટણ (૪) હિંમતનગર (૫) ગાંધીધામ (૬) દાહોદ (૭) મહેસાણા (૮) હાલોલ (૯) વાસદ.

**શ્રી આત્મારામ મ. પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને અભિનંદન હું એટલા માટે આપું છું કે મારા અતિ પછાત વિસ્તારમાં દશે આઝાદ થયા પછી સૌથી પહેલીવાર આઈ.ટી.આઈ. કોલેજ મને આપવામાં આવી છે અને જ્યારે આઈ.ટી.આઈ. કોલેજનો પ્રશ્ન છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે આ અપગ્રેડ કરવા માટેના માપદંડો કયા છે, એના ધારા-ધોરણો શું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્ય સરકાર તરફથી આઈ.ટી.આઈ. જે ચાલતી હોય એ જગ્યાએ ભારત સરકારે નક્કી કર્યુ કે આખા હિન્દુસ્તાનની અંદર ૫૦૦ જગ્યાએ આપણે અહીંયા એકસેલન્સ એટલે ખાસ પ્રકારનું સેન્ટર ઓફ એકસેલન્સ એ બનાવવા. એમાં ગુજરાત રાજ્યની અંદર ૩૭ જગ્યાએ એકસેલન્સ બનાવ્યા. જે વિસ્તારની અંદર ઉદ્યોગ ચાલતા હોય એ વિસ્તારના લોકોને અથવા યુવાનોને એવા પ્રકારનું શિક્ષણ મળે એવા ધોરણની તપાસ કરી અને કેન્દ્ર સરકાર ત્યાં મંજૂરી આપે છે અને આવા ગુજરાત રાજ્યની અંદર ૩૭ જગ્યાએ આ આપણે સૅન્ટર ઑફ એક્સેલન્સ ચાલું છે, ધોરણમાં એટલું જ હોય છે એક એને ત્યાં બધા પ્રકારની સગવડતાઓ મળવી જોઈએ અને આના માટે કેન્દ્ર સરકાર પણ આપણને મદદ કરે છે, ૭૫ ટકા કેન્દ્ર સરકારના હોય છે અને ૨૫ ટકા રાજય સરકારના હોય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, રાજયની આઈ.ટી.આઈ.માં કૅમ્પસ ઈન્ટરવ્યુથી રોજગારી અપાય છે, તો એવા કેટલા યુવાનોને રોજગારી મળી છે અને એના સેન્ટરો કયા છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સવાલ હતો એ ફક્ત અહીંયા સૅન્ટર ઑફ એક્સલન્સ માટેનો છે એમાં આમાં રોજગારીનો પ્રશ્ન નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી લાખાવાલા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૪.

## અપંગ સાધન સહાય યોજનાની મળેલ અરજીઓ

***૫૯૮૧ શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવે, અને

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| વર્ષ | મળેલ અરજીઓ. |
|---|---|
| ૨૦૦૬ | ૨,૯૧૧ |
| ૨૦૦૭ | ૫,૪૫૧ |
| ૨૦૦૮ | ૭,૬૪૨ |

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર કરેલ અરજીઓ. |
|---|---|
| ૨૦૦૬ | ૨,૫૫૨ |
| ૨૦૦૭ | ૪,૮૯૩ |
| ૨૦૦૮ | ૬,૮૮૧ |

(૩) તે પૈકી નીચે મુજબ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | નામંજૂર કરેલ અરજીઓ. |
|---|---|
| ૨૦૦૬ | ૩૫૯ |
| ૨૦૦૭ | ૫૫૮ |
| ૨૦૦૮ | ૭૬૧ |

**શ્રી ગુલસીંગભાઈ ૨ં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અપંગ સાધન સહાય યોજના અન્વયે ૩૧-૧૨-૦૮ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૭૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી તેના કારણો કયા છે, અને આ યોજના હેઠળ કયા કયા સાધનો આપવામાં આવે છે, અને ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને આ યોજના હેઠળ કોને લાભ આપવામાં આવે છે ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ત્રણેય વર્ષમાં ૧૬૭૮ અરજીઓ નામંજૂર થઈ છે તેમાં એક તો આવક મર્યાદામાં ના આવતી હોય એવી, પછી અપંગતાની જે ટકાવારી છે, એ ૪૦ ટકા નકકી કરી છે તો એ અપંગતાની ટકાવારી ઓછી હોય તો નામંજૂર કરવામાં આવે છે અથવા તો આ અગાઉ સહાય જો ચૂકવવામાં આવી હોય, સાધન સહાય તો એ પણ નામંજૂર કરવામાં આવે છે. એમણે કહયું કે કયા કયા સાધનો આપવામાં આવે છે, તો એમાં ટ્રાયસીકલ, સાયકલ, સિલાઈ મશીન, શ્રવણ યંત્ર, હાથ અને પગના કેલીપર્સ, ઘોડી, કોમ્પ્યુટર રિપેરીંગના સાધનો, એમ્બ્રોડરીના સાધનો, ફોલ્ડીંગ વ્હીલ ચેર, એમ.આર. ચાઈલ્ડ કિટ, ફોલ્ડીંગ સ્ટીક એ રીતે લગભગ ૨૦ પ્રકારના સાધનો આપવામાં આવે છે અને એની મર્યાદા રૂપિયા પાંચ હજારની નકકી કરવામાં આવેલ છે. ત્રીજો પ્રશ્ન એમનો હતો કે, છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, તો છેલ્લા ત્રણ વર્ષની અંદર ૨૦૦૬માં ૨,૫૫૨ લાભાર્થીઓને ૩૨ લાખ ૪૯ હજાર, ૨૦૦૭માં ૪,૮૯૩ લાભાર્થીઓને ૬૨ લાખ ૨૯ હજાર અને ૨૦૦૮માં ૬,૮૮૧ લાભાર્થીઓને ૮૧ લાખ ૯૪ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે, જે લાભાર્થીઓને એક વખત સાધન સહાય અથવા તો સાધનો આપ્યા પછી ફરી વખત એને જરૂરિયાત ઉભી થાય અથવા તો એને ફરી વખત સાધન આપવા માટેના ધોરણો શું છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્યત: જે સાધન આપવામાં આવે છે એ નકામું થઈ જાય અને એટલા માટે એની સમય મર્યાદા પાંચ વર્ષની નકકી કરવામાં આવેલ છે, જો એને સાધન આપ્યું હોય એના પાંચ વર્ષ થઈ ગયા હોય તો એને ફરીથી આ સાધન સહાય આપવામાં આવે છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કુલ ખર્ચના આંકડા આપ્યા છે, ત્રણેય ત્રણ વર્ષના આંકડા આપ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ યોજના પાછળ જે ખર્ચના આંકડા આપ્યા એમાં પહેલા વર્ષે ૩૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો, બીજા વર્ષે ૬૨ લાખનો અને ત્રીજા વર્ષે ૮૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો, તો આ ખર્ચમાં ને થયો છે એમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો રેશિયો શું છે? અને એમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ફાળવણી થઈ છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સંપૂર્ણત:: રાજય સરકારની છે એટલે કેન્દ્ર સરકાર તરફથી કોઈપણ જાતનો ફાળો આ યોજનામાં નથી.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનામાં બી.પી.એલ. કાર્ડ હોવું જરૂરી છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ નહીં પણ આની અંદર વાર્ષિક કુટુંબની આવક છે એ વાર્ષિક કુટુંબની આવક ૨૫૦૦૦ થી વધુ ન હોય તો એને લાભ આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક:૫

## જામનગર જિલ્લામાં નિરાધાર વુદ્ધોને ચૂકવેલ પેન્શન

***૫૯૯૯ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નિરાધાર વૃદ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે જામનગર જિલ્લામાં ૨૦૦૮ના વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) આ લાભ લેવા માટે કુલ કેટલી અરજીઓ આવી હતી, અને

(૩) નામંજૂર અરજીઓના કારણો શાં છે?

**<u>સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:</u>**

(૧) જામનગર જિલ્લામાં ૩૮૫૫ લાભાર્થીઓને વૃદ્ધ સહાયના ચૂકવણા પેટે રૂ. ૨૫૯.૩૭ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે.

(૨) વર્ષ-૨૦૦૮ દરમ્યાન નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અન્વયે ૩૭૫૫ અરજીઓ મળેલ હતી.

(૩) ૧. રાજય સરકારની વૃદ્ધ પેન્શન યોજનામાં ના મંજૂરીના કારણો નીચે મુજબ છે.
- ૬૦ વર્ષ કરતા ઓછી ઉંમર હોવાથી.
- પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી.
- નિર્ધારેલ આવક કરતાં વધુ આવક હોવાથી.
- ગુજરાતમાં ૧૦ વર્ષથી ઓછો વસવાટ હોવાથી.
- જરૂરી પુરાવા રજૂ ન કરવાથી.

૨. કેન્દ્ર સરકારની (IGNOAPS) યોજનામાં નામંજૂરીના કારણો નીચે મુજબ છે.
- ૬૫ વર્ષ કરતા ઓછી ઉંમર હોવાથી.
- નિર્ધારેલ ધોરણો મુજબના બી.પી.એલ. ન હોવાથી
- રાજય સરકારનો વૃદ્ધ સહાયનો લાભ ચાલુ હોવાથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો હેતુ એટલો જ છે કે નિરાધાર વૃદ્ધોને સમયસર સહાય ચૂકવવામાં આવતી નથી અને એના કારણે આવા લોકો ખૂબ હેરાનગતિ ભોગવે છે એટલા માટે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે દર મહિનાના અંતે આ નિરાધાર વૃદ્ધોને પેન્શન સહાય આપવા માટેની કોઈ જોગવાઈ કરવામાં આવશે કે કેમ? આ યોજનામાં કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો છે અને રાજય સરકારનો કેટલો હિસ્સો છે? ત્રીજો પ્રશ્ન એ છે કે સને ૨૦૦૮માં જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી? કેટલી અરજી મંજૂર થઈ અને કેટલી અરજીઓ નામંજૂર થઈ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના વૃદ્ધો માટે છે. આ યોજના શરૂઆતમાં રાજય સરકારે શરૂ કરી અને ૬૦ થી ૬૫ વર્ષના વૃદ્ધો માટે વયવંદના યોજના નીચે દર મહિને ૨૦૦ રૂપિયાનું પેન્શન આપણે એમને આપીએ છીએ. કેન્દ્ર સરકારે એમાં ૬૫ થી ઉપરના જે વૃદ્ધો હોય એનો સમાવેશ કર્યો એટલે ૬૫ થી ઉપરના જે વૃદ્ધો હોય એને વધારાના ૨૦૦ રૂપિયા એટલે કેન્દ્ર સરકારના ૨૦૦ રૂપિયા અને રાજય સરકારના ૨૦૦ રૂપિયા એમ ૬૫ થી ઉપરના વૃદ્ધો જે છે એને ૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. બીજું એમણે કહ્યું કે એમાં મોડું થાય છે. મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે ગયા મહિના સુધી એટલે કે ડિસેમ્બર સુધીમાં જે પણ અરજીઓ આવી હતી અને આ પ્રશ્ન જે પૂછવામાં આવ્યો આજની તારીખમાં ફકત ૧૪ જ અરજીઓ પડતર છે. બાકીની બધી અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : સાહેબ, મારા પ્રશ્નનો મુળ હેતુ એ છે કે જે લોકોને નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ પેન્શન મંજૂર કર્યું છે એવા લોકોને પાંચ પાંચ, છ છ મહિને સહાય મળે છે. સાહેબ આ તો ગરીબ વર્ગના તદ્દન અશકત નિરાધાર વૃદ્ધ લોકો છે. મારી માત્ર માગણી એટલી જ છે કે દર મહિનાના અંતમાં આ લોકોને સહાય ચુકવવાની જોગવાઈ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આ જે સહાય છે એ બે બે મહિને ચૂકવવામાં આવતી હતી. આપણી પાસે જે માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણેની રજૂઆતો આવી અને હવે એ દર મહિને ચૂકવાય એ માટેનો નિર્ણય રાજય સરકારે લઈ લીધો છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામનગર જિલ્લામાં વૃદ્ધ સહાય પેન્શનમાં કયા મહિના સુધીનું પેન્શન ચુકવાઈ ગયું છે અને બીજું મારે એ પૂછવું છે કે ઉંમરના દાખલ માટે ત્રણ ત્રણ ડોકટરોની પેનલની સહી લેવી પડતી હોવાથી અરજદારોને તકલીફ પડે છે એમાં કોઈ સુધારો સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮ પૈકીની ૧૪ જ અરજીઓ બાકી છે એટલે બધી ચૂકવણી થઈ ગઈ છે. માનનીય સભ્યશ્રીની લાગણીને ધ્યાનમાં લઈને એના માટે પણ રાજય સરકારે નિર્ણય લીધો છે અને એમાં સુધારો કર્યો છે કે પહેલા જે ત્રણ ડોકટરોની પેનલનો દાખલો ઉંમર માટેનો જોઈતો હતો હવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એક જ એમ.બી.બી.એસ. ડોકટર હોય તો એનો દાખલો માન્ય રાખવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૮ ની અંદર ૩૭૯૫ અરજીઓ આવી અને સહાય ૩૮૯૫ ને ચૂકવી તો આ ૧૦૦ કયા લાભાર્થીઓને સહાય ચૂકવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આ યોજના ચાલુ યોજના છે. અગાઉના લાભાર્થીઓ હોય એની પણ અરજી હોય. પ્રશ્ન ૨૦૦૮ નો હતો. એટલા માટે ૨૦૦૮ ની માહિતી આપી છે. આ ક્યુમ્યુલેટિવ યોજના ચાલુ છે. અગાઉના લાભાર્થીઓને આપી છે અને આ વર્ષે આવે એમને પણ આપીએ છીએ.

**ચોટીલા અને સાયલા તાલુકામાં નવા છાત્રાલયોને મંજૂરી**

***૬૭૪૭ શ્રી પોપટભાઈ સ. જીંજરીયા(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાઓમાં ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૯ સુધીમાં બક્ષીપંચના નવા છાત્રાલયોને મંજૂરી માટે કેટલી અરજીઓ આવેલી છે અને

(૨) તેને મંજૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા અને ચોટીલા તાલુકામાં કેટલા બક્ષીપંચના છાત્રાલયો આવેલા છે. એ છાત્રાલયોમાં કેટલી સંખ્યા છે અને એ સંખ્યાને આપણે કેટલા દર મહિને ચૂકવીએ છીએ અને બીજો પ્રશ્ન એક પણ અરજી કરી નથી તો હવે અરજી કરે તો છાત્રાલય સાયલા અને ચોટીલામાં આપવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ૫ છાત્રાલયો અને સાયલા તાલુકામાં ૪ છાત્રાલયો છે. ચોટીલાના ૫ છાત્રાલયોમાં માન્ય સંખ્યા ૩૯૬ એની સામે ૩૯૭ ને પ્રવેશ મળ્યો છે. સાયલા તાલુકામાં ૨૯૮ ની સામે ૨૯૮ ને એમાં પ્રવેશ આપવામાં આવ્યો છે અને દરેક વર્ષે બજેટની અંદર તે આ અંગેની જોગવાઈ કરવામાં આવે છે અને જે વર્ષે જોગવાઈ કરવામાં આવી હોય એના પછી એપ્રિલ, મે મહિનામાં જાહેરાત આપવામાં આવે છે, એના પછી છાત્રાલયોની ફાળવણી થાય છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે મંજૂર થયેલ છાત્રાલયો એને હોય એને કયા કયા અનુદાન આપવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જે છાત્રાલયો મંજૂર કરવામાં આવે છે. એમને પ્રથમ વર્ષે નિભાવ ગ્રાન્ટ એક છાત્રાલય દીઠ ૬૦૦ રૂપિયા ૧૦ મહિના માટે આપવામાં આવે છે. જે બજેટની સામે છાત્રાલય મંજૂર થયા હોય એને પ્રોત્સાહક ગ્રાન્ટ પ્રથમ વર્ષે ૩,૦૦૦ રૂપિયા અને ત્યારબાદ જે સરકારે નક્કી કરેલ ઉચ્ચક પગાર હોય તે સંસ્થા ચૂકવે એના ૯૦ ટકા રાજ્ય સરકાર આપે છે. મકાન ભાડું આપીએ છીએ. રમત ગમતનાં સાધનો માટે વાર્ષિક ૧,૦૦૦ રૂપિયા આપીએ છીએ. સાથે સાથે દર ૨ વર્ષે છાત્રાલયનાં સાધનો ખરીદવા માટે વિદ્યાર્થી દીઠ ૪૦ રૂપિયા એ પણ રાજ્ય સરકાર ચૂકવે છે.

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ અન્વયે રોકડ રકમ આપવા અંગે**

***૫૯૭૨ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ માં અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની યોજનામાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫૦/- આપવામાં આવે છે તે હકીકત સાચી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

ના, જી. વર્ષ ૨૦૦૫-૦૬ થી રૂપિયા ૧૫૦/- આપવામાં આવે છે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે. ધોરણ ૧ થી ૭ ના અનુસૂચિત જાતિના બાળકોને ગણવેશ આપવામાં આવે છે એની પાત્રતા શું? હેતુ શું? અને બીજો પ્રશ્ન આ જે સહાય આપવામાં આવે છે. છેલ્લા ૩ વર્ષમાં કેટલાં બાળકોને આપવામાં આવી? તેનો કેટલો ખર્ચ થયો? અને ત્રીજું ગાંધીનગર જિલ્લામાં આવાં કેટલાં બાળકોને આપવામાં આવી અને તેમાં કેટલો ખર્ચ થયો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આની પાત્રતાની અંદર જે બી.પી.એલ. માટેની આવક મર્યાદા નક્કી કરી છે, એ પ્રમાણે ગ્રામ્ય કક્ષાની અંદર ૧૫૯૭૬ અને શહેરી વિસ્તારમાં ૨૧૨૦૬ આવક મર્યાદા નક્કી કરી છે. અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને આ ગણવેશ સહાય આપવામાં આવે છે. આ યોજનાનો હેતુ એક તો પ્રાથમિક શિક્ષણની અંદર અનુસૂચિત જાતિના જે કંઈ વિદ્યાર્થીઓ છે તેમને પ્રોત્સાહિત કરવા માટે છે. સહાય તરીકે પણ એ આપવામાં આવે છે અને જે ડ્રોપ આઉટ રેશિયો ઘટે એ માટે રાજ્ય સરકારની યોજના છે. એનાં પરિણામ પણ આપણે જોઈ રહ્યા છીએ. ડ્રોપ આઉટ રેશિયામાં મોટી સંખ્યામાં ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે ત્રણ વર્ષની વાત કરી છે તેમાં ૨૦૦૬-૨૦૦૭ની અંદર કુલ ૨ લાખ ૨૨ હજાર ૮૩૩ વિદ્યાર્થીઓને ૩ કરોડ ૩૪ લાખ રૂપિયા ગણવેશ સહાયના ચુકવવામાં આવ્યા છે અને ૨૦૦૭-૨૦૦૮માં ૨ લાખ ૨૫ હજાર ૧૩૩ વિદ્યાર્થીઓને ૩ કરોડ ૩૮ લાખ રૂપિયા ગણવેશ સહાયના ચુકવવામાં આવ્યા

છે અને ૨૦૦૮-૨૦૦૯ના જાન્યુઆરી-૦૯ સુધીમાં ૨ લાખ ૭ હજાર ૧૮૦ વિદ્યાર્થીઓને ૩ કરોડ ૧૧ લાખ ગણવેશ સહાયના ચુકવવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીનો ત્રીજો પ્રશ્ન હતો કે ગાંધીનગરની અંદર કુલ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચુકવાઈ છે તો તેમાં ૨૦૦૬-૦૭માં ૩૧૨૦ વિદ્યાર્થીઓને ૪ લાખ ૬૮ હજાર, ૨૦૦૭-૦૮માં ૧૭૩૩ વિદ્યાર્થીઓને ૨ લાખ ૬૦ હજાર અને ૨૦૦૮-૦૯માં જાન્યુઆરી-૦૯ સુધીમાં ૧૪૬૦ વિદ્યાર્થીઓને ૨ લાખ ૧૯ હજાર ગણવેશ સહાય પેટ ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની આ યોજના છે ત્યારે વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની આ યોજનામાં જે આવક મર્યાદા છે તે આવક મર્યાદા વધારવી જોઈએ તેવી કોઈ માગણી સરકાર પાસે આવી છે કે કેમ? ન આવી હોય તો સરકાર આ મોંઘવારીના જમાનામાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળે અને શિક્ષણનું પ્રમાણ વધી રહયું છે ત્યારે આ આવક મર્યાદા વધારવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ પેટે ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે તે કેટલી જોડી માટે છે, એક કે બે જોડી માટે છ? એમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ યોજના શરૂ થઈ ત્યારે ૩૦ રૂપિયાથી આ યોજના શરૂ થયેલી તે વખતે ગણવેશ અને પાટીપેન આપવામાં આવતી હતી. રાજય સરકારે ક્રમશઃ વધારો કરેલ છે. આપણે બે જોડી માટે ૧૫૦ રૂપિયા નકકી કર્યા છે અને તે પ્રમાણે ચુકવાય છે. વધારો કરવા માટે માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાતમાં કેટલી શાળાઓ છે કે જયાં આગળ સરકારના ૧૫૦ રૂપિયા તથા લોક સહકારથી સારું કાપડ તથા કીટ ઉમેરી દાતાઓ મદદ કરે છે?

**અધ્યક્ષશ્રી** : દાતાઓની માહિતી સરકાર પાસે ન હોય.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૧૫૦ રૂપિયા બે જોડી ગણવેશ માટે આપવામાં આવે છે ત્યારે આ મોંઘવારીના જમાનામાં એક જોડી ગણવેશ લેવા જઈએ તો ૧૫૦ થી ૨૦૦ રૂપિયા થતા હોય છે ત્યારે આની અંદર સરકારશ્રી વધારો કરવા માગે છે કે નહી? બીજો પ્રશ્ન છે કે આ લાભ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે છે તો જે રીતે માનનીય આત્મારામભાઈએ વાત કરી આવક મર્યાદા અંગે તો તેમાં અનુસૂચિત જાતિના ગુજરાતમાં ભણતા તમામ વિદ્યાર્થીઓને આ ગણવેશ આપવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના બંને સૂચનો છે.

**પાટણ જિલ્લામાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે ફાળવેલ રકમ**

***૬૮૦૮ શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ(સમી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

(૧) સન ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે વ્યકિતગત મકાન સહાય યોજના હેઠળ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તે સામે પાટણ જિલ્લાના સમી, હારીજ અને રાધનપુર તાલુકાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) ફાળવેલ રકમ પાછળ ઓછો ખર્ચ થવાના કારણો શાં છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) રૂા.૧૭૧૫.૦૦ લાખ

(૨)

| તાલુકો | ફાળવેલ રકમ |
|---|---|
| સમી | રૂા. ૫૨.૦૦ લાખ |
| હારિજ | રૂા. ૫૬.૮૦ લાખ |
| રાધનપુર | રૂા. ૧૧૪.૨૦ લાખ |

(૩) નાણાંકીય ફાળવણી મુજબ સંપૂર્ણ ખર્ચ થયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, સન ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે વ્યકિતગત મકાન સહાય યોજના હેઠળ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, તે સામે પાટણ જિલ્લામાં સમી, હારિજ અને રાધનપુર તાલુકાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને ફાળવેલ રકમ પાછળ ઓછો ખર્ચ થવાના કારણો શાં છે,

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે, આ યોજના હેઠળ બક્ષીપંચ જાતિના લોકોને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી જોગવાઈ કરવામાં આવી, તો ૨૦૦૭-૦૮માં ૧૧૦ લાખ અને ખર્ચ ૬૦૬લાખ ૯૦ હજાર અને ૩૩૪૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, ૨૦૦૮-

૦૯માં ૨૦૫ લાખ ૪૯૫ હજાર અને ખર્ચ ૪૬૪લાખ ૬૦ હજાર થયેલ છે અને ૪૦૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, એમને વધારે પૂછયું કે ત્રણ તાલુકાઓમાં વધારે કેટલી રકમ ફાળવવવામાં આવી, તો પાટણમાં ૨૨૯ લાખ રૂપિયા ૧૪૬૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, સિધ્ધપુરમાં ૮૧લાખ ૪૦ હજાર રૂપિયા અને ૩૭૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, ચાણસ્મામાં ૪૦ લાખ ૯૦ હજાર રૂપિયા અને ૨૧૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, સમીમાં ૫૨ લાખ રૂપિયા અને ૨૬૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને હારિજમાં ૫૬ લાખ ૮૦ હજાર અને ૨૧૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, રાધનપુરમાં ૧૧૪ લાખ ૨૦ હજાર અને ૬૭૧ લાભાર્થીઆને લાભ આપવામાં આવ્યો અને સાંતલપુરમાં ૩૦ લાખ ૬૦ હજાર અને ૧૫૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, આમ કુલ ૬૦૪ લાખ ૯૦ હજારનો ખર્ચ થયેલ છે અને ૩૩૪૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, જેને ઉપર આભ અને નીચે ધરતી હોય એવા ગરીબ લોકોને રહેવા માટેનું ઘર અને મોટા પ્રમાણમાં આનું અમલીકરણ થયું છે એ માટે રાજય સરકારને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, છૂટાછવાયા આ રીતે ગામદીઠ બે પાંચ લોકોને કે દશ બાર લોકોને આપીએ છીએ તો તેની જગ્યાએ સંયુક્ત રીતે કૉલોની બનાવીને અથવા એક વસાહત બનાવીને એની અંદર બધું ઈન્ફાસ્ટ્રકચર પણ રાજય સરકારની બાકીની યોજનાઓનો લાભ લઈ અને આવી કોઈ યોજના તૈયાર કરીને મૂકવા માગો છો કે કેમ ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે, છૂટાછવાયાના બદલે એક જ જગ્યાએ કૉલોની બને, વસાહત બને તો એમાં આપણા રાજયના લોકલાડીલા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ બાબત અંગે વિચારવિમર્શ અને પ્લાનિંગ શરૂ કરી દીધા છે, એટલું જ નહીં પરંતુ અલગ અલગ વિભાગો દ્વારા જે મકાનો બનાવવામાં આવે છે એને બધાને સંયુક્ત રીતે એક જ ગામના પાદરમાં, ગામની અલગ બૉર્ડર એક વસાહત ઊભી કરવામાં આવે અને એ વસાહતમાં તમામ આનુષાંગિક સુવિધાઓ આપવામાં આવે એ રીતનું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં થોડોક વધારો કરીને કહેવા માગું છું કે, જે માનનીય સભ્યશ્રી શંકરભાઈએ જે પ્રશ્ન ઊભો કર્યો એ માટે આ પાંચ વર્ષના ગાળામાં માનનીય મુખ્ય મંત્રીશ્રીની સૂચનાથી ટોટલ ૪૯૮ વસાહતો બનાવવામાં આવી છે અને તેમાં ૧૨ હજાર લોકોને લાભ આપવામાં આવ્યો છે અને એની પાછળ ૪૪ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકારે કર્યો છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચની જાતિના ગરીબો માટે માટે વ્યકિતગત મકાન સહાય ભૂતકાળના પ્રમાણમાં ખૂબ વધારે આપવામાં આવી છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ સહાય જે કરવામાં આવે છે એની ચૂકવણી કેટલા હપ્તામાં કરવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બે હપતામાં ચૂકવણી કરવામાં આવે છે, જેવી અરજી એની મંજૂર થાય ત્યારે પ્રથમ હપતો ચૂકવી દેવામાં આવે છે અને ત્યાર બાદ લીન્ટલ લેવલ સુધીનું બાંધકામ થયેથી બીજો હપતો વીસ હજાર રૂપિયાનો ચૂકવી દેવામાં આવે છે.

### નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીમાં પેન્શનના પડતર કેસોના નિકાલ અંગે

***૬૮૦૮ શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે,

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું આયોજન કરેલ છે?

**નાણાં મંત્રીશ્રી :**

(૧) ૨૪૨ કેસો.

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હોવાથી.

(૩) આજની તારીખે આ પૈકીનો એક પણ કેસ બાકી નથી.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડના ૨૪૨ કેસો પેન્ડીંગ બતાવવામાં આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, પેન્ડીગ રહેવાનાં કારણો શું છે, કેટલા સમયથી પેન્ડીંગ છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પેન્ડીંગ રહેવાની વાત છે એમાં આજની તારીખે એક પણ પેન્ડીંગ નથી. પરંતુ ૩૧-૧૨-૦૮ના રોજ પેન્ડીંગ હતા એમાં પેન્ડીંગના દરેક વ્યકિતના જુદા જુદા કારણો છે એમાં બે ચાર કારણો કહું કે, કર્મચારી રોજમદાર, હંગામી કે વર્કચાર્જ ચોકીદાર છે તેની આધાર સહ સ્પષ્ટતા કરવા

માટે, સ્પષ્ટતા કરવા માટે પાછું મોકલેલ, નાણા વિભાગના ૧૭-૧૨-૨૦૦૦ના ઠરાવ પ્રમાણે સેવા પોથી માન્ય ગણવા અંગે સંબંધિત વિભાગમાંથી આદેશ મેળવી સેવા પોથી સામેલ રાખવા માટે, અત્રેથી આપવામાં આવેલ વાંધાને યોગ્ય તે પુર્તતા તે સ્તરેથી આપ્યેથી તેની ખરાઈ આપે કરવાની રહે છે, તે અંગેની તમામ નાણાકીય જવાબદારી આપની રહેતી હોય સંપૂર્ણપણે ચકાસી દરેક કેસ રજૂ કરવાનો રહે, કાર્યપાલક ઈજનેરશ્રીએ પણ માત્ર પુર્તતા સામેલ કરી છે. એટલે ટૂંકમાં કહીએ કે જે પુર્તતા બાકી હોય એ પુર્તતા માટે જ બાકી રહે છે અને હવે કોઈ કેસ પેન્ડીંગ નથી. એ એટલા માટે નથી રહેતા કે કર્મચારી રિટાયર્ડ થવાનો હોય એ પહેલા એક વર્ષ એની અરજી છે એ ડિપાર્ટમૅન્ટ મારફત અથવા તો ડિપાર્ટમૅન્ટે જે કર્મચારી રિટાયર્ડ થતો હોય એના એક વર્ષ પહેલા અરજી આપી દેવાની. એ માણસ રિટાયર્ડ થાય એ પહેલા એને કેટલું પેન્શન મળવાનું છે એની રકમ પણ નક્કી થઈ જાય છે અને જો આવો કર્મચારી પોતાને મળવાના પેન્શનમાંથી એને જો કોઈ લોન જોઈતી હોય તો એને દસ વર્ષનું જે પેન્શન મળવાનું હોય એના ૪૦ ટકા એ રિટાયર્ડ થઈ ગયા પછી તુરત જ આપી દેવા એવી પણ જોગવાઈ છે અને આ ૪૦ ટકા રકમ જે આપી હોય એના પંદર વર્ષના સરખા હપતેથી એના પેન્શનમાંથી કપાત થશે. આવી પણ આપણે યોજના કરી છે એટલે પેન્શન માટે પહેલા જે મુશ્કેલી હતી અને કર્મચારી રીટાયર્ડ થઈ ગયા પછી જે અરજી કરવામાં આવતી હતી એને બદલે રીટાયર્ડ થવાને એક વર્ષ બાકી હોય એ પહેલા એની અરજી લેવામાં આવે છે જેથી લગભગ પેન્શનના કેસ માટે થઈને કોઈને અસંતોષ રહેતો નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ધરમપુર તાલુકાના સબ ડિવિઝનમાં રોજમદાર અને ચોકીદારોના આઠથી દસ કેસો પેન્ડીંગ છે અને સંકલનમાં પ્રશ્ન પૂછવામાં આવે છે તો એમ કહે છે કે સરકારમાં મોકલાવ્યા છે અને સરકારમાં પ્રશ્ન આવે છે તો એમ કહે છે કે કોઈ કેસ બાકી નથી. તો મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આ એક રોજમદારો છે એટલે કે સામાન્ય નાના માણસો છે એમને ત્યાંના કોઈ અધિકારીની કનડગતના કારણે અથવા તો ભૂલના કારણે આવા ચોકીદારો અને રોજમદારો હેરાન થઈ રહ્યા છે ત્યારે એના માટે ખાસ ધ્યાન આપી એની પુર્તતા માનનીય મંત્રીશ્રી કરે એવી મારી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ માનનીય સભ્યશ્રીએ જે બાબતમાં મારું ધ્યાન દોર્યું છે એ બાબતમાં ચોક્કસ કાર્યવાહી કરીશું.

## સાબરકાંઠા જિલ્લામાં પકડવામાં આવેલ બાળમજૂરો

*** ૬૩૩૮ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા બાળમજૂરો પકડવામાં આવ્યા, અને

(૨) બાળ મજૂરી રોકવા સરકારે શા પ્રયત્નો કર્યા છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૩૭ બાળ મજૂરોને શોધી મુકત કરવામાં આવ્યા.

(૨) (અ) રાજયમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫૨૫ બાળ શ્રમયોગીઓને શોધી મુકત કરવામાં આવ્યા છે.

(બ) બાળશ્રમ નાબૂદી અંતગર્ત ૨૯ તાલીમ કાર્યક્રમો દ્વારા ૧૨૪૫ અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વગેરેને તાલીમ આપેલ છે.

(ક) બાળશ્રમ નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ માટે રાજય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ જે કુલ બાળ મજૂરો શોધી કાઢી મુકત કરવામાં આવેલ છે અને આંકડો ફક્ત ત્રણ વર્ષનો બતાવ્યો છે એટલે સાબરકાંઠામાં બાળ મજૂરો બંધ થઈ ગયા હોય એવું મને લાગે છે. એટલે મારો પ્રશ્ન એ છે કે, આ જે ૩૭ બાળ મજૂરો શોધી કાઢી મુકત કરવામાં આવેલ છે એવું જણાવેલ છે પરંતુ હકીકતમાં આ આંકડો સાચો જણાતો નથી કારણ કે ઠેર ઠેર દુકાનો, ગલ્લા વગેરે જગ્યાએ સંખ્યાબંધ કાળ મજૂરો કામ કરતા જોવા મળે છે. તેથી આ તપાસ સાચી થઈ હોય એવું જણાતું નથી. તો બાળ મજૂરો શોધી કાઢી બાળ મજૂરોને મુકત કરાવવાનું અભિયાન સરકાર હાથ ધરવા માગે છે કે કેમ? માનનીય મંત્રીશ્રીને મારો બીજો પ્રશ્ન છે કે, માનનીય મંત્રીશ્રીએ પેટા જવાબમાં જણાવેલ છે કે, 'બાળશ્રમ નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ માટે રાજય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.' તો સાબરકાંઠામાં આવી સમિતિની રચના થયેલ છે કે કેમ, અને તેમાં કયા સભ્યો લીધેલ છે? અને બીજુ એમાં અમારા જેવા ધારાસભ્યશ્રીનો પણ સમાવેશ થયેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : બાળમજૂરો કોઈપણ જગ્યાએ કામ કરતાં હોય તો એમને પકડવામાં નથી આવતા, પરંતુ એમને બાળમજૂરીમાંથી મુક્ત કરવામાં આવે છે અને જેમણે બાળમજૂર તરીકે રાખ્યા હોય એવા માલિક ઉપર પગલાં લેવા માટેની વાત છે, આમાં જુદા જુદા કાયદા નીચે પગલાં લેનારા જુદા જુદા અધિકારીઓ હોય છે, ધારોકે સરકારે પગલાં લેવાના હોય તો ફેકટરી એક્ટ મુજબ સરકાર પગલાં લે, માઈન્સ માટે થઈને સરકાર પગલાં

લે, મરચન્ટ અને શોપીંગ એક્ટ માટે થઈને કોઈ બાળમજૂરીની અંદર હોય તો એ જેતે ડિપાર્ટમૅન્ટ લે, મોટર ટ્રાન્સપૉર્ટ વર્ક નીચે હોય તો એમાં પણ જે તે ડિપાર્ટમૅન્ટ લે, બીડી અને સિગારેટના જે કન્ડીશન એમ્પલોયમેન્ટ એકસચેન્જ હોય એના માટે થઈને શ્રમ અધિકારી પગલાં લેતા હોય છે, ચાઈલ્ડ લેબર પ્રોહીબીશન રેગ્યુલેશન એકટ નીચે સરકાર પગલાં લે અને શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, મોટાભાગના આ મજૂરો બે જગ્યાએ કામ કરે, મહાનગરપાલિકામાં અને નગરપાલિકા વિસ્તારમાં, એવા વિસ્તારોમાં આવા જો બાળમજૂરો કામ કરતા હોય તો એ નગરપાલિકા અને મહાનગરપાલિકાના શોપ ઇન્સ્પેક્ટર પગલાં લે, ગ્રામ્ય વિસ્તારની અંદર પણ જો બાળમજૂરો કામ કરતા હોય તો ત્યાં લેબર અધિકારી પગલાં લે છે, આના માટે થઈને દરેક જિલ્લાની અને રાજય કક્ષાની પણ કમિટી હોય છે, એનું મોનીટરીંગ કરવામાં આવતું હોય છે, એમાં કોઈ કમિટીમાં ધારાસભ્યને લીધેલા નથી, છતાં પણ કોઈપણ ધારાસભ્યશ્રીઓને ક્યાંય બાળમજૂરી કરતાં હોય તેમ માહિતી હોય અને એનું પ્રમાણ વધુ લાગતું હોય તો એ શ્રમ અધિકારીનું ચોક્કસ ધ્યાન દોરે તો એમાં પગલાં લઈશું, કેન્દ્ર સરકારે આમાં એક વાસ્તવિક રસ્તો કાઢ્યો છે કે, બીટી બિયારણની અંદર જે લોકો કામ કરતા હોય એમાં પણ બાળમજૂરોને રાખતા હોય છે એના માટે થઈને સ્પેશ્યલ કાયદો કર્યો છે કે આવા બાળકો પાસે છ કલાક કરતાં વધુ કામ કરાવવું નહિ, ત્રણ કલાક પછી એને એક કલાકનો ઈન્ટરવલ આપવો, સવારના ૭ થી સાંજના ૭ દરમ્યાન જ કામ કરાવવાનું, રાત્રીના ન કરાવવું અને થોડોક સામાજિક સમસ્યાનો પ્રશ્ન પણ છે, પરંતુ રાજય સરકાર બાળમજૂરો કામ કરતા હોય અને જે કરાવતા હોય એની સામે સખત પગલાં પણ લે છે અને એની સામે કેસ પણ આપણે કર્યા છે અને દંડ પણ થયેલા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ જે ૩૭ બાળમજૂરો શોધી કાઢવામાં આવ્યાં છે અને મુક્ત કર્યા છે, એ મોટાભાગે રાજસ્થાનથી આવતા હોય છે અને કપાસની સીઝનમાં અને હોટૅલોમાં કામ કરતાં હોય છે તો આ બાળમજૂરો પૈકી રાજસ્થાનમાંથી કેટલા છે અને સાબરકાંઠામાંથી કેટલા છે અને બીજું આ બાળમજૂરોને શિક્ષણ તરફ વાળવા માટે જિલ્લા કક્ષાની સમિતિએ કોઈ પ્રયત્નો કર્યા છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : મોટાભાગના બાળમજૂરો ખેતીના બિયારણ માટે જ હોય છે, એટલા માટે થઈને કેન્દ્ર સરકારે પણ આમાં ખાસ એકઝામ્પ્શન આપેલ છે, ઘણીવાર શું છે કે પરિવારના લોકો પણ આમાં કામ કરતાં હોય છે છતાં પણ બાળકો પાસેથી કામ ન લો એવું રાજય સરકારના અધિકારીઓ પણ એમને કહેતા હોય છે અને કેન્દ્ર સરકારે નક્કી કર્યુ છે કે ખેતીના બિયારણ માટે થઈને બાળમજૂરો પાસેથી કામ લેવું, એમાં છ કલાકથી વધુ કામ ન લેવું, એક કલાકનો એને ઈન્ટરવલ આપવો, દિવસના ભાગે જ એની પાસેથી કામ લેવું, આ બધી જ જાતના અંકુશો આની અંદર મૂકેલ છે પણ શહેરી વિસ્તારની અંદર મોટાભાગના હોટલની અંદર કામ કરવાવાળા છોકરાઓ કપ રકાબી સાફ કરે છે, ચા પાણી આપવા લેવા જવાનું હોય એની અંદર કામ કરતા હોય છે ત્યાં શોપ ઇન્સ્પેક્ટર દ્વારા નગરપાલિકા અને કૉર્પોરેશનના અધિકારીઓ એમાં પગલાં લેતા હોય છે આપણે પણ ઇચ્છીએ છીએ કે બાળમજૂરો કોઈ કામ ન કરે, આ બાળમજૂરો કામે એટલા માટે જાય છે કે, એ અભણ હોય છે, જો છ વર્ષનું બાળક એ નિશાળે જતું હોયને તો બાળમજૂરી કરવા ના જાય, નિશાળે નથી જતું એના કારણે આ મજૂરી કરવી પડે છે અને નિશાળે ન જતાં હોય એવા પરિવાર લગભગ ગરીબ લોકો હોય છે, ગરીબ લોકોનું શોષણ ન થાય એના માટે થઈને રાજય સરકાર લેવલે દર મહિને એની મીટિંગ અહીંયા બોલાવે છે અને એના માટે થઈને બરાબર તાકીદ રાખે છે.

**લઘુમતિઓના વિકાસ માટે વધુ ગ્રાન્ટ ફાળવવા અંગે**

*** ૫૯૯૨ શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને રાજય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

રૂપિયા ૬૧૬.૦૦ લાખ.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, રાજય સરકારે ૬૧૬ લાખની ગ્રાન્ટની જે ફાળવણી કરી છે તે કયા હેતુ માટે અને કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને છેલ્લાં ત્રણ વર્ષની અંદર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને જે ૬૧૬ લાખની ગ્રાન્ટની ફાળવણી કરી છે તેમાં એક લાખ રૂપિયા વર્કશૉપ અને કારીગરોને સીવણ વર્ગની તાલીમ આપવા માટે, ૩૦ લાખ રૂપિયા વહીવટી ખર્ચ માટે, ૩૬૫ લાખ રૂપિયા નિગમની શેર મૂડી પેટે આપવામાં આવ્યાં છે અને ૭૦ લાખ રૂપિયા જે રાષ્ટ્રીય નિગમમાં રાજય સરકારે જે શેર મૂડી ભરપાઈ કરવાની હોય છે તેના આપ્યાં છે અને ૧૫૦ લાખ રૂપિયા રાષ્ટ્રીય નિગમ દ્વારા જે લોન આપવામાં આવે છે તેમાં રાજય સરકારનો ફાળો છે. આ ૬૧૬ લાખ પૈકી ૩૧-૧૨-૦૮ સુધીમાં ૪૭૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં ૧૨૦૦૦ રૂપિયા વર્કશોપ અને કારીગરોના તાલીમ માટે, ૧૯ લાખ અને ૮૦ હજાર તે વહીવટી ખર્ચમાં,

૩૬૫ લાખ પૂરેપૂરા તે નિગમની શેરમૂડીમાં, ૭૦ લાખ રૂપિયા તે રાષ્ટ્રીય નિગમમાં શેર મૂડી પેટેનો તેનો ફાળો અને ૨૩.૫૩ લાખ રૂપિયા તે માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય નિગમ દ્વારા જે લોન અપાય છે તેમાં આપે ચૂકવ્યા છે તેમ કુલ ૪૭૮.૪૫ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના અલ્પસંખ્યક બોર્ડમાં જે ૬ કરોડ ૧૬ લાખ રૂપિયાની વર્ષ ૨૦૦૮-૦૯માં ફાળવણી લખેલી છે તો તેમાં મારે આપના મારફતે પૂછવું છે કે, આ શેર મૂડી કયા વર્ષમાં આપવામાં આવેલી નંબર ૨, શિષ્યવૃત્તિ ખાસ કરીને શિક્ષણ માટે આ પૈકી કેટલી ફાળવણી કરવામાં આવી અને કેન્દ્ર સરકાર તરફથી બોર્ડને કે અલ્પસંખ્યકના વિકાસ માટે કેટલી રકમ આપવામાં આવી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષમાં મેં કહ્યું ૨૦૦૮ની જે વિગત આપવામાં આવી છે અને રાજયકક્ષાનું જે અલ્પસંખ્યક નિગમ છે તેને કેન્દ્રીય કક્ષાનું રાષ્ટ્રીય કક્ષાનું જે અલ્પસંખ્યક નિગમ છે તેમાંથી જે લોન મળે છે તે લોન આપણે રાજય કક્ષાના નિગમ દ્વારા આપણાં જે અલ્પસંખ્યકના જે લાભાર્થીઓ છે તેમને આપવામાં આવે છે. ૨૯૫ લાખ રૂપિયા તે આપણને ૨૦૦૬-૦૭માં મળ્યા હતા. તેની સામે આપણે ૧૨૫ લાખનું ધીરાણ કરવામાં આવ્યું છે. ૨૦૦૭-૦૮ની અંદર ૩૦૦ લાખ મળ્યા હતા તેમાંથી ૩૭૮ લાખનું ધીરાણ કરવામાં આવ્યું છે અને ૨૦૦૮-૦૯ની અંદર ૩૧-૧-૨૦૦૯ સુધીમાં ૩૦૦ લાખ મળ્યા હતા તેમાંથી ૨૧૨ લાખનું ધીરાણ આપણે નિગમ દ્વારા કરવામાં આવ્યું છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમ દ્વારા જાણવા માંગુ છું કે, ભરૂચ જિલ્લામાં લઘુમતીઓના વિકાસ માટે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને રાજય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે જુદી નોટિસ જોઈએ.

**રાજકોટ, જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ**

*** ૬૪૩૦ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ, જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવાસો પૂરા પાડવામાં આવ્યા, અને

(૨) બાકીના લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસો આપવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

(૧) ૩૬૯૯

(૨) શકય તેટલા વહેલા.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના તે ખૂબ સારી યોજના છે. મારે **માનનીય મંત્રીશ્રી પાસેથી જે ખાતરી લેવી છે કે મોંઘવારીને ધ્યાનમાં લેતા અત્યારની જે યુનિટ કોસ્ટ છે એ ખૂબ ઓછી મળે છે. એને કારણે જે લાભાર્થીએ લીંટલ લેવલ મકાન સુધી કર્યુ હોય, પછી છજુ કરવાની આર્થિક સ્થિતિ એ લોકોની રહેતી નથી. એને લીધે એ મકાનમાં રહેવાની યોગ્યતા એને પ્રાપ્ત થતી નથી. તો આ યુનિટ કોસ્ટ વધારવા માગે છે કે કેમ? બીજું કે બી.પી.એલ.ના લાભાર્થી અથવા આવક મર્યાદા જે નકકી કરી છે એમાં આવક મર્યાદા વધારવા માગે છે કે કેમ? બી.પી.એલ.ના લાભાર્થીને જ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. જે કેટલાક લોકો બી.પી.એલ.માં એમનો સમાવેશ ન થતો હોય, પણ ખરેખર જરૂરતમંદ હોય છે. એવા લોકો આને લીધે રહી જાય છે. તો બી.પી.એલ.માં સમાવેશ ન હોય એવા જરૂરતમંદ લોકોને આ યોજનાનો લાભ આપવા માગે છે કે કેમ? બીજું કે રાજકોટ, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં તાલુકા વાઈઝ મકાનોની ફાળવણી થઈ છે એ વિશેષ લાંબી માહિતી હોય તો આપના મારફતે વિનંતી કે ટેબલ ઉપર મૂકાય.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: તાલુકાવાર માહિતી ચોકકસ ટેબલ ઉપર મૂકીશ. એમણે પ્રશ્ન કર્યો આવક મર્યાદા બાબતમાં અને જે સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરવા બાબતમાં. એ અંગે કહીશ કે રાજય સરકારમાં આ પ્રકારની આવાસો માટેની અનેક યોજનાઓ જુદા જુદા વિભાગો હસ્તક ચાલે છે. આ અંગેની એક સમીક્ષા બેઠક માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ થઈ છે. આ બધા આવાસોની યોજનાઓમાં શું વધારો કરવો જોઈએ કે આવક મર્યાદામાં શું સુધારો વધારો કરવો જોઈએ એ માટેની સચિવોની એક સમિતિ બની છે અને સર્વાંગી રીતે સમગ્ર રાજયમાં આવાસ માટેની એક જ નીતિ બને એ માટેના પ્રયત્નો રાજય સરકાર કરી રહી છે અને હું માનું છું કે એના સારા પરિણામો આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં ૩૬૯૯ આવાસો બનાવવામાં આવ્યા, તો રાજકોટ જિલ્લાના મોરબી, ટંકારા અને પડધરી આ ત્રણેય તાલુકામાં કેટલા કેટલા આવાસો બનાવવામાં આવ્યા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા**: જિલ્લાવાર માહિતી છે, એ હું ટેબલ ઉપર મૂકીશ.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ. પ્રશ્ન ક્રમાંક: ૧૩.

**માંગરોળ અને પોરબંદર તાલુકામાં પછાતવર્ગોના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ**

***૪૮૬૧ શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ચાલુ વર્ષે ૨૦૦૮-૦૯માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ શાળાના પ્રવેશ વખતે જ ચૂકવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો માંગરોળ અને પોરબંદર તાલુકામાં તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૮ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

**(૧) હા,જી. પરંતુ પોરબંદર તાલુકામાં શાળા પ્રવેશ થયેલ કુલ ૫૫૬૧૪ વિદ્યાર્થીઓ પૈકી ૪૫૦૨૯ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ વખતે જ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ છે.**

(૨) કુલ રૂા. ૮૯,૫૦,૫૪૫/- ચૂકવવામાં આવેલ છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય એક માત્ર એવું રાજય છે કે જયાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ સમયે જ શિષ્યવૃત્તિ ચૂકવી દેવામાં આવે છે. આ માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથોસાથ મારો પ્રશ્ન એ છે કે આ શિષ્યવૃત્તિ ચૂકવવાના ધારાધોરણો શું છે? અને આ શિષ્યવૃત્તિ ચેક દ્વારા આપવામાં આવે છે કે રોકડેથી ચૂકવવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર**: માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે જયાં શાળા પ્રવેશોત્સવ વખતે જ શિષ્યવૃત્તિ સોએ સો ટકા ચૂકવવામાં આવતી હોય. આવું દેશનું આ પ્રથમ રાજય છે. આનું શ્રેય લાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને જાય છે. શિષ્યવૃત્તિ ચૂકવવાની પદ્ધતિ અંગેની વિગતો તેમણે માગી છે. દરેક નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં શિષ્યવૃત્તિ માટે શૈક્ષણિક સંસ્થાઓ, શાળા-કોલેજો નીતિ નિયમ મુજબની દરખાસ્ત જિલ્લા કચેરીને કરે છે. જિલ્લા કચેરીએથી આ દરખાસ્તની ચકાસણી માટેની કમિટી દ્વારા દરખાસ્તની ચકાસણી કરવામાં આવે છે. સ્થળ ઉપર જ આવી દરખાસ્ત મંજૂર કરવામાં આવે છે. જિલ્લા કચેરી દ્વારા મંજૂર કરેલ શિષ્યવૃત્તિના બિલો બનાવી ટ્રેઝરીમાં રજૂ કરવામાં આવે છે. આ રીતે મંજૂર કરાયેલ શિષ્યવૃત્તિ જે તે શૈક્ષણિક સંસ્થાઓને એકાઉન્ટ પેયી ચેક દ્વારા ચૂકવવામાં આવે છે. કોલેજોમાં આવી શિષ્યવૃત્તિ ચેકથી ચૂકવવામાં આવે છે અને હાઈસ્કૂલ તથા પ્રાથમિક શાળાઓની દરખાસ્ત તૈયાર કરીને પે સેન્ટરને મોકલવામાં આવે છે અને પે-સેન્ટરો દ્વારા દરખાસ્તનું સંકલન કરીને તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપવામાં આવે છે. જિલ્લા કચેરીઓ દ્વારા શિષ્યવૃત્તિની દરખાસ્તો મંજૂર કરી અને રકમના ચેક તાલુકા વિકાસ અધિકારીના પી.એલ.એફ. એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે. અને તાલુકા વિકાસ અધિકારી તરફથી દરેક પે સેન્ટરને ચેક મોકલી અને શાળાના આચાર્યને શિક્ષણની શિષ્યવૃત્તિની રોકડ રકમ આપવામાં આવે છે અને શાળાના આચાર્ય દરેક વિદ્યાર્થીને રોકડમાં શિષ્યવૃત્તિ આપી અને તેની પહોંચ મેળવવામાં આવે છે.

**વેરાવળ તથા માળીયા તાલુકામાં પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ**

***૪૮૫૮ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ચાલુ વર્ષે ૨૦૦૮-૦૯માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ શાળાના પ્રવેશ વખતે જ ચૂકવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, વેરાવળ તથા માળીયા તાલુકામાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૮ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) કુલ રૂા. ૪૭,૬૫,૨૦૫/- ચૂકવવામાં આવેલ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનાં જવાબમાં જણાવવામાં આવેલ છે કે જયારે પ્રવેશોત્સવ થાય ત્યારે એડવાન્સમાં શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. તો આ પદ્ધતિ કયારથી શરૂ કરવામાં આવી છે અને ભૂતકાળમાં નહોતી તો તેના કારણો શું છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે શાળા પ્રવેશોત્સવ વખતે સો ટકા શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે અને આ શિષ્યવૃત્તિ માટે ૨૦૦૩-૦૪ થી તે રીતે સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. અને શાળાના પ્રવેશ વખતે જ ચૂકવવામાં આવે છે. અગાઉ જવાબમાં કહયું એમ આ બન્ને તાલુકામાં વેરાવળ અને જુનાગઢ જિલ્લામાં સો ટકા શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે.

**વડોદરા જિલ્લામાં નવા છાત્રાલયો શરૂ કરવા અંગે**

***૪૮૨૫ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બક્ષીપંચના કેટલા છાત્રાલયો તાલુકાવાર આવેલા છે, અને

(૨) આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા નવા છાત્રાલયો બનાવવા સરકારે શું આયોજન કરેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના બક્ષીપંચના છાત્રાલયો આવેલા છે,

| તાલુકો | છાત્રાલયોની સંખ્યા |
|---|---|
| સાવલી | ૧ |
| ડભોઈ | ૨ |
| વડોદરા | ૩ |
| પાદરા | ૧ |
| સંખેડા | ૧ |
| **કુલ** | ૮ |

(૨) હાલ કોઈ આયોજન કરવામાં આવેલ નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વડોદરા જિલ્લામાં બક્ષીપંચના ૮ છાત્રાલયો છે, મેં પૂછયું છે કે વિદ્યાર્થીની સંખ્યામાં વધારો કરવા માગે છે કે કેમ, અને બીજો પ્રશ્ન એ છે કે વડોદરા જિલ્લાના ૧૩ તાલુકા છે એમાં જે તાલુકામાં બક્ષીપંચની સંખ્યા વધારે હોય ત્યાં નવા છાત્રાલયો ખોલવા માગે છે કે કેમ? પ્રશ્ન ત્રીજો એ છે કે આમાં ૮ છાત્રાલયો છે એમાં દરેક છાત્રાલયોમાં વિદ્યાર્થીની સંખ્યા કેટલી છે અને તેની સંખ્યા વધારવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન છે કે જે ૮ છાત્રાલયો છે એમાં માન્ય સંખ્યા કેટલી છે, તો આમાં બે સરકારી છાત્રાલયો છે અને તેમાં માન્ય સંખ્યા ૭૪ ની છે અને વિદ્યાર્થીઓ ૬૧ છે, ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો ૬ છે અને એમાં માન્ય સંખ્યા ૨૭૭ ની સામે ૨૭૧ વિદ્યાર્થીઓ છે. એટલે હજુ પણ વિદ્યાર્થીઓ સમાવી શકાય એમ છે. બાકીના બે એમના સૂચનો છે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના ૮ છાત્રાલયો છે એમાં દૂરસ્તીની જરુર છે તો તે દુરસ્તી માટે ખર્ચ કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જયાં પણ જરૂરિયાત હશે ત્યાં દૂરસ્તી કરીશું.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં અત્યારે નવા છાત્રાલયો આપવાની વાત છે, ગયા વર્ષે વડોદરા જિલ્લામાં કેટલા છાત્રાલયો આપવામાં આવ્યા, અને બીજો પ્રશ્ન એ છે કે આ છાત્રાલયોમાં ભણતા વિદ્યાર્થીઓ છે તે વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટેની કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ? અને તેના માટે કેટલી સહાય આપવા માગો છો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે વડોદરા જિલ્લાને કોઈ નવું છાત્રાલય આપવામાં આવ્યું નથી. બજેટમાં આ અંગેની કોઈ જોગવાઈ હતી નહીં. બાકી પ્રાઈવેટ ટયૂશન ફી માટેની વાત છે. સરકારના ધોરણો છે એ બધાને લાગુ પડે છે. તેની વિગત મારી પાસે નથી. આપ કહેતા હો તો ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં બક્ષી પંચના ૮ છાત્રાલયો આવ્યા છે. તે પૈકીના સરકારી કેટલા છે અને કેટલા છાત્રાલયો સરકાર હસ્તકના મકાનોવાળા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ બે સરકારી છાત્રાલય અને છ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બે સરકારી છાત્રાલયોમાં ૭૪ જગ્યાઓ છે અને તેમાં ૬૧ જગ્યાઓ ભરાયેલી છે. હું એ જાણવા માગું છું કે જે વખતે એડમિશન આપવામાં આવે છે તો કેટલી અરજીઓ આવેલી? મારું કહેવાનું એ છે કે અરજીઓ કરી છે છતાં પ્રવેશ મળતો નથી તો આમાં ૭૪ના બદલે ૬૧ જગ્યાઓ જ ભરેલી છે. હાલ આ જગ્યા ખાલી છે તેમાં આવતા વર્ષે ૭૪ જગ્યાઓ.. કારણ કે એડમિશન ઘણાં ઓછા આપે છે. તો આવી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જેટલી અરજીઓ આવી હતી તે બધાને પ્રવેશ મળી ગયો છે. સરકાર પાસે પ્રવેશ ન મળ્યાની કોઈ ફરિયાદ નથી. આમ છતાં જો સભ્યશ્રી માહિતી આપશે તો તે માટે ચોક્કસ સરકાર યોગ્ય પગલાં લેશે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, એક નાનકડી માહિતી માટે. પહેલાં શાળાઓ બહુ ઓછા સ્થળે હતી અને પરિણામે છાત્રાલયોની જરૂરિયાત ઉભી થતી હતી. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત શાળાઓનો વ્યાપ આપણે વધારતા જઈએ છીએ. તેના કારણે ઘણું કરીને ખૂબ ટૂંકા અંતરથી ટ્રાવેલ કરીને પણ બાળકો શાળાએ જઈ શકે છે અને એના પરિણામે છાત્રાલયોની સંખ્યા ઘટવાની સંભાવના સ્વાભાવિક છે. જેમ જેમ શાળાઓનું નૅટવર્ક વધતું જશે તેમ તેમ છાત્રાલયોનું ભારણ ઘટવાનું જ છે. આ એક બાબત અને હું માનું છું કે આ સાચો એપ્રોચ છે કે આપણે શાળાઓનો વ્યાપ વધારીએ, શાળાઓ નીચે સુધી લઈ જઈએ તો છાત્રાલય સુધી આવવાની જરૂરિયાત ઉભી નહીં થાય.

## ભાવનગર જિલ્લામાં નાની બચત પેટે થયેલ આવક

***૬૧૩૪ ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નાની બચત પેટે તાલુકાવાર કેટલી રકમો મળી?

**નાણામંત્રીશ્રી:**

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ નાની બચત પેટે તાલુકાવાર મળેલ રકમની વિગતો પત્રક "અ"માં સામેલ છે.

**પત્રક**

**રકમ રૂા. લાખમાં**

| ક્રમાંક | તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૭ | | | વર્ષ-૨૦૦૮ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રોકાણ | ઉપાડ | સાફી | રોકાણ | ઉપાડ | સાફી |
| ૧ | ભાવનગર | ૪૪૩૮૭.૮૭ | ૩૭૯૨૨.૩૯ | ૬૪૬૫.૪૮ | ૩૦૭૫૨.૪૫ | ૪૯૩૮૦.૭૫ | -૧૮૬૨૮.૩૦ |
| ૨ | પાલીતાણા | ૨૨૮૯.૭૬ | ૨૪૧૪.૫૯ | -૧૨૪.૮૩ | ૩૦૪૧.૩૩ | ૩૩૮૩.૯૭ | -૩૪૨.૬૪ |
| ૩ | બોટાદ | ૧૦૭૨.૯૯ | ૧૩૧૪.૪૬ | -૨૪૧.૪૭ | ૯૮૨.૭૪ | ૧૦૩૬.૮૯ | -૫૪.૧૫ |
| ૪ | મહુવા | ૧૧૦૪.૮૯ | ૧૩૫૪.૩૮ | -૨૪૯.૪૯ | ૧૦૨૨.૦૪ | ૧૦૯૪.૩૭ | -૭૨.૩૩ |
| ૫ | શિહોર | ૯૬૭.૮૮ | ૧૨૮૦.૭૧ | -૩૧૨.૮૩ | ૧૩૯૭.૨૯ | ૧૫૨૧.૨૭ | -૧૨૩.૯૮ |
| ૬ | ગારિયાધાર | ૨૬૬.૮૪ | ૩૦૯.૫૦ | -૪૨.૬૬ | ૩૪૧.૦૫ | ૪૨૫.૪૩ | -૮૪.૩૮ |
| ૭ | ગઢડા | ૧૮૭૯.૧૬ | ૩૧૨૪.૫૭ | -૧૨૪૫.૪૧ | ૧૧૬૩.૪૬ | ૧૫૧૩.૬૮ | -૩૫૦.૨૨ |
| ૮ | તળાજા | ૧૪૪૯.૪૯ | ૧૫૧૬.૮૫ | -૬૭.૩૬ | ૧૬૭૫.૭૩ | ૧૯૮૫.૫૩ | -૩૦૯.૮૦ |
| ૯ | ઉમરાળા | ૩૧૭.૬૦ | ૧૭૯.૨૧ | ૧૩૮.૩૯ | ૧૯૮.૦૬ | ૨૯૨.૯૧ | -૯૪.૮૫ |
| ૧૦ | વલ્લભીપુર | ૭૮.૬૨ | ૧૦૫.૧૬ | -૨૬.૫૪ | ૨૯૩.૪૩ | ૩૦૯.૪૦ | -૧૫.૯૭ |
| ૧૧ | ઘોઘા | ૪૮૮.૬૭ | ૫૫૯.૬૪ | -૭૦.૯૭ | ૫૩૮.૨૮ | ૬૪૮.૭૮ | -૧૧૦.૫૦ |
| | કુલ : | ૫૪૩૦૩.૭૭ | ૫૦૦૮૧.૪૬ | ૪૨૨૨.૩૧ | ૪૧૪૦૫.૮૬ | ૬૧૫૯૨.૯૮ | -૨૦૧૮૭.૧૨ |

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જે માહિતી આપી છે તેનાથી સંતોષ છે પરંતુ ગારિયાધારમાં સૌથી ઓછું રોકાણ અને ગઢડામાં સૌથી વિશેષ છે. તો મંદી કે એવા કોઈ કારણો આમાં કારણભૂત બનતા હોય છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આખા જિલ્લામાં કોઈ તાલુકામાં ઓછું રોકાણ હોય, કોઈ વધુ હોય એ તો ત્યાંના સ્થાનિક એજન્ટો, પૈસા કલેકટ કરવાવાળા કેવા પ્રકારના છે અને એ વિસ્તારમાં આર્થિક સદ્ધરતા કેવી છે તેના આધારે મળતું હોય છે. ધારો કે મજૂર વર્ગનો વિસ્તાર અને ખેડૂત વર્ગનો વિસ્તારો હોય ત્યાં સામાન્ય રીતે નાની બચતની રકમ ઓછી મળતી હોય છે. જ્યાં થોડું શહેરીકરણ હોય અને જે વિસ્તારમાં સદ્ધર ખેડૂતો હોય એવા ગ્રામ્ય વિસ્તારમાં પણ નાની બચતની રકમ વધુ મળતી હોય છે. એ તો દરેક તાલુકાનું આર્થિક પાસુ કેવું સદ્ધર છે તેના આધારે નાની બચતની રકમો આપણને મળતી હોય છે.

## રાજય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફટ અંગે

***૬૮૦૯ શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો છે તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો કેટલી વાર અને કયા કારણોસર?

**નાણામંત્રીશ્રી :**

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ઓવરડ્રાફ્ટ લેવો પડ્યો નથી. એટલે સારા નાણાકીય વ્યવસ્થાપન બદલ માનનીય નાણામંત્રીશ્રી અને સરકારને અભિનંદન પાઠવું છું અને મને સંતોષ છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહની જાણ માટે કહું કે ઓવરડ્રાફ્ટ લીધો નથી, ઓવરડ્રાફ્ટ આ વર્ષે નહીં, પણ છેલ્લો ઓવરડ્રાફ્ટ ૨૦૦૩-૨૦૦૪માં લીધેલો. તે પછી આપણે કોઈ ઓવરડ્રાફ્ટ લીધો નથી. ઓવરડ્રાફ્ટ હોય એ પહેલાં આપણી પોતાની સદ્ધરતામાં, ઓવરડ્રાફ્ટ ક્યારે કહેવાય કે special ways and means ૬૪૦ કરોડના મંજૂર થયા છે અને normal ways and means ૬૩૦ કરોડના મંજૂર થયા છે. રીઝર્વ બેંકે કર્યા. એટલે ૧૨૭૦ કરોડ રૂપિયા આપણે જ્યારે અહીં રિઝર્વ બેંકમાંથી કે બીજી બેંકોમાંથી આપણે ઉપાડ્યા ત્યાં સુધી તેને..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજકોટ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૬૮૦૨ **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને | (૧) ૧૮૭૩૫. |
| (૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી કેટલાને રોજગારી આપવામાં આવી ? | (૨) ૬૬. |

------------

### જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૬૮૧૧ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને | (૧) ૪૪૨૨૫. |
| (૨) નોંધાયેલા ઉમેદવારો પૈકી તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા વર્ષ સુધીમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૬૦૨૦. |

-----------

### જૂનાગઢ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

૬૧૯૮ **શ્રી મહેન્દ્રભાઈ મશરુ (જુનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૫. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૧૫૩૮. |

------------

### સુરત જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે

૬૭૬૪ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી ધ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૬૮. |

અને
(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? (૨) ૧૨૫૩૩.

------------

**ખેડા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૫૧૯૮ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં માનવ ગરીમા યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં આ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળેલ છે,

(૨)

| | અનુ. જાતિ | વિક્સતિ જાતિ |
|---|---|---|
| વર્ષ | મળેલ અરજીઓ | મળેલ અરજીઓ |
| ૨૦૦૬-૦૭ | ૩૧૮ | ૩૯૨ |
| ૨૦૦૭-૦૮ | ૩૦૩ | ૩૬૯ |
| ૨૦૦૮-૦૯ | ૮૮૧ | ૩૭૦ |

(૩) કેટલી અરજીઓ મંજૂર કરેલ છે,

(૩)

| | અનુ. જાતિ | વિક્સતિ જાતિ |
|---|---|---|
| વર્ષ | મંજૂર કરેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ |
| ૨૦૦૬-૦૭ | ૧૮૪ | ૩૬૮ |
| ૨૦૦૭-૦૮ | ૨૧૮ | ૩૬૩ |
| ૨૦૦૮-૦૯ | ૧૧૮ | ૨૯૪ |

(૪) આ યોજના અન્વયે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪)

| | અનુ. જાતિ | વિક્સતિ જાતિ | |
|---|---|---|---|
| વર્ષ | ચૂકવેલ સહાયની રકમ | ચૂકવેલ સહાયની રકમ | ચૂકવવાની બાકી રકમ |
| ૨૦૦૬-૦૭ | ૫,૫૨,૦૦૦ | ૧૦,૨૨,૫૦૦ | ૭૮,૦૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૬,૫૪,૦૦૦ | ૯,૭૧,૦૦૦ | ૧,૧૪,૦૦૦ |
| ૨૦૦૮-૦૯ | ટુલકીટસ આપવાનું આયોજન છે. | | ટુલકીટસ આપવાનું આયોજન છે. |

(૫) કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

(૫) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વિક્સતી જાતિના ઉમેદવારોએ પાકા બિલો જીલ્લા ક્ચેરીમાં રજુ કરવાથી સહાય ચૂકવી આપવામાં આવશે.

વર્ષ ૨૦૦૮/૦૯ માં વિક્સતી જાતિ અને અનુસૂચિત જાતિના ઉમેદવારોને ટુલ્સકીટ ખરીદવાની નિયત ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરીને આપવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ આવાસોની ફાળવણી**

૬૪૧૬ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ માં દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ તાલુકાદીઠ કેટલા આવાસોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તાલુકાદીઠ આવાસોનું આયોજન** |
|---|---|---|
| (૧) | ફતેપુરા | ૧૨ |
| (૨) | ઝાલોદ | ૨૭ |
| (૩) | દાહોદ | ૧૫ |
| (૪) | લીમખેડા | ૭૩ |
| (૫) | દેવગઢ બારીયા | ૮૫ |
| (૬) | ધાનપુર | ૫૬ |
| (૭) | ગરબાડા | ૦૫ |
| | **કુલ :-** | **૨૭૩** |

(૨) તેમાંથી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૯ ના

(૨) એક પણ નહીં.

અંતે કેટલા આવાસો પૂર્ણ થયેલ છે ?

------------

**સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ અન્વયે થયેલ ખર્ચ**

૬૩૯૩ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય રમતગમત, યુવા, અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨-૨-૦૯ ના રોજ સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત રથ અન્વયે દાહોદ જિલ્લામાં દાહોદ ખાતે કરવામાં આવેલ આયોજનમાં સરકારને કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) તા. ૧૨-૦૨-૨૦૦૯ સુધીમાં રૂા. ૧૮.૩૫ લાખનાં બિલ મળેલ છે. |
| (૨) આ ખર્ચ ક્યા હેડ ખાતે કરવામાં આવેલ છે ? | (૨) હાલ ખર્ચ બુક થયેલ નથી જેથી હેડ દર્શાવવાનો પ્રશ્ન નથી. |

------------

**અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં બેક્લોગની ખાલી જગાઓ**

૫૯૮૦ **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં તા.૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ ની અનુસૂચિત જાતિની કુલ કેટલી બેક્લોગ જ્ગ્યાઓ ખાલી છે, | (૧) કોઈ નહીં. |
| (૨) જે ભરવા સરકારે શાં પગલાં લીધા છે, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) જો કાર્યવાહી ચાલુ હોય તો કેટલા સમયથી કાર્યવાહી ચાલુ છે ? | (૩) પ્રશ્ન નથી. |

------------

**આણંદ જિલ્લામાં રૂા. ૧૦ લાખથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૬૭૫૦ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રૂા. ૧૦ લાખથી વધુ વેચાણવેરો બાકી હોય તેવા કેટલા ઉદ્યોગગૃહો છે, | (૧) ૨૨. |
| (૨) સદર રકમ કેટલા સમયથી બાકી છે, અને | (૨) સદર રકમ જુદા જુદા સમયથી બાકી છે. જેનો સમયગાળો ૧૯૭૩ થી ૨૦૦૮ નો છે. |
| (૩) આ વસુલાત માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા, અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે. |

------------

**વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૬૭૫૮ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ વડોદરા જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી ધ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન કુલ કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને | (૧) ૧૪૬૩૪. |
| (૨) તે પેકી શિક્ષિત ઉમેદવારો કેટલા ? | (૨) ૭૭૧૬. |

------------

**આવાસ બનાવવાની રકમમાં વધારો કરવા અંગે**

૬૭૯૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ આવાસ યોજના અન્વયે તા. ૧-૨-૦૯ ની સ્થિતિએ આવાસ બનાવવા કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૨) આ આવાસ બનાવવાની રકમમાં વધારો કરવા વિચારો છો કે કેમ ?

**જવાબ**

(૧) રૂા. ૪૦,૦૦૦/-

(૨) વિચારણા હેઠળ છે.

------------

**આણંદ જિલ્લામાં બક્ષીપંચના નવા છાત્રાલયો બનાવવા કરેલ આયોજન અંગે**

૪૯૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો આવેલા છે, અને

(૨) નવા છાત્રાલયો બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના બક્ષીપંચના કુમાર અને કન્યા છાત્રાલયો આવેલા છે.

| તાલુકો | છાત્રાલયો | |
|---|---|---|
| | કુમાર | કન્યા |
| આણંદ | ૪ | ૩ |
| ઉમરેઠ | ૨ | ૧ |
| બોરસદ | ૪ | ૧ |
| આંકલાવ | ૩ | ૧ |
| પેટલાદ | ૧ | ૧ |
| સોજીત્રા | ૦ | ૧ |
| ખંભાત | ૩ | ૧ |
| તારાપુર | ૨ | ૦ |
| **કુલ :** | **૧૯** | **૯** |

(૨) હાલમાં કોઈ આયોજન કરવામાં આવેલ નથી.

------------

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસોના નિકાલ અંગે**

૫૯૯૭ **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે,

(૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૩) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૨૪૨ કેસો.

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હોવાથી.

(૩) આજની તારીખે આ પેકીનો એક પણ કેસ બાકી નથી.

## બનાસકાંઠા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટ

૫૧૦૨ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુસર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં સન ૨૦૦૭-૨૦૦૮ તથા ૨૦૦૮-૨૦૦૯માં તા.૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના નીચે દર્શાવેલ તાલુકાઓમાં તે સામે દર્શાવેલ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(રકમ રૂપિયામાં)

| અ. નં. | તાલુકાનું નામ | ૦૭-૦૮ | ૦૮-૦૯ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૩૭૦૦ | ૮૨૫૧૨૮ | ૮૭૮૮૨૮ |
| ૨ | વડગામ | ૪૭૨૦૦ | ૩૨૬૪૮ | ૭૯૮૪૮ |
| ૩ | ડીસા | ૩૫૭૭૩૮ | ૪૬૬૯૩૧ | ૮૨૪૬૬૯ |
| ૪ | દાંતા | ૧૯૦૩૦૦ | ૧૮૫૨૬૦ | ૩૭૫૫૬૦ |
| ૫ | ધાનેરા | ૯૭૦૦ | ૭૪૦૦ | ૧૭૧૦૦ |
| ૬ | અમીરગઢ | ૯૦૦૦ | ૭૮૦૦ | ૧૬૮૦૦ |
| ૭ | દાંતીવાડા | ૫૭૦૦ | ૭૭૨૦ | ૧૩૪૨૦ |
| ૮ | દીયોદર | ૩૨૬૨૦૦ | ૯૪૧૦ | ૩૩૫૬૧૦ |
| ૯ | ભાભર | ૫૭૦૦ | ૬૫૦૦ | ૧૨૨૦૦ |
| ૧૦ | કાંકરેજ | ૧૬૮૦૦ | ૨૨૧૬૮ | ૩૮૯૬૮ |
| ૧૧ | થરાદ | ૫૭૦૦ | ૭૫૬૦ | ૧૩૨૬૦ |
| ૧૨ | વાવ | ૧૪૧૨૦૦ | ૮૬૭૫ | ૧૪૯૮૭૫ |
| | **કુલ :** | **૧૧૬૮૯૩૮** | **૧૫૮૭૨૦૦** | **૨૭૫૬૧૩૮** |

(૨) પ્રવૃત્તિઓના લાભ લેવા સારૂ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાંથી કઈ કઈ સંસ્થા ટ્રસ્ટની માંગણીઓ આવેલ છે, અને

(૨) -પાલનપુર તાલુકામાંથી ઉત્તર ગુજરાત ક્રિકેટ એસોસીએશન, મુ. આંકેડીને ગ્રાન્ટ અને આર્થિક સહાય આપવા તથા,
- ડીસા તાલુકાની સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ, મુ. નાંદલાની રમતગમત અંગે ગ્રાન્ટ આપવા બાબતે માંગણીઓ મળેલ હતી.

(૩) તે માંગણી પરત્વે સરકારશ્રી શું આયોજન કરવા માંગે છે ?

(૩) રાજ્ય સરકારે નક્કી કરેલ નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

------------

## કેન્દ્રીય કરવેરામાંથી રાજ્યને મળેલ રકમ

**૨૨૨/page> ૫૦૭૦ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ક્યા કેન્દ્રીય કરવેરામાંથી રાજ્યના હિસ્સા પેટે ગુજરાતને કેટલા કરોડની ફાળવણી કરાઈ, અને

**જવાબ**

(૧) કેન્દ્રીય કરવેરામાં નીચે મુજબના વેરાઓનો સમાવેશ થાય છે.

(૧)કોર્પોરેશન ટેક્ષ
(૨) આવક વેરો (કોર્પોરેશન ટેક્ષ સિવાય)
(૩) મિલ્કત વેરો
(૪) કસ્ટમ ડ્યુટી
(૫) કેન્દ્રીય આબકારી જકાત
(૬) સેવા કર

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં રાજ્યને કેન્દ્રિય કરવેરા પેટે નીચે મુજબ રકમ મળેલ છે.

| ક્રમ | વર્ષ | રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૩૩૭૨.૯૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૪૪૨૫.૮૩ |
| ૩ | ૨૦૦૭-૦૮ | ૫૪૨૬.૦૯ |

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં કેટલા કરોડ મેળવવાની ધારણા રખાઈ છે ?

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૬૩૮૯.૩૯ કરોડ મેળવવાની ધારણા રખાઈ છે.

------------

**ભરૂચ જિલ્લામાં સ્વરોજગાર શિબિરના આયોજન અંગે**

૬૭૫૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૨ |
| (૨) આ શિબિરોમાં કેટલાં ઉમેદવારો હાજર હતા? | (૨) ૨૩૨૯ |

------------

**રાજ્યમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનોના કામ અંગે**

૪૭૬૮ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનો બનાવવામાં આવ્યા, | (૧) ૮ (આઠ) |
| (૨) તે અન્વયે કેટલા ભવનો કાર્યરત થયા, અને | (૨) ૮ (આઠ) |
| (૩) કેટલા ભવનોના કામ ચાલુ છે ? | (૩) ઉપરોક્ત (૨) જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**મુલ્ય વર્ધિત વેરાની આવક અંગે**

૪૯૮૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૮ સુધીમાં મુલ્યવર્ધિત વેરો(વેટ)ની કેટલી આવક થઈ ? | સને ૨૦૦૭-૦૮માં રૂપિયા ૧૫,૧૦૪.૫૪ કરોડ અને સને ૨૦૦૮-૦૯ના તારીખ : ૩૧-૧૨-૦૮ સુધીમાં રૂપિયા ૧૨,૬૮૭.૪૮ કરોડ (પ્રોવિઝનલ). |

------------

**ખેડા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોના આયોજન અંગે**

૬૭૬૩ **શ્રી સુંદરસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૧ |
| (૨) આ શિબિરોમાં કેટલાં ઉમેદવારો હાજર હતા ? | (૨) ૨૪૯૮ |

------------

**આદિવાસી વિસ્તારોમાં યુવક મંડળોને સહાય**

૬૭૯૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૮ સ્થિતિએ આદિવાસી વિસ્તારોમાં યુવક મંડળોને સરકાર દ્વારા ક્યા ક્યા પ્રકારની | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ આદિવાસી વિસ્તારોમાં યુવક મંડળોને કોઈપણ પ્રકારની સહાય |

સહાય મળે છે, અને

આપવાની યોજના અમલમાં નથી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં માતૃભૂમિ યુવા શક્તિ કેન્દ્રોને મહત્તમ રૂા. ૧૦૦૦/- ભંડોળ તરીકે, એકજ વખત ચૂકવવામાં આવે છે. જેમાંથી જોગવાઈઓના હાર્દને અનુરૂપ ખર્ચ કરી શકાય છે.

(૨) આવી સહાય આપવા અંગે સરકાર દ્વારા ક્યા પ્રચાર-પ્રસાર માધ્યમોથી જાહેરાત કરવામાં આવે છે ?

(૨) રાજ્ય યુવક બોર્ડના માન્યતા પ્રાપ્ત મંડળોને વ્યક્તિગત પત્ર દ્વારા તથા તમામ જિલ્લા રમતગમત અધિકારીઓને પણ જાણ કરવામાં આવે છે.

------------

## સીમેન્ટ કંપનીઓ પાસેથી લેવાનો બાકી વેચાણવેરો

૬૪૩૯ **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી કઈ કઈ સીમેન્ટ કંપનીઓનો વેચાણવેરો ભરવાનો બાકી છે,

(૧) સામેલ પત્રક મુજબ

**પત્રક**

| ક્રમ | સીમેન્ટ કંપનીનું નામ |
|---|---|
| ૧ | લક્ષ્મી સીમેન્ટ. |
| ૨ | બાલારામ સીમેન્ટ. |
| ૩ | રાધાકિશન સીમેન્ટ. |
| ૪ | હનુમાન સીમેન્ટ પ્રા. લીમીટેડ કંપની. |
| ૫ | સોમાની સીમેન્ટ કંપની. |
| ૬ | મહાકાળી સીમેન્ટ. |
| ૭ | પંચમહાલ સીમેન્ટ કંપની લીમીટેડ. |
| ૮ | સેવાલીયા સીમેન્ટ વર્ક્સ. |
| ૯ | વી.કી. સીમેન્ટ પ્રા. લીમીટેડ. |
| ૧૦ | અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ. |
| ૧૧ | ગજઅંબુજા સીમેન્ટ કંપની. |
| ૧૨ | ગુજરાત હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ. |
| ૧૩ | ગુજરાત સિધ્ધિ સીમેન્ટ કંપની. |
| ૧૪ | કામદાર સીમેન્ટ કંપની. |
| ૧૫ | સોરાષ્ટ્ર સીમેન્ટ લીમીટેડ. |
| ૧૬ | એચ.એમ.પી. સીમેન્ટ કંપની. |
| ૧૭ | ગુજરાત હિમાલીયા સીમેન્ટ કંપની. |
| ૧૮ | સરદાર સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. |
| ૧૯ | કાંગારૂ સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. |
| ૨૦ | સુવિન સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. |
| ૨૧ | ગાયત્રી સીમેન્ટ એન્ડ કેમીકલ. |
| ૨૨ | જ્યુપીટર સીમેન્ટ કંપની |
| ૨૩ | જે. કે. સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ |

(૨) કેટલા રૂપિયાનો વેચાણવેરો બાકી છે, અને

(૨) કુલ રૂા. ૨૬૪૧૭.૯૪ લાખ.

(૩) સરકારે આના માટે શાં પગલાં લીધાં?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા /ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

-----------

## મોટી સિમેન્ટ ફેક્ટરીઓ પાસેથી વસુલ લેવાનો બાકી વેચાણ વેરો

૬૪૩૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યની મોટી સિમેન્ટ ફેક્ટરીઓ પાસે કેટલો વેચાણવેરો વસુલવાનો બાકી છે,

(૧) કુલ રૂા. ૨૬૪૧૭.૯૪ લાખ

(૨) આ વસુલાત ક્યારથી બાકી છે, અને

(૨) સામેલ પત્રક મુજબ

**પત્રક**

| ક્રમ | સીમેન્ટ કંપનીનું નામ | વસુલાત ક્યારથી બાકી છે |
|---|---|---|
| ૧ | લક્ષ્મી સીમેન્ટ. | ૩૧-૩-૨૦૦૮ |
| ૨ | બાલારામ સીમેન્ટ. | ૩૧-૩-૨૦૦૩ |
| ૩ | રાધાકિશન સીમેન્ટ. | ૧૦-૮-૧૯૯૦ |
| ૪ | હનુમાન સીમેન્ટ પ્રા. લીમીટેડ | ૩૧-૩-૨૦૦૫ |
| ૫ | સોમાની સીમેન્ટ કંપની. | ૧૩-૯-૧૯૯૭ |
| ૬ | મહાકાળી સિમેન્ટ. | ૮-૩-૨૦૦૧ |
| ૭ | પંચમહાલ સીમેન્ટ કંપની લીમીટેડ. | ૧૨-૩-૧૯૯૭ |
| ૮ | સેવાલીયા સીમેન્ટ વર્કસ. | ૫-૮-૧૯૯૫ |
| ૯ | વી.કી. સીમેન્ટ પ્રા. લીમીટેડ. | ૧૬-૪-૨૦૦૩ |
| ૧૦ | અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ. | -- |
| ૧૧ | ગજ અંબુજા સીમેન્ટ કંપની. | -- |
| ૧૨ | ગુજરાત હાઈટેક ઈન્ડસ્ટ્રીઝ. | ૧૨-૧-૨૦૦૪ |
| ૧૩ | ગુજરાત સિધ્ધિ સીમેન્ટ કંપની. | સને ૧૯૯૩-૯૪થી |
| ૧૪ | કામદાર સીમેન્ટ કંપની. | ૨૬-૧૦-૧૯૯૦ |
| ૧૫ | સોરાષ્ટ્ર સીમેન્ટ લીમીટેડ. | સને ૧૯૯૭-૯૮થી |
| ૧૬ | એચ.એમ.પી. સીમેન્ટ કંપની. | ૩૧-૩-૨૦૦૩ |
| ૧૭ | ગુજરાત હિમાલીયા સીમેન્ટ કંપની. | ૨૨-૭-૨૦૦૪ |
| ૧૮ | સરદાર સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. | ૨૪-૫-૨૦૦૪ |
| ૧૯ | કાંગારૂ સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. | ૨૦-૩-૨૦૦૮ |
| ૨૦ | સુવિન સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ. | ૨૭-૪-૨૦૦૫ |
| ૨૧ | ગાયત્રી સીમેન્ટ એન્ડ કેમીકલ. | ૫-૫-૧૯૯૦ |
| ૨૨ | જ્યુપીટર સીમેન્ટ કંપની | ૧૨-૬-૧૯૯૭ |
| ૨૩ | જે. કે. સીમેન્ટ પ્રાઈવેટ લીમીટેડ | ૩૧-૭-૧૯૯૧ |

- અનુક્રમ નં. ૧૦માં દર્શાવેલ અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડના કેસમાં બાકી રકમ વિલંબિત કર ચૂકવણીની છે. જે ૨૦૧૧થી ભરવાની થાય છે.

- અનુક્રમ નં. ૧૧માં દર્શાવેલ ગજઅંબુજા સીમેન્ટ કંપનીના કેસમાં બાકી રકમ વિલંબિત કર ચુકવણીની છે. દર વર્ષે નિયમિત હપ્તા ભરે છે.

(૩) તે વસુલવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા /ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

------------

**માંગરોળ અને પોરબંદર તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ વસાહત**

૪૮૬૨ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંગરોળ અને પોરબંદર તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) માંગરોળ તાલુકામાં ૩ (ત્રણ) તથા પોરબંદર તાલુકામાં ૭ (સાત) વસાહત મંજૂર કરવામાં આવી.

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૨) આ માટે રૂા. ૭૩.૦૦ લાખનો ખર્ચ થયેલ છે અને ૨૪૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

------------

**વેરાવળ અને માળીયા તાલુકામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળની વસાહત અંગે**

૪૮૫૯ **શ્રી રાજસિંહ જોટવા (સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેરાવળ અને માળીયા તાલુકામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી, અને

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વેરાવળ તાલુકામાં ૩ (ત્રણ) તથા માળીયા તાલુકામાં ૫ (પાંચ) વસાહત મંજૂર કરવામાં આવી.

(૨) આ માટે રૂા. ૪૦.૭૦ લાખનો ખર્ચ થયેલ છે. અને ૧૩૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

--------------

**વડોદરા જિલ્લામાં પેન્શનના પડતર કેસો**

૪૮૨૬ **શ્રી ધીરૂભાઈ ભીલ (નસવાડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના પેન્શન તિજોરી ક્ચેરીમાં કેસો કેટલા સમયથી પડતરમાં છે, અને

(૨) આવા કેસોનો સત્વરે નિકાલ લાવવા અને નિવૃત્ત કર્મચારીઓને સત્વરે લાભ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) (અ) ૧૪૭ કેસ

(બ)

| પડતરનો સમયગાળો | કેસની સંખ્યા |
|---|---|
| ૧ માસ સુધીના.................... | ૦૪ |
| ૧ માસથી ૩ માસ સુધીના....... | ૭૯ |
| ૩ માસથી ૬ માસ સુધીના....... | ૪૩ |
| ૬ માસથી ૧૨ માસ સુધીના..... | ૧૬ |
| ૧૨ માસથી ઉપરના.............. | ૦૫ |
| | ૧૪૭ |

(૨) પેન્શનર જરૂરી દસ્તાવેજો સહિત તિજોરી અધિકારી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત થયે, પેન્શનનું ચૂકવણું કરવાનું રહે છે.

--------------

**ભાવનગર જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ**

૬૧૩૫ **ર્ડા. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ છેલ્લા બે વર્ષ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કેટલી રકમ વપરાયેલ છે, અને

(૩) કેટલી રકમ વણ વપરાયેલ રહેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે છેલ્લા બે વર્ષ ૨૦૦૭-૦૮,
રૂા. ૩,૧૪,૦૦૦/-અને ૨૦૦૮-૦૯
રૂા. ૩,૫૯,૦૦૦/- મળી કુલ રૂા. ૬,૭૩,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૨૦૦૭-૦૮ માં રૂા. ૨,૮૭,૫૧૦/- અને ૨૦૦૮-૦૯ માં રૂા. ૩,૫૫,૦૦૦/- મળી કુલ રૂા. ૬,૪૨,૫૧૦/- ની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૨૬,૪૯૦/- અને ૨૦૦૮-૦૯ માં રૂા. ૪,૦૦૦/- મળી કુલ રૂા. ૩૦,૪૯૦/- ની રકમ બચત રહેવા પામેલ છે.

--------------

**ખેડા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ સહાયની રકમ અંગે**

૫૧૯૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સને ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે કેટલી રકમ કેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી, અને

(૧)

| વર્ષ | બક્ષીપંચના વિદ્યાર્થીઓની સંખ્યા | ચુકવવામાં આવેલ રકમ (રૂા.) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૩,૯૮,૭૪૫ | ૫,૯૮,૧૧,૭૫૦ |
| ૨૦૦૭-૦૮ | ૨,૨૧,૨૩૮ | ૩,૩૧,૮૫,૭૦૦ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ સુધી) | ૨,૧૮,૩૦૯ | ૩,૨૭,૪૬,૩૫૦ |

(૨) ગણવેશની જગ્યાએ રાજ્ય સરકાર રોકડમાં સહાય આપવાની યોજના દાખલ કરેલ છે કેમ ?

(૨) હા, જી.

-------------

**અનુસૂચિત જાતિઓની બેકલોગની ખાલી જગાઓ**

૬૩૯૪ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિઓની બેકલોગની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧)

| | |
|---|---|
| વર્ગ-૧ | ૧ |
| વર્ગ-૨ | ૪ |
| વર્ગ-૩ | ૧૪૩ |
| વર્ગ-૪ | ૪ |
| કુલ : | ૧૫૨ |

(૨) બેકલોગની આ જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

-------------

**આંકલાવ તાલુકામાં ટ્રેઝરી કચેરી શરૂ કરવા કરેલ આયોજન**

૬૭૫૧ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં આંકલાવ તાલુકામાં ટ્રેઝરી કચેરી નથી તે હકીકત સાચી છે, અને

(૧) હા.

(૨) જો હા, તો આંકલાવ તાલુકામાં નવી ટ્રેઝરી કચેરી ખોલવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) હાલમાં કોઈ આયોજન નથી.

-------------

**ખેડા અને આણંદ જિલ્લામાં નવીન આશ્રમ શાળાઓ અંગે**

૬૭૯૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૧-૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવીન આશ્રમ શાળાઓ અને છાત્રાલયો આપ્યા,

(૨) હવે ચાલુ સાલે આ સંખ્યામાં કોઈ વધારો કરવા આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી સંખ્યા આ જિલ્લામાં વધારો કરવા આયોજન છે ?

**જવાબ**

(૧) અનુસૂચિત જાતિમાં એક પણ નહીં.
વિકસતી જાતિમાં ત્રણ છાત્રાલયો.

(૨) હાલ કોઈ આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**કેન્દ્રિય કરવેરા પેટે મળેલ હિસ્સો**

૪૯૪૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્રિય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ સુધી કેટલી રકમનો હિસ્સો મળ્યો ?

**જવાબ**

કેન્દ્રિય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં નીચે મુજબ રકમનો હિસ્સો મળેલ છે.

| વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૫૪૨૬.૦૯ |
| ૨૦૦૮-૦૯ (તા. ૩૧-૧૨-૦૮ સુધી) | ૪૧૦૭.૦૬ |

--------------

**અમદાવાદ શહેરના રાણીપ ખાતે ડૉ. બાબાસાહેબ ફાઉન્ડેશન ભવન પાછળ કરેલ ખર્ચ**

૪૭૬૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં અમદાવાદ શહેરના રાણીપ ખાતે ડૉ. બાબાસાહેબ ફાઉન્ડેશન ભવનનો ઉદ્દઘાટન કાર્યક્રમ ક્યારે યોજવામાં આવેલ,

(૨) તે ઉદ્દઘાટન પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ભવન તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ કાર્યરત છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૧૪-૪-૨૦૦૭ ના રોજ.

(૨) રૂા. ૧૫.૦૯ લાખ ખર્ચ થયેલ.

(૩) ના, જી.

--------------

**રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું**

૪૯૮૬ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી, અને

(૨) તેની સામે માથાદીઠ દેવું કેટલું છે ?

**જવાબ**

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહિ. આમ છતાં વર્ષ ૨૦૦૬-૦૭માં રાજ્યમાં માથાદીઠ આવક રૂા. ૩૭,૫૩૨ અંદાજવામાં આવી હતી.

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ માથાદીઠ દેવું રૂા. ૧૩૩૭૧.૧૬ છે.

**રાજકોટ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૬૪૩૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) તે પૈકીના ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૩૯૨૭.

(૨) ૭૫૬૯.

--------------

**ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ**

૬૧૩૬ **ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનાં કુલ કેટલા લાભાર્થીઓને તાલુકાદીઠ છેલ્લા બે વર્ષમાં લાભ આપેલ છે, અને

(૨) આ યોજના હેઠળ નવી કેટલી વસાહત ઊભી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | ભાવનગર | ૪૧૭ |
| (૨) | શિહોર | ૬૬ |
| (૩) | મહુવા | ૧૭૮ |
| (૪) | તળાજા | ૫૭ |
| (૫) | ગારીયાધાર | ૪૯ |
| (૬) | વલ્લભીપુર | ૪૮ |
| (૭) | ઉમરાળા | ૪૯ |
| (૮) | ગઢડા | ૭૪ |
| (૯) | બોટાદ | ૭૨ |
| (૧૦) | પાલીતાણા | ૨૯ |
| (૧૧) | ઘોઘા | ૦૦ |
| | કુલ : | ૧૦૩૯ |

(૨) એક પણ નહીં.

--------------

**ખેડા જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૫૨૦૦ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સન ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૦૮ સુધીમાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | સા. શે. પ. વ. | | અનુસૂચિત જાતિ | |
|---|---|---|---|---|
| વર્ષ | સંસ્થા | યુગલ | સંસ્થા | યુગલ |
| ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ (૩૧-૧૨-૦૮) સુધી આવેલ અરજીઓ | ૧ | ૧૧ | ૨ | ૨૦ |

(૨)

| સા. શે. પ. વ. | | | | અનુસૂચિત જાતિ | | | |
|---|---|---|---|---|---|---|---|
| મંજૂર કરેલ અરજીઓ | | નામંજૂર કરેલ અરજીઓ | | મંજૂર કરેલ અરજીઓ | | નામંજૂર કરેલ અરજીઓ | |
| સંસ્થા | યુગલ | સંસ્થા | યુગલ | સંસ્થા | યુગલ | સંસ્થા | યુગલ |
| ૧ | ૧૦ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૧૭ |

## દાહોદ જિલ્લામાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે વ્યક્તિગત મકાન સહાય યોજનામાં મંજુર કરેલ અરજીઓ

૬૩૯૫ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષમાં બક્ષીપંચ જાતિના ગરીબો માટે વ્યક્તિગત મકાન સહાય યોજના હેઠળ તાલુકાવાર કુલ કેટલી માંગણીઓ આવેલ હતી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | ફતેપુરા | ૩૦ |
| (૨) | ઝાલોદ | ૭૪ |
| (૩) | દાહોદ | ૨૬ |
| (૪) | લીમખેડા | ૩૩૫ |
| (૫) | દેવગઢ બારીયા | ૨૮૬ |
| (૬) | ધાનપુર | ૫૦ |
| (૭) | ગરબાડા | - |
| | **કુલ :** | **૮૦૧** |

(૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | ફતેપુરા | ૧૯ |
| (૨) | ઝાલોદ | ૪૫ |
| (૩) | દાહોદ | ૧૬ |
| (૪) | લીમખેડા | ૨૨૧ |
| (૫) | દેવગઢ બારીયા | ૧૪૦ |
| (૬) | ધાનપુર | ૩૬ |
| (૭) | ગરબાડા | - |
| | **કુલ :** | **૪૭૭** |

-------------

## સિરામિક ફેક્ટરીઓમાં મજૂરીની સામે પૂરું વળતર ચૂકવવા અંગે

૬૭૯૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૨-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, મહેસાણા અને અમદાવાદની સિરામિક ફેક્ટરીઓમાં મજૂરી પ્રમાણેનું વળતર બરાબર ચૂકવાય છે કે કેમ, તે બાબતની તપાસો કઈ કઈ તારીખે ક્યા ક્યા વર્ષમાં કરવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૧-૨-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સાબરકાંઠા, મહેસાણા અને અમદાવાદની સિરામિક ફેક્ટરીઓમાં મજૂરી પ્રમાણેનું વળતર ચૂકવવા અંગેની તારીખવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમાંક | જિલ્લો | સમયગાળો | તારીખો |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ફેબ્રુઆરી-૦૬થી જાન્યુઆરી-૦૭ | ૧-૨-૦૬, ૨૮-૨-૦૬, ૧૭-૩-૦૬, ૧૫-૫-૦૬, ૧૨-૬-૦૬, ૧૩-૧૨-૦૬ |
| | | ફેબ્રુઆરી-૦૭થી જાન્યુઆરી-૦૮ | ૧-૩-૦૭, ૧૧-૭-૦૭, ૮-૧-૦૮ |
| | | ફેબ્રુઆરી-૦૮થી જાન્યુઆરી-૦૯ | ૩૧-૩-૦૮, ૨-૪-૦૮, ૨૨-૪-૦૮, ૨૩-૪-૦૮, ૩-૫-૦૮, ૨૧-૫-૦૮, ૨૫-૭-૦૮, ૧૪-૧૧-૦૮, ૯-૧-૦૯ |
| ૨ | મહેસાણા | ફેબ્રુઆરી-૦૬થી જાન્યુઆરી-૦૭ | ૪-૨-૦૬, ૪-૩-૦૬, ૧૦-૩-૦૬, ૧૩-૪-૦૬, ૨૭-૪-૦૬, ૧૭-૫-૦૬, ૨૬-૮-૦૬ |
| | | ફેબ્રુઆરી-૦૭થી જાન્યુઆરી-૦૮ | ૫-૧-૦૭, ૮-૨-૦૭, ૨૦-૪-૦૭, ૨૪-૫-૦૭, ૨-૮-૦૭, ૧૪-૧૨-૦૭ |
| | | ફેબ્રુઆરી-૦૮થી જાન્યુઆરી-૦૯ | ૬-૫-૦૮, ૨૨-૫-૦૮, ૧૯-૭-૦૮, ૭-૮-૦૮, ૧૭-૧૧-૦૮,૧૭-૧-૦૯, ૨૯-૧-૦૯ |
| ૩ | અમદાવાદ | ફેબ્રુઆરી-૦૬થી જાન્યુઆરી-૦૭ | ૧૦-૨-૦૬, ૧૪-૨-૦૬, ૨૧-૨-૦૬, ૨૪-૨-૦૬, ૨૮-૨-૦૬, ૭-૪-૦૬, ૧૩-૪-૦૬, ૧૪-૩-૦૬, ૧૭-૩-૦૬, ૨૨-૩-૦૬ |

| | | | |
|---|---|---|---|
| | | ફેબ્રુઆરી-૦૭થી જાન્યુઆરી-૦૮ | ૨-૩-૦૭, ૬-૩-૦૭, ૭-૩-૦૭, ૮-૩-૦૭, ૧૬-૫-૦૭, ૩૦-૫-૦૭ ૩૧-૫-૦૭, ૬-૭-૦૭, ૧૧-૭-૦૭, ૧૨-૭-૦૭, ૧૩-૭-૦૭, ૧૮-૭-૦૭, ૧૯-૭-૦૭, ૨૪-૭-૦૭, ૫-૧૦-૦૭ |
| | | ફેબ્રુઆરી-૦૮થી જાન્યુઆરી-૦૯ | ૧૫-૪-૦૮, ૧૬-૪-૦૮, ૨૦-૫-૦૮, ૨૧-૫-૦૮, ૨૭-૫-૦૮, ૨૮-૫-૦૮, ૩૦-૫-૦૮, ૩૧-૫-૦૮, ૩-૬-૦૮, ૪-૬-૦૮, ૧૧-૬-૦૮, ૮-૭-૦૮, ૨૪-૧૦-૦૮ |

(૨) આ તપાસોમાં કેટલા કેસ પકડાયા, અને

(૩) ફેક્ટરીઓના માલિક ઉપર આ બાબતે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

અને

(૩) આ તપાસ દરમિયાન મજૂરી પ્રમાણે વળતર ન ચૂકવાતું હોય તેવા સાબરકાંઠા જિલ્લામાં પાંચ કેસો પકડાયેલ છે. જેમાં ૧૩૦ શ્રમયોગીઓને સમજાવટથી તફાવતના રૂપિયા ૧,૦૯,૫૦૦/- ની રકમ ચૂકવડાવેલ છે. તેથી તેવા માલિકો સામે કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

# કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ -૪૪)

## ખેડૂતો અને રત્ન કલાકારોને પ્રોત્સાહિત કરવા બાબત

**શ્રી ૨૩૧/page>દિલીપ સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ - ૪૪ હેઠળ મારું નિવેદન રજૂ કરતાં પહેલાં એક ખેડૂત પરિવારના સભ્ય તરીકે અહીં આવ્યો છું. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું સમગ્ર ગુજરાતના ખેડૂતોવતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર માનવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ, આપશ્રીની અનુમતિથી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ અન્વયે, હું, ગુજરાતના ખેડૂતો અને રત્ન કલાકારોના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતો માટે, સહકારી બેંકો દ્વારા મળવાપાત્ર, ટૂંકી મુદતના પાક ધિરાણોને પ્રોત્સાહિત કરવા, રાજય સરકારે લીધેલા મહત્ત્વના નિર્ણયની જાહેરાત કરતું નિવેદન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાતના કિસાનોએ રાજય સરકારના કૃષિ વિકાસલક્ષી અભિગમ ઉપર સંપૂર્ણ ભરોસો મૂક્યો છે. ગુજરાતમાં ખેતીવાડીની આવક ૨૦૦૧-૦૨ના વર્ષમાં રૂ.૧૪૭૬૩ કરોડ હતી તે વધીને રૂ.૪૮૦૭૦ કરોડનો વિક્રમજનક આંક વટાવી ગઈ છે. ગુજરાતનો કૃષિ વિકાસ દર પણ ૧૪ ટકા જેટલો વિક્રમ સર્જક રહ્યો છે. દેશમાં ૧૦મી પંચવર્ષીય યોજનામાં કૃષિ વિકાસ દર માંડ અઢી ટકાએ પહોંચ્યો છે જ્યારે ગુજરાતના કૃષિ મહોત્સવ અને જળ સંચય જેવા ક્રાંતિકારી અભિયાનો માટે સમસ્ત કિસાન સમાજને પ્રેરિત કર્યો છે. જનભાગીદારીથી વૈજ્ઞાનિક ખેતી તેમજ જળસંગ્રહમાં ક્રાંતિકારી સિદ્ધિઓ મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કિસાનોને વધુ પ્રોત્સાહિત કરવા અને સહકારી બેંકો મારફતે ખેતીલક્ષી ટૂંકી મુદતનું ધિરાણ મેળવતા ખેડૂતોને મદદરૂપ થવા માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે મંદીના વિશ્વવ્યાપી માહોલમાં ગુજરાતનો હિરા ઉદ્યોગ અને રત્ન કલાકારોની આજીવિકા ઉપર વિપરીત અસર પડી છે. રત્ન કલાકારોના પરિવારો મહદ્‌અંશે, ગ્રામ્ય જીવન અને ખેતીવાડી સાથે સંકળાયેલા છે. જે ખેડૂતો રત્ન કલાકારોના વ્યવસાય સાથે જોડાયેલા છે તે ખેડૂતોને પણ કૃષિ વિષયક સહકારી ધિરાણમાં વધુ રાહત આપવા અમારી સરકાર ઉદાર અભિગમ ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભમાં મને જણાવતાં આનંદ થાય છે કે, સહકારી બેંકીંગના કૃષિ ધિરાણ માળખા પાસેથી ટૂંકી મુદતનું ખેતીલક્ષી ધિરાણ મેળવતા ખેડૂતોને માટે બે ટકાની વ્યાજ રાહત ( ઈન્ટરેસ્ટ સબવેન્શન) આપવાની અને આ ઉપરાંત, જે ખેડૂતો રત્ન કલાકારોના વ્યવસાય સાથે સંકળાયેલ પરિવારો છે તેમને વિશેષ મદદરૂપ થવા આ બે ટકાની વ્યાજ રાહત ઉપરાંત વધુ એક ટકાની એટલે કે, કુલ ૩ ટકાની વ્યાજ રાહત આપવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વ્યાપક હિતમાં રાજય સરકારે અપનાવેલા આ ઉદાત્ત અભિગમની ભૂમિકા હું આપવા ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કૃષિ વિષયક ટૂંકાગાળાનું ધિરાણ પૂરું પાડવા માટે રાજય સહકારી બેંક, ૧૮ મધ્યસ્થ સહકારી બેંકો તેમજ ૮૦૦૦ ઉપરાંતની ધિરાણ મંડળીઓનું વિસ્તૃત માળખું કાર્યરત છે. રાજયમાં કુલ લગભગ ૭૦ ટકા નાના અને સીમાંત ખેડૂતો સહકારી માળખા સાથે જોડાયેલા છે. રાજયના ૧૩ લાખ ઉપરાંતના

નાના, સીમાંત અને નબળા વર્ગના ખેડૂતો કૃષિ પાક ધિરાણ મેળવે છે. આ ધિરાણ મોટા ભાગની બેંકો દ્વારા હાલમાં ૧૦થી ૧૩ ટકાના વ્યાજના દરે પૂરું પાડવામાં આવે છે. જ્યારે કોમર્શીયલ બેંકો દ્વારા ૭ ટકાના દરે ધિરાણ અપાય છે. સહકારી બેંકોના આ વિસ્તૃત માળખા સાથે જોડાયેલા ખેડૂતોને પણ ૭ ટકાના દરથી ધિરાણ મળે તે હેતુથી નાબાર્ડ અને કેન્દ્ર સરકારની નીતિ મુજબ મળવાપાત્ર પુનઃધિરાણ અને વ્યાજ રાહત ઉપરાંત રાજય સરકારે આ વધારાનું પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે.

ટૂંકી મુદતનું ખેતીલક્ષી ધિરાણી પૂરું પાડતી આ સહકારી બેંકોને પ્રોત્સાહન પૂરું પાડવા રાજય સરકારે પોતાના ભંડોળમાંથી વધુ બે ટકા વ્યાજની રાહત આપવાનો નિર્ણય લીધો છે. જે જિલ્લા સહકારી બેન્કો સાત ટકાના દરે ખેડૂતોને ધીરાણ આપવાની નીતિનો નવા નાણાકીય વર્ષ ( ૨૦૦૯-૧૦) થી અમલ કરશે તેને આ બે ટકા વ્યાજ રાહતના ગુજરાત સરકારના નિર્ણયનો લાભ મળશે. આ ઉપરાંત હાલમાં મંદીના કારણે અસર પામેલા રત્ન કલાકારો કે જેમની પાસે જમીનનો નાનો ટુકડો છે અને તેના ઉપર પોતાનો નિર્વાહ ચલાવવા પોતાના વતનમાં પરત ફર્યા છે તેવા જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્કો પાસેથી ધીરાણ લેનાર રત્ન કલાકારોને ૬ ટકા વ્યાજના દરે ધીરાણ આપવાનો નિર્ણય લીધેલ છે. આવા કિસ્સામાં વધુ એક ટકાની વ્યાજ રાહત એટલે કે કુલ ત્રણ ટકા વ્યાજ રાહત રાજયના ભંડોળમાંથી મળવાપાત્ર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી બૅન્કોમાંથી ટૂંકી મુદતનું કૃષિ ધીરાણ મેળવતા રાજયના ૧૩ લાખથી વધારે લાભાર્થી ખેડૂતોને પ્રોત્સાહિત કરવાના આ સરકારના અભિગમને આ સભાગૃહનું સમર્થન મળી રહેશે એવો મને પૂરો વિશ્વાસ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે નાબાર્ડ અને કેન્દ્ર સરકારની નીતિ ખેડૂતોને સાત ટકા ધીરાણ મળે એના માટેની જે એક નક્કી થઈ હતી. ગયા વર્ષથી મહારાષ્ટ્ર સરકારે આનો લાભ ઉઠાવી લીધો. દેર આયે દુરસ્ત આયે, આપણે મોડા છીએ, ૨ ટકા આપણે આપીએ છીએ, નાબાર્ડ અને કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો થવાનો કે જેના કારણે ખેડૂતોને સાત ટકાએ મળી શકવાનું એક અને બીજું રત્નકલાકારોને આપણે ૬ ટકાએ આપવાની વાત કરીએ છીએ, જે પરિવાર સાથે જોડાયેલા હોય, પણ જે રીતે ઉદ્યોગકારો માટે આપણે નીતિ છે. રત્નકલાકાર ના મારા સૂચનને આપ આવકારી શકશો તો રત્નકલાકારોની ચિંતા આપણને બંને પક્ષે છે. એને મદદરૂપ થઈ શકાશે. બે પરિવાર નાની બે ઘંટી નાખે તો એ ઘંટી માટે કોઈ ધીરાણ આપણે આપીએ અને એ લાંબા ગાળાનું અને ઓછા વ્યાજે જે રીતે આપણે નેનો પ્રોજૅકટને આપ્યું એવા આશયથી એવું કોઈ પૅકૅજ આપણે રત્નકલાકારોને આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, નાબાર્ડ અને કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના જ્યારે શરૂ થઈ ત્યારે શરૂઆતમાં રીફાઈનાન્સ ૪૦ ટકા અને અઢી ટકાના વ્યાજના દરથી રાજય સહકારી બૅન્ક મારફત જિલ્લા મધ્યસ્થ સહકારી સુધી આપવામાં આવતુ હતું ક્રમશઃ નાબાર્ડે રીફાઈનાન્સ એમનું ઘટાડીને આજે ૩૫ટકા આપે છે. એમની બે આકરી શરતો હતી, મીનીમમ ૪૦ ટકા જિલ્લા બૅન્ક એના પોતાના ભંડોળમાંથી ફાઈનાન્સ કરે ૨૫ ટકા સ્ટેટ કોઑપરેટીવ બૅન્ક ફાઈનાન્સ કરે અને ૩૫ ટકા નાબાર્ડ. જો રાજય સરકારી બૅન્ક કે જિલ્લા બૅન્કની પોતાની સ્થિતિ પોતાના રીફાઈનાન્સમાંથી કરવાની ના હોય તો એ કરી ના શકે અને એના કારણે શરૂઆતમાં આખા રાજયમાં માત્ર ચાર બૅન્કો જ આ યોજનાનો લાભ ખેડૂતો માટે મેળવી શક્યા. વચ્ચે ૮ બૅન્ક થઈ અને ખોટ જતા પાછી ૬ બૅન્કો થઈ એટલે રાજયની ૧૮ બૅન્કો પૈકી માત્ર ૬ બૅન્કો જ આ લાભ મેળવી શકે છે. વધુ મેળવી શકતા નથી અને અગાઉ પણ રાજય સરકારે એક પ્રયાસ કર્યો હતો કે આ ૨ ટકા આપીએ તો એના માધ્યમમાં રાજય સરકારી બૅન્ક માધ્યમથી જ આજે નોડલ એજન્સી રાજય સરકારી બૅન્ક રાખવામાં આવી છે. અને ત્યારે મુખ્ય આગેવાનો સાથે રાજય સરકારે ચર્ચા કરીને રાજય સરકારે પોતાનું વહિવટી ચાર્જ હેન્ડલીંગ ચાર્જ કોઈ પ્રકારનો ન લે તો બાકી ખેડૂતો સુધી ૭ ટકાના દરથી આ યોજના પહોંચાડી શકાય પરંતુ અગાઉ રાજય સહકારી બૅન્કના પદાધીકારીઓની ચર્ચામાં એ નિષ્ફળતા સાંપડી, એમણે સહકાર ન આપ્યો, અને હવે જ્યારે રાજય સહકારી બૅન્કમાં પરિવર્તન થશે હું અભિનંદન આપીશ એ રાજય સહકારી બૅન્કોના વહીવટકર્તાઓને એમના પ્રમુખને એમણે કોઈપણ જાતનો ચાર્જ લીધા વીના રાજય સરકાર જે આપશે એ છેક ખેડૂતો સુધી પહોંચાડવા માટે એમણે સહમતિ આપી. એટલે આ યોજનાનો અમલ કરવામાં સરળતા રહી. ૨૦૦૬-૦૭માં ૧૬.૨૭ કરોડ એટલે ૯૫ ટકા અત્યારે લાભ મળી શકે છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૯.૦૪ અને રાજ્ય સરકાર આ વખતે ૫૫ કરોડ જેવો અંદાજ કરીને આ યોજના લાવી છે.

# ઉદ્યોગ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ અંતર્ગત વિવિધ સ્કીમો જાહેર કરવા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : રાજ્ય સરકારે તાજેતરમાં નવી ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ પ્રસિદ્ધ કરેલ છે. ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત લાંબા સમયથી પ્રથમ હરોળમાં સ્થાન ભોગવે છે. હાલની વૈશ્વિક મંદીની અસર રાજ્યના ઉદ્યોગોને ઓછી થાય તે માટે અનેકવિધ પગલાં આવશ્યક છે. સાથોસાથ વિશ્વના અન્ય દેશોમાં મંદીને કારણે ઊભી થયેલ પરિસ્થિતિને અનુલક્ષીને સાતત્યપૂર્ણ ઔદ્યોગિક વિકાસ, ઔદ્યોગિક શાંતિ અને સ્થિરતા શોધતા રોકાણકારો માટે ગુજરાત રોકાણનું ઉત્તમ કેન્દ્ર બની શકે, તેવી અત્યારે અપ્રતિમ તક છે. બીજા શબ્દોમાં કહીએ તો વૈશ્વિક મંદીની મુશ્કેલીને તકમાં ફેરવવા માટેનો આ સમય છે. તાજેતરમાં જાન્યુઆરીમાં જાહેર થયેલ નવી ઔદ્યોગિક નીતિમાં આ મુદ્દાને અનુલક્ષીને અનેક નવતર યોજનાઓ અને ઔદ્યોગિક વિકાસ માટે અસરકારક પગલાનો નિર્દેશ કરવામાં આવેલ છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ ૨૦૦૯માં ખૂબ સારો પ્રતિસાદ સાંપડેલ છે. આ તમામ યોજનાઓ અને પગલાંઓ સરકારના હુકમો બાદ અમલી બની શકે તેમ છે. આ કારણે ઔદ્યોગિક નીતિ અન્વયેના વિવિધ ક્ષેત્ર પૈકી સરકારે હાલ પ્રસિદ્ધ કરવા ધારેલ ઠરાવો નીચે મુજબ છે.

૧. Scheme of assistance to Micro Small and Medium Enterprises (MSME)
૨. Scheme of assistance to Gems & Jesellery sector.
૩. Scheme of assistance to Textile & Apparel sector.
૪. Scheme for Enhancement of Technical Competence and Manpower.
૫. Scheme for improving Industrial Infrastructure.

જે ઠરાવો પ્રસિદ્ધ કરવા ધારેલ છે તેની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

(૧) Scheme of assistance to Micro Small and Medium Enterprises (MSME)

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની ધૂરા સમાન લઘુ અને મધ્યમ ઉદ્યોગોમાં રોજગારીની વિપુલ તકો છે. તા. ૨-૧૦-૨૦૦૬થી MSME એક્ટ અમલમાં આવ્યા બાદ તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધી ૨૬૯૦૦થી વધુ એકમો નોંધાયા છે. MSME માં હાલ ૩,૪૦,૦૦૦ એકમો છે. જેમાં ૧૫ લાખ કરતાં વધુ રોજગારી અપાય છે. નવી ઔદ્યોગિક નીતિ અન્વયે નવા ઉદ્યોગો સ્થાપવા, ટૅક્નૉલૉજી અપગ્રેડેશન અને વિસ્તૃતીકરણ કરતા એકમો માટે નવું મૂડીરોકાણ કરવા ઈચ્છતા એકમોને વ્યાજ સહાય મળશે. માઈક્રો-લઘુ એકમોની ગુણવત્તા સુધારવા માટે, સંશોધન અને વિકાસ કેન્દ્રો માટે, પેટન્ટ મેળવવા માટે, ઉર્જા અને જળસંચય ઑડિટ માટે સહાય, આપવાનું આયોજન છે. માર્કેટ ડૅવલપમેન્ટ સપોર્ટ તેમજ કામદારોના કૌશલ્ય વધારવા માટેના તાલીમ કાર્યક્રમોમાં કામદારોને મોકલવા માટે સહાય આપવામાં આવશે. લઘુ ઉદ્યોગોને માંદગીમાંથી બહાર કાઢી પુનઃજીવિત કરવા માટે પણ યોજના દ ડવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ સારી કામગીરી કરતા એકમોને એવોર્ડ આપવાની યોજના પણ છે.

(૨) Scheme of assistance to Gems & Jesellery sector.

ગુજરાત દેશભરમાં હીરા ઉદ્યોગના ક્ષેત્રે પ્રથમ હરોળમાં છે. સમગ્ર દેશના ૮૦ ટકા હીરા ગુજરાતમાં પ્રોસેસ થાય છે. પોલીશ હીરા નિકાસ થવાથી મૂલ્યવૃદ્ધિની દ્રષ્ટિએ જોઈતો લાભ મળતો નથી. આ હીરા જો જ્વેલરીમાં પરિવર્તીત કરવામાં આવે તો મૂલ્યવૃદ્ધિ ઉપરાંત રોજગારલક્ષી વિકાસ પણ શક્ય થાય. આ બાબતને ધ્યાનમાં રાખી જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે સુઆયોજીત પ્રયાસો કરવા અત્યંત જરૂરી છે. તે માટે જ્વેલરી પાર્ક સ્થાપવા અંગે સરકાર મદદ આપશે. ગુણવત્તા ઉપર પ્રાધાન્ય આપવાના અભિગમથી હોલ્માર્ક સર્ટિફિકેશન અને ટેસ્ટીંગ સેન્ટર સ્થાપવા માટે નાણાકીય સહાય આપવાનું આયોજન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા કામદારો વૈશ્વિક બજારોમાં કૌશલ્યમાં સ્પર્ધાત્મક રહે તે હેતુથી તેઓનું કૌશલ્ય વધારવાના હેતુથી તાલીમ સંસ્થાઓ સ્થાપવાનું આયોજન છે. આ ઉદ્યોગ ક્ષેત્રે વધુ નવા એકમો પ્રવેશે તે માટે ઉત્તેજન આપવાના હેતુથી ઉદાર વ્યાજ સહાય આપવામાં આવશે. સુરત ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી પાર્કને એસ.ઈ.ઝેડના ડૅવલપમેન્ટ માટે ઓથોરિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે તથા તેને આનુષાંગિક કામગીરી પ્રગતિ હેઠળ છે. આ પ્રકારના અન્ય એસ.ઈ.ઝેડ રાજ્યમાં ઊભા થાય તે આવકારદાયક છે.

(૩) Scheme of assistance to Textile & Apparel sector.

નવી ઔદ્યોગિક નીતિ અન્વયે ટેક્સટાઈલ ક્ષેત્રે સ્પીનીંગ, નિટીંગ, વિવિંગ અને ટૅક્નીકલ ટૅક્સટાઈલના વિકાસને અગત્યતા આપવામાં આવી છે. આ માટે અદ્યતન મશીનરી ખરીદવા વ્યાજ સહાય આપવામાં આવશે. ટૅક્સટાઈલ અને એપેરલ પાર્ક જનભાગીદારીથી સ્થાપવાનું આયોજન છે

અને તે માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉદ્યોગના કામદારોના કૌશલ્યમાં અપગ્રેડેશન માટે એપેરલ તાલીમનું પણ આયોજન છે. મહત્ત્વની બાબત એ છે કે, રાજ્યની યોજનાઓ હેઠળની સહાય કેન્દ્રિય યોજના નીચે મળતી સહાય ઉપરાંતની રહેશે.

૪. Scheme for Enhancement of Technical Competence and Manpower

રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં, મુખ્યત્વે તકનિકી શિક્ષણ આપતી સંસ્થાઓમાં જે અભ્યાસક્રમો હાલ પ્રવર્તમાન છે તેમાં ઉદ્યોગોની આવશ્યકતાને ધ્યાને લઈ ઉચિત ફેરફારો કરવામાં આવશે. મોટા એકમોની જરૂરિયાત અનુસારના નાના અભ્યાસક્રમો, હાલની તકનિકી શિક્ષણ આપતી સંસ્થાઓમાં દાખલ કરવામાં આવશે. સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન, ઔદ્યોગિક કલ્સ્ટરો, ઔદ્યોગિક પાર્ક વગેરે, જ્યાં બહોળા પ્રમાણમાં ઔદ્યોગિક એકમો સ્થાઈ થયેલ હોય ત્યાં. આઈ.ટી.આઈ. કે પોલિટેકનીક કોલેજોનાં જરૂરિયાત મુજબના એકસટેન્શન સેન્ટર ખોલવામાં આવશે. જેના પરિણામે ઉદ્યોગોની માંગણી અને જરૂરિયાત મુજબનું કૌશલ્ય ધરાવતું તકનિકી માનવ સંશાધન બળ પ્રાપ્ત થશે. તકનિકી શિક્ષણ સંસ્થાઓમાં તૈયાર થતાં યુવાનો અને યુવતીઓની રોજગારી માટેની લાયકાતમાં પરિણામે વધારો થશે. તાલીમની ગુણવત્તા સુધારવા આઈ.ટી.આઈ., આઈ.આઈ.એમ. તથા અગ્રગણ્ય તાલીમી સંસ્થાઓની મદદ લેવામાં આવશે.

૫. Scheme for improving Industrial infrastructure

રાજ્યના વિકાસમાં આંતર માળખાકીય સુવિધાઓને ઉત્તેજન આપવું અત્યંત જરૂરી છે. રાજ્ય સરકારના પ્રયાસોને કારણે વાઈબ્રન્ટ સમીટમાં તેના સારા પરિણામો મળ્યા છે. અનુભવે જણાયું છે કે તેનાથી ઔદ્યોગિક, આર્થિક અને તે રીતે સર્વાંગી વિકાસને અસર પહોંચે છે. આ સંજોગોમાં રાજ્ય સરકાર, નાના ખાનગી કલ્સ્ટરો, ઔદ્યોગિક વસાહતો વિગેરેને ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના દ્વારા સહાયભૂત થવા ઈચ્છે છે. ઔદ્યોગિક પાર્ક માટે વાયબલીટી ગેપ ફંડીંગ યોજના હેઠળ સરકાર નાણાકીય સહાય પૂરી પાડશે.

ઉપરોકત ઠરાવો અમલી બનતા તકનિકી માવન સંશાધન અને આંતર માળખાકીય સુવિધાઓ સાધ્ય બનશે સાથો સાથ નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ અનેકવિધ રીતે લાભ મળતાં રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ અનેકગણો ઝડપી અને સુદૃઢ બનશે અને તે દ્વારા આર્થિક/સામાજિક વિકાસ પણ સંપન્ન થશે અને લોકોને રોજગારીની વધુ તક મળશે તે બાબતથી ગૃહને વાકેફ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પાંચે પાંચ જી.આર. આજે બહાર નીકળી જશે.

**અધ્યક્ષશ્રી** : પહેલા તો આપનું નિવેદન અને બાકીના જી.આર. શ્રી શકિતસિંહજી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગુ છું કે રાજ્યમાં આપણે સૌ ચિંતિત છીએ. આ મંદીના માહોલ વચ્ચે રાજ્યના નાના લઘુ ઉદ્યોગ ટકી રહે એના માટે આવા સમયમાં જે આપણે વિદ્યુત પૂરી પાડીએ છીએ એના ઉપર રાજ્ય સરકારની ઈલેકટ્રીક ડ્યૂટી લાગે છે. મંદીના માહોલ પરથી આ રાજ્ય સરકાર ઈલેકટ્રીક ડ્યૂટી માફ કરવાની કોઈ જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા પાંચ વર્ષમાં ઈલેકટ્રીસિટી ડ્યૂટી ધીમે ધીમે ઘટાડતી ગઈ છે. પણ સભ્યશ્રીએ જે વાત કરી છે એ એમની જોડે સંમત છું. ઈલેકટ્રીક ડયુટી દ્વારા વીજળીના ભાવ વધતા નથી. આજની તારીખમાં. કમનસીબે ઘણાં નિર્ણયો જે કેન્દ્રએ લીધા છે અને છેલ્લા ૩ મહિનામાં લીધા છે. દા.ત. કોલસાના ભાવની અંદર બારમાં મહિનામાં, એટલે ડિસેમ્બર મહિનામાં ખાલી ૧૪૦ નંબરનું નોટિફિકેશન ૧૫૦માં બદલ્યું એના કારણે સાત પૈસા યુનિટના ભાવમાં વધારો પડી ગયો અને રેલવે ફ્રેઈટમાં અને એ જ પ્રમાણે પહેલી જાન્યુઆરીએ પેટ્રોનેટ એલ.એન.જી. એટલે કેન્દ્ર સરકારની કંપની એણે જે ગેસમાં ભાવ વધારો કર્યો એ ૩૭ ટકા વધારો કર્યો. આ બધુ ભારણ પડે છે એટલે વીજળીના ભાવ વધારે વધે છે. રાજ્ય સરકારનું ૧૪૦ પૈસા જે ફયુઅલ સરચાર્જ આવ્યું છે ૧૪૦ પૈસા આવ્યું છે અને આવતા દિવસોમાં વધતું જાય છે. ઈલેકટ્રીસિટી ડયુટીના પ્રમાણમાં ફયુઅલ સરચાર્જનું પ્રમાણ ઘણું વધારે છે અને ફયુઅલ સરચાર્જ જે આવ્યો છે એ માત્ર અને માત્ર કેન્દ્રના કારણે આવ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય અવલોકનો કર્યા વગર મારો પ્રશ્ન એટલો જ હતો કે આપ ૫૨ યુનિટ ભાવ લો છો, આપ ફયુઅલ ચાર્જીસ લો છો કમસેકમ રાજ્ય સરકારની ઈલેકટ્રીસિટી ડયુટી માફ કરવા માગો છો? આટલો જ સવાલ છે. રાજકીય અવલોકનો વગર આટલો જવાબ આપવો હોય તો આપો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની અંદર જો સંપૂર્ણપણે ઈલેકટ્રીસિટી માફ કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને બીજું રિફોર્મ ઈલેકટ્રીસિટી ડ્યૂટીમાં ચાલુ છે દિવસે દિવસે ધીમે ધીમે હવે ઈલેકટ્રીસિટી ડયુટીનું પ્રમાણ ઘટાડતા જઈએ છીએ એટલે દર વર્ષે કાંઈકને કાંઈ આ પ્રમાણે આગળ વધતા ગયા છીએ. સભ્યશ્રીનું સૂચન છે, સ્વીકારીએ.

# શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન, નિયમ-૪૪

**ઈજનેરી અને પોલીટેકનીક કૉલેજો પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપના ધોરણે શરૂ કરવા અંગે.**

**શ્રી રમણલાલ વોરા (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરકારી ૧૪ ઈજનેરી કૉલેજો અને ૯ પોલીટેકનિક કૉલેજો શરૂ કરવા કાર્યવાહી હાથ ધરાયેલ છે. ગુજરાતમાં હાલમાં તાંત્રિક શિક્ષણ સાથે કાર્યરત સ્વનિર્ભર કૉલેજો તથા સ્વનિર્ભર યુનિવર્સિટીઓની કામગીરી ઘણી જ સારી રહેલ છે અને વિદ્યાર્થી જગતમાં પણ આવી કૉલેજોની ગુણવત્તાની સારી છાપ ઊભી થઈ છે. હજુ પણ આવી સ્વનિર્ભર સંસ્થાઓ ગુજરાતમાં કાર્યરત થાય તે જરૂરી છે. જેથી આગામી વર્ષોમાં ગુજરાતના વિદ્યાર્થીઓને તેમના મનપસંદ તાંત્રિક શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મળી શકે અને જરૂરિયાત મુજબની સીટો પણ ઓલ ઈન્ડિયા ટેકનિકલ કાઉન્સિલ પાસેથી મેળવી શકાય. પરંતુ સ્વનિર્ભર કૉલેજોમાં અભ્યાસ કરવા માટે ભરવી પડતી ફી બધા જ વિદ્યાર્થીઓને પરવડી ન શકે આ બાબતને ધ્યાને લઈ સરકાર તરફથી હવે પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપનો અભિગમ અપનાવવા નક્કી થયેલ છે. રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે જે ઈજનેરી કૉલેજો અને પોલીટેકનિક કૉલેજો શરૂ કરવા માટે નક્કી કરેલ હતું તેને પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપના ધોરણે સેમી ફાયનાન્સ સંસ્થા તરીકે આ કૉલેજો શરૂ કરવા નિર્ણય કરેલ છે.

પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશીપ હેઠળ જે ૧૪ નવી ડિગ્રી કૉલેજો અને ૯ પોલીટેકનિક શરૂ કરવામાં આવનાર છે તેના માટે નીચે મુજબનો અભિગમ અપનાવવામાં આવનાર છે.

૧. આવી કૉલેજો ઊભી કરવા માટે અનુભવ ધરાવતી ખાનગી સંસ્થાઓ/ કંપનીઓ પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવશે.

૨. રાજય સરકાર તરફથી ઈજનેરી અને પોલીટેકનિક કૉલેજો માટે જે જમીન પસંદ કરવામાં આવેલ છે તે જમીન જે તે સંસ્થાને રૂા.૧/-ના ટોકન ભાડાથી ૩૦ વર્ષ માટે આપવામાં આવશે.

૩. ઈજનેરી કૉલેજો માટે સરકાર તરફથી સંસ્થા દ્વારા કરવામાં આવેલ કુલ મૂડી ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૧૦ કરોડ બેમાંથી જે ઓછી રકમ હોય તે ફાળા પેટે આપવામાં આવશે.

૪. પોલીટેકનિક કૉલેજો માટે સરકાર તરફથી સંસ્થાને કરેલ કુલ મૂડી ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૫ કરોડ બે માંથી જે ઓછી રકમ હોય તે રાજય સરકારના ફાળા તરીકે આપવામાં આવશે.

૫. કૉલેજો શરૂ થતાં રિકરીંગ ખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો રહેશે તેમજ શૈક્ષણિક અને વહિવટી મહેકમ નિયમાનુસાર જે તે સંસ્થાએ ભરવાનું રહેશે તે માટે રાજય સરકાર કોઈ ખર્ચ આપશે નહીં.

આ સેમી ફીનાન્સ કૉલેજોને સરકારે આપેલ મદદને ધ્યાને લઈ તેમાં ફીના દરો વાજબી રીતે નક્કી કરવામાં આવશે જેથી મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ આમાં સહેલાઈથી ભણી શકે.

ઉપરોક્ત કૉલેજો પૈકી ૧૪ ડિગ્રી કૉલેજો માટે અને ૫ પોલીટેકનિક માટે સરકારશ્રીએ જમીન નક્કી પણ કરી દીધી છે જેથી ખાનગી સંસ્થાઓને પસંદ કરી ટૂંક સમયમાં કામ શરૂ થઈ શકશે.

# આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**શ્રી જયનારાણભાઈ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં મોડાસા અને આજુબાજુના ગામોમાં હિપેટાઈટીસ-બીના ૧૬૫ દર્દીઓ અને ૪૯ મરણ નોંધાયેલ છે. હિપેટાઈટીસ-બી વાયરસના ચેપની મુખ્ય અસર લીવર ઉપર થાય છે. જેમાં દર્દીને તાવ, પેટનો દુઃખાવો, ઊલટી-ઊબકા, ભૂખ ન લાગવી, અશકિત, પેશાબ પીળો થવો જેવા લક્ષણો જોવા મળે છે. સદર રોગ જે વ્યકિતને અસુરક્ષિત ઇન્જેકશન લેવાથી, અસુરક્ષિત લોહીની બૉટલ ચઢાવવાથી, અસુરક્ષિત લોહીના સંપર્કમાં આવવાથી, અસુરક્ષિત યૌન સંબંધથી અને ક્યારેક જ સગર્ભા માતાથી નવજાત શિશુને તેમજ ચેપી વ્યકિતના રેઝર, બ્લેડ, ટૂથબ્રશ તથા દંત ચિકિત્સકના ત્યાં અસુરક્ષિત રીતે દંત સર્જરી કે કોઈ ઓપરેશન દરમિયાન પણ યુનિવર્સલ સ્ટરીલાઈઝેશનની પદ્ધિત અપનાવવામાં ન આવી હોય તો તે ચેપ ફેલાય છે.

સદર રોગચાળાની જાણ સ્થાનિક કક્ષાએ બ્લૉક હેલ્થ ઑફિસરની કચેરીમાં તા.૧૦/૨/૦૯ના રોજ દર્દીના સગા-સંબંધી દ્વારા કરવામાં આવેલ હતી. બી.એચ.ઓ. કચેરી મોડાસા સદર બનાવની અગત્યતાને ધ્યાને લઈને તાત્કાલિક મોડાસા તાલુકામાં સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું.

રોગની વ્યાપકતા અને ગંભીરતાને ધ્યાને લઈ રાજય સરકારે સ્ટેટ રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા હૉસ્પિટલોમાં દાખલ થયેલ દર્દીઓની સ્થળ તપાસ કરી પરિસ્થિતિની સમીક્ષા તેમજ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

કેન્દ્ર સરકારશ્રી તરફથી તથા એન.આઈ.વી, એન.આઈ.સી.ડી., આઈ.ડી.એસ.પી.. એઈમ્સ જેવી રાષ્ટ્રીય સંસ્થાઓના તજજ્ઞોની ટીમો એ પણ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેઓએ કરેલ સૂચનો મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. તજજ્ઞોની સલાહ મુજબ જનજાગૃતિ માટે ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવ્યા છે અને રોગના ટ્રાન્સમીશનના કારણોની જાણકારી આપવામાં આવે છે અને તે માટે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું. તેવી જ રીતે મોડાસા અને તેની આજુબાજુના ગામોમાં તબીબી અધિકારીશ્રીની દેખરેખ હેઠળ તા:૨૪-૨-૦૯ સુધી ૭૦૭૬૪ વ્યકિતઓને રસીકરણથી આવરી લેવામાં આવેલ છે. હીપેટાઈટીસ-બી સામે વિશ્વમાં આટલા મોટા પાયે થયેલા આ પ્રકારનું આ પ્રથમ રસીકરણ અભિયાન છે. તેની સાથેસાથે મોડાસા તેમજ આજુબાજુના ગામો જેવા કે ભચાડીયા, સારસીયા, મહેદેવ ગામ, ગોખરવા, ભરુરા, જેતપુર, શહેરા, માથાશુરીયા, કંપા અને કેડી, વગેરે ગામોમાં પણ સમાંતર સર્વેક્ષણની કામગીરી મૅડિકલ ટીમો દ્વારા ચાલુ કરવામાં આવેલ. અત્યાર સુધીમાં ૭૭૨ ગામોનો ૨૨૮ ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો જેમાં ૫૩૮૧૩૨ વ્યકિતઓની મુલાકાત લઈ સર્વે હાથ ધરવામાં આવ્યો. તે પૈકી શંકાસ્પદ જણાયેલ ૭૭ વ્યકિતઓ તેમજ દર્દીઓના કુટુંબીજનોનું અને તે વિસ્તારમાં સેવા આપનાર તબીબો અને તેમજ મૅડિકલ સ્ટાફ સહિત ૪૫૦ હાઈરીસ્ક વ્યકિતઓના બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે અને બી.જે. મૅડિકલ કૉલેજમાં આ નમૂનાઓની તપાસ કરી જે કેસોમાં હીપેટાઈટીસ-બીનો ચેપ જણાયો છે તેમને પ્રોટોકોલ પ્રમાણેની સારવાર આપવામાં આવી રહેલ છે. તે જ પ્રમાણે બી.જે. મૅડિકલ કૉલેજ અને મોડાસાની સાર્વજનિક હૉસ્પિટલોમાં અલાયદા વૉર્ડની વ્યવસ્થા કરી આવા કેસોની સઘન સારવાર વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.

આ ઉપરાંત સરકારશ્રી દ્વારા ૧૦ ટીમોની રચના કરી જુદા-જુદા ખાનગી પ્રેકટીશનરોની મુલાકાત લઈ તબીબી સારવારની નિષ્કાળજી દાખવનાર ૧૦ ખાનગી પ્રેકટીશનરોની સામે પોલીસમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી અને એક ખાનગી ક્લિનિકને સીલ કરવામાં આવેલ છે.

ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ત્યાંના લોકલ મૅડિકલ સ્ટોર્સ, ખાનગી દવાખાનાઓમાંથી સીરીંજ નીડલ, ઈન્જેકશનો તેમજ ગ્લુકોઝના બાટલાના ૧૮ સેમ્પલ લઈ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવેલ છે.

આમ, ઉપરની સમગ્ર વિગતો જોતાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી(પૂણે), નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિકેબલ ડિસિઝ (ન્યુ દિલ્હી) તથા ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સ (ન્યુ દિલ્હી)ના તજજ્ઞો કે જેઓએ રોગચાળાનો અભ્યાસ કર્યો છે. તેઓના અહેવાલોમાં આ રોગ ફેલાવા માટેના વિવિધ કારણોમાંનું એક કારણ મોડાસા વિસ્તારમાં ખાનગી પ્રેકટિસનર દ્વારા ઉપયોગમાં લેવાયેલ અસલામત ઈન્જેકશન છે. આ પ્રકારની પરિસ્થિતિ માનવસર્જીત ભૂલ/ બેદરકારીના કારણે ઉદ્‌ભવી રહી છે. આમ થતું રોકવા માટે ખાસ પ્રકારના કાયદાનું નિયંત્રણ લાવી અસલામત ઈન્જેકશન પ્રૅક્ટિસ રોકવી જરૂરી છે.

**આ સંજોગોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડનાર ખાસ કરીને ખાનગી ક્ષેત્રની વ્યકિતઓ દ્વારા થતું વર્તન નિયંત્રિત તેમજ દર્દીને અપાતી સારવારને સંપૂર્ણપણે સલામત બનાવે તે હેતુથી કાયદાની જોગવાઈઓ સાથે રાજય સરકારે ગુજરાત જાહેર આરોગ્ય અધિનિયમ વહેલી તકે અમલમાં લાવવાનો સૈદ્ધાંતિક નિર્ણય લીધેલ છે.**

અધિનિયમ હેઠળ આરોગ્ય સેવા પૂરી પાડનારે ફરજિયાત નોંધણી કરાવવાની જોગવાઈ કરવામાં આવશે. આરોગ્યને લગતી પ્રમોટીવ, પ્રિવેન્ટીવ, કયુરેટીવ અથવા રીહેબીલીટેટીવના હેતુ માટે પ્રવૃત્તિ કરતા કોઈપણ વ્યકિત કે જાહેર/ખાનગી સંસ્થાએ ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે. વ્યકિત કે સંસ્થા પાસે આરોગ્ય વિષયક સેવાઓ માટે કુશળ માનવબળ અને સાધનો હોવા જોઈએ અને સરકારશ્રી દ્વારા તેની ગુણવત્તા તથા નિભાવણી અંગે જે ધારાધોરણ નક્કી થશે દવાઓની સગવડો અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની રહેશે. આ અંગે સરકારશ્રી ધારાધોરણ નક્કી કરશે. આ નોંધણી સમયાંતરે તાજી કરાવવાની રહેશે.

આ અધિનિયમ હેઠળ આરોગ્ય વિષયક તબીબી સેવા પૂરી પાડનારે તેના એકમ માટે જે પ્રકારની સેવા પૂરી પાડનાર છે તે ધ્યાને લઈ માળખાકીય સગવડ અને કામગીરીના લઘુત્તમ ધોરણો જાળવવાના રહેશે. આ માટે જે સેવાઓ પૂરી પાડી હશે તેનો રૅકૉર્ડ નિભાવવાનો રહેશે. આ સેવાઓ પૂરી પાડવા માટે સંબંધિત વ્યકિત/સંસ્થાએ દર્દીઓ માટેની પૂરતી સલામતી અને આરોગ્ય સંભાળવાની ગુણવત્તા જાળવવા માટેના લઘુત્તમ આવશ્યક સાધનો પણ વસાવવાના રહેશે.

આ અધિનિયમની જોગવાઈઓના મોનીટરીંગ માટે ગ્રામ્ય કક્ષા/તાલુકા કક્ષા/ જિલ્લા કક્ષા તેમજ રાજયકક્ષાએ સમિતિ/બોર્ડની રચના કરવામાં આવશે અને આવી સમિતિ/બોર્ડમાં સરકારના સભ્યો ઉપરાંત તબીબીની સંસ્થા જેવી કે ઇન્ડિયન મૅડિકલ એસોસિએશન વગેરેના પ્રતિનિધિઓ, જે તે કક્ષાની સમિતિનાં કાર્યક્ષેત્રના ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, મહિલા મંડળ/સ્વસહાય જુથ, સહકારી મંડળી, વિગેરેના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે.

**આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનો ભંગ થશે તો નાણાકીય દંડની તથા ફોજદારી કાર્યવાહી કરવાની શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવશે.**

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સાથે કહેવું છે કે આ પ્રકારનો કાયદો લાવનાર ગુજરાત એ દેશનું પ્રથમ રાજ્ય છે. કોઈપણ રાજ્યમાં આ પ્રકારના નિયંત્રણો અથવા આ પ્રકારના કાયદા અસ્તિત્વમાં નથી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અત્યારે વૅક્સિન આપવાનું ચાલુ કર્યુ છે. હવે વેકિસનમાં જે દર્દીઓને ઈન્ક્યુબેશન પિરિયડમાં વાયરસીસ હોય છે, એને પણ વેકિસન અપાય છે તો એના માટે કોઈ ચૅકિંગ કરી પછી વૅક્સિન આપવામાં આવે છે એવી કોઈ જોગવાઈ છે. જે દર્દીઓ મરી ગયા છે તેમને વળતર આપવાની કોઈ વ્યવસ્થા કરી છે કે કેમ? અને અત્યારે ત્યાં મૅડિકલ પ્રેક્ટિશનરો છે, જે ડિગ્રી વગરના ઘણા બધા છે એના માટે તમે શું જોગવાઈ કરી છે? એમને કોઈ એમનું લાયસન્સ છે કે કેમ એ ચેક કરવાનું અને એને દૂર કરવાનું કોઈ પ્લાનિંગ છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ લોહીમાં હિપેટાઈટીસ-બી નું વાયરસ જ્યારે સુષુપ્ત અવસ્થામાં હોય ત્યારે એને વિન્ડો પિરિયેડમાં છે એમ કહેવામાં આવે છે. વિન્ડો પિરિયેડમાં વાયરસ હોય ત્યારે એને શોધવા માટેનું એક માત્ર ઈલરેટિવ ટેસ્ટ ન્યુક્લિક એસિડ ટેસ્ટ છે એ સિવાય જે ડૉક્ટરો લોહી પરિક્ષણ કરતા હોય છે, તે વાયરસ લોહીમાં દાખલ થયા પછી એના એન્ટી બોડીઝ પેદા થાય છે એ ઉપરથી કરતા હોય છે.એન્ટી બોડીઝ જ્યાં સુધી પેદા ન થાય ત્યાં સુધી વાયરસ સુષુપ્ત અવસ્થામાં હોય, વિન્ડો પિરિયેડમાં હોય ત્યાં સુધી એનું પરિક્ષણ કરી શકાતું નથી અને એટલા માટે માનનીય સભ્યશ્રીની ચિંતા સકારણ છે, પણ એ આજની તારીખમાં એ રીતે એની ચકાસણી કરી અને પછી રસી આપવાનું શકય નથી. મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે આ રસી આપવા માટેની સલાહ આપવામાં આવી છે, તે સલાહ જે ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજી છે, તેના નિષ્ણાંતોએ કહ્યું છે કે આ જે વાયરસ છે, તેને સંપૂર્ણપણે કાબૂમાં લાવવાનું અથવા રસીથી તાત્કાલિક રસીની અસર પણ ૯૦ દિવસે થાય છે, એટલે તાત્કાલિક કાબૂમાં લાવવાનું શકય નથી. આમ છતા રસી આપવાના કારણે આ રસીમાં જીનેટિકલી મોડિફાઈડ છે, એટલે કોઈ જીવાણુ હોતા નથી. રસી આપવાના કારણે કોઈ નુકસાન થતું નથી અને ૯૦ દિવસ પછી એને કવરેજ મળતું થાય છે, એ ધ્યાનમાં રાખીને અમને ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજીએ જે સલાહ આપી તે પ્રમાણે અમે સામૂહિક રસીકરણ કરવાનો અભિયાન હાથમાં લીધું અને બે દિવસમાં ૭૦,૦૦૦ જેટલા લોકોને રસી આપી છે. ત્યારપછી માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું કે જે લોકો આ રોગનો ભોગ બન્યા છે તેમના માટે વળતર આપવાનું વિચારે છે કે કેમ? તો જે સારવાર આપવાની સંપૂર્ણ વ્યવસ્થા રાજય સરકારે કોઈપણ પ્રકારનો ખર્ચ દર્દીને માથે ન આવે તે પ્રમાણે કરી છે. મોડાસા ખાતે તાત્કાલિક અસરથી બે વેન્ટીલેટર, એલીઝા ટેસ્ટિંગ મશીન, ચાર ૧૦૮ ની સેવાઓ ૨૪ કલાક કાર્યરત રહે તે રીતે એની વ્યવસ્થા કરી છે. અત્યારે હાલના તબક્કે કોઈ વળતર આપવાની બાબત સરકારની વિચારણામાં નથી.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત રાજય મહિલા આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભાગૃહમાં પત્રિકા ફેકનારાઓને પાસ માટે ભલામણ કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે તા. ૨૬-૨-૨૦૦૯ના રોજ ૬ વ્યક્તિઓએ સભાગૃહની પ્રેક્ષક ગેલેરીમાં સૂત્રોચ્ચાર કરી પત્રિકાઓ ફેંકવાનો પ્રયત્ન કર્યો હતો. સભાગૃહની બેઠકની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ અને સભાગૃહનું અવમાન કરવા બદલ આ ૬ વ્યક્તિઓને તે દિવસે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી સાર્જન્ટની કસ્ટડીમાં રાખવાનો આદેશ મેં આપ્યો હતો. આ બનાવ બન્યો ત્યારે મેં ઉક્ત વ્યકિતઓને જે માનનીય સભ્યશ્રીઓએ પાસ આપવાની ભલામણ કરી હતી તેના નામ સભાગૃહમાં જાહેર કરવાનું જણાવેલ હતું. આ બાબતમાં તપાસ કરતાં આ કુલ ૬ વ્યક્તિઓ પૈકી ૫ વ્યક્તિઓને માનનીય સભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયાએ અને એક વ્યકિતને માનનીય સભ્યશ્રી કિરણકુમાર મકવાણાએ પાસ આપવા ભલામણ કરેલ છે. આ બંને સભ્યશ્રીઓ પાસે મેં ખુલાસો માગેલ છે. વધુમાં જણાવવાનું કે પ્રવર્તમાન સંજોગો જોતાં અને વિધાનસભાગૃહની આંતરિક સલામતીને જોતાં પણ આ સભાગૃહમાં પ્રવેશ માટે ભલામણ કરતાં પહેલાં માનનીય સભ્યશ્રીઓ વિશેષ

કાળજી રાખે. બને ત્યાં સુધી પોતાના મત વિસ્તારના અને જેમને ઓળખતા હોય તેવી જ વ્યકિતઓને પાસ આપે અને પોતે નૈતિક જવાબદારી સ્વીકારી તો આવા બનાવોનું પુનરાવર્તન ન થાય અને તે નિવારી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બંને તરફથી સભ્યશ્રીઓની જે ચિંતા રહેવાની. ભૂતકાળમાં આવા અનેક બનાવો બન્યા છે. પત્રિકાઓ ફેંકાવવી, સૂત્રોચ્ચાર, કૂદીને ગેલેરીમાંથી નીચે કૂદવા સુધીના બનાવો બન્યા છે. સભ્યશ્રીઓ માટે આ અત્યંત મુશ્કેલ કામ હોય છે કે આવનારી વ્યકિત ગેલેરીમાં કેમ વર્તન કરશે તે સભ્યશ્રીના હાથમાં નથી હોતું. એટલા માટે મને લાગે છે ભૂતકાળની જે પરંપરા છે તે યોગ્ય છે. કે સભ્યશ્રીઓની ઉપર પ્રેસર મૂકવાનું ઉચિત નથી. તેના બદલે આપે સજા કરી જ છે. કાલે આખો દિવસ બેસાડયા છે. આ વાતને અહીં પૂરી કરીને સભ્યશ્રીઓ ઉપર પ્રેસર જે લાવવામાં આવે છે તે મને લાગે છે કે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી મારી વાત સાથે સંમત થશે. અમારા માટે મુશ્કેલી છે કે કોઈપણ વિસ્તારનો વ્યકિત હોય તે અંદર આવીને શું વર્તન કરવાનો છે તેના ઉપર સભ્યનો કોઈ કંટ્રોલ હોવાનો નથી. માનવ સહજ સ્વભાવ છે. સભ્યશ્રીઓ ઉપર આવું દબાણ પાર્લામેન્ટમાં નથી. આપણે ત્યાં ભૂતકાળમાં ન હતું. આવું દબાણ સભ્યશ્રીઓ ઉપર ન રહે તેવી નમ્ર વિનંતી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીની વાત સાચી છે કે તેની ચકાસણી કોઈરીતે શકય નથી હોતી અને શું કરે ખબર પણ ન હોય? પરંતુ આપે જે કહયું તે પણ એટલી જ વ્યાજબી વાત છે કે દરેક સભ્યશ્રીએ સહેજ ટંટોરવાની પધ્ધતિ તો આપણે રાખવી પડશે નહીં તો શિસ્ત રાખવી અને ગૃહનું સંચાલન કરવું મુશ્કેલ બનશે અને ભૂતકાળની સારી વાત હોય તો ચોકકસ તેનું અનુસરણ કરાય પરંતુ કૂદીને આવવાનું ફરી કરે એ તો મને વ્યાજબી નથી લાગતું. આમાં સભ્યશ્રીઓ એટલી જાગૃતતા રાખે તેવી આપની ટકોર અમારા બધા માટે વ્યાજબી જ છે અને મુશ્કેલી હોય છતાં પણ સહેજ જાગૃતતા રાખીને બધા જો ધ્યાન રાખીએ તો આવી ઘટનાઓ ટાળી શકીશું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે કહયું અને આપે જે અવલોકનો કર્યા, ભૂતકાળમાં માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે કહયું કે કૂદીને અંદર આવતા હતા તેની સામે આ જોગવાઈઓ કરી છે અને આ બધી વ્યવસ્થા તે પછીની વ્યવસ્થા છે. એટલે માનનીય અધ્યક્ષશ્રીની આ ટકોર છે ત્યારે માનનીય વિપક્ષના નેતાશ્રીને આપના થકી કહેવા માગું છું કે વ્યાજબી છે કે જયારે પાસ આપવાની ભલામણ આપવામાં આવે ત્યારે થોડીક સાવધાની વર્તીએ તો સારું.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આપણે સૌ જો ચિંતા નહીં તો કરીએ પત્રિકા નાંખવાના બનાવની ઘટના સલામતીના પ્રશ્નો સુધી પહોંચે અને ન પહોંચે એટલા માટે અમે પણ કેટલીક કાળજી વિધાનસભા સચિવાલયે લીધી છે. સૌથી પહેલી કાળજી એ લેવામાં આવી છે કે આપના આપેલા પત્ર પછી અમે જે અંદરનો પ્રવેશ છે તેને ફોટો પ્રવેશપત્ર આપવાનું પહેલીવાર શરૂ કરવામાં આવ્યું છે. એટલે ગઈકાલે પકડાયા હતા તેના ફોટા સાથેનું પ્રવેશપત્ર હતું એટલે એક નવી વ્યવસ્થા, કોમ્પ્યુટરાઈઝ વ્યવસ્થા આખા દેશમાં પહેલીવાર ગુજરાત વિધાનસભાએ કરી છે કે વિધાનસભાની અંદર જે આવે તેને ફોટો પ્રવેશપત્ર આપવામાં આવે છે. બીજી વાત મેં તો માત્ર ધારાસભ્યશ્રીઓ કાળજી રાખે તે કહયું છે. કાળજી રાખવાની બાબતમાં પણ જો આપણે નિષ્કાળજી બતાવવાની વાત તરફ જઈશું તો તે સારું નહીં લાગે અને એટલા માટે મેં બહુ સ્પષ્ટ કહયું છે કે સભ્યશ્રીઓ સહી કરી આપતાં પહેલાં કાળજી રાખે અને જે બે સભ્યોએ આ પ્રવેશ પત્રમાં સહીઓ કરી છે તેને મેં વ્યકિતગતરીતે બોલાવ્યા છે. તે કોંગ્રેસ પક્ષના હોય કે ભારતીય જનતા પાર્ટીના હોય. તે અગત્યનું નથી. સભાગૃહમાં તે સભ્ય તરીકે છે. તેમને વ્યકિતગત બોલાવ્યા છે. શ્રી કિરણભાઈએ અને વલ્લભભાઈએ બંનેએ આવીને મારી પાસે દિલગીરી વ્યકત કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી,મારે એક ઔચિત્યભંગના મુદ્દો તરફ આપનું ધ્યાન દોરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : મારી પરવાનગી લીધી નથી, પરવાનગી લઈને પછી આવો. નેકસ્ટ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જનરલ છે.

**અધ્યક્ષશ્રી** : ગમે તે હોય, ઔચિત્યભંગના મુદ્દા ઉપર આપણી પ્રણાલિકા રહી છે કે ચેમ્બરમાં મળી પરવાનગી લઈ અને પછી આવવાનું. (અંતરાય) વિરામ પછી આપવા ચોકકસ તૈયાર છું, રીસૅસમાં મળીએ અને તમારી સાથે ચર્ચા કરીએ અને અત્યારે સાંભળ્યા પહેલાં હું ના પાડું એ પણ સારું નથી.

# વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો

### સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧

# ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિધેયક, ૨૦૦૯

**ગુજરાત રાજયમાં વિશાળ કદના મૂડીરોકાણ પ્રદેશો અને ઔદ્યોગિક વિસ્તારોની સ્થાપના, સંચાલન, નિયમન અને વ્યવસ્થાપન માટે અને વૈશ્વિક કક્ષાના આંતરમાળખા, ઉચ્ચ કક્ષાની નાગરિક સુખસુવિધાઓ, ઉત્કૃષ્ટતા કેન્દ્રો અને**

**સર્વાંગી નીતિ સંરચનાની સહાયથી તેમને આર્થિક પ્રવૃત્તિના વૈશ્વિક કેન્દ્રો તરીકે વિશેષ રૂપે વિકસાવવા માટે, અને તે હેતુસર સંસ્થાકીય માળખું ઉભું કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સન ૨૦૦૯નો વટહુકમ ક્રમાંક : ૧ સન ૨૦૦૯નો ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વટહુકમ નામંજૂર કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,• રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક : ૧- સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક : ૧- સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે અને વટહુકમની નામંજૂરી માટેનો પ્રસ્તાવ છે એના માટે ચર્ચા કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ લઈને આવ્યા છે, ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયક ૨૦૦૯, એના હાર્દ સાથે કોઈનો વિરોધ હોઈ શકે નહીં, દેશ અને રાજય આ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝનના નિર્માણથી વિકાસના એક નવા તબક્કામાં પહોંચવાનું છે પરંતુ એનો વટહુકમ લઈને આવવો પડે તાત્કાલિક ધોરણે અને જ્યારે આપણે ડૅમોક્રૅટિક વ્યવસ્થામાં છીએ ત્યારે જો એવી અરજન્સી હોત, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા બોલાવી અને આ વિષયની ખાસ ચર્ચા કરાવી શક્યા હોત પણ * (xxxxx) આટલી ઉતાવળ કરવાની જરૂર ન હતી. (અંતરાય) (xxxxx) શબ્દ એ અસંસદીય નથી.

**અધ્યક્ષશ્રી** : પણ (xxxxx) કહેવું એ યોગ્ય નથી લાગતું. સરકાર જે કરે છે એ કામ કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા:** માનનીય અધ્યક્ષશ્રી, એ અભિપ્રાયનો સવાલ છે. સરકારનો અભિપ્રાય અને મારો અભિપ્રાય જુદો થઈ શકે. (અંતરાય) માનનીય નીતિનભાઈ આપે સલાહ દેવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી વાત સવિનય સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી** :માનનીય અર્જૂનભાઈ, આપ જરા અધ્યક્ષના આદેશો જોઈ લેજોને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું સજેશન અને આપની લાગણી સ્વીકારું છું પણ હું સરકાર સાથે અસહમત છું એટલી જ વાત કરું છું કે એમાં વિધાનસભા છે અને મને સાહેબ એ દુ:ખ થાય છે કે, મારી અને આપશ્રીની ચર્ચા થતી હોય ત્યારે માનનીય નીતિનભાઈ બહુ પોતાની વિશેષ જ્ઞાનનો લાભ આપને અને મને બંનેને ના આપે તો સારું. મારી ગંભીરતા ભરી વાતની લીંક તૂટી જાય છે, મારી તકલીફ એ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ જતો હતો કે, આજે લાવ્યા એ વાજબી હતું પણ એના માટેનો વટહુકમ જરૂરી ન હતો પણ એમાં પણ એવું હતું કે દરેક વાતમાં પોત પોતાની રીતે ક્રેડીટ લેવાની વાત થાય છે. કરે કોઈક અને ખાતે આપણે ચડાવી દઈએ આ પ્રકારની મનોવૃત્તિ છે એ મનોવૃત્તિના ભાગ તરીકે આ વટહુકમ આવેલો એના કારણે આ વટહુકમ લઈ આવવાની જરૂર પડી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું બિલની ચર્ચા ઉપર આવીશ પણ આખરે તો આ બિલ લાવવાનો હેતુ પણ એ છે કે, સુનિયોજીત વિકાસ થાય રાજયનો અને દેશનો એના માટેનો છે. અત્યારે મંદીના માહોલમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ અને એના માટે દરેક સરકારો પ્રયાસો કરે છે અને મૂડી રોકાણ આવે અને વેપાર ઉદ્યોગ સચવાઈ રહે અને મૂડીનું જે ચક્કર છે એ એની ગતિથી ચાલતું રહે એના માટેના તમામ પ્રયાસો થાય છે, આજે પણ જે પ્રયાસો થયા ગઈ કાલે અને દેશની સંસદની અંદર જે જાહેરાતો થઈ એ ૩૨૫ કરોડ રૂપિયાની ડાયમન્ડ-જ્વેલરી અને ટૅક્સટાઈલ સેગમેન્ટનું પૅકેજ જાહેર થયું ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારશ્રીનું આપના મારફત એક વાત તરફ ધ્યાન દોરવાનું છે કે, ડાયમન્ડ જ્વેલરી અને ટૅક્સટાઈલનો દેશમાં જે કુલ ઉત્પાદન અને કુલ વેપાર ધંધો છે એમાં ૫૦ ટકા કરતાં વધારે હિસ્સો ગુજરાતનો છે અને એમાં સૌથી વધારે ફાયદો ગુજરાતને થવાનો છે. જે ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીઝ આજે ઓલમોસ્ટ બંધ પડેલી છે, જે જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝ આજે તકલીફમાં છે અને ટૅક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને આનાથી વેગ મળવાનું છે અને એમાં પણ સુરત જે આ ક્ષેત્રનું પાટનગર છે એ એક્સલન્ટ સીટી ઈન એક્સપોર્ટ તરીકે જાહેર થયું છે એને આપણે સૌએ આવકારવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મૂડી રોકાણ ક્ષેત્રમાં ગુજરાતે એણે હંમેશા ટ્રેન્ડ સેટ કર્યા છે એ

---

• વિધેયક તા. ૧૦ મી ફેબ્રુઆરી,૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આજનું નથી, અત્યારે વાત એવી થાય છે કે, આ સરકાર અને આ મુખ્યમંત્રી આવ્યા પછી વિકાસની ગતિ આગળ વધી છે. હું માત્ર આંકડાઓ આપીને આ વાત કરવા માગુ છું. અત્યારે એમ કહે છે કે, ગઈ પંચવર્ષીય યોજનાની અંદર આપણને ૧૦.૫ ટકાનો વિકાસ દર આપેલો એની સામે આપણે ૧૧ ટકા હાંસલ કર્યો છે. આ વખતે ૧૨ ટકા હાંસલ કરવાના છીએ પણ હું તો ૧૯૯૫ના આંકડા આપવા માગુ છું કે જ્યારે આ દેશનો વિકાસ દર માત્ર ૬ ટકા હતો અને એ ૬ ટકા વિકાસ દર હતો એ વખતે ૧૯૯૪-૯૫માં આ રાજયનો વિકાસ દર ૧૩. ૨ ટકા આવેલો છે. જ્યારે એનાથી અડધો આખા દેશનો વિકાસ દર હતો ત્યારે આજે તો આપણે દેશની લગોલગ ચાલીએ છીએ. વિકસિત રાજય હોવા છતાં આપણે વિકાસદરમાં ડબલ કરીને બતાવ્યું નથી જ્યારે એ વખતે તો ડબલ વિકાસ દર ચાલતો હતો. ૧૯૯૦ થી ૧૯૯૫ સુધીના પાંચ વર્ષનો જે વિકાસ દર હતો આપણો એ એવરેજ વિકાસ દર ૧૦.૧૩ ટકા હતો અને આખા રાષ્ટ્રનો વિકાસ દર એ વખતે માત્ર સાડા પાંચ ટકા હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦માં આ રાજયની રચના થઈ સૌને ચિંતા હતી એ વખતે કેમ કે એ વખતે મુંબઈ આ દેશની આર્થિક રાજધાની મહારાષ્ટ્રમાં ગયું અને એના કારણે ચિંતા હતી આપણી કે ઔદ્યોગિક વિકાસમાં અને આવકોમાં આપણું રાજય પાછળ પડી જશે. પણ ૨૦ વર્ષની આ રાજયની પ્રજાની મહેનતથી, જે તે સરકારોના તમામ લોકો, એક નાના કર્મચારીથી શરૂ કરીને અને મુખ્યમંત્રી સુધીના તમામ લોકોએ મહેનત કરી અને ૧૯૬૦માં આ રાજય ઔદ્યોગિક મૂડીરોકાણમાં આઠમાં નંબરનું રાજય હતું એ ૧૯૯૫ની અંદર આપણે પહેલા અને બીજા ક્રમે હરીફાઈ કરતા થઈ ગયા અને આ આજની હરીફાઈ નથી એનો પાયો ૧૯૬૦માં નંખાયો હતો અને આના પરિણામો ૧૯૯૫માં આવ્યા, પરંતુ અત્યારે એમ થાય છે કે, અમે જ બધું કરી દીધું છે, આટલા વર્ષના ગાળા ગયા, એ સમયે પાયો કેવો મજબૂત નંખાયો, કે અત્યારનું જે પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે એનું ૩૫ ટકા ઓગ્મન્ટેશન ૧૯૯૫થી ૨૦૦૦ની સાલમાં થયું, આજે આ સરકાર ઊર્જાના નામે વાતો કરે છે અને પાંચ વર્ષમાં ૫૫૦ મેગાવોટ વીજળીના ઉત્પાદનનો વધારો નથી કરી શક્યા, એ તો કેન્દ્ર સરકારને અભિનંદન આપીએ કે એમણે મુંદ્રાની અંદર ૪૦૦૦ મેગાવોટનું વીજળી મથક ટાટા પાવર્સ મારફતે ૧૬૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નાંખ્યું અને એમાં ૧૬૦૦ મેગાવોટની વીજળી ગુજરાતને મળવાની છે, આ દેશની અંદર ૪૯ ટકા પૅટ્રોલિયમ પ્રોડક્ટનું ઉત્પાદન માત્ર ગુજરાતમાં થાય છે, બોરિંગ કર્યુ અને તેલ આવી ગયું એવું નહોતું, એની પાછળ ખૂબ રીસર્ચ કર્યુ અને ખૂબ મહેનત કરી અને એના કારણે દેશનું જે ૪૯ ટકા પ્રોડક્શન ગુજરાતની અંદર થાય છે એનો હિસ્સો પણ, એનું શ્રેય પણ ૧૯૬૦થી શરૂ કરીને ૨૦૦૦ સુધી જે લોકોએ મહેનત કરી એમાં આપણે બહુ ઝાઝો વધારો કરી શક્યા નથી, પણ આ ૪૯ ટકાનું શ્રેય એ લોકોને જાય છે, અત્યારે એમ કહેવાય છે કે અમે બહુ મોટા પ્રોજૅક્ટ લઈ આવ્યા, નેનો પ્રોજૅક્ટ ૧૫૦૦ કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે આવેલ છે અને એનું આખા દેશમાં મોટા મોટા ફોટા સાથે છપાયું, ભલે આવે એની સામે વાંધો નથી પણ વિશ્વની જે શ્રેષ્ઠ રિફાઈનરી છે રિલાયન્સ અને એસ્સાર એની સ્થાપના જામનગરમાં થઈ એ વખતે કલ્પના નહોતી કોઈને, આજે સૌથી વધારેમાં વધારે રિફાઈનીંગ કેપેસીટી ધરાવતું રાજય જો બન્યું હોય તો એ પણ આ દેશના અને આ રાજયના એ ક્ષેત્રના નિષ્ણાતો અને જે તે વખતની સરકારના ફાળે જાય છે. ઘણા સેગમેન્ટ આપણે ભૂલી જઈએ છીએ, આ દેશનું ૯૦ ટકા સોડા એશનું ઉત્પાદન ગુજરાત રાજયમાં થાય છે અને તમામ પ્લાન્ટો એ આપણા વખતમાં બનેલા નથી, એ બધા જ ૧૯૯૦ની પહેલાં બનેલા છે, ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝ, એમાં પણ આ રાજય અગ્રિમ હરોળનું રાજય છે ૧૩ વર્ષ થયાં, ફાર્માસ્યુટિકલ એજ્યુકેશનમાં ભલે કંઈ ન કરી શક્યા હોય આપ, પણ ઇન્ડસ્ટ્રીની અંદર તો આપણે હંમેશા આગળ ચાલ્યા છીએ, આટલું બધું છે આપણે ત્યાં પણ નવા ઈમરજીંગ સૅકટર હતા એની અંદર આપણે આગળ લઈ આવી શક્યા હોત તો આ તો ટ્રેડીશનલ સૅકટર છે., ઈન્ફરમલ સૅકટર છે કોઈ નવું સૅકટર આવ્યું નથી અને એટલા માટે આ રાજયના ૯૩ ટકા વર્ક ફૉર્સ છે  એ કોઈ ઈનોવેટીવમાં નહિ પણ ઈન્ફૉરમલ સૅકટરમાં કામ કરે છે. આમાં તો થયું એમ કે એમાંથી રાજયને આવક પણ મળી, સોશીયોલોજી અને હેલ્થ સૅકટરની અંદર આ આવક વાપરી હોત તો ગઈકાલે જેની ચિંતા થતી હતી, એ હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્સમાં આપણે સૌથી આગળ રહ્યા હોત, પણ આ રાજયની કમનસીબી છે કે આપણે ૨૦૦૩માં હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્સની અંદર પાંચમા સ્થાને હતા એ પછી છઠ્ઠા સ્થાને ગયા છીએ. હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્સની અંદર કેરાલા પહેલાં નંબરનું રાજય છે. પંજાબ બીજા નંબરનું રાજય છે.

પંજાબ બીજા નંબરનું, તામિલનાડું ત્રીજા નંબરનું, મહારાષ્ટ્ર ચોથા નંબરનું, કર્ણાટકા પાંચમા નંબરનું અને ગુજરાત છઠ્ઠા નંબરનું રાજય છે. હમણાં સર્વે થયો જેમ ઉદ્યોગોની બેલેન્સીટની ચિંતા કરીએ પણ ગરીબ માણસના પેટની ચિંતા કરવી જોઈતી હતી. રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનાની અંદર આખા દેશમાં જે રોજી મળે છે તેના કરતાં અડધી રોજી ગુજરાતમાં મળે છે. જ્યાં સુધી આપણા નિયમ પ્રમાણે રોજી આપવાની હતી ૬૦ રૂપિયા આપી. કેન્દ્ર સરકારે કહ્યું કે હવે ૧૦૦ રૂપિયાથી નીચી આખા દેશમાં કયાંય નહીં આપવાની તેના પછી આપણે ૧૦૦ રૂપિયા કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, જે investment climate ની જે વાત કરી ઈન્વેસ્ટમેન્ટ કલાયમેટની તો બીજા કોઈએ સર્વે કરીને નથી આપ્યો પણ આ રાજયના ૨૦૦૫ના વાયબ્રન્ટ ગુજરાત સમીત ૨૦૦૫ના જે આપણાં રાજયના કન્સલ્ટન્ટ હતા તે ૨૦૦૫માં એમ કહ્યું કે investment climate માં ગુજરાત પાંચમા નંબરનું રાજય છે. પહેલાં ક્રમમાં કેરાલા, બીજા ક્રમમાં મહારાષ્ટ્ર, ત્રીજા ક્રમમાં તામિલનાડું, ,ચોથા ક્રમમાં કર્ણાટકા અને પાંચમામાં

ગુજરાત. આ મારા આંકડા નથી રાજય સરકારના જે સલાહકાર હતા જે વૈશ્વિક કક્ષાની કન્સલ્ટીંગ એજન્સી છે તેમણે એમ કહ્યું કે પાંચમા નંબરનું છે. અને તેમણે એમ કહ્યું કે ગુજરાતની અંદર જે work force છે ટ્રેનિંગના અભાવે બી ગ્રેડની છે. તેની સામે માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬માં એશિયન ડેવલપમેન્ટ બેંકે એમ કહ્યું તેના સર્વેની અંદર કે ગુજરાત છે તે investment climate ની અંદર બીજા નંબરનું રાજય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડા છે તે મારા નથી રાજય સરકારને સલાહ આપનારી સંસ્થાઓના છે. આ સ્થિતિ અત્યારની બનેલી છે અને તેમાં મારે એટલું જ કહેવાનું છે કે અત્યારે ગુજરાત છે તે સ્થાન જાળવવા માટે મથામણ કરતું રહે છે Centre for Monitoring Indian Economy તેના આંકડાઓ એમ કહે છે કે ગુજરાત વર્ષમાં કોઈક વખત પ્રથમ સ્થાને આવે છે. કોઈક વખત બીજા સ્થાને આવે છે. કોઈક કવાર્ટરની અંદર ત્રીજા સ્થાને આવે છે. પણ જે ASSOCHEM નામની સંસ્થા છે આખા મોટા ઉદ્યોગ ગૃહોની તેણે કહ્યું અને એવો ચોંકાવનારો રિપોર્ટ આપ્યો કે મૂડી રોકાણ આકર્ષવામાં ગુજરાતનો દેશના ટોચના પાંચ રાજયો પછી સ્થાન છે. અને વધુ રોકાણ આકર્ષનારા જે ટોચના પાંચ રાજયો છે તેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર અને કર્ણાટક તેની આગળના રાજયો છે તેમાં મહારાષ્ટ્ર ૬૯૬૮૬ કરોડ, પશ્ચિમ બંગાળ ૬૦૪૯૮ કરોડ, ઓરિસ્સા ૫૨૯૯૭ કરોડ, તામિલનાડું ૨૩૪૧૩ કરોડ અને જારખંડ ૧૮૭૮૩ કરોડ સાથે આપણાંથી આગળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તો traditional sector ની વાત થઈ. એ સેકટરો એવાં છે કે જે વધુમાં વધુ પોલ્યુશન આપે છે આને hazardous ઉદ્યોગો પણ ગણી શકાય. પણ જે નવો emerging trend હતો તેમાં ગુજરાત કયાં છે. તે emerging trend એવો હતો માનનીય અધ્યક્ષશ્રી, કે આજે કર્ણાટકા, આંધ્રપ્રદેશ ઈવન તામિલનાડું, મહારાષ્ટ્ર, મુંબઈ અને પૂના, દિલ્હી, ગુરગાંવ આ I.T. sector ની અંદર આ વિશ્વના હબ બની શક્યા અને ગુજરાત એક થી દશ રાજયોમાં કયાંય તેમનું સ્થાન નથી. સત્યમ નામની કંપનીને અહીંયા જમીન આપી દીધી તે જમીનની અંદર મારા મિત્રોને કહેવું છે કોઈક દિવસ જોવા જજો. આઈ.ટી.માટે એવા લોકોને જમીનો આપી કે જે માત્ર બિલ્ડરો હતા ડી.એલ.એફ., રહેજા અને તેની સામે આપણો જે આઈ.ટી.પાર્ક છે તેનો જે ૧૫ ટકા સ્પેસ છે તે ૧૫ ટકા સ્પેસ utilization નથી થયો અને હવે ફરી પાછું લઈ લેવું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે આપનું પ્રવચન ચાલુ રહે છે.

**( વિ રા મ ૧૦-૩૦ થી ૧૧-૦૦ )**

**સભાપતિશ્રી શ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું આપના મારફતે ધ્યાન દોરવું છે અને આપનું પણ ધ્યાન દોરવું છે કે માનનીય અર્જુનભાઈએ ઘણુબધુ બિલ ઉપર કહ્યું અને બિલના બીજા બધા વિષયો પણ એમણે હાથ ઉપર લીધા છે, જે બિલની બહાર છે. એટલે મારે જવાબ આપવાનો સમય આવે ત્યારે એ વિષયનો જવાબ આપવાનો પણ મારો અધિકાર રહે.

**સભાપતિશ્રી:** હા. પૂરતો સમય મળે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ મૂડીરોકાણ ઉપર જ બોલ્યો છું. વિષય બહાર કદાચ આપને દેખાતું હશે, પણ..

**શ્રી સૌરભ પટેલ** : બિલની બહાર જ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપને તો એવું છે સૌરભભાઈ કે બિલ ઉપર બોલે તે પણ બિલની બહાર જ ગણાય. (અંતરાય) નારણકાકા, નાના લોકોની વાતમાં મોટા લોકોએ નહીં પડવું જોઈએ.

**સભાપતિશ્રી:** ચર્ચામાં ન પડો. આગળ ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો, તે એ કે ઈમર્જીંગ સેકટરમાં આપણે કયાં છીએ? ગુજરાત આટલું પ્રોગ્રેસીવ રાજય હોવા છતાં આઈ.ટી.માં એકથી દસ નંબર સુધીમાં આપણું સ્થાન નથી. આઈ.ટી.ની વાત કરવાથી ન થાય. આઈ.ટી.નો વિકાસ કરવા માટે જેમ બિલ ગેટ્સનું ડેસ્ટિનેશન હૈદ્રાબાદ હતું, તેમ બિલ ગેટ્સ નહીં તો બીજા કોઈનું ડેસ્ટિનેશન જો ગુજરાત બન્યું હોત તો કંઈક અલગ જ ચિત્ર હોત. માનનીય અધ્યક્ષશ્રી, બિલ ગેટ્સ આવીને આ દેશના વડાપ્રધાન કોણ બનશે એ એજન્ડા સેટ ન કરે, પણ આઈ.ટી.નો એજન્ડા સેટ કરે. આપણે ત્યાં તો એવું છે કે સારા ઉદ્યોગપતિઓ આવે અને વડાપ્રધાન કોને બનાવવા, તેનો એજન્ડા પણ સેટ કરીને જાય. સાથોસાથ પર્સ પણ આપી જાય. (અંતરાય) જો આઈ.ટી.માં મૂડીરોકાણ થયું હોત તો દુનિયાની અંદર વધારેમાં વધારે રોજગારી આપતું કોઈ ક્ષેત્ર હોય તો એ આઈ.ટી.નું છે અને આ એટલા માટે છે કે આઈ.ટી. સેગમેન્ટમાં દુનિયાના તમામ દેશો આઉટસોર્સિંગ તરફ વળ્યા છે. અને આ આઈ.ટી.નું હબ જો ગુજરાત બન્યુ હોત તો મને એનું દુઃખ ન હોત, પણ દુઃખ એ વાતનું છે કે ગુજરાત એનું હબ બની શકયું નથી. જો એ બની શકયું હોત તો છેવાડાના ઉદ્યોગમાં આઈ.ટી.ના ક્ષેત્રમાં વેલ્યુ એડેડ, હું બીજાની વાત નથી કરતો, પણ છેવાડાનું યુનિટ છે, એ કોલ સેન્ટર છે. એક કોલ સેન્ટર ૨૦૦ થી ૩૦૦ લોકોને રોજગારી આપે છે. નેનો બનશે ત્યારે ૧૫૦૦ લોકોને સીધી રોજગારી મળવાની છે. જયારે એક કોલ સેન્ટર ૨૦૦ થી ૩૦૦ ને રોજગારી આપે છે. વેલ્યુ એડેડની વાત કરતો નથી. છેવાડાની વાત કરું છું.

બાયોટેકનોલોજીની વાત કરીએ. આ ક્ષેત્રમાં પણ ગુજરાત રાજયનું સ્થાન પહેલા દસમાં નથી. વાતો થઈ, પણ એમાં આપણે પાછળ રહી ગયા. મને દુઃખ એ વાતનું છે કે ટ્રેડિશનલ સેગમેન્ટમાં આપણે જરૂર હતી ત્યારે ટ્રેડિશનલ સેગમેન્ટના ઉદ્યોગો ખૂબ વિકસાવ્યા. ઈમર્જીંગ સેગમેન્ટમાં સમય હતો ત્યારે કેચ કરવામાં પાછળ રહી ગયા. એટલા માટે આ સેગમેન્ટમાં એનું સ્થાન દેશમાં અને દુનિયામાં વિચારવાનું જ નથી.

આઈ.ટી., બાયો ટેકનોલોજી, નેનો ટેકનોલોજીનું ડેસ્ટિનેશન આ રાજય બની શકયું નહીં. માનનીય અધ્યક્ષશ્રી, જે ટેકસટાઈલના ક્ષેત્રમાં તે દેશનું હબ બની શકયું. હબ બનવાની અંદર પણ આ વખતે સરકારોએ પુષ્કળ સહાય કરી, સાત જેટલા ટેકસટાઈલ પાર્ક માનનીય શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળની ટેકસટાઈલ મિનિસ્ટ્રીએ ગુજરાત માટે મંજૂર કર્યા, ૩ હજાર કરોડનું માત્ર મૂડી રોકાણ થયું અને કેટલા લોકોને રોજગારી મળવાની છે? ૯૮ હજાર લોકોને રોજગારી મળવાની છે. છતાં ફોટા કયાંય નથી છપાવ્યા, આ ૯ ટેકસટાઈલ પાર્ક થયા તેના પ્રમોટરો જોડે કોઈ ફોટો નથી છપાયો, પણ ઘણા લોકો એવા છે કે ટોટલ કંપનીમાં પૂડી રોકાણ કર્યુ હોય અને તેના ભાગીદાર હોય તેવી રીતે ફોટા છપાય છે. અને હજુ ૨૩ મી માર્ચે પહેલી નેનો આવવાની છે તે પંતનગરથી આવવાની છે. પંતનગરમાં ૯૭૦૦ કરોડ કોઈએ વગર વ્યાજની કે ૦.૧ ટકાના ભાવે કોઈએ ૨૦ વર્ષ માટે લોન આપવી નથી પડી., અને નેનોને લાભ અપાયા ૨૨૦૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ અને ૭૦૦ કરોડ રૂપિયાનો શીફટીંગ ચાર્જ એટલે ટોટલ ૨૯૦૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ અને તેના ૩૦ ટકા લેખે રાજય સરકારે ૨૦ વર્ષ માટે ૯૫૦૦ કરોડ રૂપિયાની લોન આપી, જમીનની વાત હું નથી કરતો. ૬૬ કે.વી. સબ સ્ટેશન બનાવવાનું છે તેની વાત નથી કરતો. ઝીરો ડેસ્ટીનેશન ઉપર તમામ ફેસીલીટી આપવાની છે તેની વાત પણ નથી કરતો. આ તો માત્ર આટલો ફાયદો અપાયો, અને આવો ફાયદો અપાતો હોય તો નેનો જેવી કારના પ્લાન્ટની સ્થાપના કરવા માટે અહીંથી અમદાવાદ સુધીની લાઈનો લાગે એટલા લોકો આવે. ટાટાએ સાચી જ વાત કરી હતી. કે ગુજરાતમાં રોકાણ ન કરે તે મુર્ખ છે. સ્ટુપીડ છે. તેમણે જે વાત કરી તે સાચી સાબિત થઈ, કારણ કે ટાટા મુર્ખ નહોતા, મુર્ખ તો સરકારને બનાવી ગયા, અને તે પણ કોના ખર્ચે? લોકોના ખર્ચે, મને તેનો વાંધો નથી. મુખ્ય મંત્રીશ્રી એમ કહે છે કે ઘણા લોકો ટાટાની ગાડીમાં પંચર પાડવા માટે આવ્યા છે. તેમણે જે એકશન કરી હતી તે હું નથી કરતો કારણ કે સંસદીય પ્રણાલી પ્રમાણે એ બરાબર નથી. પણ ઘણા લોકો એવું કહે છે કે પંતનગરમાં નહીં પણ પહેલી ટાટા ભલે સાણંદમાં બને, પણ તેની જમીનના પૈસા અમારા ખેડૂતોને આપે. જેમણે કોર્ટમાં કેસ કર્યા છે તેમને આપે,. અને અમારી પાસેથી લોન લઈને નહીં, બેંક પાસેથી લોન લઈને કામ કરે, માનનીય અધ્યક્ષશ્રી, અમને તેની ચિંતા નથી. ભલે કરે, એક નેનો નહીં સાત નેનોના આવા પ્લાન્ટ ભલે આવે, પણ એમના પોતાના ખર્ચે કરે, બેલેન્સીટની ચિંતા ટાટાએ કરવાની છે. ગુજરાતની જનતાએ નહીં, ગુજરાત સરકારની તિજોરીમાંથી પૈસા જતા હોય તો કોઈ પણ નાગરિક તેનો વિરોધ કરે તેને પંચર પાડવાની વાત ન કહી શકાય. અહીં આ નેનોમાં સીધી રોજગારી કેટલી મળવાની છે? ૧૫૦૦ લોકોને. અને તેમાં પણ રાજય સરકારની શરત શું રાખવાની હોય, આપણી શરત એવી જ હોય કે ગુજરાતના ૮૦ ટકા લોકોને લેવાના, પણ ટાટાએ કહયું કે સીંગુરમાં અમે એપોઈન્ટ કરેલા છે તે અમારે લેવાના છે તેવું ટાટાએ કહ્યું, મારી પાસે સરકારના ડોક્યુમેન્ટ છે એમાં લખેલ છે. છૂપાવેલ હતું તે બહાર આવી ગયું છે. આજે પણ નવું ડોકયુમેન્ટ છુપાવેલું બહાર આવવાનું છે. એટલે વાત એ થતી હતી કે ગુજરાતની અંદર એક નેનો ભલે આવે, પણ તેની સામે ૧૧ મહિનામાં ૬૦ હજાર જેટલા નાના મોટા ઉદ્યોગો બંધ થયા છે, હિસાબ કરી જોજો કે કેટલા લોકો બેરોજગાર થયા છે. જો તેની ચિંતા કરી હોત તો મને આનંદ થાત. પણ તેની ચિંતા નથી તેમને મન ઉદ્યોગો એટલે પાંચ અને વધારામાં હવે છ કરોડપતિ બન્યા એટલા જ. બાકીના કોઈ ઉદ્યોગો ઉદ્યોગો નહીં? તેની ચિંતા નહીં કરવાની? તેની અંદર રોજગારી મેળવતા લોકોની ચિંતા નહીં કરવાની? આ જે Special Economic Region નું બિલ લઈને આવ્યા છે તેના હાર્દની સાથે હું સંમત થાઉં પણ તેના ઉપર બોલતા પહેલાં હું જરાક વાયબ્રન્ટ ગુજરાત સમીટ જે ગુજરાતમાં થયા તેના વિષે મને મળેલી થોડીક માહિતી આ ગૃહના મિત્રોને આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આ એમ.ઓ.યુ. સાકાર થાય તેના માટે મહેનત પણ કરતી હશે. હું ના નથી પાડતો, પણ માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રીએ વાત કરી હતી કે એમ.ઓ.યુ. થાય પછી સરવે કરવા નીકળે છે. એમ.ઓ.યુ. તો સરવે કરેલા ઉદ્યોગમાં મારું ડેસ્ટીનેશન આ છે અને હું આ જગ્યાએ ઉદ્યોગ કરવાનો છું તેના એમ.ઓ.યુ. થાય તો એ એમ.ઓ.યુ. સાચા. આ તો એમ.ઓ.યુ. એવા થયા, મારે ઝાઝી વિગત નથી કરવી પણ જેના ખિસ્સામાં ૧૦૦ રૂપિયા ન હોય તેણે ૧૨૫ કરોડના એમ.ઓ.યુ. કરેલ છે અને તેમાં એવા લોકો પણ છે, પણ હવે આ વખતના એમ.ઓ.યુ.ના આંકડા તો મારે નથી આપવા, એટલા માટે કે એ એમ કહે છે કે આ દેશના ૧/૪ જી.ડી.પી. જેટલા એમ.ઓ.યુ. અહીં થઈ ગયા. એટલે રાજુ રામલીંગમ્‌ના બેલેન્સશીટ અને આપણાં એમ.ઓ.યુ.માં ઝાઝો તફાવત નથી રહેવાનો. પણ આ પહેલાંની બેલેન્સશીટ રાજય સરકાર હતી તેનું ઑડિટ મેં નથી કર્યું. તેનું ઑડિટ..(અંતરાય)

**સભાપતિશ્રી :** વચ્ચે નહીં બોલો તમે. ડીસ્ટર્બ નહીં કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે બીજાં કોઈનું નહીં, થર્ડ પાર્ટીનું ઑડિટ નહીં પણ રાજય સરકારના ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદ હેઠળની જે કમિટી મોનીટરીંગ કરે છે, સેક્રેટરીઓની, એ કમિટીએ ઓડિટીંગ કર્યું અને

જે સ્ટેટસ રિપૉર્ટ આપ્યો તેની વાત કરવી છે. મારી પાસે એક મિનિટ્સ છે. - Agenda Item No.૧ - Confirmation of minutes of the meeting held on ૧૫-૯-૦૮. ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદ હેઠળની કમિટીએ આ મિનિટ્સ જે તૈયાર કરીને આપી છે. એ જેમ નેનોનું ડોકયુમેન્ટ મારી પાસે આવી ગયેલ તેવું ડોકયુમેન્ટ મારી પાસે આવ્યું છે. તેમાં...

**સભાપતિશ્રી :** વચ્ચે નહીં બોલવાનું, ડીસ્ટર્બ ન કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તો કદાચ સાચું નહીં બોલતો હોઉં, જેઠાભાઈ, પણ આ બુકમાં છે એ તો ચીફ સેક્રેટરીની મિનિટ્સ છે. એ તો સાચી હશે કે નહીં? એટલે સાચું બોલું છું.

**સભાપતિશ્રી :** અર્જુનભાઈ તમે ડીસ્કસ ન કરો. તમારી oratory માટે મને માન છે. મને પણ સાંભળવાનું મન થાય છે પણ સમય પણ જોવો પડશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું જે વાત કરતો હતો તે એ હતી કે આ જે ચીફ સેક્રેટરીની મિટિંગ થઈ તેમાં ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ આ ત્રણ વાઈબ્રન્ટ સમિટ થયા તેનો સ્ટેટસ રિપૉર્ટ અપાયો અને સ્ટેટસ રિપૉર્ટ શું હતો? બધાની આંખ ખુલી જાય એવો હતો. હું એટલું જરૂર કહીશ કે પહેલું વાયબ્રન્ટ સમિટ ૨૦૦૩ થયું તેમાં સરકારને ત્યારે આ આંકડાની માયાજાળ રચી શકાય બહુ મોટે પાયે. એવો કદાચ ખ્યાલ નહીં હોય એટલે ૨૦૦૩ની અંદર ૮૦ એમ.ઓ.યુ. થયા, માનનીય અધ્યક્ષશ્રી, એ ૮૦ એમ.ઓ.યુ.માંથી ૩૩ પડતા મૂકાયા અને એમાં ૬૬ હજાર અને ૮૮ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ થવાનું હતું. તેમાંથી ખરેખર રોકાણ જે થયું એ ૩૦,૩૩૧.૯૭ કરોડ થયું. આ ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદ હેઠળની કમિટીએ કહ્યું. એટલે ટોટલ જે મૂડીરોકાણ થયું સકસેસ રેટ. આ ખાલી અમલીકરણમાં ગયેલા ઉદ્યોગોની વાત નથી કરતો. પણ જે ઉદ્યોગો પ્લાનીંગ સ્ટેજમાં છે એ પણ આમાં ઈન્કલુડ કર્યા છે અને એ સહિત ૪૫.૯૧ ટકા સકસેસ રેટ ઈન્કલુડીંગ પ્લાનીંગ સ્ટેજ સુધી ગયા છીએ.(અંતરાય)

**સભાપતિશ્રી** : શ્રી જેઠાભાઈ, હાઉસનું ડેકોરમ જાળવો. એ સમજવામાં આપણો પનો ટૂંકો પડે છે. તમારે બોલવું હોય તો ઊભા થઈને બોલી શકો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલીવાર ૪૫ ટકા સકસેસ રેટ હતો. બીજીવાર ૨૦૦૫માં વાઈબ્રન્ટ સમિટ થયુ એમાં ૨૨૬ પ્રોજૅકટોના એમ.ઓ.યુ. થયા અને ૧,૦૨,૪૬૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટની દરખાસ્તો મળી અને એમાંથી પ્લાનીંગ સ્ટેજે અને ઈમ્પ્લીમેન્ટેશન સ્ટેજે અને પ્રોડકશનમાં ગયેલા એ સહિતના ઈન્વેસ્ટમેન્ટ ૨૧,૨૫૬ કરોડના થયેલા છે.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ, કેટલો ટાઇમ લેશો એ કહો તો સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, દસ મિનિટમાં પૂરું કરું છું. જે દરખાસ્તો મળી એમાંથી ૭૦ દરખાસ્તો ડ્રોપ થઈ છે અને એનો સકસેસ રેટ છે એ ૨૦.૪૦ ટકા. ૨૦૦૭માં વાઈબ્રન્ટ સમિટ થયું એમાં ૪૫૪ એમ.ઓ.યુ. થયા, દરખાસ્તો મળી. રૂ.૪,૬૫,૩૦૧/- કરોડના મૂડી રોકાણની દરખાસ્તો હતી. એમાંથી ૩૪ દરખાસ્તો પડતી મુકાઈ અને રૂ.૯૯,૫૦૮/- કરોડના મૂડી રોકાણની દરખાસ્તો આજે પ્લાનીંગ સ્ટેજથી શરૂ કરીને અમલીકરણ અને પ્રોડકશન સહિતના સ્ટેજે છે. એનો સકસેસ રેટ ૨૧.૧૩ ટકા છે. ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ના વર્ષ સુધીના વાઈબ્રન્ટ સમિટમાં કુલ ૭૬૦ મૂડી રોકાણ માટેની દરખાસ્તો આવી એમાં રૂ.૬,૩૩,૮૨૯/- કરોડના મૂડી રોકાણની દરખાસ્તો મળી હતી એમાંથી માત્રને માત્ર રૂ.૧,૫૧,૦૯૭/- કરોડની દરખાસ્તો અત્યારે પ્લાનીંગ અને ઈમ્પ્લીમેન્ટેશનના સ્ટેજે છે. જે કુલ દરખાસ્તો મળી એમાંથી ૧૩૭ દરખાસ્તો પડતી મુકાઈ છે. એટલે રૂ.૬૮,૦૦૦/- કરોડની દરખાસ્તો પડતી મુકાઈ છે અને એમાં પ્રપોઝ એમપ્લોયમેન્ટ હતું ૧૩,૨૩,૪૫૨ લોકોને રોજગારી મળવાની હતી. એમાંથી માત્ર ૧,૭૦,૫૧૮ લોકોને રોજગારી મળી છે અને એમ્પ્લોયમેન્ટનો સકસેસ રેટ છે માત્ર ૧૨.૧૮ ટકા. આ આંકડા મારા નથી. આ આંકડા છે એ ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદે નિમાયેલ કમિટી છે એના છે. એમણે ચિંતા વ્યક્ત કરી છે કે આટલો ઓછો સકસેસ રેટ છે એનાથી આગળ જવું પડશે.

ગઈકાલે રાજય કક્ષાના મંત્રી જે મીનરલ પૉલિસીની વાત લઈને આવેલા અને કહેલું કે ૨૦૦૩ની મીનરલ પૉલિસી છે એના પ્રમાણે નિર્ણય લીધો છે. પણ આ ડોકયુમેન્ટમાં એવું બતાવવામાં આવ્યું છે કે, સિમેન્ટ ઉદ્યોગો છે એની દરખાસ્તોનું અમલીકરણ એટલા માટે નથી થઈ શકતું કારણ કે, રાજયમાં મીનરલ નવી પૉલિસી બનાવવાની છે એ સરકાર કક્ષાએ પડતર પડેલી છે અને એ જલદીથી થઈ જાય એ પછી એનો નિર્ણય થશે. સરકાર કેવી ગતિથી ચાલે છે એ આ ડોકયુમેન્ટ બતાવે છે. મારા કહેવાનું એ છે કે, આ બેલેન્સ શીટ અને સત્યમની બેલેન્સ શીટ આ બન્ને સરખી બેલેન્સ શીટ છે. એમ ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદે નિમાયેલી કમિટીના તા.૧૫-૯-૨૦૦૮ની મિનિટસમાં બતાવી આપ્યું છે.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ માગ્યા મુજબનો સમય થઈ ગયો છે. હવે એક જ મિનિટ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે બિલ ઉપર આવું છું. માત્ર આ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આ જે ડી.એફ.સી. છે Dedicated Freight Corridor - એના ઉપર આવે છું. બિલમાં કોઈને રોકી શકાય નહીં.

**સભાપતિશ્રી** : બરાબર છે, તમે કહ્યું કે ૧૦ મિનિટમાં હું પૂરું કરું એટલે, તમે કહ્યું બાકી મેં નથી કહ્યું. એટલે મેં કહ્યું કે ૧૦ મિનિટમાં હવે એક જ મિનિટ બાકી છે. બાકી મારો બીજો કોઈ આશય નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી હવે જે સર રીજીયનનું આ સરનું ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિધેયક લઈને આવ્યા છે એ લઈ આવવાની જરૂર કેમ પડી? ૧૯૯૯થી ૨૦૦૩-૦૪ સુધી એન.ડી.એ.ની સરકાર હતી, ના એ સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનની દરખાસ્ત લઈ આવ્યા, કે ના Special Investment Region Act બનાવ્યો, આજે જે મૂડીરોકાણો થવાના છે એ કયાં તો સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનમાં થવાના છે અને એ યુ.પી.એ. સરકાર લઈ આવેલી છે. બીજું આ સ્પેશીયલ ઈન્વેસ્ટમેંટ રીજીયન બિલ પણ એટલા માટે લાવવાની જરૂર હતી કે યુ.પી.એ. સરકારે મુંબઇથી દિલ્હીથી મુંબઇ, મુંબઇથી દિલ્હી ૧૪૮૩ કિલોમીટર લાંબો Dedicated Freight Corridor - આ ગુડસ માટે થઈ અને અલગ આવવા જવાના જુદા ટ્રેક થાય એવો ૧૪૮૩ કિલોમીટર લાંબો નવો રેલવે ટ્રેક બનાવવાના છે. આ રેલવે ટ્રેકની એલોંગ સાઈડ ૧૫૦ કિલોમીટરની ત્રિજયામાં આ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર બનાવવાના છે. આ કોરીડોરનો જે વિકાસ થશે એમાં ગુજરાતની અંદર ૬ ડેસ્ટીનેશન નકકી કર્યા છે અને એના માટે આ બિલ આવે છે. અને મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે આ D.F.C. માં જાપાનની જે કંપની છે જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી એ આ ડી.એફ.સી.માં ભાગીદાર છે. એમાં ૧૮હજાર કરોડની લોન આપવાના છે અને ૨૧હજાર કરોડનું મૂડીરોકાણ એમાં થવાનું છે. ગુજરાત સરકાર એમ કહેતી હતી કે અમારે આની અંદર, જાપાનની અંદર જાપાન સાથે પાર્ટનરશીપ છે. ડોક્યુમેન્ટસ તો બતાવે, ખરેખર જાપાન પાર્ટનર છે એ સાચી વાત પણ એ ડી.એફ.સી.માં પાર્ટનર છે. ડી.એમ.આઈ.સી.માં પાર્ટનર છે અને મને એ વાતનો પણ આનંદ છે કે આ ડી.એફ.સી. અને ડી.એમ.આઈ.સી.નો ૩૮ટકા હિસ્સો લંબાઈ ગુજરાતમાંથી પસાર થાય છે અને ડી.એસ.સી.નું સૌથી મોટું લાભાર્થી રાજય હોય તો એ આપણે છીએ. એટલા માટે ૨૭૦ મીલીયન ડોલરમાંથી ૯૦ મીલીયન ડોલરનું રોકાણ છે એ ગુજરાતની અંદર આ હિસ્સામાં થવાનું છે. એક (અંતરાય) ૨૦૦૩માં એન.ડી.એન.ની સરકાર વખતે એક રાકેશ મોહન કમિટી, રેલવે મંત્રાલયે દેશના પ્લાનીંગ કમીશને નીમી હતી. આ અધિકારીઓ કેવું કરે છે આ રાજુરામલિંગમ છે એ માત્ર ઉદ્યોગોમાં જ છે એવું નહીં, સરકારમાં પણ ક્યારેક આવી જાય. આ રાકેશ મોહન કમિટીએ સાહેબ શું કર્યુ હતું ખબર છે ૨૦૦૩માં એણે એવો રિપૉર્ટ આપ્યો હતો કે ૨૦૧૦ની સાલ આવશે ત્યાં સુધીમાં રેલવે સંપૂર્ણપણે માંદી પડી ગઈ હશે, એ તંત્ર ચલાવવા લાયક નહીં રહે, એટલું જ નહીં ૬૭હજાર કરોડ રૂપિયાનું નુકસાન આ રેલવે કરતી હશે.

**સભાપતિશ્રી** : અર્જુનભાઈ ઘરડા માણસને ભૂખ બહુ લાગે. જલદી કરો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સોરી સાહેબ, (અંતરાય) એ અહીંયા કહો બંને જગ્યાએ, અહીંયા અને અહીંયા બંને જગ્યાએ, વાંઢાને લગન કરવાનું કહો અહીં બંને જગ્યાએ. (અંતરાય) અમે તો આને કયારનાય શિખામણ આપીએ છીએ છતાં સુધરતા નથી પણ તમે સુધારો એમને, અમારા ભાઈબંધ તો સુધરતા નથી. મુંઝાવાની જરૂર નથી આવું કોઈક દિવસ બોલાઈ જાય જેઠાભાઈ, માફ કરી દેશે એ તો મોટા માણસો છે.

**સભાપતિ શ્રી** : ભાઈ જુઓ તમે વચ્ચે ડીસ્કશન નહીં કરો હું વડીલ છું અને એમના જૂના કુળનો છું એટલે મારું માન રાખશે. તમે વચ્ચે ચિંતા ન કરો. (અંતરાય) નો નો પ્લીઝ જેઠાભાઈ, બહુ થયું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે રાકેશ મોહન કમિટીએ કીધું કે ૬૭હજારનું નુકસાન ૨૦૧૦માં કરતી હશે અને રેલવેને આપણે બંધ કરી દેવી પડશે. પણ મારે આનંદ સાથે એમ કહેવાનું છે કે ૨૦૦૩-૦૪ પછી યુ.પી.એ. સરકાર આવી અને ૬૭હજાર કરોડના નુકસાનને બદલે ભાડા ઘટાડી અને આજે રેલવે ૯૦હજાર કરોડના સરપ્લસ સાથે વિશ્વનું એક નંબરનું ઓર્ગેનાઈઝેશન બનેલ છે. એટલું જ નહીં આ નવો પ્રોજેકટ જે છે એ દેશ માટે આવ્યો એનું સૌથી મોટું લાભાર્થી ગુજરાત રાજય બન્યું છે. ટી.એફ.સી. બન્યું એના સૌએ આપણે અભિનંદન કેન્દ્ર સરકારને, રેલવે મંત્રાલયને સમગ્ર યુ.પી.એ. સરકારને આપવા ઘટે છે. અને રાજ્ય સરકારે પણ આ વાત ખુલ્લા મને સ્વીકારવાની જરૂર છે કે જાપાન પાર્ટનર બન્યું છે એ આવકાર્ય છે. પણ ડી.એફ.સી.માં પાર્ટનર છે. આપણે ઈચ્છીએ કે રાજ્ય સરકાર સાથે સહયોગ રહે અને આપણું એલોંગ સાઈડનું ડૅવલપમેન્ટ થવાનું છે એ સૌથી વધારે ગુજરાતમાં બને અને ગુજરાતમાં ઈમર્જીંગ સેકટરના ઉદ્યોગો નવા આવે અને એમાં આ રાજ્યના યુવાનોને, આવતીકાલની આપણા સૌ દેશવાસીઓની આશા છે એમને રોજગારી મળે અને આપણું રાજ્ય આ સર રિજિયન ડેવલપ થાય એના પછી સારામાં સારું વિકસિત રાજ્ય બની એવી અપેક્ષા સાથે આ બિલના હાર્દ સાથે હું સંમત થાઉ છું.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે બિલ મુવ કર્યું છે એમાં એમણે ઈચ્છા વ્યક્ત કરી છે કે શરૂઆતમાં એમને વધુ સમય ફાળવવો. એ સમય મર્યાદામાં જ વાત કરશે.

**સભાપતિશ્રી** : એક વ્યક્તિ હજી બોલવાના છે. બાબુભાઈ બોલવાના છે. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ ઓર્ડિનન્સનો ખૂબ વિરોધ કર્યો પણ એક વસ્તુ માટે આનંદ થયો કે આજે જે બિલ લાવ્યો એના હાર્દ સાથે એ સંમત થયા. મારે એમનો આભાર વ્યક્ત કરવો છે. ગુજરાતના ઈતિહાસની એમણે વાત કરી. ગુજરાતમાં

છેલ્લા પાંચ વર્ષમાં શું થયું અને શું નથી થયું એની વાત કરી. મારે સભ્યશ્રીને જાણકારી આપવી છે કે છેલ્લા ઘણા વર્ષોમાં અને ખાસ કરીને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આખા દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને આ પ્રથમ સ્થાન હોવાનું કારણ એ છે કે મુખ્યમંત્રીશ્રી અને સરકારની નીતિઓ, એ પાછળ એનું અમલીકરણ અને એના કારણે આખા દેશમાં ગુજરાતનો દાખલો લેવાય છે. આ એ જ રાજ્ય છે કે જેણે આખા દેશમાં પહેલી ગેસ ગ્રીડ અને વોટર ગ્રીડ નાખી. આ એ જ રાજ્ય છે કે જેણે ૨૪ કલાક વીજળી જ્યોતિ ગ્રામ યોજના દ્વારા આપી અને આખા દેશને દિશા બતાવી. આ એ જ પ્રથમ રાજ્ય છે કે જેણે ગામડા સુધી બ્રોડ બેન્ડ કનેક્ટિવિટી આપવાનો નિર્ણય કર્યો અને અમલીકરણ કર્યું. આ રાજ્યની અંદર દેશની અંદર સૌથી વધારે એસ.ઈ.ઝેડ આવ્યો હોય તો આ ગુજરાત રાજ્ય છે. સૌથી વધુ જી.ડી.પી.નો ગ્રોથ આખા દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં થયો હોય તો આ ગુજરાત રાજ્ય છે. સૌથી પર કેપિટા ઈન્કમમાં વધારો પાંચ વર્ષમાં થયો હોય તો આ ગુજરાત રાજ્ય છે. એવી જ રીતે તમે કોઈપણ વસ્તુ લો, એસ.ઈ.ઝેડ એકટ પહેલો ગુજરાતે કર્યો. પહેલું પ્રાઈવેટ પૉર્ટ ગુજરાતે કર્યું. બી.ઓ.ટી. રોડ અને રેલ્વે આ બધું ગુજરાતે કર્યું. આ બધું કરીને ગુજરાતે દેશને દિશા બતાવી છે. આજે આ બધું ધ્યાનમાં રાખીને આ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનનો એક્ટ હું આ વિધાનસભામાં લાવ્યો છું. તમે જુઓ, ગુજરાતની સ્થિતિ આખા દેશમાં જુઓ. આખા દેશની અંદર તો ગુજરાતત એક માત્ર એક રાજ્ય છે. અર્જુનભાઈએ બધા ગ્રોથની વાત કરી. ૧૯૯૫ની વાત કરી પણ ૧૯૯૫નો બેઈઝ કેટલો હતો? અને એ બેઈઝની અંદર કુદકો મારવો હોય તો બહુ સહેલો છે. ૯૫-૯૬-૯૭-૯૮ અને ૨૦૦૦ પહોંચ્યાં પછી છેલ્લા પાંચ વર્ષની અંદર દેશની અંદર મને એક તો બતાડો કે જેણે સળંગ પાંચ વર્ષમાં ડબલ ડિઝિટ ગ્રોથ વટાવ્યો હોય. એક રાજ્ય નથી સાહેબ, એક આ ગૌરવની વાત છે અને આખી નોંધ કેન્દ્રએ અને પ્લાનિંગ કમિશને લીધી છે અને બીજા રાજ્યોએ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે exprotsની અંદર ૧૯.૨ ટકા આખા દેશનું ગુજરાતત રાજ્યમાંથી થાય છે અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પૂછીએ, હમણાં ઘણી મૂડી રોકાણની ટીકા કરી કે મૂડી રોકાણ થાતું નથી. મારે એ પૂછવું છે કે કેન્દ્રનું આર.બી.આઈ. જે રિપોર્ટ આપે છે શું એ રિપોર્ટ ખોટા છે? કેન્દ્રના આર.બી.આઈ.એ ૨૦૦૭-૦૮ ના રિપોર્ટની અંદર ઓગષ્ટ ૨૦૦૮માં એણે રિપોર્ટ કાઢ્યો હતો. સોર્સ છે Reserve Bank of India Report August ૨૦૦૮ની અંદર ગુજરાતતનું રેકિંગ ૨૨ ટકા આપ્યું છે જે પ્રથમ સ્થાને છે. બીજા નંબરમાં કોણ છે? મહારાષ્ટ્ર ૧૨.૭ ટકા, ઓરિસ્સા ૧૦.૯૯ ટકા, આંધ્રપ્રદેશ ૮.૨ ટકા, છત્રીસગઢ ૬.૨ ટકા, તામિલનાડુ ૫.૬ ટકા અને બાકીના બધા જ રાજ્યો ૩૦.૪ ટકા આ ડોક્યુમેન્ટ બતાડે છે કે ગુજરાતતની જે છેલ્લા પાંચ વર્ષની નીતિ છે, એ નીતિ બહુ સફળતાપૂર્વક રીતથી આપણે આગળ વધ્યા છીએ એના કારણે મૂડી રોકાણ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું આવવાના કારણો શું છે? કે ગુજરાતે સારામાં સારું ઈન્ફ્રાસ્ટ્રકચર આપવાનું નક્કી કર્યુ અને એ ઈન્ફ્રાસ્ટ્રકચર અને નીતિના કારણે, મૂડીની સેફટીના કારણે ઉદ્યોગકારો ગુજરાતતમાં આવે છે. ગુજરાતમાં આપણે ત્યાં અનેક પ્રોડકટસની અંદર ગુજરાત નંબર વન છે. આપણે ત્યાં જે જૂના કાયદા બનાવ્યા એ કાયદા જી.આઈ.ડી.સી. એકટ બનાવ્યા, આપણે એસ.ઈ.ઝેડ. એકટ બનાવ્યું અને આ કાયદા જી.આઈ.ડી.સી. એકટ નાના એસ્ટેટ માટે હતા. મોટા રીજીયન્સ માટે નહોતા અને જે એસ.ઈ.ઝેડ હતા એ પ્રાઈવેટ ઈનીસીએટીવ માટે, exports માટે હતા એટલે આ નાના નાના એસ્ટેટ હતા અને એ એસ્ટેટ દ્વારા આપણા રાજ્યનો ખૂબ મોટો વિકાસ થયો પણ હવે દિવસ એવો આવ્યો છે કે ગુજરાત દેશની અંદર નહિ, દુનિયાની અંદર સ્થાન લે અને દુનિયાની અંદર સ્થાન લેવું હોય તો એણે ખૂબ મોટા પ્રમાણમાં કુદકો મારવો પડે અને આ કુદકો ક્યારે મળે? મોટા રીજીયન ડેવલપ કરીએ અને આ જો મોટા રીજીયન ડેવલપ કરી તો જ દુનિયાની સરખામણીની અંદર ટોપ નેશનની સરખાણીની અંદર ગુજરાત આવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાલી હું સભ્યશ્રીને જાણકારી આપું છું કે કેટલો મોટો કુદકો મારવાનું આ બિલ દ્વારા સરકાર દ્વારા નિર્ણય લીધો છે. ૧૭૮ જી.આઈ.ડી.સી. એસ્ટેટ છે ૧૭૮ એસ્ટેટની અંદર કુલ હેકટરે ૨૬૦૦૦ છે, આપણી પાસે ૫૧ એપ્રુવ્ડ એસ.ઈ.ઝેડ. છે. એ ૫૧ એપ્રુવ્ડ એસ.ઈ.ઝેડ.નું ૨૫૦૦૦ હેકટરનું ડેવલપમેન્ટ થવાનું છે. ચાઈનાનું એક Shen Zen છે એણે ૩૨૦૦૦ હેકટરનું ડેવલપમેન્ટ કર્યુ છે. એટલે આપ વિચાર કરો કે ચાઈનાની અંદર જે Shen Zen છે એનું રીજીયન કેટલું મોટું છે. એ ટાઈપનું રીજયન આપણે ડેવલપ કરવા માગીએ છીએ. એક માત્ર ધોલેરા ૩૬૦૦૦ હેકટરનું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ ધ્યાન દોરું છું માનનીય મંત્રીશ્રીને આ બધી જ માહિતી આપવાનો અધિકાર છે પણ જ્યારે બિલ રજૂ કરતા હોય, બિલ ઉપર ચર્ચા કરતા હોય તો મને વાંધો નથી. જો એ બિલ રજૂ કરતા હોય માત્ર મંત્રીશ્રીએ બિલનો. મંત્રીશ્રીએ બિલનો ઉદ્દેશ્ય જ જણાવવો જોઈએ અને ઉદ્દેશ્ય જણાવ્યા પછી આ બધી જ વિગતો આપે મને એનો કોઈ વાંધો નથી.

**સભાપતિશ્રી :** અર્જુનભાઈ, પહેલાં જ મેં આ ચર્ચા કરી લીધી છે સચિવશ્રી સાથે એનું કારણ એ છે કે, ખરી રીતે તો બંને પક્ષે સાથે બેસીને આનો સમય નક્કી કરવો જોઈએ. હવે ખરેખર એમને જવાબ પણ આપવાનો છે પછી શ્રી બાબુભાઈ બોલવા માગે છે, શ્રી અનિલભાઈ બોલવા માગે છે, એ બધાયના સંદર્ભમાં તમારે જવાબ તો

પાછો આપવાનો જ છે. (અંતરાય) એટલે શકય એટલું ટૂંકાવો. બધા એ ખરેખર સમય અગાઉથી જ નક્કી કરવો જોઈતો હતો.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, અડધો, પોણો કલાક માનનીય અર્જુનભાઈ બોલ્યા એમાંથી દસ ટકા બિલ વિશેની વાત હતી, હું એનો હાર્દ આપું છું બિલોનો (અંતરાય)...

**સભાપતિશ્રી :** એ અંગત મંતવ્યોનું કારણ છે તમારું કે મારું એમાં ન પડો.

**શ્રી સૌરભ પટેલ** : એટલે બિલ લાવવાનો મુખ્ય હેતુ એ છે કે, ધોલેરા જેવા એક રિઝિયનમાં ૩૬ હજાર હેકટરનું આપણે ડેવલપમેન્ટ કરવા માગીએ છીએ અને એજ જોવા માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે કે શરૂઆતની અંદર જે આપણો Objective છે આ બિલનો એ Objective એ છે કે, Establishment, Opertation, Regulation and Management of large size Investment region એટલે આ બિલનો Objective આ છે કે આપણે મોટા રિઝીયનો, ગુજરાતને આપણે મોટો કૂદકો મરાવવો હોય તો ગુજરાતને Global Hub બનાવવું પડે એ Hubની અંદર એટલી બધી Economic activities કરવી પડે કે જેને આપણે World class Infrastructure આપવું પડે એમને civic amenity આપવી પડે. આપણે .pro-active policy બનાવવી પડે અને એના માટે ઑપરેશન અને રેગ્યુલેશન માટે આપણે આ બીલ અહીંયા હાઉસમાં લાવ્યા છીએ આ એનો objective છે. અને આ બિલમાં હું આપને કહું કે important કયા કયા મુદ્દા છે કે જેથી હાઉસના સભ્યશ્રીઓને ખબર પડે. આમાં આપણે જે કોઈ region બે વસ્તુ છે, એક region છે અને એક area છે આ region અને area ની અંદર જો ૫૦ ચો.કિલોમીટરથી વધારે હોય અને ૧૦૦ ચો. કિલોમીટરથી નાનો હોય એને આપણે industial area કહીશું અને ૧૦૦ ચો. ક્લિોમીટરથી વધારે હોય એને આપણે industrial region કહીશું એટલે આ industial area ને અને area ની અંદર રાજય સરકારે નિર્ણય લીધો છે કે, અત્યારે અમદાવાદ, ધોલેરા industrial region તરીકે કરીએ, ભરૂચ , દહેજ industrial region કરીએ, પાલનપુર, મહેસાણા industial area, વડોદરા, અંકલેશ્વર એ industial area, સુરત હજીરા industial area, વલસાડ, ઉમરગામ industial area. એટલે ચાર area અને બે region રાજય સરકારે અને આવતા દિવસોમાં notify કરી અને આપણે બહાર પાડીશું. એટલે આ વહીવટ કરવા માટે રાજય સરકારે four tier administration નક્કી કર્યુ છે. આની અંદર સૌથી મોટું અગત્યનું apex authority, G.I.D.B. જે મુખ્ય મંત્રીશ્રી એના નેતા રહેશે. એની નીચે Regional Development Authority જે દરેક Regionમાં R.D.A.ની સ્થાપના કરવામાં આવશે અને R.D.A ધ્વારા Project Development Agency અને પછી specific projects માટે આપણે S.P.B.form કરી શકીએ એટલે four tier નું આપણે administration કરવાનો આ બીલમાં હાર્દ છે. બીજું Highest Policy રહેશે Government અને Government પછી Apex Authority, જે G.I.D.B. ગણાશે. ground level નું total development એ R.D.A કરશે. એ R.D.A, operate, regulate, manage and planning, total નીચેનું Region એ કરશે અને એ મંજૂરી માટે apex authority ને મોકલશે અને apex authority એની મંજૂરી આપશે. આના માટે જે કંપની company formation કરવાનો પણ રાજય સરકારે નિર્ણય લઈ લીધો છે અને Gujarat Industrial Corridor Companyનું Formation થઈ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, કે આ ઘણા વખતથી આનું planning થઈ રહ્યું હતું અને આપણે ordinances જેટલા લાવ્યા કે ઇચ્છતા હતા કે, આપણે વાયબ્રન્ટ ગુજરાતમાં જે કોઈ investors આવે એને લાભ આપી શકીએ અને માનનીય અધ્યક્ષશ્રી, જે લાભ મળે છે એના કારણે આપણે ધોલેરાનો, જે ધોલેરા region છે એ ૩૩ હજાર હેકટરની government land આના માટે આપણે reserve કરી નાખી છે અને એના માટે આપણે હજુ સુધી કોઈ private land લીધી નથી. આખો master plan તૈયાર થઈ રહ્યો છે એનું waterlogging studies એ ચાલી રહ્યો છે, environment studies ચાલી રહ્યા છે એટલે આ government પહેલું જ ધોલેરા specific investment તરીકે લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર આવતા દિવસોની અંદર જે DFC જે સભ્યશ્રીએ વાત કરી. Government of India dedicated freight corridor લાવે છે અને DMIC જે dedicated freight corridor દિલ્હી-મુંબઈ કોરીડોર ૧૫૦ કિલોમીટર બંને બાજુએ થશે. આની અંદર ઈન્ડસ્ટ્રીયલ રીઝનો સ્થાપવામાં આવશે. ધોલેરા એનો ભાગ બની રહયો છે એટલે આપણે ઝડપ કરી અને ઝડપ કરવાનું કારણ એ હતું કે આપણે અર્લી બર્ડ પ્રોજેકટસ મુકવા હતા અને અર્લી બર્ડ પ્રોજેકટસની અંદર કેન્દ્ર સરકારને પણ આપણે કીધું કે તમે પણ આની અંદર જોડાવ અને આવતા દિવસોમાં ભેગા થઈને વહેલામાં વહેલી તકે ધોલેરા કેવી રીતે બને એ પ્રમાણેના પ્રયાસ રહેશે એટલે સરખેજ-વટામણ-પીપળી-ધોલેરા-ભાવનગર રોડ central spinal રહેશે અને છે. લેનનો રોડ ૯૦૦ કરોડના ખર્ચે બનવાનો છે. બીજું, મેટ્રો રેલ ગાંધીનગર-અમદાવાદ-ધોલેરા અને અમદાવાદ -ગાંધીનગર એટલે આખું મેટ્રો રેલ આપણે કરી રહયા છીએ. Nano Industrial park જે બનવાના છે એના એમ.ઓ.યુ.સાઈન થઈ ગયા છે અને નવું ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે આપણે feasibility સ્ટડી ચાલુ છે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાવાળા પણ આવી અને આનો ફીઝીબીલીટી સ્ટડી માટેની વિગતો લઈ ગયા છે એટલે આના લાભો ખૂબ છે. ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટર માટેનું આપણે આ destination બનાવવા માગીએ છીએ. ગ્લોબલ એકટીવીટી, economic activities અને commerce થાય ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ, બને તેટલું ફોરેન આવે તેના માટેના પ્રયાસ રહેશે આને

કારણે જી.ડી.પી.માં ગ્રોથ થશે અને દેશના ગ્રોથ એન્જીન તરીકે ગુજરાત વધારે ઝડપથી આગળ જઈ શકશે. જે કોઈ જમીન આપણે લીધી છે, વિચારી છે તે uncultivable લેન્ડ છે અત્યાર સુધી અને એના ઉપર કોઈ ખેતી થતી નથી અને લોકલ રેસીડન્સ અને વિલેઝીસની આની અંદર કેવી રીતે ભાગીદાર થાય એ પ્રમાણેનો વિચાર કર્યો છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નિયમોના નિયમ મુજબ હંમેશા વિધેયક કે જે કોઈ વસ્તુનું વાંચન થતું હોય ત્યારપછી અમારા વિરોધ પક્ષના સભ્યોને પુરતો ચાન્સ નથી મળતો. વિરોધ પક્ષના સભ્યોની રજૂઆત, ચર્ચા પછી માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાના હોય છે. હાર્દ માટે જ જો સ્પષ્ટતા કરતા હોય તો અમારા સમયનો વ્યય થાય છે તો અમને માર્ગદર્શન આપો.

**સભાપતિશ્રી** : હેતુ સમજાવવો પડે પણ પહેલી વાત એ કે મારી પણ વિનંતી છે.

**શ્રી સી.કે. રાઉલજી** : સાહેબ, હેતુ સમજાવવા માટે જયારે મંત્રીશ્રીએ જવાબ આપવાનો હોય ત્યારે જવાબમાં આપે. અમે ના નથી કહેતા.

**સભાપતિશ્રી :** તમને બોલવાની તક મળશે એ હકીકત છે ભાઈ, અમે ના નથી કહેતા. એમાં કોઈ લીમીટ નથી મેં પહેલાં જ કહયું તમે સાંભળ્યુંને? પહેલેથી બંને પક્ષોએ મળીને ટાઈમ ફીકસ કરવો જોઈતો હતો. આમાં ટાઈમ નથી.

**શ્રી સૌરભ પટેલ :** વિરોધ કરવામાં પોણો કલાક લીધો.

**સભાપતિશ્રી** : મને ડર એ છે કે કોરમ પછી રહે કે ન રહે એટલે હવે તમે પછી બોલજો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ special investment region ના કારણે anciliary units નું પણ ડેવલપમેન્ટ થશે. ખુબ મોટા પ્રમાણમાં એમ્પ્લોયમેન્ટ જનરેશન થશે અને જે human development index ની આપણે વાત કરીએ છીએ એમાં ખુબ મોટો સુધારો થશે એટલે સ્ટાન્ડર્ડ ઓફ લાઈફ of citizens ની ચોકકસ છે કે આ રીઝનના કારણે ઈન્ટરનેશનલ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થશે એ પછી આ પ્રમાણે થશે. આની અંદર, બીલની અંદર ઘણી બધી સત્તાઓ આપવામાં આવી છે. ઈકોનોમીક એકટીવીટીસ એટલે આપણે એમ કીધું છે કે દરેક જાતનું એકલો ઉદ્યોગ નહીં, ટુરીઝમ પણ આવી જાય, હેલ્થ આવી જાય, રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ આવી જાય, એજયુકેશન આવી જાય, ટ્રેનીંગ આવી જાય એટલે ઈકોનોમીક એકટીવીટીઝ આપણે બહુ શરતે ડીફાઈન કરી છે. આર.ડી.એ. ને સત્તા આપી છે. એના પાવર્સ એન્ડ ફંકશન્સ RDA બહુ કલીયર ડીફાઈન કર્યું છે બીલની અંદર. આર.ડી.એ.ની અંદર. નોડલ કંપનીએ શું શું કરવાનું એ પણ ડીફાઈન કર્યું છે અને કોઈને પણ તકલીફ હોય તો એના માટે ત્રણ જગ્યાએ આપણે redressal સેલ રાખ્યા છે. એક સેટ આર.ડી.એ. દ્વારા એટલે Regional Development authorithy છે. બીજું dispute redressal forum અને ત્રીજું સ્ટેટ ગવર્મેન્ટ એટલે ત્રણ જગ્યાએ તો એનું આપણે મીકેનીઝમ પણ ગોઠવ્યું છે એટલે મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ જે બીલ છે એ બીલ ખૂબ મોટો કુદકો જમ્પ આવતા દિવસોની અંદર આપણે ઉદ્યોગોથી માંડીને economic development માં થશે અને જે કંઈ માનનીય સભ્યશ્રીઓએ, અર્જુનભાઈએ ઘણા ઈશ્યુ ઉભા કર્યા. બીજા સભ્યશ્રીઓ આવશે આ દરેકનો જવાબ હું છેલ્લે આપીશ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન વિધેયક લઈને જે રાજ્યના ઉદ્યોગમંત્રીશ્રી આવ્યા છે, એના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું.

આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી જ્યારે ગુજરાતના આર્થિક વિકાસની કે ઔદ્યોગિક વિકાસની જ્યારે વાત કરે છે, ત્યારે હંમેશા એમ કહે છે કે ગુજરાતનો વિકાસ ભારતના વિકાસ માટે છે. ભારતનો વિકાસ કરવો હશે તો ગુજરાતનો વિકાસ જે ઝડપે થાય તો જ ભારતનો વિકાસ થઈ શકે, એને અનુલક્ષીને આ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન ૨૦૦૯માં જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમીટ કરી ત્યારે એક આ સમીટના માધ્યમ મારફતે સમગ્ર દેશના આર્થિક માંધાતાઓએ અને સરકારોએ એ વાતની નોંધ લીધી કે ગુજરાત આજે ઔદ્યોગિક ક્ષેત્રે એક ઊંચી ઉડાન ભરવા તરફ જઈ રહ્યું છે, ત્યારે આ ઊંચી ઉડાન ભરવા માટે ૧૨ લાખ કરોડ રૂપિયાનું જે નવા ઔદ્યોગિક મૂડીરોકાણ આ રાજ્યમાં આવી રહ્યું છે, ત્યારે એને ફેસિલિટેશન કરવા માટેનો જે નિયમો, કાયદાની જરૂર પડે એને અનુલક્ષીને આ બિલ અહીયા રજૂ કરવામાં આવ્યું છે.

મારે વિપક્ષના નેતાશ્રી કહેતા હતા કે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોનનું બિલ પણ યુ.પી.એ. સરકાર લાવી હતી. મારે કહેવું છે કે એન.ડી.એ. સરકારમાં સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન અંગેનો એક્ટ એ એન.ડી.એ. ની સરકાર વખતે આપણે પસાર કરેલો હતો, જેને ભારત સરકારે તે વખતે એન.ડી.એ. સરકારે મંજૂરી આપેલ હતી. આખા દેશની અંદર ૫૦ કરતાં પણ વધારે એસ.ઈ.ઝેડ સક્સેસફુલી અમલીકરણ કરવાની કાર્યવાહી કરી શક્યા હોય તો માત્ર એ ગુજરાત રાજ્ય છે. એની પાછળનું ગુજરાતની સરકારની જે દીર્ઘદ્રષ્ટિ છે, એના કારણે આ શક્ય બન્યું છે. એક ટીકા એવી પણ કરવામાં આવી કે વિપક્ષના નેતાશ્રી મારફતે જે ઈમરજિંગ ટૅક્નૉલૉજી છે, એ ઈમરજિંગ ટૅક્નૉલૉજીની અંદર રાજ્ય સરકારના અભાવે આપણે પ્રગતિ કરી શક્યા નહિ. મારે એ કહેવું છે કે એ આ.ટી. ક્ષેત્રની અંદર જ્યારે કોંગ્રેસની સરકાર હતી, ત્યારે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ના જે અભ્યાસક્રમો, કૉમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ ક્રમ રાજયમાં દાખલ કરવો જોઈએ. સ્વ નિર્ભર સેલ્સ ફાઈનાન્સ ઇન્સ્ટિટ્યૂટના ધોરણે

એ કરવાની આળસ એ કરવા માટેની નેગ્લીજન્સી હોય તો એ કોંગ્રેસની સરકાર કરી શકી નહિ, એના કારણે ગુજરાત એ ક્ષેત્રમાં કંઈક અંશે પાછળ રહ્યું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે એ સરકારોએ ઈનીશિયેટીવ લઈ આ કામગીરીને આગળ ધપાવી. મારે એ કહેવું જોઈએ કે છેલ્લાં ૫ વર્ષની અંદર ટૅક્નૉલૉજીના વિષયની અંદર જે ઉમેરો કરવામાં આવ્યો અને આજે શિક્ષણમંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે પી.પી.પી. મોડેલથી પણ ટેકનિકલ શિક્ષણને આગળ વધારવા માટે જે કર્યુ છે, તેના કારણે પણ ઈમરજિંગ ક્ષેત્રમાં બાયો ટૅક્નૉલૉજી અને નેનો ટૅક્નૉલૉજી જેવા ક્ષેત્રમાં ગુજરાત એક ઊંચી હરણફાળ ભરી શકવાનું છે. જેમ અર્બન ટાઉનશિપ માટેના અર્બન ડેવલપમેન્ટ ઑફ ઓથોરિટી પ્રકારના જે કાયદો હોય છે. એ પ્રકારનું આ ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશિપ ૩૬૦ સ્ક્વે. કિલોમિટર એટલે લગભગ એક તાલુકા જેટલો વિસ્તાર ગણાય, એવા સંપૂર્ણ વિસ્તારને એક ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશિપ જેમ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી હોય એમ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટી બનાવવા માટેના ઉદેશથી લઈને આ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનનું બિલ અંદર સમગ્ર ભારતના બધા રાજ્યો બિલ લાવવાના છે, પણ ગુજરાતનો પ્રગતિશીલ સ્વભાવ છે, એના કારણે આજે સૌ પ્રથમ બિલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ખાસ ઈનેસેટિવ લઈને ૨૦૦૯ ના વાયબ્રન્ટ ગુજરાત સમીટ પછી આ બિલ લાવવામાં આવ્યું છે. દુનિયાભરમાં ઔદ્યોગિક વિકાસ જે રીતે થયો છે, એને ધ્યાનમાં લઈને ટોકિયા, ઓસાકા, ઈન્ડસ્ટ્રિયલ કોરીડોર હોય કે પછી ચાઈના કે સાઉથ કોરિયા કે હિલ્સ્ટન જેવા વિસ્તારોના વિકાસ થયા છે. તેને લક્ષમાં લઈને ભારત સરકાર દિલ્હી મુંબઈ કોરીડોર અને દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર માટે વિચાર્યુ, એની અંદર ૩૮ ટકા આપણો જીયોગ્રાફિકલ લોકેશન, ૧૬૦૦ કિ.મી. દરિયાકાંઠાને લઈને આજે ગુજરાતની અંદર ૩૮ ટકા જેટલો આ કોરીડોર પસાર થતો હોય ત્યારે તેનો પ્રોએકટીવલી વિકાસ કરવા માટે અને ઝડપી વિકાસ કરવા માટે જે રાજય સરકાર દ્વારા પગલાં ભરવાં જોઈએ તેના ફેસીલીટેશન માટેનું વિધેયક છે. આ વિધેયકની અંદર જે પ્રકારની આયોજન છે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કંપનીની સ્થાપના કરી દેવામાં આવી છે. અને જી.આઈ.ડી.બી અને જી.આઈ.સી.સી. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર મારફતે આ કોરીડોરનો સુઆયોજીત રીતે વિકાસ થાય અને જે સત્તાકરણની દૃષ્ટિએ જે ઓથોરીટીની જે જરૂર પડે, રેગ્યુલેટરી મીકેનીઝમ ઉભું કરવા માટે તે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો આ એકટ રાજય સરકાર લાવી છે ત્યારે તેની અંદર ગ્રીવન્સ રીડ્રેસલ મીકેનીઝમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તેની આજુબાજુની થ્રી કિલોમીટર સુધીની પેરીફેરીની અંદર આયોજિત રીતે વિકાસ થાય તેના અંગેની ચિંતા કરવામાં આવી છે. આ સમગ્ર વિસ્તારનો ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ અંગેની વિચારણા કરવામાં આવી છે. આ સમગ્ર રીજીયનનું ઝોનીંગ કરીને એક ઈન્ડસ્ટ્રીયલ ઝોન હોય, રેસીડેન્સીયલ ઝોન હોય, કોમર્શિયલ ઝોન હોય, કોમર્શિયલની સાથે એન્ટરટેઈમેન્ટ વગેરેનું સુઆયોજિત ટાઉનશીપ જે પ્રો-ઈન્ડસ્ટ્રીઝ એકટીવીવટી માટે હોય અને તેની અંદર પણ સર્વિસ સેકટરને એટલું જ મહત્વ આપવામાં આવેલ છે. આઈ.ટી. અને અન્ય ક્ષેત્રન અને મેડીકલ ટુરિઝમ પ્રકારના સર્વિસ ઈન્ડસ્ટ્રીઝને ઈકોનોમીક એકટીવીટી છે તે દરેક પ્રકારની ઈકોનોમીક એકટીવીટીને આની અંદર સ્થાન આપવામાં આવ્યું છે અને તેના કારણે સુઆયોજીત વિકાસ થશે તેના કારણે ગુજરાત જે ઓલરેડી છેલ્લા પાંચ વર્ષમાં ડબલ ડીઝીટ વિકાસ દર હાંસલ કર્યો છે તેને પણ તે જાળવી રાખશે એટલું જ નહીં પણ સમગ્ર દેશના જે આર્થિક વિકાસ છે તેની અંદર ગુજરાત એક લીડીંગ સ્ટેટ તરીકે રહેશે અને જે આશય છે ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ એ જે માનનીય મુખ્યમંત્રીશ્રીનો ઉદ્દેશ છે તે ઉદ્દેશને બળ લાવવાની દિશામાં આ કામગીરી કરવા માટે માનનીય મંત્રીશ્રી આ વિધેયક લઈને આવ્યા છે ત્યારે આ વિધેયકને હું સંપૂર્ણ સમર્થન આપ્યા સિવાય રહી શકતો નથી.

**સભાપતિશ્રી:** માનનીય બાબુભાઈ મારી એક વિનંતી છે, નોટ એઝ એ સ્પીકર. તમે કેટલો સમય લેવાના છો. તે આગળથી કહો તો વધારે સારું. શકય હોય તો કહો. નહીં કહેવાના. મારી વિનંતીને માન્ય નહીં રાખવાના. શકય હોય તો કહો.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ટેવ પડેલી છે એ જશે નહીં આપને સંબોધીને, આપના મારફતે કહેવાનું છે. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા લાવ્યા છે તેને સમર્થન આપું છું અને માનનીય મંત્રીશ્રીએ જે બિલ ઈન્ટ્રોડયુસ કર્યુ છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હંમેશાં આ વાઈબ્રન્ટનો શબ્દ છે તેનાથી અમને વર્ટીકોસ આવી જાય છે. આ વાઈબ્રન્ટ સાંભળી સાંભળીને ગ્રામ પ્રદેશ છે તેને ચકકર આવી જાય છે. આપ વિકાસ કરો તેને વાંધો નથી પણ ગ્રામ્ય પ્રજા જે છે તેને જે એની વિપરીત અસરો થાય છે તેનો અનુભવ હું મારા વિસ્તારમાં કરી રહયો છે. મારા વિસ્તારના લોકો અનુભવ કરી રહયા છે. એટલે વાઈબ્રન્ટનો શબ્દ અમને તો ચકકર લાવી દે તેવો છે. બધું વાઈબ્રન્ટના નામે ચાલી રહયું છે અને બધાએ સ્વીકૃત આ શબ્દ અને ગુજરાતે સ્વીકાર કર્યો છે એટલે અમે તેનો સ્વીકાર કરીએ છીએ. તેનો વિરોધ નથી કરતા પણ તેની અસર શું થાય છે તે કહેવું જોઈએ. ત્યાં બંદરોનું ડેવલપમેન્ટ થાય, તેની પાઈપલાઈનો અમારે ત્યાંથી ખેતરોમાંથી નીકળે અને ખેડૂતોને વળતર ન મળે, વીજળીના વીજરેસા પસાર થાય અને તેની જમીનો વગર કોમ્પનશેસને વપરાય એટલે ચકકર આવે છે. આ જે બિલ લઈને આવ્યા છે અને જરૂરિયાત તેમણે કહી કે માત્રને માત્ર વાઈબ્રન્ટનો તમારો જલસો થવાનો હતો તેની અગાઉ આ બિલ લાવવામાં આવેલું છે. આવી કઈ ઉતાવળ હતી?

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને )**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** આપણે હમણાં ફકીરભાઈ સાહેબે એક જગ્યાએ બાજપાઈજીની કવિતા કહી. તેમાંની એક કવિતા હું પણ આજે કહું છુ.

**"હમ પડાવો કો સમજે મંજીલ, લક્ષ્ય હુઆ આંખે સે ઓજલ,**
**વર્તમાન કે મોહ ઝાલમેં આનેવાલા કલ ભૂલાય"**

તે મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાગણી છે, સાહેબ, અહીયા તો જે કવિતાઓ છેને એને સાંભળવાની આપણી શકિત હોવી જોઈએ, હમણાં જે કલાપીની સંવેદનાઓ કહીને એ સાંભળાવા માટેનું આપણું કૌવત હોવું જોઈએ પણ ત્યાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વૈશ્વિક દોડની અંદર આપણે આગળ જઈ રહ્યા છીએ એવું કહેવાતું હોય છે,પણ વિશ્વમાં દેશ કયાં છે અને દેશની અંદર ગુજરાત કયાં છે એના આંકડાની એક માત્ર સરખામણી કરીએને તો આ દેશનું આપણું જીડીપી ૧૧૯૦ ડોલરનું પ્રતિવ્યકિત છે છેલ્લા આંકડા મુજબ, અને જર્મનીમાં આંકડો ૪૧૦૦૦ કરોડનો હોય, યુએસએનો આંકડો ૪૮૦૦૦ કરોડનો હોય ઈંગ્લેન્ડનો આંકડો ૩૯૦૦૦ કરોડનો હોય અને ચાઈનાનો પણ આંકડો આપણા કરતાં ત્રણ ઘણો છે. ૩૬૦૦ કરોડ માનનીય અધ્યક્ષશ્રી, આપણે હંમેશાં જીડીપીની ચિંતા કરતા હોઈએ છીએ આ વિકસિત દેશોમાં, જાપાનમાં જીડીપી છેને એ એક ટકો પણ વધ્યો નથી અને અમૅરિકાનો તો અરધો ટકો ઓછો થયો છે. આ જીડીપીના કારણે માત્ર આ દેશો ની પ્રગતિનો આપણે આંક કાઢીએ આપણું કદાચ જીડીપી આ દેશનું સાત ટકા હોય, ચાઈનાનું આઠ ટકા હોય અને ગુજરાતનું કદાચ અગિયાર ટકા હોય પણ આ દોડની અંદર આપણે કયાં પહોંચશું એનો તો અંદાજ આપણે કાઢવો જોઈએને, કારણ કે તાકાતવાન બનવા માટે થઈને સક્ષમતા એક જરૂરી હોય છે, આપણી સક્ષમતા કેટલી? માત્ર વાયબ્રન્ટની અંદર બાર લાખ કરોડ રોકાણની આપણે વાતો કરીએ પણ અત્યાર સુધીના રોકાણના આંકડાઓ પત્રકાર પરિષદની અંદર અમારા નેતાશ્રીએ આપ્યા એનો જવાબ આપવાનું કૌવત આ સરકારનું ખરું માનનીય અધ્યક્ષશ્રી? કોઈએ આપ્યું ખરું? પ્રવકતાઓ, એમણે એમ કહ્યું કે જે ટોટલી ૨૦૦૭ સુધીના વાયબ્રન્ટની અંદરના જે જાહેરાત થઈ છે આઠ લાખ કરોડ ઉપરાંતની એની અંદરથી એકચ્યુલી જે રોકાણ આવ્યું છે એ એક લાખ કરોડનું કે ૭૬ હજાર કરોડનું આવ્યું છે. જે આંકડાઓ છે એ મુજબ. બાકી આવવાનું છે આવશે એમ કરીને મોટી જમીનો આ રોકાણકર્તાઓને સરકાર પાણીના ભાવે આપી દેતી હોય છે એટલે આના કારણે આ જ પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોલેરામાં કોણ આવી રહ્યું છે, દહેજમાં કોણ આવી રહ્યું છે, સ્પેશિયલ ઈકોનીમીક ઝોનમાં કોણ આવી રહ્યું છે તો જે પાંચ મોટા માથાઓ જે ગણવામાં આવે છે હું એ નામ નહીં લઉ, કોઈની લાગણી દુભાવવાનો અમારો ઈરાદો પણ નથી. આ બિલ એટલા માટે લાવવામાં આવ્યું છે કે જે દિલ્હીથી મુંબઈનો એક કોરીડોર એક રેલવે લાઈનનો થતો હોય તો માત્ર એટલા એરિયા પૂરતું સીમિત જો હોતને આની અંદર તો આખા રાજયની જમીનો આવી જતી હોય અને એની અંદર બિલ માત્ર રજૂ કરવામાં આવ્યું છે, પ્રાદેશિક વિકાસ સત્તા મંડળ નીચેના સભ્યોનું બનેલું રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પ્રજાકીય સભ્યોનો કયાંય ઉલ્લેખ દેખાતો નથી. રાજય સરકાર એના અધ્યક્ષની નિમણૂક કરશે. ઉપાધ્યક્ષની નિમણૂક કરશે અને સરકારી હોદ્દાની રૂએ બે અધિકારીઓ આવશે અને બાકીના સરકારી મહેરબાનીના કારણે આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના વિકાસની વાત માનનીય અર્જુનભાઈ કરતા હતા ત્યારે ભૂતકાળના થોડાક સંભારણા મને યાદ આવ્યાં, આપણા જ સૌરાષ્ટ્રના એ યુવાન પ્રધાનને કેન્દ્રમાં કૉમર્સ મિનિસ્ટર થયા મનુભાઈ શાહ, અને એમણે વાપી મુંબઈની નજીકમાં છે એને કારણે આખો એક પ્રદેશ વિકસાવ્યો, અને રાજયની શરૂઆત પછી આપણા જે ઔદ્યોગિક કોરપોરેશનો, ગુજરાત સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ કોરપોરેશન, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કોરપોરેશન, અને ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોરપોરેશન, તો જીઆઈડીસી એક બચ્યું છે બાકીના બે બંધ કરવાની અણીએ આપણે અત્યારે પહોંચ્યા છીએ.

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી આજે આ બિલ લાવ્યા છે ત્યારે આ જે જીઆઈઆઈસી ના એમની પાસે જે ફોલિયો હતા જે એમઓયુ જે ઉદ્યોગોની સાથે થતા એને કારણે આર્થિક નુકસાનીમાંથી તો બચી ગયું, જીએસએફસીને બચાવવા માટેની કોઈ વાયબ્રન્ટ ગુજરાતની અંદર કોઈ વ્યાખ્યા નથી કરવામાં આવી. આપણે ઉપરથી નામો ચેકતા જઈએ અને નીચેથી ઉમેરતા જઈએ એવી પરિસ્થિતિ આજે ઉદ્યોગ વિભાગને, ઉદ્યોગ મંત્રીશ્રીએ ઊભી કરેલી છે, આ કોરીડોર થશે અને માનનીય અધ્યક્ષશ્રી, આ એરિયા તો ડેવલપ થયેલો છે, આપણે યુવાનોને રોજગારી આપવાની વાત કરીએ તો હમણાં જ માનનીય શ્રમ મંત્રીશ્રીએ આપેલા આંકડાઓ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીની જાણ માટે રજૂ કરવા માગું છું. એમાં સૌથી પહેલાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો રોજગાર કેન્દ્રનો એક સવાલ કોઈએ પૂછેલો. અને ત્યાં ૧૨૦૧૫ રોજગાર વાંચ્છુઓની નોંધણી થઈ એમાંથી કેટલા લોકોને રોજગારી અપાય? તો માત્ર ૬૭૫ ને, ગુજરાત યુનિવર્સિટીની અંદર આવું જ શિક્ષિતો માટેનું રોજગાર નિયમન કેન્દ્ર છે એમાં ૮૩૭૮ રોજગાર વાંચ્છુંઓની નોંધણી થઈ છે એમાંથી રોજગારી કેટલાને અપાય? માત્ર ૧૧૮૪ ને. આના કરતાં પણ વધારે ખરાબ વાત હોય તો કચ્છ જિલ્લામાં ૧૮૪૧૩ રોજગાર વાંચ્છું યુવાનોની નોંધણી થઈ એમાંથી કામ

કેટલા લોકોને મળ્યું? તો માત્ર ૮૫ લોકોને, ભાવનગર જિલ્લામાં વિભાવરીબેનનો એક પ્રશ્ન હતો એના જવાબમાં ૧૨૧૬૩ રોજગાર વાંચ્છુંઓની નોંધણી થઈ એમાંથી ૨૦૦૮માં કામ કેટલા લોકોને મળ્યું? તો માત્ર ૬૨ લોકોને..આવા જ આંકડાઓ અનેક જિલ્લાઓના મારી પાસે છે. બનાસકાંઠામાં ૩૧૨૫૩ યુવાનોની નોંધણી થઈ એમાંથી કામ કેટલા લોકોને મળ્યું એ પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લો છે કે વડોદરા જિલ્લો છે એ નસીબદાર છે ત્યાં ૮૭૮૮માંથી ૧૯૮૧ને રોજગારી મળી છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ બધી જ વિગતો ગૃહમાં આવી ગઈ છે એટલે આપ પુનરુકિત ન કરો, આ બિલની ચર્ચા પર આવો. આપ ખૂબ જ અભ્યાસુ છો. માટે બિલ ઉપર અભ્યાસ કરીને બોલો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વાત કરવા માટે મારે બેઈઝ તૈયાર કરવો પડેને? બેઈઝ વગર મારે કેવી રીતે મારી વાતને મૂકવી? માનનીય મંત્રીશ્રી સક્ષમ છે એ મારા બધા સવાલોના જવાબ આપશે. આજે લાખો લોકોને રોજગારી આપવાની વાતો કરતા હોઈએ છીએ ત્યારે આના કારણે લગભગ ૧ લાખ કરતાં વધુ લોકોને રોજગારી માત્ર કચ્છ જિલ્લામાં આપી શકાશે એવી વાત થાય છે ત્યારે મારે કહેવું છે કે, ૮૫ ટકા સ્થાનિક રોજગારીની બાબતોને કારણે રાજય સરકારે વેલ્યુએડેડ ટેકસની અંદર ૨૦૦૫ પછી રજૂઆત કરી અને એને કારણે યુ.પી.એ. સરકારે એક વર્ષ વધારી દીધું અને એની અંદર જે ૫ હજાર કરોડના ઉદ્યોગો આવ્યા એની અંદર પણ ૮૫ ટકા સ્થાનિક રોજગારી આપી શકાય છે ખરી? આ ઉદ્યોગોને જમીન રાજય સરકાર આપે છે ત્યારે એની પાસેથી કબૂલાત તો આપણે લઈએ કે જે સ્થાનિક યુવાનો છે એને રોજગારી મળી રહે. મારે દાખલો આપવો છે કે ખાનગી ઉદ્યોગકારોમાં અરવિંદ મફતલાલે થાણે બેલાપુર રોડ ઉપર જે ઈન્ડસ્ટ્રીઝ નાંખી છે એમાં ગામના સરપંચને સાથે લઈને ગામના કેટલાય યુવાનોને એમાં રોજગારી આપવાની ખાતરી આપી અને પરસ્પરનો એનો સંબંધ થયો હતો. આજે પરિસ્થિતિ એ છે કે, જે ઉદ્યોગો આવતા હોય એની આજુબાજુના ગામડાઓની સાથે એણે સતત સઘર્ષમાંા રહેવું પડે છે. એ યુવાનોને કામ મળે નહીં અને યુવાનો કામ લેવા માટે જાય તો તમે અમારા ઉપર ટોર્ચરીંગ કરી રહ્યા છો એવી ફરિયાદ કરે એને કારણે કોઈ કો-ઓર્ડિનેશન થતું નથી તો આપણે ત્યાં કડક રીતે એનું પાલન થાય એ જરૂરી છે. કારણ કે આની અંદર પણ જમીનો સાધ્ય કરવામાં આવે છે. ૫૦ કે ૧૦૦ ચોરસ કિલો મિટરનો વિસ્તાર હોય એનો આ ઔદ્યોગિક ઝોન થાય એટલે એનો એક્ટ બનાવવો પડે. દાખલા તરીકે સુરતની અંદર હજીરાની એક ઓથોરિટી છે અને ત્યાં સરીગામી પાસે પણ આપણે ઓથોરિટી કરેલી હતી અને કેટલીક ઓથોરિટીઓ આપણે નાબૂદ પણ કરવી પડી હતી અમુક કારણોને લીધે. તો આવી ઓથોરિટીઓ કરવી પડે ત્યારે સ્થાનિક પ્રજાના જે પ્રતિનિધિઓ છે એનો જો આની અંદર અવાજ હોય તો જ એ સ્થાનિક પ્રજાને ન્યાય મળી શકશે નહીંતર ઉદ્યોગો અને સ્થીનક લોકો વચ્ચેનું ઘર્ષણ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કોઈક ઠેકાણે પાઈપલાઈનો નંખાતી હોય છે ત્યારે ખેડૂતને જમીનના વળતર સંબંધીત કેન્દ્ર સરકાનો જે કાયદો છે એને આધારે મળવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ નામદાર આંધ્ર હાઈકોર્ટનો એક ચૂકાદો આવ્યો એમાં એક ગેસ કંપનીની પાઈપ લાઈન એક ખેતરમાંથી પસાર થવાની હતી એ થવાની નામંજૂરી આપી ત્યારે એમણે સુપ્રીમ કોર્ટની અંદર ઘુંટણિયે પડીને કહવું પડયું કે, અમે બજાર ભાવે વળતર ચૂકવીશું. તો અત્યારથી જ આપણે ત્યાં આની કાળજી લેવામાં આવે કે જે જમીનો સાધ્ય કરવામાં આવતી હોય એ જમીનો નિયમ અનુસાર જ સાધ્ય કરવામાં આવે. કારણ કે એ નાના ખેડૂતોને કે લોકોને ખબર નથી હોતી અને જયારે જાહેરનામુ બહાર પાડવામાં આવે ત્યારે ખબર પડે કે મારી જમીન તો લઈ લેવામાં આવી છે. તો એને વળતર આપવા માટેની આમાં જે વ્યવસ્થા છે એ અંગે યોગ્ય જોગવાઈ કરવામાં આવે. હું રિપિટેશન નહીં કરું કારણ કે, અમારા સીનીયર નેતા અર્જુનભાઈએ આ અંગે ખૂબ વિસ્તૃત વાતો કરી છે અને ગુજરાતના ઈન્ડસ્ટ્રીયલ બેઝની પણ વાતો કરી છે ત્યારે માત્ર અમે કર્યુ છે, અમે કર્યુ છે એ ભાવની અંદર, એ ખ્યાલની અંદરથી આ સરકાર નીકળી જાય અને વાસ્તવિકતા સમજે થોડી, આ રાજય થયું ત્યારથી ગુજરાતની અંદર ઔદ્યોગિક વાતાવરણ ખૂબ સારું હતું. એક પ્રસંગની હું વાત કરું છું કે મુંબઇના મર્ચન્ટ ચેમ્બરની અંદર, ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, અધિકારીઓ સાથે ત્યાંના વેપારી મંડળે, મુંબઇ વેપારી મંડળ ખૂબ મોટું વેપારી મંડળ છે, રાષ્ટ્રભરમાં એની પ્રતિષ્ઠા છે, વિશ્વભરમાં એનું નામ છે, મર્ચન્ટ ચેમ્બર, ત્યાં એમણે ભય વ્યક્ત કર્યો કે ગુજરાતમાં આટલી બધી સરકારો બદલાતી જતી હોય છે અમારે રોકાણો કરવા આવવું હોય તો કઈ રીતે આવવું, ઉદ્યોગમંત્રીશ્રીએ એ જવાબ આપવાનો હતો એના બદલે મેં એ જવાબ આપેલો અને મેં એમને કહ્યું હતું કે ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ છે એટલું જ નહિ, પરંતુ જે સરકારો આવે છે એ ઉદ્યોગોને જે કમિટમૅન્ટ પાછલી સરકારે આપ્યું હોય છે એનું પાલન કરે છે અને ફોલો અપ કરે છે અને એના કારણે જ આ દેશની અંદર ૧૮ વર્ષથી એક રાજયમાં સ્થિર સરકાર છે એનો નંબર પહેલો હતો, એ પાંચમો છઠ્ઠો આવી ગયો છે અને ગુજરાતનો નંબર પહેલો બીજો આવી ગયો છે, અમે પણ ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રની અંદર પહેલો નંબર આવે એના હિમાયતી છીએ એના વિરોધી નથી, અમને કોઈ મીસકોડ ના કરે, પણ એની અંદર જે મે કહ્યુંને, એ શબ્દો ફરીથી રીપીટ કરું છું.

**'હમ મુકામ કો સમજે મંઝિલ, ઔર લક્ષ્ય હુઆ આંખો સે ઓઝત,**
**વર્તમાન કે મોહજાલ સે આનેવાલા કલ ના ભૂલીએ'**

આવતા દિવસોને આપણે ભૂલીએ નહિ, આપણું લક્ષ્ય સર કરવા માટે આપણે જવાનું છે ત્યારે આ બિલની અંદર જે વિસંગતતાઓ છે એના માટે થઈને સિલૅક્ટ કમિટીને, પ્રવર સમિતિને આ આપવામાં આવે અને એમાં જે કંઈ ખામીઓ હોય એ દૂર કરીને પછી જ આ ગૃહમાં લાવવામાં આવે એવી હું આપના માધ્યમની વિનંતી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ બિલ ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા છે, માનનીય અર્જુનભાઈએ પણ ઘણી બધી વાત કરી છે, તો એ વિશે પણ થોડી સભ્યશ્રીઓને માહિતી આપું, વાયબ્રન્ટ, વાયબ્રન્ટ, વાયબ્રન્ટ, એની ઘણી બધી વાતો થઈ, વાયબ્રન્ટની સફળતા પર વાત થઈ, ખાલી મારે આ હાઉસને એકજ માહિતી આપવી છે કે, આ વિધાનસભાના સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલ, એમને આર.ટી.આઈ.માં ૧૭-૨ના રોજ રવાના કરેલો આ પત્ર, એમણે માહિતી માગી હતી કે વાયબ્રન્ટ ગુજરાત વિશે એમણે ઘણા બધા સવાલો પૂછેલા, પણ હું એકજ સવાલની આ સભાગૃહમાં વાત કરું છું, સમિટ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ.માં સફળતાનો અંક શું છે, એનો જવાબ આપ્યો છે, આર.ટી.આઈ.ની અંદર આપણા ધારાસભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલને જવાબ આપેલો છે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ, ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ની સફળતાનો અંક નીચે પ્રમાણે છે, ૨૦૦૩માં કુલ પ્રોજૅકટ ૮૦, ટકા ૫૮.૭૫ ટકા સફળતા, ૨૦૦૫માં ૨૨૬ અને ૬૬.૦૭ ટકા અને ૨૦૦૭માં..

## પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૉઈન્ટ ઓફ કલેરીફીકેશન કરું છું. માનનીય મંત્રીશ્રી આર.ટી.આઈ. કોડ કરીને કહે છે, જેના મને પણ આંકડાઓ મળ્યા છે, મેં માંગેલું હતું કે ઉત્પાદનમાં ક્યા ગયા, માનનીય મંત્રીશ્રી સફળતા એટલે ૫૦૦૦નું એમ.ઓ.યુ. થયું હોય અને ૧ રૂપિયાનું કામ થયું એને સફળતા ગણીને કહે છે કે ખરેખર ઉત્પાદનમાં ગયેલા કહે છે, કારણકે મારી પાસે પણ આર.ટી.આઈ. નું જ છે તો મારે અપીલ ફાઈલ કરવી પડે અગેઈન્સ્ટ ધેટ ઑફિસર એટલે આપ સફળતા એટલે ૧૦૦ ટકા એટલું રોકાણ આવ્યું છે એમ કહો છો કે ના, એટલો જ પોઈન્ટ ઓફ કલેરીફીકેશન છે.

**શ્રી સૌરભ પટેલ:** સફળતાનો ગુજરાતીમાં અર્થ આપ ડિક્સનેરીમાં જોઈ લેજો સફળતા એટલે સકસેસ, પ્રોજૅકટના કેટલા સકસેસ છે એની વાત છે અને આ કુલ પ્રોજૅકટમાં ૨૦૦૩ (અંતરાય) હું જવાબ આપું છું સાહેબ, જવાબ સાંભળતા નથી સાહેબ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન માગું છું આપે રક્ષણ તો આપવું પડેને મને. I have raised a point of clarification. It is my right.

**અધ્યક્ષશ્રી** : એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રશ્ન કેટલા પ્રોડક્શનમાં ગયા એને એ સફળતા માને છે અને તમે ઉદ્યોગો આવી ગયા અને કરાર થયાં અને પાઈપલાઈનમાં છે. બન્નેના સ્ટેજ અલગ અલગ છે એટલું જ છે તમારી પાસે જે માહિતી હોય તે તમે આપો,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કહ્યું એટલું જ હું જાણવા માંગુ છું તેમની સમજણ પ્રમાણે તે સફળતા ને જો આ ગણતાં હોય, મારી વાત પૂરી થઈ જાય છે. એટલે તે એટલું કહીને પછી આગળ વધે. I have no problem. I want this clarification only.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, તમે કે હું મંત્રીશ્રીએ શું જવાબ આપવો. (અંતરાય.) કલેરીફીકેશન છે તે તેમનું પ્રવચન પૂરું થઈ જાય પછી હું તમને તક આપીશ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી કહું છું કે સફળતા સભ્યશ્રીએ પૂછ્યું, ધારાસભ્યશ્રીએ અને સફળતાની અંદર RTI માં જવાબ આપ્યો ૨૦૦૭માં ૪૫૪ પ્રોજૅકટ કુલ એમ.ઓ.યુ.થયા છે. તેમાં ૩૦૦ પ્રોજેકટમાં સફળતા મળી છે અને ૬૬.૦૭ એટલે કુલ ત્રણે વાઈબ્રન્ટમાં ૭૬૦ પ્રોજૅકટનું કુલ સફળતા ૬૫.૩૦ એટલે આ આપણી સફળતા છે. એટલે આ જે પ્રશ્ન અર્જુનભાઈ પૂછતાં હતા તેનો આ જવાબ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી કે જાપાનનો કોઈ કાગળ છે? જાપાન એક કન્ટ્રી છે અને એ કન્ટ્રી આપણે વાઈબ્રન્ટ ગુજરાતમાં પાર્ટનર તરીકે થાય અને સભ્યશ્રી એમ કહે કે એ તો DMIC માં ભાગીદાર છે અને આમાં ભાગીદાર છે પણ વાઈબ્રન્ટમાં નથી? માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયની અંદર આપણી પાસે એટલી તો કલેરીટી હોયને કે કોઈનો ઓફિશ્યલ કાગળ ના આવ્યો હોય તેના વગર આપણે તેને સ્ટેજ ઉપર પાર્ટનર કન્ટ્રી બનાવીએ, તેમને સ્ટેજ ઉપર બેસાડીએ, સ્ટેજ ઉપર સન્માન કરીએ અને બ્રોસર્સમાં લખીએ કે પાર્ટનર કન્ટ્રી. સંમતિ વગર તો આપણે ના જ કરતાં હોઈએ ને? એટલે મને દુ:ખ થયું છે અર્જુનભાઈએ કહ્યું કે સંમતિ વગર તમે છાપી દીધું. છે સંમતિ? માનનીય શ્રી અર્જુનભાઈ, ગૌરવ થવું જોઈએ આપણને કે ગુજરાત એક માત્ર રાજય છે કે, જાપાન જેવી જાપાન કન્ટ્રીએ ગુજરાત જોડે એમ.ઓ.યુ.માં ભાગીદાર બન્યાં છે. અને એનું કારણ શું છે એમણે ગુજરાત જાપાનની ઇન્ડસ્ટ્રીઝે જે DMIC અને DFC માં ભાગીદાર બન્યું છે તેનું મૂળ કારણ શું છે કે ગુજરાતમાં તેમનો ઉદ્યોગ આવે તે ધ્યાનમાં રાખીને કર્યુ છે. એટલે ગુજરાતને તેમણે પાર્ટનર કન્ટ્રી તરીકે વાયબ્રન્ટમાં લીધાં. ત્રીજું અર્જુનભાઈએ ચિંતા કરી કે ભાઈ ઓડિનન્સ, ઓડિનન્સ ઓડિનન્સ અરે ભાઈ જૂના ઈતિહાસો તો જુઓ ૧૯૯૦માં છ ઓડિનન્સ થયા હતા. અમે નહોતા. ૧૯૯૧માં પાંચ થયા હતા, અમે નહોતા.

૧૯૯૨માં ત્રણ, ૧૯૯૩માં ચાર, ૧૯૯૪માં પાંચ, ૧૯૯૫માં સાત, ૧૯૯૬માં ૨૧, આ તમે જે આજે બોલ્યા છો તે આ વખતના મુખ્યમંત્રીશ્રીઓએ સાંભળ્યું હોત તો શું થયું હોત ? ૯૭ અને અમે કેટલાં ૨૦૦૮માં એક જ, ૨૦૦૯માં એક જ, ૨૦૦૭માં બે, ૨૦૦૫માં એકે નહીં એટલે ઑર્ડિનન્સ લાવવાનું કારણ મૂળ તો એકનું એક જ કારણ કે વાયબ્રન્ટ ગુજરાત જે આવતું હતું અને તે પ્રમાણે આપણે ઝડપ પકડી અને તે ઝડપ પકડી અને લાભ લઈ અને વધારેને વધારે એમ.ઓ.યુ. થાય અને એ એમ.ઓ.યુ.ની અંદર early bird ના પ્રોજેકટો સ્થપાય અને એ early bird પ્રોજેકટો અને કેન્દ્રનો આપણે કેવી રીતે ઉપયોગ કરી શકીએ એના કારણે એમનો ઓડિનન્સ આવ્યો હતો. ગુજરાતના રોકાણની અર્જુનભાઈએ વાત કરી ખાલી મારે એટલું જ કહેવું છે આર.બી.આઈ.ના તો આંકડા બોલી ગયો હું મારી Deustch Bank નો રિપોર્ટ કહું છું Deustch Bank નો રિપોર્ટ ૨૦૦૭ indicates that Gujarat is the most favoured destination for investment in the infrastructure sector on the basis of socia-economic infrastructure માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારનો અહેવાલ આપું હમણાં જ એલ.ઓ.આઈ. એટલે શું ? Letter of Intent તેની અંદર ગુજરાત પ્રથમ સ્થાને, મહારાષ્ટ્ર બીજા સ્થાને IEM implemented માં અત્યાર સુધી પ્રથમ સ્થાને ગુજરાત, બીજા સ્થાને મહારાષ્ટ્ર. ત્રીજું આર.બી.આઈ.ના Studies ૨૦૦૭-૦૮નું પ્રથમ સ્થાને ગુજરાત. અને ચોથું જે લેબરની વાત કરી labour unrest ની વાત કરી labour unrest ની અંદર પણ સૌથી ઓછાં જો mandays થયા હોય તો એ ગુજરાતમાં થયા છે. આ કેન્દ્ર સરકારનો રિપોર્ટ છે આપણો રિપોર્ટ નથી. માનનીય સભ્યશ્રી બાબુભાઈએ થોડી વાત કરી કે ભાઈ ગુજરાતની અંદર બેરોજગારી અરે, ગુજરાતની અંદર આખા દેશમાં સૌથી વધારે રોજગારી આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૫૫ ટકા રોજગારી ગુજરાત રાજય આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીની વાત કરી. હમણાં વાત કરી કે વીજળીના ભાવ વધવાના અને એને લીધે ઉદ્યોગોને નુકસાન થાય. ગઈકાલની પ્રશ્નોત્તરીના સવાલનો જવાબ વાંચું છું. ૮/૧૨/૨૦૦૮. કોલસાના પરવાનાનું ટેબલ ૧૪૦થી ટેબલ ૧૫૦માં ફેરફાર કરતા, એટલે કે કેન્દ્રના રેલવે ડિપાર્ટમેન્ટ દ્વારા ટેબલ ૧૪૦થી ૧૫૦માં ફેરફાર કરતા પરિવહનનો ખર્ચ પ્રતિ મેટ્રિક ટન ૧૨૬૦થી ૧૩૫૭ થયો. આ એક જ મહિનામાં. જેને કારણે પ્રતિ યુનિટ ખર્ચ ૧.૪૯ થી વધી ૧.૫૬ થયો છે. એટલે કે પ્રતિ યુનિટ ૭ પૈસાનો વધારો થયો છે. આ એક જ ટેબલ ફેરવવાને કારણે. દિલ્હીમાં શું છે? બજેટમાં બધા વાહ વાહ કરે અને નોટિફિકેશન દ્વારા ટેકસ, ટેબલ બદલી નાંખ્યું. ગુજરાતમાં ભારણ નાંખ્યું. આવું રાજકારણ?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ સવાલ પણ કેવા પૂછે છે? એ પણ હું આપને કહું. શ્રી મોહનસિંહ રાઠવાજીએ ખર્ચમાં પૂછયું કે ઈંધણનો ખર્ચ, ગેસમાં વધારો થયો છે એના કારણે વીજ બિલમાં વધારો કેમ થયો? ડિઝલ કે પેટ્રોલ તો વપરાતું નથી. એના ભાવ ઘટાડયા, પણ બીજી બાજુ પેટ્રોનેટ એલ.એન.જી.ના ડિસેમ્બર ૨૦૦૮માં ૯.૩૧ પ્રતિ કયૂબીક મીટર. પહેલી જાન્યુઆરી, ૨૦૦૯થી ૧૨.૩૬ થયા. એનું ભારણ માસિક ૨૪ કરોડ રૂપિયા. એટલે કે ૩૨ ટકા. આ આપણા દેશની કોંગ્રેસની, સોરી..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપણે સમયની સાથે બંધાયેલા છીએ. આપ મુખ્ય મુદ્દા પર રહો અને પછીથી અગત્યના મુદ્દા (અંતરાય) મેં બધું સાંભળ્યું છે. (અંતરાય) એક મિનિટ. માનનીય મંત્રીશ્રી. બિલ લાવવાના હેતુઓનું સ્પષ્ટીકરણ આપે પહેલા કર્યુ છે. હવે ચર્ચાનો જવાબ આપવાનો આપનો અધિકાર છે. એ માટે પૂરતો સમય આપવાની પણ મારી તૈયારી છે. પરંતુ અગત્યના મુદ્દા પર આપ કહેશો, કારણ કે આના ઉપર આપનો પાછો સરકારી પ્રસ્તાવ પણ આવે છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ જે વાત કરી. ગેસના ભાવમાં વધારો. આના કારણે ચોકકસ વીજળીના ભાવમાં ઉદ્યોગોને વધારો થવાનો છે. એ કેન્દ્ર સરકારના ફયુઅલ સરચાર્જમાં આવે. સાચું પૂછો તો હું કયારનો નોટિસ કરતો હતો, હકીકતમાં બિલના હાર્દ સાથે તો બધા સંમત થયા છે, બિલની બહાર જ ટીકાઓ કરી છે. વાયબ્રન્ટની ટીકા કરી છે, ફયુઅલ સરચાર્જની ટીકા કરી છે, કોઈએ લેબર માટે ટીકા કરી, કોઈએ ઓર્ડિનન્સ લાવવાની ટીકા કરી. હાર્દ સાથે સંમત છે બધા. એટલે એ માટે કોઈની ટીકા નથી. કોઈએ નાણાકીય પરિસ્થિતિ માટે ટીકા કરી છે. એના માટે મારી પાસે જવાબ છે, કે આપણે કયા સ્થાન પર છીએ. આજે સમય નથી એટલે એની ચર્ચામાં પડતો નથી.

અહીં ડાયમંડ ઉદ્યોગની ચિંતા કરવામાં આવી. હકીકતમાં જો ડાયમંડ ઉદ્યોગને કોઈએ બચાવવો હોય તો એ કામ કેન્દ્ર સરકાર કાલે જ કરી શકે છે. કાલે જ કરી શકે છે. એનું કારણ શું છે કે ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીમાં મંદીના બે કારણો છે. એક તો લીકવીડીટીનો પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન છે તે ડીમાન્ડનો છે. ડીમાન્ડ તો આપણે ક્રીએટ ન કરી શકીએ, પણ હિન્દુસ્તાન ડાયમન્ડ કંપની જે કેન્દ્ર સરકારની છે, એ રફ ડાયમન્ડ ખરીદે અને એ ખરીદીને મજૂરોને કામ કરવા માટે આપે અને મજૂરી લઈને પાછી આપે તો કાલે ને કાલે જ બધા ચાલુ થઈ જાય. આપણા મુખ્યમંત્રીશ્રીએ અનેક કાગળ કેન્દ્રમાં લખ્યા, અમે પણ લખ્યા, બધાએ લખ્યા. (અંતરાય) આ વિષય અગત્યનો છે. મને સમજાવવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, તો કાગળ લખ્યા પછી રીઝર્વ બેંકના ગવર્નર અહીં આવ્યા, અને રીઝર્વ બેંકના ગવર્નરે મિટીંગ બોલાવી, અને હું જાતે એ મિટીંગમાં હાજર હતો, એમાં એક ટાસ્કફોર્સ નકકી થયું એ ટાસ્ક ફોર્સની અંદર

રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ગવર્નરે કબૂલ કર્યુ કર્યુ કે હિન્દુસ્તાન ડાયમન્ડ કંપની જો આ કામ ચાલુ કરે તો તાત્કાલિક શરૂ થઈ શકે અને ૨૮મી પહેલા એમને રિપોર્ટ આપવનો એમણે ઓર્ડર કર્યો, ટાસ્ક ફોર્સ બે વાર સુરત જઈ આવ્યું અને આજ કાલમાં તેનો અહેવાલ આપશે અને જો સફળતા મળી તો આજ કાલમાં હિન્દુસ્તાન ડાયમન્ડ રફ ડાયમન્ડ આપશે અને જોબ વર્ક પણ આપશે. ગુજરાત સરકારે પ્રયત્નો કર્યા, (અંતરાય) કેન્દ્રએ મોકલ્યા તો પહેલા મોકલવા હતા ને. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓનો આભાર માનવો છે કે આ બિલ ઉપર એમણે પોતાના વિચારો રજૂ કર્યા છે અને મોટા ભાગના ઈશ્યુમાં બધાએ બિલ માટે બધાએ સંમતિ આપી છે તે બદલ આભાર માનું છું.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**પહેલા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું, પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૯નું ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૧, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું, પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૯નું ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : વિધેયક પસાર કરવામાં આવે છે.**

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ફોયરમાં ખાખી વરદીવાળી પોલીસની હાજરી અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું એક ધ્યાન દોરવાનું છે. મેં આપને હમણાં જાણ પણ કરી છે.

**અધ્યક્ષશ્રી** : આપે ચિઠ્ઠી મોકલી છે. મેં તપાસ કરવા જ સચિવશ્રીને મોકલ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું સાહેબ, બે-ત્રણ દિવસથી જોઉં છું. હું સાક્ષી છું કે એમાં કદાચ કોઈ ઈન્કાર કરે તો મને વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસ ચાલુ થયું ત્યારથી શરૂ કરીને આજ દિવસ સુધી મુખ્યમંત્રીશ્રીની ચેમ્બર અને વિરોધ પક્ષના નેતાની ચેમ્બર બેયની વચ્ચેનું જે ફોયર છે. ત્યાં ખાખી વરદીની અંદર પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ સતત હાજર રહે છે. ત્યાં સુરક્ષા વ્યવસ્થાની સામાન્ય રીતે જરૂર નથી. અત્યાર સુધી એવી કોઈ ઘટના પણ બની નથી. છતાં એમાં જરૂર પડે તો આપે વધારાના સાર્જન્ટ ત્યાં મૂકવા જોઈએ તેમાં અમે ના પાડતા નથી પરંતુ, આ ઔચિત્યનો ભંગ થાય છે. આપના અધિકારને પણ ત્યાં વાયોલેટ કરે છે એટલે એ ખાખી વરદીમાં જેમણે પણ આ હુકમ કર્યો હોય એમને આપે સૂચના આપવી જોઈએ અને જરૂરી જે કોઈ કાર્યવાહી, પગલાં લેવા કે જે કોઈ કાર્યવાહી કરવાની હોય, આપની કક્ષાએથી કરવી જોઈએ અને હવે ત્યાં ન રહે તેવી સૂચના આપે આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હાલ જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાં સુરક્ષા વ્યવસ્થા વધારે સઘન કરવાની, ઘનિષ્ઠ કરવાની જરૂર હતી, રાજયમાં આતંકી હુમલાઓની સામે એક પરિસ્થિતિ પેદા થાય, તે માટે આ વિધાનસભા ગૃહને પણ લક્ષ ન બનાવાય એટલા માટે પોલીસ તંત્ર સાથે બેસીને ચર્ચા કરી હતી અને જે વિસ્તારો અધ્યક્ષે જાહેર નથી કર્યા એ વિસ્તારો પ્રિસીકન્ટસ તરીકે જાહેર નથી કર્યા એ વિસ્તારોમાં એમને આવવાની છૂટ આપી હતી, સુરક્ષા માટે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપના વિસ્તારમાં છે તેને દૂર કરાય અને માનનીય સભ્યશ્રી જાત માહિતીથી કહે છે એટલે એને દૂર કરાય એટલી જ લાગણી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. મેં તરત જ સેક્રેટરીને અહીંથી તપાસ કરવા મોકલ્યા છે. વિધાનસભામાં જાહેર કરાયેલા પ્રિસીંકન્ટસ સિવાયના જે વિસ્તારો છે ત્યાં સિક્યોરિટી દળ, સલામતી દળ રહેશે.

## સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક,૨૦૦૯

**સન ૨૦૦૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૦૯ના ગુજરાત પૂરક વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૪, સન ૨૦૦૯ના ગુજરાત પૂરક વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : આજે પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા હાથ ધરવાની છે. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા ૧૫ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરી કરવાની હોય છે. પરંતુ આજે અન્ય સરકારી વિધેયકો, સરકારી સંકલ્પો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ હાથ ધરવાનો છે. પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટેના મુદ્દા આપનાર સભ્યશ્રીની સંખ્યા જોતાં મને મળેલી નિયમ-૨૩૯ હેઠળની સત્તાની રૂએ હું દરેક સભ્યશ્રીને ચર્ચામાં ભાગ લેવા માટે બે મિનિટનો સમય ફાળવવાનું ઠરાવું છું. તદ્અનુસાર ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મોટા શહેરોમાં જ્યારે લૂંટ અને બીજા બનાવો બને તે માટે અગાઉ ભરચક બજાર- શાક માર્કેટમાં પોલીસ પૉઈન્ટ મૂકવામાં આવતા હતા. જેથી ગુનાનું પ્રમાણ ઘણું ઓછું થતું હતું. છેલ્લા ઘણા સમયથી પોલીસ પૉઈન્ટ ગોઠવાતા નથી, પોલીસ કર્મચારીઓ પોલીસ સ્ટેશનમાં બેસી રહે છે અને આવી જગ્યાએ દેખાતા નથી. જેથી ગુનેગારોને મોકળું મેદાન મળ્યું છે અને ગુનાઓ કરીને જતા રહે છે. ચોરી, લૂંટ, ધાડ અટકે તે માટે જે વિસ્તારો પોલીસ સ્ટેશન નથી આવતા ત્યાં પોલીસ પૉઈન્ટ ગોઠવવા માટેનો આદેશ બહાર પાડી એનો અમલ કરાવવો જોઈએ અને પોલીસ કર્મચારીઓ પાસેથી પૂરતું કામ લેવું જોઈએ. એમની સંખ્યા ઘણી ઓછી છે તો પૂરતી સંખ્યામાં મૂકવા જોઈએ અને ગુનાઓ બનતા અટકાવવા જોઈએ.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં ખૂન-લૂંટ- ધાડ અને બળાત્કાર જેવા કિસ્સાઓ ઘણા બની રહ્યા છે અને એ બનાવો બન્યા પછી આરોપીઓને પકડવામાં ઘણી તકલીફ પડે છે અને તે પકડાતા નથી એવા મુદ્દા આપણી પાસે છે. એના માટે આ બધા વિસ્તારોમાં સ્ટાફની જરૂર છે. અને વધારાનો જે સ્ટાફ છે એમને રૂ.૨૫૦૦/- નું પગાર ધોરણ છે. એમના પગારમાં વધારો કરવામાં આવે તો તેઓ સારી રીતે ફરજ બજાવી શકે. કારણ કે, હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર મહારાષ્ટ્ર અને ગુજરાતની બૉર્ડર ઉપર છે અને એ ઉચ્છલ જેવા વિસ્તારમાં છેલ્લા છ-છ મહિનાથી પી.એસ.આઈ.ની જગ્યા ખાલી છે. આ જગ્યા ખાલી હોવાના કારણે આવા બનાવો બને છે. તો આ જગ્યા ભરવામાં આવે અને આવા બનાવો ન બને તે માટે તકેદારી રાખવામાં આવે તેવી અપેક્ષા રાખું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદથી ગાંધીનગર સચિવાલયમાં કર્મચારીઓને આવવા માટે એસ.ટી. નિગમ તરફથી પૉઈન્ટની બસો મૂકવામાં આવે છે અને આ કર્મચારીઓ પહેલેથી એડવાન્સમાં માસિક ભાડુ ચૂકવતા હોય છે. પરંતુ કેટલીકવાર કોઈક પ્રસંગોસર તેમજ સરકારી પ્રોગ્રામોના કારણે એકાએક આ બસો રદ કરવામાં આવે છે અને એની સામે કર્મચારીઓ સમયસર પોતાની ફરજ પર હાજર થઈ શકતા નથી. એની સામે કર્મચારીઓએ સમયસર આવે તે માટેના પરિપત્રો આપેલા હોય છે. પરંતુ આ બસો રદ થવાના કારણે કર્મચારીઓ છે એ કર્મચારીઓ મોડા પડે છે. એટલા માટે એમને ખાનગી વાહન પકડવા પડે છે અને ખાનગી વાહનોના દર ખૂબ ઊંચા હોય છે અને મારે એ વિનંતી કરવાની છે કે આ વધારાનું ભાડુ ચૂકવવામાં આવે છે એનું વળતર આપવામાં આવે અને આવા પ્રસંગોએ પૉઈન્ટ બસો છે એ ફાળવવી જોઈએ નહીં.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઘર વપરાશના વીજ ગ્રાહકોને બે માસના બદલે માસિક બિલ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા અને નિષ્ફળતા. આ બાબત મારે એ ધ્યાન દોરવું છે કે, તા.૧૮-૨-૨૦૦૯ની પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય ઊર્જા મંત્રીશ્રીએ જવાબ આપેલ છે કે, ઘર વપરાશના બિલ છે એ બે મહિને અપાય છે અને ૨૦૦ યુનિટ સુધી સામાન્ય રીતે ભાવ વધારો લાગુ પડતો નથી. સામાન્ય રીતે બે મહિને બિલ આપવામાં આવે તો ૨૦૦ યુનિટ થઈ જતા હોય છે, જેથી ૨૦૦ યુનિટ સુધીનો લાભ

---

* વિધેયક તા. ૨૭મી ફેબ્રુઆરી,૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મળતો નથી. આમ આપો આપ ભાવ વધારો થઈ જતો હોય છે અને એના કારણે આ ભાવ વધારો લાગુ પડે છે. જો એને દર મહિને બિલ આપવામાં આવે તો આ ભાવ વધારો એને અસર કરતો નથી. મારી માગણી એ છે કે, સામાન્ય રીતે વીજ બિલ આપવામાં આવે છે એ દર મહિને આપવામાં આવે અને વિદ્યુત શુલ્કની રકમ છે એ વધતી નથી અને એની સાથે ફિકસ ચાર્જ પેટે રૂ.૧૦/- વસૂલ કરવામાં આવે તો એનો લાભ તમામ ગ્રાહકોને મળે. આમ દર મહિને વીજ બિલ મળે એવું આયોજન કરવું જોઈએ.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વસાહતોમાં જમીનો ગુમાવનાર ખેડૂતોને, ખાસ કરીને સ્થાનિક ઉમેદવારોને આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટેની કોઈ પ્રાયોરીટી આપવામાં આવતી નથી. કરોડો રૂપિયાના ખર્ચે મૂડીરોકાણ કરવામાં આવે છે પરંતુ એ ઔદ્યોગિક વસાહતોમાં જે તાલીમ પામનાર યુવાનોની જરૂર છે એવી સંસ્થાઓ સ્થાપવામાં આવતી નથી, એટલું જ નહીં ત્યાં જે ટ્રેડની જરૂર છે, જે કૌશલ્યવાળા યુવાનોની જરૂર છે એ મુજબના ટ્રેડ ફાળવવામાં આવતા નથી એટલું જ નહીં દહેજ અને ગંધાર ક્ષેત્રના મોટા જે ઔદ્યોગિક વિસ્તારો છે ત્યાંથી ૬૦ કિલોમીટર દૂર આઈ.ટી.આઈ. માટે વિદ્યાર્થીઓએ જવું પડે છે. ટ્રેડ અને ઔદ્યોગિક એકમો વચ્ચેની વિસંગતતા દૂર કરવાની અને જે મુજબના ટ્રેડની જરૂરિયાત છે તે તૈયાર કરવા માટે રાજય સરકારે લક્ષ આપવાની જરૂર છે અને અલગ અલગ સ્થળોના બદલે જ્યાં ઔદ્યોગિક વિસ્તારો છે તે જ વિસ્તારોમાં સ્થાનિક યુવાનોમાં પ્રાયોરીટી આપે એ પ્રમાણેની નીતિ બનાવવાની જરૂરિયાત છે.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નબળા બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ:ધબકતા કરવા માટે પૂરતી સહાય આપવામાં તંત્ર તેની ઉદાસીનતા, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગમંત્રીશ્રીએ જણાવ્યું તેમ આપણા રાજયમાં ૧૭૮ કરતાં વધારે જી.આઈ.ડી.સી.ઓ આવેલી છે. દેશ આઝાદ થયો ત્યારથી ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે પહેલા અથવા બીજના નંબરે સતત રહ્યું છે. આ નાના ઉદ્યોગો ખૂબ માનવ બળવાળી રોજીરોટી આપી રહ્યા છે. નાના ઉદ્યોગોનું રોકાણ નાનું છે અને વધારે રોજગારી આપી રહ્યા છે ત્યારે ૬૦ થી ૬૨હજાર ઉદ્યોગો કાં તો માંદા છે અથવા બંધ પડ્યા છે એવા સમયે એ ઉદ્યોગોને ક્યાંક વીજ રાહત આપવાની થાય, વેટમાં રાહત આપવાની થાય, મોટા ઉદ્યોગોને જે આપણે રાહતો આપીએ છીએ એના પ્રમાણમાં થોડાક ટકા પણ જો આ નાના ઉદ્યોગોને આપણે રાહત આપીશું તો જે માનવબળ ગુજરાતનું વપરાઈ રહ્યું છે એ વપરાવામાં આપણને ખૂબ મોટી તાકાત મળશે. ૧૦ લાખ કરતાં વધારે રત્નકલાકારો આજે બેકાર થયા છે એ ૧૦ લાખ રત્ન કલાકારોમાંથી ૭૦ થી ૮૦ રત્નકલાકારોએ જ્યારે આપઘાત કર્યો છે ત્યારે આપના દ્વારા વિનંતી કરવા માગુ છું કે આ રત્ન કલાકારો માટે પણ કંઈકને. કંઈક એવી વ્યવસ્થા બેંકો બીજી એવી વ્યવસ્થાઓની સાથે બેસીને માત્ર ભારત સરકાર રફ ડાયમંડ આપે એ પોલીસ કરીને ભારત સરકાર ખરીદે એવા સૂચનો કરતા કોઈક નક્કર હકીકતો આવતા દિવસોમાં પણ રાજય સરકાર કરે અને આ નબળા માંદા એકમોને તાકાત આપે, શકિત આપે એવી વિનંતી કરું છું.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલમાં દાદાગીરી કરતા અસામાજિક તત્ત્વો સજા ભોગવી રહ્યા છે. સાબરમતી જેલની અંદર મોબાઈલ તથા ગેરકાનૂની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. બહારથી આવતા ટિફિનોમાં નાના કર્મચારીઓથી માંડીને મોટામાં મોટા અધિકારી આવી ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં જોડાયા છે. પરંતુ જ્યારે આવી ગેરકાનૂની પ્રવૃત્તિ જ્યારે પકડાય ત્યારે નાનામાં નાના કર્મચારી એ સજાનો ભોગ બને છે પરંતુ ફક્ત નાનામાં નાના કર્મચારી આનો ભોગ ન બને અને એની સાથે સામેલ મોટામાં મોટા અધિકારીને પણ એ નાનામાં નાના કર્મચારી જેટલી સખતમાં સખત સજા જાય એવું કંઈક કરવું જોઈએ, મળતી માહિતી મુજબ જેલમાંથી અનેકવાર મોબાઈલ ફોન થઈ રહ્યા છે. તો સેન્ટ્રલ જેલની અંદર મોબાઈલ ફોન માટે જામર લગાવવામાં આવે છે તો એ જામર કામ નથી કરતું એનું કારણ શું છે એની પણ તપાસ થવી જોઈએ.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારા જે મુદ્દા જંગલની જમીન ખેડતા આદિવાસીઓને જમીનના હક્કો સત્વરે પુરા પાડવામાં તંત્રની નિષ્ફળતા. મારે આપના સૂચનથી દેશની જે યુ.પી.એ. સરકાર છે તેણે દેશના જે આદિવાસીઓ અને ગુજરાતના આદિવાસીઓ જે જંગલની જમીન ખેડે છે એને ૧૦ એકર જમીન આપવા માટેનો કાયદો કર્યો એટલે હું આ સરકાર અને ભારત દેશના વડાપ્રધાનશ્રીને અભિનંદન આપુ છું. કે જે નીચલા વર્ગના લોકો છે અને જંગલની જમીન ખેડે છે એને આટલી મોટી જમીન આપવાની વાત કરી છે. એના માટે કાયદો બનાવ્યો, એના નિયમો બનાવ્યા અને સમિતિઓ પણ બનાવી. સમિતિઓમાં જે લોકો ગુજરાતના જે આદિવાસીઓ છે એ લોકો જંગલની જમીન ખેડે છે એના ફોર્મ પણ ભરાઈ ગયા અને સમિતિઓમાં પાસ પણ થયા. પણ ગુજરાતમાં આનો જે વિભાગ છે એ આ જંગલની જમીન માપણી કરીને આજ સુધી આપતો નથી એ ખૂબ જ ગંભીર અને દુ:ખની બાબત છે. એટલે જે લોકો જંગલની જમીન ૧૦ એકર મેળવવા માટે કેન્દ્ર સરકારની જે જોગવાઈઓ છે એને અનુરૂપ જેમ બને તેમ જલદી આ તંત્ર માપણી કરીને આપે એવું મારું આ સરકારને સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આમ જનતાની જાન-માલની સલામતી માટે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા અંગેનો મારો મુદ્દો છે. આજે આપણે ગુજરાત રાજ્યમાં જે બનાવો બનતા જોઈએ છીએ એમાં ધોળા દિવસે લૂંટના બનાવો બને છે. તાજેતરમાં સુરતમાં જે લૂંટનો બનાવ બન્યો અને

જે હત્યાઓ થઈ એની પાછળ સરકાર નિષ્ફળ નીવડી છે એમ કહીએ તો ખોટું નથી. જાન-માલને નુકસાન ન થાય એના માટે સરકારે કડક બંદોબસ્ત કરી કાયદો અને વ્યવસ્થા જાળવવા જોઈએ એવું હું સૂચન કરું છું.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા(સોનગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, મતદાર યાદીમાં દાખલ થયેલા બોગસ નામો સામેની રજૂઆત ધ્યાને લઈને બોગસ નામો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા અંગેનો મારો મુદ્દો છે. મતદાર યાદીમાં નામ, સરનામા, ફોટામાં છબરડા હોય એવું લાગે છે. એના લીધે હજારો મતદારો મતદાનથી વંચિત રહી જાય છે. બાપની જગ્યાએ દીકરાનો ફોટો અને ભાઈની જગ્યાએ બહેનનો ફોટો આવી જાય છે. એક ગામના મતદારોની બીજા ગામમાં પણ નોંધણી થઈ હોવાની ફરિયાદો મળે છે. વ્હાલા-દવલાના વિસ્તારમાં ઓળખકાર્ડ, નામ, સરનામા સાચા આપવામાં આવે છે. જ્યારે કોંગ્રેસની વિચારધારા વાળા જે વિસ્તારો છે એ વિસ્તારોમાં કદાચ જાણી જોઈએ ભૂલ ભરેલા ઓળખકાર્ડ આપવામાં આવતા હોય એવું પણ જણાય છે. ચૂંટણીમાં જ્યાં સારા અને તટસ્થ અધિકારી હોય ત્યાં ખૂબ ઓછું મતદાન થાય છે. પણ મળતિયા અધિકારીઓ હોય ત્યાં બોગસ મતદાન કરવાની સવલત થતી હોય અને ત્યાં કદાચ આ સત્તા હાંસલ કરનારાના ઈશારે ૯૦ થી ૯૫ ટકા મતદાન જોવા મળે છે. મતદાર યાદીને સુધારવા માટે કલેકટર, મામલતદાર અને ચૂંટણી અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં આ ક્ષતિઓનો નિકાલ થતો નથી. તેથી આ મતદાર યાદી ધ્યાનપૂર્વક ચકાસણી કરીને તંદુરસ્ત ચૂંટણીઓ કરવામાં આવે એવું મારું સૂચન છે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર કાયદા-૨૦૦૬ના અન્વયે રાજ્ય દ્વારા બનાવવામાં આવેલ નવા નિયમોથી જંગલની જમીન મેળવવામાં થતો અન્યાય દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા મારો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે આ કાયદો જ્યારે બનાવ્યો ત્યારે એમણે સ્વીકાર કર્યો હતો કે આ સમાજને ઐતિહાસિક અન્યાય થયો છે. આ અન્યાય દૂર કરવા માટે કાયદાકીય રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે ત્યારે રાજ્ય સરકારે નવા નિયમો બનાવ્યા છે. એમાં જો ખેડૂતનો કબજો હોય છતાં પણ એના દીકરો કે દીકરી નોકરી કરતાં હોય, જો પેન્શન મેળવતા હોય તો એવા માણસોને જમીન નહીં આપવાના નિયમો બનાવ્યા છે. એનાથી જમીનનો એમની પાસે કબજો હોવા છતાં એ જમીન મેળવી શકતા નથી. જે એમનો વંશપરંપરાગત હક્ક છે એવી જમીનો એમને મળવી જોઈએ. આવા નિયમો દૂર કરવા જોઈએ. આપણે કાયદાના હાર્દને સાચવવું જોઈએ. આ લોકોને જે અન્યાય થયો છે એ અન્યાય દૂર થવો જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે બિલ લઈને આવ્યો છું એના ઉપર માનનીયશ્રી ગ્યાસુદ્દીનભાઈએ કહ્યું કે, મોટી બજારોમાં પોલીસ મૂકીને ગુનાઓ અટકાવવા જોઈએ. સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં જ્યાં મોટી બજારો હોય ત્યાં ભીડ વધારે હોય છે અને તેથી ખિસ્સા કાપવાના બનાવો બનતા હોય છે. રાજ્ય સરકાર તરફથી લગભગ જ્યાં મોટી બજારો હોય ત્યાં પોલીસ ફોર્સ વધારે રાખવામાં આવે છે. પોલીસ ફોર્સ વધુ રાખવામાં આવે છે અને સી.આઈ.ડી. લોકોને પણ એ વિસ્તારની અંદર વધુ સુપરવિઝન કરવા માટેની સૂચના આપતા હોય છે. ગુન્હા ઓછા બને અથવા તો ના જ બને એના માટે થઈને રાજ્ય સરકાર પૂરેપૂરી તકેદારી રાખે છે. માનનીય સભ્યશ્રી પરેશભાઈ વસાવાએ જે ખૂન-લૂંટ-ધાડના ગુન્હા માટેની વાત કરી, એમના વિસ્તારની પણ વાત કરી કે પી.એસ.આઈ.ની જગ્યા પણ ખાલી છે. સરહદી વિસ્તાર છે તો ચોક્કસ આપની જે વાત છે એનું કેમ વહેલું નિરાકરણ આવે એ બાબતની અંદર રાજ્ય સરકાર ચોક્કસ એમાં તકેદારી રાખશે.

બીજી વાત માનનીય ચંદુભાઈ ડાભીએ કરી કે અમદાવાદ-ગાંધીનગર આવે એનો જેને ફિકસ ચાર્જનો પાસ લીધો હોય છે અને કર્મચારીઓ હોય એને મુસીબત પડતી હોય છે. માનનીય ચંદુભાઈને એટલું જ કહેવાનું કે આપણે જ્યારે સચિવાલય ચાલુ હોય એ દિવસોની અંદર તો મેકસિમમ બસ આપણને મળે, પણ સચિવાલય જ્યારે બંધ હોય અને રજાના દિવસો હોય ત્યારે જો એ પાસનો ઉપયોગ કરવાનો હોય એનો બે રીતે ઉપયોગ થાય એક તો કાં એ સંબંધીને ઘેર આવવા માટેનું હોય અથવા તો પોતાની ઓફિસ રજાના દિવસે પણ ચાલુ હોય ત્યારે પણ આવવાનું હોય. નેચરલ કોર્સના જેટલા રૂટો છે એ રૂટો ચાલતા હોય છે. સ્પેશ્યલ બસો છે એ આપણે નથી કરવાનું હોતું. વળતર આપવાની વાત કયારે થાય કે આપણે પૂરેપૂરા ભાડાની રકમ લેતા હોય. આ તો અમદાવાદથી ગાંધીનગર આવવામાં કન્સેસન રેટે જ બધા આવે છે અને કર્મચારી માટે થઈને અહીંયા રહેવા માટે મકાનો આપ્યા છે એ મકાનો ખાલી પડ્યા છે તો મારે ચંદુભાઈને કહેવાનું કે આવો કોઈ અરજદાર હોય તો એને કહેજો કે આપણે મકાન અપાવી દઈશું તો એને ધકો ખાવાની જરૂર જ ના પડે. માનનીયશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ વાત કરી કે અત્યારે બે મહિનાના બિલ અપાય છે એના બદલે માસિક બિલ આપવું જોઈએ. શરૂઆતમાં તો દર મહિને બિલ થાતા હતા પછી બિલ વારંવાર જી.ઈ.બી.ને દેવા પડે એટલે આપણે બે મહિને બિલ આપવાની વાત કરી પણ આપે જે કહ્યું એ રીતે અત્યારે વડોદરામાં માસિક બિલ આપવા માટેનો પ્રયોગ ચાલુ કર્યુ છે પણ એક સૂચન ઉપર ચોક્કસ ધ્યાન છે કે જે ૨૦૦ યુનિટ મહિને વપરાતા હોય તો એને વધુ લાભ મળે. બે મહિને ૨૦૦ની ગણતરી કરે તો એ લાભથી વંચિત રહે. એટલા માટે થઈને આપણે એ પ્રયોગ બરોડાની અંદર શરૂ કર્યો છે અને એ સફળતાના આધારે એ જો યોગ્ય લાગશે તો નાના માણસોને આપણે જે રાહત આપીએ છીએ એ રાહતનો લાભ મળે એ દિશાની અંદર આપણે ચોક્કસ કાંઈ કરી શકીએ.

માનનીયશ્રી ઈકબાલભાઈએ વાત કરી કે સ્થાનિક લોકોને આઈ.ટી.આઈ.માં પ્રવેશ મળવા માટેની વાત કરી. સવાલ એ છે કે આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા માટે થઈને આપણે સ્થાનિક લોકોને એટલે કે ગુજરાતના કોઈ પણ હોય એને જ આપણે આપતા હોય અને આના માટે થઈને જ્યારે અરજી આવ્યા પછી એનું મેરિટ લિસ્ટ બને છે અને મેરિટ લિસ્ટ પ્રમાણે જ આપણે પ્રવેશ આપતા હોઈએ છીએ. આઈ.ટી.આઈ.માં ભણવા આવનાર વિદ્યાર્થીઓને જો કદાચ જરૂર પડે તો ચોક્કસ કહેજો કે આઈ.ટી.આઈ.માં આવવાવાળો માણસ છે એ સ્વરોજગારી અથવા તો ક્યાંક રોજગારી મળે એના માટે પ્રયત્ન કરતો હોય છે તો જરૂર પડશે ત્યાં આપણે વિશેષ ક્લાસો ખોલીને આઈ.ટી.આઈ.માં ભણવાવાળા વિદ્યાર્થીને પ્રવેશ નથી મળ્યો એના માટે થઈને એ ટેકનિકલ જ્ઞાનથી એ વિમૂખ રહે એવું આપણે કોઈ ઈચ્છતા નથી. જે જગ્યાએ આઈ.ટી.આઈ.ની અંદર જરૂર પડશે ત્યાં આપણે વધુ કલાસો પણ ખોલી અને તમામ લોકોને પ્રવેશ મળે એના માટે પૂરતા પ્રયત્નો કરીશું.

માનનીયશ્રી જગદીશભાઈએ કહ્યું કે બંધ પડેલા નાના ઉદ્યોગોને પુનઃ શરૂ કરવા માટે થઈને રાજ્ય સરકાર બધી રીતે રાહતો આપતી હોય છે પણ અત્યારે મોટામાં મોટું એ છે કે ગ્લોબલ જે આખી માર્કેટનું કહ્યુંને વર્લ્ડના કારણે આ નાના ઉદ્યોગો માંદા પડે છે કે બહારથી માલનું એટલું બધું ડમ્પિંગ થાય છે. નાના નાના ઉદ્યોગકારો જે વસ્તુઓ બનાવતા હતા. એ બધી બહારથી ડમ્પિંગ થઈને આવે છે કે ચીનના માર્કેટમાંથી અહીંયા આવેલી વસ્તુ આપણા કરતા ૧/૩ ભાવે મળે છે. હવે જો હું એના માટે થઈને બીજું તો કાંઈ નહિ પણ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ વાત કરીકે આપણે આપણા દેશની વસ્તુ વાપરવી જોઈએ. આપણા દેશની અંદર જેટલું Production છે એના કરતાં Consumption ઘણું વધારે છે જો બહારથી આવતી વસ્તુઓ આપણે અટકાવીને જો આપણે આપણા દેશમાંથી Production થતી વસ્તુઓનો જ Consumption કરીએ તો કોઈ રીતે વાંધો ન આવે અને મોટા Indistries જે Mass Production કરે છે, જે મોટા પ્રમાણમાં એના બદલે જો આપણે સિદ્ધાંત અપનાવીએ કે, mass Production by masses વધુ લોકો મારફતે વધુ ઉત્પાદન થાય તો એ વધુ લોકોને રોજગારી પણ મળી શકે. આપે જે રત્ન કલાકારો માટેની વાત કરી છે, કેન્દ્ર સરકારે પણ અહીંયા નીતિની રીતે કરી છે, તો રત્ન કલાકારોને આપણે કેમ મદદરૂપ થઈ શકીએ એના માટે ચોકકસ Positive વિચાર કરીશું.

માનનીય શ્રી કિરણકુમારભાઈ મકવાણાએ વાત કરી કે, સાબરમતી જેલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગેની વાત છે. તો ચોકકસ ત્યાં પણ પૂરેપૂરી તકેદારી તમામ જેલો ઉપર રાખવામાં આવી છે. ભૂતકાળમાં જે કાંઈ બનાવો બનેલ છે એના માટે આધુનિક ઉપકરણો પણ એને આપેલ છે કે કોઈપણ માણસ દાખલ થાય કે ટિફીન લઈને આવે તો એનું ટિફીન બરાબર ચેકીંગ થાય, વ્યકિતને જવાનું હોય તો વ્યકિતનું પણ બરાબર ચેકીંગ થાય એના માટે પૂરેપૂરી તકેદારી રાખવામાં આવે છે.

માનનીય શ્રી અમરસિંહભાઈએ વાત કરી કે, જંગલની જમીન જે ખેડતા હોય છે એને એના હકકો આપવા જોઈએ. આ સવાલ છે એ કેન્દ્ર સરકારનો છે. આપણે ભૂતકાળમાં, મને ખબર છે કે, જે કેન્દ્ર સરકારે જે મંજૂરી આપી ત્યારે જે લોકો વર્ષોથી ખેડતા હતા એ લોકોને તો રાઈટ આપી દીધા. પરંતુ પાછળથી બીજા લોકો પણ એવા હતા કે જે, જે તે સમય પછી આ જમીનો ખેડતા હતા તો એવા લોકોને રાઈટ આપવા માટે આપણે રાજય સરકાર તરફથી તો રજૂઆતો કરતા હોઈએ છીએ, કેન્દ્ર સરકાર જો એ માન્ય રાખે તો આપણને આપવામાં વિલંબ ના હોય. આપણી રાજય સરકાર તરફથી કોઈપણ જગ્યાએ કેન્દ્રએ મંજૂરી આપી હોય અને રાજય સરકારનો વિલંબ હોય તો આપ Perticularly ચોકકસ ધ્યાન દોરજો તો એને જગ્યા મળી જાય તો એના માટે ચોકકસ આપણે Positively પ્રયત્ન કરીશું.

માનનીય કુંવરજીભાઈએ વાત કરી કે, આમ જનતાની સલામતી માટેની. આમ જનતાની સલામતી માટે પૂરીપૂરી કાળજી લેવામાં જ આવે છે. છતાંય કોઈ વિસ્તારમાં Perticular પ્રકારની મનોવૃત્તિવાળા લોકો રહેતા હોય અને એને વશ કરવા માટે કોઈ જરૂર હોય તો કહેજો, આપણે Special Force મૂકી અને આમ જનતાની સલામતી માટે ચોકકસ પગલા લઈશું.

માનનીય શ્રી પ્રભુદાસભાઈ વસાવાએ વાત કરી, મતદાર યાદી અને બોગસ મતદારો માટેની પણ આ જે કામ છે ટોટલી એ ચૂંટણી પંચ કામ કરે છે. રાજય સરકાર પાસેથી જે મદદ માટે એ કલેકટર ઓફિસ, કલેકટર ઓફિસનો સ્ટાફ, શિક્ષકભાઈઓ જે રીતે ચૂંટણી પંચ આદેશ આપે છે એના સુપરવીઝન નીચે અને એના કંટ્રોલ નીચે રાજય સરકારના કર્મચારીઓ કામ કરતા હોય છે. આખરી સુપરવીઝન એનું હોય છે અને એમાં વારંવાર જાહેરાતો આપીને પણ કહેતા હોય છે કે તમારા નામ નોંધાવવાના, નામ કમી કરાવવાના આ બધી જ વાતો કરતા હોય છે અને એમાં કોઈને વાંધા લેવા હોય તો વાંધા માટે પણ ચૂંટણી પંચ તરફથી કહેવામાં આવે છે. આ તમામ પ્રક્રિયા ચૂંટણી પંચ ધ્વારા થાય છે એમાં રાજય સરકારે તો એનો ખર્ચ ભોગવવાનો હોય, અને આપણા કર્મચારીઓ એની મદદમાં રહે એટલું જ બાકી આખરી કંટ્રોલ તો એના હાથમાં જ હોય છે.

માનનીય ડૉ. અનિલભાઈ જોષીયારાએ વાત કરી જંગલની જમીન આપવામાં કે અન્યાય અને એ રીતે દૂર થાય છે. આપે જે રીતે વાત કરી, જંગલની જમીનની અંદર કેન્દ્ર સરકારે કોઈને મંજૂરી આપી હોય અને ન મળતી હોય, અને આપણી રાજય સરકારના વિલંબના કારણે એ આદિવાસી સફર થતો હોય એવું મેં જે કહયું એ પ્રમાણે ફરીથી કહું છું કે, આવું કોઈ હોય કે જેમાં રાજય સરકારના વિલંબના કારણે આ જમીન ન મળતી હોય તો

આપણે એના માટે થઈને ચોકકસ પ્રયત્ન કરીશું. (અંતરાય) રાજય સરકારમાં એમાં આપ Perticuler કહેજો કે આ જગ્યાએ આટલા લોકોને નથી મળી જમીન (અંતરાય) એ નિયમની મર્યાદામાં આવતું હશે એમાં અમલવારી કરાવીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ દૃષ્ટિએ આ જે મારા વિધેયકનું પહેલું વાંચન છે એ કરવામાં આવે છે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની ચોથી બાબત સુધી હજુ આપણે પહોંચ્યા છીએ અને હજી બાબત ક્રમાંક: ૫, ૬ અને ૭નું કામકાજ બાકી છે. આ બધું જ કામ પૂર્ણ થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી જગદીશભાઈ ઠાકોર**: થોડું ઘણું થાય તો વાંધો નથી પણ પછી વધારે લંબાવવાની કોઈ જરૂર નથી. બે કામ લઈ લઈએ. અમે પણ આ બાજુથી બોલવામાં થોડી.....

**અધ્યક્ષશ્રી** : નિયમ-૧૨૦ નો પ્રસ્તાવ અને ત્યારપછી છેલ્લા દિવસનો પ્રસ્તાવ એ બંને પૂરા થાય ત્યાં સુધી લંબાવીએ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક:૪ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

કલમ-૨ અને ૩ અનુસુચિ, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૪ નું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૫**

# ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ૨૦૦૯

**સન ૨૦૧૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમોનો ઉપાડ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સને ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૫, સને ૨૦૦૯ના ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૫, સને ૨૦૦૯ના ગુજરાત વિનિયોગ એટલે(લેખાનુદાન) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે. આ લેખાનુદાન પ્રસ્તાવની સંપૂર્ણ ચર્ચા તો થઈ ગઈ છે. આમાં કાંઈ વિશેષ કહેવાનું છે નહીં. કોઈ નવી આઈટમો આમાં આવતી નથી. આ ફકત ખર્ચ માટેની મંજૂરી છે એટલા માટે થઈને આ બીલ મંજૂર કરે એવી સૌ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૯નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૯નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૯નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે છે.

* વિધેયક તા. ૨૭મી ફેબ્રુઆરી,૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

# સરકારી સંકલ્પ(નિયમ-૧૨૦)

## ક્રુડ ઑઈલની રૉયલ્ટી અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું સંકલ્પ રજૂ કરું છું કે :

" દેશના ક્રુડ ઑઈલનું ૫૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. આમ દેશના એકંદર ઔદ્યોગિક વિકાસ માટે સૌથી આવશ્યક એવા ફયુઅલ ક્રુડ ઑઈલના ઉત્પાદનમાં અગ્રેસર રહી ગુજરાત રાષ્ટ્રીય વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો આપી રહ્યું છે. રાજયને છેલ્લા પાંચ વર્ષથી ક્રુડ ઑઈલ અને ગેસ પરની અંદાજીત રૂા. ૧૮૦૦ કરોડની વાર્ષિક રૉયલ્ટી મળે છે. ભારતીય બંધારણની કલમ ર૯૬ની જોગવાઈ અનુસાર રાજયની જમીનો ઉપરની ખનીજ સંપત્તિ ઉપર રાજયનો હક્ક છે. આથી રાજયની જમીનો પર ઉત્પાદિત થતાં ક્રુડ ઑઈલ પરની રૉયલ્ટી રાજયને યોગ્ય રીતે મળવી જોઈએ. આ બાબતમાં રાજય સરકારની અવાર-નવારની રજૂઆતો અન્વયે તત્સમયની કેન્દ્ર સરકારે માર્ચ-ર૦૦૩માં રાજય સરકારની રજૂઆતોનો સાનુકૂળ પ્રતિભાવ આપી ક્રુડ ઑઈલ પરની રૉયલ્ટી "કૂવાના મથાળા પર" તેલની કિંમત (Well Head Price)ના આધારે ચૂકવવાના આદેશો કર્યા હતા. તદ્દનુસાર રાજયને એપ્રિલ-ર૦૦રથી "Well Head Price" બજારની કિંમતના આધારે રૉયલ્ટી મળવાપાત્ર છે. આ નિર્ણયના પરિણામે છેલ્લા પાંચ વર્ષથી રાજય સરકારની રૉયલ્ટીમાં ઉત્તરોત્તર વધારો થયો છે. રાજય સરકારને વર્ષ ર૦૦૦-૦૧, ર૦૦૧-૦ર માં ક્રુડ ઑઈલ અને ગેસના ઉત્પાદન પર મળેલ અનુક્રમે રૂા.૫૦૮.૧૫ કરોડ અને રૂા.૫૮૯.૬ર કરોડની રકમની રૉયલ્ટી સામે વર્ષ ર૦૦૬-૦૭ અને ર૦૦૭-૦૮માં અનુક્રમે રૂા.૧૮૮૧ કરોડ અને રૂા.૧૭૧૯ કરોડ જેટલી રૉયલ્ટી મળી છે.

આમ રાજય સરકારને માર્ચ-ર૦૦૮ સુધી કેન્દ્ર સરકારે નક્કી કરેલ ફોર્મ્યુલા પ્રમાણે રૉયલ્ટીની ચૂકવણી થયેલ છે. કેન્દ્ર સરકારની નુકસાન કરતી તેલ વિતરણ કંપનીઓને થતું નુકસાન સરભર કરવા ONGC દ્વારા આ કંપનીઓને તેલના થતાં વેચાણ ઉપર સને ર૦૦૩-૦૪ થી વળતર આપવાનું શરૂ કર્યુ છે અને કેન્દ્ર સરકારે એપ્રિલ-ર૦૦૮ થી નિર્ણય કરીને રાજયોને મળતી રૉયલ્ટીની નીતિમાં રાજયો સાથે પરામર્શ કર્યા વગર ફેરફાર કરીને વળતર બાદની કિંમતે રૉયલ્ટી ચૂકવવાના આદેશો કર્યા છે.પરિણામે ONGCએ એપ્રિલ-ર૦૦૮ થી શરૂ કરીને ક્રુડ ઑઈલની રૉયલ્ટી માર્કેટ પ્રાઈસના આધારે ચૂકવવાના બદલે વળતર બાદની કિંમતના આધારે ચૂકવવાનું શરૂ કર્યુ, તેના કારણે એપ્રિલ-ર૦૦૮થી ડિસેમ્બર-ર૦૦૮ સુધીના સમયગાળામાં વળતર પહેલાંની કિંમતના આધારે રાજયને અંદાજીત મળવાપાત્ર રૂા.૧૯૬૪.૪૩ કરોડની રૉયલ્ટી સામે વળતર બાદની કિંમતના આધારે ONGC એ ખરેખર રૂા.૪ર૯.૯૮ કરોડની રૉયલ્ટી ચૂકવી છે. આમ રાજયને આ નવ માસના સમયગાળામાં રૉયલ્ટીની ચૂકવણીમાં રૂા.૧૫૦૦ કરોડ ઉપરાંતનું નુકસાન થયું છે,જે નીચે દર્શાવ્યા મુજબની વિગતોથી સ્પષ્ટ થશે.

| ઉત્પાદનનો મહિનો | વળતર પહેલાની કિંમતને આધારે મળવાપાત્ર અંદાજિત રૉયલ્ટી (રૂા. કરોડમાં) | ONGC દ્વારા વળતર બાદની કિંમતના આધારે ચૂકવાયેલ ખરેખર રૉયલ્ટી (રૂા. કરોડમાં) | તફાવત/રાજ્ય સરકારને થયેલ નુકસાન (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| એપ્રિલ-૦૮ | ર૩૧ | ૩૧.ર૩ | ૧૯૯.૭૭ |
| મે-૦૮ | ર૬૯.૩૯ | ૭૫.૦૭ | ૧૯૪.૩ર |
| જૂન-૦૮ | ર૮૬.૧૭ | ૯૫.૯૬ | ૧૯૦.ર૧ |
| જુલાઈ-૦૮ | ર૯૩.૫૯ | ૫૭.૧૬ | ર૩૬.૪૩ |
| ઓગસ્ટ-૦૮ | ર૫૧.૯૬ | ૧૬.૫૦ | ર૩૫.૪૬ |
| સપ્ટેમ્બર-૦૮ | રર૩.૬૮ | ૦.૦૦ | રર૩.૬૮ |
| ઓકટોબર-૦૮ | ૧૮૩.૩૬ | ૯૮.ર૬ | ૮૫.૧૦ |
| નવેમ્બર-૦૮ | ૧ર૪.૯૪ | ૪ર.૭૮ | ૮ર.૧૬ |

| | | | |
|---|---|---|---|
| ડિસેમ્બર-૦૮ | ૧૦૦.૩૪ | ૧૩.૦૨ | ૮૭.૩૨ |
| કુલ | ૧૯૬૪.૪૩ | ૪૨૯.૯૮ | ૧૫૩૪.૪૫ |

રાજયને થયેલ આ નુકસાનની વિગતો રજૂ કરી, નિયત થયેલ ફોર્મ્યુલા પ્રમાણે માર્કેટ આધારિત કિંમતની રૉયલ્ટીની ચૂકવણી કરવાના આ પ્રશ્ને રાજય સરકાર ધ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી સહિત ઉચ્ચ કક્ષાએથી રજૂઆતો થવા છતાં આજદિન સુધી આ બાબતે સાનુકૂળ પ્રતિભાવ મળેલ નથી. દેશમાં ક્રુડ ઑઈલનું ઉત્પાદન ગુજરાતમાં સૌથી વધુ થતું હોવા છતાં તેનો લાભ રાજયને મળવાને બદલે ગંભીર આર્થિક નુકસાન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે નિયત કરેલ સુસ્થાપિત કાર્યરીતિ/ જોગવાઈઓ મુજબ ONGCએ ક્રુડ ઑઈલની "Pre-discounted Price" ના આધારે જ ગણતરી કરી તે પ્રમાણે રૉયલ્ટીની ચૂકવણી કરવાની રહે છે. આ પ્રશ્ને રાજય સરકારની વિનંતી બિલકુલ તાર્કિક, વ્યાજબી, ન્યાયિક અને કાયદાકીય છે. ગુજરાત વિવિધ પ્રકારની કર આવકના સંદર્ભમાં કેન્દ્રને ખૂબ જ મોટા પ્રમાણમાં નાણાકીય હિસ્સો આપે છે. આથી આ બાબતમાં ન્યાયી અને હકારાત્મક વલણ અપનાવી, રાજયના નાણાકીય હિતને વ્યાપક પ્રમાણમાં ગંભીર અસર કરતા આ પ્રશ્ને ONGCને "Post-discounted Price"ના આધારે રૉયલ્ટી ચૂકવવાના આદેશો કેન્દ્ર સરકાર પરત ખેંચે તે માટે આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે. "

**સંકલ્પ રજૂકરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે ક્રૂડ ઑઈલનું ઉત્પાદન થાય છે અને એના જે રૉયલ્ટીનો પ્રશ્ન છે. એ પ્રશ્ન માટે હું આ સંકલ્પ લઈને વિધાનસભા ગૃહમાં આવ્યો છું. ગુજરાતમાં સૌથી વધારે ઑઈલનું ઉત્પાદન થાય છે. દેશની અંદર ૫૦ ટકા જેટલો હિસ્સો ઓનલાઈન ક્રૂડ ઑઈલનું ગણીએ તો ગુજરાતનું છે અને છેલ્લા ૬ વર્ષમાં ૩૭ મિલિયન મેટ્રિક ટનનું ક્રૂડ ઑઈલનું ઉત્પાદ ગુજરાતમાંથી થયું છે અને જોવા જઈએ તો ૪૮,૦૦૦ કરોડનું ઈમ્પોર્ટ આપણે બચાવ્યું છે, એટલે ગુજરાત એનર્જી સિકયોરિટીમાં ખૂબ મોટો ભાગ ભજવે છે. આ જે ક્રૂડનું ઉત્પાદન થાય છે, એની રૉયલ્ટી મળતી હોય છે અને વર્ષોથી આપણને રૉયલ્ટી મળતી હોય છે. રૉયલ્ટી આર્ટીકલ-૨૯૬ ઓફ ધ કોન્સ્ટીટયુશન ઓફ ઈન્ડિયા જેમાં સ્ટેટ ગવર્નમેન્ટને રાઈટ છે. All mineral resources in the land એટલે જે કોઈ ક્રૂડનું ઉત્પાદન થાય છે એની રૉયલ્ટી એ આપણો અધિકાર છે. કેન્દ્ર સરકાર જ્યારે જયારે રૉયલ્ટી આપે છે એ આપણા અધિકારના ભાગરૂપે આપે છે, એટલે આપણને ગ્રાન્ટ કે એનો એવો કોઈ વિષય થતો નથી. જો આપણે બેકગ્રાઉન્ડ જોઈએ તો ૧૯૯૮થી administered પ્રાઈસ મીકેનિઝમમાં રૉયલ્ટી આપવામાં આવતી હતી, એટલે આપણે જે કોઈ ક્રૂડ ઉત્પાદન કરીએ એના માસિક ૩૦૦ રૂપિયે ૪૦૦ રૂપિયે એવો ટનનો ભાવ નક્કી કરી નાખીએ અને એટલા પ્રમાણમાં આપણને રૉયલ્ટી મળે અને એના કારણે વાર્ષિક ૩૦૦ થી ૪૦૦ કરોડ રૂપિયા આપણને રૉયલ્ટી આપવામાં આવતી હતી. હવે એ આપણને ઓછી લાગતી હતી એટલે દરેક સરકારોએ વારંવાર કેન્દ્ર સરકારને રજુઆત કરી કે આપણે રૉયલ્ટીના દર બદલો અને એના ભાગરૂપે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ ની સાલની અંદર એક બોસ્કર કમિટીનું ફોર્મેશન કરી અને એ કમિટીએ દરેકને કન્સલ્ટ કર્યા પછી ૧૭-૩-૨૦૦૩ માં ફોર્મ્યુલા નક્કી કરી અને એ જ ફોર્મ્યુલા નક્કી કરી એ માર્કેટ determined રેટ ઉપર નક્કી કરવામાં આવી. એટલે આપણને જે કોઈ રૉયલ્ટી મળે એ માર્કેટ determined રેટ ઉપર મળે અને એડહોક ઉપર ન મળે, એટલે આનો અર્થ એવો થયો કે ક્રૂડના ભાવ વધે તો આપણી રૉયલ્ટી વધે, ક્રૂડના ભાવ ઘટે તો આપણી રૉયલ્ટી ઘટે.

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, તે પ્રમાણે આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી. એટલે રોયલ્ટી નકકી કરી કે વેલ હેડ પ્રાઈઝ નકકી કરી અને વેલ હેડ પ્રાઈઝ ડીફાઈન કરી. એ પ્રમાણે ૨૦૦૩ થી આ બધું ચાલ્યું અને તેના કારણે આપણી રોયલ્ટી જે વધી તે કન્ટીન્યુઅસ છેલ્લા પાંચ વર્ષમાં વધી. એક જમાનાની અંદર આપણી રોયલ્ટી જે એડહોક આપતા હતા ત્યારે ૩૦૦-૪૦૦ કરોડ રૂપિયા રહેતી હતી તે ૨૦૦૭-૦૮માં વધીને ૧૬૩૫ કરોડ થઈ. એટલે ૪૦૦ કરોડ, ૫૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક રોયલ્ટી જે મળતી હતી તે ૧૬૦૦-૧૭૦૦ કરોડ થઈ. એન.ડી.એ.ની સરકારમાં આદરણીય શ્રી અટલ બિહારી બાજપાઈએ આ નિર્ણય લીધો અને આ નિર્ણયના કારણે ગુજરાત સરકારને જે સૌથી વધારે ઓઈલનું ઉત્પાદન દેશમાં કરે છે તેનો સીધો લાભ મળ્યો અને ૪૦૦ કરોડની રોયલ્ટી ૧૮૦૦ કરોડ જેટલે પહોંચી. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે હમણાં જ એક નિર્ણય લેવામાં આવ્યો એ નિર્ણય એવો લેવામાં આવ્યો કે ૧-૪ થી એટલે આ વર્ષના ૧-૪ થી રોયલ્ટીમાં ફેરફાર કરવામાં અને એની અંદર

ફોર્મ્યુલા આપણને પૂછયા વગર ફેરફાર કરવામાં આવી. એની અંદર એવું કર્યુ કે દા.ત.વેલહેડ પ્રાઈઝ હોય એટલે કે માર્કેટ પ્રાઈઝ હોય તે માર્કેટ પ્રાઈઝમાં જે ઓ.એન.જી.સી. આપણને રોયલ્ટી આપતું હતું અને ઓ.એન.જી.સી. પછી ઈન્ડિયન, આઈ.ઓ.સી.ને માલ વેચે તે ડીસ્કાઉન્ટમાં વેચે, એટલે એ જે ડીસ્કાઉન્ટમાં્ વેચતું હતું તે ડીસ્કાઉન્ટ પછી જે ભાવ રહે તેના ઉપર રોયલ્ટી નકકી કરી. માર્કેટ પ્રાઈઝ અને વેલહેડ પ્રાઈઝ જે બોસ્કર કમિટિએ ડીફાઈન કર્યુ હતું તેમાં રોયલ્ટી મળવી જોઈતી હતી અને જે આપણને વર્ષોથી મળવી જોઈતી હતી. ૨૦૦૩ની અંદર જયારે આ ફોર્મ્યુલા રાખી ત્યારે આપણને ડીસ્કાઉન્ટ મળતું હતું. ત્યારે પણ ઓ.એન.જી.સી. ડીસ્કાઉન્ટ આપતું હતું પણ આપણને જે રોયલ્ટી મળતી હતી તે વેલહેડ પ્રાઈઝ પર અને માર્કેટ પ્રાઈઝ પર મળી. પરંતુ ૧-૪ એ જે નિર્ણય લેવાયો તેના કારણે જે ડીસ્કાઉન્ટ થાય એટલે જે કંપનીઓ નુકસાન કરે તેના પર ડીસ્કાઉન્ટ રેટ ઉપર રોયલ્ટી મળી તેના કારણે આપણી જે રોયલ્ટીની વાર્ષિક આવક થતી હતી તેમાં ઘણો મોટો ઘટાડો થઈ ગયો. હું ખાલી આપને ઉદાહરણ આપું કે કેટલો ઘટાડો થયો? આ સભ્યશ્રીઓને ચોકકસપણે તરત જ ખબર પડશે કે રાજયને કેટલો મોટો અન્યાય થયો છે. સપ્ટેમ્બર-૦૭માં ક્રુડ ઓઈલનો ભાવ ૭૩ ડોલર હતો. સપ્ટેમ્બર-૦૮ ક્રુડ ઓઈલનો ભાવ ૧૦૦ ડોલર હતો. એકસેઈન્જ રેટ ૪૦ અને એ એકસચેઈન્જ રેટ અત્યારે ૪૫.૯૬ એટલે સપ્ટેમ્બર-૦૭માં ક્રુડ ઓઈલનો ભાવ વધ્યો એટલે રોયલ્ટી વધવી જોઈએ. એકસચેઈન્જ રેટમાં ૪૦ નો ૪૫ થયો એટલે આપણી રોયલ્ટી વધવી જોઈએ. પરંતુ ૧-૪ એ નિર્ણય કર્યા પછી અસર શું પડી? જે કેન્દ્ર સરકારને ઓ.એન.જી.સી.એ ડીસ્કાઉન્ટ આપ્યું તેના કારણે સપ્ટેમ્બર-૦૭માં ૧૦૯ કરોડની રોયલ્ટી મળી. એક જ મહિનામાં ગઈસાલ ૧૦૯ કરોડની રોયલ્ટી મળી અને આ વર્ષે સપ્ટેમ્બર-૦૮માં એક રૂપિયો નહીં. આપ વિચાર તો કરો કે ગુજરાતમાંથી આટલા કરોડ રૂપિયાનું ક્રુડ લઈ જાય, ગુજરાતનો બંધારણીય અધિકાર છે અને સપ્ટેમ્બર મહિનામાં એમ કહયું કે તમને એકપણ રૂપિયાની રોયલ્ટી નહીં મળે. કારણકે જે ડીસ્કાઉન્ટ આપ્યું છે તે માયનસમાં ગયું. માયનસ દોઢ કરોડમાં ગયું. એટલે બીજા શબ્દો શું છે કે દોઢ કરોડ લાવો. પણ એ લોકોએ ઝીરો કરીને આખી ફોર્મ્યુલા મોકલી. એટલે એવો ઈશારો હતો કે આ સપ્ટેમ્બર મહિનામાં આપણને બિલકુલ મળ્યું નહી. ક્રુડના ભાવ વધ્યા. ફોરેન એકસચેઈન્જ વધ્યુ. પણ કેન્દ્ર સરકારે આપણને પૂછયા વગર જે કર્યુ તેની અસર પડી. અસર કેવી પડી? એપ્રિલ-૦૮ થી ડીસેમ્બર સુધીમાં ૧૯૬૨ કરોડ રૂપિયાની રોયલ્ટી મળવી જોઈતી હતી તેની સામે એપ્રિલથી ડીસેમ્બર સુધીમાં માત્ર ૪૩૦ કરોડ રૂપિયાની રોયલ્ટી મળી. એટલે ખાલી એપ્રિલથી ડીસેમ્બર સુધીમાં નવ મહિનામાં આ રાજય સરકારને કેન્દ્ર સરકારની નીતિ બદલવાને કારણે ૧૫૦૦ કરોડ રૂપિયાનો અન્યાય થયો છે. ૧૫૦૦ કરોડ રૂપિયા. આ વિષયમાં અને તમે વિચાર તો કરો કે બે જ રાજયો દેશની અંદર સૌથી વધારે ઉત્પાદન કરે છે. એક આસામ અને બીજું ગુજરાત. આ આસામ અને ગુજરાત જ્યારે બે રાજયો ઉત્પાદન કરતા હોય ત્યારે ગુજરાતમાં ઓએનજીસી આઈઓસીને આપે છે તેમાં ૮૦ ટકા ડિસ્કાઉન્ટ, ૯૦ટકા ડિસ્કાઉન્ટ અને બીજી બાજુ આસામની અંદર બે રિફાઈનરી છે, બોઈંગના રિફાઈનરી અને નુમાલર્ગા રિફાઈનરી આ બે રીફાઈનરીને ઓએનજીસી માલ આપે તો એમાં ડીસ્કાઉન્ટમાં કાપ નહીં, એટલે કે આસામને સંપૂર્ણપણે મળે અને ગુજરાતને ૮૦-૯૦ ટકા કાપ એટલે ગુજરાતની રૉયલ્ટીમાં અસર પડે અને આસામની રોયલ્ટીમાં અસર ન પડે એટલે બીજો અર્થ એ થયો કે ડિઝલ પેટ્રોલમાં જે નુકસાન કેન્દ્ર સરકારે કર્યુ એ આપણી રોયલ્ટીમાંથી કાઢી નાખ્યું, ૧૫૦૦ કરોડ આપણી પાસેથી લઈ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાન એ પણ દોરવું છે કે, આપણા ત્યાં જે ક્રુડનું ઉત્પાદન થાય છે એના કારણે કેન્દ્ર સરકારની અંદર ઘણો મોટો લાભ મળ્યો છે. જે કેન્દ્ર સરકારને જે લાભ મળે છે એની અંદર સેસ લે છે ઓઆઈડીબી સેસ, જે અઢી હજાર રૂપિયા પર મેટ્રિકટન લે છે અને એ અઢી હજાર સેસની અંદર ૧૪૦૦ કરોડ રૂપિયા ગુજરાતમાંથી કલેકટ થાય છે એટલે આપ વિચાર કરો ૭૦૦૦ કરોડમાંથી ૧૪૦૦ કરોડ ગુજરાતને આપે છે, અને આપણને રોયલ્ટી કેટલી? ૪૦૦ કરોડ . જે વીસ વર્ષ સુધી બધા જ મુખ્ય મંત્રીશ્રીઓએ મહેનત કરી, એનડીએની સરકાર આવી, બાજપાઈજીએ મોસ્કર કમિટી બેસાડી, એ કમિટીએ અહેવાલ આપ્યો, અહેવાલના કારણે ૫૦૦ કરોડ થી ૨૦૦૦ કરોડની આપણી આવક વધી અને એક જ ઝાટકે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીએ પૂછ્યા વગર બદલી નાખ્યું, બીજું, આના ઉપરાંત જે કોઈ ઉત્પાદન થાય છે એમાં પ્રોફિટ પૅટ્રોલિયમ લેવાય છે, એટલે શું કે જે કંઈ થાય એનો નફો લેવાય અને એ નફાના ભાગ રૂપે ૫૦૦ થી ૭૦૦ કરોડ રૂપિયા ગુજરાતમાંથી આવક કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજો એક દાખલો આપવો છે કે બેવડી નીતિ કેવી ? જીએસપીસી ગેસ ઉત્પાદન કરે છે, જીએસપીસી આપણી જીઈબીની યુટીલીટીઝ કંપનીને ડિસ્કાઉન્ટમાં માલ વેચે છે. બજારમાં ૩.૪૫ ડોલર એમએમબીપી હતો બીજા સપ્લાયરને વેચતા હતા, અને જીએસપીસી આપણી કંપનીને ૨.૮૯ ડોલરે વેચતા હતા. તો કેન્દ્રએ શું કહ્યું ખબર છે? તમારે ડિસ્કાઉન્ટ આપવું હોય તો આપો પણ અમને તો માર્કેટ પ્રાઈઝે તમે જે લો છો ૩.૪૫ એના પર રોયલ્ટી આપવી પડશે એટલે આપણે રોયલ્ટી વધારે આપી ડિસ્કાઉન્ટ આપ્યા પછીથી પણ વધારે આપી એટલે એક બાજુ ગેસની અંદર જીએસપીસીએ ડિસ્કાઉન્ટ આપ્યા છતાં ફૂલ રૉયલ્ટીનું પેમેન્ટ આપ્યું, અને બીજી બાજુ કેન્દ્રએ આપણા ઑઈલ પર આ પ્રમાણે કર્યુ એટલે માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મોટો અન્યાય થઈ રહ્યો છે, અને આના માટે આપણે ઘણી બધી વખત છેલ્લા ઘણા મહિનાઓથી કેન્દ્રને રજૂઆત કરી, મુખ્ય સચિવશ્રી દ્વારા અનેક વખત રૂબરૂ જાતે અને કાગળ દ્વારા પણ વાત કરવામાં આવી. આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ પ્રધાન મંત્રીશ્રીને કાગળ લખ્યો, અને મેં વ્યકિતગત મંત્રીશ્રીને મળ્યો હતો, મંત્રીશ્રીએ

મને ખાતરી આપી હતી કે જે અન્યાય થાય છે એ અન્યાય હું દૂર કરી દઈશ અને એ પ્રમાણે સચિવશ્રીએ અનેક વખત કહ્યા છતાં પણ આજ સુધી આપણને ૧૫૦૦ કરોડ મળ્યા નથી એટલે મારી વિનંતી કે ભાઈ, એની અંદર જે કેન્દ્ર સરકારે નીતિમાં ફેરફાર કર્યો છે, એ નીતિમાં સુધારો લાવે અને ગુજરાતને જે અન્યાય કર્યો છે એ અન્યાય દૂર કરે. મારે કોંગ્રેસના સભ્યશ્રીઓએ એટલું જ યાદ દેવડાવવું છે કે, આપણે છેલ્લા ઘણા વખતથી આપ્યું, આપ્યું, આપ્યું એવી વાતો કરીએ છીએ. ગઈ કાલે વિરોધપક્ષના નેતાશ્રીએ પણ કહ્યું કે એક ઈ-ગવર્નન્સના ઈસ્યુ ઉપર દશ કરોડ છવ્વીસ લાખ રૂપિયા કેન્દ્રએ આપ્યા. એના માટે વાઈટ પેપર બતાવે, કે આ દશ કરોડ છવ્વીસ લાખ રૂપિયા કેન્દ્રએ આપ્યા છે, પણ આ પંદરસો કરોડ માટે શું કરવાનું ? મારી નમ્રપણે વિનંતી છે કે આપ આપનો પૂરેપૂરો કૉન્ટૅક્ટ વાપરો, પ્રધાનમંત્રીશ્રીને મળો, આપણા જ ગુજરાતના જ મંત્રીશ્રી છે એમને મળીએ અને કેન્દ્રએ ગુજરાતને ૧૫૦૦ કરોડ રૂપિયાનો અન્યાય કર્યો છે, એ આપણ સાથે મળીને લાવીએ એવી મારી નમ્ર વિનંતી એટલે આ જે આપણે સંકલ્પ લાવ્યા છીએ એ આપ બહુમતીથી સંપૂર્ણપણે પસાર કરે એવી વિનંતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે સરકાર તરફથી રાજકીય સમીકરણોના સંકલ્પ લાવવાની પ્રથા ન હતી. લોકસભાની ચૂંટણીઓ દેખાય છે એટલે સંપૂર્ણપણે રાજકીય સંકલ્પ (અંતરાય) માનનીય ફકીરભાઈ, શાંત રહેશો તો આપને આંકડાઓ આપીશ એટલે આપને અચંબો લાગશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જો આજ રીતે ગૃહ ચલાવવાનું નક્કી કરેલું હોય તો એ રીતે જ ચલાવીએ.

**સભાપતિશ્રી :** માનનીય શકિતસિંહ આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રીઓને ટોકવાનું આપ પણ જરા રાખો. ભૂતકાળ તો એવો છે કે, ટ્રેઝરી બેચને સ્પીકરે વધારે ફટકા માર્યા છે, પણ હવે તો પ્રથાઓ જૂની યાદ કરવાનું કયાં રહ્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગુ છું કે, આપની સરકાર હતી, નામનો ઉલ્લેખ થયો હમણા બાજપાયજી કેટલા વર્ષ રહ્યા સેન્ટ્રલમાં? એ વર્ષોમાં રોયલ્ટી વધારવા માટેની જે વાત હતી, કેટલા વર્ષો પછી આપને યાદ આવ્યું? મને કહેવા દો કે, ગુજરાતમાં જે રોયલ્ટી મળતી હતી ભાજપની આગેવાની વાળી એન.ડી.એ. સરકાર હતી છેલ્લા પાંચ વર્ષ એના શાસનના હતા, એ પાંચ વર્ષનું સરેરાશ માનનીય મંત્રીશ્રી કાઢજો તો ખ્યાલ આવશે કે આપણા ગુજરાતને માત્ર ૬૧૪ કરોડ રૂપિયા રોયલ્ટી મળતી હતી. માત્ર ૬૧૪ કરોડ રૂપિયા. અને ત્યાર પછી યુ.પી.એ.ની સરકાર આવી કેન્દ્રમાં, કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર આવી એણે જે પાંચ વર્ષ શાસન કર્યું એ પાંચ વર્ષનું સરેરાશ કાઢયું છે આપે? ગુજરાતને દર વર્ષે તમારા પક્ષના શાસન વખતે ૬૧૪ કરોડ રૂપિયા મળતા હતા એ યુ.પી.એ.ના શાસનમાં ગુજરાતને સરેરાશ વાર્ષિક ૧૪૯૦ કરોડ મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષના આંકડા મારે આપવા છે, મારે એ આંકડા આપવા છે કે ૨૦૦૪-૨૦૦૫ પહેલા આપના વર્ષના અંત સુધીના આંકડાઓ હું આપને આપું, ૨૦૦૦-૨૦૦૧ની સાલમાં આપના શાસનમાં ગુજરાતને રોયલ્ટી કેટલી મળી? રૂા.૫૮૯ કરોડ. છેલ્લું વર્ષ આપનું ૨૦૦૧-૨૦૦૨માં રૂા.૫૦૮ કરોડ મળ્યા. અને છેલ્લા બે વર્ષના યુ.પી.એ.ના શાસનનાં સમયનાં આંકડાઓ આપું છું આપને, ૨૦૦૭-૨૦૦૮માં ગુજરાતને જે ૫૦૦ કરોડે પહેલા અટકી જતું હતું એના બદલે રૂા.૧૭૧૯ કરોડ મળ્યા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં કોંગ્રેસના શાસનમાં ગુજરાતને રોયલ્ટી મળી છે એ રૂા.૧૮૮૧ કરોડ છે. મારે એ યાદ નથી કરાવવું જે ગઈ કાલે વજુભાઈ કહેતા હતા એ કે, તમારો દિવો બૂઝાવા આવ્યો હતો ત્યારે પ્રકાશિત થયો? આ કયારેય નહોતું સૂઝયું ૮ વર્ષમાં? (અંતરાય) આ ક્રોસ ટોક ત્યાંથી થાય છે એને રોકવાની જવાબદારી માનનીય અધ્યક્ષશ્રી આપની છે.

**સભાપતિશ્રી :** માનનીય શકિતસિંહ આપ આ બાજુ જોઈને વાત કરોને એટલે નહીં વાધો આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ વચ્ચે ખલેલ કરે કોઈ સભ્ય તો એને રોકવાનું કામ તો માનનીય અધ્યક્ષશ્રીનું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગેસની કિંમતોની વાત કરું તો આપણને કેટલામાં મળે? ૧૧ રૂપિયામાં મળે. આપ શું ભાવે આપો છો બધાને? કોણ લૂંટે છે ગુજરાતની જનતાને? અને ઠીકરું કયાંક જઈને ફોડવાનું? માનનીય અધ્યક્ષશ્રી, જે બંધારણ બાબસાહેબે આપ્યું છે એમાં બહુ સરસ વાતો આપી છે અને સારા એવા કાયદાઓ એના આધાર પર આપણી પાર્લામેન્ટે આપ્યા છે. કાયદો બનેલો છે, Oil Field Regulation and DevelopmentAct ૧૯૪૮ એની કલમ-૬ માનનીય મંત્રીશ્રી જોઈ લેજો, અન્યાય થતો હોય તો ક્યાં વ્યવસ્થા છે, કોઈપણ કેન્દ્ર સરકાર કાયદાથી વિરુદ્ધ કોઈપણ રાજય સરકારને અન્યાય કરે તો Which is the platform? ક્યાં જઈ શકાય, આ દેશની સુપ્રીમ કોર્ટ છે, આપ સાચા જ છો, ગુજરાતના હિતેચ્છુ છો, આપને ખૂબ અન્યાય થઈ ગયો છે, આપના ૫૦૦ કરોડની જગ્યાએ ૧૮૦૦ કરોડ વર્ષે મળતા થઈ ગયા છે એ પણ આપણને ઓછાં પડે છે તો પણ કોંગ્રેસને ગાળ આપવી છે, તો પછી આપ સાચા છો, સુપ્રીમ કોર્ટમાં આપ એપ્લિકેશન ફાઇલ કરો, Yes it is our right. We are facing injustice, give us justice, તો ત્યાં તમારે જવું નથી કારણકે સત્ય તમારા પક્ષે નથી, એક તરફ જ્યારે તમારે માનીતા ઉદ્યોગપતિને, નેનો કાર પ્રોજૅકટને કરોડો આપવા હોય, ત્યારે આપ કહો કે હું નંબર વન, ભીખનો કટોરો લઈને દિલ્હી ના જાઓ, હું તો અહીંથી જ કરી દઉં અને જ્યારે કંઈ ન આપવું હોય ત્યારે, રત્ન કલાકારો માટે દિલ્હીની સરકારે પૅકેજ આપવું જોઈએ, આવી સરકાર 'ન ભૂતો ન ભવિષ્યથી', કે જેના પાસે એક વિધવા બહેનના આંસુ એની નજર સુધી ના પહોંચે, પણ વિદેશથી આવેલી કન્યાના હાથ એના ગળા સુધી પહોંચી શકે, આ પ્રકારની સરકાર ગુજરાતમાં ક્યારેય જોઈ નથી, મોટા ઉદ્યોગપતિઓ માટે લ્હાણી થાય,

(અંતરાય) મને ચિંતા વિધવા બહેનના આંસુની છે, પેલી વિદેશી કન્યાની તમારી સજાવટમાં મને વાંધો નથી, (આ તબક્કે માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા ખુરશીમાં બેઠાં બેઠાં બોલ્યા) (અંતરાય) નહિ પહોંચે કોઈ દિવસ, અમારામાં સંસ્કાર છે, નહિ પહોંચે કોઈ દિવસ અને કોઈને પણ મારા માટે ફરિયાદ કરવાનો મોકો નહિ મળે,

**સભાપતિશ્રી** : માનનીય ફકીરભાઈ ક્રોસ ટોક ના કરો પ્લીઝ,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોણ કરે છે ક્રોસ ટોક, કોણ ક્રોસ ટોક કરે છે, શેની ક્રોસ ટોક? અધ્યક્ષશ્રીનું કામ એમને રોકવાનું છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : આપ શાંતિથી આપની વાત રજૂ કરોને, શાંતિથી આપની વાત રજૂ કરો,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું તો શાંતિથી જ વાત કરું છું, એમને ચચળાટ ઊભો થાય, (અંતરાય) આવું કેવી રીતે ચાલે ? (અંતરાય) અમને જ રોકવાના, ત્યાંથી બેઠાં બેઠાં બોલે છે એમને રોકવાના નહિ, મંત્રીશ્રી તરીકે બેઠાં બેઠાં બોલે એ ચાલે.

**સભાપતિશ્રી** : માનનીય શક્તિસિંહ આપ શાંતિથી રજૂઆત કરો, માનનીય શક્તિસિંહ

**(આ તબક્કે વિરોધપક્ષ કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા)**

**સભાપતિશ્રી** : માનનીય શક્તિસિંહ, આપ બોલવામાં કોઈપણ રીતે લિમિટ ના રાખો તો આ રીતે થવાનું જ છે. માનનીય શક્તિસિંહભાઈએ..

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહની અંદર આપણે જે રીતે વર્તીએ છીએ તે અને માનનીય અધ્યક્ષશ્રીની સામે મારા સ્થાન પર જ્યારે મહિલા સભાપતિ તરીકે અધ્યક્ષસ્થાને બેઠાં હોય ત્યારે તેમના પ્રત્યે ઔચિત્ય જાળવવું જોઈએ, વિરોધપક્ષના નેતા હોય કે સાથી સભ્ય હોય, જે પ્રકારનું ઔચિત્ય અને માન રાખવું જોઈએ એ માન અને ઔચિત્ય જળવાયું નથી, એ મેં જોયું છે અને એનું મને ખૂબ દુ:ખ થાય છે કે આ સ્થાન ઉપર મહિલા બેઠેલાં હોય અને એ વખતે કોઈપણ સભ્ય પ્રવચન કરતા હોય તો એ પ્રવચન કરતી વખતે એમણે સૌજન્ય જાળવવું જોઈએ, એ સૌજન્ય વિરોધપક્ષના નેતાશ્રીએ જાળવ્યું નથી, ક્રોસ ટોકની વાતની અંદર પ્રમુખ સ્થાને બેસીને માન્યવર ડો.નીમાબહેને બે વાર કહ્યું હતું કે ક્રોસ ટોક ટાળવી જોઈએ અને તમે મને સંબોધીને કહો એવો સ્પષ્ટ આદેશ આપ્યા પછી પણ ક્રોસ ટોક તરફ જાય અને એ નિમિત ઉગ્રતાની દિશા તરફ જાય, એ સૌજન્યતા ગુમાવે, ઉગ્રતા આવે એ સ્વાભાવિક છે આ રીતે સૌજન્યતા ગુમાવે છે તે યોગ્ય નથી અને હું આશા રાખું છું કે આપણે સૌ આ પક્ષના હોઈએ કે પેલા પક્ષના હોઈએ, પણ જ્યારે આ પદ ઉપર મહિલા સભાપતિ અધ્યક્ષ પદે બેઠાં હોય ત્યારે તો સૌજન્યતા જાળવવી જ જોઈએ.

**શ્રી સૌરભ પટેલ (રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંકલ્પ લાવ્યા હતા તેનું મૂળ કારણ હતું કે આપણને ગુજરાતમાં રોયલ્ટીમાં ખૂબ મોટું નુકસાન થયું હતું. વિરોધપક્ષના નેતાશ્રીએ બે-ત્રણ વિષય ઉપર વાત કરી. તેમણે એમ કહ્યું કે છેલ્લાં ચાર વર્ષની અંદર આવક વધી છે. માનનીય અધ્યક્ષશ્રી, તે વાત સાચી છે તેના માટે તો હું કહું છું કે છેલ્લાં ચાર વર્ષમાં જે આવક વધી છે તેનું મૂળ કારણ એ હતું કે બાજપાઈજી જે એન.ડી.એ.સરકાર કેન્દ્રમાં આવી અને તેમણે જે ફોર્મ્યુલા બદલી અને તે ફોર્મ્યુલા બદલવાના કારણે આપણને market driven price એટલે બજાર કિંમત ઉપર આપણને રોયલ્ટી આપવાનું ચાલુ કર્યુ એટલે સીધી આવક ૫૦૦ કરોડની ૧૫૦૦ કરોડ થઈ ગઈ. હવે ૧૫૦૦ કરોડની થઈ તેનો લાભ એમ કહે છે કે કોંગ્રેસની સરકારે દિલ્હીમાં બેઠા બેઠા ૧૫૦૦ કરોડ રૂપિયા આપ્યા. પણ હું ફરીથી કહું છું કે આ રોયલ્ટી એ કોઈ ગ્રાન્ટ નથી, આપણો અધિકાર છે, બંધારણીય અધિકાર છે. અને તે બંધારણીય અધિકારના કારણે એન.ડી.એ. જે સરકાર બાજપાઈજીએ જે ફોર્મ્યુલા બદલી એડ્હોકમાંથી એટલે ૨૦૦ કે ૩૦૦ કરોડ રૂપિયા દર વર્ષે નક્કી કરતાં હતા તેના કરતાં માર્કેટ એટલે બજાર કિંમત ઉપર જે ફોર્મ્યુલા બદલી તેનો કૂદકો આવ્યો અને તે કૂદકાને કારણે આપણી આવક વધી. અને સરકારની એ માગણી છે કે આ જે ફોર્મ્યુલા જે હતી તેની અંદર કેન્દ્ર સરકારે રાજય સરકારને પૂછ્યા વગર બદલી નાંખી. માનનીય અધ્યક્ષશ્રી, હું વ્યક્તિગત બે વખત કેન્દ્રીય મંત્રીશ્રીને મળ્યો છું. આપણા ગુજરાતના જ કેન્દ્રીય મંત્રીશ્રીને મળ્યો છું અને તે પણ સંમત થાય છે કે ગુજરાતને અન્યાય થયો છે. પ્રાઈવેટલી મારાથી કંઈ થતું નથી મેં કોશિશ પણ કરી છે. તેમણે કોશિશ કરી પણ સફળતા ના મળી. એટલે આજે આપણે તેમને વિનંતી કરીએ કે તમે અમને મદદ કરો. તેની જગ્યાએ એમ કહે છે કે તમને ૨૦૦૧માં મળતી હતી તેના કરતાં અમે તમને અત્યારે વધારે આપી એમ કરીને જશ લેવાની ટ્રાય કરે છે. એટલે સાવ તદ્દન આંકડાઓને કેવી રીતે રમવું અને આખી હકીકતને કેવી રીતે ઉંધી રીતે મૂકવી તે પ્રમાણે સંપૂર્ણપણે વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫૦૦ કરોડ નાનો આંકડો ના કહેવાય. ગુજરાત ઇન્કમટૅક્સથી માંડીને સૌથી વધારે કેન્દ્રને આપે છે. કેન્દ્ર આપણી ઉપર કોઈ ઉપકાર કરતું નથી. આપણને જે કંઈ રૂપિયા મળે છે તે બંધારણને કારણે મળે છે. આપણે આપીએ છીએ, તેનાથી આપણે ઓછાં છે, આપણાં હક્કના પૈસા છે. પણ નાના નાના ઈશ્યુઝમાં ગુજરાતને કેવી રીતે હેરાન કરવું અને આ લીગલ ઓપીનીયન અમે લઈને બેઠાં છીએ. પણ અમને એમ થયું કે દરેક વસ્તુમાં ઝગડવું તેના કરતાં એમને એમ પતી જતું હોય તો બહું સારું. નહીંતર છેલ્લે છે જ રસ્તો

અને અપનાવીશું, લીગલ ઓપીનીયન બધું ફેવરમાં છે. પણ કેન્દ્ર જોડે ભેગાં મળીને કામ કરવું તે દ્રષ્ટિએ આપણે વાર્તાલાપ કરીને રૂપિયા પાછાં કેવી રીતે નીકળે તેના માટેનો આપણો પ્રયાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ઘણાં વર્ષોથી ઘણો બધો અન્યાય થયો છે. એક વધારે અન્યાય થયો એટલે મારો વિચાર આ સંકલ્પ આપણે આ હાઉસમાં લાવ્યા.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો**

## વિશેષાધિકારભંગનો મુદ્દો

**ડૉ.માયાબેન સુ. કોડનાની (રાજયકક્ષાના મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગીથી હું માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સામે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કરું છું. તા. ૧૮/૨/૨૦૦૯ ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન ઉપસ્થિત થયો હતો અને પેટા પ્રશ્નમાં માનનીય સભ્યશ્રીએ કેન્દ્ર સરકાર તરફથી સ્ટેટ ડેટા સેન્ટર માટે ૧૮.૩૦ કરોડ રૂપિયા સોએ સો ટકા આપ્યા છે એવો એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. જે ગૃહને ગેરમાર્ગે દોરવા માટે હતો. ગૃહના અવમાન થવા બરાબર હતો. એટલે હું નિયમ ૨૫૨ હેઠળ આપશ્રીને વિનંતી કરું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બહેને જે દરખાસ્ત મૂકી છે તેને હું ટેકો આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય ડો. માયાબેન કોડનાનીએ ઉપસ્થિત કરેલ વિશેષાધિકાર ભંગના પ્રશ્નની તરફેણમાં હોય તે સૌ પોતાના સ્થાન પર ઉભા થાય. (થોડીવાર બાદ) અનુમતિ આપવામાં આવે છે.

**વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૩ માં ઠરાવ્યા મુજબ ગૃહે પરવાનગી આપ્યા પછી વિશેષાધિકાર સમિતિને મુદ્દો સોંપવો. આથી આ બાબત હું વિશેષાધિકાર સમિતિને સોંપું છું.**

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

**ભારત સરકાર દ્વારાક્રિમીનલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ સુધારાઓ રદ કરવા અંગે**

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, " ભારત સરકાર દ્વારા તાજેતરમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ -૧૯૭૩ (ફોજદારી કાર્યવાહી અધિનિયમ -૧૯૭૩) માં કેટલાક સુધારાઓ કરવામાં આવેલ છે. જે સુધારાઓના અમલીકરણની પ્રક્રિયા પડતર છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩માં સુધારા અધિનિયમ-૮થી કરેલ સુધારાઓમાં કલમ-૪૧(એ)(પોલીસ અધિકારી સમક્ષ હાજર રહેવા અંગેની નોટીસ) ની જોગવાઈ નીચે મુજબ છે.

(૧) પોલીસ અધિકારી એવા બધા કિસ્સાઓમાં જયાં વ્યકિતની ધરપકડ કલમ-૪૧ની પેટા કલમ (૧) ની જોગવાઈઓ હેઠળ જરૂરી નથી ત્યાં નોટીસ કાઢી જે વ્યકિત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હોય તેના વિરૂદ્ધ આદેશ આપશે અથવા જેના વિરૂદ્ધ શાખયુકત માહિતી મળી હોય અથવા એવી વાજબી શંકા અસ્તિત્વમાં હોય કે તેમણે નોંધપાત્ર ગુનો કર્યો છે, ત્યારે તેમને તેમની સમક્ષ અથવા નોટીસમાં નિર્દેષ્ટ કરેલ બીજી જગ્યાએ હાજર થવા માટે જણાવાશે.

(૨) જયાં આવી નોટીસ કોઈ વ્યકિતને કાઢવામાં આવી હોય ત્યારે નોટીસની શરતોનું પાલન કરવાની તે વ્યકિતની ફરજ રહેશે.

(૩) જયાં આવી વ્યકિત નોટીસમાં જણાવ્યા મુજબ પાલન કરે અથવા પાલન કરવાનું ચાલુ રાખે ત્યારે તે નોટીસમાં જણાવેલ ગુનાની બાબતમાં તેની ધરપકડ કરવામાં નહીં આવે. સિવાય કે કારણો નોંધીને પોલીસ અધિકારી એવા અભિપ્રાયના હોય કે તેની ધરપકડ કરવી જોઈએ.

(૪) જયારે આવી વ્યકિત કોઈપણ સમયે નોટીસની શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય ત્યારે પોલીસ અધિકારી માટે નોટીસમાં ઉલ્લેખ કરેલ ગુના માટે ધરપકડ કરવાનું કાયદેસર રહેશે અને તે સક્ષમ કોર્ટ ધ્વારા આ વતી કરવામાં આવેલ તેવા હુકમોને આધિન રહીને કરવામાં આવશે.

આ જોગવાઈ પ્રમાણે ૭ વર્ષો કરતાં ઓછી સજા ન થાય અથવા કે જે ૭ વર્ષ સુધી વિસ્તારી શકાય, દંડ અથવા દંડ વિના શિક્ષાપાત્ર નોંધવાનો ગુનો કર્યો હોય તેને લાગુ પડે છે. એટલે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૪૧(એએ)ના સુધારા થવાથી આરોપી જેની સામે જામીનપાત્ર ગુનો નોંધાયેલ હોય તેને પોલીસ અધિકારી ધરપકડ કરી શકશે નહીં.

આઈ.પી.સી. હેઠળના આવા ગુનાઓની યાદીની વિગત આ પ્રમાણે છે.

૧. કલમ-૧૧૫ મોત અથવા જન્મટીપની શિક્ષાપાત્ર ગુનામાં દુષ્પ્રેરણ.

૨. કલમ-૧૨૪ કાયદેસરની કોઈ સત્તા વાપરવાની ફરજ પાડવાના અથવા વાપરવામાં અવરોધ કરવાના ઈરાદાથી રાષ્ટ્રપતિ,રાજયપાલ વિગેરે પર હુમલો કરવા બાબત.

૩. કલમ-૧૨૯ રાજય સેવક ભૂલથી એવા રાજય કેદી કે યુધ્ધ કેદીને નાસી જવા દે તે બાબત.

૪. કલમ-૧૪૭ હુલ્લડ કરવા માટે દોષિત હોય.

૫. કલમ-૧૪૮ પ્રાણઘાતક હથિયારથી સજ્જ થઈ હુલ્લડ કરવા બાબત.

૬. કલમ-૧૫૩ (ક) ધર્મ, જાતિ, જન્મસ્થળ, નિવાસ, ભાષા વિગેરે કારણોને લીધે જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને સુમેળ જાળવી રાખવાને પ્રતિકૂળ એવા કૃત્યો કરવા બાબત.

૭. કલમ-૨૧૨ ગુનેગારોને આશરો આપવા બાબત.

૮. કલમ-૨૧૬ (ક) કસ્ટડીમાંથી નાસી ગયેલો કે જેને ગિરફતાર કરવાનો હુકમ થયેલ હોય તે ગુનેગારોને આશરો આપવા બાબત.

૯. કલમ-૨૩૭ બનાવટી સિકકા આયાત અથવા નિકાસ કરવા બાબત.

૧૦. કલમ-૨૭૪ ઔષધિમાં અથવા દવામાં ભેળસેળ કરવા માટે.

૧૧. કલમ-૩૦૮ ગુનાહિત મનુષ્ય વધ કરવાની કોશિષ.

૧૨. કલમ-૩૪૭/૩૪૮ બળજબરીથી મિલ્કત કઢાવી લેવા અથવા ગેરકાયદેસરનું કૃત્ય કરવું પડે તે માટે ગેર કાયદેસર અટકાયત અને બળજબરીથી કબૂલાત કરાવવા અથવા મિલકત પરત કરવાની ફરજ પાડવા માટે ગેરકાયદેસરની અટકાયત.

૧૩. કલમ-૩૫૪ કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના પર હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબત.

૧૪. કલમ-૩૬૯, ૧૦ વર્ષથી ઓછી વયના બાળકના શરીર પરથી ચોરી કરવા માટે તેને અપહરણ કે અપનયન કરવા બાબત.

૧૫. કલમ-૩૭૯ ચોરી

૧૬. કલમ-૩૮૪ બળજબરી.

૧૭. કલમ-૩૯૩ લૂંટ કરવાની કોશિષ.

૧૮. કલમ-૪૦૧ ચોરીની ટોળીમાં સામેલ હોય

૧૯. કલમ-૪૨૦ ઠગાઈ કરવા અથવા બદદાનતથી મિલ્કત આપી દેવા માટે લલચાવવા બાબત.

૨૦. કલમ-૪૬૫ ખોટા દસ્તાવેજો બનાવવા.

૨૧. કલમ-૪૯૭ વ્યભિચાર.

૨૨. કલમ-૪૧(૨)ની જોગવાઈ બદલીને સુધારેલા જોગવાઈ કલમ-૪૧(એ) પ્રમાણે હવે રીઢા ગુનેગાર નશીલી દવા, વિદેશી હુડિયામણ, કામદાર પ્રોવિડન્ટ ફંડ, અશ્પૃશ્યતા નિવારણ કાયદો,

કસ્ટમ અધિનિયમ અને વિદેશી નાગરિક ધારા નીચેના મોટા પ્રમાણના ગુનામાં પોલીસ અધિકારીએ આરોપીની ધરપકડ કરવાને બદલે નોટીસ આપવાની થાય છે.

ઉપરોકત સંજોગોમાં આરોપીની ધરપકડ કરવાની રાહ જોવામાં આવશે તો આરોપી પોબારા ગણી જશે. આ પ્રમાણે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જે આમ જનતાને સ્પર્શે છે તેવા ગુના આચરતા ગુનેગારોની પોલીસ ધ્વારા તુરત ધરપકડ ન થઈ શકવાને કારણે, મહિલાઓની છેડતી અને બળાત્કારના કિસ્સાઓ સમાજમાં સામાન્ય બની જશે. બાળકો અને મિલકતની સલામતી જળવાશે નહીં. સમાજમાં ચોરી, ખોટા સિકકાની આયાત, ઠગાઈ, વ્યભિચાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિને ઉત્તેજન મળશે. તેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ સામાન્ય નાગરિકોની સલામતી પણ જળવાઈ રહે તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩માં કરેલ સુધારાઓ રદ કરવા બાબતે ભારત સરકારને અનુરોધ કરવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે. "

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી :**માનનીય અધ્યક્ષશ્રી, ક્રીમીનલ પ્રોસીજર કોડમાં જે સુધારા કરવામાં આવ્યા છે, એ સિવાય એક ગંભીર બાબત છે. આપણને પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાએ શા માટે ચૂંટીને મોકલ્યા છે? આ એક પ્રશ્ન માટે આપણને એમ થાય કે આપણને પ્રજાએ શા માટે ચૂંટીને મોકલ્યા છે? પ્રજા શાંતિથી રહી શકે. શાંતિથી વેપાર કરી શકે. શાંતિથી એના વ્યવહારો કરી શકે. એ માટે આપણને એક ભરોસા સાથે પ્રજાએ મોકલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં જે સુધારો કરવામાં આવ્યો છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ સુધારો અમલમાં આવશે ત્યારે શું પરિસ્થિતિ થશે? શું આપણે પ્રજાને મુહ દેખાડવાને લાયક રહીશું? આ સુધારો સ્વયંમ્ સ્પષ્ટ છે, કે કોઈ ગુનેગાર જો ગુનો કરીને આવે અને તેણે એવો ગુનો કર્યો હોય કે જેમાં ૭ વર્ષની સજાને પાત્ર ગુનો હોય, તેવો ગુનો કરીને કોઈ આવશે તો પોલીસ હાથ જોડીને બહેસી રહેશે. પરિણામ શું આવશે કે ગુનેગારોને મોકળું મેદાન મળી જશે. કહેવામાં આવે છે કે કાયદાના હાથ મજબૂત હોય તો પ્રજા સલામતીનો અહેસાસ કરી શકે. પ્રજાના જાન માલનું રક્ષણ કરી શકે. અહીં આ કાયદાના સુધારાથી કાયદાના રક્ષકો છે તેવી પોલીસ પણ નિ:સહાય બની જશે. પોલીસ ગુનેગારોની ધરપકડ નહીં કરી શકે, કારણ કે આ સુધારામાં એવો ઉલ્લેખ છે કે કોઈ પણ ગુનેગાર ગુનો કરીને આવ્યો હોય અને તેનો ગુનો કેવા પ્રકારનો છે સી.પી.સી.માં, ક્રિમીનલ પ્રોસીઝર કોડમાં આની કેટલી ગંભીરતા છે તે હું આપના ધ્યાન ઉપર મુકવા માગું છું. સી.પી.સી. માં ૩૮૫ પ્રકારના જે ગુનાઓની તપાસણી કરવાનું આવે છે એમાંથી ૨૮૬ ગુનાઓ જે ૭ વર્ષથી અંદરની સજાના હોય છે એટલે લગભગ ૭૫ ટકા ગુનાઓ આમાં આવરી લેવામાં આવ્યા છે. ત્યારે સભ્ય સમાજમાં આપણે કઈ રીતે રહી શકીશું? જો સુધારો અમલમાં આવશે તો મને જણાવતા અત્યંત દુ:ખ થાય છે કે કેવા કેવા પ્રકારના આ ૨૮૬ ગુનાઓ છે તે કહું તો આઈ.પી.સી.ની કલમ ૧૧૫, કે જેમાં મોત અથવા જન્મ ટીપની શિક્ષા પાત્ર ગુનામાં દુષ્પ્રેરણ હોય, કલમ ૧૨૪, કે જેમાં કાયદેસરની કોઈ સત્તા વાપરવાની ફરજ પાડવાના અથવા વાપરવામાં અવરોધ કરવાના ઈરાદાથી રાષ્ટ્રપતિ, રાજયપાલ વિગેરે પર હુમલો કરવા બાબત હોય, કલમ ૧૨૯ કે જેમાં રાજય સેવક ભૂલથી એવા રાજય કેદી કે યુધ્ધ કેદીને નાસી જવા દે તે બાબત છે, કલમ ૧૪૭ જેમાં હુલ્લડ કરવા માટે દોષિત હોય, માનનીય અધ્યક્ષશ્રી, જયારે હુલ્લડ કરવામાં દોષિત હોય તેવા ગુનામાં પણ પોલીસ ધરપકડ ન કરી શકતી હોય તો સભ્ય સમાજમાં કેવી અરાજકતા ફેલાશે તે આપણે સમજી શકીએ છીએ. એ જ રીતે કલમ ૨૩૭, બનાવટી સિકકા આયાત અથવા નિકાસ કરવાની બાબત, હવે દેશના અર્થ તંત્રને ખોરવી નાખવા માટે બનાવટી નોટો, બનાવી અને રાજયના કે રાષ્ટ્રના માર્કેટમાં અસામાજિક તત્વો કે રાષ્ટ્ર વિરોધી તત્વો જો વહેતી કરે તો આવા ગુનેગારને પણ પોલીસ ધરપકડ નહીં કરી શકે. એ જ રીતે કલમ ૨૭૪ જેમાં ઔષધિમાં અથવા દવામાં ભેળસેળ કરવા વાળા ગુનેગારને પણ પોલીસ ધરપકડ નહીં કરી શકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નાનુભાઈ, બીજા સભ્યોને પણ ચર્ચામાં ભાગ લેવાનો છે.

**શ્રી અમિતભાઈ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામેની બાજુ પરથી કોઈ બોલવા વાળા છે નહીં, એટલે એમનો સમય અહીં વધારે આપી શકાશે. અને ૬૦ મિનિટનો સમય તો નકકી કરેલ જ છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે દરિયામાં જઈએ ત્યારે જે નાવિક હોય તે નાવિકનો આપણને ભરોસો હોય છે, કે આ નાવિક નાવ નહીં ડૂબાડે. અહીં તો જ્યારે નાવિક જ નાવ ડૂબાડવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે આપણે કોનો ભરોસો કરીશું? પાણીનો ધર્મ છે આગને બૂઝાવવાનો, પણ પાણી જ્યારે આગ લગાવશે ત્યારે આપણે કોનો ભરોસો કરીશું? તો આવા વાતાવરણમાં આ સન્માનનીય સભાગૃહમાં જ્યારે આપણને પ્રજાએ ચૂંટીને મોકલ્યા છે ત્યારે આપણો ધર્મ થાય છે, આપણી ફરજ થાય છે કે આ પ્રકારના સમાજની અંદર અરાજકતા ફેલાવનારો કોઈ પણ સુધારો આવે ત્યારે તેમાં આપણે બધાએ ચિંતા વ્યક્ત કરવી જ જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જો આ કાયદો અમલમાં આવશે, આ સુધારો અમલમાં આવશે તો કેવી પરિસ્થિતિ ઉભી થશે, આજે આ દેશની અંદર અનેક પ્રકારના વ્યવસાયો આપણે જોઈ રહ્યા છીએ. હમણાં થોડા સમયથી એક નવો વ્યવસાય અસ્તિત્વમાં આવ્યો છે. આપણે કોઈને પૂછીએ કે ભાઈ, તું શું વ્યવસાય કરે છે? ત્યારે તે એમ કહે કે હું એન.જી.ઓ.નો વ્યવસાય કરું છું. આ એન.જી.ઓ.ની એક આઈડેન્ટીટી હોય છે. ટૂંકા-ટૂંકા વાળ, લઘરવઘર ઝભ્ભો અને પૅન્ટ અને આવા લોકો માનવ અધિકારની વાતો કરે છે. ફાઈવસ્ટાર હોટલોમાં રહે છે. માનવ અધિકારની વાતો કરે છે? કોના માનવ અધિકારની વાતો કરે છે આ બધા એન.જી.ઓ.? શું સામાન્ય રીતે રોજબરોજની રોજગારી લઈ અને પેટિયું રળતા મજૂરના માનવ અધિકારની આપણે ચિંતા નથી કરવાની? આ દેશની અંદર, આ રાજયની અંદર, સમાજની વચ્ચે વેપાર વાણિજ્ય કરતા વેપારીની, ઉદ્યોગ ચલાવતા ઉદ્યોગપતિની, શિક્ષકની, મજૂરની, ખેડૂતની આના અધિકારની આપણે વાત નથી કરવાની? શું આ કાયદો અમલમાં આવશે તો વેપારી શાંતિથી વેપાર કરી શકશે? શું આ કાયદો અમલમાં આવશે તો મારી બહેનો ગુજરાતમાં અત્યારે જે શાંતિથી કોઈ પણ જાતના ભય વગર અડધી રાત્રે ગુજરાતની શેરીઓમાંથી પસાર થાય છે. આ કાયદો જો અમલમાં આવશે તો મારી બહેનો શેરીઓની અંદર પસાર થઈ શકશે? આ એન.જી.ઓ. જે છે. માનનીય અધ્યક્ષશ્રી, જો કાયદો અમલમાં આવશે તો ઓર્ગેનાઈઝ ક્રાઈમને બચાવવા માટેનો એક બીઝનેસ શરૂ થશે. એક એવી કંપનીઓ શરૂ થશે કે એ કંપનીઓમાં કર્મચારીઓ કોને રાખશે? લૂંટારાઓને, ખૂનીઓને, બળાત્કારીઓને, હુલ્લડખોરોને અને એમ કહેશે કે તમે ચિંતા ન કરશો. તમે જાવ, સમાજની વચ્ચે, વેપારીઓના અપહરણ કરો, ખેડૂતોની જમીન છીનવી લો. હુલ્લડો કરો. તમે અહીં આવો, પોલીસ તમારું કંઈ નહી બગાડી શકે. હું તમારો બચાવ કરીશ, તમારું રક્ષણ કરીશ. હું કોર્ટમાં તેને ચેલેન્જ કરીશ. ત્યારે સૌથી વધારે જો કોઈનું મોરલ ડાઉન થશે તો આ કાયદાના રક્ષકોનું, પોલીસોનું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, શું આવા સમાજની આપણે કલ્પના કરી શકીએ છીએ? આવા અસભ્ય સમાજની કલ્પના કરતાં જ આપણને ધ્રુજારી છૂટે છે. આવા વ્યવસાયકારો જે સમાજને માટે જ્યારે ખૂબ ચિંતા પ્રેરક પ્રવૃત્તિ કરતા હોય ત્યારે આપણે બધા ખૂબ ચિંતિત થઈને આ જે સુધારો આવ્યો છે એ સુધારાને માટે અહીં ઠરાવ કરીને ચિંતા વ્યક્ત કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ આપણાં માટે એક એવો દુ:ખદ દિવસ છે કે ગોધરા કાંડની આજે તિથિ છે ત્યારે આ સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે આપણે અહીં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ સામાન્ય નાગરિકોની સલામતીની જાળવણી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડમાં કરેલ સુધારો અમલમાં મૂકવાના બદલે આ સુધારાઓ રદ કરવા બાબતે ભારત સરકારને અનુરોધ કરવા આ સભાગૃહ ચર્ચા-વિચારણા કરે એવી મારી વિનંતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી નાનુભાઈ વાનાણી જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એ પ્રસ્તાવના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં છેલ્લા કેટલાક દિવસોથી વર્તમાનપત્રોની અંદર કેન્દ્ર સરકારની જુદા જુદા મુદ્દાઓને લઈને જાહેરાતો આવે છે અને એ જાહેરાતોમાં યુ.પી.એ.ના અધ્યક્ષા * (xxxxx) પણ ફોટો હોય છે. (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં ન હોય એમનું નામ ન લો તો સારું.(અંતરાય) કોઈપણ હોય. હવે એ શબ્દો પાછા ખેંચો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોપ નથી મૂક્યો, ચલાવે છે એમ કહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : આરોપ હોય કે ન હોય, આ ગૃહની અંદર ન હોય એમનું નામ ન લઈ શકાય.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રદ્ધાંજલિ અને બીજી વસ્તુમાં કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : એ જુદી વસ્તુ છે. આ ગૃહમાં ન હોય એમનું નામ ન લઈ શકાય. એ સિવાય ઘણું કહી શકાય એમ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે એમના માટે ક્રિસમસનો દિવસ અગત્યનો હોય છે અને એ દિવસોમાં લોકસભાનું સત્ર હતું ત્યારે આ દેશમાં કયારેય ન આવ્યા હોય એવા કાયદામાં એમેન્ડમેન્ટ કરીને જે લોકોએ પોતાની ક્રિમિનલ કૅરિયર બનાવવાની છે એમને ક્રિસમસની ભેટ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ અધિકારની વાતો કરે છે, કયારેય આ લોકો માનવતાની વાત નથી કરતા અને માનવ અધિકારની વાત એટલા માટે કરે છે કે એમના માનવ અધિકારની વાતમાં લઘુમતીઓના તૃષ્ટીકરણની બૂ આવે છે. આપણા દેશમાં થોડા સમય પહેલાંનું શાસન જોઈએ તો એન.ડી.એ.ની સરકાર આ દેશની સરહદો અને સલામતી તથા આંતરિક શાંતિ અને સલામતી માટે પોટાનો કાયદો લાવી. આ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે પોટાનો કાયદો હટાવ્યો. ગુજરાતની સરકારે કહ્યું કે પોટા કાયદો હટાવ્યો છે તો ગુજરાતની સલામતી અને શાંતિ માટે ગુજકોકનો કાયદો આપો. કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે હજુ સુધી ગુજકોકનો કાયદો આપ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કાશ્મીરની અંદર આતંકવાદીઓએ આટલા બધા આતંકવાદી હુમલાઓ કર્યા છે એ કાશ્મીરની અંદર સુરક્ષા દળો ઘટાડવાનું કામ આ યુ.પી.એ.ની સરકારે કર્યું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જેને ફાંસી આપવામાં આવી છે કન્વીકટેડ અફઝલ ગુરુને આજ દિન સુધી કેન્દ્રની સરકાર દ્વારા ફાંસી આપવામાં આવી નથી. મારો કહેવાનો આશય એ છે કે, સતત કાયદામાં બાંધછોડ કરીને આ દેશની સુરક્ષા સામે અનેક પ્રશ્નાર્થ આ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે કર્યા છે. ધર્માંતરીત દલિતોને અનુસૂચિત જાતિમાં સમાવીને દલિતોને અન્યાય કરવા માટેનું કામ કર્યું છે. એટ્રોસીટી એકટમાં ફેરફાર કરવાના કારણે એની અસરકારકતા રહેવાની નથી એ કામ આ સરકારે કર્યું છે. " ખાળે ડૂચા અને દરવાજા ઉઘાડા". આ કાયદાના માધ્યમથી માનવ અધિકારની વાતો કરીને પ્રજાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો છે. છેલ્લા ચાર વર્ષની અંદર આ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારના ભ્રષ્ટ પુરુષ હતા જે ગૃહ મંત્રાલય ચલાવતા હતા. એમના સમયમાં આટલા વર્ષમાં નથી થયા એટલા આતંકવાદી હુમલા દિલ્હી, મુંબઇ, જયપુર, હૈદ્રાબાદ વગેરેમાં થયા છે. માત્ર એક ગૃહ મંત્રીને બદલીને પ્રજાને છેતરવાનો પ્રયાસ કર્યો છે. આની સામે કડકમાં કડક કાયદો લાવવાની વાતો એ દિવસોમાં થતી હતી એનો કયારેય સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો નથી. થોડા સમય પહેલાં ગુજરાતમાં કૉન્ગ્રેસનું શાસન ગુજરાતમાં હતું. આપણે બધા જાણીએ છીએ કે કૉન્ગ્રેસના રાજની અંદર ગુંડારાજ હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હજુ ચાર સભ્યશ્રીઓ નામ છે. બધા ના પાડે તો મંત્રીશ્રી..(અંતરાય) મારી પાસે હજી બીજા ચાર નામ છે. જો બધો સમય બધાનો દંડકશ્રી આપને આપતા હોય.

**શ્રી અમિત શાહ** : એક ધારાસભ્યશ્રી બોલે અને પછી હું જવાબ આપું .

**અધ્યક્ષશ્રી** : તો પછી આપને હું ૨૦ મિનિટ આપીશ.

*** (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી અમિત શાહ** : મને ૧૦ મિનિટ આપશો તો ચાલશે. ૧૦ મિનિટ મારા માટે પૂરતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના રાજયમાં ગુંડા રાજય હતું. ગલીએ ગલીએ ગુંડાઓને હવાલે આ ગુજરાતનું શાસન હતું. આપણને ખબર છે કે દરીયાપુરની અંદર અબ્દુલ લતીફની ગેગ પોરબંદનની અંદર ગેંગ, સુરતની અંદર ગેંગ, પ્રજા પારેવાની જેમ ફફડતી હતી. ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી આ બધા જે ગેંગસ્ટારો હતા એ ગુજરાતના સીમાડા છોડીને બહાર જતા રહયા. આ કાયદો આતંકવાદીઓ માટે વરદાન થવાનો છે. અને જેમ માનનીય સભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ કહયું કે આપણે પહેલા નોટીસ આપવી પડે, આપણા ત્યાં બોમ્બ ધડાકા કરી અને જે માસ્ટરમાઈન્ડ અબુ બશરને પકડવો હોય તો ગુજરાતની પોલીસ આઝમગઢ જાય અને આઝમગઢ જઈ અબુબશરના ધરે જઈને કહે કે મહાશય અબુબશર, ગુજરાતની પોલીસ આ ગુનાના સંદર્ભમાં આપની તપાસ કરવા માગે છે, શું એ અબુબશરને આપણે જેલના હવાલે કરી શકવાના છીએ? આ કાયદાની નબળાઈઓને કારણે મુફલીસોના હાથમાં આખી સત્તા જતી રહેવાની છે. ગુનેગારોના માનવ અધિકારોની વાત કરવામાં આવે છે પરંતુ જે ગુનાનો ભોગ બનેલા છે એના માનવ અધિકારનું શું? માત્ર અને માત્ર મતની લાલચમાં એન.જી.ઓ.ના રવાડે ચડી ગયેલા આ કાયદાથી પોલીસનું મોરલ તોડવાનું કામ આ કાયદાની અંદર દેખાય છે. આપણી સી.આઈ.ડી. સ્કવોર્ડ, સર્વેલન્સ સ્કવોર્ડ, ત્રીસ્ટા આ બધાની કામગીરી ઉપર અસર પડવાની છે. આ કાયદાની ગંભીરતા ગુજરાત સહિત સમગ્ર દેશની પ્રજા જાણે છે અને આગામી દિવસોમાં જયારે પ્રજાની વચ્ચે જવાનું છે ત્યારે પ્રજાએ નકકી કર્યુ છે કે કોંગ્રેસના કોફીન ઉપર છેલ્લો ખીલ્લો ઠોકવા માટેનો સમય આવી ચૂકયો છે. મુંબઈના દરીયાકિનારે દેશની સુરક્ષા માટે નબળી યુ.પી.એ. સરકાર લધુમતી તૃષ્ટિકરણ અને પોટા જેવો કાયદો રદ કર્યો જેના કારણે આતંકવાદી તત્વોએ આ દેશની અંદર હુમલા કર્યા, ૨૦૦ જેટલી લાશોનો ઢગલો આતંકવાદીઓએ ત્યાં કરી દીધો ત્યારે એનો વિરોધ પ્રદર્શિત કરવા માટે ચોપાટી ઉપર જે ભીડ એકત્રિત થઈ હતી, પ્રજા સામાન્ય પ્રજા હતી, if you cannot protect, you quit. જો તમે પ્રજાની સલામતીની રક્ષાના કરી શકતા હોય તો સત્તા છોડો, આખા દેશમાં ચર્ચા હતી. કડકમાં કડક કાયદો હશે તો જ આ દેશને બચાવી શકીએ. આપને ખબર છે કે આજે ચંદ્રશેખર આઝાદનો બલિદાન દિવસ છે. શા માટે ચંદ્રશેખર આઝાદે આ દેશની સ્વતંત્રતા સામે પોતાનું બલિદાન આપ્યું? બલિદાન એટલા માટે આપ્યું, ભારત સ્વતંત્ર થાય, ભારતમાં કાયદાના રાજયનું સ્થાપન થાય, ભારતની અંદર જંગલ રાજયની અઝાદીના એ લડવૈયાઓની કોઈ કલ્પના નહોતી, ઉડતા પંખોની પાંખો કાપી નાખે અને પછી કહે કે ઉડ, હાથ પગ બાંધી અને પોલીસને દરીયામાં નાખી દે અને કહે કે તર એ કેવી રીતે શકય છે? આ કાયદાનો મેસેજ જો કયાંય ગયો હોય તો અસામાજીક તત્વો ગેલમાં આવી ગયા છે. બહેન દીકરીઓ ગુજરાતની અંદર રાત્રે ૧૨-૦૦, ૧-૦૦ વાગે ખુલ્લેઆમ ફરી શકી, નિશ્ચિંતપણે નિ:શંકપણે શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાજયમાં એને કોઈપણ ચિંતા ના હોય હવે આપણને સૌને ખબર છે કે આ સાત વર્ષથી ઓછી સજાની જોગવાઈ અને એ જોગવાઈના સંદર્ભમાં જયારે બહેનની છેડતીના સંદર્ભમાં કોઈ બહેન દીકરી જતી હોય અને પાછળથી કોઈ કોમેન્ટ કરે કયા આતી હૈ ખેડાલા? શું આપણી સંસ્કૃતિને આ શોભવાનું છે? ચિંતા છે આપણી સંસ્કૃતિનું ધોવાણ થવાનું છે? આપણા મૂલ્યોનું ધોવાણ થવાના છે, આવનારા દિવસોમાં આપણે કેવા ભારતનું નિર્માણ કરવા માગીએ છીએ એ આ કાયદાની અંદર દેખાય છે. કોઈ દુ:શાસન જાહેરમાં કોઈ સ્ત્રીના ચીર હરણ કરશે, પોલીસ ત્યાં ઉભી હશે તો પોલીસ કંઈ નહીં કરી શકે. પોલીસ જઈને કહેશે કે મારે પહેલાં આપને નોટિસ આપવી છે. શું આપણી બહેનોની સલામતી આમાં આપણે કરી શકવાના છીએ? ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટથી માંડીને ભૃણ હત્યા કે જેના માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવોની વાતને લઈને એક જન આંદોલન ઊભું કર્યું છે. ભૃણ હત્યાનો કાયદો પણ આના કારણે નિરર્થક બનવાનો છે. સ્ત્રી સમાજ જે ઉન્નત મસ્તકે ફરે છે એને અનેકવિધ સમસ્યાઓ આ મહિલાઓના હિતો માટે આક્રમણ સમાન કાયદો છે. ગુનેગારોને લોકપનો ડર જતો રહેશે. કોઈ લફંગો ડર વિના શહેર અને ગામડામાં રસ્તા પર આવીને ત્રાગું કરશે પણ પોલીસ કંઈ કરી શકશે નહીં. મહિલાઓના સંદર્ભમાં અનેકવિધ સમસ્યાઓ ઊભી થવાની છે. ટૂંકમાં એટલું કહેવા માગું છું કે, આ કાયદાથી આ દેશની સલામતી અને સુરક્ષા જોખમાવાની છે. આતંકવાદીઓને ખુલ્લો દોર મળવાનો છે અને આપણી સાડા પાંચ કરોડની પ્રજા અત્યારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ અને એમના પોલીસ વિભાગની દ્રઢ ઈચ્છા શક્તિ અને રાજકીય શક્તિથી એની પાછળ જે કામ કરે છે એના કારણે આવતા દિવસોમાં અનેકવિધ સમસ્યાઓ થવાની છે. માત્ર મતોના રાજની નીતિ સાથે યુ.પી.એ. સરકારે આ કાયદા દ્વારા જે એન.જી.ઓ.ના રવાડે ચડીને સામાન્ય પ્રજાનું અહિત કર્યું છે એવા આ કાયદાનો સુધારો તાકીદે રદ કરવો જોઈએ એવો હું અનુરોધ કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નાનુભાઈ વાનાણી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમના પ્રસ્તાવમાં ભારત સરકાર દ્વારા તાજેતરમાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૭૩માં કેટલા સુધારા કરવામાં આવ્યા છે એ સુધારીને અમલીકરણની પ્રક્રિયા પડતર છે ત્યારે આ સુધારાને અમલમાં મૂકવાના બદલે એને રદ કરવાનો અનુરોધ આ સભાગૃહ કરે એ માટે હું મારી રજૂઆત કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ફોજદારી કાયદામાં એમ કહેવાયું છે કે ૯૯ ગુનેગારો ભલે નિર્દોષ છૂટી જાય પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. પરંતુ સાથોસાથ એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે એક સાચો ગુનેગાર

પણ ન છૂટવો જોઈએ. સમાજના ગુનાહિત માનસ ધરાવતા વર્ગને કાયદાનો, અદાલતનો અને પોલીસનો ડર રહ્યો નથી એવું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. આ બધાની અસરકારકતા ઘટતી જતી હોય એવું દેખાય છે. શિક્ષાના ભયની વિચારસરણી કામ કરતી નથી એવી સમાજમાં લાગણી પ્રસરતી હોય ત્યારે સમાજ વિરોધી પ્રવૃત્તિ ઘટવાના બદલે વધતી જાય છે. આવા કપરા સમયમાં સામાન્ય માણસને પણ એવું થાય કે કાયદો અને ન્યાયના વહીવટમાં પુનઃ શ્રદ્ધા પ્રસ્થાપિત થાય. લોકોમાં એવી લાગણી પ્રગટે કે એમને ન્યાય મળ્યો છે અને તે માટે પ્રવર્તમાન કાયદામાં જે સુધારા કર્યા છે એનાથી ફાયદો થવાનો નથી. આ એક એવો સુધારો તા. ૨૩-૧૨-૨૦૦૮ના રોજ યુ.પી.એ. સરકારે કર્યો છે, જેને તા. ૨૩મી ડિસૅમ્બર ૨૦૦૮ના રોજ આપણી સંસદમાં ૧૭ મિનિટમાં કોઈપણ ચર્ચા કર્યા વિના ૮ બિલો પસાર કર્યા એમાંનો આ એક કાયદો અથવા બિલ હતું. મને લાગે છે કે ઘોડાગાડીમાં ઘોડો આગળ હોય છે અને ગાડી પાછળ હોય છે. ઘોડાની લગામ ચાલક્ના હાથમાં હોય છે. એટલે કે ગુનેગાર રૂપી ઘ ાોડાની લગામ કાયદાનું શાસન કરનાર શાસનરૂપી ચાલકના હાથમાં હોવી જોઈએ. અહીંયા ઊલટું થઈ ગયું છે. ગાડી આગળ છે અને ઘોડો પાછળ છે. આ યુ.પી.એ. સરકારે આમ કર્યું હોવાથી ગાડીએ ઘોડાની ઈચ્છા મુજબ ચાલવું પડતું હોય એવું લાગે છે. મને સમજાતું નથી કે આ બિલ કઈ રીતે પાસ કર્યું હશે? શું યુ.પી.એ.ની સરકારને એમ લાગ્યું હશે કે બધા ગુનેગારો, બહેનોની છેડતી અને તેમના પર અત્યાચાર કરનાર લોકો, લૂંટારાઓ, ચોરો અને આ સમાજને કનડતા અસામાજિક તત્ત્વો કાં તો સુધરી ગયા છે. કાં તો એ દેશ છોડીને જતા રહ્યાં છે કાં તો બધા સંત, મહાત્માઓ બની ગયા છે. કોંગ્રેસના મિત્રોને કદાચ એમ લાગ્યું હશે કે જાણે દેશમાં ગુનાઓ થવાનું બંધ થઈ ગયું છે. અપરાધો બંધ થઈ ગયા છે અને સમગ્ર દેશની પ્રજા કાયદાના શાસનનું પાલન કરવા લાગી છે. કદાચ કોંગ્રેસી મિત્રોની આ રામરાજ્યની કલ્પના હશે. એમની કલ્પનાનું આ પ્રકારનું રામરાજ્ય હશે અને તેમની કલ્પનાને આધારે ૨૩ ડિસેમ્બર ૨૦૦૮નાં રોજ ક્રિમિનલ લો-માં સુધારો કરતું બિલ લોકસભામાં પસાર કર્યુ. એ જોતા એવું જણાય છે કે સમગ્ર વિશ્વ માટે ભારત એક મોડલ રાષ્ટ્ર બન્યું છે. એક તરફ ગુજરાતની સરકાર અને રાજ્યના મુખ્યમંત્રી આવા બધા ડામીસોની સામે થવા માટે ૨૦૦૮માં, એટલે કે ગયા સત્રની અંદર એક બિલ મુકાવ્યું. હું મુખ્યમંત્રીશ્રી અને અમિતભાઈને અભિનંદન આપું છું. ૨૦૦૮માં ગયા સત્રની અંદર ન્યાય સહાયક વિજ્ઞાન યુનિવર્સિટીનું વિધેયક મુક્યું. આ યુનિવર્સિટી ભવિષ્યમાં આ દેશનું એક ગૌરવ બનવાની છે ત્યારે આ પ્રકારના સુધારાઓ જો સંસદમાં આવે ત્યારે કેટલી કોન્ટ્રાવસી આપણને જણાય છે. જો આ સુધારાઓને ધ્યાનમાં લેવામાં આવે તો પોલીસ દ્વારા ચોરો ચોરેલી વસ્તુ રાખનારાઓ, છેતરપિંડી આચારનારાઓ, બીજાની મિલકત હડપ કરી જનારાઓ, હપતા વસુલ કરી જનારાઓ, ક્રેડીટકાર્ડ સંબંધિત ગુનાઓ આચરનારાઓ, ખિસ્સા કાતરુઓ, દુકાનમાંથી ઉઠાંતરી કરનારાઓ, જાહેરમાં મારામારી કરનારાઓ, ગંભીર બેદરકારીથી ડ્રાઈવિંગ કરી રોડ ઉપર નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારનારાઓ, લાંચરુશ્વત આચરનારાઓ, મહિલાની આબરુ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરનારાઓ, બળ વાપરનારાઓ, દવામાં ભેળસેળ કરનારા લોકોના જીવન સાથે જે ચેડા કરનાર બને છે તેવા લોકો કદાચ આવા કારણોથી નિર્દોષ લોકો મૃત્યુના મૂખમાં ધકેલાઈ જશે. બનાવટી સિક્કાની આયાત અથવા નિકાસ કરી દેશદ્રોહી જેવી પ્રવૃત્તિ કરી ગુના આચરનારા ગુનેગારોની પોલીસ હવે સીધી ધરપકડ નહિ કરી શકે. આવો સુધારાઓ જ્યારે અમલમાં આવશે ત્યારે દેશમાં સ્ત્રી વિરોધી, કામદાર વિરોધી, બાળક વિરોધી, દલિત વિરોધી, રાષ્ટ્ર વિરોધી ગુનો કરનાર ગુનેગારોની સીધી ધરપકડ કરી શકાશે નહિ. નોટિસો આપીને ઈસ્યુ કરવાની રહેશે અને પોલીસ સમક્ષ હાજર રહેવાની વિનંતી કરવામાં આવશે અને પોલીસ તપાસમાં સહકાર આપવા વિનંતી કરવી પડે. જો એમ કરવામાં, નોટિસનું પાલન કરવામાં આરોપી નિષ્ફળ જાય તો પોલીસ એની ધરપકડ કરી શકશે નહિ. ખૂબ દુઃખદાયક પરિસ્થિતિ મને આમાં જણાય રહી છે. યુ.પી.એ. સરકાર અને કોંગ્રેસના મિત્રોની રામરાજ્યની કલ્પનામાં સમાજ કે સમાજમાં રહેનાર નિર્દોષ માનવી જણાયો હોય એવું મને લાગતું નથી. એમ કરવાને બદલે સમાજમાં જે કનડતા અસમાજિક તત્વો છે, મહિલાઓને રંજાડતા અને ત્રાસ આપતા તત્વો છે, એક અથવા બીજી રીતે ગુના આચરનારા લોકો છે એની પ્રવૃત્તિ ભય વિના આ દેશમાં કરી શકશે. જ્યારે હું આ પ્રસ્તાવ જોતી હતી ત્યારે મને યાદ આવ્યો નૈના શહાની તંદુરકાંડ સમગ્ર દેશની મહિલાઓને ધ્રુજારી કરાવનાર આવા કાંડો આપણા ગુજરાતમાં નથી થયા પણ આ પ્રકારના સુધારાઓ જો આ બિલની અંદર થાય, આ સુધારો લાવવામાં આવે તો આખા દેશના દરેક રાજ્યમાં આવા કાંડ બનવામાં કાંઈ પાછી પાની નહિ થાય. આ સુધારાને કારણે જે વિપરીત અસર થવાની છે એમાં કાયદાનો ભય ઓછો થશે. પોલીસતંત્રની સમાજ ઉપરની જે પકડ છે એ ઓછી થવાની છે. દારૂડિયાને, બ્રાઉન સુગર વેચનારાને ( સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટ મારી વાત છેલ્લે કરું. ઘણી બધી વાત અંતે ક્રિમિનલ પ્રોસીજર કોડ ૭૩માં સુધારો કરવાની જે વાત છે એ સુધારો રદ કરવા માટે ભારત સરકારને આ સભાગૃહ અનુરોધ કરે એવી મારી લાગણી વ્યકત કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નાનુભાઈ વાનાણી સી.આર.પી.સી.માં થયેલા સુધારાની જે ચિંતા કરતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ કાયદાનો હેતુ લોકોનું રક્ષણ કરવાનો હોય છે અને સમગ્ર વિશ્વના દેશો જ્યારે ગુનાખોરીને ડામવા, આતંકવાદ જેવી પ્રવૃત્તિઓની સામે લડાઈ લડવા માટે, એમાં સફળ થવા માટે

કાયદાકીય સમર્થન પૂરું પાડવાની બાબતને એમાં પ્રાથમિકતા આપી છે. ૭/૧૧ના મહા સત્તા ઉપરના હુમલા પછી દુનિયાના દેશોએ આતંકવાદ સામે લડવા માટે કડક કાયદા બનાવ્યા છે. એ કાયદાઓની બાબતમાં હું સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું અમૅરિકાની વાત કરું તો અમૅરિકા એ ૨૦૦૧માં બહાર પાડેલો પેટ્રીક કાયદો કડક બનાવ્યો છે, ત્યાર પછી યુ. કે. એ ૨૦૦૧માં પસાર કરેલો Anti-terrorism and Crime Security Act બનાવ્યો છે, ફ્રાન્સે National Assembly Terrorism Act બનાવ્યો છે, ઈઝરાયલ સરકારે પણ કાયદો ૧૯૪૮નો કાયદો એમણે પણ Terrorism Act માં આ બદલાયેલી પરિસ્થિતિને સુધારીને અને કડક કાયદો કર્યો છે. ઑસ્ટ્રેલિયાએ Security Legislation Terrorism Act કડક કાયદો એમણે પણ બનાવ્યો છે, કૅનૅડાએ પણ Anti-terrorism Act જેવા ગુનાખોરીને ડામવા માટે એને નિમૂર્ળ કરવા માટે, ત્રાસવાદ દૂર કરવા માટેના કાયદા ઘડ્યા છે. આ બધા સુધારા દુનિયાના દેશોએ કર્યા અને આપણે શું કર્યુ? આપણા દેશે શું કર્યુ ? આપણા દેશ પાસે આતંકવાદ સામે લડવા એક માત્ર પોટાનો કાયદો હતી એ કાયદો આપણે દૂર કર્યો એના બદલે એક નબળો કાયદો આ ભારત સરકારે ઘડી કાઢયો Unlawful Memorandum Ordinance Act, ૨૦૦૪. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાને કેન્દ્રની UPA સરકારે વોટ બૅન્કની પૉલિટિક્સને ધ્યાનમાં રાખીને કાયદો કર્યો છે. આવા કારણોસર દેશને નબળો પાડવાનો આ કેન્દ્રની સરકારે પ્રયત્ન કર્યો છે. કાયદા ઘડવામાં હું માનું છું કે, કયારેય રાજકારણ રમાય નહીં, અને દેશને પોષાય પણ નહીં કારણ કે, તેની કિંમત તો માત્ર ને માત્ર નિદોર્ષ લોકોના જાન આપીને ચૂકવવી પડતી હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત સરકારે આ ગુજરાતનું રક્ષણ કરવા માટે ગુજકોકનો કાયદો ઘણા વર્ષોથી મોકલ્યો છે મંજૂરી માટે પણ આજ દિન સુધી આપણને મંજૂરી અપાતી નથી. જ્યારે સી.આર.પી.સી.ની અંદર ૪૧(એ)ની અંદર સુધારો સાત વર્ષથી ઓછી સજાવાળા ગુનાની અંદર ધરપકડ ના કરવી. કોઈ વ્યકિતનું ખૂન કરવું હોય અને એમ કહે કે હું બેઠો છું આનું ખૂન કરી નાખ. તો એની ધરપકડ ના થઈ શકે. ગોડ ફાધર બચી જાય આની અંદર. આવા કાયદાઓ આ ગુજરાત કે દેશમાં પોષાય નહીં. આવા કાયદાના સુધારાથી લોકોમાં દહેશત અને ભયનું વાતાવરણ પેદા થયું છે અને આવા નબળા કાયદાથી શું થશે ? ગુનેગારોનું બળ વધવાનું છે અને એમાં કોણ જીતે અને કોણ હારે ? આની અંદર ગુનેગારો જીતશે અને માનવતા હારશે. આ સુધારાની દહેશતની લાગણી ફેલાણી છે. અસામાજિક તત્ત્વો અત્યારે ગેલમાં આવી ગયા છે આ સુધારાથી અને દારૂડિયો દારૂ પીને જાહેરમાં તોફાન કરે, ઘરમાં અને દુકાનમાં લૂંટ થાય તો એને પોલીસ પકડી શકે નહીં, કારણ કે સાત વર્ષથી ઓછી સજાનો એ ગુનો છે. કોઈ ક્ષૂંખાર આતંકવાદી કેદીને કોઈ પોલીસ લઈને જતી હોય અને એ ભાગી જાય એની નેગ્લીજન્સી માટે માત્ર ત્રણ વર્ષની સજા. એ પોલીસ અધિકારી ઉપર કોઈ પગલાં ના લઈ શકે, એને પકડી ના શકે. આવા કાયદો આ જ્યારે કર્યો છે, રાયોટીંગની વાત કરીએ અને ઘાડલૂંટની વાત કરીએ ત્યારે લાગે છે કે, આ ખૂબ જ ચિંતાનો વિષય છે અને આના માટે જે શ્રી નાનુભાઈ પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નાનુભાઈ છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવ સી.આર.પી.સી.માં સૂચિત સુધારા જે હતા એનું બીલ મંજૂર કર્યા પછી આપણે આપણી લાગણીઓ વ્યક્ત કરવા માટે નાનુભાઈ લઈને આવ્યા છ. સી.આર.પી.સી. એ કાયદો અને વ્યવસ્થા સ્થાપવા માટે બનાવેલો કાયદો છે. પરંતુ સુધારાઓનો જો ધ્યાનથી અભ્યાસ કરીએ તો એવી ચોક્કસ ખબર પડે કે, આ સુધારાઓથી કાયદાથી અવ્યવસ્થા સ્થપાવાની છે. કાયદો વ્યવસ્થા સ્થાપવાની જગ્યાએ હોય એની જગ્યાએ આ સુધારાઓથી અવ્યવસ્થાઓ સ્થપાવાની છે. આ સુધારાની કુલ ૩૮૫ જે જોગવાઈઓ છે જેથી અંદર પોલીસને ધરપકડના અધિકાર છે એમાંથી ૨૮૬ જોગવાઈઓની અંદરથી ધરપકડના અધિકાર પોલીસ પાસેથી છીનવાઈ જવાના છે પછી પોલીસ બળ હોય કે ના હોય એનો કોઈ ફરક નથી પડવાનો અને એટલા માટે જ જ્યારે આ કાયદાનું પ્રારૂપ સંસદની સામે આવ્યું અને સંસદે એની સ્ટેન્ડીંગ કમિટિને આ કાયદો સોંપ્યો, આ સુધારાઓ સોંપ્યા ત્યારે સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોએ આ સુધારાઓ ના કરવા જોઈએ આવું મંતવ્ય સંસદના ટેબલ ઉપર મૂક્યું હતું એમ છતાં પણ એ મંતવ્યને અવગણીને દેશની સંસદે યુ.પી.એની લીડર શીપ હેઠળ ચાલતી સરકારે, કોંગ્રેસ પક્ષના નેતૃત્વ હેઠળ ચાલતી સરકારે આ સુધારાઓ મંજૂર કર્યા છે. એનું કારણ સમજમાં આવે તેમ નથી. મને ખબર નથી પડતી અત્યારે કેન્દ્રમાં જે પક્ષની સરકારો છે. યુ.પી.એ.ની સરકાર કડક કાયદાથી શા માટે બીવે છે? સરકારનું કામ વ્યવસ્થા સ્થાપવાનું છે, સરકારનું કામ દોષિતોને સજા કરાવવાનું છે. સરકારનું કામ કાયદાની મદદથી જે લોકો કાયદાને ચાતરતા હોય એને સજા કરાવવાનું છે એની જગ્યાએ એક પછી એક પછી એક પગલાંઓ એવા કેમ ભરવામાં આવે છે જેનાથી કાયદાનો ડર ઓછો થાય. પોટા રદ કર્યો, માનવ અધિકારના નામે. ગુજકોકને મંજૂરી નથી આપતા માનવ અધિકારના નામે અને હવે સી.આર.પી.સી.ના સુધારા પણ માનવ અધિકારના નામે લઈને આ કોંગ્રેસ સરકારે દેશની જનતાને જેનું વર્ણન ન થઈ શકે એવી હતાશાની ગર્તામાં ધકેલી દીધી છે અને ભૂતકાળના ઉદાહરણો છે. પોટા રદ થયો આતંકવાદ વકર્યો છે. ગુજકોકને મંજૂરી નથી આપી ગુજરાતની અંદર આતંકવાદી હુમલો થયો છે અને હવે આ સી.આર.પી.સી.ના સુધારા પછી શું થશે એ તો ઈશ્વર જાણે. હું એવું ચોકકસ માનું છું કે માનવ અધિકારોનું રક્ષણ કરવાની આ દેશની અંદર જરૂર છે પણ જરૂર છે જેની છેડતી થવાની છે એ બહેનના માનવ અધિકારોનું રક્ષણ કરવાની. છેડતી કરવાવાળા બદમાશના માનવ

અધિકારનું રક્ષણ કરવાની નથી. પાઈપાઈ ભેગી કરી, પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી કોઈ ગરીબ માણસે થોડી મુડી જમા કરી હોય એ મૂડી અને એની સંપત્તિ ચોરીને લઈ જવાવાળા લોકોના માનવ અધિકારની, એ ચોરના માનવ અધિકારનું રક્ષણ કરવાની જરૂર નથી. એ પરિશ્રમ કરવાવાળા દંપત્તિના માનવ અધિકારનું રક્ષણ કરવાની જરૂર છે. કેન્દ્ર સરકારે એન.જી.ઓ.ના દબાણની અંદર આ કાયદો મંજૂર કર્યો છે. મતોની લાલચની અંદર એક સંદેશો કેન્દ્ર સરકાર મોકલવા માગે છે કે જો ફરીવાર અમે આ ભારતની સંસદની અંદર બહુમતીમાં આવીશું તો આ દેશની અંદર એન.જી.ઓ.ના કહેવા પ્રમાણે શાસન ચાલશે એવો સંદેશો મોકલ્યો છે અને પરિણામ શું થયું? પરિણામ એ થયું કે આજે પોલિસ દળનું મનોબળ છેક તુટીને તળીયે પહોંચી ગયું છે. કેવા પ્રકારની સુચનાઓ, કેવા પ્રકારની જોગવાઈઓ કાયદાની અંદર કરવામાં આવી છે. કોઈપણ જગ્યાએ પોલિસ કર્મચારીએ ડયુટી લગાવી હોય, કરવી હોય તો એણે પોતાની નેઈમ પ્લેટ ગુનેગારોને વંચાય એ રીતે લગાડવી પડશે એટલે જયારે આતંકવાદીઓ સામે ગોળીબાર થતો હોય ત્યારે એમની ઓળખાણ આપવી એમણે જરૂરી બનાવી દીધી છે. આ કાયદો કોના માટે છે? કાયદાને લાગુ કરવાવાળા જે સિકયોરીટી ફોર્સીસ છે, પોલીસ દળ છે એના ફાયદા માટે હોય કે એના નુકસાન માટે હોય? મને ખબર નથી પડતી કે શેના માટે આ કાયદાની જોગવાઈ છે? એક જોગવાઈ એવી કરી છે અત્યાર સુધી સજા કરાવવાની જવાબદારી અને અધિકાર બંને પ્રોસીકયુશન એજન્સીઓ પુરતા સિમિત હતા. આની અંદર એમણે જોગવાઈ કરી છે કે જેમને ખાનગી વકીલ રાખવો હોય એ રાખી શકે. વારંવાર આ વકીલો બદલાવાના, કાયદાની પ્રક્રિયામાં અડચણ ઉભી કરવાના અને પ્રોસીકયુશન એજન્સીને કામની અંદર દખલગીરી કરવાના. આ અધિકારથી મુલતઃ જે વ્યવસ્થા આપણે ત્યાં ઉભી થઈ છે એની ઉપર જબરજસ્ત કુઠારાઘાત થયો છે. કાયદો કઈ રીતે પસાર થયો? આટલા વર્ષોથી ચાલતો કાયદો ૬૦ વર્ષની આઝાદીની અંદર એની અંદર અનેક પ્રકારના નાના મોટા સુધારા થયા પણ એટલેન્ડ ચર્ચા થઈ છે. બંને બાજુના પક્ષોએ પોતાના વિચારો રજૂ કર્યા છે. વકીલ મંડળો સાથે ચર્ચા થઈ છે. જયુડીશીયરીના મિત્રો સાથે ચર્ચા થઈ છે. કોઈ પ્રક્રિયા કર્યા વગર અડધા કલાકની અંદર ૧૩ બિલો મંજૂર કરી દીધા અને એ પૈકીનું એક બીલ આ સી.આર.પી.સી.નો સુધારો હતો અને અહીંયા જયારે કંઈક થાય ત્યારે સંસદીય પ્રણાલિકાઓની વાત કરે છે. અત્યારે હાજર નથી છતાંય હું માનું છું કાલે વાંચશે હું શું બોલ્યો છું એટલે કહું છું કે સંસદીય પ્રણાલિકાઓની દુહાઈ આ કાયદો ભારતની સંસદે કર્યો ત્યારે એમના પક્ષના નેતૃત્વમાં થયો છે ત્યાં આગળ કરવી જોઈએ અને એટલા માટે દેશભરના વકીલ મંડળોએ આ સુધારાની સામે હડતાલ પાડી દેશની જનતાને ચેતવી છે. દેશની વિધાનસભાઓને ચેતવી છે. દેશની સંસદને ચેતવી છે કે દેશને અરાજકતાની ગર્તામાં જતો અટકાવવો હોય તો આનો અમલ અટકાવો અને એટલા માટે વકીલોએ આપણને ચેતવણી આપી છે. સંજોગોએ મારી પાસે જેલનો પણ વિભાગ છે. આ કાયદાના સમાચાર બધા જેલમાં, અખબારોમાંથી કે કોઈક કેદીઓ કોર્ટમાં જતા હોય ત્યાં વકીલો વાતો કરતા હોય ગુસપુસમાંથી કરતા કરતા જેલમાં પરકોલેટ થયા છે. મેં પૂછ્યું ત્રીજા દિવસે જેલમાં શું પ્રતિક્રિયા હતી? સાહેબ, જેલમાં દિવાળી જેવો માહોલ હતો. દિવાળી જેવો માહોલ. બધા એકબીજાને અભિનંદન આપે. અભિનંદન, ભાઈ હવે વાંધો નથી, હવે છૂટી જવાના, અભિનંદન, ભાઈ હવે ચોરી કરો કશું નહિ થવાનું, અભિનંદન છેડતી કરો, કઈ નહિ થવાનું, અભિનંદન ભાઈ, જાલી નોટો બજારમાં નાખો, કઈ નહિ થવાનું, અભિનંદન ભાઈ લૂંટ કરો, અભિનંદન સાહેબ જેલની અંદર દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. એકબાજુ વકીલો કામથી અળગા રહ્યા. એકબાજુ પોલીસનો જુસ્સો તૂટ્યો અને એકબાજુ જેલની અંદર દિવાળી જેવો માહોલ સર્જાયો. એનાથી જ ખબર પડે છે કે આ કાયદો કોના લાભાર્થે લાવવામાં આવ્યો છે? આ જે સુધારો આવ્યો છે એ સુધારાથી મોટો આ ગૃહના સર્વ સભ્યશ્રીઓના માધ્યમથી ગુજરાતની જનતાને મારો ભય બતાવવા માગું છું. માંડ માંડ ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયા બરોબર મજબૂત થઈ છે. કાયદાનો ડર ઊભો થયો છે. એ દિવસો ગુજરાતની જનતા ભૂલી નથી કે અમદાવાદ વાળા લતીફ અને શરીફખાનથી ડરતા હતા. અમદાવાદની પ્રજા ગજ્જુખાનથી ડરતી હતી. મમ્મુમિયા પંજુમિયાથી ડરીને જીવતા હતા. ક્યાંક હાજી હાજી ઈસ્માઈલો, ક્યાંક મુસ્તાક ભાઈઓ પોતપોતાના કબજા જમાવીને બેઠા હતા. આ આખુ ગુજરાત ભયના ઓથાર નીચે જીવતું હતું. આ સી.આર.પી.સી.નો ઉપયોગ કરી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પરિસ્થિતિ સુધારી છે અને પરિસ્થિતિ સુધારવા માટે જે જે સી.આર.પી.સી. કલમોનો ઉપયોગ કર્યો છે. જે જે જોગવાઈઓનો ઉપયોગ કર્યો છે, એ કાયદાના બધા ડાઘ સાગમટે આ કોંગ્રેસની યુ.પી.એ. સરકારે કાઢી લીધા છે અને કાયદાને સાચા અર્થમાં અર્થવીહિન બનાવેલ છે. હવે આ કાયદાનો જે દિવસે નોટિફિકેશનથી અમલ થશે તેના બીજા જ દિવસથી પોલીસ અધિકારી અને સમાજ કલ્યાણ અધિકારી આ બે વચ્ચે કોઈ ફરક નહિ રહેવાનો. ખાલી કપડાનો ફરક રહેશે. બંનેના કામની અંદર મૂળભૂત ફેરફાર છે, ફરજ છે, પરંતુ આ ફરજ આ કાયદાના ઉપયોગથી આ કાયદાના સુધારાથી કોંગ્રેસે કાઢી નાખ્યા છે. એમનું શાસન જ્યાં જ્યાં છે ત્યાં શું દશા છે એ તો બધાને ખબર છે, પણ સંસદની અંદર મળેલી સત્તાનો ઉપયોગ કરી જ્યાં એમનું શાસન નથી ત્યાંની પણ કાયદો વ્યવસ્થા બગાડવાનું કામ આ યુ.પી.એ.ની સરકારે કર્યુ છે. અને હું માનું છું આનાથી બીજો મોટો પ્રજાદ્રોહ કોઈ ન હોઈ શકે અને એટલા માટે આ ગૃહે સર્વાનુમતે એક ઠરાવ કરી ભારતની સંસદને અને કેન્દ્ર સરકારને મોકલાવવાની જરૂર છે અને આની અંદર પુનઃવિચારની જરૂર છે અને આપણો એ અધિકાર છે. આપણે પ્રજાના પ્રતિનિધિઓ છીએ. આપણે મૂક પ્રેક્ષક ના બની શકીએ. કોઈને ચૂંટાવું હોય, મતોની

લાલચ હોય, મત ચૂંટાવા માટે ઓછા પડતા હોય, તો પ્રજાના હિતો સાથે ચેડાં કરવાની જો એમને મંજૂરી આ ગુજરાતનું વિધાનસભા ગૃહ ના આપી શકે અને વિધાનસભા ગૃહે ગુજરાતની જનતાનો અવાજ કેન્દ્રની સરકાર સુધી પહોંચાડવો જ જોઈએ અને હું તો નાનુભાઈનો આભાર માનું છું કે બહુ યોગ્ય સમયે આ લઈને આવ્યા છે, કારણ કે હવે આ સરકાર જવું જવું છે. એમને મૅન્ડેટ લેવા જવાનો છે. આ જે આ પ્રસ્તાવ ગુજરાતની પ્રજા સમક્ષ પહોંચવાનો છે. જ્યારે ગુજરાતની પ્રજાએ નિર્ણય કરવાનો હોય કે કેન્દ્રની અંદર કઈ સરકારનું સમર્થન કરવું. કયા પક્ષની સરકારને મદદ કરવી, કયા પક્ષના ઉમેદવારને મત આપવો એ વખતે યુ.પી.એ. સરકારના બધા જ પ્રતિનિધિઓ જે એમનું ચિહ્ન લઈને આવવાના છે, પ્રજા સામે એમને આનો જવાબ આપવો પડે. એટલા માટે હું નાનુભાઈ વાનાણીનો આભારી છું કે આ આખોય સુધારો સી.આર.પી.સી.નો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને તળીયે લઈ જવાનો છે. અને મેં અગાઉ કહ્યું તેમ કાયદાથી અવ્યવસ્થા સ્થાપવાનો આ જે યુ.પી.એ. સરકારનો પ્રયન છે, તે યુ.પી.એ. સરકારના પ્રયત્નની સાથે આ ગૃહ સંમત ના થઈ શકે. મારી વિનંતી છે કે સૌએ સર્વાનુમતે આ પ્રસ્તાવને સ્વીકારવો જોઈએ. એમાં મારું હું સમર્થન પુરાવું છું અને કેન્દ્ર સરકારને આપણી ગુજરાતની વિધાનસભા ગૃહની લાગણી આપના માધ્યમથી પહોંચાડીએ તેવી વિનંતી કરું છું.

